ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ-૬૩

भगवत्कुंदकुंददेवाय नमः

અધ્યાત્મયુગપ્રવર્તક સ્વાનુભવવિભૂષિત સમયસાર-મર્મજ્ઞ
પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ

## શ્રી કાનજીસ્વામીનાં

## શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# સમયસારશાસ્ત્ર પર પ્રવચનો

[ ભાગ-૫ ]

: પ્રકાશક :

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ-364 250 ( સૌરાષ્ટ્ર )

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ-૬૩

भगवत्कुंदकुंददेवाय नमः

અધ્યાત્મયુગપ્રવર્તક સ્વાનુભવવિભૂષિત સમયસાર-મર્મજ્ઞ
પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ
શ્રી
કાનજીસ્વામીનાં શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# સમયસારશાસ્ત્ર પર પ્રવચનો

## ભાગ-૫

卐

: પ્રકાશક :
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-364 250 ( સૌરાષ્ટ્ર )

ॐ

नमः श्रीसद्गुरुदेवाय

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुंदकुंदार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥

આજથી* ૨૪૭૮ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમ ભટ્ટારક ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ કરવા માટે સમસ્ત પદાર્થોનું સ્વરૂપ પોતાની સાતિશય દિવ્યધ્વનિ દ્વારા પ્રગટ કરતા હતા. તેમના નિર્વાણ પછી કાળદોષથી ક્રમે ક્રમે અપાર જ્ઞાનસિંધુનો ઘણો ભાગ તો વિચ્છેદ થયો. અને અલ્પ છતાં બીજભુત જ્ઞાનનો પ્રવાહ આચાર્યોની પરંપરાથી ઉત્તરોત્તર વહેતો રહ્યો, જેમાંથી આભના થોભ જેવા કેટલાક આચાર્ય ભગવંતોએ શાસ્ત્રો ગૂથ્યાં. તે આચાર્યોમાંના એક ભગવાન કુંદકુંદાચાર્યદેવ હતા, જેમણે સર્વજ્ઞ ભગવાન મહાવીરથી ચાલ્યું આવતું જ્ઞાન ગુરુપરંપરાએ પ્રાપ્ત કરીને, તેમાંથી પંચાસ્તિકાય, પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ આદિ શાસ્ત્રો ગૂંથ્યાં અને સંસારનાશક શ્રુતજ્ઞાનને ચિરંજીવ કર્યું.

સર્વોત્કૃષ્ટ આગમ શ્રીસમયસારના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા છે. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. સર્વજ્ઞ ભગવાન શ્રીમહાવીરસ્વામી અને ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી પછી તુરત જ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન આવે છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ માને છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તેમનાં રચેલાં અનેક શાસ્ત્રો છે, જેમાંથી થોડાંક હાલમાં વિદ્યમાન છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખમાંથી વહેલી શ્રુતામૃતની સરિતામાંથી ભરી લીધેલાં તે અમૃતભાજનો હાલમાં પણ અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે. તેમનાં સર્વ શાસ્ત્રોમાં શ્રીસમયસાર મહા અલૌકિક શાસ્ત્ર છે. આચાર્ય ભગવાને આ જગતના જીવો પર પરમ કરુણા કરીને આ શાસ્ત્ર રચ્યું છે. તેમાં મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ જેમ છે તેમ

* આજથી આશરે ૨૫૧૫ વર્ષ પહેલાં

કહેવામાં આવ્યું છે. અનંત કાળથી પરિભ્રમણ કરતા જીવોને જે કાંઈ સમજવું બાકી રહી ગયું છે તે આ પરમાગમમાં સમજાવ્યું છે. પરમ કૃપાળુ આચાર્યભગવાન સમયસારશાસ્ત્ર શરૂ કરતાં પોતે જ કહે છે:—'કામભોગબંધની કથા બધાએ સાંભળી છે, પરિચય કર્યો છે, અનુભવી છે, પણ પરથી જુદા એકત્વની પ્રાપ્તિ જ કેવળ દુર્લભ છે. તે એકત્વની-પરથી ભિન્ન આત્માની-વાત હું આ શાસ્ત્રમાં સમસ્ત નિજ વિભવથી (આગમ, યુક્તિ, પરંપરા અને અનુભવથી) કહીશ.' આ પ્રતિજ્ઞા પ્રમાણે આચાર્યદેવે શ્રી સમયસારમાં આત્માનું એકત્વ-પરદ્રવ્યથી અને પરભાવોથી ભિન્નપણું-સમજાવ્યું છે. યથાર્થ આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવી તે શ્રી સમયસારનો મુખ્ય ઉદ્દેશ છે. તે ઉદ્દેશને પહોંચી વળવા આચાર્યભગવાને તેમાં અનેક વિષયોનું નિરૂપણ કર્યું છે.

આ પ્રવચનો શ્રી સમયસારના બંધ અધિકાર ઉપરનાં છે તેમાં બંધનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવી આત્મા અબંધ દશા કેવી રીતે પ્રાપ્ત કરી શકે તે જણાવ્યું છે. તેની એકેક ગાથા મહામૂલો મંત્ર છે, સંસારવિષને શીઘ્રતાથી ઉતારનાર છે. મોરલીના નાદે સર્પ જેમ ડોલી ઊઠે તેમ આ ગાથાઓ સાંભળતાં ને યથાર્થપણે સમજતાં અજ્ઞાન-દશામાં સૂતેલો આત્મા જાગૃત બની 'હું પરિપૂર્ણ છું એવું ભાન થતાં ડોલી ઊઠે છે. તેના મૂળ કર્તા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ તથા ટીકાકાર ભગવાન શ્રી અમૃત-ચંદ્રાચાર્યદેવનો જગતના જીવો પર પરમ ઉપકાર વર્તે છે. તેથી તેમને અત્યંત ભક્તિ-ભાવે વંદન કરીએ છીએ.

જેમ શ્રી સમયસાર શાસ્ત્રના મૂળ કર્તા અને ટીકાકાર અત્યંત આત્મસ્થિત આચાર્યભગવંતો હતા તેમ તેના પ્રવચનકાર પણ સ્વરૂપાનુભવી, વીતરાગના પરમ ભક્ત, અનેક શાસ્ત્રોના પારગામી અને આશ્ચર્યકારી પ્રભાવનાઉદયના ધારક યુગપ્રધાન મહાપુરુષ છે. તેમનાં આ સમયસાર-પ્રવચનો વાંચતાં જ વાંચકને તેમનો આત્મ-અનુભવ, ગાઢ અધ્યાત્મપ્રેમ, સ્વરૂપ તરફ ઢળી રહેલી પરિણતિ, વીતરાગભક્તિના રંગે રંગાયેલું ચિત્ત, અગાધ શ્રુતજ્ઞાન અને પરમ કલ્યાણકારી વચનયોગનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. અત્યંત આશ્ચર્યજનક પ્રભાવનાઉદય ગુરુદેવને વર્તતો હોવાથી, તેઓશ્રીએ છેલ્લાં સત્તર વર્ષોમાં સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ, ષટ્ખંડાગમ, પદ્મનંદીપંચવિંશતિ, તત્ત્વાર્થસાર, ઇષ્ટોપદેશ, પંચાધ્યાયી, મોક્ષમાર્ગ-પ્રકાશક, અનુભવપ્રકાશ, આત્મસિદ્ધિશાસ્ત્ર, આત્માનુશાસન વગેરે શાસ્ત્રો પર આગમરહસ્યપ્રકાશક સ્વાનુભવમુદ્રિત અપૂર્વ પ્રવચનો કરી કાઠિયાવાડમાં આત્મ-વિદ્યાનું અતિપ્રબળ આંદોલન ફેલાવ્યું છે. માત્ર કાઠિયાવાડમાં* જ નહિ, પરંતુ હમણાં

* હાલમાં તો આખાય ભારતમા જ નહિ, પણ વિદેશોમાં પણ આત્મવિદ્યાનું અતિપ્રબળ આંદોલન તેમના જ પ્રતાપે ફેલાયું છે.

હમણાં તો તેમનો પવિત્ર ઉપદેશ પુસ્તકો દ્વારા અને 'આત્મધર્મ' નામના માસિક પત્ર દ્વારા પ્રકાશિત થતો હોવાથી આખા ભારતવર્ષમાં અધ્યાત્મવિદ્યાનું આંદોલન વેગપૂર્વક વિસ્તરતું જાય છે. આ રીતે, સ્વભાવે સુગમ છતાં ગુરુગમની લુપ્તપ્રાયતાને લીધે અને અનાદિ અજ્ઞાનને લીધે અતિશય દુર્ગમ થઈ પડેલા જિનાગમનાં ગંભીર આશયોને યથાર્થપણે અને અતિશય સ્પષ્ટપણે પ્રગટ કરી, ગુરુદેવે વીતરાગ વિજ્ઞાનની ઝંખાતી જતી જ્યોતને સતેજ કરી છે. પરમ પવિત્ર જિનાગમોમાં તો ઘણુંય ભરેલું છે—પરમ નિધાનો ભર્યાં છે; પરંતુ એ નિધાનો જોઈ શકવાની દૃષ્ટિ, પરમકૃપાળુ ગુરુદેવના સમાગમ વિના અને તેમણે પરમ કરુણાપૂર્વક કરેલા પ્રવચન-અંજન વિના અમ અલ્પબુદ્ધિઓને કેમ પ્રાપ્ત થાત? પંચમ કાળમાં ચતુર્થ કાળની સુવાસ ફેલાવનાર, પરમ શાસનપ્રભાવક ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ આગમનાં રહસ્યો ખોલી અમ સમા હજારો જીવો પર જે અપાર કરુણા વરસાવી છે તેનું વર્ણન કરવા જતાં વાણી મૌનપણાને ભજે છે.

જેમ પરમોપકારી ગુરુદેવનો પ્રત્યક્ષ સમાગમ અનેક જીવો પર અપાર ઉપકાર કરી રહ્યો છે, તેમ તેમનાં આ પવિત્ર પ્રવચનો પણ આ કાળના અને ભાવી કાળના હજારો જીવોને યથાર્થ મોક્ષમાર્ગ દર્શાવી અત્યંત ઉપકારી થશે. આ દુષમ કાળમાં જીવો પ્રાયઃ બંધમાર્ગને જ મોક્ષમાર્ગ માની પ્રવર્ત્યે જાય છે. જે સ્વાવલંબી પુરુષાર્થ વિના નિશ્ચયનયના આશ્રય વિના-મોક્ષમાર્ગની શરૂઆત પણ થતી નથી તે પુરુષાર્થની જીવોને ગંધ પણ નથી, અને પરાવલંબી ભાવોને જ—વ્યવહારાભાસના આશ્રયને જ—મોક્ષમાર્ગ માની તેને સેવી રહ્યા છે. સ્વાવલંબી પુરુષાર્થનો ઉપદેશ કરનારા જ્ઞાની-પુરુષોની દુર્લભતા વર્તે છે અને તેનું નિરૂપણ કરનારા શ્રી સમયસાર-પરમાગમનો અભ્યાસ અતિ ન્યૂન થઈ ગયો છે. કદાચ કોઈ જીવો તેનો અભ્યાસ કરે છે તોપણ તેમને ગુરુગમ વિના માત્ર તેના અક્ષરોનું જ્ઞાન થવા જેવું જ થાય છે. શ્રી સમયસારના પુરુષાર્થમૂલક ગહન સત્યો મિથ્યાત્વમૂઢ હીનવીર્ય જીવોને અનાદિ-અપરિચિત હોવાથી, જ્ઞાની પુરુષના પ્રત્યક્ષ સમાગમ વિના અથવા તેમણે કરેલા વિસ્તૃત વિવેચન વિના જીવોને તે સત્યોનો પરમાર્થ સમજાવો અત્યંત અત્યંત કઠિન પડે છે, શ્રી સમયસારની પ્રાથમિક ભૂમિકાની વાતોને પણ હીનસત્ત્વ જીવો બહુ ઊંચી ભૂમિકાની કલ્પી બેસે છે, ચતુર્થ ગુણસ્થાનના ભાવોને તેરમા ગુણસ્થાનના માની લે છે અને નિરાલંબન (સ્વાવલંબી) પુરુષાર્થ તો કોઈ અનાવશ્યક કથનમાત્ર જ વસ્તુ હોય એમ તેની ઉપેક્ષા કરી સાલંબન (પરાવલંબી) ભાવો પ્રત્યેનો આગ્રહ છોડતા નથી. આવી

કરુણાજનક સ્થિતિમાં-જ્યારે સમ્યક્ ઉપદેષ્ટાઓની અતિશય ન્યૂનતાને લીધે મોક્ષમાર્ગ આવરણસ્થિતિમાં પડયો છે ત્યારે-શાસનોદ્ધારક યુગપ્રધાન સત્પુરુષ શ્રી કાનજીસ્વામીએ શ્રી સમયસારના વિસ્તૃત વિવેચનરૂપ આ પ્રવચનો દ્વારા જિનાગમોના મર્મો ખોલી, મોક્ષમાર્ગને અનાવૃત કરી, વીતરાગદર્શનનો પુનરુદ્ધાર કર્યો છે, મોક્ષના મહામંત્ર સમી સમયસારની પ્રત્યેક ગાથાને સર્વ તરફથી છણીને એ સંક્ષિપ્ત સૂત્રોના વિરાટ અર્થોને ગુરુદેવે આ પ્રવચનોમાં પ્રગટ કર્યા છે. સૌને અનુભવમાં આવ્યા હોય એવા ઘરગથ્થુ પ્રસંગોના અનેક ઉદાહરણો વડે, અતિશય સચોટ છતાં સુગમ એવા અનેક ન્યાયો વડે અને અનેક યથોચિત દૃષ્ટાંતો વડે કુંદકુંદ ભગવાનના પરમ ભક્ત શ્રી કાનજીસ્વામીએ સમયસારના અત્યંત અર્થગંભીર સૂક્ષ્મ સિદ્ધાંતોને અતિશય સ્પષ્ટ અને સરળ બનાવ્યા છે. શ્રી સમયસારના મોક્ષદાયક ભાવોને, સોંસરી ઊતરી જાય એવી અસરકારક ભાષામાં અને અતિશય મધુર, નિત્ય-નવીન, વૈવિધ્યપૂર્ણ શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવી ગુરુદેવે જગત પર અથાગ ઉપકાર કર્યો છે. સમયસારમાં ભરેલાં અણમૂલ તત્ત્વ–રત્નોનાં મૂલ્ય જ્ઞાનીઓના હૃદયમાં ગુપ્ત રહ્યાં હતાં તેને ગુરુદેવે જગતવિદિત કર્યાં છે.

કોઈ પરમ મંગળ યોગમાં દિવ્યધ્વનિના નવનીતસ્વરૂપ શ્રી સમયસાર–પરમાગમની રચના થઈ; અને ત્યારપછી હજાર વર્ષે જગતના મહાભાગ્યોદયે શ્રીસમયસારનાં ગહન તત્ત્વોને ખીલવનારી ભગવતી આત્મખ્યાતિની રચના થઈ; અને ત્યારપછી હજાર વર્ષે જગતમાં ફરી પાછો મહાપુણ્યનો જુવાળ આવતાં, મંદ બુદ્ધિઓને પણ સમયસારનાં મોક્ષદાયક તત્ત્વો સુગ્રાહ્ય કરાવનારાં પરમ કલ્યાણકારી સમયસાર-પ્રવચનો થયાં. જીવોની બુદ્ધિ મંદતાને પામતી જતી હોવા છતાં પંચમકાળના અંત સુધી સ્વાનુભૂતિનો માર્ગ અવિચ્છિન્ન રહેવાનો છે તેથી જ સ્વાનુભૂતિના ઉત્કૃષ્ટ નિમિત્તભૂત શ્રી સમયસારજીના ગંભીર આશયો વિશેષ વિશેષ સ્ફુટ થવાના પરમ પવિત્ર યોગો બનતા રહે છે. અંતર્બાહ્ય પરમ પવિત્ર યોગોમાં પ્રગટેલા, જગતના ત્રણ મહા દીપકો–શ્રીસમયસાર, શ્રીઆત્મખ્યાતિ અને શ્રીસમયસાર-પ્રવચનો—સદા જયવંત રહો અને સ્વાનુભૂતિના પંથને પ્રકાશ્યા કરો!

આ પરમ પુનિત પ્રવચનો સ્વાનુભૂતિના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે મુમુક્ષુ જીવોના હૃદયમાં સ્વાનુભવની રુચિ અને પુરુષાર્થ જાગૃત કરી કંઈક અંશે સત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ જેવું ચમત્કારિક કાર્ય કરે છે. પ્રવચનોની વાણી એટલી સહજ, ભાવાર્દ્ર, ચેતનવંતી અને જોરદાર છે કે ચૈતન્યમૂર્તિ ગુરુદેવના ચૈતન્યભાવો જ જાણે મૂર્તિમંત બની વાણીપ્રવાહરૂપે વહી

રહ્યા ન હોય! આવી અત્યંત ભાવવાહિની-અંતર-વેદનને અતિ ઉગ્રપણે વ્યક્ત કરતી. શુદ્ધાત્મા પ્રત્યે અનહદ પ્રેમથી ઊભરાતી, હૃદયસ્પર્શી જોરદાર વાણી સુપાત્ર વાચકના હૃદયને હલાવી નાખે છે અને તેની વિપરીત રુચિને ક્ષીણ કરી શુદ્ધાત્મરુચિને જાગૃત કરે છે. પ્રવચનોના પાને પાને શુદ્ધાત્મમહિમાનું અત્યંત ભક્તિમય વાતાવરણ ગુંજી રહ્યું છે અને એના શબ્દે શબ્દમાંથી મધુર અનુભવરસ નીતરી રહ્યો છે. એ શુદ્ધાત્મ-ભક્તિરસથી અને અનુભવરસથી મુમુક્ષુનું હૃદય ભિંજાઈ જાય છે, તેને શુદ્ધાત્માની લય લાગે છે, શુદ્ધાત્મા સિવાય સર્વ ભાવો તેને તુચ્છ ભાસે છે અને પુરુષાર્થ 'ઊપડું, ઊપડું' થઈ રહે છે. આવી અપૂર્વ ચમત્કારિક શક્તિ પુસ્તકારૂઢ વાણીમાં ક્વચિત્ જ જોવામાં આવે છે.

આ ભાગનાં પ્રવચનો બે મહા પવિત્ર આત્માઓએ પરમ પૂજ્ય ભગવતી બેન શ્રી ચંપાબેને તથા પરમ પૂજ્ય બેન શાન્તાબેને ઝીલેલાં છે. પરમપૂજ્ય બેનોએ પ્રવચન પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈ, આ ગંભીર પ્રવચનોની અતિ સાવધાની પૂર્વક નોંધ કરી અને તેમાંથી અતિશય પરિશ્રમપૂર્વક પાકું લખાણ તૈયાર કરી મુમુક્ષુઓ પર મહા ઉપકાર કર્યો છે. આ પ્રવચનોની નોંધમાં કોઈ ન્યાયવિરુદ્ધ ભાવ ન આવી જાય તેની કાળજી રાખવામાં આવી છે.

આ રીતે દિવ્ય તત્ત્વજ્ઞાનમાં ગહન રહસ્યો અમૃત-ઝરતી વાણીમાં સમજાવી અને સાથે સાથે શુદ્ધાત્મરુચિને જાગૃત કરી, પુરુષાર્થને પડકારી, પ્રત્યક્ષ સત્સમાગમની ઝાંખી કરાવનારાં આ પ્રવચનો જૈન સાહિત્યમાં અજોડ છે. પ્રત્યક્ષ સત્પુરુષના વિયોગે વર્તતા મુમુક્ષુઓને અથવા તેમનો નિરંતર સંગ દુષ્પ્રાપ્ય હોય એવા મુમુક્ષુઓને આ પ્રવચનો અનન્ય આધારભૂત છે. નિરાલંબન પુરુષાર્થ સમજાવવો અને પ્રેરવો તે જ આ શાસ્ત્રનો પ્રધાન ઉદ્દેશ હોવા છતાં તેનું સર્વાંગ સ્પષ્ટીકરણ કરવા જતાં આ પ્રવચનોમાં સમસ્ત શાસ્ત્રોનાં સર્વ પ્રયોજનભૂત તત્ત્વોનું સ્પષ્ટીકરણ આવી ગયું છે; શ્રુતામૃતનો પરમ આહ્લાદજનક મહાસાગર જાણે આ પ્રવચનોમાં હિલોળી રહ્યો છે. આ પ્રવચનગ્રંથ હજારો પ્રશ્નોના ઉકેલનો મહાકોષ છે. શુદ્ધાત્માની રુચિ ઉત્પન્ન કરી, પર પ્રત્યેની રુચિ નષ્ટ કરવાનું પરમ ઔષધ છે. સ્વાનુભૂતિનો સુગમ પંથ છે. ભિન્ન ભિન્ન કોટિના સર્વ આત્માર્થીઓને અત્યંત ઉપકારક છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ અમૃતસાગર સમા પ્રવચનોની ભેટ કરી ભારતવર્ષના મુમુક્ષુઓને ન્યાલ કર્યા છે.

સ્વરૂપસુધાને પ્રાપ્ત કરવા ઇચ્છતા જીવોએ આ પરમ પવિત્ર પ્રવચનોનું વારંવાર મનન કરવા યોગ્ય છે, સંસારવિષવૃક્ષને છેદવાનું તે અમોઘ શસ્ત્ર છે. ડાળે-પાંખડે વળગ્યા વિના તે મૂળ પર જ ઘા કરે છે. આ અલ્પાયુષી મનુષ્યભવમાં જીવનું પ્રથમમાં

પ્રથમ કાંઇ કર્તવ્ય હોય તો તે શુદ્ધાત્માનું બહુમાન, પ્રતીતિ અને અનુભવ છે તે બહુમાનાદિ કરાવવામાં આ પ્રવચનો પરમ નિમિત્તભૂત છે. મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસ-પૂર્વક તેનો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી તેમાં કહેલાં ભાવોને સંપૂર્ણ રીતે હૃદયમાં ઊતારી, શુદ્ધાત્માની રુચિ પ્રતીતિ તથા અનુભવ કરી, શાશ્વત પરમાનંદને પામો.

અષાઢ સુદ ૨
વિ. સં. ૨૦૦૮

રામજી માણેકચંદ દોશી
પ્રમુખ
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ.

# ✻ પ્રકાશકીય ✻

## ( બીજી આવૃત્તિ પ્રસંગે )

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનાં હૃદયને પ્રવચનોમાં ખોલ્યાં છે.

વિ. સં. ૧૯૯૯–૨૦૦૦માં પૂજ્ય ગુરુદેવે આપેલાં સમયસાર ઉપરનાં આ ભાવવાહી સુંદર પ્રવચનો ઘણા વખતથી અપ્રાપ્ય હતાં, અને ઘણાય મુમુક્ષુ ભાઈ-બહેનોની આ અંગે માંગ હતી; તેથી આ પ્રવચન-રત્નો ભવ્ય જીવોને અત્યંત લાભનું કારણ જાણી ફરીથી પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

( બહેનશ્રી ચંપાબેનની ७६મી જન્મજયંતી )
શ્રાવણ વદ. ૨, વિ. સં. ૨૦૪૫

પ્રકાશન સમિતિ,
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ ૩૬૪૨૫૦

# અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામી

નો

# સંક્ષિપ્ત પરિચય

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામીનો શુભ જન્મ વિ. સં. ૧૯૪૬ ના વૈશાખ સુદ બીજ ને રવિવારના દિવસે કાઠિયાવાડના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં થયો હતો. તેઓશ્રીનાં માતુશ્રીનું નામ ઉજમબાઈ અને પિતાશ્રીનું નામ મોતીચંદભાઈ હતું. જ્ઞાતિએ તેઓ દશા શ્રીમાળી વણિક હતા. બાળવયમાં તેઓશ્રીના વિષે કોઈ જોષીએ કહ્યું હતું કે આ કોઈ મહાપુરુષ થશે. બાળપણથી જ તેઓશ્રીના મુખ પર વૈરાગ્યની સૌમ્યતા અને નેત્રોમાં બુદ્ધિ ને વીર્યનું તેજ દેખાતું. તેઓશ્રીએ ઉમરાળાની જ નિશાળમાં અભ્યાસ કર્યો હતો. જોકે નિશાળમાં તેમ જ જૈનશાળામાં તેઓશ્રી પ્રાયઃ પ્રથમ નંબર રાખતા તોપણ નિશાળમાં અપાતા વ્યાવહારિક જ્ઞાનથી તેમના ચિત્તને સંતોષ થતો નહિ અને તેમને ઊંડે ઊંડે એમ રહ્યા કરતું કે 'હું જેની શોધમાં છું તે આ નથી.' કોઈ કોઈ વાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું; અને એક વાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે બાળ મહાત્મા સત્‌ના વિયોગે ખૂબ રડ્યા હતા.

નાની વયમાં જ માતાપિતા કાળધર્મ પામવાથી તેઓશ્રી આજીવિકા અર્થે તેમના મોટા ભાઈ ખુશાલભાઈ સાથે પાલેજમાં ચાલુ દુકાનમાં જોડાયા. ધીમે ધીમે દુકાન સારી જામી. વેપારમાં તેમનું વર્તન પ્રામાણિક હતું. એક વાર (લગભગ ૧૬ વર્ષની વયે) તેમને કોઈ કારણે વડોદરાની કોર્ટમાં જવું પડ્યું હતું. ત્યાં તેઓશ્રીએ અમલદાર સમક્ષ સત્ય હકીકત સ્પષ્ટતાથી જણાવી દીધી હતી. તેમના મુખ પર તરવરતી નિખાલસતા, નિર્દોષતા ને નીડરતાની અમલદાર પર છાપ પડી અને તેમણે કહેલી સર્વ હકીકત ખરી છે એમ વિશ્વાસ આવવાથી બીજા આધાર વિના તે સર્વ હકીકત સંપૂર્ણપણે માન્ય રાખી.

પાલેજમાં તેઓશ્રી કોઈ કોઈ વખત નાટક જોવા જતા; પરંતુ અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે નાટકમાંથી શૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દૃશ્યની ઊંડી અસર તે મહાત્માને થતી અને તે કેટલાય દિવસ સુધી રહેતી. કોઈ કોઈ વખત

તો નાટક જોઈને આવ્યા પછી આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એક વાર નાટક જોયા પછી 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ લીટીથી શરૂ થતું કાવ્ય તેમણે બનાવ્યું હતું. સાંસારિક રસનાં પ્રબળ નિમિત્તોને પણ મહાન આત્માઓ વૈરાગનાં નિમિત્ત બનાવે છે!

આ રીતે પાલેજની દુકાનમાં વેપારનું કામકાજ કરતાં છતાં તે મહાત્માનું મન વેપારમય કે સંસારમય થયું નહોતું. તેમનો અંતર્વ્યાપાર તો જુદો જ હતો. તેમના અંતરનો સ્વાભાવિક ઝોક હંમેશાં ધર્મ અને સત્યની શોધ પ્રતિ જ રહેતો. ઉપાશ્રયે કોઈ સાધુ આવે કે તેઓ તે સાધુની સેવા તેમ જ તેમની સાથે ધાર્મિક વાર્તાલાપ માટે દોડી જતા અને ઘણો સમય ઉપાશ્રયે ગાળતા. ધાર્મિક અભ્યાસ પણ ચાલુ હતો. તેમનું ધાર્મિક જીવન અને સરળ અંતઃકરણ જોઈને તેમના સંબંધીઓ તેમને 'ભગત' કહેતા. તેમણે તેમના મોટા ભાઈ ખુશાલભાઈને સ્પષ્ટ જણાવી દીધું હતું કે 'મારું વેવિશાળ કરવાનું નથી; મારા ભાવ દીક્ષા લેવાના છે.' ખુશાલભાઈએ તેમને ઘણું સમજાવ્યા કે—'ભાઈ, તું ન પરણે તો ભલે તારી ઈચ્છા, પરંતુ તું દીક્ષા ન લે. તારે દુકાને ન બેસવું હોય તો ભલે તું આખો દિવસ ધાર્મિક વાંચનમાં ને સાધુઓના સંગમાં ગાળ, પણ દીક્ષાની વાત ન કર.' આમ ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગી ચિત્તને સંસારમાં રહેવાનું પસંદ પડયું નહિ. દીક્ષા લીધાં પહેલાં તેઓશ્રી કેટલાય મહિનાઓ સુધી આત્માર્થી ગુરુની શોધ માટે કાઠિયાવાડ, ગુજરાત ને મારવાડમાં અનેક ગામો ફર્યા, ઘણા સાધુઓને મળ્યા પણ કયાંય મન ઠર્યું નહિ ખરી વાત તો એ હતી કે પૂર્વ ભવની અધૂરી મૂકેલી સાધનાએ અવતરેલા તે મહાત્મા પોતે જ ગુરુ થવાને યોગ્ય હતા. આખરે બોટાદ સંપ્રદાયના હીરાચંદજી મહારાજના હાથે દીક્ષા લેવાનું નક્કી થયું અને સં. ૧૯૭૦ ના માગશર સુદ ૯ ને રવિવારને દિવસે ઉમરાળામાં મોટી ધામધૂમથી દીક્ષા મહોત્સવ થયો.

દીક્ષા લઈને તુરત જ મહારાજશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રોનો સખત અભ્યાસ કરવા માંડ્યો; તે એટલે સુધી કે આહારાદિ શારીરિક આવશ્યકતાઓમાં વખત જતો તે પણ તેમને ખટકતો. લગભગ આખો દિવસ ઉપાશ્રયના કોઈ એકાંત ભાગમાં અભ્યાસ કરતા તેઓ જોવામાં આવતા. ચારેક વર્ષમાં લગભગ બધાં શ્વેતાંબર શાસ્ત્રો તેઓ વિચારપૂર્વક વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર પણ કડક પાળતા. થોડા જ વખતમાં તેમની આત્માર્થિતાની, જ્ઞાનપિપાસાની અને ઉગ્ર ચારિત્રની સુવાસ કાઠિયાવાડમાં ફેલાઈ. તેમના ગુરુની મહારાજશ્રી પર બહુ કૃપા હતી. મહારાજશ્રી પ્રથમથી જ તીવ્ર પુરુષાર્થી હતા. કેટલીક વખત તેમને કોઈ ભવિતવ્યતા પ્રત્યે વલણવાળી વ્યક્તિ તરફથી

એવું સાંભળવાનો પ્રસંગ બનતો કે 'ગમે તેવું આકરું ચારિત્ર પાળીએ પણ કેવળી ભગવાને જો અનંત ભવ દીઠા હશે તો તેમાંથી એક પણ ભવ ઘટવાનો નથી.' મહારાજશ્રી આવાં પુરુષાર્થહીનતાના મિથ્યા વચનો સાંખી શકતા નહિ અને બોલી ઉઠતા કે 'જે પુરુષાર્થ છે તેના અનંત ભવો કેવળી ભગવાને દીઠા જ નથી. જેને પુરુષાર્થ ભાસ્યો છે તેને અનંત ભવ હોય જ નહિ. પુરુષાર્થીને ભવસ્થિતિ આદિ કાંઈ નડતું નથી, તેને પાંચે સમવાય આવી મળ્યાં છે.' 'પુરુષાર્થ, પુરુષાર્થ ને પુરુષાર્થ' એ મહારાજશ્રીનો જીવનમંત્ર છે.

દીક્ષાના વર્ષો દરમ્યાન મહારાજશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રોનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કર્યો. ભગવતી સૂત્ર તેઓશ્રીએ ૧૭ વાર વાંચ્યું છે. દરેક કાર્ય કરતાં તેમનું લક્ષ્ય સત્યના શોધન પ્રતિ જ રહેતું.

સં. ૧૯૭૮ માં શ્રી વીર શાસનના ઉદ્ધારનો, અનેક મુમુક્ષુઓના મહાન્ પુણ્યોદયને સૂચવતો એક પવિત્ર પ્રસંગ બની ગયો. વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્ય-વિરચિત શ્રી સમયસાર નામનો મહાન્ ગ્રંથ મહારાજશ્રીના હસ્તકમળમાં આવ્યો. સમયસાર વાંચતાં જ તેમના હર્ષનો પાર ન રહ્યો જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. શ્રી સમયસારજીમાં અમૃતનાં સરોવર છલકાતાં મહારાજશ્રીના અંતરનયને જોયાં. એક પછી એક ગાથા વાંચતાં મહારાજશ્રીએ ઘુંટડા ભરી ભરીને તે અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારજીએ મહારાજશ્રી પર અપૂર્વ, અલૌકિક, અનુપમ ઉપકાર કર્યો અને તેમના આત્માનંદનો પાર ન રહ્યો. મહારાજશ્રીના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજ ઘર દેખ્યું. ઉપયોગ ઝરણાનાં વહેણ અમૃતમય થયાં. જિનેશ્વરદેવના સુનંદન ગુરુદેવની જ્ઞાનકળા હવે અપૂર્વ રીતે ખીલવા લાગી.

સં. ૧૯૯૧ સુધી મહારાજશ્રીએ સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી બોટાદ, વઢવાણ અમરેલી, પોરબંદર, જામનગર, રાજકોટ, વગેરે ગામોમાં ચાતુર્માસ કર્યાં અને શેષ કાળમાં સેંકડો નાનાંમોટા ગામોને પાવન કર્યાં. કાઠિયાવાડના હજારો માણસોને મહારાજશ્રીના ઉપદેશ પ્રત્યે બહુમાન પ્રગટ્યું. અંતરાત્મધર્મનો ઉદ્યોત ઘણો થયો. જે ગામમાં મહારાજશ્રીનું ચાતુર્માસ હોય ત્યાં બહારગામનાં હજારો ભાઈ-બહેનો દર્શનાર્થે જતાં અને તેમની અમૃતવાણીનો લાભ લેતાં. મહારાજશ્રી શ્વેતાંબર સંપ્રદાયમાં રહ્યા હોવાથી વ્યાખ્યાનમાં મુખ્યત્વે શ્વેતાંબર શાસ્ત્રો વાંચતા (જોકે છેલ્લા વર્ષોમાં સમયસારાદિ પણ સભા વચ્ચે વાંચતા હતા.) પરંતુ તે શાસ્ત્રોમાંથી, પોતાનું હૃદય અપૂર્વ હોવાથી, અન્ય વ્યાખ્યાતાઓ કરતાં જુદી જ જાતના અપૂર્વ સિદ્ધાંતો તારવતા. વિવાદના સ્થળોને

છોડતા જ નહિ. ગમે તે અધિકાર તેઓશ્રી વાંચે પણ તેમાં કહેલી હકીકતોને અંતરના ભાવો સાથે મીંઢવીને તેમાંથી એવા અલૌકિક આધ્યાત્મિક ન્યાયો કાઢતા કે જે ક્યાંય સાંભળવા ન મળ્યા હોય. 'જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ હેય છે... ..શરીરમાં રોમે રોમે તીવ્ર રોગ થવા તે દુઃખ જ નથી, દુઃખનું સ્વરૂપ જુદું છે......વ્યાખ્યાન સાંભળી ઘણા જીવો બૂઝે તો મને ઘણો લાભ થાય એમ માનનાર વ્યાખ્યાતા મિથ્યાદૃષ્ટિ છે......આ દુઃખમાં સમતા નહિ રાખું તો કર્મ બંધાશે–એવા ભાવે સમતા રાખવી તે પણ મોક્ષમાર્ગ નથી...પાંચ મહાવ્રત પણ માત્ર પુણ્યબંધનાં કારણ છે.' આવા હજારો અપૂર્વ ન્યાયો મહારાજશ્રી વ્યાખ્યાનમાં અત્યંત સ્પષ્ટ રીતે લોકોને સમજાવતા. દરેક વ્યાખ્યાનમાં મહારાજશ્રી સમ્યગ્દર્શન પર અત્યંત અત્યંત ભાર મૂકતા. તેઓશ્રી અનેક વાર કહેતા કે—'શરીરનાં ચામડાં ઉતરડીને ખાર છાંટનાર ઉપર પણ ક્રોધ ન કર્યો–એવાં વ્યવહાર ચારિત્રો આ જીવે અનંત વાર પાળ્યાં છે, પણ સમ્યગ્દર્શન એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી. લાખો જીવોની હિંસાના પાપ કરતાં મિથ્યાદર્શનનું પાપ અનંતગણું છે...સમકિત સહેલું નથી. લાખો કરોડોમાં કોઈક વિરલ જીવને જ તે હોય છે. સમકિતી જીવ પોતાનો નિર્ણય પોતે જ કરી શકે છે સમકિતી આખા બ્રહ્માંડના ભાવોને પી ગયો હોય છે. આજકાલ તો સૌ પોત–પોતાના ઘરનું સમકિત માની બેઠા છે. સમકિતીને તો મોક્ષના અનંત સુખની વાનગી પ્રાપ્ત થઈ હોય છે. સમકિતીનું તે સુખ, મોક્ષના સુખના અનંતમા ભાગે હોવા છતાં, અનંત છે.' અનેક રીતે, અનેક દલીલોથી, અનેક પ્રમાણોથી. અનેક દૃષ્ટાંતોથી સમકિતનું અદ્‌ભુત માહાત્મ્ય તેઓશ્રી લોકોને ઠસાવતા. મહારાજશ્રીની જૈન ધર્મ પરની અનન્ય શ્રદ્ધા, આખું જગત ન માને તોપણ પોતાની માન્યતામાં પોતે એકલા ટકી રહેવાની તેમની અજબ દૃઢતા અને અનુભવના જોરપૂર્વક નીકળતી તેમની ન્યાયભરેલી વાણી ભલભલા નાસ્તિકોને વિચારમાં નાખી દેતી અને કેટલાકને આસ્તિક બનાવી દેતી. એ કેસરીસિંહનો સિંહનાદ પાત્ર જીવોના હૃદયના ઊંડાણને સ્પર્શી તેમના આત્મિક વીર્યને ઉછાળતો. સત્યના જોરે આખા જગતના અભિપ્રાયો સામે ઝૂઝતા એ અધ્યાત્મયોગીની ગર્જના જેમણે સાંભળી હશે તેમના કાનમાં હજુ તેનો રણકાર ગુંજતો હશે.

આવી અદ્‌ભુત પ્રભાવશાળી અને કલ્યાણકારિણી વાણી અનેક જીવોને આકર્ષે એ સ્વાભાવિક છે. સાધારણ રીતે ઉપાશ્રયમાં કામધંધાથી નિવૃત્ત થયેલા વૃદ્ધ માણસો મુખ્યત્વે આવે છે, પરંતુ કાનજી મહારાજ જ્યાં પધારે ત્યાં તો યુવાનો, કેળવાયેલા માણસો, વકીલો, ડાક્તરો, શાસ્ત્રના અભ્યાસીઓ વગેરેથી ઉપાશ્રય ઉભરાઈ જતો. મોટાં

ગામોમાં મહારાજશ્રીનું વ્યાખ્યાન પ્રાયઃ ઉપાશ્રયમાં નહિ પણ કોઈ વિશાળ જગ્યામાં રાખવું પડતું. દિવસે દિવસે તેમની ખ્યાતિ વધતી જ ગઈ. વ્યાખ્યાનમાં હજારો માણસો આવતાં. આસપાસનાં ગામોમાંથી પણ માણસો આવતાં. આગળ જગ્યા મળે એ હેતુથી સેંકડો લોકો કલાક-દોઢદોઢ કલાક વહેલા આવીને બેસી જતા. કોઈક જિજ્ઞાસુઓ વ્યાખ્યાનોની ટૂંકી નોંધ કરી લેતા. જે ગામમાં મહારાજશ્રી પધારે તે ગામમાં શ્રાવકોના ઘરે ઘરે ધર્મની ચર્ચા ચાલતી અને સર્વત્ર ધર્મનું જ વાતાવરણ જામી રહેતું. શેરીઓમાં શ્રાવકોનાં ટોળાં ધર્મની વાતો કરતાં નજરે પડતાં. સવાર, બપોર ને સાંજ ઉપાશ્રયના રસ્તે જનસમુદાયની ભારે અવરજવર રહ્યા કરતી. ઉપાશ્રયમાં લગભગ આખો દિવસ તત્ત્વજ્ઞાનચર્ચાની શીતળ લહરીઓ છૂટતી. કેટલાક મુમુક્ષુઓનું તો વેપારધંધામાં ચિત્ત ચોંટતું નહિ ને મહારાજશ્રીની શીતળ છાંયમાં ઘણોખરો વખત ગાળતા. એ રીતે ગામો-ગામ અનેક સુપાત્ર જીવોના હૃદયમાં મહારાજશ્રીએ સત્‌ની રુચિનાં બીજ રોપ્યાં. મહારાજશ્રીના વિયોગમાં પણ તે મુમુક્ષુઓ મહારાજશ્રીનો બોધ વિચારતા, ભવભ્રમણ કેમ ટળે, સમ્યક્ત્વ કેમ પ્રાપ્ત થાય તેની ઝંખના કરતા, કોઈ વાર ભેગા મળીને તત્ત્વચર્ચા કરતા, મહારાજશ્રીએ કહેલાં પુસ્તકો વાંચતા વિચારતા.

સ્થાનકવાસી સાધુઓમાં મહારાજશ્રીનું સ્થાન અજોડ હતું. 'કાનજી મહારાજ શું કહે છે'—એ જાણવા સાધુ-સાધ્વીઓ ઉત્સુક રહેતાં. કેટલાક સાધુ-સાધ્વીઓ મહારાજ-શ્રીનાં વ્યાખ્યાનની નોંધ મુમુક્ષુ ભાઈબેનો પાસેથી મેળવી વાંચી લેતાં.

મહારાજશ્રીએ ઘણાં વર્ષો સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી આત્મધર્મનો ખૂબ પ્રચાર કર્યો અને સાધુ તથા શ્રાવકોને વિચારતા કરી મૂકયા.

મહારાજશ્રી સં. ૧૯૯૧ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહ્યા. પરંતુ અંતરંગ આત્મામાં વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી સત્ય લાગતો હોવાથી તેઓશ્રીએ યોગ્ય સમયે કાઠિયાવાડના સોનગઢ નામના નાના ગામમાં ત્યાંના એક ગૃહસ્થના ખાલી મકાનમાં સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ ૧૩ ને મંગળવારને દિને 'પરિવર્તન' કર્યું—સ્થાનકવાસી સંપ્રદાયનું ચિહ્ન જે મુહપતિ તેનો ત્યાગ કર્યો. સંપ્રદાય ત્યાગનારાઓને કેવી કેવી અનેક મહાવિપત્તિઓ પડે છે. બાળ જીવો તરફથી અજ્ઞાનને લીધે તેમના પર કેવી અઘટિત નિંદાની ઝડીઓ વરસે છે, તેનો તેમને સંપૂર્ણ ખ્યાલ હતો પણ તે નીડર ને નિસ્પૃહ મહાત્માએ તેની કાંઈ પરવા કરી નહિ. સંપ્રદાયના હજારો શ્રાવકોના હૃદયમાં મહારાજશ્રી અગ્રસ્થાને બિરાજતા હતા તેથી ઘણા શ્રાવકોએ મહારાજશ્રીને પરિવર્તન નહિ કરવા અનેક પ્રકારે પ્રેમભાવે વિનવ્યા હતા. પરંતુ જેના રોમે રોમમાં વીતરાગપ્રણીત યથાર્થ સન્માર્ગ પ્રત્યે ભક્તિ ઉછળતી હતી તે મહાત્મા એ

પ્રેમભરી વિનવણીની અસર હૃદયમાં ઝીલી રાગમાં તણાઈ, સતને કેમ ગૌણ થવા દે ? સત્ પ્રત્યેની પરમ ભક્તિમાં સર્વ પ્રકારની પ્રતિકૂળતાનો ભય ને અનુકૂળતાનો રાગ અત્યંત ગૌણ થઈ ગયા. જગતથી તદ્દન નિરપેક્ષપણે, હજારોની માનવમેદનીમાં ગર્જતો સિંહ સતને ખાતર સોનગઢના એકાંત સ્થળમાં જઈને બેઠો.

મહારાજશ્રીએ જેમાં પરિવર્તન કર્યું તે મકાન વસ્તીથી અલગ હોવાથી બહુ શાંત હતું. દૂરથી આવતા માણસનો પગરવ ક્યાંયથી સંભળાતો. થોડા મહિનાઓ સુધી આવા નિર્જન સ્થળમાં માત્ર (મહારાજશ્રીના પરમ ભક્ત) જીવણલાલજી મહારાજ સાથે અને કોઈ દર્શનાર્થે આવેલા બે ચાર મુમુક્ષુઓ સાથે સ્વાધ્યાય, જ્ઞાન-ધ્યાન વગેરેમાં લીન થયેલા મહારાજશ્રીને જોતાં હજારોની માનવમેદની સ્મૃતિગોચર થતી અને તે જાહોજલાલીને સર્પકંચુકવત્ છોડનાર મહાત્માની સિંહવૃત્તિ, નિરીહતા અને નિર્માનતા આગળ હૃદય નમી પડતું.

જે સ્થાનકવાસી સંપ્રદાય કાનજીસ્વામીના નામથી ગૌરવ લેતો તે સંપ્રદાયમાં મહારાજશ્રીના 'પરિવર્તન'થી ભારે ખળભળાટ થાય એ સ્વાભાવિક છે. પરંતુ મહારાજશ્રી ૧૯૯૧ ની સાલ સુધીમાં કાઠિયાવાડમાં લગભગ દરેક સ્થાનકવાસીના હૃદયમાં પેસી ગયા હતા. મહારાજશ્રી પાછળ કાઠિયાવાડ ઘેલું બન્યું હતું. તેથી 'મહારાજશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ કર્યું હશે' એમ વિચારીને ધીમે ધીમે ઘણા લોકો તટસ્થ થઈ ગયા. કેટલાક લોકો સોનગઢમાં શું ચાલે છે તે જોવા આવતા, પણ મહારાજશ્રીનું પરમ પવિત્ર જીવન અને અપૂર્વ ઉપદેશ સાંભળી તેઓ ઠરી જતા, તૂટેલો ભક્તિનો પ્રવાહ ફરીને વહેવા લાગતો. કોઈ કોઈ પશ્ચાત્તાપ કરતા કે 'મહારાજ, આપના વિષે તદ્દન કલ્પિત વાતો સાંભળી અમે આપણી ઘણી આશાતના કરી છે, ઘણાં કર્મ બાંધ્યાં છે. અમને ક્ષમા આપજો.' આ રીતે જેમ જેમ મહારાજશ્રીના પવિત્ર ઉજ્જવળ જીવન તેમ જ આધ્યાત્મિક ઉપદેશ વિષે લોકોમાં વાત ફેલાતી ગઈ, તેમ તેમ વધારે ને વધારે લોકોને મહારાજશ્રી પ્રત્યે મધ્યસ્થતા થતી ગઈ અને ઘણાને સાંપ્રદાયિક મોહને કારણે દબાઈ ગયેલી ભક્તિ પુનઃ પ્રગટતી ગઈ. મુમુક્ષુ અને બુદ્ધિશાળી વર્ગની તો મહારાજશ્રી પ્રત્યે પહેલાંના જેવી જ પરમ ભક્તિ રહી હતી. અનેક મુમુક્ષુઓના જીવનાધાર કાનજીસ્વામી સોનગઢમાં જઈને રહ્યા, તો મુમુક્ષુઓનાં ચિત્ત સોનગઢ તરફ ખેંચાયાં. ધીમે ધીમે મુમુક્ષુઓનાં પૂર સોનગઢ તરફ વહેવા લાગ્યાં. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં સતના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા છતાં, સાંપ્રદાયિક મોહ તેમ જ લૌકિક ભયને સોનગઢ તરફ વહેતાં સત્સંગાર્થી જનોનાં પૂર દિન પ્રતિદિન વેગપૂર્વક વધતાં જ જાય છે.

પરિવર્તન કર્યા પછી પૂ. મહારાજશ્રીનો મુખ્ય નિવાસ સોનગઢમાં જ છે. મહારાજશ્રીની હાજરીને લીધે સોનગઢ એક તીર્થધામ જેવું બની ગયું છે. બહારગામથી મુમુક્ષુ ભાઈ-બેનો મહારાજશ્રીના ઉપદેશનો લાભ લેવા સોનગઢ આવે છે. દૂર દેશોથી ઘણા દિગંબર જૈનો, પંડિતો, બ્રહ્મચારીઓ વગેરે પણ આવે છે. બહારગામના માણસોને જમવા તથા ઉતરવા માટે ત્યાં એક જૈનઅતિથિગૃહ છે. કેટલાક ભાઈઓ તથા બેનો ત્યાં ઘર કરીને કાયમ રહ્યાં છે. કેટલાક સત્સંગાથીઓ થોડા મહિનાઓ માટે પણ ત્યાં ઘર કરીને અવારનવાર રહે છે. બહારગામના મુમુક્ષુઓનાં *હાલમાં ત્યાં ચાળીસેક ઘર છે.

પૂ. મહારાજશ્રીએ જે મકાનમાં પરિવર્તન કર્યું તે મકાન નાનું હતું, તેથી જ્યારે ઘણાં માણસો થઈ જતાં ત્યારે વ્યાખ્યાન વાંચવાની અગવડ પડતી. પર્યુષણમાં તો બીજે સ્થળે વ્યાખ્યાન વાંચવા જવું પડતું. આ રીતે મકાનમાં માણસોનો સમાસ નહિ થતો હોવાથી ભક્તોએ સં. ૧૯૯૪ માં એક મકાન બંધાવ્યું અને તેનું નામ 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર' રાખ્યું. મહારાજશ્રી હાલમાં ત્યાં રહે છે. તેમની સાથે જીવણ-લાલજી મહારાજ ઉપરાંત બીજા બે ભક્તિવંત સાધુઓ સત્સંગાર્થે રહ્યા છે. ત્યાં લગભગ આખો દિવસ સ્વાધ્યાય જ ચાલ્યા કરે છે. સવારે તથા બપોરે ધર્મોપદેશ અપાય છે. બપોરના ધર્મોપદેશ પછી ભક્તિ થાય છે. રાત્રે ધર્મચર્ચા ચાલે છે. ધર્મોપદેશમાં તથા તે સિવાયના વાંચનમાં ત્યાં ભગવાન કુંદકુંદાચાર્યનાં શાસ્ત્રો, તત્ત્વાર્થસાર, ગોમ્મટસાર, ષટ્ખંડાગમ, પંચાધ્યાયી, પદ્મનંદિપંચવિંશતિ, દ્રવ્યસંગ્રહ, મોક્ષમાર્ગપ્રકાશક, શ્રીમદ્ રાજચંદ્ર વગેરે પુસ્તકો વંચાય છે. ત્યાં આવનાર મુમુક્ષુનો આખો દિવસ ધાર્મિક આનંદમાં પસાર થઈ જાય છે.

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી ગુરુદેવને સમયસારજી પ્રત્યે અતિશય ભક્તિ છે તેથી જે દિવસે સ્વાધ્યાય મંદિરનું ઉદ્ઘાટન થયું તે જ દિવસે એટલે સં. ૧૯૯૪ ના વૈશાખ વદ ૮ રવિવારના રોજ સ્વાધ્યાય મંદિરમાં શ્રી સમયસારજીની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. શ્રી સમયસારજીપ્રતિષ્ઠાના મહોત્સવ પર બહારગામથી લગભગ ૭૦૦ માણસો આવ્યાં હતાં. મહારાજશ્રી સમયસારજીને ઉત્તમોત્તમ શાસ્ત્ર ગણે છે. સમયસારજીની વાત કરતાં પણ તેમને અતિ ઉલ્લાસ આવી જાય છે. સમયસારજીની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી છે એમ તેઓશ્રી કહે છે. ભગવાન કુંદકુંદાચાર્યનાં બધાં શાસ્ત્રો પર તેમને અત્યંત પ્રેમ છે. 'ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ' એમ તેઓશ્રી ઘણી વાર ભક્તિભીના અંતરથી કહે છે. શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્ય

---

* હાલમાં હવે તો આશરે ૪૦૦ જેટલાં ઘર થઈ ગયા છે.

મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા એ વિષે મહારાજશ્રીને અણુમાત્ર શંકા નથી. તેઓશ્રી ઘણી વાર પોકાર કરીને કહે છે : 'કલ્પના કરશો નહિ. ના કહેશો નહિ, એ વાત એમ જ છે; માનો તોપણ એમ જ છે, ન માનો તોપણ એમ જ છે, યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.' શ્રીસીમંધરપ્રભુ પ્રત્યે ગુરુદેવને અપાર ભક્તિ છે. કોઈ કોઈ વખત સીમંધરનાથના વિરહે પરમ ભક્તિવંત ગુરુદેવનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહે છે.

વીતરાગના પરમ ભક્ત ગુરુદેવ કહે છે કે-'જૈન ધર્મ એ કોઈ વાડો નથી. એ તો વિશ્વધર્મ છે. જૈન ધર્મનો મેળ અન્ય કોઈ ધર્મ સાથે છે જ નહિ. જૈન ધર્મનો ને અન્ય ધર્મોનો સમન્વય કરવાનો પ્રયત્ન રેશમનો ને કંતાનનો સમન્વય કરવાના પ્રયત્ન જેવો વૃથા છે.' દિગંબર જૈન તે જ વાસ્તવિક જૈન ધર્મ છે અને આંતરિક તેમ જ બાહ્ય દિગંબરતા વિના કોઈ જીવ મોક્ષ પામી શકે નહિ એમ તેમની દૃઢ માન્યતા છે. તેઓશ્રીની મારફત સમયસાર, પ્રવચનસાર, પંચાધ્યાયી, મોક્ષમાર્ગપ્રકાશક વગેરે અનેક દિગંબર પુસ્તકોનો ઘણો ઘણો પ્રચાર કાઠિયાવાડમાં થઈ રહ્યો છે. સોનગઢના પ્રકાશન-ખાતામાંથી ગુજરાતી સમયસારની ૨૦૦૦ નકલો છપાઈ ને તુરત જ ખપી ગઈ. તે સિવાય, સમયસાર ગુટકો, સમયસાર હરિગીત, અનુભવપ્રકાશ વગેરે ઘણા પુસ્તકો ત્યાં છપાયાં અને કાઠિયાવાડમાં ફેલાયાં. તે ઉપરાંત આત્મસિદ્ધિશાસ્ત્રની હજારો પ્રતો ત્યાંથી પ્રકાશિત થઈ પ્રચાર પામી છે. ગુજરાત-કાઠિયાવાડના અધ્યાત્મપ્રેમી મુમુક્ષુઓને ગુજરાતી ભાષામાં આધ્યાત્મિક સાહિત્ય સુલભ થયું છે. કાઠિયાવાડમાં હજારો મુમુક્ષુઓ તેનો અભ્યાસ કરતા થયા છે. કેટલાંક ગામોમાં પાંચ દશ પંદર મુમુક્ષુઓ ભેગા થઈને ગુરુદેવ પાસેથી ગ્રહણ કરેલા રહસ્ય અનુસાર સમયસારાદિ ઉત્તમ શાસ્ત્રોનું નિયમિત વાંચન-મનન કરે છે. આ રીતે પરમ પૂજ્ય ગુરુદેવની કૃપાથી પરમ પવિત્ર શ્રુતામૃતના ધોરિયા કાઠિયા-વાડના ગામેગામમાં વહેવા લાગ્યા છે. અનેક સુપાત્ર જીવો એ જીવનોદકનું પાન કરી કૃતાર્થ થાય છે.

પરમ પૂજ્ય મહારાજશ્રીનું મુખ્ય વજન સમજણ પર છે. 'તમે સમજો; સમજ્યા વિના બધું નકામું છે;' એમ તેઓશ્રી વારંવાર કહે છે. 'કોઈ આત્મા-જ્ઞાની કે અજ્ઞાની-એક પરમાણુમાત્રને હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી. તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં કયાંથી હોય? જ્ઞાની ને અજ્ઞાનીમાં આકાશ-પાતાળના અંતર જેવડો મહાન તફાવત છે, અને તે એ છે કે અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગ-દ્વેષનો કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. તે કર્તૃત્વ

છોડવાનો મહા પુરુષાર્થ દરેક જીવે કરવાનો છે તે કર્તૃત્વબુદ્ધિ જ્ઞાન વિના છૂટશે નહિ માટે તમે જ્ઞાન કરો.'—આ તેઓશ્રીના ઉપદેશનો પ્રધાન સૂર છે. જ્યારે કોઈ શ્રોતાઓ કહે કે પ્રભુ! આપ તો મેટ્રિકની ને એમ. એ. ની વાત કરો છો; અમે હજુ એકડિયામાં છીએ, અમને એકડિયાની વાત સંભળાવો;' ત્યારે ગુરુદેવ કહે છે; 'આ જૈન ધર્મનો એકડો જ છે. સમજણ કરવી તે જ શરૂઆત છે. મેટ્રિકની ને એમ. એ. ની એટલે કે નિર્ગ્રંથદશાની ને વીતરાગતાની વાતો તો આઘી છે. આ સમજણ કર્યે જ છૂટકો છે. એક ભવે, બે ભવે, પાંચ ભવે કે અનંત ભવે આ સમજ્યે જ મોક્ષમાર્ગની શરૂઆત થવાની છે.'

પરમ પૂજ્ય મહારાજશ્રીના જ્ઞાનને સમ્યક્પણાની મહોર તો ઘણા વખતથી પડી હતી, તે સમ્યગ્જ્ઞાન સોનગઢના વિશેષ નિવૃત્તિવાળા સ્થળમાં અદ્‌ભુત સૂક્ષ્મતાને પામ્યું; નવી નવી જ્ઞાનશૈલી સોનગઢમાં ખૂબ ખીલી. અમૃતકળશમાં જેમ અમૃત ઘોળાતાં હોય તેમ ગુરુદેવના પરમ પવિત્ર અમૃતકળશસ્વરૂપ આત્મામાં તીર્થંકરદેવનાં વચનામૃતો ખૂબ ઘોળાયાં-ઘૂંટાયાં. એ ઘૂંટાયેલાં અમૃત કૃપાળુદેવ અનેક મુમુક્ષુઓને પીરસે છે ને ન્યાલ કરે છે. સમયસાર, પ્રવચનસાર વગેરે ગ્રંથો પર પ્રવચન કરતાં ગુરુદેવના શબ્દે શબ્દે એટલી ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળે છે કે તે શ્રોતા-જનોના ઉપયોગને પણ સૂક્ષ્મ બનાવે છે અને વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. જે અનંત આનંદમય ચૈતન્યઘન દશા પ્રાપ્ત કરીને સર્વજ્ઞ તીર્થંકરદેવે શાસ્ત્રો પ્રરૂપ્યાં, તે પરમ પવિત્ર દશાનો સુધાસ્યંદી સ્વાનુભૂતિસ્વરૂપ પવિત્ર અંશ પોતાના આત્મામાં પ્રગટ કરીને સદ્‌ગુરુદેવ વિકસિત જ્ઞાનપર્યાય દ્વારા શાસ્ત્રમાં રહેલાં ગહન રહસ્યો ઉકેલી, મુમુક્ષુને સમજાવી અપાર ઉપકાર કરી રહ્યા છે. સેંકડો શાસ્ત્રોના અભ્યાસી વિદ્વાનો પણ ગુરુદેવની વાણી સાંભળી ઉલ્લાસ આવી જતાં કહે છે; 'ગુરુદેવ! અપૂર્વ આપનાં વચનામૃત છે; તેનું શ્રવણ કરતાં અમને તૃપ્તિ જ થતી નથી. આપ ગમે તે વાત સમજાવો તેમાંથી અમને નવું નવું જ જાણવાનું મળે છે. નવ તત્ત્વનું સ્વરૂપ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું સ્વરૂપ, સ્યાદ્‌વાદનું સ્વરૂપ કે સમ્યક્ત્વનું સ્વરૂપ, નિશ્ચયવ્યવહારનું સ્વરૂપ કે વ્રતનિયમતપનું સ્વરૂપ કે ચરણાનુયોગનું સ્વરૂપ, ગુણસ્થાનનું સ્વરૂપ કે બાધક-સાધક-ભાવનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ કે કેવળજ્ઞાનનું સ્વરૂપ-જે જે વિષયનું સ્વરૂપ આપના મુખે અમે સાંભળીએ છીએ તેમાં અમને અપૂર્વ ભાવો દૃષ્ટિગોચર થાય છે. અમે શાસ્ત્રોમાંથી કાઢેલા અર્થો તદ્દન ઢીલા, જડ-ચેતનના ભેળસેળવાળા, શુભને શુદ્ધમાં ખતવનારા, સંસારભાવને પોષનારા, વિપરીત અને ન્યાયવિરુદ્ધ હતા; આપના અનુભવ-મુદ્રિત અપૂર્વ અર્થો ટંકણખાણ જેવા-શુદ્ધ સુવર્ણ જેવા, જડ-ચેતનના ફડચા કરનારા, શુભ ને શુદ્ધનો સ્પષ્ટ વિભાગ કરનારા, મોક્ષભાવને જ પોષનારા, સમ્યક્ અને

ન્યાયયુક્ત છે. આપના શબ્દે શબ્દે વીતરાગદેવનું હૃદય પ્રગટ થાય છે; અમે વાક્યે વાક્યે વીતરાગદેવની વિરાધના કરતા હતા. અમારું એક વાક્ય પણ સાચું નહોતું. શાસ્ત્રમાં જ્ઞાન નથી. જ્ઞાનપર્યાયમાં જ્ઞાન છે–એ વાતનો અમને હવે સાક્ષાત્કાર થાય છે. શાસ્ત્રોએ ગાયેલું જે સદ્ગુરુનું માહાત્મ્ય તે હવે અમને સમજાય છે. શાસ્ત્રોનાં તાળાં ઉઘાડવાની ચાવી વીતરાગદેવે સદ્ગુરુને સોંપી છે. સદ્ગુરુનો ઉપદેશ પામ્યા વિના શાસ્ત્રોનો ઉકેલ થવો અત્યંત અત્યંત કઠિન છે.'

પરમ કૃપાળુ ગુરુદેવનું જ્ઞાન જેવું અગાધ ને ગંભીર છે તેવી જ તેમની વ્યાખ્યાન-શૈલી ચમત્કૃતિભરેલી છે. તેઓશ્રી કહેવાની વાતને એવી સ્પષ્ટતાથી, વિવિધતાથી, અનેક સાદા દાખલાઓ આપીને, શાસ્ત્રીય શબ્દોનો ઓછામાં ઓછો પ્રયોગ કરીને સમજાવે છે કે સામાન્ય મનુષ્યને પણ તે સહેલાઈથી સમજાય છે. અત્યંત ગહન વિષયને પણ અત્યંત સુગમ રીતે પ્રતિપાદિત કરવાની ગુરુદેવમાં વિશિષ્ટ શક્તિ છે. વળી મહારાજશ્રીની વ્યાખ્યાનશૈલી એટલી રસમય છે કે જેમ સર્પ મોરલી પાછળ મુગ્ધ બને છે તેમ શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જાય છે; સમય ક્યાં પસાર થઈ જાય છે તેનું ભાન પણ રહેતું નથી. સ્પષ્ટ અને રસમય હોવા ઉપરાંત મહારાજશ્રીનું પ્રવચન શ્રોતાઓમાં અધ્યાત્મનો પ્રેમ ઉત્પન્ન કરે છે. મહારાજશ્રી પ્રવચન કરતાં અધ્યાત્મમાં એવા તન્મય થઈ જાય છે. પરમાત્મદશા પ્રત્યેની એવી ભક્તિ તેમના મુખ પર દેખાય છે કે શ્રોતાઓને તેની અસર થયા વિના રહેતી નથી. અધ્યાત્મની જીવંત મૂર્તિ ગુરુદેવના દેહના અણુએ અણુમાંથી જાણે અધ્યાત્મરસ નીતરે છે, એ અધ્યાત્મમૂર્તિની મુખમુદ્રા, નેત્રો, વાણી, હૃદય બધાં એકતાર થઈ અધ્યાત્મની રેલંછેલ કરે છે અને મુમુક્ષુઓનાં હૃદયો એ અધ્યાત્મરસથી ભિંજાઈ જાય છે.

ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળવું એ એક જીવનનો લહાવો છે. તેમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી અન્ય વ્યાખ્યતાઓના વ્યાખ્યાનમાં રસ પડતો નથી. તેમનું વ્યાખ્યાન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગે છે કે 'આ પુરુષ કોઈ જુદી જાતનો છે, જગતથી એ કાંઈક જુદું કહે છે, અપૂર્વ કહે છે. એના કથન પાછળ કોઈ અજબ દૃઢતા ને જોર છે. આવું ક્યાંય સાંભળ્યું નથી.' મહારાજશ્રીના વ્યાખ્યાનમાંથી અનેક જીવો પોત-પોતાની પાત્રતા અનુસાર લાભ મેળવી જાય છે. કેટલાકને સત્ પ્રત્યે રુચિ જાગે છે, કોઈ કોઈને સત્સમજણના અંકુર ફૂટે છે અને કોઈ વિરલ જીવોની તો દશા જ પલટાઈ જાય છે.

અહો! આવું અલૌકિક પવિત્ર અંતર્પરિણમન-કેવળજ્ઞાનનો અંશ, અને આવો પ્રબળ પ્રભાવનાઉદય—તીર્થંકરત્વનો અંશ, એ બેનો સુયોગ આ કળિકાળમાં જોઈને

રોમાંચ થાય છે. મુમુક્ષુઓનાં મહાપુણ્ય હજુ તપે છે.

અહો! એ પરમ પ્રભાવક અધ્યાત્મમૂર્તિની વાણીની તો શી વાત, તેનાં દર્શન પણ મહાપુણ્યના થોક ઊછળે ત્યારે પ્રાપ્ત થાય છે. એ અધ્યાત્મયોગીની સમીપમાં સંસારનાં આધિ-વ્યાધિ-ઉપાધિ ફરકી શકતાં નથી. સંસારતપ્ત પ્રાણીઓ ત્યાં પરમ વિશ્રાંતિ પામે છે અને સંસારનાં દુ:ખો માત્ર કલ્પનાથી જ ઊભાં કરેલાં તેમને ભાસવા માંડે છે. જે વૃત્તિઓ મહા પ્રયત્ને પણ દબાતી નથી તે ગુરુદેવના સાન્નિધ્યમાં વિના પ્રયત્ને શમી જાય છે એ ઘણા ઘણા મુમુક્ષુઓનો અનુભવ છે. આત્માનું નિવૃત્તિમય સ્વરૂપ, મોક્ષનું સુખ વગેરે ભાવોની જે શ્રદ્ધા અનેક દલીલોથી થતી નથી તે ગુરુદેવનાં દર્શનમાત્રથી થઈ જાય છે. ગુરુદેવનાં જ્ઞાન ને ચારિત્ર મુમુક્ષુ પર મહા કલ્યાણકારી અસર કરે છે. ખરેખર કાઠિયાવાડને આંગણે શીતળ છાંયવાળું, વાંછિત ફળ દેનાર કલ્પવૃક્ષ ફળ્યું છે. કાઠિયાવાડના મહાભાગ્ય ખીલ્યાં છે.

હવે, સોનગઢમાં પરિવર્તન કર્યા પછીના, મહારાજશ્રીના જીવનવૃત્તાંત સાથે સંબંધ રાખતા કેટલાક પ્રસંગો કાળાનુક્રમે સંક્ષેપમાં જોઈ જઈએ.

સોનગઢથી બાર માઈલ દૂર આવેલા શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ઘણા વખતથી મહારાજશ્રીની ભાવના હતી. તે સં. ૧૯૯૫ ના પોષ વદ તેરશે પૂર્ણ થઈ. લગભગ ૨૦૦ ભક્તો સહિત મહારાજશ્રીએ તે તીર્થરાજની યાત્રા અતિ ઉત્સાહ ને ભક્તિપૂર્વક કરી.

રાજકોટના શ્રાવકોના બહુ આગ્રહને લીધે સં. ૧૯૯૫ માં મહારાજશ્રીનું રાજકોટ પધારવું થયું. ત્યાં દશેક માસની સ્થિતિ દરમ્યાન મહારાજશ્રીએ સમયસાર, આત્મસિદ્ધિ અને પદ્મનંદિપંચવિંશતિ પર અપૂર્વ પ્રવચનો કર્યાં. ગુરુદેવના આગળ વધેલા જ્ઞાનપર્યાયોમાંથી નીકળેલા જડ-ચેતનની વહેંચણીના, નિશ્ચય-વ્યવહારની સંધિના તેમ જ બીજા અનેક અપૂર્વ ન્યાયો સાંભળી રાજકોટના હજારો લોકો પાવન થયા અને અનેક સુપાત્ર જીવોએ પાત્રતા અનુસાર આત્મલાભ મેળવ્યો. દશ માસ સુધી 'આનંદકુંજ'માં ( મહારાજશ્રી ઊતર્યા હતા તે સ્થાનમાં ) નિશદિન આધ્યાત્મિક આનંદનું વાતાવરણ ગુંજી રહ્યું.

રાજકોટથી સોનગઢ પાછાં ફરતાં મહારાજશ્રી ગિરિરાજ ગિરનારતીર્થની યાત્રા કરવા પધાર્યા અને એ પવિત્ર નેમગિરિ ઉપર લગભગ ૩૦૦ ભક્તો સાથે ત્રણ દિવસ રહ્યા. ત્યાં એ સમવસરણના દેરાસરજીમાં તથા દિગંબર દેરાસરજીમાં ઊછળેલી ભક્તિ, એ સહસ્રામ્રવનમાં જામી ગયેલી સ્તવનભક્તિની ધૂન અને એ સમશ્રેણીની પાંચમી ટૂંકે

પૂ. ગુરુદેવશ્રી 'હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે!' વગેરે પદો પરમ અધ્યાત્મરસમાં તરબોળ બની ગવરાવતા હતા તે વખતે પ્રસરી ગયેલુ શાંત આધ્યાત્મિક વાતાવરણ–એ બધાંનાં ધન્ય સ્મરણો તો જીવનભર ભક્તોના સ્મરણપટ પર કોતરાઈ રહેશે.

રાજકોટ જતાં તથા ત્યાંથી પાછા ફરતાં પરમ પૂજ્ય ગુરુદેવ રસ્તામાં આવતાં અનેક ગામોમાં વીતરાગપ્રણીત સદ્ધર્મનો ડંકો વગાડતા ગયા અને અનેક સત્પાત્રોના કર્ણપટ ખોલતા ગયા. ગામે ગામ લોકોની ભક્તિ ગુરુદેવ પ્રત્યે ઉછળી પડતી હતી અને લાઠી, અમરેલી વગેરે મોટા ગામોમાં અત્યંત ભવ્ય સ્વાગત થતું હતું. ગુરુદેવનો પ્રભાવનાઉદય જોઈ, જે કાળે તીર્થંકરદેવ વિચરતા હશે તે ધર્મકાળમાં ધર્મનું, ભક્તિનું, આધ્યાત્મનું કેવું વાતાવરણ ફેલાઈ રહેતું હશે તેનો તાદ્દશ ચિતાર કલ્પનાચક્ષુ સમક્ષ ખડો થતો.

સં. ૧૯૯૬ના વૈશાખ માસમાં ગુરુદેવનાં પુનિત પગલાં ફરી સોનગઢમાં થયા.

ત્યાર પછી તુરત જ શેઠ કાળિદાસ રાઘવજી જસાણીના ભક્તિવંત સુપુત્રોએ શ્રી સ્વાધ્યાય મંદિર પાસે શ્રી સીમંધરભગવાનનું જિનમંદિર બંધાવવા માંડયું, જેમાં શ્રી સીમંધર ભગવાનના અતિ ભાવવાહી પ્રતિમાજી ઉપરાંત શ્રી શાન્તિનાથ આદિ અન્ય ભગવંતોનાં ભાવવાહી પ્રતિમાજીની પ્રતિષ્ઠા પંચકલ્યાણકવિધિપૂર્વક સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના માંગલિક દિને થઈ. પ્રતિષ્ઠામહોત્સવમાં બહારગામના લગભગ ૧૫૦૦ માણસોએ ભાગ લીધો હતો. પ્રતિષ્ઠાના આઠે દિવસ પરમ પૂજ્ય ગુરુદેવના મુખમાંથી ભક્તિરસભીની અલૌકિક વાણી છૂટતી હતી. લોકોને પણ ઘણો ઉત્સાહ હતો, પ્રતિષ્ઠાદિન પહેલાં થોડા દિવસે શ્રી સીમંધર ભગવાનના પ્રથમ દર્શને પરમ પૂજ્ય ગુરુદેવની આંખોમાંથી આંસુ વહ્યાં હતાં. સીમંધર ભગવાન મંદિરમાં પ્રથમ પધાર્યા ત્યારે ગુરુદેવને ભક્તિરસની ખુમારી ચડી ગઈ અને આખો દેહ ભક્તિરસના મૂર્ત સ્વરૂપ જેવો શાંત શાંત નિશ્ચેષ્ટ ભાસવા લાગ્યો. ગુરુદેવથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિરસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ બે ત્રણ મિનિટ સુધી નિશ્ચેષ્ટપણે પડી રહ્યો. આ ભક્તિનું અદ્દભૂત દ્દશ્ય, પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું ન હોતું; તેમનાં નેત્રોમાં અશ્રુ ઊભરાયાં અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. ગુરુદેવે પોતાના પવિત્ર હાથે પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વભાવે કરી હતી.

આ જિનમંદિરમાં બપોરના વ્યાખ્યાન પછી દરરોજ પોણો કલાક ભક્તિ થાય છે. ભક્તિમાં પરમ પૂજ્ય ગુરુદેવ પણ હાજર રહે છે. બપોરનું પ્રવચન સાંભળતાં આત્માના સૂક્ષ્મ સ્વરૂપના પ્રણેતા વીતરાગ ભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફુર્યું હોય છે તેથી પ્રવચનમાંથી ઊઠી તુરત જ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવ પ્રત્યે પાત્ર

જીવોને અદ્દભૂત ભાવ ઉલ્લસે છે. આ રીતે જિનમંદિર જ્ઞાન ને ભક્તિના સુંદર સુમેળનું નિમિત્ત બન્યું છે.

શ્રી જિનમંદિર બંધાયા પછી એક વર્ષે થોડા મુમુક્ષુભાઈઓ દ્વારા જિનમંદિરની પાસે જ શ્રી સમવસરણ મંદિર બંધાયું. તેમાં શ્રી સીમંધર ભગવાનનાં અતિ ભાવવાહી ચતુર્મુખ પ્રતિમાજી બિરાજે છે. સુંદર આઠ ભૂમિ, કોટ ( મુનિઓ, અર્જિકાઓ, દેવો, મનુષ્યો, તિર્યંચો વગેરેની સભાઓ સહિત ), શ્રીમંડપ, ત્રણ પીઠિકા, કમળ, ચામર, છત્ર, અશોકવૃક્ષ, વિમાનો વગેરેની શાસ્ત્રોક્ત વિધિથી તેમાં અતિ આકર્ષક રચના છે. મુનિઓની સભામાં શ્રી સીમંધર ભગવાન સામે અત્યંત ભાવપૂર્વક હાથ જોડીને ઊભેલા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યનાં અતિ સૌમ્ય મુદ્રાવંત પ્રતિમાજી છે. પ્રતિષ્ઠામહોત્સવ સં. ૧૯૯૮ ના વૈશાખ વદ ૬ ના માંગલિક દિવસે થયો હતો અને તે પ્રસંગે બહારગામથી લગભગ ૨૦૦૦ માણસો આવ્યાં હતાં. શ્રી સમવસરણના દર્શન કરતાં, શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા તે પ્રસંગ મુમુક્ષુનાં નેત્રો સમક્ષ ખડો થાય છે અને તેની સાથે સંકળાયેલા અનેક પવિત્ર ભાવો હૃદયમાં સ્ફુરતાં મુમુક્ષુનું હૃદય ભક્તિ ને ઉલ્લાસથી ઊછળી પડે છે. શ્રી સમવસરણ મંદિર થતાં, મુમુક્ષુઓને તેમના અંતરનો એક પ્રિયતમ પ્રસંગ દૃષ્ટિગોચર કરવાનું નિમિત્ત પ્રાપ્ત થયું છે.

સં. ૧૯૯૮ ના અસાડ વદ એકમના રોજ શ્રી સોનગઢમાં શ્રી ગુરુરાજે સભા સમક્ષ શ્રી પ્રવચનસારનું વાંચન શરૂ કર્યું હતું તેમાંથી જ્ઞેય અધિકાર ઉપડતા અનેક વર્ષોમાં જોએલ તેનાથી પણ કોઈ અચિંત્ય ને આશ્ચર્યકારક ગુરુદેવના અંતર આત્મમાંથી નિર્મળ ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાંથી સુક્ષ્મને ગહન એવો શ્રુતનો ધોધ વહેવા લાગ્યો તે ધોધ જેણે જાણ્યો હશે ને બરાબર શ્રવણ કર્યો હશે તેને ખ્યાલ હશે બાકી તો શું કહી શકાય?

શ્રવણ કરતાં એમ થતું હતું કે આ તે કોઈ આશ્ચર્યકારી આત્મવિભૂતિ જોવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું! કે કોઈ અચિંત્ય શ્રુતની નિર્મળ શ્રેણી જોવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું? ખરેખર સ્વાત્મસ્વરૂપવૃદ્ધિરૂપ તે ધન્ય પ્રસંગ સદાયને માટે હૃદયના જ્ઞાનપટ પર કોતરાઈ રહેશે. ને ફરી ફરી આવા અનેક તરહના સુપ્રસંગો સંપ્રાપ્ત થશે.

સં. ૧૯૯૮ ના ભાદરવા સુદ પાંચમના રોજ સોનગઢમાં શ્રી સનાતન જૈન બ્રહ્મચર્યાશ્રમ સ્થાપવામાં આવ્યું છે. તેમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે. દશેક બ્રહ્મચારીઓ તેમાં જોડાયા છે. તેમાં જોડાનાર બ્રહ્મચારી ત્યાં ત્રણ વર્ષ સુધી રહી દરરોજ ત્રણેક કલાક નિયત કરેલા ધાર્મિક પુસ્તકોનું શિક્ષણ પ્રાપ્ત કરે છે, તે પ્રાપ્ત થયેલા શિક્ષણને એકાંતમાં સ્વાધ્યાય દ્વારા દૃઢ કરે છે અને મહારાજશ્રીનાં પ્રવચનો,

ભક્તિ વગેરેમાં ભાગ લે છે; એમ આખો દિવસ ધાર્મિક પ્રવૃત્તિમાં ગાળે છે.

પરમ પૂજ્ય ગુરુદેવ ફરીને પાછા રાજકોટના શ્રાવકોના આગ્રહને લીધે અને પ્રભાવનાઉદયને લીધે સં. ૧૯૯૯ ના ફાગણ સુદ પાંચમના રોજ સોનગઢથી વઢવાણ રસ્તે રાજકોટ જવા માટે વિહાર કર્યો છે. અમૃત વરસતા મહામેઘની જેમ રસ્તામાં આવતા દરેક ગામમાં ગુરુદેવ પરમાર્થ-અમૃતનો ધોધમાર વરસાદ વરસાવતા જાય છે અને અનેક તૃષાવંત જીવોની તૃષા છિપાવતા જાય છે. હજારો ભાગ્યવંત જીવો-જૈનોને જૈનેતરો-એ અમૃતવર્ષાને ઝીલી સંતુષ્ટ થાય છે. જૈનેતરો પણ ગુરુદેવનો આધ્યાત્મિક ઉપદેશ સાંભળી દિંગ થઈ જાય છે. જૈન દર્શનમાં માત્ર બાહ્ય ક્રિયાનું જ પ્રતિપાદન નથી પણ તેમાં સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન ભરપૂર ભરેલું છે એમ સમજાતાં તેમને જૈન દર્શન પ્રત્યે બહુમાન પ્રગટે છે. ગામોગામ બાળકો, યુવાનો ને વૃદ્ધોમાં, જૈનો ને જૈનતરોમાં મહારાજશ્રી આત્મવિચારનાં પ્રબળ આંદોલનો ફેલાવતા જાય છે અને 'આ મોંઘા મનુષ્યભવમાં જો જીવે દેહ, વાણી અને મનથી પર એવા પરમ તત્ત્વનું ભાન ન કર્યું, તેની રુચિ પણ ન કરી, તો આ મનુષ્યભવ નિષ્ફળ છે' એમ દાંડી પીટીને જાહેર કરતા જાય છે.

એ અમૃતસિંચક યોગિરાજ કાઠિયાવાડની બહાર વિચર્યા નથી જો તેઓશ્રી હિંદુસ્તાનમાં વિચરે તો આખા ભારતવર્ષમાં *ધર્મની પ્રભાવના કરી હજારો તૃષાવંત જીવોની તૃષા છિપાવી શકે એવી અદ્‌ભુત શક્તિ તેમનામાં દેખાય છે.

આવી અદ્‌ભુત શક્તિના ધરનાર પવિત્રાત્મા કાનજીસ્વામી કાઠિયાવાડની મહા પ્રતિભાશાળી વિભૂતિ છે. તેમના પરિચયમાં આવનાર પર તેમના પ્રતિભાયુક્ત વ્યક્તિત્વનો પ્રભાવ પડ્યા વિના રહેતો નથી. તેઓશ્રી અનેક સદ્‌ગુણોથી અલંકૃત છે. તેમની કુશાગ્ર બુદ્ધિ દરેક વસ્તુના હાર્દમાં ઊતરી જાય છે. તેમની સ્મરણશક્તિ વર્ષોની વાતને તિથિ-વાર સહિત યાદ રાખી શકે છે. તેમનું હૃદય વજ્રથીયે કઠણ ને કુસુમથીયે કોમળ છે. તેઓશ્રી અવગુણ પાસે અણનમ હોવા છતાં સહેજ ગુણ દેખતાં નમી પડે છે. બાળબ્રહ્મચારી કાનજીસ્વામી એક અધ્યાત્મમસ્ત આત્માનુભવી પુરુષ છે. અધ્યાત્મમસ્તી તેમની રગેરગમાં વ્યાપી ગઈ છે. આત્માનુભવ તેમના શબ્દે શબ્દમાં ઝળકે છે. તેમના શ્વાસે શ્વાસે 'વીતરાગ! વીતરાગ!' નો રણકાર ઊઠે છે. કાનજીસ્વામી કાઠિયાવાડનું અદ્વિતીય રત્ન છે. કાઠિયાવાડ કાનજીસ્વામીથી ગૌરવવંત છે.

વૈશાખ સુદ ૨,
વિ. સં. ૧૯૯૯

હિંમતલાલ જેઠાલાલ શાહ
બી. એસ સી.

* હવે તો તેઓશ્રી ઉત્તર-દક્ષિણ ભારતના તીર્થોની બે-બે વખત યાત્રા કરીને કાઠિયાવાડની બહાર તથા વિદેશમાં પણ વિચર્યા છે અને સમસ્ત ભારત તેમજ વિદેશમાં લાખો તૃષાવંત જીવોની તૃષા છિપાવી છે.

ॐ

# ભગવાન કુંદકુંદાચાર્યદેવ

વિષે

## ઉલ્લેખો

□

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुंदः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभुषिताशः ।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ॥

[ ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ ]

અર્થ:—કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોના—ચારણ ઋદ્ધિધારી મહામુનિઓના—સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી ?

*

............कोण्डकुंदो यतीन्द्रः ॥
रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्येपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विहाय
चचार मन्ये चतुरंगुलं सः ॥

[ વિંધ્યગિરિ–શિલાલેખ ]

અર્થ:—યતીશ્વર ( શ્રી કુંદકુંદસ્વામી ) રજ:સ્થાનને—ભૂમિતળને–છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમજ બહારમાં રજથી ( પોતાનું ) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા ( –અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા. )

*

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण ।
ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति ॥

[ दर्शनसार ]

અર્થ:—(મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે ( શ્રી કુંદકુંદાચાર્યદેવે ) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત ?

*

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

[ શ્રીમદ્ રાજચંદ્ર ]

श्रीपरमात्मने नमः ।
श्रीसद्गुरवे नमः ।

પરમ પૂજ્ય પરમ-ઉપકારી શાસનપ્રભાવક અધ્યાત્મયોગી
સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં

# શ્રીસમયસારશાસ્ત્ર પર પ્રવચનો

## — બંધ અધિકાર —

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुंदकुंदार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

રાજકોટ, સં. ૨૦૦૦ કારતક વદ ૮ શનિ.

હવે બંધ અધિકાર શરૂ થાય છે, બંધ અધિકાર ઘણો સરસ છે, આચાર્યદેવે આ અધિકારમાં ઘણા સિદ્ધાંતો મૂકયા છે.

ચૈતન્ય પરિણતિનો વેગ નિમિત્ત તરફ ઢળે તે બંધનભાવ છે, ચૈતન્ય પરિણતિનો વેગ સ્વ તરફ ઢળે તે અબંધભાવ છે. સ્વાશ્રયભાવમાં બંધન નથી અને પરાશ્રયભાવમાં મુકિત ત્રણકાળમાં નથી.

વિકલ્પનો એક અંશ પણ મારો નથી, હું તે નિર્વિકલ્પ ચિદાનંદમૂર્તિ છું એવો સ્વાશ્રયભાવ રહે તે મુકિતનું કારણ છે; વિકલ્પનો એક અંશ પણ મને આશ્રયરૂપ છે એવો પરાશ્રયભાવ રહે તે બંધનનું કારણ છે.

પરાશ્રયભાવમાં બંધનો અંશ પણ અભાવ થવાની તાકત નથી અને હું અખંડ જ્ઞાયકમૂર્તિ છું તેવી પ્રતીતના જોરમાં બંધનો એક અંશ પણ થવાની તાકાત નથી.

પરાશ્રયભાવમાં મોક્ષમાર્ગની અને મોક્ષપર્યાયની ઉત્પત્તિ થતી નથી અને સ્વાશ્રયભાવમાં મોક્ષમાર્ગ તેમ જ મોક્ષપર્યાય બંનેની ઉત્પત્તિ થાય છે; ધ્રુવ તો એકરૂપ પરિપૂર્ણ છે; મોક્ષપર્યાયનો ઉત્પાદ અને સંસારપર્યાનો વ્યય થાય છે.

પરાશ્રયભાવમાં નિર્મળ પર્યાયનો વ્યય એટલે તિરોભાવ છે અને બંધની ઉત્પત્તિ છે. સ્વાશ્રયભાવમાં બંધનો વ્યય અને મોક્ષની ઉત્પત્તિ છે.

સ્વભાવની શુદ્ધિને રોકનારો ભાવ તે બંધનભાવ છે, સ્વભાવનો વિકાસ અટકી જવો અને વિકારમાં રોકાઈ જવું તે બંધ.

બંધ-મોક્ષના બે આખા ભાગલા છે, વચ્ચે સાધક અવસ્થા છે તે ગૌણ છે. ઊંધી દૃષ્ટિનો વિષય પરાશ્રય છે, તેનાથી બંધ થાય છે અને સવળી દૃષ્ટિનો વિષય સ્વાશ્રય છે, તેનાથી મોક્ષ થાય છે: તે બે આખા ભાગ છે, વચલો વ્યવહાર રહે છે તે ગૌણ છે. ઊંધી દૃષ્ટિથી બંધ અને સવળી દૃષ્ટિથી મોક્ષ, તે બે સામસામા આખા કટકા છે, પણ મોક્ષપર્યાય થતાં સુધી વચમાં સાધકદશામાં વ્યવહાર થોડો થોડો રહે છે તે ગૌણ છે.

" રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય,
તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય. "

જ્ઞાતા અભેદરૂપ છે. એકરૂપ છે પણ પરનો આશ્રય જ્યાં કર્યો ત્યાં રાગ અને દ્વેષ એવાં બે પડખાં પડયાં; રાગ-દ્વેષની અશુદ્ધતારૂપ પર્યાય તે ભાવબંધ છે અને તેનું નિમિત્ત પામીને દ્રવ્યબંધ થાય છે. તે બંધને જાણીને મુનિરાય સ્વભાવમાં સમાય છે. બંધને જાણવો તે વ્યવહારનય છે. તેને જાણીને મુનિરાય સમભાવરૂપ થાય છે. બંધ અને મોક્ષ તે બન્ને પર્યાયો સાપેક્ષ છે, નિમિત્તની અપેક્ષાવાળા છે. દ્રવ્ય, ગુણ અને તેનો કારણપર્યાય શુદ્ધ છે, તે દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદપણે આશ્રય લેતાં બંધ તૂટી જાય છે, તેનો આશ્રય લેતાં બંધનો એક અંશ પણ રહેતો નથી. બંધને જાણીને મુનિરાય સ્વરૂપમાં સમાય છે, ને રાગ-દ્વેષને છોડે છે.

જે વિકારી અવસ્થા થાય તેને જાણવી તે વ્યવહારનય છે, જે વિકારી અવસ્થા થાય તેને જાણી લેવી કે આ વિકારી પર્યાય છે, ઊણી અવસ્થા આ રીતે છે, આટલી છે-વગેરે જાણી લેવું પણ તેનો આશ્રય લેવો નહિ; પર્યાયનો આશ્રય લેવાથી સ્વભાવપર્યાય પ્રગટતો નથી. દૃષ્ટિના વિષયમાં આધાર તો એક વસ્તુનો જ હોય છે. વસ્તુનો આધાર હોય તો જ સ્વભાવપર્યાય પ્રગટે છે પણ

પર્યાયના આધારે સ્વભાવપર્યાય પ્રગટતો નથી માટે બંધ અને રાગ-દ્વેષને જ્ઞાનમાં જાણી લેવા પણ તેનો આધાર ન માનવો; આધાર તો વસ્તુનો લેવાથી જ સ્વભાવપર્યાય પ્રગટે છે. પૂર્ણ દશા ન થાય ત્યાંસુધી જે અવસ્થા જ્યાં જેટલી હોય તેટલી તેને જાણી લેવી. દ્રવ્ય અને પર્યાય બન્ને જાણે ત્યારે પ્રમાણજ્ઞાન થાય છે.

દર્શન પોતે દર્શનને જાણતું નથી પણ જ્ઞાન છે તે દર્શનને જાણે છે. જે જ્ઞાન દર્શનને જાણે છે તે જ્ઞાન પર્યાયને પણ જાણે છે. જે જ્ઞાન દર્શનના અભેદ વિષયને જાણે છે તે જ્ઞાન ભેદને પણ જાણે છે અને બન્ને ને જાણે તો જ પ્રમાણજ્ઞાન થાય છે.

જ્ઞાનને સમ્યક્પણાની મહોર-છાપ પણ ત્યારે પડે છે કે જ્યારે સમ્યગ્દર્શન થાય છે અને સમ્યગ્દર્શનના અખંડ વિષયને જ્ઞાન જાણે છે. સમ્યગ્દર્શનના વિષયમાં વસ્તુનો આધાર છે, પર્યાયનો આધાર નથી. તેને ( -સમ્યગ્દર્શનના વિષયને ) જ્ઞાન જ્યારે બરાબર જાણે છે ત્યારે જ્ઞાનમાં સમ્યક્પણાની મહોર-છાપ પડે છે. જ્યાંસુધી દ્રવ્યદૃષ્ટિને જ્ઞાન જાણતું નથી ત્યાંસુધી જ્ઞાનમાં સમ્યક્પણાની છાપ પડતી નથી.

" રાગાદિકથી કર્મનો બંધ જાણી મુનિરાય " એ પદનું વિવેચન ચાલે છે શું બંધને જાણવાથી મુક્તિ થાય ? ના તેમ નથી, વસ્તુનો આશ્રય કરવાથી જ મુક્તિ થાય છે. અખંડ સ્વભાવને જાણીને વિકારી અને ઊણી અવસ્થા જેટલી જેમ છે તેમ જાણે ત્યારે જ્ઞાન પ્રમાણ થાય છે. અભેદદૃષ્ટિના જોર વડે અને દ્રવ્ય તેમજ પર્યાયનું જ્ઞાન કરીને, પુરુષાર્થ વડે સમભાવ કરીને વીતરાગ થાય છે અને રાગદ્વેષને ત્યાગે છે એવા મુનિઓના ચરણમાં સદા નમસ્કાર કરું છું એમ અર્થકાર કહે છે.

જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ધ્રુવસ્વભાવ ઉપર છે. અજ્ઞાનીની દૃષ્ટિ નિમિત્ત ઉપર છે, નિમિત્ત તરફ દૃષ્ટિ તે પરાશ્રયદૃષ્ટિ છે. ' નિમિત્ત ' એવી વસ્તુ નથી-એમ નથી, નિમિત્ત વસ્તુ છે ખરી, જો નિમિત્ત ચીજ ન હોય તો બંધ અને મોક્ષ એવી બે અવસ્થા હોઈ શકે નહિ. નિમિત્ત છે એમ જાણવું, બંધની અવસ્થા થાય છે તેમ જાણવું તે બધો વ્યવહારનય છે. વ્યવહારને જાણતાં અધૂરી અવસ્થાનો ખ્યાલ રહે છે, વ્યવહારને જાણતાં કાંઈ વ્યવહારનો આશ્રય આવી જાય એમ નથી. બંધને જાણવાથી કાંઈ મુક્ત થાય છે એમ નથી. શું મુનિવરો બંધને માત્ર જાણવાથી મુક્તિ પ્રાપ્ત કરતા હશે ? ના, તેમ નથી. નિશ્ચયનયનો વિષય જે અખંડ વસ્તુ છે તેનો આશ્રય કરવાથી મુનિવરો મુક્તિને પ્રાપ્ત કરે છે.

અખંડ દ્રવ્ય અને અવસ્થા બન્નેનું જ્ઞાન હોવા છતાં અખંડસ્વભાવ તરફ લક્ષ રાખવું, ઉપયોગનો દોર અખંડ દ્રવ્ય તરફ લઈ જવો, તે સમભાવને પ્રગટ કરે

છે: અર્થકાર કહે છે કે સ્વઆશ્રય વડે બંધને નાશ કરતો નિર્મળ પર્યાય જેને પ્રગટયો તેવા મુનિવરોને હું નમું છું, તે તરફ ઢળું છું, તે તરફ વળું છું.

હવે બંધનો સ્વાંગ પ્રવેશ કરે છે. ભગવાન આચાર્યદેવે આ સમયસારને નાટકની ઉપમા આપી છે. અહીં કોઈ કહે કે આચાર્યદેવ બંધનું વર્ણન શા માટે કરે છે ? તેનું સમાધાન—બંધ તે વ્યવહારનો વિષય છે, બંધ છે તે પરાશ્રય છે, પરાશ્રય જે જે થાય તેને જાણી લેવું, ને તે વિકારરૂપ હું નથી, પણ હું તો નિર્વિકાર અખંડ જ્ઞાયકમૂર્તિ છું એવી વસ્તુદૃષ્ટિ સાથે હોય તો વ્યવહારને સાચો જાણ્યો કહેવાય.

હવે બંધ પ્રવેશ કરે છે. જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે છે તેમ રંગભૂમિમાં બંધ તત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.

બંધનો સ્વાંગ છે તે નિમિત્ત તરફની અપેક્ષા છે. ત્યાં પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂર કરતું પ્રગટ થાય છે એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છે:—

( શાર્દૂલવિક્રીડિત )

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्
क्रीडंतं रसभावनिर्भरमहानाट्येन बंधं धुनत् ।
आनंदामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाटयद्-
धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं समुन्मज्जति ॥ १६३ ॥

અર્થ:—જે ( બંધ ) રાગના ઉદયરૂપી મહારસ ( દારૂ ) વડે સમસ્ત જગતને પ્રમત્ત ( –મતવાલું, ગાફેલ ) કરીને, રસના ભાવથી ( અર્થાત્ રાગરૂપી ઘેલછાથી ) ભરેલા મોટા નૃત્ય વડે ખેલી ( નાચી ) રહ્યો છે એવા બંધને ઉડાડી દેતું—દૂર કરતું, જ્ઞાન ઉદય પામે છે. કેવું છે જ્ઞાન ? આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે, ધીર છે, ઉદાર ( અર્થાત્ મોટા વિસ્તારવાળું, નિશ્ચળ ) છે, અનાકુળ ( અર્થાત્ જેમાં કાંઈ આકુળતાનું કારણ નથી એવું ) છે, નિરુપધિ ( અર્થાત્ પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણ ત્યાગ નથી એવું ) છે.

આચાર્યદેવ પ્રથમ માંગળિક કરે છે, સમ્યગ્જ્ઞાનના મહિમાના માણેકથંભ રોપે છે. 'મં' એટલે રાગ–દ્વેષનો અહંકાર, તેને સ્વભાવના આશ્રયે 'ગલ' એટલે ગાળીને—નાશ કરીને જે સમ્યગ્જ્ઞાનરૂપી સ્વભાવપર્યાય પ્રગટયો તે માંગળિક છે.

સમ્યક્પર્યાયની ઉત્પત્તિ, મિથ્યાપર્યાયનો નાશ અને અનંતગુણપિંડ આત્મા ધ્રુવ છે, તે અનંતગુણપિંડ આત્માનું ભાન કરતો સમ્યક્ પર્યાય પ્રગટ થયો. તે સ્વભાવજ્ઞાન વિજય-પતાકા ફેરવતું પ્રગટ થાય છે; મારા સમ્યગ્જ્ઞાનનો વિજય છે અને બંધનો વિજય નથી– તેમ વિજયની ધ્વજા ફરકાવતું જ્ઞાન પ્રગટ થાય છે; સ્વનો આશ્રય કરતું, પરાશ્રયે થતા બંધનો નાશ કરતું જ્ઞાન પ્રગટ થાય છે.

જેણે મલિનતાની પ્રતીતિ કરી છે તે જ નિર્મળતાની પ્રતીત કરનાર છે, બીજો કોઈ નથી; મલિનતા એક સમય પુરતી જ છે; જે પહેલા સમયની મલિનતા છે તે બીજા સમયની મલિનતા નથી કારણ કે બધા પર્યાયો સ્વતંત્ર છે. પહેલા સમયનો પર્યાય નાશ થાય છે તેથી તે બીજા સમયના પર્યાયને મદદ કરતો નથી. પહેલે સમયે પર્યાયમાં મલિનતા હોય અને બીજે સમયે પર્યાયની નિર્મળતા કરવી હોય તો કરી શકાય છે, માટે પર્યાયે પર્યાય બધા સ્વતંત્ર છે, કોઈ પર્યાય કોઈ પર્યાયનું કારણ નથી. ઊંધી પ્રતીત તે રાગ-દ્વેષને મલિનતાનું કારણ છે, ઊંધી પ્રતીત પોતે પણ મલિનરૂપ છે. એક સમય પુરતી મલિનતા નિમિત્તને આશ્રયે થાય છે તે આત્માનો ત્રિકાળ અવિનાશી સ્વભાવ નથી. એક સમય પુરતી જ મલિનતા છે. પૂર્વે મલિનતા ખૂબ સેવાણી તેથી વર્તમાનમાં મલિનતા થઈ છે એમ નથી પણ વર્તમાનમાં ઊંધી પ્રતીત છે તે જ મલિનતાનું કારણ છે. એક સમય પુરતી જ મલિનતા છે તેથી બીજા સમયે તે ટાળીને સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે. એક સમયના પરાશ્રયે બંધ અને એક એક સમયના સ્વાશ્રયે મુક્તિ થઈ શકે છે. અહીં આચાર્યદેવે 'કર્મ વડે બંધ થાય છે' એમ કહ્યું નથી પણ અહીં તો રાગના ઉદયરૂપી મહારસથી નાચી રહ્યો છે એવા બંધને ઉડાડી દેતું જ્ઞાન પ્રગટ થાય છે એમ કહ્યું છે એટલે કે પુરુષાર્થ વડે જ્ઞાન પ્રગટ થાય છે. કર્મ તો કર્મમાં છે, કર્મ આત્મામાં નથી; આત્મા આત્મામાં છે, આત્મા કર્મમાં નથી. આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કર્મમાં પેસતા નથી ને કર્મના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્મામાં પેસતા નથી. કર્મની આત્મામાં નાસ્તિ છે; આત્માની કર્મમાં નાસ્તિ છે. એકેક રજકણની આત્મામાં ત્રિકાળ નાસ્તિ છે, આત્માની કર્મના રજકણમાં નાસ્તિ છે. એક વસ્તુ બીજી વસ્તુમાં નાસ્તિરૂપે છે તો તે નાસ્તિ નુકશાન કરી શકે નહિ; જો નુકશાન કરે તો નાસ્તિ તે અસ્તિરૂપ થઈ જાય. નિમિત્ત તરફની રુચિ તે રાગના રસનું કારણ છે, કર્મનો વિપાક તે રાગ કરાવતો નથી, નિમિત્ત રાગ કરાવતું નથી. મલિનતારૂપ ભાવકર્મ નિમિત્તને આશ્રયે પોતે પ્રગટ કરે છે.

આચાર્યદેવે રાગનો મહારસ લીધો છે તેનું કારણ એમ છે કે સામે આત્મામાં આનંદનો મહારસ છે તેથી રાગનો મહારસ લીધો છે. જીવોને અજ્ઞાનતાને લઈને

મોહરૂપી દારૂનું ઘેન ચઢી ગયું છે. સમસ્ત જગતને એટલે કે આખી દુનિયાના જીવોને, પ્રમત્ત એટલે વિશેષ કરીને મતવાલા એટલે કે ગાંડા કરીને રાગરૂપી ઘેલછાથી મોટા નૃત્ય વડે બંધ ખેલી રહ્યો છે-નાચી રહ્યો છે. એવા બંધને ઉડાડી દેતું દૂર કરતું જ્ઞાન પ્રગટ થાય છે.

જીવ અજ્ઞાનથી મોહરૂપી દારૂ પીને ગાંડો થયો છે. વર્તમાન એક સમયમાં અનંતગુણપિંડ આત્મા પરિપૂર્ણ છે એની પ્રતીત નથી, અને એક સમયની મલિન અવસ્થાની પ્રતીતિએ ગાંડો બન્યો છે. પર તરફની રુચિથી રાગમાં જોડાણો એ જ રાગનો મહારસ છે, તે જ તેનું ગાંડપણ છે. વર્તમાન પર્યાય પૂરતો હું છું અને ત્રિકાળ અવિનાશી તે હું નથી એવી માન્યતાએ ગાંડો થયો છે. બંધની રુચિના ભાવે અને સ્વભાવની અરુચિના ભાવે જગતને બેખબરું બનાવી દીધું છે. રાગના રસની ઘેલછાથી સ્વઘરની કાયમી ઋદ્ધિ સમૃદ્ધિને ચૂકીને એક સમયની મલિન અવસ્થાના મોટા નૃત્ય વડે નાચે છે. તે નાચ અનંત કાળથી પૂરો થતો નથી, વર્તમાન સમય પૂરતો નાચે છે પણ તે જાતના ભાવને કરતો આવે છે પરંતુ છોડતો નથી તેથી અનંતકાળથી વિકારી ભાવમાં નાચી રહ્યો છે, ખેલી રહ્યો છે.

ઊંધી પ્રતીત અને ઊંધુ જ્ઞાન તે જ સંસાર છે. સાચી પ્રતીત અને સાચું જ્ઞાન તે જ મોક્ષ છે. ઊંધી પ્રતીતનું ફળ નિગોદ છે અને સાચી પ્રતીતનું ફળ મોક્ષ છે. અજ્ઞાની નિગોદમાં જતા પહેલાં થોડા ભવ વચ્ચે બીજા કરે તે વ્યવહાર છે અને જ્ઞાની મોક્ષ પર્યાય પ્રાપ્ત કર્યા પહેલાં વચમાં એક બે ભવ કરે તે વ્યવહાર છે. અજ્ઞાનીનો અશુદ્ધનિશ્ચય નિગોદ છે અને જ્ઞાનીનો શુદ્ધનિશ્ચય મોક્ષ છે. જ્ઞાનીનો પરમાર્થ નિર્મળ પર્યાય છે. અને અજ્ઞાનીનો પરમાર્થ નિગોદનો મલિન પર્યાય છે. સંસારમાં સૌથી વધારેમાં વધારે આપદાનું સ્થાન નિગોદ છે. ચૈતન્ય સ્વભાવની શક્તિની અત્યંત હાનિ તે નિગોદ છે. અંતરશક્તિની હીણપને અજ્ઞાની જીવો જાણી શકતા નથી, તેથી લોકો માને છે કે નિગોદ કરતાં નરકનું દુઃખ વધારે છે. પરંતુ ખરેખર નિગોદના જીવોને સર્વથી વધારે દુઃખ છે.

એક વર્તમાન સમય પૂરતો સંસાર છે, કારણ કે એક સમયના પર્યાયનો વ્યય થાય છે ત્યારે બીજા સમયના પર્યાયનો ઉત્પાદ થાય છે: તો પછી વ્યય તે ઉત્પાદનું કારણ કેમ થાય ? માટે એક સમય પુરતો જ સંસાર છે; તેને ઉડાડી દેતું જ્ઞાન પ્રગટ થાય છે. મિથ્યાપર્યાયનો વ્યય અને સમ્યક્પર્યાયની ઉત્પત્તિ થાય છે, ધ્રુવ તો બન્ને પર્યાય વખતે સાથે જ છે. અજ્ઞાનીને ખબર નથી તોપણ કાંઈ ધ્રુવનો નાશ થઈ જાય છે ? વસ્તુ સ્વભાવનો કદી નાશ ન થાય એવો સિદ્ધાંત છે. વર્તમાન સમયમાં હું અખંડ પરિપૂર્ણ

જ્ઞાયકમૂર્તિ છું એવી જ્યાં પ્રતીત થઈ, એવું જ્યાં ભાન થયું ત્યાં એક સમયના મલિનપર્યાયને ઉડાડી દેતો જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે.

૨૦૦૦, કારતક વદ ૯, રવિ.

બંધ અધિકાર ચાલે છે, બંધન એટલે શું ? જે સ્વભાવે આત્મા છે તે સ્વભાવના અભાનભાવે પરનો પકડભાવ તે બંધન ભાવ છે, આત્મા તો જ્ઞાનાદિ ગુણસ્વરૂપ છે; તે ગુણ આત્માથી કોઈ કાળે જુદા પડે નહિ; એ રીતે વિકાર ભાવ પણ જો આત્માનો ગુણ હોય તો તે પણ આત્માથી કોઇ કાળે જુદો પડે નહિ, પરંતુ તે તો આત્માથી જુદો પડી જાય છે, માટે તે આત્માનો સ્વભાવ નથી પણ ક્ષણ પુરતો સંબંધ પર્યાય સાથે છે.

અખંડ જ્ઞાનપિંડ આત્મા છે તે જ્ઞાનનું જ્ઞાન જ્ઞાનની પ્રતીત, જ્ઞાનની સ્થિરતા ન રહેતાં વર્તમાન ક્ષણિક પર્યાયની પકડમાં રોકાણો કે આ વિકારો મારા છે, પુણ્ય-પાપના ભાવ મારા છે તેવો પકડભાવ તે જ બંધન છે; દ્રવ્યકર્મનો બંધ થાય તે તો ઉપચારથી બંધ કહેવાય છે. જેમ કળશો પીતળનો છે છતાં પાણીના સંયોગ-સંબંધથી કળશામાં પાણીનો ઉપચાર કરી કહેવાય કે આ કળશો પાણીનો છે, તેમ કર્મના સંયોગ-સંબંધે ઉપચારથી કહેવાય કે આત્માને કર્મ બંધાયા, આત્મા કર્મવાળો છે. પણ પરમાર્થે દ્રવ્યકર્મનું બંધન આત્માને નથી, પરમાર્થે જો બંધન હોય તો છૂટી શકે નહિ.

આત્મા તો ત્રિકાળ શુદ્ધ વસ્તુ છે; મિથ્યાત્વભાવ છે તે ક્ષણિકભાવ છે, તે પણ પર્યાય છે. રાગ-દ્વેષ અને મિથ્યાત્વ તે વિકારીભાવ છે અને તે ભાવબંધ છે; અને તે ક્ષણિક છે. ભાવબંધ પરમાર્થે સ્વભાવમાં એકમેક થઈ ગયો હોય તો કદી છૂટી શકે નહિ. ભાવબંધ ક્ષણિક છે અને દ્રવ્યબંધ ઉપચારથી છે.

ભાવબંધ ક્ષણિક પુરતો આત્મામાં છે; જો તદ્દન ન જ હોય તો પ્રગટ આનંદ —પૂર્ણઆનંદ વર્તમાનમાં હોય અને તેથી સમજવાનો અને શ્રવણ કરવાનો કોઈ હેતુ રહે નહિ; માટે ભાવબંધ છે. વર્તમાન અવસ્થામાં વિકાર છે, તે જ બંધ છે, પણ આત્માને કોઇએ પકડયો નથી કે જેથી કોઈની પાસે કાલાવાલા કરીને છૂટાય. દ્રવ્યબંધે આત્માને પકડ્યો નથી કે જેથી દ્રવ્યબંધ પાસે કાલાવાલા કરીને છૂટાય. ક્ષણિક વિકારી પર્યાયનો ભાવબંધ છે, ત્રિકાળી સ્વભાવમાં તે બંધ એકમેક થઇ ગયો નથી; ભાવબંધ આત્માની બધી અવસ્થામાં નથી. હવે માત્ર એક વર્તમાનની વાત રહી. વર્તમાન ક્ષણિક ભાવબંધથી છૂટવું હોય તો પોતે પુરુષાર્થ કરી છૂટી શકે છે. વર્તમાન અવસ્થામાં શરીર, વાણી, મન વગેરે મને મદદ કરે તેવી નિમિત્તાધીન દૃષ્ટિ છે તેનાથી બંધન થાય છે.

કોઈને એમ થાય કે બંધનભાવ અનાદિકાળથી છે માટે તે બહુ વૃદ્ધિગત થયો છે ને પુષ્ટ થયો છે તેથી હવે તે અનંતકાળ રહેશે તો? ગાઢો થઈ ગયો માટે નહિ છૂટે તો? તેવી શંકા તે સાચી નથી, કારણકે વિકારની પક્કડ ગમે તેટલો કાળ રહે તોપણ તેની પુષ્ટિ અને વૃદ્ધિ થતી નથી, કેમકે વિકાર એક ક્ષણ પૂરતો છે; ક્ષણ ક્ષણ કરતાં અનંતી ક્ષણ ગઈ અને અનંતકાળ વીત્યો, અનંતી ક્ષણ વર્તમાન વર્તમાન થઈને વિકાર કર્યો એટલે બંધ પુષ્ટ થઇ ગયો છે, તેની વૃદ્ધિ થઈ છે તેમ નથી. જે ક્ષણે સ્વભાવના લક્ષે વિકાર ટાળવા માગે તે ક્ષણે ટળી શકે છે. ઘણા જીવો વર્તમાન ક્ષણના વિકારને ટાળી બીજી ક્ષણે શુદ્ધિને પામ્યા છે અને ઘણા જીવો શુદ્ધિને પામશે પણ ખરા. સમય સમય કરીને અનંતકાળ જાય તેથી વિકારને ટાળતાં વાર લાગે તેમ નથી. તે રીતે સ્વભાવના સામાર્થ્ય ઉપર આટલો અનંતકાળ ગયો તોપણ તેનું સ્વભાવસામર્થ્ય હીણું થયું નથી; એવું સ્વભાવનું માહાત્મ્ય છે. સ્વભાવનું સામર્થ્ય તો ત્રિકાળ એકરૂપ છે. પહેલા સિદ્ધ થયા તેનું સ્વભાવસામર્થ્ય ઘણું છે અને પછી સિદ્ધ થયા તેનું સ્વભાવ સામર્થ્ય હીણું થયું છે તેમ નથી, સ્વભાવસામર્થ્ય કદી હીણું થયું નથી અને વિકાર કદી પુષ્ટ થયો નથી.

સંસારના જીવોને એક ક્ષણમાં બે ભાવો ઉભા છે; સ્વભાવ ત્રિકાળ એવોને એવો ઉભો છે ને અવસ્થામાં એક પછી એક ક્ષણે વિકાર કરતાં કરતાં અનંતકાળ ગયો તોપણ વિકાર પુષ્ટ થયો નહિ; પુણ્યભાવમાંથી પાપભાવ બીજી ક્ષણે કરે તોપણ કાંઈ પુષ્ટ થયું નથી ક્ષણ પુરતો વિકાર છે અને સ્વભાવ સામર્થ્ય ત્રિકાળ એમ ને એમ છે. એક જ ક્ષણમાં સ્વભાવ અને વિભાવ એવા બે ભાવને જે જાણે તેને સ્વભાવનું સામર્થ્ય ઉઘડયા વગર રહે નહિ. તેની અવસ્થામાંથી વિકાર ટળીને નિર્મળતા પ્રગટ થાય છે. પર્યાય ઉપર લક્ષ મુકવાથી નિર્મળ પર્યાય પ્રગટે નહિ પણ દ્રવ્ય ઉપર મીટ માંડવાથી સ્વભાવ પર્યાય પ્રગટે છે. અકષાયતા, અકંપતા, વીતરાગતા, સ્થિરતા, આનંદ, જ્ઞાન, દર્શન વગેરે અનંત સ્વભાવથી ભરેલું તત્ત્વ છે અને અવસ્થામાં વિકાર છે એમ બન્નેને જાણીને સ્વભાવ પર્યાયની ઉત્પત્તિ કરે અને વિભાવ પર્યાયનો વ્યય કરે તે જ મોક્ષમાર્ગની અને મોક્ષની ઉત્પત્તિ કરે છે.

( કલશની વ્યાખ્યા ફરીથી ) ભગવાન આત્મા જ્ઞાનાનંદી સ્વભાવ હોવા છતાં વિકારમાં પોતાપણાની માન્યતાના અભિમાને ( એવા રાગે ) જગતના જીવોને ગાંડા બનાવ્યાં છે. પુણ્ય—પાપને કરવા એટલું જ મારું કર્તવ્ય છે-એટલો જ મારો ભાવ છે એવી માન્યતાએ જગતને ગાફેલ કર્યું છે, અહીં જ્ઞાનીને જગતમાં ગણ્યા નથી

પણ અજ્ઞાનીને જગતમાં ગણ્યા છે; ઊંધી માન્યતાએ જગતને ગાંડું બનાવ્યું છે ત્રિકાળી સ્વભાવનો ભરોંસો નહિ અને ક્ષણિક અવસ્થાના ભરોંસે જગત ગાંડુ બન્યું છે, વીતરાગસ્વભાવનો ભરોંસો નહિ અને રાગના રસના ભરોંસે જગતને ઘેલછા થઇ ગઈ છે, અનુકૂળતાના લક્ષે અંતર પરિણતિમાં રાગરૂપ આકુળતા, પ્રતિકૂળતાના લક્ષે ત્રાસરૂપ આકૂળતા, એ રીતે અનુકૂળતામાં મીઠાશ અને પ્રતિકૂળતામાં ત્રાસ, એવા ભાવમાં જગત ખેલી રહ્યું છે; હાસ્ય ને શોક, રતિ ને અરતિ-એમ રાગ-દ્વેષરૂપ આકુળતાના સ્વાદથી જગત નાચી રહ્યું છે, આ બધો ભ્રાંતિ સહિતનો રાગ-દ્વેષ-આકુળતારૂપ ભાવ તે બંધ ભાવ છે, એવા બંધ ભાવને નાશ કરતું-ઉડાડી દેતું-સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. તે જાણે છે કે રાગનો રસ તે મારો સ્વભાવ નથી, મારો રસ કાયમ મારા શુદ્ધ સ્વભાવમાં ભરેલો છે. બીજા મારું ભલું ભૂંડું કરી શકતા નથી, હું બીજાનું ભલું ભૂંડું કરી શકતો નથી, બીજા બધા તત્ત્વો મારી ઓશિયાળે નભતા નથી, હું બીજાની ઓશિયાળે નભતો નથી, બીજા સામે મારે જોવાનું નથી, એમ જ્ઞાની સમજે છે; એ રીતે જ્ઞાનીનું જ્ઞાન સ્વ અને પરનાં સ્વતંત્ર સ્વભાવનું જ્ઞાન કરતું, સ્વભાવ તરફ વળતું, સ્વભાવની સમ્યક્ નિર્મળતાની ઉત્પત્તિ કરતું અને બંધનો વ્યય કરતું-નાશ કરતું-પ્રગટ થાય છે.

અહો ! પાત્રતા વડે દષ્ટિને ફેરવવાથી વસ્તુનો નિર્મળ પર્યાય પ્રગટ્યો. વસ્તુ તો વસ્તુપણે છે પણ તે વસ્તુનું ભાન હતું નહિ; હવે પુરૂષાર્થ વડે ભાન પ્રગટ થયું; સ્વભાવ તો એવો ને એવો છે, પણ સમ્યક્પર્યાય પ્રગટે અને લીનતા વધે એટલે અવસ્થામાં મુક્તિ થાય છે.

આમાં કરવાનું શું આવ્યું ? પર તરફ ઊંધી માન્યતાનું વીર્ય હતું તે વીર્ય પોતામાં આવે છે, પોતા તરફ વળ્યો એટલે અનંતુ વીર્ય થયું, અનંતી આત્માની અંતર ક્રિયા થઈ એટલે કે સ્વાભાવિક પરિણમન થયું તે મોક્ષમાર્ગની અનંતી ક્રિયા પ્રગટ થઈ; અજ્ઞાનદશામાં કાળક્રમે બહારના અનંતા સંયોગો મળ્યા, કાળક્રમે અનંતા વિકારીભાવો થયા, પણ જ્યાં પોતાનો અનંતો સ્વભાવ સ્વીકાર્યો ત્યાં વિકાર ક્રિયા હતી તેના કરતાં પણ અનંતી સ્વભાવ ક્રિયા પ્રગટ થઇ; તે અનંતી ક્રિયા આત્માનું ભાન કરતી પ્રગટ થાય છે; આનું નામ મોક્ષમાર્ગ છે.

કેવું છે તે જ્ઞાન ? આત્માની પવિત્રતાને પ્રગટ કરતું અને અપવિત્રતાને નાશ કરતું પોતાની જાણન-ક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે એવું છે. તે જ્ઞાન આનંદના રસથી ભરેલું છે. ખોટા જ્ઞાનમાં ક્ષણે ને પળે ખેદ થયા જ કરે છે,

અનુકુળતામાં રાગ અને પ્રતિકુળતામાં દ્વેષ થયા કરે છે, અનુકુળ સંયોગ ટળ્યા તો દુઃખ, પ્રતિકુળ સંયોગ ટળ્યા તો સુખ, અનુકુળ સંયોગ રહે તો સુખ, પ્રતિકુળ સંયોગ રહે તો દુઃખ એમ અજ્ઞાનીને થાય છે. સંયોગી વસ્તુ પર છે, જેટલો કાળ પોતે રહે તેટલો કાળ સંયોગ ન રહે તેથી તે દૂર થાય છે અને ખોટા જ્ઞાનવાળાને દુઃખ થાય છે. સ્ત્રી કુટુંબમા સુખ છે એમ ખોટા જ્ઞાનવાળો વલખાં મારતો સ્વભાવની શાંતિને ચૂકી જાય છે અને આકુળતાને વેદે છે; અનુકુળતા પ્રતિકુળતાનું સુખદુઃખ નથી. પોતાના સ્વભાવમાં એકાગ્ર થઈને શાંતિ વેદે તો અનુકુળતા પ્રતિકુળતામાં આકુળતા થશે નહિ. મારા સ્વભાવમાં અનુકુળતા-પ્રતિકુળતા છે નહિ એવું ભાન કરતો નથી તેથી આકુળતાને વેદે છે. જેને સ્વભાવિક શાંતિનો ભરોંસો નથી તેને પ્રતિકુળ સંયોગો દેખીને ખેદ થાય છે, અનુકુળતામાં રાગ વેદે છે અને પ્રતિકુળતામાં દ્વેષ વેદે છે, પણ તે બન્ને આકુળતા જ છે. અજ્ઞાનતામાં એટલે કે સ્વભાવના અભાનમાં શાંતિનો અંશ પણ નથી. સ્વભાવના આશ્રયમાં શાંતિ છે અને અનુકુળતા-પ્રતિકુળતાના આશ્રયમાં ખેદ છે. જ્યાંસુધી અજ્ઞાન ટકે ત્યાંસુધી શાંતિનો એક અંશ પણ ન હોય.

જ્ઞાની સમજે છે કે હું તો આ સંયોગરૂપે પણ નથી અને સંયોગીભાવરૂપે પણ નથી, હું તો અખંડ જ્ઞાન આનંદના પિંડ સ્વરૂપે છું મારા સ્વભાવમાં પર કાંઈ છે જ નહિ. ક્ષણે ને પળે અશાંતિ હતી તે ટળીને સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાન કેવું છે? આનંદરૂપી અમૃતરસનું નિત્ય ભોજન કરનારું છે, પોતાની જાણવાની ક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે, ધીર છે એવું તે જ્ઞાન અજ્ઞાનને નાશ કરતું પ્રગટ થાય છે.

આવા આનંદરસના સ્વાદ વગર દ્રવ્યલિંગી નગ્ન દિગંબર મુનિ થયો અને નવમી ગ્રૈવેયક ગયો. આવા આવા જેટલા ભવ કર્યા તે પુણ્યના ફળરૂપે મળ્યા તેમાં નવું શું મળ્યું? શુભભાવ હોય તો તેના ફળમાં બહારની સામગ્રી મળે તેથી આત્માને શું? કોઈ જીવ સો વરસ સુધી શુભાશુભભાવ કરે, તેના ફળરૂપે બહારની સામગ્રી તો ભવિષ્યમાં મળશે પણ વર્તમાનમાં જ તે ભાવ કરતી વખતે આકુળતા થઈ, તેથી પરિણામમાં તો વર્તમાનનું ફળ વર્તમાનમાં જ મળી રહ્યું; આકુળતા થઈ તે દુઃખરૂપ થઈ. અશુભભાવ તો દુઃખરૂપ છે પરંતુ શુભભાવ પણ દુઃખરૂપ છે. તે ભાવથી જે પરમાણુ બંધાણા તે કાંઇ આત્મામાં શરણરૂપ થાય તેમ છે? શું પુણ્યનો ભાવ પણ આત્માને શરણરૂપ થાય તેમ છે? દુઃખ રૂપભાવ શરણરૂપ કયાંથી થાય?- સુખરૂપ કયાંથી થાય? આત્મા અનંતગુણના પિંડ સ્વરૂપે એકલો આનંદનો કંદ છે, તેને ભૂલ્યો એટલે એકલી આકુળતા રહી, અજ્ઞાનભાવમાં ધારાપ્રવાહી દુઃખરૂપ

એકલો આકુળતાભાવ જ છે, તેને આત્મામાં ક્યાંય ઉભું રહેવાનું રહ્યું નથી. ગમે તેવા અનુકુળતાના કે પ્રતિકુળતાના ગંજ મળે પણ તેમાં તે અજ્ઞાનીને ક્યાંય પણ શાંતિ વળતી નથી, કલ્પનાથી ખોટી શાંતિ માની બેઠો છે, પણ ખરી રીતે તેને શાંતિ કે સુખ નથી.

હવે જ્યારે સમ્યગ્જ્ઞાન થયું ત્યારે દૃષ્ટિએ પલટો ખાધો કે શાંતિ તે રાગ-દ્વેષના આશ્રયે નથી, સંયોગોને કારણે પણ શાંતિ નથી, શાંતિ તો મારા સ્વભાવમાં જ છે. મારો આત્મા અનંતગુણનો કંદ સુખ અને શાંતિથી ભરપૂર છે, મારા સ્વભાવમાં મારો વિરહ છે જ નહિ, મને મારો વિરહ હોય જ નહિ, અહો ! હવે આવા ભાન-પૂર્વક સ્વભાવમાં ઠર્યો, તન્મય થયો ત્યાં આનંદ કેમ ન હોય ? હોય જ. ત્યાં અભાન, અશાંતિ ક્યાંથી હોય ? ન જ હોય. સમ્યગ્જ્ઞાનમાં જાણ્યું કે અહો ! હું નિરાળું તત્ત્વ છું મારે ને પરને વસ્તુસ્થિતિએ કાંઈ સંબંધ જ નથી, આવું જ્ઞાન પ્રગટ થતાં તો અંતરમાં ઘણા ફડચા પડી જાય છે; આવું જ્ઞાન પ્રગટ થતાં આત્મામાં જે શાંતિ ને આનંદ છે તેનો કાયમ અનુભવ લેનારો થયો.

જગતમાં અજ્ઞાની પણ પરને ભોગવી શકતો જ નથી; અજ્ઞાનીને મકાન, વસ્ત્ર, દાગીના, આહાર, પાણી વગેરે પર પદાર્થનો ભોગવટો -વેદન-અનુભવ હોઈ શકે નહિ. જ્ઞાની તો પરને ભોગવતો જ નથી પરંતુ અજ્ઞાની પણ પર પદાર્થને ભોગવતો નથી; માત્ર અજ્ઞાનીએ કલ્પના કરી છે કે હું પરને ભોગવી શકું છું. તે અજ્ઞાનભાવને નાશ કરતું સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે; તે સમ્યગ્જ્ઞાન નિત્ય આનંદનો ભોગવટો લેનાર છે.

બંધભાવ તે સહજ નથી, કૃત્રિમભાવ છે, અનિત્યભાવ છે, ક્ષણિકભાવ છે, ઉપાધિરૂપભાવ છે. અશુભ રાગ-દ્વેષની ક્રિયા તે કૃત્રિમભાવ છે: શુભભાવ છે તે પણ કૃત્રિમભાવ છે, આત્માનો સહજ સ્વભાવ નથી, શરીરની ક્રિયા અને રાગ-દ્વેષની ક્રિયા છે તે હું નથી -એમ વિકારી ક્રિયાનો નકાર કરતું અને આત્માની જાણનક્રિયાને પ્રગટ કરતું જ્ઞાન પ્રગટ થયું. આત્મા જ્ઞાનક્રિયાની સહજ મૂર્તિ છે.

સાચું ભાન થયું કે અહો ! આ જાણનક્રિયા કરનારો હું જ્ઞાન-સ્વરૂપ આત્મા છું; આ જાણનક્રિયા છે તે મુક્તિના માર્ગની ક્રિયા છે. જડની ક્રિયાને અજ્ઞાની લોકો મુક્તિના માર્ગની ક્રિયા માને છે; શુભ પરિણામની ક્રિયાને પણ અજ્ઞાની મુક્તિની ક્રિયા માને છે; પરંતુ મુક્તિ કરવી છે આત્માની, તો આત્માની ક્રિયાથી મુક્તિ થાય કે જડની ક્રિયાથી મુક્તિ થાય ? મુક્તિ પોતે અવિકારી ભાવ છે તો અવિકારી ભાવ

અવિકારી ક્રિયાથી પ્રગટે કે શુભ પરિણામરૂપ વિકારી ક્રિયાથી પ્રગટે ? માટે એમ સિદ્ધ થયું કે શરીરાદિ જડની ક્રિયા રહિત અને શુભ પરિણામરૂપ વિકારી ક્રિયાથી રહિત અવિકારી એવી જે જાણનક્રિયા તે જ મુક્તિના માર્ગની ક્રિયા છે ને તે જ ક્રિયા મુક્તિનું કારણ છે.

વળી કેવું છે સમ્યગ્જ્ઞાન ? ધીર છે. સમ્યગ્જ્ઞાનીનું વીર્ય સ્વભાવમાં સમાય છે, તેને બહારનાં આ કાર્ય કરું ને આ કાર્ય કરું તેવી બહારના કાર્યો કરવાની આકુળતા થતી નથી; અજ્ઞાનીને બહારનાં કાર્યો કરવાની આકુળતા થાય છે તેથી અજ્ઞાનીનું વીર્ય બહારમાં દેખાય છે; જ્ઞાનીનું વીર્ય ધીરું થઈને સ્વભાવમાં સમાય છે.

અજ્ઞાની જીવોની બાહ્ય દૃષ્ટિ છે તેથી બાહ્ય ને જ દેખે છે. ચૈતન્યના વર્તમાન પર્યાયમાં પુણ્ય-પાપના પરિણામ થાય છે તેને અજ્ઞાની દેખતો નથી, પણ બહારમાં પુણ્ય-પાપના ફળના ઢગલા ફળે છે તેને અજ્ઞાની દેખે છે. ખરી રીતે તો જે ક્ષણે પુણ્ય-પાપના પરિણામ કર્યા તે ક્ષણે જ તેનો ભોગવટો થઈ જાય છે; તેને તે ભાવ લંબાવતો જાય તો ભોગવટો પણ તે જાતનો જ રહે છે, પરિણામનો ભોગવટો તે ક્ષણે જ થઈ જાય છે. સંયોગરૂપે પછી નરકગતિ, દેવગતિ વગેરે મળે છે.

અજ્ઞાનીનું વીર્ય બહારમાં ફાલે છે ને ફળે છે. સમ્યગ્જ્ઞાનીનું વીર્ય અંદર સમાય છે. સમ્યગ્જ્ઞાનીના પરિણમનમાં એકલો આત્મસ્વભાવ છે, તેમાં નથી પુણ્યનો ભાવ, નથી પાપનો ભાવ કે નથી સંયોગનો ભાવ; અલ્પ અસ્થિરતા છે તે અનંત સંસારનું કારણ નથી તેથી તેને અહીં ગણી નથી. જ્ઞાનીનું વીર્ય સ્વભાવમાં ઠરે છે તેથી સ્વભાવની શુદ્ધિને વધારતું વધારતું કેવળજ્ઞાન પર્યાયને પ્રગટ કરે છે. એ રીતે જ્ઞાનીનું વીર્ય સ્વભાવમાં ફાલે છે ને ફળે છે. અજ્ઞાની બહારમાં ધમાધમ કરે છે તેથી બાહ્યદૃષ્ટિવાળા જીવો એમ માપ ટાંકે છે કે આનો ઘણો પુરુષાર્થ છે, પણ તે ખરો પુરુષાર્થ નથી; ખરો પુરુષાર્થ તો જ્ઞાનીના વીર્યમાં છે કે જેનું વીર્ય ધીરું થઈને સ્વભાવમાં ઠરીને કેવળજ્ઞાન પર્યાયને પ્રગટ કરે છે. જ્ઞાની પુણ્ય-પાપના પરિણામને પોતાનો સ્વભાવ માનતો નથી, સંયોગોને પોતાનો સ્વભાવ માનતો નથી, અનુકુળ પ્રતિકુળ સંયોગોને પોતાના કલ્પતો નથી. એવું સમ્યગ્જ્ઞાન પોતાના સ્વભાવને બરાબર જાણતું ધીર થઈને પોતાના સ્વભાવમાં સમાય છે.

આચાર્યદેવે બંધનો અધિકાર શરૂ કરતાં સમ્યગ્જ્ઞાનનું માંગળિક કર્યું છે કે જે જ્ઞાન પ્રગટ થતાં બંધ જ ન થાય અને પર સંયોગો મળે જ નહિ. આટલાં કામ

કર્યા અને આટલાં કામ બીજા પાસે કરાવ્યાં-તેવું સમ્યગ્જ્ઞાનમાં છે જ નહિ, કેમ કે બીજા પાસેથી સમ્યગ્જ્ઞાનને સંતોષ લેવો પડતો જ નથી, તેને પોતામાંથી જ સંતોષ મળી રહે છે. આ કાંઈ કેવળજ્ઞાનીની વાત નથી, આ તો જ્ઞાન ધીરું થઈને સ્વરૂપમાં સમાય છે તેની વાત છે. આ તો મુક્તિના માર્ગની શરૂઆતની વાત છે.

વળી આ જ્ઞાન કેવું છે? ઉદાર છે. ગમે તેટલા જાણવાના જ્ઞેય હોય તો પણ જ્ઞાન ખૂટી જાય એમ નથી, અનંતા જ્ઞેયોને જાણી શકે તેવું જ્ઞાનમાં અનંતુ અનંતુ સામર્થ્ય છે. જ્ઞાનમાં એક સમયમાં અનંતા પ્રતિકુળ સંયોગ જાણવાના હોય તો પણ જ્ઞાન સ્વમાં જાણતું, સ્વમાં ઉભું રહેતું, સ્વ-સ્વભાવને ટકાવતું તે અનંતા સંયોગને જાણવાની શક્તિવાળું છે. એક બે ભવમાં કેવળજ્ઞાન પ્રગટ થાય તેવી રીતે જાણતું ઉભું રહે છે; પ્રતિકુળ સંયોગ તરફ નહિ જોડાતું, સ્વભાવમાં જોડાતું-સ્વભાવને જાણતું અને સ્વભાવને જાણવા પૂર્વક પ્રતિકુળ સંયોગને જાણતું ઉભું રહ્યું છે. કો કહે છે કે અમે કેટલુંક સહન કરીએ? હવે અમારાથી સહન થતું નથી. પણ સમ્યગ્જ્ઞાન એવું ઉદાર છે કે જે ભાવે એક પ્રતિકુળ સંયોગને જાણે છે તે ભાવે અનંતા પ્રતિકુળ સંયોગને જાણે છે. ગમે તેવી પ્રતિકુળતા હોય પણ જ્ઞાન અનંત છે તેથી એક સમયમાં બધાને જાણે છે, એવું જ્ઞાન ઉદાર છે.

જે સંતોને અંતર્મુહુર્તમાં કેવળ લેવા છે તે સંતોને પગ ઝાલીને મેરૂપર્વત ઉપર પૂર્વના વેરી દેવોએ પછાડયા તોપણ સંતોએ જરાય ખેદ નહિ કરતા વિચાર્યું કે એના ભાવે એને જે કરવું હોય તે કરવા દે, તારા ભાવે તું ઠર-એમ વિચારી સ્વરૂપમાં ઠર્યા અને અંતર્મુહુર્તે કેવળ લઈ મોક્ષ પધાર્યા. બહારની પ્રતિકુળતા સાધકને ક્યાં બાધક થાય તેમ છે? મેરુપર્વતથી અનંતા મુનિઓ મોક્ષ પધાર્યા. શાસ્ત્રમાં લેખ છે કે અઢીદ્વીપમાં કોઈ એવી જગ્યા નથી કે જ્યાંથી અનંતા સિદ્ધ ન થયા હોય, બધા સ્થાનેથી મુનિઓ સિદ્ધ થયા છે. સાધકનો મુખ્યપણે એવો સહજ સ્વભાવ છે કે જેમ ભીંસ વધારે પડે તેમ સાધકનો સાધકભાવ વધારે ઉઘડે છે, તેને બાધક કરવા જગતમાં કોઈની તાકાત નથી, અનંતી પ્રતિકુળતાની સામે ઉભા રહેવાની સાધકની તાકાત છે.

અજ્ઞાની તો સમય સમયમાં બહારની પ્રતિકૂળતાથી ખેદાય જાય છે; કાં તો કહે કે છોકરો મારું માનતો નથી, કાંતો કહેશે કે છોકરીઓ મારું માનતી નથી; વળી દુકાનમાં બધી સરખાઈ રાખી હતી તેમ માનતો હતો, પરંતુ જ્યારે દુષ્કાળ પડે -ઉઘરાણી જાય-દુકાન બળે- વિમાવાળો ભાંગે-ચારે કોરની પ્રતિકુળતા ફરી

વળે ત્યારે કહે કે મેં તો બધું સરખું કર્યું હતું પણ આ શું થયું ? આવા ઉદય અમારાથી કેમ સહ્યા જાય ? પણ ભાઈ આ તો શું છે ? સાતમી નરકના અનંતા દુઃખ સહન કર્યાં છતાં આત્મામાંથી એક પ્રદેશ પણ ઓછો થયો નથી તો પછી આ પ્રતિકુળતા તો કયા હિસાબમાં છે ? જ્ઞાનીને ગમે તેવા ભીડના પ્રસંગમાં સાધકપર્યાય વધતો જ જાય છે, બહારના કોઈ પણ પ્રસંગો તેને રોકી શકે તેમ નથી. અનંતી પ્રતિકુળતાને જ્ઞાયકભાવે રહીને જાણવાની શક્તિ જ્ઞાનીમાં છે; તેને કોઈ અટકાવી શકે તેમ નથી, એવું જ્ઞાન ઉદાર છે, મોટા વિસ્તારવાળું છે, નિશ્ચળ છે; કોઈ પણ ઠેકાણે અટકતું નથી તેથી નિશ્ચળ છે.

વળી તે જ્ઞાન અનાકુળ છે; તેમાં કિંચિત્‌માત્ર આકુળતા નથી. અનુકુળતા કે પ્રતિકુળતાના ઢગલા થાય તોપણ જ્ઞાનીને હર્ષ કે ખેદ નથી. અલ્પ અસ્થિરતા થાય છે પણ તેની વાત અહીં ગૌણ છે. જ્ઞાની સાક્ષીપણે ઉભો છે, તેના સાક્ષીપણામાં જરા પણ હર્ષ કે ખેદ નથી. વળી સ્વરૂપમાં ઠરી જાય છે ત્યારે—ઉપયોગ નિર્વિકલ્પ થાય છે ત્યારે—ગૌણપણે થતા બુદ્ધિપૂર્વકના હર્ષ-શોક પણ છૂટી જાય છે, અને એકલી અનાકુળતા જ વેદે છે, આનંદ-અમૃતનું ભોજન કરે છે.

વળી તે જ્ઞાન કેવું છે ? નિરુપધિ છે એટલે કે પરિગ્રહ રહિત છે, જેમાં પરદ્રવ્ય સંબંધી કાંઈ ગ્રહણ-ત્યાગ નથો એવું છે. કોઇ વસ્તુ પકડી હોય તો છોડાય ને ! પરદ્રવ્યને આત્મા પકડી શકતો જ નથી, માત્ર ખોટી માન્યતા કરે છે કે મેં પરવસ્તુને પકડી છે; પણ ખરી રીતે કોઈ પરવસ્તુને પકડી કે છોડી શકતું જ નથી; માત્ર ઊંધી માન્યતા અને અસ્થિરતાને છોડી શકાય છે. પરવસ્તુની ઉપાધી આત્મામાં છે જ નહિ માટે જ્ઞાન નિરુપધિ છે. એ રીતે બંધને ઉડાડી દેતું-દૂર કરતું-જ્ઞાન ઉદય પામે છે. તે જ્ઞાન આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. પોતાની જાણન-ક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે, ધીર છે, ઉદાર છે, અનાકુળ છે, નિરુપધિ છે.

આ સમ્યગ્જ્ઞાન પ્રથમમાં પ્રથમ મુક્તિનો માર્ગ છે, સમ્યગ્જ્ઞાનમાં કોઈ પણ જાતની પકડ નથી, સમ્યગ્જ્ઞાનમાં કોઈપણ જાતનો ખેદ નથી. આ સમ્યગ્જ્ઞાન બંધનો અધિકાર શરૂ કરતાં મહા માંગળિકરૂપ છે.

૨૦૦૦, કારતક વદ ૧૦ સોમ.

બંધન એટલે બંધાવું; બે પણું હોય તો બંધાય. શું એકલો હોય તો બંધાય ? ન બંધાય. માટે આત્માને બંધનમાં નિમિત્ત એટલે કે હાજરરૂપે પુદ્‌ગલ કર્મ છે તેમ

સિદ્ધ થાય છે. આત્મા જ્ઞાનાદિ ગુણે કરીને ભરપૂર છે. આત્મા પોતે તો જ્ઞાન, સુખ વગેરે ગુણોવાળું તત્ત્વ છે, તેને અવસ્થામાં મિથ્યાત્વ, રાગ-દ્વેષ વગેરે વિકાર થાય છે; જે વિકાર થાય છે તે બંધન છે; તે ભાવબંધન છે. એક તો કાયમી તત્ત્વ અને બીજું વર્તમાન અવસ્થામાં વિકાર થાય છે તે, એ બન્ને થઈને બંધન થાય છે. એકલો સ્વભાવ હોય તોપણ બંધન થાય નહિ અને એકલો વિકાર હોય તોપણ બંધન થાય નહિ. વિકાર થાય છે તે ભાવબંધ છે અને તેના નિમિત્તે પુદ્ગલ કર્મ બંધાય છે તે દ્રવ્ય બંધ છે.

આત્માનો વિશાળ સ્વભાવ ચૂકીને, વર્તમાન વિકારી પર્યાય જેટલો જ હું છું-તેમ માનીને રોકાવું તેનું નામ બંધ છે. વાસ્તવિક રીતે વિકારમાં જો એકાકાર થઈ ગયો હોય તો કોઈ દિવસ છૂટો પડી શકે નહિ, માટે વસ્તુમાં વિકાર નથી પરંતુ પર્યાયમાં વિકાર છે. પર્યાયમાત્રમાં અટકવું તેનું નામ બંધ છે. સ્વભાવની શુદ્ધિને ભૂલી જવી અને પર્યાયમાં અટકવું તેનું નામ બંધ છે.

ઊંધી દૃષ્ટિથી બંધ છે ને સવળી દૃષ્ટિથી મુક્તિ છે. સમ્યગ્દૃષ્ટિ થયા પછી અલ્પ અસ્થિરતા થાય છે અને તેથી અલ્પ બંધ પણ થાય છે, પણ સ્વભાવપર્યાયની ઉત્પત્તિ ને વિકારી પર્યાયનો વ્યય થતો જાય છે, માટે તે ગૌણ છે.

બંધ તત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે, તેને ઉડાવી દઈને જે જ્ઞાન પોતે પ્રગટ થઈ નૃત્ય કરે છે તે જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે. એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા તે સદા પ્રગટ રહો.

સમ્યગ્જ્ઞાનની એકાગ્રતાનો ભાવ તે બંધને ઉડાડી દેતો પ્રગટ થાય છે. આવો જ્ઞાનનો પ્રગટેલો પર્યાય સાદિ અનંત રહે છે; એવું મંગળ અમને સદા પ્રગટ રહો, એમ આચાર્યદેવે મંગળ કર્યું છે. મલિન અવસ્થાનો કાળ ગયો તેના કરતાં નિર્મળ અવસ્થાનો કાળ અનંતગુણો છે; સ્વભાવ ત્રિકાળ કાયમ છે. ગયા કાળના વિકારી પર્યાયના સમૂહનો જેટલો કાળ વીત્યો તેના કરતાં નિર્મળ અવસ્થાનો કાળ અનંતગુણો છે; સંસાર અવસ્થા કરતાં સિદ્ધની અવસ્થાનો કાળ અનંતગુણો છે, વિકારી પર્યાય કરતાં નિર્મળ પર્યાય પણ અનંતગુણા છે, માટે વિકારી પર્યાય કરતાં નિર્મળ પર્યાયનો કાળ પણ અનંતગુણો છે.

'સ્વાભાવિક નિર્મળસ્વરૂપ હું છું' એવા લક્ષે વિકારનો વ્યય કરતો જે સદા પ્રગટરૂપ રહે છે તે નિર્મળ પર્યાય અમને સાદિ અનંત હો! એવી ભાવનાનું મહા માંગળિક છે.

પ્રશ્ન:-શરૂઆત અને છેડામાં કાંઈ ભેદ ખરો કે નહિ ?

ઉત્ત:-પૂર્ણતાના લક્ષ વગર શરૂઆત થાય નહિ, અને શરૂઆત વગર છેડો હોતો નથી, માટે છેડો અને શરૂઆત એક થઈ જાય છે, તેમાં ભેદ રહેતો નથી.

પુરુષાર્થ વડે જે વિકારનો નાશ કર્યો તે વિકાર ફરીને જન્મ પામતો નથી. સમ્યગ્જ્ઞાન થયા પછી પણ કેવળજ્ઞાનની અપેક્ષાએ અલ્પ પુરુષાર્થ વડે જેટલે અંશે પોતાની ભૂમિકા પ્રમાણે વિકારનો નાશ કર્યો તે વિકારની ફરી ઉત્પત્તિ થતી નથી તો પછી પૂર્ણ પુરુષાર્થ વડે જે વિકારનો નાશ કર્યો તે વિકાર ફરીને ઉત્પન્ન થાય ક્યાંથી ?

આચાર્યદેવ કહે છે કે અમે પૂર્ણતાની સાધના સાધીયે છીએ તેમાં વિઘ્ન આવશે નહિ,-એમ માંગળિકના માણેકથંભ નાખ્યા છે. ધર્મજિનેશ્વરના સ્તવનમાં આવે છે કે 'ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર,' એટલે કે હે પ્રભુ ! અમે તારા ગાણા ગાવા ઉઠયા તેમાં ભંગ ન પડશો. વ્યવહારથી પ્રભુને કહે છે અને નિશ્ચયથી આત્માને કહે છે કે હે આત્મા ! અમે તારી સાધના સાધવા ઊઠયા તેમાં પૂર્ણતા સુધી વચ્ચે વિઘ્ન થશો નહિ, ભંગ પડશો નહિ. 'બીજો મન મંદિર આણું નહિ' એટલે કે આત્મા સિવાય એક રજકણનો કે રાગના અંશ માત્રનો પણ આદર થવા દઉં નહિ,-એવી જવાબદારીએ કહ્યું છે કે 'ભંગ મ પડશો પ્રીત' વળી કહે છે કે 'બીજો મન મંદિર આણું નહિ એ અમ કુલવટ રીત,' એટલે કે તીર્થંકરો જે રસ્તે ચાલ્યા તે રસ્તે અમે ચાલનારા છીએ, તે અમારા કુળની રીત છે; તીર્થંકરની જાતનું અમારું કુળ છે માટે તેની રીત તે અમારી રીત છે. તે અમારી કુલવટ રીત છે.

તીર્થંકરદેવનું સમ્યગ્દર્શન અપ્રતિહત હોય છે, આવ્યું તે પાછું જાય નહિ, બીજાનું તો કદાચ જાય પણ ખરું, પરંતુ તીર્થંકરદેવનું સમ્યગ્દર્શન આવ્યું તે આવ્યું, પૂર્ણતા લીધે છૂટકો, સિદ્ધ થયે છૂટકો, વચ્ચે બીજું હોય નહિ.

આચાર્યદેવ કહે છે કે સ્વમાં ને પરમાં વચ્ચે વિઘ્ન હશો નહિ, એટલે કે-સ્વ પોતે ને પર એટલે ઝીલનાર શ્રોતા, જેવા ભાવે પોતે કહે છે તેવા ભાવે જે ઝીલનાર શ્રોતા છે તે બન્નેમાં વિઘ્ન ભાળતા નથી. આચાર્યદેવ કહે છે કે જે ભાવે અમે ઊઠયા તે ભાવે સ્વભાવપર્યાયની પૂર્ણ પ્રાપ્તિ કરીશું; અમારો ભાવ સમજનાર શ્રોતાજનો પણ સ્વભાવપર્યાયની પૂર્ણ પ્રાપ્તિ કરશે.

આચાર્યદેવ કહે છે કે અમને હજી અલ્પ અસ્થિરતા ઉભી છે તેથી અલ્પ બંધ થાય છે, તે બંધને તોડવા માટે સ્વભાવની પ્રતીતિ અને લીનતાના લક્ષે બંધનું

વર્ણન કરીને; બંધનું સ્વરૂપ જોતાં જોતાં અમે સ્વભાવ દૃષ્ટિના જોરે અને લીનતાના જોરે તે બંધને તોડી નાખીશું—આ ભાવે અમે બંધનો અધિકાર વર્ણવવા ઉભા થયા છીએ.

હવે બંધ તત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ, બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છે :-

जह णाम को वि पुरिसो णेहभत्तो दु रेणुबहुलम्मि ।
ठाणम्मि ठाइदूण य करेइ सत्थेहिं वायामं ॥२३७॥
छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ ।
सचित्ताचित्ताणं करेइ दव्वाणमुवघायं ॥२३८॥
उवघायं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं ।
णिच्छयदो चिंतिज्ज हु किंपच्चयगो दु रयबंधो ।२३९॥
जो सो दु णेहभावो तह्मि णरे तेण तस्य रयबंधो ।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं ॥२४०॥

---

જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી: ૨૩૭.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપાઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮
બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે ? ૨૩૯.
એમ જાણવું નિશ્ચય થકી–ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.

**एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु ।**
**रायाई उवओगे कुव्वंतो लिप्पइ रयेण ॥२४१॥**

અર્થ:-જેવી રીતે—કોઈ પુરુષ ( પોતાના પર અર્થાત્ પોતાના શરીર પર ) તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ લગાવીને અને બહુ રજવાળી ( ધૂળવાળી ) જગ્યામાં રહીને શસ્ત્રો વડે વ્યાયામ કરે છે, અને તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને છેદે છે, ભેદે છે, સચિત્ત તથા અચિત્ત દ્રવ્યોનો ઉપઘાત ( નાશ ) કરે છે; એ રીતે નાના પ્રકારના કરણો વડે ઉપઘાત કરતા તે પુરુષને રજનો બંધ ( ધૂળનું ચોંટવું ) ખરેખર કયા કારણે થાય છે તે નિશ્ચયથી વિચારો. તે પુરુષમાં જે તેલ આદિનો ચીકાશભાવ છે તેનાથી તેને રજનો બંધ થાય છે એમ નિશ્ચયથી જાણવું, શેષ કાયાની ચેષ્ટાઓથી નથી થતો. એવી રીતે—બહુ પ્રકારની ચેષ્ટાઓમાં વર્તતો મિથ્યાદૃષ્ટિ ( પોતાના ) ઉપયોગમાં રાગાદિ ભાવોને કરતો થકો કર્મરૂપી રજથી લેપાય છે- બંધાય છે.

આચાર્યદેવ બંધનનો સિદ્ધાંત સમજાવતાં, પહેલાં દ્રષ્ટાંત આપે છે, પછી તેનો સિદ્ધાંત કહેશે. બંધ કયા હેતુ વડે થાય છે,-કયા કારણ વડે થાય છે તે સમજાવે છે; 'ગૂમડું થાય પાડાને, અને પખાલને ડામ દે તો ગૂમડું મટે નહિ' તેમ બંધ થાય જીવની અવસ્થામાં, અને શરીર, વાણીરૂપી ચામડાની પખાલ છે તેને સુધારવા મથે તો તેથી ભૂલ સુધરે નહિ. આત્મામાં ભૂલ કયાં થાય છે તેને જાણ્યા વગરનો પુરુષાર્થ કરે તો નકામો જાય છે,-મોક્ષના ફળરૂપ થતો નથી.

આચાર્યદેવ દષ્ટાંત આપીને સ્પષ્ટ કરીને સમજાવે છે. ત્રિકાળી જે નિયમ હોય તેને લાગુ પડે તેવો જે એક અંશ હોય તેને દષ્ટાંત કહેવાય છે. જેમ અભરાઈ ઉપરથી થાળી લેવી હોય તો તેનો ટેકો અભરાઈ જેવડો ન હોય પણ અભરાઇથી બે હાથ નીચો હોય છે તેમ ત્રિકાળી સિદ્ધાંતને સમજવા માટે વર્તમાન એક અંશ દષ્ટાંતનો લેવાય પણ બધી રીતે દષ્ટાંત સિદ્ધાંતમાં લાગુ ન પડે.

જેવી રીતે આ જગતમાં ખરેખર કોઈ પુરુષ સ્નેહના ( અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના ) મર્દનયુક્ત થયેલો, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે ( અર્થાત્ બહુ રજવાળી છે ) એવી ભૂમિમાં રહેલો છે, શરીરમાં તેલ ચોપડેલું છે,

---

ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદૃષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.

તેલને ચોપડીને હાથમાં તલવાર-બંદૂક આદિ શસ્ત્રોથી ક્રિયા કરે છે-શસ્ત્રોના અભ્યાસ-રૂપી ક્રિયા કરે છે ને અનેક પ્રકારનાં કરણો વડે એટલે કે ઊંચા નીચા હાથ કરે છે, આંખ આમ તેમ કરે છે વગેરે તે ઇંદ્રિયોનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો તે, ભૂમિની રજથી બંધાય છે, લેપાય છે,

સચિત્ત એટલે શું? જીવનું નિમિત્ત શરીરમાં છે માટે જડ શરીરને જીવના સંયોગે સચિત્ત કહેવાય છે; જેમ ઘીના સંયોગે માટીના ઘડાને ઘીનો ઘડો કહેવાય છે તેમ. વ્યવહારે જીવ શરીરમાં રહ્યો છે, જીવનો આરોપ શરીર ઉપર કરીને શરીરને સચિત્ત કહેવાય છે, વનસ્પતિને પણ સચિત્ત કહેવાય છે, પૃથ્વીને પણ સચિત્ત કહેવાય છે, પાણીને પણ સચિત્ત કહેવાય છે,-વગેરે વસ્તુઓને સચિત્ત કહેવાય છે; ત્યાં બધામાં જીવનો આરોપ શરીર ઉપર કરીને તે બધાને સચિત્ત કહેવાય છે. તે પુરુષ સચિત્ત-અચિત્તનો ઘાત કરતો રજથી લેપાય છે, ત્યાં વિચારો કે તેમાંથી તે પુરુષને રજબંધનું કારણ કયું છે? આચાર્યદેવ કહે છે કે બંધનું કારણ શું છે તેને જરા વિચારો, જરા વિચારની ક્રિયાને લંબાવો; વિચાર કરો એટલે જ્ઞાન કરો, જ્ઞાનમાં દર્શન વગેરે ગુણો આવી જાય છે.

પ્રથમ સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે એવી ભૂમિ રજબંધનું કારણ નથી કારણે કે જો તેલ વિના જ ધૂળ ચોંટી જતી હોય તો જેણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા જે પુરુષો તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે. શસ્ત્રોની ક્રિયારૂપ કાર્ય તે પણ રજબંધનું કારણ નથી કારણ, કે જો એમ હોય તો જેણે શરીરે તેલ નથી ચોપડયું-ચીકણા તેલનું મર્દન નથી કર્યું અને તલવાર, બંદૂક આદિ શસ્ત્રોને ચલાવવાની ક્રિયા કરે છે તેને પણ ધૂળ ચોંટવાનો પ્રસંગ આવે.

અહીં આચાર્યદેવનું તેલના મર્દન ઉપર જોર છે; જેણે ઊંધી દૃષ્ટિથી સ્વભાવને મર્દન નાંખ્યો છે એવા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વભાવરૂપી ચીકાશથી જ બંધ થાય છે એમ અહીં કહેવું છે. સમ્યગ્દૃષ્ટિને અલ્પ રાગ-દ્વેષ હોવાથી જે બંધ થાય છે તે અલ્પ છે, તેની અહીં વાત લીધી નથી, પણ તીવ્ર મર્દનથી, તીવ્ર ચીકાશથી અજ્ઞાનીને જે તીવ્ર બંધ થાય છે તેની વાત લીધી છે.

ઊઠબેસ કર્યા કરે, આંખ, કાન વગેરે શરીરના અવયવોની ચેષ્ટા આમ તેમ કર્યા કરે તે પણ રજબંધનું કારણ નથી, જો તે રજબંધનું કારણ હોય તો તેલ વિનાના માણસને પણ રજ ચોંટવી જોઇએ.

સચિત્ત અચિત્તનો ઘાત પણ રજબંધનું કારણ નથી. જો તે રજબંધનું કારણ હોય તો શરીરે તેલ ચોપડયા વગરનો માણસ હથિયાર દ્વારા વાંસડા વગેરે કાપે તો તેને

પણ રજ ચોંટવી જોઇએ; માટે બીજા કોઇ કારણ સિવાય તેલનું મર્દન તે જ રજબંધનું કારણ છે.

આ રીતે ન્યાયના બળથી સિદ્ધ થયું કે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ ( અર્થાત્ તે પુરુષમાં જે તેલ આદિના મર્દનનું કરવું ) તે બંધનું કારણ છે. ન્યાયબળથી જેને સમજવાની તાકાત નથી તેને સાચું સ્વરૂપ સમજાતું નથી, પણ જે ન્યાયના બળથી સમજે છે તેને સાચું સ્વરૂપ સમજાય છે. આ દૃષ્ટાંત પુરતી વાત કહી કે રજબંધનું કારણ કોણ છે? અનેક પ્રકારના શસ્ત્રો પણ રજબંધનું કારણ નથી, અનેક પ્રકારની ઊઠબેસ વગેરે ક્રિયા અર્થાત્ અનેક પ્રકારનાં કારણો તે પણ રજબંધનું કારણ નથી, સચેત અચેત વસ્તુનો ઘાત તે પણ રજબંધનું કારણ નથી, રજથી ભરેલી ભૂમિ પણ રજબંધનું કારણ નથી. એક તેલની ચીકાશ છે તે જ રજબંધનું કારણ છે.

આ રીતે મિથ્યાદૃષ્ટિ પોતામાં રાગાદિક (-રાગાદિ ભાવો-) કરતો, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવા લોકમાં કાય-વચન-મનનું કર્મ ( અર્થાત્ કાય-વચન–મનની ક્રિયા ) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાય છે.

હું પવિત્ર જ્ઞાયકમૂર્તિ છું. વિકાર થાય છે તે વર્તમાન અવસ્થાનું કાર્ય છે, મારા ત્રિકાળ સ્વભાવમાં વિકાર નથી–એવું જેને ભાન નથી તે મિથ્યાદૃષ્ટિ છે. વર્તમાન વિકારીભાવ જે થાય છે તે જ મારું સ્વરૂપ છે એમ માનીને સંયોગી ભાવમાં મિથ્યાદૃષ્ટિ રોકાણો છે. વિકારભાવ છે તેટલું જ મારું કર્તવ્ય છે એમ તે માની રહ્યો છે—એમ તે જાણી રહ્યો છે; વિકારી વૃત્તિને જ તે જાણે છે, સ્વભાવનો તે અજાણ છે, પુણ્ય-પાપના પરિણામને તે પોતાનાં કરે છે; પુણ્ય-પાપના પરિણામ એ જ જાણે પોતીકા હોય એટલે કે પોતાના હોય એમ માની રહ્યો છે. શુભાશુભ લાગણીનાં જેટલાં નિમિત્તો હોય તે બધાં નિમિત્તો—શુભાશુભ લાગણી પોતાની માની તેમાં ભેગાં આવી જાય છે એટલે કે શુભાશુભ લાગણીને પોતાની માને તેની સાથે નિમિત્તોને પણ પોતાનાં માને છે; આ રીતે જે પરને પોતાનું માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાન થયા પછી રાગ-દ્વેષને જ્ઞાની પોતાના માનતા નથી; જ્ઞાન પોતાને જાણે છે અને જ્ઞાન રાગ–દ્વેષ મારામાં નથી એમ પણ જાણે છે, એવો જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે; જ્ઞાન પોતાના શ્રદ્ધા આદિ અનંતગુણોને જાણે છે અને રાગ-દ્વેષ મારામાં નથી એમ પણ જાણે છે, એવો જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે. હું મારાપણે છું અને શુભાશુભ લાગણી મારામાં નથી. પોતાની પોતામાં અસ્તિ અને પરની

પોતામાં નાસ્તિ—એમ અસ્તિ-નાસ્તિ જેમ છે તેમ જ્ઞાન જાણે છે.

અજ્ઞાની વિકાર આદિ મારા છે એમ મિથ્યાજ્ઞાન કરે છે. જ્ઞાનની ક્રિયા મારી નહિ પણ વિકારની ક્રિયા મારી છે એમ અજ્ઞાની માને છે. અંતરની જ્ઞાનક્રિયાને સ્વીકારતો નથી પણ શુભાશુભ પરિણતિરૂપ બાહ્યક્રિયાને જ સ્વીકારે છે. ચૈતન્યના સ્વભાવથી જે બહાર છે એટલે કે ચૈતન્યના સ્વભાવમાં નથી તે બધી બાહ્યક્રિયા છે તે બાહ્યક્રિયા જે પોતાની માને છે તે બહિરાત્મા છે. ચૈતન્યસ્વભાવથી જડ દ્રવ્ય તો બાહ્ય જ છે; તેનું બાહ્યપણું તો દૂર રહ્યું પણ શુભાશુભ પરિણતિ છે તે પણ ચૈતન્યથી બાહ્ય છે. તે બાહ્યક્રિયાને જે પોતાની માને તે બહિરાત્મા છે, તે મિથ્યાદૃષ્ટિ છે, અને તે કર્મ રજથી બંધાય છે.

જેમાં કર્મપણે થવા યોગ્ય પરમાણુ ઠાંસી ઠાંસીને ભર્યા છે એવા લોકમાં મન, વચન અને શરીરની ક્રિયા મિથ્યાદૃષ્ટિ કરે છે; અનેક પ્રકારનાં કરણો વડે એટલે કે હાથ-પગની, ઊંચી નીચી ક્રિયા વડે સચિત્ત-અચિત્તનો ઘાત કરતો મિથ્યાદૃષ્ટિ કર્મ-રજથી બંધાય છે. ત્યાં વિચારો કે તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે? પ્રથમ, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો છે એવો લોક બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે તેમને પણ બંધનો પ્રસંગ આવે. કાય-વચન-મનનું કર્મ પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો યથાખ્યાત-સંયમીઓને પણ (કાય-વચન-મનની ક્રિયા હોવાથી) બંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીઓને પણ બંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેઓ સમિતિમાં તત્પર છે એવા મુનિરાજોને પણ બંધનો પ્રસંગ આવે. માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે જે ઉપયોગમાં રાગાદિકરણ છે તે જ બંધનું કારણ છે.

ચૌદ બ્રહ્માંડમાં કર્મ થવા યોગ્ય રજકણો ભર્યા છે; તે બંધનું કારણ હોય તો સિદ્ધભગવાનને પણ બંધ થવો જોઈએ, કારણ કે ત્યાં પણ કર્મ થવા યોગ્ય અનંતા રજકણો પડયા છે. પરંતુ સિદ્ધભગવાનને બંધ થતો નથી કારણ કે ત્યાં ઊંધીદૃષ્ટિ અને અસ્થિરતા નથી.

ખરી રીતે મિથ્યાત્વને લઈને રાગ-દ્વેષ ટકે છે પણ રાગ-દ્વેષને લઇને મિથ્યાત્વ ટકતું નથી. સ્વભાવની ભ્રાંતિ થઈ ત્યાં વિકારમાં બે પ્રકાર પડયા-રાગ અને દ્વેષ.

સુંદર સ્ત્રીને સારી માનવી અને સડેલા કુતરાને માથામાં ઇયળ પડી હોય તેને ખરાબ માનવો-એવા બે ભંગ ચૈતન્યના એકાકાર સ્વભાવમાં નથી. ભૂલને લઈને મિથ્યાદષ્ટિએ બે ભંગ પાડયા છે. સ્વર્ગને સારું માનવું અને નરકને ખરાબ માનવું તે વિષમભાવ છે. ચૈતન્યના સમસ્વભાવમાં-વીતરાગસ્વભાવમાં વિષમભાવ છે નહિ.

પોતે મૂળ સ્વરૂપે જે છે તે છે અને સામો પદાર્થ પણ જે છે તે છે. પર કોઈ સારું ખરાબ કાંઇ છે જ નહિ. આત્મા સિવાય કોઇ પર પદાર્થ ઠીક નથી ને કોઇ પર પદાર્થ અઠીક નથી, પણ મિથ્યાદષ્ટિએ સ્વભાવને ભૂલીને બે ભંગ પાડયા છે,-કલ્પના કરી છે; આવું મિથ્યાદષ્ટિપણું સિદ્ધભગવાનને નથી તેથી ત્યાં કર્મ થવા યોગ્ય પરમાણુ હોવા છતાં પણ તેમને બંધ થતો નથી.

શરીરની, વચનની કે મનની ક્રિયા પણ બંધનું કારણ નથી. કારણ કે જો એમ હોય તો યથાખ્યાત સંયમીઓને પણ બંધનો પ્રસંગ આવે. કોઈ કહેશે કે કાયિકી ક્રિયા ને અધિકરણિકી ક્રિયાથી બંધ થાય છે તેમ શાસ્ત્રમાં આવે છે તેનું શું ? તેનો ઉત્તર એમ છે કે શુભાશુભ ભાવ થતી વખતે નિમિત્ત કયા કયા છે એ જણાવવા માટે નિમિત્તના ભંગ છે. મન-વચન-કાયાના નિમિત્તવાળા કરવા, કરાવવાના ને અનુમોદવાના ૪૯ ભાંગા શાસ્ત્રમાં આવે છે તે બધા જે કાળે જે ભાવ હોય તે કાળે કયા કયા નિમિત્ત છે તે જણાવવાના પડખા છે. ભાવમાં જે જે અશુદ્ધતા થાય છે તે અશુદ્ધતા સાથે જે જે નિમિત્તો આવે છે તેના બધા ભંગ છે. અશુદ્ધતાના પરિણામ સાથે શરીરનું કે વાણીનું જે નિમિત્ત આવે છે તેને તે તે પ્રકારનું નિમિત્ત કહ્યું. કરવાના ભાવ સાથે નિમિત્ત તરીકે વર્તતું નિમિત્ત તેને કરવાનું નિમિત્ત કહ્યું. તેવી રીતે કરાવવાના ભાવ સાથે વર્તતું નિમિત્ત તેને તે પ્રકારે કહ્યું અનુમોદવાના ભાવ સાથે વર્તતું નિમિત્ત તેને અનુમોદવાનું નિમિત્ત કહ્યુ. તે બધા પ્રકારમાં ભાવની જાત તો એક અશુદ્ધતા જ છે, પરંતુ તે અશુદ્ધતા સાથે જેટલા નિમિત્તો આવે તે નિમિત્તના ભંગ છે. ભાવની જાત તો એક અશુદ્ધતા જ છે, પણ અશુદ્ધતાના અનેક પ્રકાર થાય છે તેથી ભાવ સાથે વર્તતા નિમિત્તના પણ અનેક ભંગ પડે છે. નિમિત્તથી બંધ નથી પણ ભાવથી બંધ છે. બહારના નિમિત્તના પડખા તે બંધનું કારણ નથી પણ વિકારી ભાવ બંધનું કારણ છે.

ઊંધીદષ્ટિથી બંધ છે. ભાવ સાથે વર્તતું જે નિમિત્ત તેનાથી બંધ થાય છે-તેમ ઉપચારથી કહ્યું છે; પણ ખરી રીતે ભાવથી બંધ છે. શુભાશુભ ભાવે જે નિમિત્તને વિષય કર્યું, જે નિમિત્તનું અવલંબન કર્યું તે નિમિત્તને બંધનું કારણ ઉપચારથી કહી દીધું છે. ભાવની જાત તો એક જ-ઊંધી દષ્ટિ-છે પરંતુ તે ભાવના

જેટલા જેટલા પ્રકારે વિષય ફેરે છે, જેટલા જેટલા પ્રકાર પડે છે તેટલા ભાવના ભંગ પડે છે, અને તેટલા તેટલા નિમિત્તના પણ ભંગ પડે છે: પણ નિમિત્ત બંધનું કારણ નથી. મિથ્યાત્વને કારણે આખો સંસાર ઊભો છે; જો મિથ્યાત્વને ટાળે તો સંસાર છૂટી જાય અને મોક્ષ થાય, પણ પોતે ટાળે ત્યારે થાય. ત્રિલોકનાથ તીર્થંકરદેવ હોય તોપણ પોતે પુરુષાર્થ કરે ત્યારે થાય, કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી; એક મિથ્યાત્વ ટળે તો પછી અસ્થિરતા ટળતાં કાંઈ વાર નથી.

જેમ એક ઇલેક્ટ્રીકનું મૂળ મશીન હોય, તેની હજારો બત્તી ને હજારો ચાંપ હોય, પણ મૂળ મશીન બંધ કરે તો પછી બધી હજારો ચાંપ બંધ કરવા જવું ન પડે; તેમ સંસારચક્ર ચાલવાનું મિથ્યાત્વ મૂળ મશીન છે, તે મિથ્યાત્વની ચાંપ જો બંધ કરે તો બીજાં-અવ્રત કષાય વગેરેનાં પૈડાં આપો આપ બંધ થઇ જશે; તે મિથ્યાત્વને બંધ કરવાનો એક જ ઉપાય છે કે-આત્માના શુદ્ધ અખંડ સ્વભાવને ઓળખવો, તેની પ્રતિત કરવી.

ઘાતી ઉપર ઘા કરે તો સંસાર ટળી જાય છે અને આત્માનો શુદ્ધ પર્યાય પ્રગટે છે; બાકી અઘાતીના સંયોગ બંધન કર્તા નથી. અઘાતીનો સંયોગ વધારેમાં વધારે તીર્થંકર નામ કર્મની પ્રકૃતિ સુધી હોય તો પણ તે બંધનનું કારણ નથી ને મનુષ્યમાં ઓછામાં ઓછો અઘાતીનો સંયોગ લાકડાનો ભારો વેચનાર કઠિયારાને હોય તો પણ તે બંધનનું કારણ નથી. એ રીતે મન-વચન-કાયાના યોગ કે બંદૂક વગેરે શસ્ત્રો બંધનું કારણ નથી પણ ઊંધી દૃષ્ટિ જ બંધનું કારણ છે.

યોગની ક્રિયા બંધનું કારણ નથી; જો યોગની ક્રિયા બંધનું કારણ હોય તો યથાખ્યાત સંયમીઓને પણ બંધ થવો જોઈએ, અકષાયી વીતરાગી મુનિને યોગની ક્રિયા હોય છે, તો તેને પણ બંધ થવો જોઇએ. અગિયારમે-બારમે ગુણસ્થાને શુકલ-ધ્યાનમાં પણ મનનું નિમિત્ત છે, મનની ક્રિયા છે, છતાં પણ ત્યાં કષાય નથી તેથી બંધ થતો નથી, કેમ કે મનન ક્રિયા બંધનું કારણ નથી; તેરમે ગુણસ્થાને કેવળ-જ્ઞાનીને પણ વચન યોગ છે, કાય યોગ છે, પરંતુ ત્યાં કષાય નથી તેથી બંધ થતો નથી, કેમ કે યોગ બંધનું કારણ નથી. માટે સિદ્ધ થયું કે યોગ તે બંધનું કારણ નથી.

જડ યોગ બંધનું કારણ નથી, તેમ જ જડ યોગને લઇને કેવળી ભગવાન શરીરમાં રોકાણા નથી; પરંતુ પોતાની યોગ્યતાને કારણે રહ્યા છે. પ્રદેશત્વ ગુણનો અને યોગ નામના ગુણનો ચૈતન્યપર્યાયમાં વિકાર છે; તેથી યોગનું કંપન છે, તેથી કેવળી ભગવાન શરીરમાં રહ્યા છે. પરંતુ જડ યોગ બંધનું કારણ નથી.

ઇંદ્રિયોરૂપ કરણો બંધનું કારણ નથી; કેવળી ભગવાનને દ્રવ્યેંદ્રિયો છે. પણ તે બંધનું કારણ નથી; જો કરણો બંધનું કારણ હોય તો કેવળી ભગવાનને ઇંદ્રિયો છે તેથી તેમને પણ બંધ થવો જોઈએ. સચિત્ત-અચિત્તનો ઘાત પણ બંધનું કારણ નથી; જો તેમનાથી બંધ થતો હોય તો જેઓ સમિતિમાં તત્પર છે, પ્રયત્ન પૂર્વક પ્રવર્તે છે એવા સાધુઓને પણ સચિત્ત-અચિત્તના ઘાતથી બંધનો પ્રસંગ આવે. સમિતિમાં જે મુનિ પ્રવર્તે છે તેના પગ નીચે કોઈ જંતુ આવી મરણ પામે તોપણ બંધનું કારણ નથી; કારણ કે મુનિને ઉપયોગમાં અસાવધાની નથી; માટે તેના પગ નીચે કોઈ જીવ આવી મરી જાય તે બંધનું કારણ નથી.

પ્રશ્ન:-પગ તળે જીવ મર્યો તે કોને ખાતે ખતવવો ?

ઉત્તર:-તેનું આયુષ્ય પૂરું થયું તેથી તે મર્યો છે; હું પરને મારું છું, બચાવું છું એવો જે અહંકારરૂપ રાગનો રસ તે બંધનું કારણ છે, પણ બહારનો સંયોગ તે બંધનુ કારણ નથી; સ્વદષ્ટિનો અભાવ છે ત્યાં પરનો ગર્વ, અહંકાર થયા વગર રહે નહિ અને તે ગર્વ બંધનું કારણ છે.

બાળકને રોણું કયાંથી ઊભું થયું—'ઊંહું-ઊંહું' કયાંથી શરૂ થયું ? તે કારણને પકડતાં ન આવડે તેથી ગમે તે ચીજ દેતાં તેનું રોણું બંધ થાય નહિ, તેમ અનાદિથી પોતે ભૂલ કરી છે, તેનું કારણ પકડતાં ન આવડે તો કોઈ રીતે બંધના રોણાં બંધ થાય નહિ; પરંતુ ભૂલનું મૂળકારણ પકડે તો બંધનો અંત આવે.

આત્મામાં બંધન કયા કારણે થાય છે તેની વાત ચાલે છે. પોતાના આનંદઘન સ્વભાવનું ભાન નથી, તેથી જે ભાવ પોતાના સ્વભાવમાં નથી તે ભાવને પોતાનું સ્વરૂપ માનવું તે જ પરાધીનતાનું કારણ છે અને તે જ બંધનનું કારણ છે. અનાદિથી ચૈતન્યને બંધન છે; જો બંધન ન હોય તો મુક્તિ હોય અને મુક્તિ હોય તો પરમાનંદ સ્વભાવ પ્રગટ હોય, પણ પરમાનંદ સ્વભાવ પ્રગટ નથી, માટે બંધન છે; જો પરમાનંદ-રૂપ પર્યાય પ્રગટ હોત તો પોતાની ચીજને પરની જરૂર પડે એમ માનત નહિ. ભ્રાંતિને લઈને પરની મને જરૂર પડે છે એમ માન્યું છે, માટે બંધન છે. સ્વતંત્ર પદાર્થ એને કહેવાય કે જેને પરની જરૂર પડે નહિ. આત્મા સ્વતંત્ર ચીજ છે, પરની જરૂર પડે એવો એનો સ્વભાવ નથી, પણ અજ્ઞાનીએ ભ્રાંતિથી 'પર પદાર્થની મને જરૂર પડે છે' એમ માન્યું છે તેથી 'મારામાં શાંતિ નથી પણ પરમાં શાંતિ છે' એમ સ્વીકાર્યું છે. જો પોતામાં શાંતિ, સુખ ને આનંદ માને તો પરની ઓશિયાળ, અવલંબન, શરણની જરૂર પડે-એમ માને નહિ. જેણે પોતાનું સ્વ-ધન ભાળ્યું એને પરની જરૂર પડે નહિ. પોતાના જ તત્ત્વમાં સુખ ને શાંતિ છે. પરની ઓશિ-

યાળમાં સુખ ને શાંતિ હોય નહિ. જેને પોતાના આત્મામાં સ્વ-ધન પ્રગટયું તેને પરની જરૂર પડે નહિ.

જીવોને બહારનું ધન મળે છે તોપણ પરની જરૂર પડતી નથી તો પછી આત્માનું ધન મળે એને પરની જરૂર પડે જ કયાંથી? પુણ્ય જે નાશવાન ચીજ છે, ઉપાધિવાન અને ક્ષણિક ચીજ છે તે તો પાંચ-પચીસ વરસ રહે છે. તોપણ જીવો એમ માને છે કે આપણે હવે સ્વતંત્ર થયા. તો પછી આત્મા તો કાયમી ચીજ છે, જેટલો કાળ આત્મા રહે તેટલો કાળ પુણ્ય રહેતા નથી; પુણ્ય તો કૃત્રિમ અને થોડો કાળ રહેનાર છે; તોપણ માને છે કે આપણે હવે સ્વતંત્ર થયા, ઘરના ઘર રહેવાના થયા, રાચ નવા સાંપડયાં, હવે અમારે પરની ઓશિયાળ કરવી પડશે નહિ. અમારું મહેમાનવાળું ઘર, હરવખત ચીજો જોઈએ તેથી હરવખતે ઓશયાળ કરવી પડતી, પણ હવે તો બધી ચીજો સાંપડી તેથી બીજાની ઓશિયાળ કરવી મટી ગઇ. સારો ખાંડણિયો સાંપડે ત્યાં એમ થઈ જાય કે આપણને રાચ સાંપડયું. એક ધૂળ જેવી, ક્ષણ રહેનારી ચીજ મળે ત્યાં માને કે હવે આપણે ઓશિયાળ કરવી પડશે નહિ, માગવું પડશે નહિ. આટલી બધી જડની કિંમત, પર ચીજની આટલી બધી ઓશિયાળ અને ચૈતન્યમૂર્તિ આત્માની કાંઈ ગરજ નહિ, કિંમત નહિ! પૈસા વધ્યા, દાગીના લૂગડાં વધ્યાં, ત્યાં માને કે હવે આપણે બધી ચિંતા મટી ગઈ, દીકરા-દીકરી હવે સામાવાળા લેવા આવશે, આપણે દેવા નહિ જવું પડે—વગેરે. પુણ્ય વધે ત્યાં તો પહોળો થઈ પડે છે અને બહારની સગવડતામાં સ્વતંત્રતા માની લે છે. પુણ્ય તો ક્ષણમાત્ર રહેનારી ચીજ છે, પણ પુણ્ય ફળયાં ત્યાં અજ્ઞાનને લઈને એટલા મલાવા કરે છે-એટલું અભિમાન કરે છે કે કેમ જાણે કાયમની ચીજ હોય? અરેરે ભાઇ! નાશવાન ચીજ વડે પાંચ-પચીસ વરસ કલ્પિત સુખ માનીને જો તું તેની મમતામાં લપટાઈશ તો તને તે મમતા નરક-નિગોદમાં લઈ જનારી થશે.

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપે ત્રિકાળ-કાયમી છે, તેને શરીરની જરૂર પડતી નથી,-વાણીની જરૂર પડતી નથી,-મનની જરૂર પડતી નથી; એવા આત્મની ઓળખાણ કરે તો પરની બધી ઓશિયાળ ટળી જાય.

શરીરને હું રાખી દઉં, પૈસા હું રાખી દઉં, મકાન હું રાખી દઉં-એમ માને છે તેથી ચોરાશીના અવતાર ફળે છે. પરથી મુક્ત પોતાનો સ્વભાવ છે તે ન માન્યો અને પર વિના હું ન રહી શકું તેમ માન્યું તેથી બંધન થાય છે.

અહીં નિશ્ચયનય પ્રધાન કરીને કથન છે. જ્યાં નિર્બાધ હેતુથી સિદ્ધિ થાય તે જ નિશ્ચય છે. બંધનું કારણ વિચારતાં નિર્બાધપણે એ જ સિદ્ધ થયું કે મિથ્યાદૃષ્ટિ પુરુષ જે રાગ-દ્વેષ-મોહ ભાવોને પોતાના ઉપયોગમાં કરે છે તે રાગાદિક જ બંધનું કારણ છે.

ન્યાયથી, સત્યથી ને સર્વજ્ઞથી જે સિદ્ધ થાય તે નિશ્ચય; વિરોધ રહિત સત્યથી સાબિત થાય તે નિશ્ચય; નિર્બાધ હેતુ એટલે કે નિર્બાધ યુક્તિથી જે સિદ્ધ થાય તે જ નિશ્ચય છે. આરોપથી, પરથી નક્કી થાય તે વ્યવહાર છે.

નિશ્ચયથી બંધના કારણનો વિચાર કરતાં અહીં એમ સિદ્ધ થયું કે, રાગ-દ્વેષ મોહ ભાવોને પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને ચૂકીને મિથ્યાદૃષ્ટિ કરે છે તે બંધનું કારણ છે. પોતે જગતનો સાક્ષી છે, પણ કોઈ પર પદાર્થનો કર્તા નથી એવો પોતાનો સ્વભાવ છે; તે સ્વભાવને ચૂકીને પ્રીતિ-અપ્રીતિ અને અસાવધાની કરે છે તે જ બંધનનું કારણ છે. રાગ એટલે પ્રીતિ, દ્વેષ એટલે અપ્રીતિ, મોહ એટલે સ્વભાવની અસાવધાની; તેને ઉપયોગમાં કરે છે તે જ બંધનું કારણ છે.

બંધન છે ખરૂં, કર્મ છે ખરાં, આત્મા તદ્દન શુદ્ધ નથી, પણ પર્યાયે અશુદ્ધ છે, અને તેથી કર્મ બંધાય છે. કર્મ કહો, નશીબ કહો કે પ્રારબ્ધ કહો, તે બધા કર્મના અર્થમાં વપરાય છે. કોઈને શરીર સારૂં મળ્યું, કોઈને ઘંટીયોબાવાળું મળ્યું, કોઈ ને કાળું મળ્યું, કોઇને ધોળું મળ્યું-એમ બધાને એક જાતનું શરીર ન મળ્યું, પણ અનેક જાતનો આંતરો પડયો તેનું કારણ શું? તેનું કારણ અંદર પ્રારબ્ધ કર્મ છે, તેને લઈને આંતરો પડયો છે. તે કર્મ બહારના કોઈ કારણથી બંધાતા નથી પરંતુ ઉપયોગમાં રાગાદિ કરવાથી બંધાય છે.

કર્મયોગ્ય પરમાણુ તે બંધનું કારણ નથી; જો તેમ હોય તો સિદ્ધને બંધ થવો જોઈએ, કારણ કે ત્યાં કાર્મણવર્ગણાના ઘણા પરમાણુ છે. પર તે હું છું એવી એકત્વ-બુદ્ધિ તે જ બંધનું કરણ છે. મન-વચન-કાયાના યોગ બંધનું કારણ નથી; જો તેમ હોય તો અગિયારમે-બારમે ગુણસ્થાને વર્તતા અકષાયી ભગવાનને બંધ થવો જોઈએ, કારણ કે ત્યાં પણ યોગ છે, તોપણ ત્યાં બંધ નથી માટે યોગ બંધનું કારણ નથી, પરંતુ આત્મામાં વર્તમાન પૂરતો થતો અરૂપી અજ્ઞાનમય વિકારી પર્યાય તે બંધનું કારણ છે. હું જ્ઞાતા-દૃષ્ટા છું તેવું ભાન ચૂકીને હું પરનો કર્તા છું અને પર મારું કર્તવ્ય છે એવી એકત્વબુદ્ધિ તે બંધનું કારણ છે. ઈંદ્રિયો વગેરે કરણો છે, તે પણ બંધનું કારણ નથી, પરંતુ ઇંદ્રિયો મારી છે અને ઇંદ્રિયોનાં કર્તવ્ય મારાં છે એવી અહંબુદ્ધિ-એવી એકમેકબુદ્ધિ તે બંધનું કારણ છે; જો ઇંદ્રિયોથી બંધ થતો હોય તો

ચૈતન્યમૂર્તિ જીવન્મુક્ત કેવળજ્ઞાની ભગવાન બિરાજે છે તેમને પણ બંધ થવો જોઈએ કારણ કે તેમને પણ ઇંદ્રિયો એમ ને એમ પડી છે, પણ તેમને બંધ થતો નથી કેમ કે ઇંદ્રિયો બંધનું કારણ નથી.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન શરીરમાં રહ્યા છે, કેવળજ્ઞાન પામેલો આત્મા પણ શરીરમાં રહે છે, તેમને ઇંદ્રિયો તો હોય છે પણ ત્યાં બંધ નથી; તેથી ઇન્દ્રિયો બંધનું કારણ નથી, પણ ભાવની અશુદ્ધતા એટલે કે સ્વભાવની ભૂલ તે બંધનું કારણ છે. પાડાને ગૂમડું ને પખાલને ડામ દેવા જાય તો ગૂમડું રુઝાય નહિ, તેમ ભૂલ આત્માના પર્યાયમાં થાય ને બહારની ક્રિયા સુધારવા જાય તો ભૂલ મટે નહિ.

ચેતન-અચેતનનો ઘાત તે પણ બંધનું કારણ નથી, પણ અજ્ઞાની પોતે એવો અહંકાર કરે છે કે 'આને મેં બચાવ્યો ને આને મેં માર્યો,' તે ભ્રાંતિનો ભાવ બંધનું કારણ છે. કારણ કે બીજાને પોતે મારી કે બચાવી શકતો નથી. સામા જીવની આયુષ્ય-સ્થિતિ પુરી થયે તે મરે છે અને આયુષ્યના કારણે તે બચે છે, પણ પોતે જે બચાવવાનો ભાવ કરે છે તેથી પુણ્ય બંધાય છે ને મારવાનો ભાવ કરે છે તેથી પાપ બંધાય છે. ચેતન-અચેતનનો ઘાત તે બંધનું કારણ નથી, પરંતુ ભાવથી બંધ થાય છે. જેને ન મારવું હોય તે વચ્ચે આવી જાય છે ને જેને મારવું હોય તે છટકી જાય છે એમ ઘણીવાર બને છે, તેથી સિદ્ધ થાય છે કે કોઈ કોઈને મારી બચાવી શકતું નથી. જે ઠેકાણે ભૂલ થાય તે ઠેકાણે ટાળવામાં ન આવે તો ભૂલ ટળે નહિ.

કોઈ કહેશે કે શાસ્ત્રમાં કાયિકી-ક્રિયાને બંધનું કારણ કહ્યું છે; તેનો અર્થ શું છે? મારવાનો કે બચાવવાનો જે ભાવ કર્યો તે વખતે જે નિમિત્ત હોય તેને બંધનું નિમિત્ત કહ્યું છે, પરંતુ નિમિત્ત પોતે કાંઈ બંધનું કારણ નથી, બંધ તો ભાવથી જ થાય છે. જો બહારથી બંધ થતો હોય તો સિદ્ધોને અને કેવળજ્ઞાનીઓને પણ બંધ થવો જોઈએ, પરંતુ તેમ થતું નથી; તેથી બંધ ભાવથી જ થાય છે. બાહ્યની પ્રવૃતિ બંધનુ કારણ છે તેમ માનવાથી એકરૂપ અબાધિત નિયમરૂપ સિદ્ધાંત થતો નથી પણ વ્યભિચાર આવે છે એટલે કે દોષ આવે છે-વિરોધ આવે છે: માટે ભાવ જ બંધનું કારણ છે. પર વસ્તુની પ્રીતિ-અપ્રીતિ અને પર વસ્તુ તે હું છું અને પર વસ્તુ મારારૂપ છે એવી એકત્વબુદ્ધિ તે બંધનું કારણ છે, પરંતુ બાહ્યની કોઈ જાતની પ્રવૃત્તિ તે બંધનું કારણ નથી.

મુનિઓ સમિતિપૂર્વક-જોઈ ને ચાલે છે, ચાલતા ચાલતા તેમના પગ નીચે

ઊડીને કોઈ ખપેડી કે પંતગિયું આવી જાય છે અને મરી પણ જાય છે. ત્યાં મુનિને મારવાનો હેતુ નથી, ઉપયોગમાં પ્રમત્તભાવ નથી, માટે હિંસા થઈ નથી. તે જીવનું આયુષ્ય ન હતું તેથી મરણ પામ્યો છે, તેમાં મુનિને દોષ નથી. ભાવ જ બંધનનું કારણ છે અને ભાવ જ મુક્તિનું કારણ છે. સમ્યગ્દૃષ્ટિને અલ્પરાગ છે તેથી અલ્પ બંધ છે; મુનિઓને વીતરાગભાવની પ્રધાનતા હોય છે તેથી અહીં શાસ્ત્રમાં સમિતિ-પૂર્વક ચાલનારા મુનિનું દૃષ્ટાંત આપ્યું છે; કારણ કે મુનિઓ ચાલતા હોય છે ત્યારે પણ તેમને વીતરાગ ભાવની જ પ્રધાનતા હોય છે; સમ્યગ્દૃષ્ટિ અલ્પરાગ છે તેથી તેમનું દૃષ્ટાંત આપ્યું નથી. પરંતુ અંતર્દૃષ્ટિની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-

(પૃથ્વી)

न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा
न नैककरणानि वा न चिदचिद्वधो बंधकृत् ।
यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः
स एव किल केवलं भवति बंधहेतुर्नृणाम् ॥१६४॥

અર્થ: કર્મબંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ). નથી અનેક પ્રકારનાં કરણો કે નથી ચેતન-અચેતનનો ઘાત. 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ-) ખરેખર પુરુષોને બંધનું કારણ છે.

બહારની કોઈ વસ્તુ આત્માને બંધનું કારણ નથી, પણ ઉપયોગમાં રાગાદિ કરે છે તે જ બંધનું કારણ છે, પોતાના પરિણામમાં બંધનું કર્તાપણું સ્વીકારે છે તે જ બંધનું કારણ છે. ઉપયોગભૂ એટલે કે આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક ખરેખર બંધનું કારણ છે. હું અને રાગાદિક બન્ને એક છીએ તેમ માનવું તે જ એક ખરેખર બંધનું કારણ છે. પર મારું કરી શકે છે અને હું પરનું કરી શકું છું એવી માન્યતામાં પર સાથેની એકત્વબુદ્ધિ આવી જાય છે અને તે જ ખરેખર બંધનું કારણ છે.

આ કાર્ય મારાથી થયું, ફલાણી સગવડતા હું હતો તો જ થઈ, નહીંતર થાત જ નહિ-એવી માન્યતા તે બંધનું કારણ છે. હું હતો તો દાગીના થયા, હું સોની પાસે બેઠો જ રહ્યો તેથી સોની છેતરી શકયો નહિ એમ અજ્ઞાની માને છે. પણ ભાઈ!

જો જવાનું હોય તો સોનીની સો નજર હોય તેથી તને ભૂલાવીને પણ છેતરી જાત; પરમાં તારું કર્યું કાંઈ થતું નથી, જેમ થવાનું હોય તેમ થાય છે; તારા રાગને લઈને તું સોની પાસે બેઠો, પણ વસ્તુ તો જવાની હોય તે જાય જ છે, તું મફતનો અભિમાન કરી રહ્યો છે; તે જ માત્ર બંધનું કારણ છે.

મન-વચન-કાયાની ક્રિયા મારાથી થાય છે. આંખની પાંપણ મારાથી હલે છે-એવી માન્યતા તે અજ્ઞાન છે. જો આંખની પાંપણ તું ચલાવી શકતો હો તો મરણ વખતે જ્યારે આંખ થંભી જાય છે ત્યારે કેમ ચલાવી શકતો નથી ? તે વખતે આત્મા તો છે, પણ જડની ક્રિયા સ્વતંત્ર અટકી ગઈ તે કોઈનો ભાર નથી કે ચલાવી શકે. પોતે અજ્ઞાનપણે ખોટું અભિમાન કરે છે. પર વસ્તુ સાથે ઐકયપણાની બુદ્ધિ, વિકારીભાવ સાથે ઐકયપણાની બુદ્ધિ તે જ બંધનું કારણ છે, પર વસ્તુનો કર્તા થાય છે તેમાં પર વસ્તુ સાથેની ઐકયબુદ્ધિ આવી જાય છે અને તે જ બંધનું કારણ છે. કાં તો સાક્ષી રહે અને કાં તો કર્તા થાય, બેમાંથી એક હોય, જ્ઞાતાપણું અને કર્તાપણું બે એક સાથે હોય નહિ.

અજ્ઞાનને લઈને જીવો માને છે કે સ્ત્રી, છોકરા વગેરે આપણું કીધેલું બરાબર માને છે, પણ ભાઈ! સૌ, પોતપોતાને રુચે છે તે માને છે, કોઈ કોઈનું માનતું નથી, મફતનો માની બેઠો છે કે પર મારું માને છે; પરંતુ વાસ્તવિક દૃષ્ટિએ જોવા જાય તો કોઈ કોઈનું માનતું નથી, સૌ પોતપોતાને ગોઠે છે તે જ માની રહ્યા છે; વળી જીવો કહે છે કે સ્ત્રી બંધનું કારણ છે, પણ સ્ત્રી-કુટુંબાદિ બાહ્ય કારણો બંધનનું કારણ નથી; પરંતુ ઊંધી દૃષ્ટિ તે જ બંધનું કારણ છે. આત્માની જ્ઞાન ભૂમિકાને ભૂલીને પરના કર્તાપણારૂપ અહંકાર તે જ ચોરાશીલાખના પરિભ્રમણનું કારણ છે. હું સાક્ષી છું પણ કર્તા નથી એવું ભાન ભૂલ્યો અને પરનું કર્તાપણું સ્વીકાર્યું, એવા પરાધીનતાના ભાવમાં અટકયો તેથી ચોરાશી લાખની બેડીયો ટળતી નથી. રાતી-પીળી દુનિયાને નવરા થઈ ને 'સત્' સાંભળવાનો અવકાશ પણ કયાં છે ? જે વેગ અનાદિથી છે તે ને તે વેગમાં ચાલ્યા જાય છે. પર વસ્તુ સાથે અને વિકારીભાવ સાથે એકતાબુદ્ધિ થવી તે જ બંધનુ કારણ છે.

સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિ કરતો નથી, ઉપયોગનો અને રાગાદિનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી.

સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિ કરતો નથી, જ્ઞાતાપણે ઉભેલો તે ઉપયોગનો અને રાગાદિનો ભેદ જાણી સ્વરૂપ પર્યાયની વૃદ્ધિ કરતો જાય છે; તે ગૃહસ્થાશ્રમમાં

જો જવાનું હોય તો સોનીની સો નજર હોય તેથી તને ભૂલાવીને પણ છેતરી જાત; પરમાં તારું કર્યું કાંઈ થતું નથી, જેમ થવાનું હોય તેમ થાય છે; તારા રાગને લઈને તું સોની પાસે બેઠો, પણ વસ્તુ તો જવાની હોય તે જાય જ છે, તું મફતનો અભિમાન કરી રહ્યો છે; તે જ માત્ર બંધનું કારણ છે.

મન-વચન-કાયાની ક્રિયા મારાથી થાય છે. આંખની પાંપણ મારાથી હલે છે–એવી માન્યતા તે અજ્ઞાન છે. જો આંખની પાંપણ તું ચલાવી શકતો હો તો મરણ વખતે જ્યારે આંખ થંભી જાય છે ત્યારે કેમ ચલાવી શકતો નથી? તે વખતે આત્મા તો છે, પણ જડની ક્રિયા સ્વતંત્ર અટકી ગઈ તે કોઈનો ભાર નથી કે ચલાવી શકે. પોતે અજ્ઞાનપણે ખોટું અભિમાન કરે છે. પર વસ્તુ સાથે ઐકયપણાની બુદ્ધિ, વિકારી-ભાવ સાથે ઐકયપણાની બુદ્ધિ તે જ બંધનું કારણ છે, પર વસ્તુનો કર્તા થાય છે તેમાં પર વસ્તુ સાથેની ઐકયબુદ્ધિ આવી જાય છે અને તે જ બંધનું કારણ છે. કાં તો સાક્ષી રહે અને કાં તો કર્તા થાય, બેમાંથી એક હોય, જ્ઞાતાપણું અને કર્તાપણું બે એક સાથે હોય નહિ.

અજ્ઞાનને લઈને જીવો માને છે કે સ્ત્રી, છોકરા વગેરે આપણું કીધેલું બરાબર માને છે, પણ ભાઈ! સૌ, પોતપોતાને રુચે છે તે માને છે, કોઈ કોઈનું માનતું નથી, મફતનો માની બેઠો છે કે પર મારું માને છે; પરંતુ વાસ્તવિક દૃષ્ટિએ જોવા જાય તો કોઈ કોઈનું માનતું નથી, સૌ પોતપોતાને ગોઠે છે તે જ માની રહ્યા છે; વળી જીવો કહે છે કે સ્ત્રી બંધનું કારણ છે, પણ સ્ત્રી–કુટુંબાદિ બાહ્ય કારણો બંધનનું કારણ નથી; પરંતુ ઊંધી દૃષ્ટિ તે જ બંધનું કારણ છે. આત્માની જ્ઞાન ભૂમિકાને ભૂલીને પરના કર્તાપણારૂપ અહંકાર તે જ ચોરાશીલાખના પરિભ્રમણનું કારણ છે. હું સાક્ષી છું પણ કર્તા નથી એવું ભાન ભૂલ્યો અને પરનું કર્તાપણું સ્વીકાર્યું, એવા પરા-ધીનતાના ભાવમાં અટકયો તેથી ચોરાશી લાખની બેડીયો ટળતી નથી. રાતી–પીળી દુનિયાને નવરા થઈ ને 'સત્' સાંભળવાનો અવકાશ પણ કયાં છે? જે વેગ અનાદિથી છે તે ને તે વેગમાં ચાલ્યા જાય છે. પર વસ્તુ સાથે અને વિકારીભાવ સાથે એકતા-બુદ્ધિ થવી તે જ બંધનુ કારણ છે.

સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિ કરતો નથી, ઉપયોગનો અને રાગાદિનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી.

સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિ કરતો નથી, જ્ઞાતાપણે ઉભેલો તે ઉપયોગનો અને રાગાદિનો ભેદ જાણી સ્વરૂપ પર્યાયની વૃદ્ધિ કરતો જાય છે; તે ગૃહસ્થાશ્રમમાં

હોય, રાજપાટમાં હોય, સ્ત્રી-કુટુંબ વચ્ચે હોય અને તે બધા ઉપર અલ્પ રાગ હોય તોપણ ઉપયોગ અને રાગાદિનો ભેદ જાણી જ્ઞાતાની ભૂમિમાં ઉભો રહે છે.

જ્ઞાની સમજે છે કે સ્ત્રી-કુટુંબ-છોકરાનું હું કાંઈ કરી શકતો નથી, સો સૌનું સારું-ખરાબ પોતપોતાનાં પ્રારબ્ધ પ્રમાણે થાય છે, હું કોઈનું કાંઈ કરી શકતો નથી; શરીરની ક્રિયાનો પણ હું કર્તા નથી, ઇંદ્રિયોની ક્રિયાનો પણ હું કર્તા નથી, મારી ક્રિયા મારામાં છે અને જડની ક્રિયા જડમાં છે, મારી અરૂપી ક્રિયા છે અને જડની રૂપી ક્રિયા છે, જડથી હું જુદો છું, વિકાર મારો સ્વભાવ નથી, માટે વિકારથી પણ હું જુદો છું.

ઇંદ્રિયોની ક્રિયા ઇંદ્રિયોમાં થાય છે-એમ કહીને સ્વચ્છંદની વાત નથી; એવા ને એવા રાગ-દ્વેષ સેવે અને કહે કે મને બંધન નથી-એવી આ વાત નથી; આ તો વસ્તુસ્વરૂપની વાત છે, ત્રિકાળી સિદ્ધાંતની વાત છે, જ્ઞાનીનું જ્ઞાન કઈ જાતનું હોય છે તેની વાત છે. જ્ઞાનીને સ્વરૂપાચરણ ચારિત્ર થતાં અનંતા રાગ-દ્વેષ ટળી ગયા છે; અલ્પ રહ્યા છે તેને ટાળવા માગે છે, પુરુષાર્થ ચાલુ છે, માટે સ્વચ્છંદી નથી. ઇંદ્રિયો અને સ્વભાવનો ભેદ જાણીને સ્વભાવની ભૂમિકામાં રહ્યો થકો અનંતા રાગ-દ્વેષ ટાળીને પુરુષાર્થમાં ઉભેલો તે, અલ્પરાગ છે તેને પણ ટાળવા માગે છે. અલ્પરાગ છે તેને રોગ સમાન જાણે છે, આ ક્ષણે વીતરાગ થઈ જાઉં-એવી ભાવના વર્તે છે; રાગનો એક અંશ પણ આદરણીય માનતો નથી; તેથી તેને સ્વચ્છંદ નથી પણ વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ ભેદ પાડીને તે સમજે છે. શરીરથી હું જુદો છું, ઇંદ્રિયોથી હું જુદો છું, શુભાશુભ વિકારીભાવથી પણ હું જુદો છું-એ રીતે જેમ છે તેમ બરાબર ભેદ પાડીને સમજે છે. ૨૩૭ થી ૨૪૧.

જ્ઞાની ઉપયોગનો અને રાગાદિનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી તેથી તેને પૂર્વે કહેલી તે ચેષ્ટાથી બંધ થતો નથી. એમ હવે કહે છેઃ-

जह पुण सो चेव णरो णेहे सव्वह्मि अवणिये संते ।
रेणुबहुलम्मि ठाणे करेह सत्थेहिं वायामं ॥२४२॥

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વે દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.

छिंददि भिददि य तहा तालीतलकयलिवंसपिंडीओ ।
सच्चित्ताचित्ताणं करेह दव्वाणमुवघायं ॥२४३॥
उवधायं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं ।
णिच्छयदो चिंतिज्ज हु किं पच्चयगो ण रयबंधो ॥२४४॥
जो सो दु णेहभावो तह्मि णरे तेण तस्स रयबंधो ।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं ॥२४५॥
एवं सम्मादिट्ठि वट्टंतो बहुविहेसु जोगेसु ।
अकरंतो उवओगे रागाई ण लिप्पइ रयेण ॥२४६॥

અર્થ:-વળી જેવી રીતે-તે જ પુરુષ, સમસ્ત તેલ આદિ સ્નિગ્ધ પદાર્થને દૂર કરવામાં આવતાં, બહુ રજવાળી જગ્યામાં શસ્ત્રો વડે વ્યાયામ કરે છે, અને તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને છેદે છે, ભેદે છે, સચિત્ત તથા અચિત્ત દ્રવ્યોનો ઉપઘાત કરે છે; એ રીતે નાના પ્રકારનાં કરણો વડે ઉપઘાત કરતા તે પુરુષને રજનો બંધ ખરેખર કયા કારણે નથી થતો તે નિશ્ચયથી વિચારો. તે પુરુષમાં જે તેલ આદિનો ચીકાશ ભાવ હોય તેનાથી તેને રજનો બંધ થાય છે એમ નિશ્ચયથી જાણવું, શેષ કાયાની ચેષ્ટાઓથી નથી થતો. (માટે તે પુરુષમાં ચીકાશના અભાવના કારણે જ તેને રજ ચોંટતી નથી). એવી રીતે—બહુ પ્રકારના યોગોમાં વર્તતો સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિકને નહિ કરતો થકો કર્મ રજથી લેપાતો નથી.

વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.
બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે? ૨૪૪.
એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.
યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દૃષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

પહેલાં પાંચ ગાથામાં આવ્યું હતું કે જે ભૂમિમાં ધૂળ ભરી છે તે ભુમિમાં એક માણસ શસ્ત્રો વડે વાંસ આદિ વૃક્ષોને કાપે છે તેને રજ ચોંટે છે; તે રજ ચોંટવાનું કારણ ધૂળ છે કે તેલ છે? તેલની ચીકાશ જ રજબંધનું કારણ છે, પરંતુ કાયની ચેષ્ટા રજબંધનું કારણ નથી.

હવેની પાંચ ગાથામાં કહે છે કે ધૂળ જો બંધનું કારણ હોય તો તેનો તે જ માણસ તેવાને તેવા હથિયાર લઈને અનેક પ્રકારનાં ઝાડ-વાંસ વગેરે કાપતો હોય પણ તેલ શરીરે ચોપડયું ન હોય તો તેને બંધ થતો નથી, માટે સચિત્ત-અચિત્તનો ઘાત બંધનું કારણ નથી, બહુ ધૂળથી ભરેલી ભુમિ બંધનું કારણ નથી, અનેક પ્રકારનાં શસ્ત્રો પણ બંધનું કારણ નથી, ઊઠ બેસની ક્રિયા પણ બંધનું કારણ નથી, માત્ર એક તેલની ચીકાશ જ ધુળ ચોંટવાનું કારણ છે. બહારની કોઈ જાતની ક્રિયા બંધનુ કારણ નથી. તે જ માણસ છે, તે જ હથિયાર છે, તે જ સચિત્ત-અચિત્તનો ઘાત છે, તે જ ધુળવાળી ભૂમિ છે, તેવી જ ઊઠ બેસની ક્રિયા છે પણ તે કોઈ કારણો બંધનું કારણ નથી, એક તેલની ચીકાશ જ બંધનું કારણ છે; તેલની ચીકાશ વગર તે જ માણસ બધી ક્રિયા કરે છે છતાં બંધનો અભાવ છે.

તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો, તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલા લોકમાં તે જ કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે તેને બંધનુ. કારણ જે રાગનો યોગ—રાગમાં જોડાણ તેનો અભાવ છે.

જ્ઞાની રાગાદિકને પોતાના સ્વીકારતો નથી તો પછી શરીરની ક્રિયાને તો પોતાની કયાંથી સ્વીકારે? તેનાથી જુદાપણાનું ભાન વર્તે છે, તેમાં એકમેકબુદ્ધિએ લેપાતો નથી, તેથી જ્ઞાની બંધાતો નથી. જ્ઞાનીને અલ્પરાગ થાય છે પણ તેને તેનું સ્વામીત્વ નથી, તે રાગને પોતાનો સ્વભાવ સ્વીકારતો નથી પણ અલ્પ અસ્થિરતા થાય છે તેમ સમજે છે. જ્ઞાનીને રાગાદિકનું ભેદજ્ઞાન વર્તે છે માટે તે રાગાદિકનો કર્તા નથી; જ્ઞાની સમજે છે કે મારી જ્ઞાનશક્તિ, શ્રદ્ધાશક્તિ, સ્થિરતાશક્તિ, વીતરાગ-શક્તિ મારામાં છે, તેનો હું સ્વામી છું પણ આ મલિન સ્વભાવ મારો નથી અને તેનો હું સ્વામી નથી; આવા ભાનમાં ગમે તે સંયોગમાં ઊભા છતાં જ્ઞાનીને બંધન નથી. જેમ તેલની ચીકાશ વગરનો માણસ શસ્ત્રોથી વાંસ આદિ કાપે છે છતાં રજથી બંધાતો નથી તેમ જ્ઞાની બંધાતો નથી.

સોનીને ત્યાં સોનું લેવા જાય ત્યાં સોનું ને તાંબુ ભેગાં હોય તો તાંબાની કિંમત ન આપે, સોનાની કિંમત આપે. પાંચવાલ તાંબુ સોના ભેગું હોય તો તેની કિંમત કાઢી નાંખે છે, માત્ર એકલા સોનાની જ કિંમત આપે છે. તેમ ભગવાન આત્મા સોનાસ્વરૂપ છે અને રાગ-દ્વેષ તાંબાસ્વરૂપ છે; જ્ઞાનીને સોનાસ્વરૂપ ચૈતન્યની કિંમત છે રાગસ્વરૂપ તાંબુ જોડે ભલે હોય પણ તેની તેને કિંમત નથી. જ્ઞાનીને કિંમત સોનાસ્વરૂપ ચૈતન્યની છે. જ્ઞાનીને અલ્પબંધ થાય છે તે ગૌણ છે, તેના ઉપર તેની દૃષ્ટિ નથી, તેની તેને કિંમત નથી અજ્ઞાની તો તાંબાસ્વરૂપ વિકારી પર્યાય અને સોના સ્વરૂપ ચૈતન્યબન્નેને એક જ કલ્પે છે. જ્ઞાની તે તાંબાસ્વરૂપ વિકારી પર્યાય અને સોનાસ્વરૂપ ચૈતન્ય—બન્નેના ભેદ પાડે છે. જ્ઞાની હજી વીતરાગ થઈ ગયો નથી પણ તેને વિવેક બરાબર વર્તે છે. જેમ બાળકને સોનાની કિંમત નથી તેમ અજ્ઞાનીને ચૈતન્ય આત્માની કિંમત નથી. રાગ-દ્વેષ તે કથીર છે, તે આત્માની ઋદ્ધિ નથી એવી અજ્ઞાનીને ખબર નથી. સાક્ષીપણું અને મલિનતાને જુદા પાડવા તે ધર્મ છે. વિકાર મારામાં છે એમ અહંકાર કરવો તે અધર્મ છે. જ્ઞાનીને ધર્મ પ્રગટયો છે, ચૈતન્યની કિંમત લાગી છે, સ્વભાવની કિંમત લાગી છે; તેથી સ્વભાવના ભાનમાં પ્રતીતમાં ઉભો, સ્વભાવમાં ઠરતો, પર સાથે-વિકાર સાથે એકત્વબુદ્ધિથી જોડાતો નથી, તેથી બંધાતો નથી; તેને સ્વભાવનો અનતો રસ પ્રગટયો છે, વિભાવના અનંતા રસની ચીકાશ તૂટી ગઈ છે તે બંધાતો નથી.

જ્ઞાનીને બહારથી એવી ને એવી પ્રવૃત્તિ હોય, મન-વચન કાયાની ક્રિયા એવી ને એવી હોય, સચિત્ત-અચિત્તનો ઘાત તથા ઇંદ્રિયો વગેરે કરણો એ ને એ હોય, પણ પરના અહંકરરૂપ ચીકાશ કાઢી નાંખી છે તેથી બહારની ક્રિયા તેવી ને તેવી દેખાય છતાં અંતરનું પરિણમન ફરી ગયું છે, તેથી બંધ નથી. મીંદડી જે મોઢાથી બચ્ચાંને પકડે તે જ મોઢાથી ઉંદરને પકડે, પકડની ક્રિયા એક દેખાય છતાં 'પકડ પકડમેં ફેર હૈ' એકને બચાવવાનો ભાવ છે ને એકને મારવાનો ભાવ છે. તેમ જ્ઞાની-અજ્ઞાનીની ક્રિયા બહારથી એકસરખી દેખાય છતાં અંતર પરિણમનમાં તદ્દન ફેર છે, આકાશ-પાતાળ જેટલો આંતરો છે. જ્ઞાનીને સ્વરૂપનો દોર ગમે તે ક્રિયામાં ઉભા ચૂકાતો જ નથી, સાક્ષીપણું વર્ત્યા જ કરે છે; તેથી જ્ઞાનીને બંધ થતો નથી, અલ્પ બંધ થાય છે તે ગૌણ છે.

ધર્માત્મા રામચંદ્રજી, ભરત ચક્રવતી, પાંડવો વગેરે લડાઈમાં ઉભા હતા પણ 'હું ચિદાનંદમૂર્તિ છું, અખંડ પૂર્ણાનંદ આનંદઘન છું, આ ક્રિયા થાય તે મારો

સ્વભાવ નથી, રાગનો અંશ અલ્પ છે તેથી આ ક્રિયા થાય છે પરંતુ તે મારૂં સ્વરૂપ નથી ' તેમ બરાબર સમજતા હતા. તે ધર્માત્મા લડાઈમાં હાથમાં હથિયાર લઈ ને ઉભા હતા, સચેત-અચેત વસ્તુઓનો ઘાત પણ થતો હતો છતાં ચિદાનંદ સ્વભાવનું ભાન હોવાથી બંધન થતું ન હતું. કોઈને એમ લાગે કે શું વીતરાગદેવને કાંઈ પક્ષપાત હશે કે સમકિતી આવી ક્રિયામાં ઉભા છતાં બંધન નથી તેમ કહે છે, અને મિથ્યાદષ્ટિ નગ્ન દિગંબર મુનિ થઈને જંગલમાં ફરતો હોય તોપણ તેને બંધન થાય છે તેમ કહે છે? ના, વીતરાગદેવને કોઈનો પક્ષ હોતો નથી, પક્ષ હોય તો વીતરાગ કહેવાય નહિ. પરંતુ મિથ્યાદષ્ટિના અંતરમાં પરમાં પોતાપણાની બુદ્ધિ ઉભી છે તેથી પરનો અનંતો અહંકાર ઉભો છે, ને પોતાના સ્વપદાર્થનું તદ્દન અભાન વર્તે છે તેથી તેને બંધન થાય છે. સમ્યગ્દષ્ટિનું અંતર તદ્દન ફરી ગયેલું છે, તેને સ્વપદાર્થના ભાનપૂર્વક પર પદાર્થમાં પોતાપણાની બુદ્ધિનો અહંકાર સર્વ રીતે ટળી ગયો છે માટે જ્ઞાનીને બંધ નથી. જેમ બાળકને ધવરાવનારી ધાવમાતા એમ સમજે છે કે આ છોકરો મોટો થઇને આપણા પાલર દેવે એમ નથી, બાળકને નવરાવવું, ધવરાવવું, હુલરાવવું, રમાડવું વગેરે બધું એની સગી જનેતા કરતાં પણ ધાવ-માતા વધારે કરે છે, પોષણ તો બરાબર કરે છે, બાળકને જરા પણ રડવા ન દે, ક્રિયા તો એની સગી જનેતા કરતાં પણ સવાઈ કરે છે, સગી જનેતા તો કોઈ ખાસ પ્રસંગ હોય તો રડાવે પણ ખરી, ચીંટીયો પણ ભરે. ધાવમાતા તો જરાપણ એમ ન કરે છતાં પણ અંતરમાં સમજે છે કે આ દીકરો મારો નથી, તેથી, પોતાના દીકરા જેવી પ્રીતિ તેને આવે નહિ. જે પ્રીતિ અન્યના દીકરા ઉપર ધાવ માતાને દેખાય છે તે કૃત્રિમ પ્રીતિ છે. તેમ એ ધાવમાતાની માફક, સમ્યગ્દષ્ટિ સંસારમાં બધી ક્રિયામાં અજ્ઞાનીની માફક ઉભો દેખાય છે છતાં એકત્વપણાની બુદ્ધિ ખસી ગઈ છે તેથી તે બંધથી લેપાતો નથી. જ્ઞાનીને સંસારમાં જે પ્રીતિ દેખાય છે તે બધી કૃત્રિમ પ્રીતિ છે, વાસ્તવિક પ્રીતિ નથી. જેમ લાકડાની શય્યામાં મડદું સુવાડ્યું હોય તો તેને કોઈના ઉપર કાંઈ પ્રીતિ છે? નથી. એમ ધર્મી જડની શય્યામાં, જડના સંયોગમાં પોતાપણું જાણતો નથી તેથી તેને કોઈના ઉપર પ્રીતિ આવતી નથી. જેમ મડદા પાસે પદમણી બેસાડે તો મડદાને કોઇ જાતની કલ્પના આવે નહિ, તેમ જ્ઞાની સમજે છે કે આ પુણ્ય—પાપના ઠાઠ બધા મારા નથી, મારે ને એને કાંઈ સંબંધ નથી, અલ્પરાગ-દ્વેષ થાય તે પણ મારું સ્વરૂપ નથી એમ જ્ઞાની સમજે છે; તેથી તેને કોઇ જાતની રાગની કલ્પના આવતી નથી. જેમ મડદાને રાગ આવતો નથી તેમ જ્ઞાનીને પણ ભેદજ્ઞાન થયું હોવાથી પરમાં સુખ છે એમ રાગની કલ્પના ઊઠતી નથી. જ્ઞાનીને આવો ચૈતન્યજાગૃતિનો

ભાવ હંમેશાં રહ્યા કરે છે તેથી તેને બંધ થતો નથી. જ્ઞાની સમજે છે કે રાગ-દ્વેષ છે તે બધા મડદાં છે, મડદાંના મલાવા ન હોય; અજ્ઞાનીને મડદાનાં એટલે પરના મલાવા છૂટતાં નથી, જરા પુણ્ય વધે ત્યાં 'હું પહોળો ને શેરી સાંકડી ' એ રીતે પરનો અહંકાર કરે છે તે બંધનું કારણ છે. જ્ઞાનીની સ્વભાવ દૃઢતા તેને બંધ થવા દેતી નથી.

૨૦૦૦, કારતક વદ ૧૨, બુધ,

આત્માની શુદ્ધતાનું રોકાઈ જવું ને અશુદ્ધતાનું થવું તે બંધન; અશુદ્ધતાનું ટળવું ને શુદ્ધતાનું પ્રગટ થવું તે મુક્તિ. સમ્યગ્દૃષ્ટિને બહારના કોઈ પણ કારણો બંધનું કારણ થતાં નથી. બહારના સર્વ સંબંધો હોવા છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી.

રજકણથી ભરેલો લોક, મન-વચન કાયાની ક્રિયા, ઇંદ્રિયોની ચેષ્ટા, સચેત-અચેતનો ઘાત, તે કોઇ પણ કારણથી બંધન થતું નથી. કોઇ કહેશે કે તે બધા કારણો પાપબંધનું તો કારણ થતું નથી પણ પુણ્યનું કારણ અને ધર્મનું કારણ થાય કે નહિ? તો એનો ઉત્તર એ છે કે તે કારણો પુણ્યનું કારણ પણ નથી, પાપનું કારણ પણ નથી ને ધર્મનું કારણ પણ નથી. બહારની કોઇ ક્રિયા પાપનું, પુણ્યનું કે ધર્મનું કારણ નથી. પરંતુ ઊંધીદૃષ્ટિ ને રાગ-દ્વેષ તે બંધનું કારણ છે ને સવળીદૃષ્ટિ ને વીતરાગભાવ તે મોક્ષનું કારણ છે.

બહાર કર્મયોગ્ય પરમાણુ હોય કે ન હોય, મન-વચનની ક્રિયા થાય કે ન થાય, સચિત્ત-અચિત્તનો ઘાત થાય કે ન થાય, ઇંદ્રિયોની ચેષ્ટા વર્તે કે ન વર્તે છતાં જ્ઞાનીને અંતર ઉપયોગમાં રાગાદિ નથી માટે તે બહારના ક્રિયાકાંડ બંધનું કારણ નથી. સમ્યગ્દૃષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધ હોવા છતાં એટલે કે ઇંદ્રિયોની ચેષ્ટા વગેરે સર્વ સંબંધ હોવા છતાં તેને પર વસ્તુના ધણીપણાનો અભાવ હોવાથી બંધન થતું નથી.

( શાર્દૂલવિક્રીડિત )

लोकः कर्म ततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्
तान्यस्मिन्करणानि संतु चिदचिद्व्यापादनं चास्तु तत् ।
रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन्केवलं
बंधं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दगात्मां ध्रुवम् ॥१६५॥

અર્થ:-માટે તે (પૂર્વોક્ત) બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્ગલોથી) ભરેલો લોક છે તે ભલે હો, તે મન-વચન-કાયાના ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ યોગ) છે તે પણ ભલે હો, તે ( પૂર્વોક્ત ) કરણો પણ તેને ભલે હો અને તે ચેતન-અચેતનનો ઘાત પણ ભલે

હો, પરંતુ અહો ! આ સમ્યગ્દષ્ટિ આત્મા, રાગાદિકને ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો, કેવળ ( એક ) જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો, કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો. (અહો ! દેખો ! આ સમ્યગ્દર્શનનો અદ્‌ભુત મહિમા છે. )

કર્મયોગ્ય પુદ્‌ગલથી ભરેલો લોક ભલે હો, ચલનસ્વરૂપ કર્મ ભલે હો, કરણો ભલે હો, સચિત્ત અચિત્તનો ઘાત ભલે હો, પણ તેથી ધર્મીને બંધન થતું નથી.

જેને આત્માના સ્વભાવની દઢતા નથી અને પરમાં પોતાપણું માન્યું છે તેને રાગદ્વેષ થયા વગર રહે નહિ ને તેથી બંધ થયા વગર રહે નહિ. ભ્રાંતિ, અને રાગ-દ્વેષ વડે બંધ થાય છે, બહારની ક્રિયા વડે બંધ થતો નથી. જ્ઞાની પર સાથેની એકત્વ-બુદ્ધિની મીઠાશ પોતાની ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો, જ્ઞાનની નિર્મળ અવ-સ્થાને કરતો-તે રૂપે થતો—પરિણમતો બહારના કોઇ કારણથી બંધાતો નથી. જગતને આ વાત ઊંધી લાગે પણ આ વાત 'ઊંધાથી ઊંધી' છે એટલે કે સત્ય છે, અને તે સમજ્યે જ મોક્ષ છે ને સંસારનો અંત છે.

હું માત્ર જાણનાર છું એમ જ્ઞાન કરીને, જાણનાર પ્રવર્તતો થકો, અલ્પરાગ-દ્વેષ થાય છે તેનો કર્તા થતો નથી. 'કેવળ, જ્ઞાનમાં પરિણમતો થકો' એમ કહ્યું છે ત્યાં કેવળજ્ઞાન સમજવાનું નથી પણ હું માત્ર જાણનાર છું એમ ભાન કરીને એમાં જ પરિણમતો થકો અલ્પ રાગ-દ્વેષ થાય તેનો કર્તા થતો નથી, એમ સમજવું.

સમ્યગ્દષ્ટિ પૂર્ણદશાને પામ્યો નથી પણ પૂર્ણનું ભાન થઈ ગયું છે. જેમ-બીજ ઊગે ત્યાં આખો—પૂર્ણ ચંદ્ર દેખાઈ જાય છે; બીજ પોતાને દેખાડે છે, પૂર્ણ ચંદ્રને દેખાડે છે, પૂર્ણ ઉઘડવાનો બાકી છે એને દેખાડે છે અને આવરણને પણ દેખાડે છે; તેમ જેને સમ્યગ્દર્શન પ્રગટ છે તે જીવ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનરૂપ ઉઘડેલા પર્યાયને જાણે છે, પૂર્ણ સ્વભાવને જાણે છે, પૂર્ણસ્વરૂપ જે પ્રગટવાનું બાકી છે તેને જાણે છે અને નિમિત્તરૂપ આવરણને પણ જાણે છે, એવો સમ્યગ્દર્શનનો મહિમા છે. પરંતુ હજી અધૂરો પર્યાય છે, કેવળજ્ઞાન પ્રગટ થયું નથી. દૃષ્ટિએ બંધ છે, દૃષ્ટિએ મુક્તિ છે.

મિથ્યાદૃષ્ટિ જીવ બહારથી બધું ત્યાગીને બેઠો હોય, કાંઈ ક્રિયા ન કરતો હોય, બહારનો સંબંધ કાંઇ ન હોય, પણ તેને 'પર મારાથી બચે છે ને પર મારાથી મરે છે' એવો અહંકાર ટળ્યો નથી, રાગાદિમાં એકતાબુદ્ધિ ટળી નથી, સ્વ-પરની ભિન્નબુદ્ધિ થઈ નથી તેથી બંધ થાય છે.

સમ્યગ્દૃષ્ટિને અને મિથ્યાદૃષ્ટિને બહારના સંયોગ સરખા હોય તોપણ મિથ્યાદૃષ્ટિને

બંધ છે અને સમ્યગ્દષ્ટિને અંતરદૃષ્ટિ ફરી ગઇ છે માટે બંધ નથી. સમ્યગ્દષ્ટિ સંસારમાં ઉભા છતાં શરીરની, વાણીની અને મનની ક્રિયાનો અહંકાર ન કરતો, રાગાદિને ઉપયોગભૂમિમાં ન લાવતો-તેને જુદા પાડતો-તે રૂપે ન પરિણમતો હોવાથી બંધાતો નથી. અહો! આ સમ્યગ્દર્શનનો મહિમા છે.

બહારના સંયોગ મિથ્યાદૃષ્ટિ જેવા સમ્યગ્દૃષ્ટિને ઉભા હોય તોપણ જ્ઞાનીને બંધ નથી ને અજ્ઞાનીને બંધ છે, જ્ઞાની અજ્ઞાનીની અંતરદૃષ્ટિમાં તદ્દન આંતરો છે.

અજ્ઞાનીને ચાલતાં ચાલતાં કપાળમાં થાંભલો વાગે તે કહે આ થાંભલો તો જ્યારે હોય ત્યારે આડો જ આવે છે ને વાગ્યા જ કરે છે! એમ તે પરનો વાંક કાઢે છે પણ પોતાને શરીર ઉપર અભિમાન થયું તે જોતો નથી; તે માને છે કે બહારની ક્રિયાથી બંધ થાય છે, પણ પોતાના પરિણામના દોષથી બંધ થાય છે એમ અજ્ઞાની સમજતો નથી.

રાગ-દ્વેષ, તૃષ્ણા વગેરે પાપના ભાવ મંદ કરે તો પુણ્ય થાય અને રાગ-દ્વેષ, તૃષ્ણા વગેરેના ભાવો તીવ્ર કરે તો પાપ થાય; એ રીતે પાપ—પુણ્યનો બંધ ચૈતન્યના પરિણામના આધારે છે પણ શરીરની ક્રિયાના આધારે નથી.

બહારથી ત્યાગ થયો એટલે પરિણામ ત્યાગના થયા છે એમ નથી, બહારથી અમુક લીલોતરી વગેરે વસ્તુ ખાવાનો ત્યાગ કર્યો ને પરિણામમાં તે વસ્તુ ખાવા પ્રત્યે રાગ વર્તતો હોય છે એટલે કે બહારથી ત્યાગ થતા અંતરથી રાગનો ત્યાગ થાય છે-એમ નથી. પરંતુ અંતરથી અમુક વિષયનો રાગ છૂટતાં બહારથી પણ તે વિષયનો ત્યાગ થઈ જાય છે એવો સંબંધ છે. જ્યારે કાકડી વગેરે કાચી લીલોતરી હાથમાં લઇને ખાતો હોય ત્યારે તેને પરિણામમાં ત્યાગ વર્તતો નથી, કારણ કે એટલો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. પરિણામમાં અમુક વસ્તુ પ્રત્યેનો ત્યાગ વર્તતો હોય તો તેને બહારથી પણ ત્યાગ જ હોય એવો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે, પણ બહારથી માત્ર વસ્તુનો ત્યાગ થતાં પરિણામમાંથી રાગનો ત્યાગ થઈ જાય એમ નથી રાગનો ત્યાગ થતાં બહારની વસ્તુનો ત્યાગ થઈ જ જાય એવો સંબંધ છે.

લોક, યોગ, કારણ, સચિત્ત-અચિત્તનો ઘાત એ બંધનાં કારણ નથી એમ કહ્યું છે. આથી એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઇ હિંસા કરવી.

કોઈ આથી એમ ઉંધુ સમજે કે 'ભાવથી બંધ છે; ક્રિયાથી નથી, માટે ગમે તેવા ભાવ કરીએ તો વાંધો નથી,' એમ માને તો તેને સ્વચ્છંદનું જોર છે; ભાવથી બંધ છે એમ માની ગમે તેમ પ્રવર્તે, પાંચ ઇંદ્રિયોના વિષયો સેવતો હોય તો તેમાં

ભાવ તારો થયો કે શું થયું? ઇચ્છાપૂર્વક-સ્વચ્છંદપૂર્વક વિષય કષાય ભોગવવાનો તારો જે ભાવ છે તે ભાવથી બંધ થઈ ચૂકયો છે, પછી તું કહે કે-ભગવાને બહારનાં કારણોથી બંધ નથી એમ કહ્યું છે અને ભાવથી બંધ કહ્યો છે, પણ એમ બોલવાનો હક્ક તને શું છે? તું તો સ્વચ્છંદથી ગૃધ્ધીના ભાવ કરી રહ્યો છે માટે તને તો ભાવથી બંધ થઈ ચૂકયો છે. જો ઊંધું માનીને સ્વચ્છંદ સેવીશ તો ચાલ્યો જઈશ નરક-નિગોદમાં, કયાંય તારો પત્તો પણ લાગશે નહિ. માટે સવળું સમજવાનું છે કે શુભભાવથી પુણ્યનો બંધ છે, અને અશુભ ભાવથી પાપનો બંધ છે અને શુભાશુભ ભાવ રહિત નિર્વિકારી-નિર્મળ ભાવથી ધર્મ થાય છે, પરંતુ બહારની શરીરાદિની ક્રિયા સાથે કાંઈ બંધ કે અબંધને સંબંધ નથી. એમ સવળાં જ્ઞાન-શ્રદ્ધા કરીને સ્વરૂપમાં લીનતા કરવા માટે ભગવાનનો ઉપદેશ છે, પરંતુ સ્વચ્છંદી થવા માટે ભગવાનનો ઉપદેશ નથી.

અહીં તો આ ગાથા અને કળશમાં એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત પણ થઈ જાય તો તેનાથી બંધ થતો નથી. પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે અને તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ. જ્યાં જીવને જીવાડવાનો અભિપ્રાય હોય એટલે કે હું જ પરને જીવાડી દઉં છું એવો અભિપ્રાય હોય ત્યાં પણ તે અભિપ્રાયને મિથ્યાત્વ કહ્યું છે, તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય? હોય જ. માટે ઉપદેશ કયા પ્રકારનો છે એમ નયવિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું. સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે. દયાના પરિણામ આવી જાય તે જુદી વાત છે પણ હું જીવાડી દઉં છું એવો અભિપ્રાય તે મિથ્યાત્વ છે.

ઇચ્છાપૂર્વક કોઈ જીવને મારવાના ભાવ નથી પણ તેને કારણે તે મરી જાય તો તેને બંધન નથી. એનું આયુષ્ય પૂરું થયું એટલે તે મરી ગયો. બાકી પરને ત્રણકાળ ત્રણ લોકમાં કોઈ મારી શકતું નથી. મારું ચૈતન્ય સ્વરૂપ, જાણક સ્વરૂપ પરથી જુદું છે એમ ઉપયોગ ભૂમિમાં ચૈતન્યની પ્રતીતીપૂર્વક રહેતો થકો જ્ઞાની બંધાતો નથી; તેને બીજાને મારવાના ભાવ નથી છતાં કોઈ જીવ તેના શરીર દ્વારા એનું આયુષ્ય પૂરું થતાં એના પોતાના કારણે મરી ગયો તો તેને (જ્ઞાનીને) બંધ નથી. પરંતુ જો બીજાને મારવાનો ભાવ આવ્યો તો તે તો ચૈતન્યનો વિકારી પર્યાય છે માટે તે તો બંધનું કારણ છે. જીવાડવાનો ભાવ આવે તે પણ બંધનું કારણ છે તો પછી મારવાનો ભાવ બંધનું કારણ કેમ ન હોય?-હોય જ. પરંતુ ભાવ બંધનું કારણ છે, પણ શરીરાદિની ક્રિયા બંધનું કારણ નથી, એ ખાસ સમજવાનું છે.

પ્રશ્ન: મુનિને બચાવવા જાય તેને શું કહેશો?

ઉત્તર:-મુનિને બચાવવાનો ભાવ છે તે જ્ઞાન-દર્શન-ચારિત્રને નભાવવાનો શુભભાવ છે. મુનિ જ્ઞાની છે, ધર્માત્મા છે, એવા મુનિને બચાવવાનો ભાવ છે તે ધર્મને નભાવવાનો ભાવ છે; જેને ધર્મ ઉપર પ્રેમ છે તેને ધર્મી ઉપર પ્રેમ આવ્યા વગર રહે નહિ. પરંતુ તે સમજે છે કે હું મુનિને બચાવી શકતો નથી, હું મુનિને નભાવી શકતો નથી, પણ મને ધર્મનો રાગ છે તેથી બચાવવાનો ભાવ આવે છે; જ્ઞાન-દર્શન-ચારિત્રના પ્રશસ્ત રાગને લઈને મુનિ ઉપર પ્રશસ્ત રાગ આવ્યા વગર રહે નહિ. મુનિને બચાવવામાં જ્ઞાનને નભાવવાનો ભાવ છે, શાસનની રક્ષાનો ભાવ છે તેથી બચાવવા જાય છે. પોતે વીતરાગ નથી થયો ત્યાંસુધી ભક્તિનો રાગ-ભાવ આવ્યા વગર રહે નહિ.

જ્ઞાનીને બીજા કોઈ જીવ દુ:ખી દેખીને કરુણાનો ભાવ પણ આવે, સામા જીવને કોઈ મારતો હોય તે દેખીને કરુણાનો ભાવ પણ આવે, પણ તે સમજે છે કે મને રાગને લઈને પરને બચાવવાનો ભાવ આવે છે અને તે જાતની ક્રિયા પણ થાય છે. પરંતુ સામાના આયુષ્યનો ઉદય હતો તેથી તે બચ્યો, મેં તેમાં કાંઈ કર્યું નથી, હું કોઈનું કાંઇ કરી શકતો નથી, સૌ કાર્ય સૌનાં સ્વતંત્ર થાય છે-એવું દૃઢ જ્ઞાન જ્ઞાનીને વર્તે છે.

કેટલાક જીવો એવો ઊંધો અર્થ ગ્રહણ કરે છે કે 'શાસ્ત્રમાં કહ્યું છે કે કોઈને મારી શકાતું નથી માટે ગમે તેમ કરીએ તો વાંધો નથી' પણ ભાઇ! મારવાનો ભાવ તેં કર્યો, દુઃખ દેવાનો ભાવ તેં કર્યો અને કહે છે કે કોઇને મારી શકાતું નથી, માટે મને બંધન નથી, વાહ ! આવો અર્થ ક્યાંથી કર્યો ? મારવાના ભાવ કર્યા તેથી બંધન થયા વગર રહેશે નહિ.

હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને, સ્વછંદભાવ અટકાવવાને કાવ્ય કહે છે.

( કાવ્યના પૃથ્વી )

तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां
तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः ।
अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां
द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च ॥१६६॥

અર્થ:-તથાપિ ( અર્થાત્ લોકાદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે તોપણ ) જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે ) પ્રવર્તવું

યોગ્ય નથી કહ્યું, કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે. જ્ઞાનીઓને વાંછા વિના કર્મ ( કાર્ય ) હોય છે તે બંધનું કારણ કહ્યું નથી, કેમકે જાણે પણ છે અને ( કર્મને ) કરે પણ છે-એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી? ( કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે )

બસો બેંતાલીશથી બસો છેંતાલીશ સુધીની ગાથાઓમાં કહ્યું છે કે મન-વચન-કાયની ક્રિયા બંધનું કારણ નથી, સચિત્ત-અચિત્તનો ઘાત બંધનું કારણ નથી, રજવાળી ભૂમિ બંધનું કારણ નથી પણ અજ્ઞાન ને રાગ-દ્વેષ જ બંધનું કારણ છે. એમ કહ્યું છે તોપણ ધર્મીઓએ નિરર્ગલ એટલે મર્યાદારહિત સ્વછંદપણે પ્રવર્તવું યોગ્ય નથી. ખરી રીતે જ્ઞાની હોય તે મર્યાદારહિત પ્રવર્તે જ નહિ પણ જેણે ખોટું જ્ઞાનીપણું માની લીધું હોય તે મર્યાદારહિત પ્રવર્તે; જે રાગને અને સ્વભાવને જુદા જાણતો ન હોય તેને તેથી બંધ થયા વગર રહે જ નહિ; સ્વભાવની અને રાગની એકતા કરતો હોય અને માને કે અમને બંધ થતો નથી, તો તેમ માનવાથી કાંઈ તે છૂટી જાય તેમ નથી. જે રાગનો કર્તા થાય છે તે બધી ક્રિયાનો કર્તા થાય છે, તે જ્ઞાયક સ્વભાવને જાણતો નથી, તે જ્ઞાયકપણે રહી શકતો નથી, પરંતું કર્તાપણું છૂટીને જ્ઞાયકની સ્વરૂપમર્યાદામાં રહી શકતો નથી તેથી પરની જીવાડવા-મારવાની ક્રિયાનો કર્તા થાય છે; પરને જીવાડવા મારવાનો તેનો અભિપ્રાય ઉભો છે એટલે કે પર જીવ હું હતો તો જ બચ્યો એવો અભિપ્રાય ઉભો છે, વિકારી પરિણામનો કર્તા થાય છે, શરીરની ક્રિયાનો કર્તા થાય છે અને મર્યાદારહિત સ્વચ્છંદપણે પ્રવર્તે છે વળી તે એમ માને છે કે અમને બંધ નથી, પણ એમ માનવાથી કાંઈ તેનું બંધન છૂટી જાય એમ નથી.

પાંચ ઇંદ્રિયોના વિષય સેવે, પરને મારવાના ભાવ કરે, પરને જીવાડવાના ભાવ કરે અને માને કે અમને બંધન નથી, પણ ભાઈ! આત્માને ભૂલીને પાંચ ઇંદ્રિયોમાં લીનતા કરી, એકત્વબુદ્ધિ કરી, તથા પરને હું મારી શકું છું-પરને હું જીવાડી શકું છું એવા ભાવ તો બધા ઉભા છે, અને માનવું છે કે અમને બંધન નથી. તારી તે વાત તદ્દન ખોટી છે. શરીર-વાણી-મનને પોતામાં એકતાપણે માની રહ્યો છે તે જ બંધનું કારણ છે. રાગ અને જ્ઞાનને એકતાપણે માની રહ્યો છે તે જ બંધનું કારણ છે. બસો બેંતાલીશ ગાથાથી બસો છેંતાલીશ ગાથાની ટીકામાં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ પોતામાં રાગાદિકને નહિ કરતો થકો બંધાતો નથી.

અજ્ઞાની એકબાજુ કહે છે કે હું સાક્ષી છું અને બીજી બાજુ કહે છે કે હું કર્તાપણાનો ભાવ સેવું છું એટલે કે હું બીજાને જીવાડવા-મારવાનો કર્તા થાઉ છું,

એ બે વાત કેમ બને ? સાક્ષીપણાને ચૂકયો તેને કર્તાપણાનો બંધ થયા વગર રહે નહિ.

જ્ઞાની પરના કર્તા થતા નથી પણ જ્ઞાની તો જ્ઞાતા રહે છે; કર્તાપણું અને જ્ઞાતાપણું બન્ને પરસ્પર વિરોધી છે, જે જ્ઞાતા રહે છે તેને બંધ થતો નથી ને જે કર્તા થાય છે તેને બંધ થાય છે. જ્ઞાનીને જે કાર્ય થાય છે તે કરવાની ઇચ્છાપૂર્વક-એકત્વ-બુદ્ધિથી થતું નથી પણ અસ્થિરતાથી થઈ જાય છે; તોપણ જ્ઞાનીનું જ્ઞાતાપણું છૂટતું નથી અને તે કર્તા થતો નથી માટે તેને બંધ થતો નથી.

પહેલા કાવ્યમાં લોકાદિને બંધના કારણ ન કહ્યા, ત્યાં એમ ન સમજવું કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિને બંધના કારણોમાં સર્વથા જ નિષેધી છે; બાહ્યવ્યવહારપ્રવૃત્તિ રાગાદિ પરિણામને-બંધના કારણને-નિમિત્તભૂત છે, તે નિમત્તપણાનો અહીં નિષેધ ન સમજવો. જ્ઞાનીઓને અબુદ્ધિપૂર્વક-વાંછા વિના-પ્રવૃત્તિ થાય છે તેથી બંધ કહ્યો નથી, તેમને કાંઈ સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી; કારણ કે મર્યાદા રહિત ( અંકુશ વિના ) પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે. જાણવામાં અને કરવામાં તો પરસ્પર વિરોધ છે; જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય, કર્તા થશે તો અવશ્ય બંધ થશે.

રાગાદિ પરિણામને અને બાહ્યપ્રવૃત્તિને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે માટે સ્વચ્છંદે પ્રવર્તવું યોગ્ય નથી. કોઇ એમ માને કે-બીજાને ગમે તેમ મારવાના, દુઃખ દેવાના કાર્યો કરીએ તો કાંઈ બંધન થતું નથી, તો તે વાત તદ્દન ખોટી છે; કારણ કે ભાવ તો મારવાના ઉભા છે, ભાવને અને ક્રિયાને નિમિત્તનૈમિત્તિકસંબધ છે માટે બંધન થયા વગર રહેશે નહિ. અજ્ઞાનતાથી કોઈ એમ માને કે આપણે ગમે તેમ કરીએ તો વાંધો નથી, અને એમ માની કોઇને છાનુંમાનું ઝેર આપી દીધું; એ રીતે તે માણસને મારી નાખ્યો. આવા હિંસાના ભાવ કર્યા તેથી બહારની ક્રિયા તે ભાવને નિમિત્તરૂપ થઇ કહેવાય. મારવાનો કે હેરાન કરવાનો ભાવ કરે તો બહારની ક્રિયા તે ભાવને નિમિત્તરૂપ થાય છે, ભાવ ન હોય તો ક્રિયા નિમિત્તરૂપ પણ નથી; ભાવે જે ક્રિયાનું અવલંબન લીધું તે ક્રિયા તેને નિમિત્તરૂપ કહેવાણી, ભાવ જ નથી પછી ક્રિયાને નિમિત્ત કોનું કહેવું ? સમિતિમાં પ્રવર્તતા મુનિ ચાલ્યા જતા હોય તેના પગ નીચે કોઈ જીવ આવીને મરી જાય તો તે ક્રિયા ભાવને નિમિત્તરૂપ નથી; કારણ કે હિંસાના ભાવ જ નથી પછી નિમિત કોનું કહેવું ? પરંતુ બાહ્ય ક્રિયાથી બંધ નથી એમ સાંભળીને સ્વચ્છંદે પ્રવર્તવું યોગ્ય નથી, કારણ કે ક્રિયાને અને ભાવને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. મારવાના ભાવ કરે તો ક્રિયા ભાવને નિમિત્તરૂપ થાય છે અને ઉપચારથી બંધનું નિમિત્ત પણ કહેવાય છે.

બંધ ભાવથી જ છે, ક્રિયાથી નથી. ભાવે જે ક્રિયાનું અવલંબન કર્યું તે ક્રિયાને તે ભાવનું નિમિત્ત કહેવાય છે, પણ બંધ તો ભાવથી જ છે, ક્રિયાથી નથી.

પ્રશ્ન:— યોગથી બંધ કેમ ન હોય ?

ઉત્તર:–યોગની ક્રિયાથી બંધ નથી પણ ભાવથી બંધ છે. જો યોગથી બંધ હોય તો કેવળી ભગવાનને પણ બંધ થવો જોઈએ, ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને પણ હજારો ગાઉના વિહાર હોય છે, દિવ્યધ્વનિ છૂટે છે વગેરે યોગની ક્રિયા હોય છે, પણ રાગ નથી-વીતરાગ છે માટે બંધ નથી. એ રીતે યોગની ક્રિયા બંધનું કારણ નથી યોગની ક્રિયા જેમ ભગવાનને બંધનું કારણ નથી તેમ બધા જીવોને બંધનું કારણ નથી. સિદ્ધાંત એક જ હોય. જેમ સંપૂર્ણ પર્યાય પ્રગટેલા આત્માને યોગથી બંધન નથી તેમ નીચલા પર્યાયવાળા જીવોને પણ યોગથી બંધન ન હોય એવો ન્યાય છે

તીર્થંકર ભગવાનને વિકાર હોય, ભગવાનને છ છ ઘડી વાણી છૂટે–સવારે છ ઘડી–બપોરે છ ઘડી–સાંજે છ ઘડી ને રાત્રે છ ઘડી એ રીતે ભગવાનને દિવ્યધ્વનિ છૂટે, પણ તે જડની ક્રિયા બંધનું કારણ નથી, ભગવાનને જડની ક્રિયા બંધનું કારણ નથી ને નીચલીદશાવાળાને બંધનું કારણ થાય તેનું કાંઈ કારણ ? સિદ્ધાંત એક હોય કે બે હોય ? જે નિર્બાધહેતુથી સિદ્ધ થાય તે સિદ્ધાંત કહેવાય; જેમાં વિરોધ ન આવે, દોષ ન આવે તે નિશ્ચય છે, તે નિર્બાધયુક્તિ છે.

સમકિતીને ગૃહસ્થાશ્રમમાં ઘણી ક્રિયા હોય છે પણ ક્રિયાથી બંધ નથી, ભાવથી બંધ છે; તેના શરીરની ક્રિયા, રાજપાટની વ્યવસ્થા વગેરે કાંઈ પણ બંધનું કારણ નથી, પણ તે ગૃહસ્થાશ્રમનો અલ્પરાગ રહ્યો છે તે બંધનું કારણ છે; પુરુષાર્થમાં નબળાઇ રહે છે તેથી મુનિ ન થાય ત્યાં સુધી અલ્પરાગ-દ્વેષ છે. તે રાગ-દ્વેષ બંધનું કારણ છે, પણ બાહ્યની ક્રિયા—કાયાની ચેષ્ટા તે બંધનું કારણ નથી. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહ્યો છે તે અલ્પરાગ-દ્વેષને લઇને રહ્યો છે, તેથી તે રાગ-દ્વેષ બંધનું કારણ છે પણ બહારની ક્રિયા બંધનું કારણ નથી.

કોઈ કહેશે કે અમે તો કાંઈ કરતા નથી તોપણ અમને બંધ થાય છે તેમ કહો છો અને સમકિતી તો લડાઈમાં ઉભો હોય તોપણ તેને બંધ નથી તેમ નથી તેમ કહો છો, તો શું સમ્યગ્દષ્ટિને કાંઈ રજિસ્ટર કરી આપ્યું છે ? હા, રજિસ્ટર કરી આપ્યું છે. જેને સ્વભાવ પર્યાયય પ્રગટ્યો, જેને પરભાવમાં અનંતો રસ તૂટી ગયો ને કર્તા મટીને જ્ઞાતા થયો, સ્વરૂપનો અનુભવનારો થયો તેને રજિસ્ટર છે કે અવશ્ય બંધ નથી ને અવશ્ય મોક્ષ છે.

સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં ઉભો હોય તોપણ પરનો સ્વામી થતો નથી, પરનો ધણી થતો નથી. પરથી જુદા સ્વભાવનું ભાન વર્તે છે, તેથી લડાઈમાં ઉભો છતાં ઘણી નિર્જરા છે ને અલ્પબંધ છે, અજ્ઞાનીને શરીર-વાણી-મન ને વિકારથી હું જુદો છું એવું ભાન નથી તેથી તે બાહ્યમાં કાંઈ પણ ન કરતો હોય તોપણ તેને નિર્જરા તો નથી પણ એકલું બંધન છે. કોઈ કહેશે કે શું સમ્યગ્દૃષ્ટિને સર્વ હક સ્વાધીન છે ? હા, સર્વ હક સ્વભાવમાં સ્વાધીન છે.

સમ્યગ્દૃષ્ટિને પરનું સ્વામીપણું થતું નથી. શરીર-વાણી-મન અને વિકારથી જુદા સ્વભાવનું નિરાળું ભાન રહે છે, તેથી શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ થતી નથી; જેમ સગી જનેતા હોય, તેણે પટીયા પાડયાં હોય પણ તેને દેખીને દીકરાને બીજી કલ્પના આવે નહિ; કારણ કે દીકરાને ખ્યાલ છે કે આ મારી માતા છે ને હું એનો દીકરો છું માટે બીજી કલ્પના થતી નથી. એક દૃષ્ટિ ફરતાં બધું ફરી જાય છે. તેવી રીતે સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિ ફરતાં બધું ફરી જાય છે, ક્ષણ પહેલાં કર્તા હતો અને ક્ષણમાં જ્ઞાતા થઇ જાય છે. પરનો અનંતો રસ છૂટીને સ્વમાં અનંતો રસ થઈ જાય છે. એમ એક ક્ષણમાં બધું ફરી જાય છે. જ્યારે જ્ઞાન થયું કે આ વિકારી પરિણામ મારું સ્વરૂપ નથી, ત્યારથી તેની સાથે એકત્વબુદ્ધિ છૂટીને સ્વભાવમાં એકત્વબુદ્ધિ થાય છે, વિકારને પોતાના માનતો નથી, અને તેનો સ્વામી થતો નથી, સ્વભાવનું સ્વામીત્વ છૂટતું નથી. એ રીતે સ્વદૃષ્ટિ ફરતાં બધું ફરે છે. જ્ઞાની બહારથી તેના તે જ સંયોગમાં ઉભા હોય તોપણ જેમ માતાને દેખીને દીકરાને વિકાર થતો નથી, તેમ જ્ઞાનીને નિર્વિકારી સ્વભાવના સ્વાદમાં, 'આ વિકારી સ્વભાવ મારો છે' તેમ થતું નથી. અજ્ઞાનીને આ મારૂં, વિકાર મારો, જડ મારાં-એવો ભાવ ખસતો નથી, અને જ્ઞાની વિકારનો સ્વામી થતો નથી અને સ્વભાવમાંથી ખસતો નથી.

ચોરાશી લાખના અવતારની વખાર છે, તેમાં શરીર-મન-વાણી-વિકારને પોતાના માનીને અજ્ઞાની એકત્વબુદ્ધિથી ઉભો છે; તે અજ્ઞાની ગમે ત્યાં ઉભો હોય પણ તેને બંધ છે. જ્ઞાની તે જ ક્ષેત્રમાં ત્યાં જ ઉભો હોય તોપણ તેને બંધ નથી, કારણ કે જ્ઞાનીને ક્ષણે ક્ષણે ભાન છે કે મારો શુદ્ધ નિર્વિકારી સ્વભાવ છે, શરીર-મન-વાણી તે હું નથી, વિકાર તે હું નથી, એવું જ્ઞાન જ્ઞાનીને ક્ષણે ક્ષણે હાજરપણે વર્તે છે, ગમે ત્યાં ઉભો હોય તોપણ આવું ભાન જ્ઞાનીને હાજરપણે વર્તે છે માટે બંધ નથી. સમ્યગ્દૃષ્ટિનો વિષય સ્વ આત્મા છે અને મિથ્યાદૃષ્ટિનો વિષય પર છે.

સમ્યગ્દર્શન થતાં જાણવાનું કાંઇ ટળી જતું નથી, પણ જ્ઞાની જ્ઞાતાભાવે જાણે છે ને અજ્ઞાની કર્તા થાય છે. આત્માની સ્વભાવિક સ્થિતિને સમજ્યા વગર, મળેલા

મનુષ્યનો અવતાર એળે જશે, માટે જેણે આત્માનું કલ્યાણ કરવું હોય તેણે વસ્તુ-સ્વભાવ સમજ્યે જ છૂટકારો છે.

જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી. જાણનારા રહેવું અને કરનારા થવું તે બે એક ઠેકાણે કેમ રહે? કરવાનો ભાવ અને જાણવાનો ભાવ બન્ને એક સાથે કેમ રહે? કરવાના ભાવ આવે અને કહે કે હું સાક્ષી છું, તે વાત તદ્દન ખોટી છે. કર્તાપણાના ભાવમાં વળી સાક્ષીપણું ક્યાંથી આવ્યું? બન્ને વાત તદ્દન વિરોધી છે, એક સાથે બન્ને રહી શકે નહિ.

ક્રિયાથી બંધ નથી પણ ભાવથી બંધ છે માટે મર્યાદારહિત પ્રવર્તવું યોગ્ય નથી. મર્યાદારહિત એટલે શું? જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવનું ભાન ભૂલીને, હું સાક્ષીપણાની મૂર્તિ છું તે ચૂકીને, હું સારી રીતે ક્રિયા કરી શકું છું, વિકારી પરિણામ મારો સ્વભાવ છે ને તેનો હું કર્તા છું-તેવા ભાવથી પ્રવર્તવું તે મર્યાદારહિત પ્રવર્તન છે. સ્વભાવનું ભાન ચૂકીને વિકારી પરિણામ સાથે એકત્વબુદ્ધિથી બીજા ઉપર દ્વેષ કરનારો રાગ-દ્વેષનો કર્તા થાય છે, બીજાના દોષ જોઈને આનંદ કરનારો રાગ-દ્વેષનો કર્તા થાય છે અને તે કર્મથી બંધાય છે. સમ્યગ્દૃષ્ટિને કર્તા-પણાનો ભાવ જ નથી માટે બંધ નથી, અલ્પરાગ-દ્વેષ છે તેનાથી અલ્પબંધ છે, પણ તે અલ્પબંધની અહીં વાત નથી.

કરે કરમ સોઈ કરતારા, જો જાનૈ સો જાનનહારા;
જો કરતા નહિ જાનૈ સોઈ, જાનૈ સો કરતા નહિ હોઈ.

જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી; કરવું તે તો કર્મનો રાગ છે, રાગ છે તે અજ્ઞાન છે અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે. આવા અર્થનું કાવ્ય હવે કહે છે:—

( વસંતતિલકા )

जानाति यः स न करोति करोति यस्तु
जानात्ययं न खलु तत्किल कर्मरागः ।
रागं त्वबोधमयमध्यवसायमाहु—
र्मिथ्यादृशः स नियतं स च बंधहेतुः ॥ १६७ ॥

અર્થ:-જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી. જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે અને રાગને ( મુનિઓએ ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો

છે; તે ( અજ્ઞાનમય અધ્યવસાય ) નિયમથી મિથ્યાદૃષ્ટિને હોય છે અને તે બંધનું કારણ છે.

સંસારમાં રહ્યા થકા જ્ઞાની જાણે છે, જે કાર્ય થાય તેને ભિન્નપણે રહીને જાણે છે. જ્ઞાની કાંઈ કરતા નથી, એનો અર્થ એવો નથી કે તે વીતરાગ થઈ ને બેસી ગયા છે, અલ્પરાગ થાય છે પણ તેના કર્તા નથી, જાણનાર છે. શરીરાદિની અને રાગદ્વેષાદિની ક્રિયાના જ્ઞાની જાણનાર છે. જ્ઞાની સમજે છે કે તે બધાં પરદ્રવ્ય અને પરભાવોથી ભિન્ન હું અનાદિ અનંત ચૈતન્યતત્ત્વ છું; હું તો સાક્ષી સ્વરૂપ છું, તે સાક્ષી સ્વરૂપમાં લીન થવું તે મારું કાર્ય છે, તે સિવાય રાગાદિ કે શરીરાદિમાં મારું કાંઈ પણ કર્તાપણું છે નહિ, હું તો સર્વનો જાણનાર છું. એ રીતે જ્ઞાની સર્વ ક્રિયાનો જાણનાર છે પણ કર્તા નથી. અજ્ઞાની પરનો કર્તા થાય છે માટે તે જાણનાર નથી. જે જાણે છે તે કર્તા નથી અને જે કર્તા છે તે જાણતો નથી.

જે જીવ કર્મરાગ—વિકારરાગ વગેરે પર કર્તવ્યને પોતાનાં માને તેને મુનિઓએ, સંતોએ, દેવાધિદેવ સર્વજ્ઞદેવે કર્તા કહ્યો છે. અરે ભાઈ! તું કાંઈ પણ શરીરાદિની ક્રિયાનો કર્તા થયો–સ્વામી થયો તે સર્વ રાગની એકાગ્રતાનો ભાવ છે, તે અજ્ઞાનમય અધ્યવસાય છે, તે નિયમથી મિથ્યાદૃષ્ટિને હોય છે. ૨૪૨–૨૪૬.

હવે મિથ્યાદૃષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છે:—

**जो मण्णादि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं ।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ॥२४७॥**

અર્થ:—જે એમ માને છે કે ' હું પરજીવોને મારું છું ( -હણું છું ) અને પર જીવો મને મારે છે,' તે મૂઢ ( -મોહી ) છે, અજ્ઞાની છે, અને આનાથી વિપરીત ( અર્થાત્ આવું નથી માનતો ) તે જ્ઞાની છે.

પરજીવ મને મારે છે, અને પરજીવને મારવાની તાકાત મારામાં છે–એમ જે માને છે તે મૂઢ છે, તેને ધર્મનો અંશ પણ નથી. આત્મા તો જ્ઞાયકસ્વરૂપ છે, તે પરને મારવાની તાકાત ધરાવતો નથી. છતાં જે એમ માને છે કે પરને હું મારું છું ને પર મને મારે છે, તે ધર્મનો અજાણ છે. જ્ઞાની એવું માનતા નથી. જ્ઞાની સમજે છે કે કોઈ દ્રવ્યનું કાંઈ કરી શકતું જ નથી.

જે માનતો–હું મારું ને પર જીવ મારે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭

પોતાને બીજો કોઈ મારી શકે છે એમ માનવું તે અજ્ઞાન છે, શરીરનો વિયોગ થવો તે સૌ સૌના આયુષ્યને કારણે છે. કોઈ એમ માને કે રાજા એવો મળ્યો, ઘરના માણસ એવા મળ્યા કે કોઈને સરખા સાચવ્યા નહિ, તેથી બધાં મરી ગયા, એમ માનનારો મૂઢ છે. અરૂપી આત્માને કોઈ મારી શકે નહિ, શરીરનો વિયોગ કરાવવાની કોઈની તાકાત નથી, શરીરનો વિયોગ તો આયુષ્ય પૂરું થાય ત્યારે જ થાય છે. અરૂપી સ્વતઃસિદ્ધ નિત્ય આત્માને કોઈ મારી શકતું નથી અને કોઈ શરીરનો વિયોગ પણ કરાવી શકતું નથી. શરીરનો વિયોગ કરાવવાની કોઈમાં તાકાત નથી, આયુષ્ય પૂરું થતાં જ શરીરનો વિયોગ થાય છે.

જે ખાટલે જે ક્ષેત્રે જે જે આત્મા શરીરથી જુદા પડવાના હોય તે ત્રણકાળ ત્રણલોકમાં ફરે નહિ.

જે ખાટલે ને જે પાટલે દેહ છૂટવાના તે ફરવાના નહિ, પછી ભલે સલૂનમાં કે બલૂનમાં ડાક્તરને ઉતારે તોપણ કોઈનું ત્યાં કામ આવે નહિ. કોઈનું કાંઈ પણ કરી આપવા આત્મા ત્રણકાળ ત્રણલોકમાં સમર્થ નથી. શરીરને આત્મા જુદા થવા તે તારા પૂર્વ કર્મનું કારણ છે, તને સત્ય વાતની ખબર નથી તેથી, 'બીજા મને મારી નાખે છે, સરખી માવજત કરી નહિ તેથી મરણ થયું', તેમ અજ્ઞાનતાથી માની રહ્યો છે. જ્ઞાનીની માન્યતા તારાથી વિપરીત છે. તે માને છે કે મારામાં કોઈને મારવાની સામર્થાઈ નથી, હું કોઈને મારી શકતો નથી, તેમ બીજા મને મારી શકતા નથી. બધાં દ્રવ્ય સ્વતંત્ર છે-એમ જ્ઞાની માને છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે છે તેમ માનવું તે અજ્ઞાન છે અને તે બંધનું કારણ છે.

સં. ૨૦૦૦, કારતક વદ ૧૩, ગુરવાર.

આત્માનો સ્વભાવ જેવો છે તેવો નહિ માનતાં તેનાથી ઊંધું માનવાથી આત્માની શક્તિ હીણી થાય છે અને તેથી બંધ થાય છે.

આત્મા એક પદાર્થ છે; જે પદાર્થ હોય તે ગુણ-પર્યાયવાળો હોય; ગુણ-પર્યાય વગરની વસ્તુ ન હોય. લીંબુનો ખાટો સ્વભાવ છે, ગોળનો ગળ્યો સ્વભાવ છે, કાળીજીરીનો કડવો સ્વભાવ છે, તેમ આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જે પદાર્થ હોય તેમાં ગુણ-પર્યાય તો હોય જ. ગુણ-પર્યાય વગરનો પદાર્થ ન હોય. આત્મમાં જાણવું-દેખવું—ઠરવું-વીતરાગતા આદિ અનંતગુણ છે, પણ અનાદિથી અજ્ઞાનને લઈને તે ગુણોનું ભાન નહિ હોવાથી જડમાંથી-શરીરમાંથી પોતાના ગુણ આવે છે તેમ માન્યું છે. જ્ઞાન પરમાંથી આવે છે, સુખ પરમાંથી આવે છે વગેરે ગુણો પરમાંથી આવે છે તેમ

માન્યું છે; આવી ઊંધી માન્યતા ઉભી છે ત્યાં સુધી બંધ ઉભો છે. જો સમ્યક્‌જ્ઞાન થાય તો બંધ ટળી જાય છે.

આત્મા દ્રવ્યથી અને ગુણથી ત્રિકાળ શુદ્ધ છે, પણ વર્તમાન અવસ્થામાં વિકાર છે. જો વર્તમાન અવસ્થામાં પણ વિકાર ન હોય તો આત્મા તદ્દન મુક્ત હોય, આત્મામાં પરમાનંદ પ્રગટપણે હોય; પરંતુ પરમાનંદ આત્મામાં પ્રગટપણે દેખાતો નથી, તેથી નક્કી થાય છે કે આત્માની વર્તમાન અવસ્થામાં વિકાર છે ને તેથી બંધન છે.

આત્માની વર્તમાન અવસ્થામાં વિકાર છે. જો વર્તમાન અવસ્થામાં વિકાર ન હોય તો કોઈને સુખનાં ઝાવાં હોત નહિ, પ્રતિકૂળતા ટાળવાના અને અનુકૂળતા મેળવવાનાં ઝાવાં હોત નહિ. આત્મામાં ગુણની જો પ્રગટ સુખરૂપ અવસ્થા હોય તો આવાં વલખાં અને સુખનાં ઝાવાં હોય જ નહિ અને સંસાર પણ હોય જ નહિ. માટે સાબિત થાય છે કે આત્માની વર્તમાન અવસ્થામાં ભૂલ છે.

આત્મા ત્રિકાળ વસ્તુ છે. જે વસ્તુ હોય તે ગુણ વિના ન હોય, અગ્નિ હોય ત્યાં ઉષ્ણતા હોય. ઉષ્ણતા વિના અગ્નિ હોય નહિ, ગુણ વિના ગુણી હોય નહિ; આત્મા પણ એક વસ્તુ છે માટે તે અનંતગુણ સહિત છે. અગ્નિનું તો એક દૃષ્ટાંત આપ્યું છે. અગ્નિ તો ઘણા રજકણનો બનેલો સ્થૂળ સ્કંધ છે, સંયોગી ચીજ છે, અને આત્મા તો સ્વત: સિદ્ધ અનાદિઅનંત વસ્તુ છે. તે વસ્તુ ગુણ વગરની કેમ હોય? એવો સિદ્ધાંત છે કે કોઈ વસ્તુ ગુણ વગરની હોય નહિ. ગુણ વગર ગુણી કોઈ ઠેકાણે કોઈ કાળે હોય નહિ; માટે વસ્તુ અને વસ્તુના ગુણ અનાદિઅનંત ત્રિકાળ છે. વર્તમાન અવસ્થામાં ભૂલને લઈને શક્તિ હીણી થાય છે ને તેથી ચોરાશીના અવતાર થાય છે.

પોતે આત્મા જેમ વસ્તુ છે તેમ સામી ચીજ પણ વસ્તુ છે; સામી વસ્તુ, તેના ગુણ અને તેની અવસ્થા સ્વતંત્ર છે. બીજા આત્માઓ, પરમાણુ તે વસ્તુ છે. તે વસ્તુ પણ ગુણસહિત છે, તેમાં પણ ક્ષણે ક્ષણે અવસ્થા થયા કરે છે. જે વસ્તુ હોય તેમાં ક્ષણે ક્ષણે અવસ્થા થયા કરે છે. એ રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે નક્કી થઈ ગયા. પોતાનો પર્યાય પોતામાં થાય છે ને સામી વસ્તુનો પર્યાય તેનામાં થાય છે. દરેક વસ્તુ અને એના ગુણો કાયમ રહીને તેની અવસ્થા થયા કરે છે.

આત્મામાં ક્ષણે ક્ષણે અવસ્થા થયા કરે છે. જો અવસ્થા ન થતી હોય તો ઘડીમાં રાજી થાય છે; ઘડીમાં દિલગીર થાય છે, કોઈ મરી જાય તો રાંકાની જેમ

રુદન કરે છે, કોઈ ઇષ્ટ જનનો સંયોગ થાય તો રાજી થાય છે એ બધો ફેરફાર કેમ થાય? માટે તે બધી અવસ્થા બદલાય છે. શરીરમાં રોગ થયો હોય-ન્યુમોનિયાની અસર થઈ હોય ત્યારે દુ:ખી થાય છે અને કહે છે કે મને કયાંય સુખ આવતું નથી; તે વખતે શું આત્મા ને આત્માના ગુણો ભાગી ગયા છે ? ના, ફક્ત શરીરમાં ભીંસ પડી તેથી મને દુ:ખ થયું એવી માન્યતા તે દુ:ખનું કારણ છે. આ બધી ભ્રાંતિ ને રાગ-દ્વેષ તે જીવની અવસ્થા છે. ઘડીમાં જડનો સંયોગ થાય છે ને ઘડીમાં જડનો વિયોગ થાય છે, તે બધી જડની અવસ્થા છે; પુદ્‌ગલમાં વર્ણ-રસ-ગંધ-સ્પર્શ બદલાય છે તે બધી જડની અવસ્થા છે. એ રીતે સિદ્ધ થયું કે બધાં દ્રવ્યોમાં પર્યાય થયા કરે છે; અને આત્માની વર્તમાન અવસ્થામાં ભૂલ છે તેથી બંધન થાય છે. આચાર્યદેવ કહે છે કે મિથ્યા અભિપ્રાયથી બંધન થાય છે.

'પર જીવોને હું હણું છું અને પર જીવો મને હણે છે'-એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે, નિયમથી) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

બીજા આત્માનો અને તેના શરીરનો હું વિયોગ કરી શકું છું એમ માનનારો એની સ્વતંત્ર થતી અવસ્થાનો ધણી થાય છે. પર વસ્તુના ગુણની અવસ્થા તેને કારણે થાય છે, પરની અવસ્થા પોતે કરી શકતો નથી, છતાં માને છે કે પર જીવોને હું મારું છું-હણું છું—તે મિથ્યા અભિપ્રાય છે. એવો અધ્યવસાય ધ્રુવપણે એટલે કે નિશ્ચિતપણે અજ્ઞાન છે.

તેવી જ રીતે, પર જીવો મને મારી નાખશે, મારું જીવતર પૂરું કરશે એવો અધ્યવસાય પણ અજ્ઞાન છે. આત્માને તો કોઈ મારી શકે નહિ, પરંતુ શરીર તેમ જ આત્માનો વિયોગ પણ કોઈ કરી શકે નહિ; શરીરને આત્મા જુદા પડે છે તે બન્ને પોતપોતાની અવસ્થા બદલવાથી જુદા પડે છે. ત્યાં અજ્ઞાની એમ માને છે કે 'હું આને હણું છું, પર જીવો મને હણે છે'-એવો અધ્યવસાય તે અજ્ઞાન છે.

અધ્યવસાય એટલે ઊંધો અભિપ્રાય, આણે મને મારી નાખ્યો અને આને હું મારી નાખું--એવી માન્યતા તે ઊંધો અધ્યવસાય છે. સામી ચીજ, તેના ગુણ અને તેની અવસ્થા સ્વતંત્ર છે; સામાની અવસ્થા એની મેળે થાય અને આ માને કે એની અવસ્થા હું બદલાવું છું,-તે જ બંધન છે. તે રીતે પોતાની અવસ્થા પોતાથી થાય છે છતાં, 'મારી અવસ્થા બીજા કરે છે, મારી અવસ્થા બીજા ઉત્પન્ન કરે છે ને

મારી અવસ્થાનો બીજા નાશ કરે છે' એવી માન્યતા તે ભ્રમ છે, તે મિથ્યા અભિપ્રાય છે. પોતાના સ્વતંત્ર આત્માનું લક્ષ ન કર્યું એટલે કે હું જ્ઞાન સ્વરૂપ છું, ચેતના સ્વરૂપ છું, આ જડ શરીરથી જુદો છું, બધાથી જુદો સ્વતઃસિદ્ધ તત્ત્વ છું-એમ સ્વ સન્મુખ દૃષ્ટિ ન કરી તેથી 'પર મને ઉત્પન્ન કરે છે, પર મારો નાશ કરે છે' એવો મિથ્યા અભિપ્રાય જીવ કરે છે. આવો અધ્યવસાય જેને વર્તે છે તે જીવ નિયમથી ધ્રુવપણે અજ્ઞાની છે; ધ્રુવપણે એટલે ચોકસપણે અજ્ઞાની છે. જ્ઞાની આવું નથી માનતા. જ્ઞાનીને અજ્ઞાનીની માન્યતાનો જરાય મેળ નથી, અજ્ઞાની માને છે તેનાથી જ્ઞાની તદ્દન વિપરીત માને છે એટલે કે જેમ વસ્તુસ્વરૂપ છે તેમ માને છે.

હું કોઈને મારવા સમર્થ નથી અને મને મારવાની કોઈનામાં તાકાત નથી હું મારા ગુણ-પર્યાયમાં સ્વતંત્ર છું, સામો એના ગુણપર્યાયમાં સ્વતંત્ર છે, શરીરની અવસ્થા બદલવામાં શરીર સ્વતંત્ર છે, હું મારા જ્ઞાયકભાવમાં એકાગ્ર થવામાં સ્વતંત્ર છું,-આવી જેને શ્રદ્ધા થઈ છે, આવું જેને જ્ઞાન થયું છે તે જ્ઞાની-પણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે, અને તેને બંધન થતું નથી.

જ્ઞાનીને શ્રદ્ધા છે કે મને મારવાની કોઈનામાં તાકાત નથી, તેથી જ્ઞાની નિર્ભય છે. ઊંધા અધ્યવસાયવાળાને એવી માન્યતા છે કે પર મને મારી નાખશે, તેથી તેને એકત્વબુદ્ધિએ અનંતો ભય લાગે છે અને રખોપા માટે ઘણી જ આકુળતા કરે છે; બહારવટિયો આવ્યો એમ ખબર પડતાં તો ભયમાં ભીંસાઈ જાય છે, ભય અને હું એક છીએ એમ એકત્વબુદ્ધિથી અનંતો ભય લાગે છે, એવાં મજબૂત બારણાં કરાવો કે જેથી બહારવટિયો આવે તો ઝટ ખોલી શકે નહિ. એમ રખોપાની આકુળતા કર્યા કરે છે, પણ ભાઈ! તને મારવા ત્રણકાળ ત્રણલોકમાં કોઈ સમર્થ નથી. તું પણ પરનું ફોતરું ફેરવવા ત્રણકાળ ત્રણલોકમાં સમર્થ નથી. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને કાંઈ કરી શકતું નથી. તારા આયુષ્યને કારણે તું શરીરમાં રહ્યો છે અને આયુષ્ય પૂરું થતાં કોઈનો ભાર નથી કે મરતાં બચાવી શકે. સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે, કોઈ કોઈનું કાંઈ કરી શકતાં નથી. ત્રિલોકનાથ તીર્થંકરદેવ જગત પાસે ત્રિકાળ સ્વતંત્રતાના ઢંઢેરા પીટે છે-ત્રિકાળ સત્યના ઢંઢેરા પીટે છે. સત્યથી ત્રણ-કાળમાં સત્ય જ આવે, સત્યથી અસત્ય ત્રણકાળમાં આવે નહિ. જેને પરથી જુદા આત્માનું ભાન છે તે સાચા અભિપ્રાયથી સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિને બંધન થતું નથી.

જ્ઞાનીને ઘરનું ધ્યાન રાખવાનો રાગ આવે ખરો, ઘરને તાળાં પણ દે, ઉઘાડા

ન મૂકે, પરંતુ તે સમજે છે કે કોઈ કોઇનું કાંઇ કરી શકતો નથી. પુણ્ય-પાપનો ઉદય હોય તેમ બને. જ્ઞાનીને અલ્પરાગ થાય તેનો તે જ્ઞાતા છે, તેનો તે સ્વામી નથી, તેથી બંધના કારણમાં તે રાગની ગણતરી નથી. જ્ઞાની સમજે છે કે મારા આત્માને કોઇ કાંઇ કરી શકતું નથી, માટે તે નિર્ભય છે.

નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે કે-પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે. માટે પરમાર્થે કોઇ કોઇનું મરણ કરતું નથી. જે પરથી પરનું મરણ માને છે તે અજ્ઞાની છે.

નિશ્ચય એટલે યથાર્થ; નય એટલે દૃષ્ટિ. સાચી દૃષ્ટિમાં કર્તાનું સ્વરૂપ એવું છે કે સ્વાધીનપણે પોતે જે ભાવરૂપ પરિણમે તેનો તે કર્તા થાય છે; સાચી દૃષ્ટિનું ત્રિકાળી અબાધિત સત્ય એવું છે કે જે ભાવમાં પોતે સ્વતંત્રપણે પરિણમે તેનો તે કર્તા થાય છે.

સામાના શરીરના વિયોગની અવસ્થા પોતે કરી શકે નહિ, પોતાના શરીરના વિયોગની અવસ્થા પણ બીજાથી થતી નથી; સ્વાધીનપણે પરિણમીને પોતે મારવાનો ભાવ કરી શકે, પરંતુ બીજાની મરવાની અવસ્થામાં પોતે પરિણમી શકતો નથી. સામાની મરવાની અવસ્થા સ્વતંત્રપણે તેનામાં થાય છે, પોતે તેમાં કાંઇ પણ ફેરફાર કરી શકતો નથી.

પ્રશ્ન:-રાગ-દ્વેષને કોણ કરે છે?

ઉત્તર:-તેમાં પોતે સ્વાધીનપણે જોડાણો છે. પોતે સ્વાધીનપણે રાગ-દ્વેષનો કર્તા થાય છે. પોતે અજ્ઞાનભાવે સ્વાધીનપણે ઊંધો ભાવ કરે છે કે આના શરીરને અને આત્માને હું જુદા કરું, એને જીવનથી હું મુક્ત કરું એવા ઊંધા ભાવ પોતે જાતે કર્તા થઈને અજ્ઞાનભાવે કરે છે. માત્ર તું તારા ભાવમાં અજ્ઞાનમાં કર, પણ સામાની અવસ્થા કરવાની તાકાત ત્રણકાળ ત્રણલોકમાં કોઈની નથી.

પરથી પરને મારી શકાય છે એમ માનનારો અનંતા પરને હું મારી શકું છું એમ માની રહ્યો છે, અને પર મને મારે છે એવી માન્યતામાં અનંતા પર જીવો મને મારે છે એવી માન્યતા આવી જાય છે. ત્રણેકાળના શરીર અને ત્રણેકાળના આત્માનો હું વિયોગ કરી શકું છું, મારા આત્મા અને શરીરને ત્રણેકાળના આત્મા જુદા કરી શકે છે-એવું ત્રણકાળનું જૂઠું વર્તમાન એક ક્ષણમાં આવી જાય છે; આવો ત્રણકાળનો જુઠ્ઠો ભાવ તારા એક ક્ષણના ભાવમાં આવી ગયો; વળી અજ્ઞાની કહે કે અમે નીતિ રાખીએ છીએ, અમે જૂઠું બોલતા નથી, પણ ઊંધી દૃષ્ટિ વડે ત્રણકાળનું

જૂઠાપણું અને ત્રણકાળનું અનીતિપણું વર્તમાન તારા એક ક્ષણના ભાવમાં આવી ગયું. આ સિવાય બીજું કયું જૂઠું ને અનીતિ હશે ?

પરમાણુનું છૂટું પડવું ને ભેગું થવું તે પરમાણુને આધીન પરિણમીને થાય છે. અરે ! એકેએક પરમાણુ સ્વતંત્ર ને સ્વાધીન છે. એક પરમાણુને બીજો પરમાણુ કાંઈ કરી શકતો નથી તો પછી અનંતા પરમાણુના સ્કંધને જીવદ્રવ્ય કરે એ કેમ બની શકે ?

સામાએ આને મારવાના ભાવ કર્યા છે પણ મારવાની ક્રિયા કરી નથી; 'આણે આને માર્યો' એમ કહેવાય, પણ તે કહેવત 'પાણીના કળશા' જેવી બોલણી છે; જેવી રીતે કળશો તો પિત્તળનો છે, પાણીનો નથી, પણ પાણીના સંબંધે પિત્તળના કળશાને પાણીનો કળશો કહેવાય છે. તે વ્યવહારનું કથન છે. તેવી રીતે જેણે મારવાના ભાવ કર્યા તેણે ભાવ કર્યા છે પણ મારવાની ક્રિયા કરી નથી, પરંતુ મારવાના ભાવ વખતે મારવાની ક્રિયા હોય તો 'આણે આને માર્યો' એમ કહેવાય છે, તે વ્યવહારનું કથન છે. વાસ્તવિક રીતે પરને કોઈ મારી શકતું નથી, પણ મારવાનો વિકારી ભાવ કર્યો છે તેથી પોતાના આત્માના શુદ્ધ નિર્વિકારી જીવનનું મરણ પોતે કર્યું છે; ત્યાં વ્યવહારથી કહેવાય છે કે આને આણે માર્યો, આને આણે હેરાન કર્યો. વ્યવહાર અને નિશ્ચયની અપેક્ષા બરાબર સમજવાથી યથાર્થ જ્ઞાન થાય છે.

વ્યવહારમાં કહેવાય છે કે 'બેટા ! ઘીની બરણી લાવ, મારો કોટ લાવ, મારી પાઘડી લાવ, મારી ટોપી લાવ.' પણ ખરેખર ટોપી કયાં એની હતી ? કોટ કયાં એનો હતો ? પાઘડી કયાં એની હતી ? બરણી કયાં ઘીની હતી ? બરણી તો કાચની છે, કોટ તો લુગડાનો છે, પાઘડી તથા ટોપી પણ લુગડાની છે. પરંતુ વ્યવહારમાં ઘીના સંબંધે ઘીની બરણી કહેવાય છે, કોઈ માણસના સંબંધે ફલાણાનો કોટ અને ફલાણાની ટોપી કહેવાય છે. પાણીના કળશાની જેમ માત્ર સંયોગ અપેક્ષાએ એમ કહેવાય છે કે આનાં કોટ-ટોપી છે, પણ ખરી રીતે કોટ-ટોપી એનાં નથી; જો એનાં હોય તો એનાથી જુદાં પડે નહિ, પરંતુ જુદાં પડે છે માટે એનાં નથી.

જે જીવનું મરણ થાય છે તેમાં, સામા જીવે મારવાના ભાવ કર્યા હોય અને તે ભાવ પ્રમાણે તેની ક્રિયા પણ મારવાની થઈ હોય તો તેને મારવાનું નિમિત્ત કહેવાય છે. મારવાના ભાવ ન હોય અને પગ નીચે કોઈ જીવ આવી જાય ને મરણ પામે તો તેને તે જીવે માર્યો ન કહેવાય પરંતુ મારવાના ભાવ હોય અને તે ભાવને અનુરૂપ મારવાની ક્રિયા હોય તો તે જીવને મારવાનું નિમિત્ત કહેવાય છે. એ રીતે નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, પરંતુ વાસ્તવિક રીતે તે જીવ પોતાનું આયુષ્ય પૂરું થયું તેથી મર્યો છે.

સૌને કારણે સૌની દેહસ્થિતિ પૂરી થાય છે. કોઈ કોઈને કાંઈ કરી શકતું નથી. દેહનો નાશ થયો તેમ કહેવું તે પણ વ્યવહાર વાક્ય છે કારણ કે પરમાણું અને આત્મા આ ત્રિકાળી જગતમાંથી ચાલ્યા જતા નથી. દેહનાસ્કંધનો પર્યાય બદલાય છે પણ તેના પરમાણુનો નાશ થતો નથી. આત્મા માત્ર એક ભવમાંથી બીજા ભવમાં જાય છે, ક્ષેત્ર બદલે છે પણ તેનો જગતમાંથી નાશ થતો નથી. અહીં તો હજી શરીરની નાડી ઝાલીને બેઠા હોય ત્યાં તો આત્મા બીજા ભવમાં ક્યાંય ઉપડી જાય છે. આત્મા ત્રિકાળ શાશ્વત છે, પરમાણુ પણ ત્રિકાળ શાશ્વત છે. કોઈ દ્રવ્યનો નાશ થતો નથી, માત્ર પર્યાય બદલે છે.

હવે શિષ્ય પૂછે છે કે હે ભગવાન! આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેના ઉત્તરરૂપે ગાથા કહે છે:—

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं ।
आउं ण हरंति तुहं कह ते मरणं कयं तेहिं ॥२४९॥

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं ।
आउं ण हरेसि तुमं कह ते मरणं कयं तेसिं ॥२४८॥

અર્થ:—(હે ભાઈ! 'હું પર જીવોને મારું છું' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) જીવોનું મરણ આયુકર્મના ક્ષયથી થાય છે એમ જિનવરોએ કહ્યું છે; તું પરજીવોનું આયુકર્મ તો હરતો નથી, તો તેં તેમનું મરણ કઈ રીતે કર્યું?

(હે ભાઈ! 'પરજીવો મને મારે છે' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) જીવોનું મરણ આયુકર્મના ક્ષયથી થાય છે એમ જિનવરોએ કહ્યું છે; પરજીવો તારું આયુ કર્મ તો હરતા નથી, તો તેમણે તારું મરણ કઈ રીતે કર્યું?

આ તો બધાને સમજાય તેવી વાત છે. શિષ્યે પૂછયું છે કે પ્રભુ! હું બીજાને મારું અને બીજા મને મારે એવો અભિપ્રાય જૂઠો કઈ રીતે છે? ગુરુ કહે છે કે હે

---

છે આયુ ક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું? ૨૪૮
છે આયુ ક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું? ૨૪૯.

ભાઈ! પર જીવોને હું મારું છું એમ જે તું માને છે તે તારું અજ્ઞાન છે, કેમ કે સામાનું આયુષ્ય પૂરું થાય છે તે તેના કારણે થાય છે. આયુષ્ય કર્મ જે બાંધ્યું છે તેના ક્ષયથી દેહ અને આત્માનો વિયોગ થાય તેને મરણ કહ્યું છે. બીજાને મારવું તે તારા હાથની વાત નથી. સામાનું આયુષ્ય પૂરું થાય ત્યારે તેનું મરણ થાય છે તેમ સર્વજ્ઞદેવે—જિનવરોએ કહ્યું છે. જેના ચરણકમળ ઇન્દ્રો સેવે છે એવા સર્વજ્ઞદેવો કહે છે કે પૂર્વે જે જાતના પરિણામ કર્યા હોય તેનાથી જેટલું આયુષ્ય બાંધ્યું હોય તેનું પૂરું થવું-ક્ષય થવું તે બીજાના હાથમાં નથી. પણ તે સ્વતંત્રપણે પૂરું થાય છે.

જેને હાર્ટફેઈલ થાય છે તે પણ આયુષ્યસ્થિતિ પુરી થવાથી થાય છે, કાંઈ બીજાના કારણે થતું નથી. જેને આયુષ્યની શ્રદ્ધા નથી તે એમ કહે છે કે આપણે ડાક્તરને બોલાવ્યા નહિ-કાંઈ ઉપાય લીધા નહિ તેથી હાર્ટફેઈલથી દેહ છૂટી ગયો. પણ તે વાત તદ્દન જૂઠી છે. આયુષ્યના પરમાણુ જેટલી સ્થિતિના બંધાણા છે તેટલી સ્થિતિ શરીરરૂપી ગાડવો રહેવાનો, બાકી તું તેને લાંબું કરવા માગ તોપણ થાય નહિ અને આયુષ્ય ટૂંકું કરવા માગ તોપણ થાય નહિ. જે જીવે જેટલું આયુષ્ય બાંધ્યું છે તે પુરું થતાં દેહ છૂટ્યા વિના રહેતો નથી.

સામાનું આયુષ્ય પૂરું થવાથી મરણ થાય છે એમ જિનવરોએ એટલે કે સર્વજ્ઞ વીતરાગ દેવોએ કહ્યું છે. સૌ સૌના આયુષ્યને કારણે સૌના દેહ છૂટે છે, એના આયુષ્યના પરમાણુ તેં લઈ તો લીધા નથી, તો પછી તેનું તેં મરણ કઈ રીતે કર્યું? તેનું મરણ જ્યારે અને જે રીતે થવાનું હોય તેને ઇંદ્ર, નરેંદ્ર, શકેંદ્ર, ગણધર કે જિનેંદ્ર કોઈ પણ ફેરવી શકે નહિ. હે શિષ્ય! સામાના આયુષ્યના દળ તેના કારણે પૂરા થાય છે; તેમાં તેં તેનું મરણ કઈ રીતે કર્યું? સર્વ દ્રવ્યો સ્વતંત્ર છે, કોઈ કોઈને કાંઈ કરી શકતું નથી.

લોકો કહે છે કે ભોંમાંથી ભાલાં ઊઠયાં, પણ ભાઈ! અકસ્માત મફતમાં કાંઈ થતું નથી, સૌ પ્રારબ્ધ અનુસાર થાય છે. કોઈને કોઈ કાંઈ કરતું નથી. અકસ્માત મફતનું કાંઈ થતું નથી, સૌ કાર્ય સૌ દ્રવ્યની યોગ્યતા પ્રમાણે સ્વતંત્ર થાય છે.

હે ભાઈ! પર જીવો મને મારે છે એમ જે તું માને છે તે તારું અજ્ઞાન છે. તારું મરણ તારા આયુષ્ય કર્મના ક્ષયથી થાય છે એમ જિનવરોએ કહ્યું છે. પર જીવો તારું આયુષ્ય તો હરતા નથી તોપછી તેણે તને કઈ રીતે માર્યો? આ વાતની બરાબર શ્રદ્ધા કરે તો પરના કર્તાપણાનો બધો ખદબડાટ બેસી જાય એવું છે, અને શાંતિ થઇ જાય એમ છે. પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા કરે-જ્ઞાતા રહે તો શાંતિ થઇ જાય અને બધો ખદબદાટ બેસી જાય. આત્માનો

જાણવાનો સ્વભાવ છે તે ત્રિકાળ પરનો કર્તા નથી પણ જ્ઞાતા છે—સ્વપરને જાણનારો છે. અગ્નિ અને બરફનો ગંજ સામે હોય તેને જાણે તો શું આંખ પોતે ગરમ કે ઠંડી થઈ જાય ? કાંઈ ન થાય. આંખમાં માત્ર દેખાય કે આમ થાય છે. તેમ આત્મા સામાના જીવન-મરણનું જ્ઞાન કરે, કાં તો શુભાશુભભાવ કરે કે આ જીવે તો ઠીક, આ મરે તો ઠીક, અથવા આને જિવાડી દઉં અને આને મારી નાખું. તેવા ભાવ કરે પરંતુ સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે, કોઈ કોઈને જિવાડી કે મારી શકતું નથી.

—ટીકા—

પ્રથમ તો, જીવોને મરણ ખરેખર સ્વ-આયુષ્યકર્મના ( પોતાના આયુકર્મના ) ક્ષયથી જ થાય છે. કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં ( અર્થાત્ પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો ) મરણ કરાવું ( -થવું ) અશક્ય છે; વળી સ્વ-આયુ-કર્મ બીજાથી બીજાનું હણી શકાતું નથી કારણ કે તે ( પોતાનું આયુકર્મ ) પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને મારું છું અને પરજીવો મને મારે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે ( નિશ્ચિતપણે ) અજ્ઞાન છે.

પ્રથમ તો, જીવોને સ્વ-આયુષ્યકર્મના ક્ષયથી જ ખરેખર મરણ થાય છે. પુણ્ય-પાપના પરિણામ ચૈતન્યના પર્યાયમાં જે જાતના થયા તેનાથી આયુષ્ય કર્મ બંધાય છે તેથી સ્વઆયુષ્ય કર્મ કહ્યું છે; આયુષ્યસ્થિતિ પૂરી થવામાં બહારની જરૂર રહેતી નથી. બહારનું કોઈ કારણ ન બને તોપણ આયુષ્યસ્થિતિ પૂરી થવાથી શરીરરૂપી ગાડવો ફળી પડે છે.

એક માણસે કહ્યું હતું કે અમે બે ભાઈ હતા તેમાં એક ભાઈ પડયો માંદો, અને તે માંદગી બહુ લાંબી ચાલી તેથી હું કંટાળ્યો; બે રૂપિયાનું ઝેર લાવીને તેને મેં આપ્યું તો પણ તે મર્યો નહિ. તે વખતે તેનું આયુષ્ય હતું તેથી તે મર્યો નહિ. પછી પાંચ રૂપિયાનું ઝેર લાવીને આપ્યું તેથી તે મરી ગયો. અહા ! કેટલી દુષ્ટાઈ, એક માતાના જન્મેલા બે ભાઈઓ હતા. દશાશ્રીમાળી વાણીયાના દીકરાને ત્યાં આવા કાળાકેરના ભાવ થાય, ગજબની વાત છે ને ! સામાની આયુષ્ય સ્થિતિ પૂરી થઈ રહી હોય તેથી આવા નિમિત્તો બને, પરંતુ આવા તીવ્ર અશુભ ભાવ કરનાર તો નરકે ચાલ્યા જવાના. સામાની આયુષ્યસ્થિતિ તો પૂરી થવાની હતી, પરંતુ પોતે શુભ ભાવ કરવા, અશુભભાવ કરવા કે શુદ્ધભાવ કરવા તે સર્વ પોતાના હાથની વાત છે, કઈ જાતના ભાવ કરવા તે પોતાની સ્વતંત્રતાની વાત છે. પોતાના ભાવ પરદ્રવ્યને આધીન નથી, પરંતુ કઈ જાતના ભાવ કરવા તેમાં પોતે તદ્દન સ્વતંત્ર છે.

સામાના આયુષ્ય દળ પૂરા થાય તે તેના કારણે છે, તારા ભાવ તારે આધીન છે. તું મારવાના ભાવ કર તેનું ફળ તને મળ્યા વગર રહેશે નહિ, તે ભાવ તને દુર્ગતિમાં લઈ જશે. સામાનું આયુષ્ય તું હરી શકતો નથી, ક્ષય કરી શકતો નથી, છતાં પણ તું માને છે કે હું બીજાને મારી શકું છું, તે તારું અજ્ઞાન છે. જેવા સામાએ પરિણામ કર્યા હતા તે પ્રમાણે તેનું આયુષ્ય બંધાયેલું હતું, તેની મુદત પૂરી થઈ એટલે આયુષ્ય પૂરું થાય છે. આ વાત એટલા માટે લીધી છે કે, તું પરનું અભિમાન મૂકી દે, તારા ઘરની વાત સંભાળ, પરને આમ કરી દઉં અને પરને તેમ કરી દઉં તેવી પરની પીંજણ મૂકી દે.

પોતાનું આયુષ્યકર્મ ક્ષય થયા વિના કોઈનું મરણ થઈ શકતું નથી. જેનું મરણ થાય છે તે તેના આયુકર્મના ક્ષયથી થાય છે. માટે પર અને મારે છે, હું પરને મારી શકું છું એવો જે તારો અભિપ્રાય તે ધ્રુવપણે એટલે કે ચોક્કસપણે અજ્ઞાન છે. જે એને કારણે થાય છે. છતાં 'તે મારે કારણે થાય છે' એમ માનવું તે ત્રિકાળ જૂઠું છે. જીવની જે માન્યતા હોય તે પ્રમાણે જગતમાં ન બને તો તે માન્યતા અજ્ઞાન છે, મિથ્યા છે, જૂઠાણું છે; કારણકે પોતાથી બીજાનું અને બીજાથી પોતાનું મરણ થઈ શકતું નથી છતાં પણ પ્રાણી માને છે તે વૃથા છે, જૂઠું છે; ને તેનાથી જ બંધન થાય છે.

આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે એટલે કે ખરી રીતે આમ જ છે. નિશ્ચયની પ્રધાનતાથી કહ્યું એટલે વ્યવહારથી કાંઈ બીજું છે-એમ નથી. વ્યવહારે નિમિત્તથી કથન થાય કે આણે આને માર્યો, પણ વાસ્તવિક રીતે તેમ થઇ શકતું નથી. વ્યવહારે કથન થાય પણ વસ્તુની રીત વ્યવહાર પ્રમાણે નથી. વ્યવહારસંબંધી એ સૂત્ર (-નિયમ) છે કે વ્યવહાર પ્રમાણે વસ્તુની મૂળ સ્થિતિ નથી.

જ્ઞાની પણ એમ કહે કે ફલાણાને હેરાન કર્યો, છતાં પણ તે જ્ઞાનમાં બરાબર એમ સમજે છે કે કોઇએ કોઇને કાંઈ કર્યું નથી. વ્યવહારે કહેવાય કે માબાપે જન્મ આપ્યો, અને બીજાએ આને માર્યો; તે નિમિત્તથી કથન છે. બાકી તો સૌ એ સૌના ભાવ કર્યા છે. પરંતુ કોઇ કાંઇ કરી શકતું નથી; છતાં આણે આને માર્યો તેમ વ્યવહારનું-નિમિત્તનું કથન છે.

અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે. જેઓ નિશ્ચયને નથી જાણતા, તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે. તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય નયો માનવા.

અહીં વ્યવહારનો સર્વથા નિષેધ ન સમજવો; તેં મારવાનો ભાવ કર્યો માટે 'તેં માર્યો' એમ જે કહેવાય છે તે વ્યવહાર છે, તેનો નિષેધ નથી. જેઓ નિશ્ચયને

નથી જાણતા તેને સમજાવવા માટે વસ્તુસ્થિતિ બતાવી છે; વસ્તુસ્થિતિ જાણ્યા પછી બન્ને નયો અવિરોધપણે જણાય છે. પરમાર્થે કોઈનું કોઈ કાંઈ કરી શકતું નથી; મારવાના ભાવ કરે અને તે વખતે તે ભાવને અનુરૂપ મારવાની ક્રિયા હોય તો, આણે આને માર્યો એમ કહેવાય છે.

વીંછી કરડયો હોય અને કોઇ મંત્ર બોલે તો વીંછી ઊતરી જાય છે. વીંછી ઊતર્યો તે પોતાના સાતાના ઉદયથી, અને સામો મંત્ર બોલ્યો તે સામો પાસે રહ્યો. કોઇથી કોઈનું કાંઈ પણ થઇ શકે નહિ. વીંછી ઊતરવાનો હતો અને સામે તેવું અનુકુળ નિમિત્ત બનવાનું હતું તેથી બની ગયું. પરંતુ કર્તાપણું છોડીને ઠર રે ઠર ભાઇ! આત્મામાં ઠર, ઊંધી માન્યતાને છોડ.

કેટલાક જીવો કહે છે કે છોકરાઓ ચા મૂકતા નથી માટે જો હું ઉપવાસ કરું તો મૂકી દે, એમ માની ઉપવાસ કરે અને કદાચ છોકરાઓ ચા મૂકે પણ ખરા. પછી અભિમાન કરે કે–જોયું! મારી કેવી અસર થઇ. પણ અરે ભાઇ! તારી અસરથી છોકરાઓએ ચા છોડી નથી પણ તેની પોતાની યોગ્યતાના કારણે છોડી છે. જો ઉદ્ધત છોકરા હોત તો ન છોડત; મફતનું અભિમાન શા માટે કરી રહ્યો છે? વ્યવહારમાં કહેવાય કે આને કારણે આને છોડયું, પણ ખરી રીતે કોઇને કારણે કોઈ છોડતું નથી; સૌ દ્રવ્ય સ્વતંત્ર છે. ૨૪૮–૨૪૯.

ફરી પૂછે છે કે "(મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે?"

શિષ્ય કહે છે કે બીજાને મારી ન શકાય ને બીજા પોતાને મારી ન શકે એમ આપે કહ્યું; પણ બીજાને જિવાડી તો શકાય ને? અને બીજા પણ આપણને જિવાડી શકે ને? તેનો ઉત્તર કહે છે:-

जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं ।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ॥२५०॥

અર્થ:-જે જીવ એમ માને છે કે હું પર જીવોને જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે, તે મૂઢ (-મોહી) છે, અજ્ઞાની છે, અને આનાથી વિપરીત (અર્થાત્ જે આવું નથી માનતો, આનાથી ઊલટું માને છે) તે જ્ઞાની છે.

જે માનતો–હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.

જે જીવો એમ માને છે કે હું પરને જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે તે અજ્ઞાન છે. કેટલાક કહે છે કે ફલાણાને અમે નભાવીએ છીએ તેથી તેનું જીવન ટકે છે, મીલમાં માણસોને કામ કરાવીને પગાર આપે અને માને કે આમને હું નભાવું છું, આમને હું જિવાડું છું; એવા જીવો ખોટાં અભિમાન કરે છે. કોઈને પોતાની દુકાનમાં ભાગ આપ્યો અને પૈસા રોકયા હોય પોતાના, પછી કહે કે ટકા લેજે, વ્યાજ આપજે, અને જે કમાણી થાય તેમાં અડધો ભાગ મારો, કામ કર તું ને ચોપડા તપાસું હું. પછી તે માણસ કહે કે ભાઈસા'બ! આટલો બધો ત્રણ પટો માર! તો કહે કે ગરજ હોય તો ભાગ રાખ, નહિતર અમારે જરૂર નથી. આવી રીતે દુકાનમાં બીજાને ભાગ આપે ને પછી કહે કે અમે બીજા ઘણાને નભાવીએ છીએ. પણ ભાઈ! કોઈ કોઈને નભાવી શકતું નથી, કોઈ કોઈને જિવાડી શકતું નથી. જે જીવ એમ માને છે કે હું પરને જિવાડું છું ને પર મને જિવાડે છે તે મૂઢ છે–મોહી છે–અજ્ઞાની છે. અને તેને જ બંધન થાય છે. અને આનાથી જે વિપરીત એટલે કે હું કોઈને જિવાડું નહિ અને મને કોઈ જિવાડે નહિ એમ માને છે તે જ્ઞાની છે. અને તેને બંધન થતું નથી.

સં. ૨૦૦૦, કારતક વદ ૧૪, શુક્રવાર.

આત્માને ઊંધી માન્યતા વડે મૂળ બંધ થાય છે, અને સમ્યક્ ભાન વડે મુક્તિ થાય છે. સમ્યક્ ભાન પ્રગટ થતાં સમ્યક્ચારિત્ર ક્રમે કરીને પ્રગટે જ એવો સંબંધ છે અને તેથી મુક્તિ થાય જ.

પર દ્રવ્યને હું કરી શકું છું તેવી માન્યતા તે અજ્ઞાન છે. જે બની શકતું નથી તેને કરી શકું છું એમ માનવું તે જ ત્રિકાળ અસત્ય છે. આત્મા ત્રિકાળ સ્વતંત્ર છે તેમ જડ પણ ત્રિકાળ સ્વતંત્ર વસ્તુ છે. દરેક દ્રવ્ય તદ્દન સ્વતંત્ર વસ્તુ છે કોઈ કોઈને કાંઈ કરી શકે નહિ. દરેક વસ્તુ જુદે જુદી છે, તો પછી એક પદાર્થ બીજા પદાર્થને શું કરી શકે? આચાર્યદેવ કહે છે કે જે એમ માને છે કે હું પરને જિવાડું છું ને પર જીવો મને જિવાડે છે તે માન્યતા શું સાચી છે? ના તદ્દન ખોટી છે. દરેક દ્રવ્ય તદ્દન સ્વતંત્ર છે. કોઈ દ્રવ્ય કોઈને કાંઈ પણ કરવા જરાય સમર્થ નથી. બીજાને જિવાડવાના ભાવ કરી શકે, પણ હું બીજાને જિવાડી દઉં છું એમ માનવું તે અજ્ઞાન છે, એમ માનવું તે નિશ્ચયથી ધ્રુવપણે અજ્ઞાન છે. જે જીવોનું જીવતર રહે છે તે તેના આયુષ્યના ઉદયથી રહે છે, કોઈ બીજા એને જિવાડી શકતા નથી. કોઈ એમ કહે છે કે અમારા ઘરમાં ફલાણાને લઈને હું જીવું છું અને તે મારે લઈને જીવે છે; તેનો અભિપ્રાય તે ત્રિકાળ

જૂઠાણું છે. લોકોને આ વાત કઠણ પડે એવી છે, કારણ કે આમાં તો એવું લાગે કે બધું ઊડી જાય છે. પણ ભાઈ! શું ઊડી જાય છે? તારી ખોટી માન્યતા ઊડી જાય છે; બીજાને જિવાડવાના ભાવ થઈ શકે છે, પણ સામો જીવે કે ન જીવે તે તારે આધારે નથી. તને જિવાડવાના ભાવ આવ્યા અને તે ભાવ પ્રમાણે-ભાવને અનુરૂપ જિવવાની ક્રિયા થઈ અને સામો એના આયુષ્યને કારણે જીવ્યો. એમ બધો મેળ થાય તો વ્યવહારથી કહેવાય કે આણે આને જિવાડયો; પણ ખરી રીતે કોઈ કોઈને જિવાડી શકતું નથી.

કેટલાક કહે છે કે રાજાને લઇ ને કે શેઠને લઈને અમે જીવીએ છીએ-અમે નભીએ છીએ, નહિતર અમે જીવી શકત નહિ.-મરી જાત. આવો અધ્યવસાય તે તદ્દન અજ્ઞાન છે. તારું આયુષ્ય હોય ત્યાંસુધી જિવવાના નિમિત્તો બની રહે છે. જે સમ્યગ્દષ્ટિ છે એને એવો અભિપ્રાય નથી કે હું પરને લઈને નભું છું ને પર મારે લઈને નભે છે. તે સમજે છે કે સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને નભાવી શકતું નથી. સૌ પોતે પોતાથી નભી રહ્યાં છે, સૌ પોતે પોતાથી જીવી રહ્યા છે.

હું સ્વતંત્ર તત્ત્વ છું, હું કોઈથી જીવતો નથી અને હું કોઈને જિવાડવા સમર્થ નથી, આવું સમજે તો કેટલી શાંતિ થાય! પરનો આધાર તદ્દન મટી જાય, પરાધીનતા છૂટી જાય. પોતે કોઈનું કરી શકતો જ નથી એવો વસ્તુનો સ્વભાવ જ છે. પોતે અનુકંપાના ભાવ કરી શકે પરંતુ સામાનું આયુષ્ય હોય તો તે જીવે; પણ પોતે પરને બચાવી શકતો નથી. જે એમ માને છે કે પર મને જિવાડે છે ને હું પરને જિવાડું છું તે તદ્દન અજ્ઞાની છે.

જે જીવે છે તે તેના આયુષ્યના ઉદયથી જીવે છે અને હું પણ મારા આયુષ્યના ઉદયથી જીવું છું, આવી શ્રદ્ધા સમ્યગ્દષ્ટિને હોય છે. ૨૫૦

હવે શિષ્ય પૂછે છે કે હું પરને જિવાડું છું ને પર મને જિવાડે છે એવો અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? એનો ઉત્તર કહે છે:—

आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू ।
आउं च ण देसि तुमं कहं तए जीवियं कयं तेसिं ॥२५१॥

છે આયુઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞ કહ્યું,
તું આયુ તો દેતો નથી, તેં જીવન કયમ તેનું કર્યું ? ૨૫૧.

आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू ।
आउ च ण दिंति तुहं कहं णु ते जीवियं कयं तेहिं ॥२५२॥

અર્થ:-જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; તું પર જીવોને આયુકર્મ તો દેતો નથી તો (હે ભાઇ!) તેં તેમનું જીવિત (જીવતર) કઇ રીતે કર્યું?

જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; પર જીવો તને આયુકર્મ તો દેતા નથી તો (હે ભાઇ!) તેમણે તારું જીવિત કઇ રીતે કર્યું!

જેને કેવળજ્ઞાન પ્રગટ થયું છે તે સર્વજ્ઞ ભગવાન એમ કહે છે કે પૂર્વ ભવમાં જે પ્રકારે પુણ્ય-પાપના ભાવ કર્યા હોય તે અનુસારે પૂર્વભવે દરેક જીવોને આયુષ્ય કર્મ બંધાય છે. આ ભવ પહેલાં આગલા ભવમાં તું હતો કે નહિ? હતો જ; આત્મા નિત્ય છે, આત્મા અનાદિઅનંત સ્વતઃ તત્ત્વ છે, તે કોઇથી ઉત્પન્ન થતો નથી ને કોઇથી નાશ થતો નથી; પૂર્વભવથી જ આયુષ્ય બાંધીને આવે છે; તે પોતાના આયુષ્યના ઉદયથી જીવે છે, તું તેને આયુષ્ય દઈ શકતો નથી તોપછી તેં એનું જીવતર કઈ રીતે કર્યું? માટે તારી વાત તદ્દન ખોટી છે. તારાથી બીજાને આયુષ્ય આપી શકાતું નથી તો પછી તું બીજાને કેમ જિવાડી શકે?

મીલમાં ઘણા માણસોને અમે નભાવીએ છીએ, દુકાનમાં ઘણા માણસોને અમે નભાવીએ છીએ, એવું જે માને છે તેની માન્યતા તદ્દન ખોટી છે. જે નભે છે તે પોતાના પુણ્યના ઉદયથી નભે છે, તેમાં તેં શું કર્યું? જીવોને એવું ખોટું અભિમાન થઇ પડયું છે કે હું બાયડીને નભાવી દઉં છું, હું છોકરાને નભાવી દઉં છું, હું કુટુંબને નભાવી દઉં છું; પણ તે વાત તદ્દન ખોટી છે. બહારનું તો કાંઈ કરી શકે નહિ પણ માન્યતામાંથી નવરો થતો નથી. પરનું કાંઇક સક્રિય કરવું જોઈએ-એવી માન્યતા કર્યા જ કરે છે, પણ પરનું કાંઈ કરી શકતો નથી. કોઈ કોઈનું કાંઈ પણ કરવા ત્રણકાળમાં સમર્થ નથી. બે દ્રવ્યો જ જુદાં છે ત્યાં એક બીજાનું શું કરી શકે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને ત્રણકાળ ત્રણલોકમાં જિવાડી શકે નહિ. પોતે બીજાને જિવાડી શકે નહિ અને બીજો પોતાને જિવાડી શકે નહિ. માટે બીજાથી બીજાને જિવાડવાનું માનનાર ત્રણકાળનું જૂઠાણું સેવે છે.

---

છે આયુઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તે આયુ તુજ દેતા નથી, તો જીવન ક્યમ તારું કર્યું? ૨૫૨.

ગૃહસ્થો ખેડૂતોને પૈસા આપીને પછી માને છે કે અમે બાર મહિના ખેડૂતોને નભાવ્યા; ખેડૂતોને કહે કે અમે તમને પૈસા ધીર્યા તેથી તમારે આટલા દાણા આપવા પડશે; ડુંડા ખાય, પોંક ખાય, શેરડી લઈ આવે, વળી રૂપિયાનું વ્યાજ લે અને દાણા જોખતી વખતે કહે કે નમતું દો; એટલું બધું લઈ આવે અને વળી કહે કે અમે તમને બાર નહિના નભાવ્યા, બાર મહિના જિવાડયા, પણ ભાઈ! કોઈના આયુષ્ય વિના કોઈને ત્રણકાળમાં કોઈ જિવાડી શકે નહિ. ખેડુતના પુણ્ય હતા તેથી તેને પૈસા દેવાનો વિગાર આવ્યો. તેં જેવા પરિણામ કર્યા તે તારે આધીન છે અને પુણ્ય ખેડુતના છે. તારા પરિણામમાં તું સ્વતંત્ર છો અને આયુષ્યના ઉદયમાં ખેડુત સ્વતંત્ર છે. એ રીતે સામો જીવ તને પણ જિવાડતો નથી; તારા પુણ્ય-પાપના પરિણામ પ્રમાણે જે જાતનું આયુષ્ય બાંધીને તું આવ્યો છે તે પ્રમાણે તારું શરીર ટકે છે. બીજા તને આયુષ્ય દેતા તો નથી, તો પર તને બચાવે છે એ વાત શું સાચી છે? આટલો બધો ઓશિયાળો કયાંથી થયો? દરેક પ્રાણી જેટલું આયુષ્ય લઈને આવ્યા છે તેમાં ફેરફાર કરવા કુટુંબ નાત-જાત કોઈ પણ સમર્થ નથી.

વીશ વરસનો છોકરો માંદો પડયો હોય, મરણ પથારીએ પડયો હોય, છ મહિનાના પરણેતરે પંદર વરસની સ્ત્રીને મૂકીને ચાલ્યો જતો હોય, ત્યારે ડોસાડોસી બોલે કે જો આ રોગ લેવાતો હોય તો અમે લઈ લઈએ, એમ બોલે ખરા પણ જો તે રોગ ખરેખર લેવાતો હોય તો કોઇ લે કે નહિ, તે સમજવા જેવી વાત છે. જગતમાં સૌ સ્વાર્થના સગા છે. ખરો સિદ્ધાંત એ છે કે કોઈને કોઈ જિવાડી શકતું નથી, કોઇ કોઇને આયુષ્ય આપી શકતું નથી, પોતાના આયુષ્ય પ્રમાણે સૌ જીવે છે ને મરે છે. શકેંદ્ર, નરેંદ્ર, કે મુનીંદ્ર કોઇ પણ આયુષ્ય સ્થિતિ પૂરી થાય તેમાં કિંચિત્ માત્ર પણ ફેરફાર કરી શકતા નથી. બીજા પોતાને જિવાડી શકતા નથી ને પોતે બીજાને જિવાડી શકતો નથી. બીજા મને જિવાડે છે અને હું બીજાને જિવાડું છું એવું અભિમાન છોડે તો બધો ખટખટાટ છૂટી જાય.

—ટીકા—

જીવોનું જીવતર ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે, કારણ કે પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં જીવતર કરાવું (-થવું) અશકય છે; વળી પોતાનું આયુકર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે (-મેળવાય છે); માટે કોઈ પણ રીતે બીજો બીજાનું જીવત કરી શકે નહિ. તેથી 'હું પરને જિવાડું છું અને પર મને જિવાડે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિયતપણે) અજ્ઞાન છે.

કોઈ જીવો ઢોરમાં હતા, કોઇ માણસમાં હતા, કોઈ નરકમાં હતા, કોઇ દેવમાં હતા, કોઈ પાડે-બોકડે હતા, ત્યાંથી જેવા પુણ્ય-પાપના પરિણામ કર્યા તે પ્રમાણે આયુષ્યની સ્થિતિ ઉપાર્જન કરી, અને તે પ્રમાણે તેઓનું શરીર ટકે છે. આ વાત તો બધાને સમજાય તેવી છે. કોઈ કહે છે કે આ વાતથી માણસો ભડકી જશે. પણ ભાઈ! ભડકવાનું કાંઇ નથી, વસ્તુ સ્વરૂપ સાચું સમજીને જુઠો અભિપ્રાય છોડી દે; અભિપ્રાયમાંથી અહંકાર કાઢી નાંખ; પર મને જિવાડે છે ને હું પરને જિવાડું છું તે અભિપ્રાય ખોટો છે. સૌ સૌના આયુષ્ય પ્રમાણે જીવન-મરણ બને છે, કોઈ કોઈને કાંઈ કરી શકતું નથી.

અત્યારે તો એવું થઇ પડયું છે કે કોઇ દાન દે તો બીજા વખાણ કરી કરીને ફુલાવી મૂકે. આપે તો મોટા દાન દીધાં છે, આપે તો કઇકને પોષ્યા છે, કઈકને ખાનગી દાન આપ્યાં છે, કેટલીયે પાઠશાળા કરાવી છે-વગેરે કહીને દાન દેનારને અભિમાનમાં ચડાવી દે. સામો પણ ફુલણજી હોય તેથી ફુલાઈ જાય; વાસ્તવિક રીતે જો તૃષ્ણા ઘટાડી હોય તો ન ફુલાય. પોતે લોભ ઘટાડી શકે ખરો, પણ લોભ ઘટાડયો અને દાન દેવાની ક્રિયા થઈ તેથી સામી વસ્તુ નભી ગઈ તેમ નથી; સામી વસ્તુ તેના પોતાના કારણે નભી છે. આ વાત આચાર્યદેવે ઉઘાડી દાંડી પીટીને મૂકી છે. આ વાત કાંઇ આચાર્યદેવે ખાનગી મૂકી નથી. આ શાસ્ત્રની રચના તો બે હજાર વર્ષ થયાં થયેલ છે. આ વાત કાંઈ ખાનગી રહી નથી.

કેટલાક કહે છે કે આ વાત સાંભળીને શુષ્ક થઈ જવાય. અરે ભાઈ! જો આ સત્ય સ્વરૂપ સમજતાં શુષ્ક થવાય તો મુક્તિ થશે કયારે? આ સત્ય સ્વરૂપ સમજીને અનંતા જીવો મુક્તિને પામ્યા છે ને અનંતા પામશે; જેને અંતરમાંથી ખરું-સત્ય સ્વરૂપ સમજવાની ધગશ લાગી હોય, કલ્યાણ કરવાની જિજ્ઞાસા જાગી હોય તે તો શુષ્ક ન થાય. પણ તેને તો મહિમા આવે કે અહો, આવી વાત! પરંતુ જેને માત્ર વાતોડીયાપણું કરવું છે, દુનિયામાં પોતાનું ડહાપણ દેખાડીને મોટું થવું છે તે જીવો શુષ્ક થાય; તો તેથી કાંઈ સત્યનો દોષ નથી.

આચાર્યદેવ કહે છે કે પરને જિવાડી દેવાનું અભિમાન કર્યું તેમાં અનંતાનુબંધી કષાયનું અનંતુ પાપ બંધાય છે. પરંતું હું કરી શકું છું એમ તું જે માની રહ્યો છે તેમ વસ્તુનું સ્વરૂપ નથી કારણ કે સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે, માટે પરના કર્તાપણાનો તારો અભિપ્રાય ધ્રુવપણે અજ્ઞાન છે; એવા પરના અહંકાર કરનારને ચોરાશીના અવતાર અવતરવું પડશે.

વ્યવહારથી એમ બોલવાની રીત છે કે આણે આને જિવાડયો. તે વ્યવહારની રીતને જાણવી કે આ કથન પરદ્રવ્યમાં પરદ્રવ્યના આરોપનું છે, પરંતુ તે પ્રમાણે માનવું નહિ.

કોઈ કોઈને જિવાડી શકતું નથી; કોઈ એમ કહે કે દાક્તર તો જિવાડી શકે છે ને? અરે ભાઈ! તે દાક્તરને તે નિમિત્તે રૂપિયા મળવાના હોય તેથી દાક્તરનું નિમિત્તપણું વચ્ચે આવ્યું. તે દાક્તર પણ ખોટું અભિમાન કરે કે પેલાને હાર્ટફેઈલ થવાનું હતું પણ તેને હાર્ટમાં સીધું ઇંજેકશન આપ્યું તેથી હાર્ટફેઇલ થતું અટકી ગયું, પણ એ વાત ખોટી છે. પર જીવને બચાવવા કોઈ સમર્થ નથી, એ તો રોગ મટવાનો હતો તેથી મટયો અને રોગ મટયો ત્યારે દાકતરને અને ઇંજેકશનને નિમિત્ત કહેવાણું.

કથન કરવાની રીત વ્યવહારથી હોય છે. માણસો કહે છે કે બોલવું કાંઈક ને માનવું કાંઈક આને કપટ ન કહેવાય? એનો ઉત્તર એમ છે કે લોકોમાં પણ 'ઘીનો ઘડો' બોલાય છે, પણ તેઓ ઘડાને ઘીનો માનતા નથી, છતાં તેને કાંઈ કપટ કહેવાતું નથી; તેવી જ રીતે લોટની માટલી, પાણીનો કળશો, દવાની શીશી વગેરે. વ્યવહારમાં આવા કથન હોય છે, તેમ જ્ઞાનીની વાણીમાં પણ દેવ-ગુરુના ગુણોનું બહુમાન આવતાં વ્યવહારથી—પર નિમિત્તથી કથન આવે કે હે પ્રભુ! આપે મારા ઉપર ઉપકાર કર્યો, આપે મને તાર્યો, આપે મને પાર ઉતાર્યો. પરમાર્થ સમજીને વ્યવહારથી કથન કરે તો ત્યાં કપટ આવતું નથી, પરંતુ જ્યારે જ્ઞાની પરમાર્થનું સ્વરૂપ કહે ત્યારે નિમિત્તની વાત કાઢી નાખે છે. જુઓને! આ ગાથામાં 'પરથી પરનાં જીવન-મરણ થઈ શકતાં નથી' એમ બતાવીને નિમિત્તની વાત કાઢી નાખી છે ને?

કોઈ એમ કહે છે કે શાસ્ત્રમાં સોપક્રમ* અને નિરુપક્રમ* આયુની વાત આવે છે ને? હા, વાત આવે છે, પણ તે નિમિત્તની અપેક્ષાએ કથન છે. નિમિત્ત તરફથી એમ કહેવાય કે આ માણસ કુવામાં પડીને મરી ગયો, તરવારથી મર્યો, અગ્નિથી મર્યો. તે બધાં નિમિત્ત તરફનાં કથન છે. બાકી પરમાર્થે તો આયુષ્યની સ્થિતિ પ્રમાણે જ આયુષ્ય પૂરું થાય છે; આયુષ્યસ્થિતિ પુરી થવામાં જે નિમિત્ત મળવાનાં હોય છે તે જ નિમિત્તો મળે છે.

---

*સોપક્રમ : જે આયુષ્યની પૂર્ણતામાં બહારના પ્રતિકૂળ સંયોગ નિમિત્તરૂપ હોય તેને સોપક્રમ આયુ કહેવાય છે.

* નિરુપક્રમ : જે આયુષ્યની પૂર્ણતામાં બાહ્ય સંયોગ નિમિત્તરૂપ ન હોય તેને નિરુપક્રમ આયુ કહેવાય છે.

જ્યારે માણસ માંદો હોય ત્યારે લોકો એમ કહે છે કે ભાઈ! જેટલા શ્વાસોચ્છ્વાસ એને લેવાના હશે તેટલા લેવાશે. બસ, આ નિશ્ચય વાત છે. લોકો ઓઘિકપણે પણ આ નિશ્ચય વાત કહી રહ્યા છે, અપ્રગટપણે પણ દુનિયાના મોઢામાંથી સત્ય વાત આવી રહી છે.

અપ્રગટપણે લોકોના હૃદયમાં સત્ય વાત આવે છે, છતાં કાંઈ પણ વિચાર નહિ કરતાં જગતના જીવો કેવી ભ્રમણા સેવી રહ્યા છે! કોઈ જીવને મરણ વખતે વસમું લાગતું હોય ને દેહ ઝટ છૂટે નહિ તો કેટલાક તો એમ કહે કે આનો જીવ ક્યાંક રહી ગયો લાગે છે, માટે એની બાયડીને તેની પાસે મોકલો : પછી બાયડી મરણ વખતે જાય તેની પાસે, અરર! જુઓ કાળા કેર! અલ્યા, બાયડીને મોકલવી રહેવા દે, જો તેમાં તેનો મોહ રહી જશે તો મરીને બિચારો દુર્ગતિમાં ચાલ્યો જશે. વળી કેટલાકને એવી ભ્રમણા હોય છે કે બાયડી ને છોકરાં મોઢા આગળ જાય ને કદાચ બચી જાય તો! વળી કેટલાક એમ કહે છે કે બીજાનું લોહી ચડાવે ને બચી જાય તો! અરે ભાઈ! તે બધા ફાંફે-ફાંફાં છે, દાણા વગરના ફોતરાં ખાંડવા જેવું છે; આયુષ્ય હોય તો બચે, નહિ તો લાખ ઉપાય કરે તો પણ ન બચે. આ એક અખંડિત સિદ્ધાંત છે, તે ત્રણકાળમાં પણ ફરે તેમ નથી.

હું પરને જિવાડું છું ને પર મને જિવાડે છે એવો અધ્યવસાય નિશ્ચિતપણે અજ્ઞાન છે. ૨૫૧-૨૫૨.

એવી રીતે હું પરને સુખી-દુઃખી કરું છું ને પર મને સુખી-દુઃખી કરે છે એવા સુખ-દુઃખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છે:—

**जो अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेमि सत्तेति ।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ॥२५३॥**

અર્થ:—જે એમ માને છે કે મારા પોતાથી હું (પર) જીવોને દુઃખી-સુખી કરું છું, તે મૂઢ (-મોહી) છે, અજ્ઞાની છે, અને આનાથી વિપરીત તે જ્ઞાની છે.

આ પહેલાંની ગાથાઓમાં જીવન-મરણની વાત હતી અને હવે આ ગાથામાં સુખ-દુઃખની વાત છે. મરણ છે તે જીવનનો છેલ્લો સરવાળો છે, અને આ સુખ-દુઃખની વાત છે.

---

જે માનતો-મુજથી દુઃખીસુખી હું કરું પર જીવને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.

—ટીકા—

જે એમ માને છે કે હું પર જીવોને દુઃખી-સુખી કરું છું તેનો અભિપ્રાય તદ્દન જુઠો છે. કેટલાક એમ કહે છે કે 'હું તને એવો હેરાન કરી દઉં, એવો દુઃખી કરી દઉં કે ગામમાં તારું નામનિશાન પણ રહેવા ન દઉં, મારી લાગવગ ગામમાં બધે ચાલે છે માટે હું તને દુઃખી કરી દઈશ' આવી માન્યતા તદ્દન અજ્ઞાન છે. કોઈને દુઃખી કરવાની કોઈ પરદ્રવ્યમાં તાકાત્ત નથી. કોઇ કોઇને દુઃખી કરી શકે નહિ. દુઃખ દેવાના ભાવ કરી શકે પણ સામાના ઉદય વગર તેને દુઃખ થાય નહિ. દુઃખી-સુખી કરવાના ભાવ કરે, પણ પોતે ભાવ કરે તેથી સામો જીવ દુઃખી સુખી થઈ જાય એવો સિદ્ધાંત નથી. સામો દુઃખી-સુખી એના ભાવે થાય છે, તેમાં બીજું દ્રવ્ય કાંઈ કરી શકતું નથી. આ વાત સમાજને ભારે કઠણ પડે તેમ છે; પણ દરેક દ્રવ્યની સ્વતંત્રતાની આ વાત સમજ્યે જ છૂટકો છે.

બીજાને દુઃખ સુખ કરી શકાતું નથી, છતાં જે એમ માને છે કે બીજાને દુઃખ-સુખ કરી શકાય છે, તે મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે. દુઃખી થાય છે તે ભ્રાંતિ અને રાગ-દ્વેષના પરિણામથી થાય છે. કોઈ મુનિને અગ્નિમાં નાખે તો શું તેમને દુઃખ થાય? ન થાય કારણ કે તે સ્વરૂપના સાધનારા હોવાથી સ્વરૂપમાં લીન છે, અને ઉપસર્ગ આવવાથી વિશેષ લીન થાય છે; કેટલાક તો કેવળજ્ઞાનને પ્રગટ કરે છે. પરંતુ સામા જીવે મુનિને જે દુઃખ દેવાના ભાવ કર્યા તે અશુભ ભાવ કર્યા-ભૂંડા ભાવ કર્યા, તેનું ફળ તેને દુર્ગતિમાં લઈ જશે, ઘણું ભૂંડું પરિણામ આવશે. મુનિ તો સમજે છે કે પૂર્વનો કોઈ ઉદય હતો તેથી આમ બન્યું, તેમાં કોઈનો વાંક નથી. ક્રોધ મારું સ્વરૂપ નથી, વિકાર મારું સ્વરૂપ નથી. સાક્ષીપણે રહેવું તે મારો સ્વભાવ છે, એમ જાણી સ્વરૂપમાં લીન રહે છે. મુનિ દુઃખી ન થયા તેથી, દુઃખ દેવાનો જેણે ભાવ કર્યો તે જીવ કાંઈ પાપથી છૂટી જતો નથી, તેના પરિણામનું ફળ અવશ્ય તેને મળે છે.

એક જીવને હું દુઃખી-સુખી કરું છું એવો અભિપ્રાય જે સેવે છે તેના અભિપ્રાયમાં ત્રણકાળના અનંતા જીવોને દુઃખી-સુખી કરવાનો અભિપ્રાય આવી જાય છે. તે મિથ્યા અભિપ્રાય જ બંધનનું મૂળ કારણ છે.

કેટલાક કહે છે કે 'આ છોકરો બાર મહિનાનો હતો ત્યારે તેના માબાપ મરી ગયા હતા તેથી અમે તેને પાળીપોષીને મોટો કર્યો છે.' ભાઈ! તું હતો તો મોટો થયો છે તે વાત ખોટી છે, તે છોકરાનાં પુણ્ય હતાં તેથી તારું નિમિત્તપણું બન્યું. તેં તો માત્ર શુભભાવ કર્યા, બહારની ક્રિયા તો તેમ થવાની હતી તેથી થઈ. જીવ પોતે

શુભાશુભભાવ કરી શકે છે. બહારની ક્રિયા કરી શકતો નથી. પર જીવોને હું દુઃખી તથા સુખી કરું છું અને પર જીવો મને દુઃખી-સુખી કરે છે એવો જે અધ્યવસાય—અભિપ્રાય છે તે ધ્રુવપણે અજ્ઞાન છે. અને તેવો અભિપ્રાય જેને નથી તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે. પર જીવોને દુઃખી કરવાનો ભાવ તે પાપ છે અને પર જીવોને સુખી કરવાનો ભાવ તે પુણ્ય છે, પરંતુ હું બીજાને તે પ્રમાણે કરી જ દઉં છું તેવો અભિપ્રાય તે અજ્ઞાન છે. ૨૫૩.

कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे ।
कम्मं च ण देसि तुमं दुक्खिदसुहिदा कहं कया ते ॥२५४॥
कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे ।
कम्मं च ण दिंति तुहं कदोसि कहं दुक्खिदो तेहिं ॥२५५॥
कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे ।
कम्मं च ण दिंति तुहं कह तं सुहिदो कदो तेहिं ॥२५६॥

હવે પૂછે છે કે આ અધ્યવસાન અજ્ઞાન કઇ રીતે છે? તેનો ઉત્તર કહે છે:—

અર્થઃ-જો સર્વ જીવો કર્મના ઉદયથી દુઃખી-સુખી થાય છે, અને તું તેમને કર્મ તો દેતો નથી, તો (હે ભાઇ!) તેં તેમને દુઃખી-સુખી કઇ રીતે કર્યા?

જો સર્વ જીવો કર્મના ઉદયથી દુઃખી-સુખી થાય છે, અને તેઓ તને કર્મ તો દેતા નથી તો (હે ભાઇ?) તેમણે તને દુઃખી કઈ રીતે કર્યો?

જો સર્વ જીવો કર્મના ઉદયથી દુઃખી-સુખી થાય છે, અને તેઓ તને કર્મ તો દેતા નથી, તો (હે ભાઇ!) તેમણે તને સુખી કઇ રીતે કર્યો?

---

જ્યાં કર્મઉદયે જીવ સર્વે દુઃખિત તેમ સુખી થતા,
તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુઃખિત-સુખી કર્યા? ૨૫૪.
જ્યાં કર્મઉદયે જીવ સર્વે દુઃખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો દુઃખિત કેમ કર્યો તને? ૨૫૫
જ્યાં કર્મઉદયે જીવ સર્વે દુઃખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને? ૨૫૬.

આ બધા નિયમો છે, તે ત્રિકાળ અબાધિત છે. આ નિયમોનો સ્વીકાર થાય તેમાં સત્યનો સ્વીકાર છે, આ નિયમોનો સ્વીકાર ન થાય તેમાં અસત્યનો સ્વીકાર છે. ભગવાન સર્વજ્ઞદેવે જાહેર કર્યું છે કે જો સર્વ જીવો કર્મના ઉદયથી દુઃખી-સુખી થાય છે, સામા જીવને જે સુખ-દુઃખ થાય છે તે તેના કર્મને લઈને થાય છે, તું તેમને કર્મ તો દેતો નથી, તો હે ભાઈ! તેં એને દુઃખી-સુખી કઇ રીતે કર્યા? જ્યારે અશાતાનો ઉદય હોય ત્યારે પ્રતિકૂળતાના સંયોગો હોય છે અને જ્યારે પુણ્યનો ઉદય હોય છે ત્યારે અનુકૂળતાના સંયોગો હોય છે; તો પછી મેં આને રોટલો આપ્યો, મેં આને લુગડાં આપ્યાં એ રીતે મેં એને સુખી કર્યો એવું અભિમાન કરવું તે મિથ્યા છે, કારણ કે જે સુખી થાય છે તે પોતાના પુણ્યના ઉદયના કારણે થાય છે; તું એને કર્મ તો દેતો નથી, તો પછી મેં આને સુખી કર્યો એવો અભિપ્રાય તે તદ્દન ખોટો છે.

એ રીતે બીજા જીવો પણ તને દુઃખી-સુખી કરી શકતા નથી. તું જે એમ માને છે કે આણે મને દુઃખી કર્યો તે વાત તદ્દન ખોટી છે. તું કહે છે કે ફલાણે મારી આટલી નિંદા કરી, આટલી અપકીર્તિ ફેલાવી માટે અમને દ્વેષ તો થાય ને? તે વાત તદ્દન મિથ્યા છે. તારા પાપના ઉદય વગર કોઈ કાંઈ કરી શકતું નથી. તને બીજા અશાતાનું કર્મ તો દેતા નથી, તો તને દુઃખી કઈ રીતે કરી શકે? ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગમાં દ્વેષ કરવો કે શાંતિ રાખવી તે તારા હાથની વાત છે.

તું તારા પુણ્ય-પાપના ઉદયથી દુઃખી-સુખી થાય છે છતાં સામા માણસે અમારી દુકાન સામે દુકાન નાખીને અમારી દુકાન ભાંગી, અમને એણે હેરાન કર્યા; વીસ વર્ષ અમારામાં નોકરી કરી અને હવે સામે દુકાન નાખી, અમને એણે બહુ હેરાન કર્યા છે,- એવું જે તારું માનવું છે તે તદ્દન અજ્ઞાન છે. ભાઈ! તારા પાપનો ઉદય હતો તેથી એમ બન્યું છે, તારા પાપના ઉદય વગર કોઈ ત્રણકાળમાં તને હેરાન કરવા સમર્થ નથી. વળી તું કહે છે કે આ માણસે મારી બહુ પ્રશંસા કરી, મને બહુ સગવડતા આપી તેથી રાગ થયા વગર રહેતો નથી; પણ ભાઈ! પુણ્યના ઉદય વગર કોઈ તને સુખી કરવા સમર્થ નથી. સામો માણસ સુખી કરવાના ભાવ કરી શકે પણ તને સુખી કરવા પરદ્રવ્ય કોઈ સમર્થ નથી. જે સગવડતા તને મળે છે તે તારા પુણ્યકર્મના ઉદયથી મળે છે. કોઈ તને કર્મ આપવા સમર્થ નથી, તો તને સુખી કઈ રીતે કરી શકે? સગવડતાના પ્રસંગમાં ખેંચાઈ જઈને રાગ કરવો કે મધ્યસ્થ રહેવું તે તારી સ્વતંત્રતાની વાત છે.

—ટીકા—

પ્રથમ તો, જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી ા છે,

કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવાં અશક્ય છે; વળી પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી, કારણ કે તે પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.

બહારના સંયોગ શાતા-અશાતારૂપ બાંધેલા કર્મના ઉદય પ્રમાણે મળે છે, પણ તે કર્મ તને સુખ-દુઃખ કરાવતું નથી. કોઈ બીજાનું કર્મ બીજાને દઈ શકાતું નથી અને પોતાના કર્મનો ઉદય પણ પોતાને પરાણે સુખ-દુઃખ કરાવતો નથી. આ ગાથાના કથન ઉપરથી કોઈ એમ લઈ જાય કે કર્મનો ઉદય આવ્યો માટે દુઃખી-સુખી થયા, તો એ વાત ખોટી છે. અહીં એમ કહેવાનો આશય નથી. અહીં તો એમ કહેવું છે કે જીવો રાગ-દ્વેષથી દુઃખી-સુખી થાય છે તેમાં પોતાના કર્મના ઉદયનું કારણ છે, બીજા તેને કર્મ દેતા નથી. શાતા-અશાતા કર્મના ઉદય આવે ત્યારે રાગ-દ્વેષ કરીને દુઃખી થવું કે ન થવું તે પોતાના પુરુષાર્થ આધીન વાત છે.

બહારમાં નિંદાનો ઉદય આવ્યો, રોગનો ઉદય આવ્યો તેમાં એકાકાર થઈ જાય છે તેથી રાગ-દ્વેષ થાય છે; જેવો ઉદય આવ્યો તે પ્રમાણે તેં માન્યું કે 'આ ઉદય મને થાય છે;' તારી તે માન્યતા પરરૂપ થઈ જાય છે તેથી રાગ-દ્વેષ થાય છે. રોગના ઉદયમાં, નિંદાના ઉદયમાં સુખ માનવું કે દુઃખ માનવું તે પોતાના પુરુષાર્થને આધીન છે. ઉદય તેમાં પરાણે સુખ-દુઃખ કરાવતું નથી. ગમે તેવા પ્રતિકુળતા કે અનુકુળતાના પ્રસંગ હોય પણ પોતે સાક્ષી રહે તો દુઃખ ન થાય.

પૂર્વે જેવા પ્રારબ્ધ બાંધીને આવ્યો તે પ્રમાણે તે ઉદયમાં આવે, અને તે પ્રમાણે બહારના સંયોગ મળે. કોઈ સધન થાય, કોઈ નિર્ધન થાય, કોઈ કાળો થાય, કોઈ રૂપાળો થાય, તે બધું કર્મના કારણે છે, મફતનું નથી. પૂર્વે જેવા પરિણામ કર્યા હોય તે પ્રમાણે કાળો-રૂપાળો, સધન-નિર્ધન થાય છે, તોપણ તેવા સંયોગમાં સુખ-દુઃખ માનવું કે ન માનવું તે તારી સ્વતંત્રતાની વાત છે. બહારનો સંયોગ સુખ-દુઃખ કરાવી દેતો નથી. જો બહારનો સંયોગ સુખ-દુઃખ કરાવે તો રાગ-દ્વેષ થયા જ કરે અને પોતે રાગ દ્વેષ ટાળીને કોઈ દિવસ મુક્તિ કરી શકે નહિ.

તારો જે જાતનો ઉદય આવે તેને કોઈ રોકવા સમર્થ નથી. બધા માણસોની અનુકુળતા કદાચ હશે તો ભીંત પડશે ને મરી જઈશ. મનુષ્ય જન્મ પામીને સત્યસ્વરૂપ નહિ સમજ તો ચોરાશીના અવતાર ટળશે નહિ માટે સત્ય સમજવાનો પ્રયત્ન કર.

સર્વજ્ઞદેવ કહે છે કે જીવોને પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવાં

અશક્ય છે; શાતા કે અશાતાનો ઉદય આવે ત્યારે કોઈ નો ભાર નથી કે તે ટાળી શકે. માટે પરનું હું કરી શકું છું એવું અભિમાન છોડ, સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે એમ શ્રદ્ધા કર.

સં. ૨૦૦૦, કારતક વદ અમસ, શનિવાર.

આ અધિકાર બંધનો છે; બંધન એટલે પરાશ્રયભાવ. હું કાંઈક પરનું કરી શકું છું એવી જે માન્યતા છે તે પરાશ્રયભાવ છે, તે જ બંધનભાવ છે. હું મારું જ કરી શકું છું, પરનું કાંઈ કરી શકતો નથી એવો જે ભાવ છે તે સમ્યક્ છે, જે સમ્યક્ હોય તે સ્વભાવના આશ્રયે હોય ને સ્વતંત્ર જ હોય; એવા સત્યભાવથી આત્મ-પર્યાયની વૃદ્ધિ થાય છે, અને પરનું હું કરી શકું છું એવી માન્યતાથી આત્મ-પર્યાયનું ખૂન થાય છે. જે પરાશ્રયદૃષ્ટિ છે તે મિથ્યાભાવ છે ને સ્વાશ્રયદૃષ્ટિ છે તે સમ્યક્ભાવ છે, સ્વાશ્રયદૃષ્ટિ થયા વગર સ્વાશ્રયપણાની આ વાત કોઈ રીતે સમજાય તેમ નથી. લોકોને ' દેખત ભૂલ ' એવી થઈ પડી છે કે કોઇ જીવ બચે ત્યાં પોતે તે જીવને બચવાના અનુકૂળ નિમિત્તરૂપે હાજર હોય તેથી એમ લાગે કે આ મારાથી બચ્યો. જેમ કાગડો ડાળ ઉપર બેસે કે તરત જ ડાળ પડે, તેથી એમ લાગે કે જાણે કાગડાએ ડાળ પાડી; પરંતુ વાસ્તવિક રીતે તો એમ છે કે ડાળ પડવાની તૈયારી થઈ ગઈ હતી તેથી કાગડાનું નિમિત્ત બન્યું. એવી રીતે જગતના જીવોને પૂર્વનું આયુષ્ય બંધાયેલું હોય છે, તે પૂરું થયે મરણ થાય છે, પરંતુ મરતી વખતે મરણ થવામાં કોઈ જીવ અનુકૂળ નિમિત્ત હોય તો ' આણે આને માર્યો ' તેમ કહેવાય છે.

અહીં તો સુખ-દુઃખની ગાથા ચાલે છે. તેનો મુખ્ય સિદ્ધાંત એટલે કે નિયમ તો આ પ્રમાણે છે કે જે જીવે પૂર્વે જે પ્રમાણે શુભાશુભ ભાવ કર્યા તે પ્રમાણે પ્રારબ્ધ બંધાણાં અને તે પ્રારબ્ધ અનુસાર સુખ-દુઃખ થાય છે, બીજો એને સુખ-દુઃખ કરી શકતો નથી; તે સમજાવવા માટે આ વાત છે. પરંતુ કર્મ તેને સુખ-દુઃખ કરાવે છે તેમ અહીં કહેવું નથી. કર્મના ઉદયના સંયોગમાં પોતે સુખ-દુઃખની કલ્પના કરે તો પોતે સુખી-દુઃખી થાય છે. અહીં તો એટલું જ કહેવું છે કે પોતાનાં કર્મના ઉદય વિના બીજો કોઇ તેને સુખ-દુઃખનાં સંયોગ આપવા પણ સમર્થ નથી; પછી સંયોગમાં સુખી-દુઃખી થવું કે ન થવું તે વર્તમાન પોતાના પુરુષાર્થ આધીન છે.

કોઈ પ્રાણીએ પૂર્વે પ્રારબ્ધ બાંધેલું ન હોય તો કોઈ બીજો તેને અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગ આપી શકે નહિ. આ વાત સાદી ને સમજાય તેવી છે; આનાથી તો કેટલાય પરના કર્તાપણાના ગર્વ ઉતરી જાય એવું છે.

વળી પોતાનું કર્મ બીજાને દઈ શકાતું નથી. કોઈ કહે કે અમે રૂપિયા ગરીબને આપ્યા તેથી અમે બીજાને શુભકર્મ આપ્યું તો ખરું ને ? અમે બીજાને દવા મફત આપી તો અમે બીજાને સુખ આપ્યું ને ? અરે ભાઈ ! રૂપિયા પણ તારા નથી ને દવા પણ તારી નથી. દવા અને રૂપિયા બન્ને પુદ્‌ગલના છે. જો તારા કષાયની મંદતાના ભાવ હોય તો તે તારો શુભભાવ છે અને તેનાથી પુણ્ય બંધાય છે; ને કષાયની મંદતામાં પણ 'હું બીજાને દઈ શકું છું' એવો ભાવ ભેગો છે તેથી પરના અભિમાનરૂપ મિથ્યાત્વથી અનંતું પાપ બંધાય છે, ને પુણ્ય તો અલ્પ બંધાય છે. 'હું ન હોત તો આનું ખરાબ થઈ જાત, મેં આનું સારું કર્યું' તેવો ભાવ ત્રિકાળ અસત્યનો આદર કરનાર અને ત્રિકાળ સત્યનો અનાદર કરનાર છે. જેના લક્ષ્યમાં–સાધ્યમાં સત્ય નથી તે સત્યનો અનાદર કરનાર છે.

જેને જે કાર્યમાં જે નિમિત્ત બનવાનું હોય, થવાનું હોય તે નિમિત્તરૂપે વચ્ચે આવે. બીજો એમ ભાવ કરે કે 'હું આને અનુકુળતામાં નિમિત્ત બનું' છતાં તે નિમિત્ત ન થવાનું હોય તો તેને ક્યાંય બીજે ઓચિંતા જવાનો યોગ બની જાય, કાં પક્ષઘાત થઈ જાય, કાં વાએ ઝલાઈ જાય વગેરે ગમે તે કારણે તે નિમિત્ત ન બનવાનું હોય તો ન જ બને. તે રીતે પ્રતિકુળતામાં જે નિમિત્ત બનવાનું હોય તે બને છે; બીજાને પ્રતિકુળતા દેવાના ભાવ કરવા કે ન કરવા તેમાં પોતે સ્વાધીન છે. પરંતુ બહારનું નિમિત્ત જે રીતે બનવાનું હોય તે રીતે બને છે, મુનિને બીજાને મારવાના ભાવ નથી છતાં તેમના પગ નીચે કોઈ જીવ આવીને મરી જાય છે તો મુનિને દોષ લાગતો નથી.

દાન દેવાના ભાવ કરે, તૃષ્ણા ઘટાડે તો પુણ્ય બંધાય. દાન દેવાની ક્રિયા તો બનવાની હોય તો બને છે; પણ દાન દેવામાં એવા ભાવ કરે કે 'લોકો આપણને મોટા કહેશે, આપણી પ્રશંસા થશે,' તો પાપ બંધાય; પુણ્ય બંધાય કે પાપ બંધાય તેનો આધાર ભાવ ઉપર છે, બહારની ક્રિયા ઉપર નથી. દાન દેવાના ભાવ થાય પણ જો દાન દેવાની બહારની ક્રિયાને અનુકુળ ઉદય ન હોય તો બહારની ક્રિયા ન બને, દાન દેવાના ભાવ થાય અને જો તે ભાવ પ્રમાણે બહારની દાન દેવાની ક્રિયાને અનુકુળ ઉદય હોય તો દાન દેવાની ક્રિયા બને, એવો સંબંધ છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યની પર્યાયનું કર્તા નથી.

બીજા સુખી થાય તો જ આને પુણ્ય થાય અને બીજા દુ:ખી થાય તો જ આને પાપ થાય એવો સિદ્ધાંત નથી. પોતે સુખ દેવાના ભાવ કરે તો પુણ્ય થાય અને પોતે

દુઃખ દેવાના ભાવ કરે તો પાપ થાય. પોતાના ભાવ પ્રમાણે પુણ્ય-પાપ બંધાય છે. બીજા જીવને જિવાડવાના ભાવ હોય છતાં તે મરી જાય તો પોતાને પાપ લાગતું નથી, કારણ કે પોતાના ભાવ તો જિવાડવાના હતા તેથી પોતાને તો પુણ્ય બંધાય છે, તેવી રીતે બીજાને મારી નાખવાના ને દુઃખ દેવાના ભાવ હોય પણ સામો માણસ ન મરે અને તેને દુઃખ પણ ન થાય તો તેથી પરિણામ કરનારને પાપ બંધાતું નથી–એવો સિદ્ધાંત નથી. મારી નાખવાના અને દુઃખ દેવાના ભાવ કર્યા તેથી તો પાપ બંધાય જ છે.

મુનિને કોઈએ અગ્નિનો ઉપસર્ગ આપ્યો, પરંતુ મુનિને દુઃખ થતું નથી, મુનિ તો આત્મામાં શાંતિ કરી, સ્વરૂપમાં લીન થઈ, કેવળજ્ઞાન પામે છે; ત્યાં મુનિને કેવળજ્ઞાન થયું માટે ઉપસર્ગ દેનારને કાંઈ લાભ થાય–એમ નથી. ઉપસર્ગ દેનારને તો પાપ જ બંધાય છે. પુણ્ય–પાપ કાંઈ સામાને કારણે થતાં નથી, પણ પોતાના પરિણામથી જ થાય છે. મુનિરાજને મારવાના ક્રૂર પરિણામ છે તેથી તેને તો ઘોર પાપ જ બંધાય છે.

એક ગામના તળાવમાં પાણી ખૂટયું; તે તળાવમાં લાખો ગમે માછલાં હતાં. તે ગામમાં મહાજનનું ઘણું જોર હતું. ગામના રાજાએ ગામના મહાજનને કહેવરાવ્યું કે આ તળાવના માછલાં તમે બીજી જગાએ લઈ જાઓ, નહીંતર તે બધાં મરી જશે; પછી મહાજને તે બધાં માછલાં ત્યાંથી લઈને કુવામાં નાખ્યાં; પણ પાણીનો ફેર થવાથી તે બધાં માછલાં મરી ગયાં મહાજને તો માછલાં જીવતાં રહે તેવા શુભભાવથી કુવામાં નાખ્યાં, પણ માછલાંનું આયુષ્ય નહિ તેથી તે મરી ગયાં; તેથી શું મહાજનને પાપ લાગે? ન લાગે. કારણ કે મહાજનને તો માછલાં જિવાડવાના ભાવ હતા તેથી પુણ્ય થાય. આ રીતે પુણ્ય–પાપ ભાવના આધારે છે, પણ ક્રિયાના આધારે નથી.

અનુકુળ–પ્રતિકુળ સંયોગો જે અકસ્માત આવે છે તે મફતના આવતા નથી. પૂર્વે જે જાતના પરિણામ કર્યા હોય છે તે પ્રમાણે પુણ્ય–પાપ બંધાય છે અને ઉદયમાં આવે છે. ધરતીકંપ થાય છે, વીજળી પડે છે વગેરે જે જે અકસ્માત બનાવો બને છે તે અવ્યવસ્થિત બનતા નથી, પરંતુ તે જાતના પુણ્ય-પાપ કરેલાં હોય છે તેથી તે જાતનો સંયોગ ગમે તે રીતે ગમે ત્યાંથી બન્યા વગર રહેતો નથી.

કોઈ કોઈનું કાંઈ પણ કરી શકતું નથી, કોઈ કોઈને સુખી–દુઃખી કરી શકતું નથી. જ્યારે બીજાને સુખ દેવાના ભાવ કર્યા ત્યારે તે ભાવ પ્રમાણે બહારની અનુકુળ ક્રિયા થાય એવો ઉદય હોય તો 'આને સુખ આપ્યું' એમ નિમિત્તથી કહેવાય છે. તે રીતે બીજાને દુઃખ દેવાનો ભાવ હોય અને તેના ભાવ પ્રમાણે બહારની અનુકુળ

ક્રિયા થાય તેવો ઉદય હોય તો 'આણે આને દુઃખ આપ્યું' એમ નિમિત્તથી કહેવાય છે. પરંતુ વાસ્તવિક રીતે કોઈ કોઈને સુખ-દુઃખ આપી શકતું નથી. સૌ કોઈ ભ્રાંતિ અને રાગ-દ્વેષ વડે સુખી-દુઃખી થાય છે. પુણ્ય-પાપના ઉદય વખતે રાગ-દ્વેષ કરે તો સુખી-દુઃખી થાય છે. સર્વ જીવો સ્વતંત્ર છે, કોઈ કોઈને સુખ-દુઃખ આપી શકતું નથી.

આમાં એવો અર્થ નથી કે અનુકંપા ને દયાના ભાવ ન કરવા; એમ તો કહેવાનું હોય જ નહિ. અહીં તો એમ કહ્યું છે કે તું ભાવ કરી શકે છે પણ પરનું કાંઈ કરી શકતો નથી. સત્ જેમ છે તેમ સમજે તો શરણરૂપ થાય; ઊંધા જીવોને સત્ સમજવું જ નથી, સત્ સમજ્યા વગર સત્ શરણરૂપ ક્યાંથી થાય? અસત્યને શરણે ક્યાંય પણ સત્યના શરણની શાંતિ આવે નહિ. વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સત્‌રૂપે સમજ્યો નથી તેથી શરીરમાં રોગ આવે, માંદો પડે, એકસો ચાર-પાંચ ડીગ્રી તાવ આવે ત્યાં તો રાડે રાડ પાડે. પર તે હું ને હું તે પર એમ એકત્વબુદ્ધિ ઉભી છે તેથી આલસ-વિલસ થાય, જેમ કડાયામાં ધાણી તરફડે તેમ તરફડે; એટલા તાવમાં પણ એવી આકુળતા થાય છે તો એના કરતાં મરણ વખતે તો એક રજકણ પણ પોતાનું ધાર્યું કામ નહિ આપે, શ્વાસ પણ સગો નહિ થાય અને એક આંગળી પણ ધાર્યા પ્રમાણે ઊંચી નહિ થાય, એ વખતે શું થશે? અસત્યના સેવનારને સત્યના શરણાં નહિ મળે, અસત્યનો આદર કરનારને સત્યના શરણાં ક્યાંથી હોય? વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજ્યો નથી તેથી મરણ વખતે કોણ શરણ થશે? અસત્યના આગ્રહ સેવી રાખ્યા છે, પર સાથેની એકત્વબુદ્ધિની દ્રઢતા કરી છે, પરના કર્તાપણાની માન્યતાની દ્રઢતા કરી છે, તો મરણ વખતે કોણ શરણ થશે? પર એવા શરીરમાં રોગ આવતા ભીંસાઈ જવાશે કારણ કે પર સાથે એકત્વબુદ્ધિની દ્રઢતા સેવી રાખી છે; તેથી તારું મરણ બગડશે, અને મરીને નિગોદમાં ચાલ્યો જઈશ. જે સત્યને સમજ્યો છે, પર અને હું જુદાં છીએ એવી જેને શ્રદ્ધા છે તે મરણ વખતે શરીરમાં રોગ આવતા ભીંસાઈ જતા નથી પણ આત્માનું જુદું ભાન રાખી શકે છે.

જેણે અસત્યના ગોટા વાળ્યા છે તેણે તે અસત્યના ફળમાં સત્યની આશા રાખવી નકામી છે, કારણ કે અસત્યના ફળમાં સત્ય કદી આવે જ નહિ. અસત્યના ફળમાં સત્ય તો કદી આવતું જ નથી પરંતુ અસત્યને છૂપાવવા ધારે તો તે કદી છૂપતું પણ નથી, જેમ રૂના પોલમાં અગ્નિ નાખી તે રૂનો પોલ ખીસ્સામાં નાખી સંતાડે તો તે ઢાંક્યો કે છૂપો રહે નહિ, તે અગ્નિ રૂના પોલને બાળી, લુગડાને બાળીને ભડકો થઈને બહાર નીકળશે; તેમ સત્યને જે ગૂંદી નાખી-ચૂંથી નાંખીને અસત્ય

રાખવા માગે છે તેના અસત્ય ઢાંકયાં રહેશે નહિ, જૂઠાણાનું સેવન કર્યું ને સત્ય ઉપર નાંખ્યાં આળ, તો પોકાર કરશે તારા પાપ. કહેવત છે કે:—

પાપ છૂપાવ્યાં નહિ છુપે, છુપે તે મોટા ભાગ્ય,
દાબી દૂબી ના રહે, રૂએ લપેટી આગ.

પાપ કદી છુપાવવા ધારે તો છુપતાં નથી. કોઈનાં ભાગ્ય હોય તો બહારથી છુપી જાય પરંતુ એના પોતાના પર્યાયમાં તો પ્રગટ જ હોય છે. રૂએ લપેટી આગ જેમ છુપતી નથી તેમ કરેલાં પાપ કદી છુપતાં નથી. વર્તમાનમાં પાપ કરી રહ્યો છે તેનાથી જે કર્મ બંધાય છે તે કર્મ ભવિષ્યમાં ઉદય આવશે અને કરેલા પાપના ભડાકા ઊઠશે. વસ્તુસ્વભાવ જે રીતે છે તે રીતે નહિ માનતાં તેનાથી ઊંધું માનવું તે મિથ્યાત્વ છે, મિથ્યાત્વનું પાપ અનંતુ છે. ઊંધા આગ્રહને ઉત્કૃષ્ટપણે સેવનારો નિગોદમાં જાય છે, ત્યાંથી અનંતકાળ સુધી તેને ત્રસમાં આવવું પણ મુશ્કેલ પડે છે.

કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. બીજાને સુખી-દુ:ખી કરવાના ભાવ હોય છતાં પોતે તેને સુખી દુ:ખી કરી શકતો નથી. પોતાના અભિપ્રાય પ્રમાણે જગતમાં થતું નથી; માટે સાબિત થાય છે કે પરને સુખી-દુ:ખી કરવાનો તારો અભિપ્રાય જૂઠો છે. જે કાર્યો બને છે તે સૌ સ્વતંત્રપણે બને છે. છતાં પણ પોતે માને કે આ મારાથી બન્યું, તે અજ્ઞાન છે,

કોઈ ને કારણે કોઈ નભતું નથી. જેના માબાપે ભાઈઓથી જુદા પડયા ત્યારે ત્રાજવે તોળીને બબ્બે લાખના દાગીના વહેંચ્યા હતા, તેના છોકરાને ઘરે વહુને સુવાવડ આવી તે વખતે તેનું ખર્ચ કાઢે તેટલી મૂડી પણ તેની પાસે ન રહી. શું એવા દાખલા નથી જોયા? અરે? ઘણા જોયા છે. મમતાને લઈને એવા ભાવ કર્યા કરે કે છોકરાને આટલું હોય તો પાછળથી વાંધો ન આવે, પણ એ તો એના પુણ્ય હોય તો રહે, પુણ્ય ન હોય તો ન રહે. માટે કોઈ કોઈ ને નભાવી શકતું નથી. જેના માબાપ નિર્ધન હતા તેના છોકરા ધનવંત થયા છે કે નહિ? થયા છે. માટે કોઈ કોઈ ને નભાવે છે એ વાત કયાં રહી? સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે, કોઇ કોઈ ને નભાવી શકતું નથી. બીજાને સુખી-દુ:ખી કરવાનો, જિવાડવાનો કે મારવાનો જેનો જે આશય છે તે પ્રમાણે જો જગતમાં બનતું નથી તો પછી તે આશય જૂઠો છે, અને તેથી દરેક પ્રાણી પોતાના કર્મના ઉદયથી સુખી-દુ:ખી થાય છે-એમ નક્કી થાય છે.

ઊંધો આશય જ્યાં ફરી ગયો ત્યાં પર તરફનું અનંતું વલણ ફરી ગયું, હવે આશ્રય કરવા માટે રહ્યો પોતે એક; પુણ્ય-પાપના ભાવ હું કરું તો થાય અને ધર્મ ભાવ પણ હું કરું તો થાય એવી માન્યતા થઈ ત્યાં ત્રિકાળનું અસત્ય ખસી ગયું; આ

ઓળખાણ થઈ ત્યાં ત્રણેકાળના અસત્‌ને વોસરાવી ( -છોડી ) દીધું. આચાર્યદેવે સત્ય-સ્વરૂપ સમજાવવા માટે ઢંઢેરો પીટયો છે કે તારા સુખ-દુઃખમાં તું, પણ તારા સુખ-દુઃખમાં બીજું કોઈ નથી. પર નિમિત્ત ઉપર દૃષ્ટિ રાખીશ ત્યાંસુધી તારામાં ઠરવાનું ટાણું કોઈ દિવસ તને આવશે નહિ, માટે પર ઉપરની દૃષ્ટિ છોડ અને તારામાં દૃષ્ટિ કર.

નિમિત્ત--નૈમિત્તિકભાવના આશ્રયે કોઈને કોઈના સુખ-દુઃખનો કરનાર કહેવો તે વ્યવહાર છે. પરંતુ ખરી રીતે કોઈ કોઈને સુખી-દુઃખી કરી શકતો નથી; બીજાને સુખી-દુઃખી કરવાના ભાવ પોતે કર્યા અને તે ભાવ પ્રમાણે બહારની ક્રિયાનો યોગ પણ સ્વયં બની જાય તો ઉપચારથી કહેવાય છે કે ' આણે આને સુખી-દુઃખી કર્યો.' પરંતુ વાસ્તવિક રીતે કોઈ કોઈને સુખી-દુઃખી કરી શકતું નથી. સૌ પોતપોતાના ઉદય પ્રમાણે સુખી-દુઃખી થાય છે. પુણ્ય પાપના ઉદયમાં પણ રાગ-દ્વેષ કરીને સુખી થવું કે નહિ તે પોતાના પુરુષાર્થ આધીન છે. વ્યવહારમાં કહેવાય છે કે ઘરડાનાં પુણ્ય ખાઈએ છીએ; પણ ઘરડા પાસે તો પાંચ હજારની પણ મૂડી ન હોય અને પોતાની પાસે તો પાંચ લાખ થાય તો પણ કહેવાય છે કે ઘરડાનાં પુણ્ય ખાઈએ છીએ. કોઈના ઘરમાં વહુ આવ્યા પછી પૈસા વધે તો કહેવાય કે બાઈ કંકુ-પગલે આવી છે માટે ઘરમાં અભરે ભરાણું. અને કોઈના ઘરમાં વહુ આવ્યા પછી પૈસા જાય તો કહે કે છપ્પરપગી આવી છે કે તે આવ્યા પછી સુખ થયું નથી, પણ ભાઈ! વહુ શું કરે? તારા પાપના ઉદય હોય તો પ્રતિકૂળતા થાય અને તારા પુણ્યના ઉદય હોય તો અનુકૂળતા થાય, તેમાં કોઈને કારણે કાંઈ બનતું નથી. જગત્ જેમ બોલે છે તેમ વસ્તુસ્વરૂપ નથી, વસ્તુનું સ્વરૂપ જુદું છે.

બીજો બીજાને સુખી-દુખી કરવાના ભાવ કરી શકે છે પણ કોઈ કોઈને સુખી-દુઃખી કરી શકતું નથી. સો દ્રવ્ય સ્વાધીન છે. બીજા ઉપર આરોપ આપીને કહેવાય કે ' આણે આને સુખી-દુઃખી કર્યો,' પણ વસ્તુસ્વભાવ તેમ નથી.

પ્રશ્નઃ—બોલવું કાંઈક અને સમજવું કાંઈક એ કપટ નથી?

ઉત્તરઃ—ના, પાણીનો કળશો કહેવાની રીત છે પણ કળશો પાણીનો નથી, પીત્તળનો છે; ' પાણીનો કળશો ' એમ કથનમાં કહેવાય છે તે કપટ નથી પણ વ્યવહારની બોલવાની રીત જ એવી હોય છે; પાણીનો કળશો ન બોલે તો શું લાંબી લાંબી ભાષા બોલે કે ' પીત્તળનો કળશો છે, તેમાં પાણી રહેલું છે તે કળશો લાવો!' એવું વારંવાર લાંબું લાંબું બોલ્યા કરે તો વ્યવહારમાં ચાલે નહિ; વ્યવહારમાં તો ટૂંકું બોલીને પાણીનો કળશો લાવવાનું કહેવાય છે; કથનની રીત તો વ્યવહારમાં એવી હોય છે.

વ્યવહારમાં બોલાય છે કે 'આ ગામ આવ્યું,' પણ ખરી રીતે ગામ કાંઈ આવતું નથી, ગામ સામે પોતે જાય છે; પણ કથનની રીત જ કેટલીક નિમિત્તથી હોય છે. 'ડુંગર બળે છે' તેમ કહેવાય છે પણ ખરી રીતે ડુંગરના પથરા બળતા નથી, પણ ઘાસ બળે છે; 'નેવા ચૂવે છે' તેમ કહેવાય છે પણ ખરી રીતે નેવા ચૂતા નથી પણ પાણી ચૂવે છે. પાણીનો કળશો, લોટની માટલી, ઘીનો ઘડો, દવાની શીશી એમ નિમિત્તથી કથન છે. 'દવાની શીશી લાવો' તેમ ટૂંકીભાષા ન બોલે તો શું એમ બોલે કે, 'જે કાચની શીશીમાં દવા રહે છે તે કાચની શીશી લાવો;' એવી લાંબી ભાષા વ્યવહારમાં ચાલે નહિ. એ રીતે વ્યવહારનું કથન નિમિત્તથી હોય છે, માટે બોલવું કાંઈક ને સમજવું કાંઈક તે કપટ નથી, પણ તે તો જ્ઞાનનો વિવેક છે.

હવે આચાર્યદેવ કળશરૂપ કાવ્ય કહે છે:—

(વસંતતિલકા)

सर्वं सदैव नियतं भवति स्वकीय-
कर्मोदयान्मरणजीवितदुःखसौख्यम् ।
अज्ञानमेतदिह यत्तु परः परस्य
कुर्यात्पुमान्मरणजीवित दुःखसौख्यम् ॥ १६८ ॥

અર્થ:—આ જગતમાં જીવોને મરણ, જીવિત, દુઃખ, સુખ—બધુંય સદૈવ નિયમથી (-ચોક્કસ) પોતાના કર્મના ઉદયથી થાય છે; 'બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન દુઃખ, સુખ, કરે છે' આમ જે માનવું તે તો અજ્ઞાન છે.

આ જગતના બધા જીવોને પોતાની આયુષ્યસ્થિતિ પૂરી થવાથી મરણ થાય છે. એ રીતે જીવતર, સુખ અને દુઃખ સદૈવ પોતાના કર્મના ઉદયથી જ થાય છે. બીજો કોઈ બીજાનાં મરણ, જીવતર, સુખ અને દુઃખને કરે છે-એમ માનવું તે તદ્દન અજ્ઞાન છે.

કોઈ કહેશે કે આવું માનવાથી પરનું કાંઈ નહિ થઈ શકે; પણ અરે ભાઈ! તું પરનું કાંઈ કરી શકતો જ નથી, પછી કરવાનું રહ્યું જ કયાં? તું સાચી શ્રદ્ધા કર તોપણ જે બનવાનું હશે તે જ બનશે અને સાચી શ્રદ્ધા નહિ કર તોપણ જે બનવાનું હશે તે જ બનશે, માટે સાચી શ્રદ્ધા કર. જે સંયોગ તને અને સામાને મળવાનો હશે તે જ મળશે, તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી, માટે ખોટા અભિપ્રાયને છોડ અને સાચી શ્રદ્ધા કર.

ફરી આ જ અર્થને દઢ કરતું અને આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે:—

( વસંતતિલકા )

अज्ञानमेतदधिगम्य परात्परस्य
पश्यंति ये मरणजीवितदुःखसौख्यम् ।
कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते
मिथ्यादृशो नियतमात्महनो भवंति ॥१६९॥

અર્થઃ- આ (પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને પામીને જે પુરુષો પરથી પરનાં મરણ, જીવન, દુઃખ, સુખ દેખે છે અર્થાત્ માને છે, તે પુરુષો—કે જેઓ એ રીતે અહંકાર-રસથી કર્મો કરવાના ઇચ્છક છે ( અર્થાત્ 'હું આ કર્મો કરું છું' એવા અહંકારરૂપી રસથી જેઓ કર્મ કરવાની—મારવા-જિવાડવાની, સુખી-દુઃખી કરવાની—વાંછા કરનારા છે ) તેઓ—નિયમની મિથ્યાદૃષ્ટિ છે, પોતાના આત્માનો ઘાત કરનારા છે.

'પર મને સુખ આપે છે ને પર મને દુઃખ આપે છે, પરને હું સુખ-દુઃખ આપું છું; પર મને મારે છે ને જિવાડે છે, હું પરને મારું છું ને જિવાડું છું' એવું જે દેખે છે ને માને છે તે જીવ અહંકાર રસથી કર્મ કરવાનો ઇચ્છનારો છે. લોકો કહે છે કે, આવું સાંભળવાથી અમારો પરનું કાંઈ કરવાનો ઉત્સાહ મટી જશે. અરે ભાઈ! ખોટો ઉત્સાહ મટી જાય તો એમાં વાંધો શું છે? અત્યારે પણ તું શુભાશુભ-ભાવને કરી શકે છે, બીજું કાંઈ કરી શકતો નથી. શુભાશુભભાવને કરવા તે તારા હાથની વાત છે, બાકી પરનું તારા હાથમા ને તારું પરના હાથમાં કર્તવ્ય હોય એમ ત્રણકાળમાં બની શકે નહિ.

કોઈ એમ કહે કે પહેલા થોડી બહારની ક્રિયા કરવાનું સમજાવો એટલે કે થોડું અસત્ય સમજાવીને પછી સત્ય સમજાવો અરે બાપુ! સત્યની શરૂઆત તો સત્યથી જ હોય, સત્યની શરૂઆત તો અસત્યથી ત્રણકાળમાં ન હોય, સતને રસ્તે જ સત્ આવે, અસત્‌ને રસ્તે ત્રણકાળમાં સત્ આવે નહિ; સત્‌માંથી જ સત્ પ્રગટે, અસત્‌માંથી સત્ પ્રગટે જ નહિ.

જેઓ કર્મ કરવાની, મારવા-જિવાડવાની, સુખી-દુઃખી કરવાની વાંછા કરનારા છે તેઓ ચોક્કસપણે મિથ્યાદૃષ્ટિ છે. અહીં આ કલશમાં તો 'आत्महनो भवंति' કહ્યું છે એટલે કે આત્માની હિંસા કરનારા છે. પરને હું સુખી-દુઃખી કરું છું, પર મને સુખી-દુઃખી કરે છે એવું માનનારા આત્માની હિંસા કરે છે. તેવા ખોટા અભિપ્રાયને ફેરવે, ઊંધાઈના ભાવને ગુલાંટ ખવરાવે એટલે સવળી માન્યતા કરે કે હું

મારામાં પૂરેપૂરો સ્વતંત્ર છું ને પર એનામાં પૂરેપૂરા સ્વતંત્ર છે, માટે હું પરને સુ:ખી-દુખી કરું નહિ ને પર મને સુખી-દુખી કરે નહિ. આવી સ્વતંત્રતાની શ્રદ્ધા કરીને સ્વભાવમાં ઠર્યો તે જ પોતાની અહિંસા થઈ.

કાંઈ પણ પરને આશ્રયે આમ કરી દઉં એમ માન્યું તો તે માન્યતા અનંત સંસારનું કારણ છે; પરનું હું કરું છું તેમ માન્યું તે જ તેવા અનંતા પર પદાર્થને કરું છું એમ માન્યું; પોતે પરનું કાંઈ કરી શકતો નથી, પરનું કાંઈ પોતાથી બની શકતું નથી છતાં જેણે 'પરને કરું છુ' તેમ માન્યું તેણે ત્રણકાળના પદાર્થોના કર્તા-પણાનો અનંતો અહંકાર કર્યો તે જ બંધનું મૂળીયું છે. મારાથી પરનું કાંઈ પણ નથી બનતું તેમ ન જાણ્યું–ન માન્યું તેણે સત્યનું ખૂન કર્યું અને અસત્યનો આદર કર્યો. ભગવાન આત્મા તો સાક્ષી સ્વભાવરૂપ છે, તેને નહિ જાણતાં–નહિ દેખતાં પરને કરવાનું માને તે સ્વભાવથી ચ્યુત થઈને પરનો અહંકાર કર્યા વગર રહે નહિ.

વ્યવહારમાં ડાહ્યા કહેવાતા ઘણા માણસો એમ માને છે કે ફલાણા કામમાં મારી હાજરી હોત તો કામ સુધરી જાત, હું ન આવ્યો તેથી બગડયું. એવું માન-નારા આત્માના ખૂની છે. સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે, કોઈ કોઈનું કાંઈ કરી શકતું જ નથી. વસ્તુસ્વભાવ જેમ છે તેમ સમજ્યા વિના પરિભ્રમણ ટળે તેમ નથી, માટે જેણે આત્માનું હિત કરવું હોય તેણે વસ્તુસ્વભાવ જેમ છે તેમ સમજવો.

સં. ૨૦૦૦, માગશર સુદ ૧, રવિવાર

આત્માને બંધન કેમ થાય છે તેનો અધિકાર ચાલે છે. પર સાથે એકત્વબુદ્ધિથી બંધ થાય છે. ભ્રાંતિ અને રાગ-દ્વેષરૂપ પરિણામ તે ભાવબંધ છે, અને તેના નિમિત્તે જે પુદ્દગલકર્મ બંધાય છે તે દ્રવ્યબંધ છે. પરને પોતે જિવાડી શકતો નથી, મારી શકતો નથી, સુખી-દુ:ખી કરી શકતો નથી, છતાં અજ્ઞાની એમ માને છે કે હું બીજાને જિવાડી શકું છું, મારી શકું છું, સુખી–દુ:ખી કરી શકું છું, તે તેની ઊંધી માન્યતા છે, અને તે જ આત્મહિંસા છે. કોઈ કોઈનું ત્રણકાળ ત્રણલોકમાં કરી શકતું નથી, છતાં અજ્ઞાની એમ માને છે કે હું બીજાનું કરી શકું છું. એમ વસ્તુસ્વરૂપથી ઊંધું માનનારો તે અજ્ઞાની અનંતા જ્ઞાનીઓની આશાતના કરે છે; કારણ કે જ્ઞાની જેમ કહે છે તેમ નહિ માનતાં તેનાથી ઊંધું માન્યું તેથી અનંતા જ્ઞાનીઓની આશાતના કરી છે. ઊંધી માન્યતાને લીધે તે ક્ષણે ક્ષણે આત્માનું ભાવ મરણ કરે છે અને ચોરાશીના અવતાર ઉભા કરે છે. ૨૫૪-૨૫૬.

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે:—

जो मरइ जो य दुहिदो जायदि कम्मोदयेण सो सव्वो
तह्मादु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा ॥२५७॥
जो ण मरदि ण य दुहिदो सोवि य कम्मोदयेण चेव खलु।
तह्मा ण मारिदो णो दुहाविदो चेदि ण हु मिच्छा॥ २५८ ॥

અર્થ:-જે મરે છે અને જે દુ:ખી થાય છે તે સૌ કર્મના ઉદયથી થાય છે; તેથી 'મેં માર્યો, મેં દુ:ખી કર્યો' એવો તારો અભિપ્રાય શું ખરેખર મિથ્યા નથી?

વળી જે નથી મરતો અને નથી દુ:ખી થતો તે પણ ખરેખર કર્મના ઉદયથી જ થાય છે; તેથી 'મેં ન માર્યો, મેં ન દુ:ખી કર્યો' એવો તારો અભિપ્રાય શું ખરેખર મિથ્યા નથી?

જો જીવ હણાય છે અને દુ:ખી થાય છે તે પોતાના કર્મના ઉદયના કારણે થાય છે, તો હું બીજા જીવોને હણું છું અને દુ:ખી કરું છું એવો જે તારો અભિપ્રાય છે તે અભિપ્રાય ખરેખર ખોટો જ છે. વળી જીવ જીવે છે અને સુખી થાય છે તે પોતાના કર્મના ઉદયને કારણે જ થાય છે, તોપછી મેં જિવાડયો અને મેં સુખી કર્યો એવો જે તારો અભિપ્રાય છે તે ખરેખર મિથ્યા જ છે.

ભગવાન અરિહંતદેવે કહેલો ત્રિકાળી સિદ્ધાંત જેને સમજવામાં ન આવ્યો તે સત્ય સમજ્યો નથી. જીવ એક સત્ય સમજ્યા સિવાય બાકી બધું કરી ચૂકયો છે. બીજા પ્રાણીને હું કાંઈક સુખ દઉં, શાતા કરું જિવાડું વગેરે જે ભાવ છે તે પુણ્ય-ભાવ છે. પણ અહીં તો કહે છે કે હું આને જિવાડી દઉં, મારી દઉં, સુખ-દુ:ખ કરી દઉં એવી જેની માન્યતા છે તે મિથ્યાદષ્ટિ છે. જેના અભિપ્રાયમાં એક જીવને જિવાડવાની માન્યતા છે તેણે અનંતા જીવોને જિવાડવાનું માન્યું છે, જેણે એકને મારી શકું છું તેમ માન્યું તેણે અનંત જીવોને મારી શકું છું તેમ માન્યું છે, જેણે એકને સુખી કરું છું તેમ માન્યું તેણે અનંત જીવોને હું સુખી કરી શકું છું તેમ માન્યું છે અને જેણે એક જીવને દુ:ખી કરી શકું છું તેમ માન્યું તેણે અનંત જીવોને

---

મરતો અને જે દુ:ખી થતો--સૌ કર્મના ઉદયે બને,
તેથી 'હણ્યો મેં, દુખી કર્યો'-તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૭
વળી નવ મરે, નવ દુ:ખી બને, તે કર્મના ઉદયે ખરે,
'મેં નવહણ્યો, નવ દુ:ખી કર્યો'-તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૮

હું દુ:ખી કરી શકું છું તેમ માન્યું છે. આ રીતે અનંતને કરી શકું છુ એમ માનનાર અનંતુ જૂઠું સેવે છે; તે ભાવને જૂઠું કહો, હિંસા કહો, મૈથુન કહો, જે કહો તે કહી શકાય; કારણ કે પરને પોતાનું માનવું તે જ મહા હિંસા છે, તે જ જૂઠાણું છે ને તે જ મૈથુન છે. તું સવળા કે અવળા ભાવ કરી શકે, બાકી પરનું કાંઈ ત્રણકાળમાં કરી શકે નહિ. કોઈ કહે કે અમારા કર્મમાં હોય તો દયા–દાનના ભાવ થાય, ને કર્મમાં હોય તો હિંસા, જૂઠા વગેરેના ભાવ થાય. તો તે વાત તદ્દન ખોટી છે; પુણ્ય-ભાવ કે પાપ ભાવ થવા તે તારે જ આધીન છે, કર્મને આધીન નથી. બાકી હું પરને જિવાડી–મારી શકું કે સુખી–દુ:ખી કરી શકું એવી માન્યતામાં તો અનંતા નિગોદના અવતાર કરવાના ભાવ ઉભા છે.

સામો જીવ મરે છે તે તેના–કર્મના ઉદયથી મરે છે. મરણ એટલે શું ? શરીર અને આત્માનો સંયોગ છુટો પડવો તેને મરણ કહેવાય છે. પૂર્વે આયુષ્યકર્મ જે સ્થિતિએ બંધાયેલું હોય તે સ્થિતિ પુરી થતાં શરીર ને આત્માનો સંયોગ છુટો પડી જાય છે. જીવો પ્રતિકુળ સંયોગના કારણે દુ:ખી થાય છે, તે સંયોગ તેના કર્મના ઉદયથી થાય છે. આમ હોવા છતાં તેં માન્યું કે આણે આને માર્યો, આણે આને દુ:ખી કર્યો, તો તે શું જૂઠું નથી? આવી જુઠ્ઠી માન્યતાથી નારકીના, બટાટાના, બોકડાના, કાગડાના વગેરે અનત ભવ કરીને મરી ગયો, સાધારણ દેખનારને તારા દુ:ખ દેખીને આંખમાં આંસુ આવ્યા એવી વેદના તેં સહન કરી, છતાં હજુ પણ જો આવીને આવી ઊંધી માન્યતા રાખીશ,–ને સમ્યક્ પ્રકારે તે માન્યતાનો જો છેદ નહિ કર તો હજુ પણ એવા ને એવા અનંતા ભવ માથે પડયા છે તેમ સમજી લેજે. પરનું તું કાંઈ કરી શકતો નથી, એમ સાચી સમજણ કર તો ભવનો અભાવ થશે. પુણ્યભાવ, પાપ-ભાવ અને ધર્મભાવ તે તારા આત્માના પુરુષાર્થથી થાય છે, તે સિવાય પરનું ત્રણ-કાળમાં તારાથી થઈ શકે તેમ નથી. ગયા અનંતકાળની સ્થિતિ તો જો, તેં શું કર્યું છે? માત્ર તારા શુભાશુભભાવ સિવાય બીજું કાંઈ પણ તેં કર્યું નથી, એક તણ-ખલાના બે કટકા પણ તું કરી શકયો નથી. અનંતવાર તીર્થંકરની સભામાં જીવ જઈ આવ્યો, પણ ભડનો દીકરો ત્યાં ભગવાન પાસે પણ એવો અભિપ્રાય રાખે છે કે તમે કહો તે બધું સાચું પણ મારું માન્યું જાય નહિ. 'મહાજન માબાપ સાચા પણ મારી ખીલી ખસે નહિ.' ભગવાન પાસે ગયો છતાં પણ હું પરદ્રવ્યનું કરી શકું છું તે અભિપ્રાય છોડયો નહિ.

સ્થાનકવાસીમાં એક તેરાપંથી પંથ છે તે કહે છે કે બીજાને જિવાડવાનો ભાવ કરતો વે અશુભભાવ છે. પરંતુ તે વાત તેની તદ્દન જૂઠી છે. કારણ કે બીજાને જિવાડ-

વાનો ભાવ છે તે અશુભભાવ નથી પણ શુભભાવ છે, પુણ્યભાવ છે. અહીં તે તેરાપંથીના અભિપ્રાય પ્રમાણે કહેવાતું નથી. બીજા જીવો પ્રત્યે કરુણા કરવી તે તો શુભભાવ છે, પણ 'મેં જે કરુણાનો ભાવ કર્યો તે મારા કરુણાના ભાવથી સામો જીવ બચી ગયો' એવું જે પરના કર્તાપણાનું અભિમાન છે તે મિથ્યાત્વનું અનંતગણું પાપ છે. બીજા જીવને બચાવવાનો શુભભાવ આવે ત્યારે અનુકુળ ઉદય હોય તો શરીરની ક્રિયા પણ બચાવવાની થાય, પરંતુ સામો જીવ બચવો કે ન બચવો તે તેના આયુષ્યના આધારે છે.

પરનું હું કરી શકું છું એવી માન્યતા મિથ્યાત્વ છે. અશુભ પરિણામથી બચવા શુભ પરિણામ આવે ખરા, પણ તે બંધનભાવ છે, પરાશ્રયભાવ છે, તે મારો સ્વભાવ ત્રણકાળમાં નથી; એમ જ્યાં-સુધી ન સમજે ત્યાંસુધી મિથ્યાત્વરૂપી શલ્ય ખસે નહિ. વસ્તુસ્વરૂપ સમજ્યા વિના અવતાર કરી કરીને મરી જાય તો પણ જીવનો આરો આવવાનો નથી, વસ્તુસ્વરૂપ સમજ્યે જ છુટકો છે.

તીર્થંકરદેવે કહેલી વાત આચાર્યદેવે ખુલી મૂકી છે; આચાર્યદેવે કહે છે કે હે ભાઈ! તું પરનું કરી શકતો નથી છતાં માને છે, તો તેનાં ફળ ખરેખરાં તને આવશે! માટે તે ખોટી માન્યતા તું છોડી દે; પરને કાંઈ કરી શકું છું એવો મિથ્યાભાવ તું છોડી દે. બીજાને જિવાડવાના ભાવ હોય છતાં તે જીવ મરી જાય છે, કોઇને બીજા જીવને મારવાના ભાવ હોય છતાં તે જીવ બચી જાય છે; માટે બીજાનું મરવું, જીવવું, સુખી-દુઃખી થવું તે તેના કરમના ઉદયથી થાય છે. તેથી હે જીવ! હું આને સુખી-દુઃખી વગેરે કરું છું તે તારી માન્યતા શું જૂઠી નથી?-જૂઠી જ છે, માટે એ જૂઠી માન્યતાને તું છોડ.

કોઈના આશીર્વાદથી કોઈનું સારું થતું નથી, કોઈના શાપથી કોઈ દુઃખી થતું નથી. સૌનાં પુણ્ય-પાપ પ્રમાણે થાય છે. કોઇના કહેવાથી કાંઈ થતું નથી, કેટલાક ભક્તામર-સ્તોત્ર બોલે ને તેમાં એમ માને છે કે ભક્તામર-સ્તોત્ર બોલવાથી નાગા-ભૂખ્યા રહીએ નહિ, એનો અર્થ શું થયો? કે રોટલા, પાણી ને લુગડાના ઓશિયાળા કોઇ દિવસ મટીએ નહિ અરે મૂર્ખ! આવું ઊંધું માગ્યું! એના કરતાં એવો ભાવ કર કે પ્રભુ! તમારા ગુણોનું મને બહુમાન છે, તમારા ગુણો મને ગોઠે છે, એટલે કે આત્માના ગુણો મને ગોઠે છે, તેથી પ્રભુ! તમારી ભક્તિ કરું છું સ્તુતિ કરું છું.

કેટલાક અહીં પણ એમ કહે છે કે મહારાજ! કાંઈક મંત્ર આપો ને, તો પૈસા ભેગા થઇએ. અરે! ભાઈ પૈસા તે તારા પુણ્ય વિના ક્યાંય મળતા હશે? ત્રણ-કાળ ત્રણલોકમાં પૈસા પુણ્ય વિના મળતા જ નથી. કોઇને કોઇ પૈસા આપી શકતું જ નથી.

પ્રશ્ન:–પુણ્ય પ્રમાણે પૈસા મળે તો કમાવા શું કામ જવું ?

ઉત્તર:—મોહ છે માટે જાય છે; મળે છે તો પુણ્ય પ્રમાણે જ, પણ મોહ છે માટે નિરાંતે બેસી શકતો નથી. રળવાનો રાગ છે તેથી રળવા ગયા વગર રહી શકતો નથી; પૈસા રળવા માટેનો ભાવ મોહને લઇને થાય છે, અને પૈસા ઉદય પ્રમાણે મળે છે. માટે મિથ્યા અભિમાન છોડ. યથાર્થ શ્રદ્ધા કર. રળવાનો ભાવ છે તે તો પાપભાવ છે, પૈસો મળવો તે પુણ્યનો ઉદય છે, તો શું પાપથી પુણ્ય ફળતાં હશે ? એમ બને નહિ. માટે સાબિત થાય છે કે પૈસા મેળવવાના ભાવથી પૈસા મળતા નથી પણ પુણ્યથી પૈસા મળે છે. જ્યાંસુધી ચારિત્રની સ્થિરતા ન થાય ત્યાંસુધી રાગ હોય છે, તેથી રળવા વગેરેનો ભાવ તો થાય, પણ અભિપ્રાય ફેરવી નાખે તો સાચી સમજણ થઈ જાય, પછી ક્રમે ક્રમે ચારિત્ર પણ પૂરું થઈ જશે. ગૃહસ્થાશ્રમમાં શ્રેણીકરાજા, રામચંદ્રજી, પાંડવો, ભરત ચક્રવર્તી અને તીર્થંકરો જેવા ધર્માત્માં રાજપાટ કરતા હતા, અસ્થિરતાના અલ્પરાગને કારણે રાજપાટમાં ઉભા હતા, પરંતુ તેઓ સમજતા હતા કે અમારા પુરુષાર્થની નબળાઇથી રાગ થાય છે, પણ અમે પરનું કાંઈ કરી શકતા નથી. જેને એવું આત્મભાન નિર્મળપણે વર્તે છે તે ક્રમે ક્રમે સ્થિર થઇ પૂર્ણ વીતરાગતારૂપ થાય છે.

આત્મા જ્ઞાન છે, તે જ્ઞાન કોઈનું કાંઈ કરે નહિ. જેવા ભાવ પોતે કરે તેવું ફળ થાય, આત્માની ઓળખાણ કરે તો શુદ્ધ પર્યાય પ્રગટે; અજ્ઞાન અવસ્થાએ પુણ્ય-પાપના ભાવ કરે; બાકી પરનું પોતે કાંઈ કરી શકે એમ નથી.

કોઈ કહે છે કે બીજો જીવ મરવાનો હતો માટે મને તેને મારવાનો ભાવ આવ્યો. અરે ભાઈ ! આવું ઊંધું કયાં માર્યું ? તેં ઊંધો ભાવ કર્યો માટે તારે નરકમાં જવું પડશે; માટે, પર જીવને કારણે મને અશુભભાવ નથી આવ્યો પણ મારા જ દોષના કારણે મને અશુભભાવ થઈ ગયો છે–એમ સવળું સમજને ! વળી કોઈ એમ કહે કે પરનું કાંઈ કરી શકાતું નથી માટે આપણે અશુભભાવમાંથી શુભભાવ પણ ન કરવા. અરે ભાઈ ? એમ કયાં વાત છે ? બીજાને સુખી કરવા વગેરેના શુભ પરિણામ તો આવે અને તે ભાવ પ્રમાણે જડની ક્રિયાને અનુકૂળ ઉદય હોય તો સુખી કરવાની ક્રિયા પણ થઈ જાય, પરંતુ બીજાને સુખી દુ:ખી કરવાની ક્રિયા પોતે કરી શકતો નથી તેવી યથાર્થ શ્રદ્ધા કર. અહીં તો આચાર્યદેવને એમ કહેવું છે કે તું તારા ભાવ કરી શકે છે, કારણ કે તું તેમાં સ્વાધીન છે. હજી તો આથી પણ આધી વાત આ બંધ અધિકારમાં આવશે કે કોઈ કોઈની મુક્તિ પણ કરી શકતું નથી, કોઈ કોઇને સમજાવી પણ શકતું નથી. જો કોઈ બીજાને સમજાવી શકતા હોય ને મુક્તિ કરી

શકતા હોય તો અનંતા તીર્થંકરો મોક્ષ ગયા; તે બધા તીર્થંકરો બધા જીવોને મુક્તિ લઈ જવા જોઈએ, પણ લઈ તો ન ગયા, જગત્ તો એમ ને એમ પડયું છે. માટે ભગવાન આચાર્યદેવ દાંડી પીટીને જાહેર કરે છે કે જે કોઈ પરને મારવા-જિવાડવાનું કે સુખી-દુઃખી કરવાનું માને તે જીવ મિથ્યાદૃષ્ટિ છે.

પરને મારવા, જિવાડવા આદિનો અભિપ્રાય કરે તે તો મિથ્યાદૃષ્ટિ જ હોય એમ નિશ્ચયનું વચન છે. સામો જીવ્યો એમાં આ જીવ એને નિમિત્ત થયો તે વ્યવહાર છે; જેમ માટીનો ઘડો કહેવો તે નિશ્ચય છે અને માટીના ઘડાને 'ઘીનો ઘડો' કહેવો તે વ્યવહાર છે. તેમ જીવમાં.

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છેઃ—

( અનુષ્ટુપ )

मिथ्यादृष्टेः स एवास्य बंधहेतुर्विपर्ययात् ।
य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते ॥ ७० ॥

અર્થઃ-મિથ્યાદૃષ્ટિને જે આ અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય જોવામાં આવે છે તે અધ્યવસાય જ, વિપર્યસ્વરૂપ ( -વિપરીત, મિથ્યા ) હોવાથી, તે મિથ્યાદૃષ્ટિને બંધનું કારણ છે.

સ્વ-પરની એકત્વબુદ્ધિરૂપ, અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય મિથ્યાદૃષ્ટિને જ હોય છે, અને આવો અધ્યવસાય વિપરીત હોવાથી બંધનું કારણ છે,

પ્રશ્નઃ-સમ્યગ્દૃષ્ટિને બંધ થાય કે નહિ ?

ઉત્તરઃ-સમ્યગ્દૃષ્ટિને અલ્પરાગ હોય છે તેથી અલ્પ બંધન થાય છે ;મિથ્યાદૃષ્ટિને અનંતુ બંધન છે. મિથ્યાદૃષ્ટિને અનંતો ક્રોધ અનંતું માન, અનંતી માયા અને અનંતો લોભ-એમ ચારે કષાય અનંતા હોય છે; અને સમ્યગ્દૃષ્ટિને કષાયનો અનંતો રસ ટળી ગયો હોય છે, તેથી અલ્પ બંધન છે. તેની આ ઠેકાણે કાંઈ ગણતરી નથી.

શ્રેણીકરાજા, ભરતચક્રવર્તી, પાંડવો, રામચંદ્રજી વગેરે ધર્માત્મા રાજપાટ કરતા હતા, પરંતુ દૃષ્ટિએ નિર્લેપ હતા, આત્માનું યથાર્થ ભાન વર્તતું હતું; અલ્પ અસ્થિરતા હતી તેથી અલ્પ બંધન થતું હતું, પરંતુ અનંતો સંસાર વધે તેવું બંધન સમ્યગ્દૃષ્ટિને હોય જ નહિ. મિથ્યાત્વરૂપી મૂળિયું કપાયા પછી પાંદડાની શી ગણતરી ? મિથ્યાત્વ છે તે બંધનનું મૂળિયું છે. અનંતકાળમાં આ મૂળિયું કાપ્યું નહિ તેથી પરિભ્રમણ ટળ્યું નહિ, નવમી ગ્રૈવેયકે જઈ આવ્યો પણ મૂળિયું કાપ્યું નહિ, ઊંધો અભિપ્રાય ટાળ-

વાની દરકાર કરી નહિ તેથી પરિભ્રમણ ટળ્યું નહિ. જેણે આત્માનું હિત કરવું હોય તેણે મિથ્યાત્વ ટાળ્યે જ છૂટકો છે. પાંડવો, રામચંદ્રજી, ભરતચક્રવર્તી વગેરે ધર્માત્મા સંસારમાં હતા પરંતુ તેમને નિરાળા આત્મતત્ત્વનું ભાન હતું. જે અલ્પરાગ થાય છે તેને પણ જ્ઞાની રોગ માને છે, ઉપસર્ગ માને છે. બીજાને સુખી-દુ:ખી કરવું, મારવું-જિવાડવું તે મારા હાથમાં નથી એમ જ્ઞાની બરાબર સમજે છે. તોપણ અસ્થિરતા છે તેથી લડાઈના પ્રસંગમાં જોડાવા વગેરેના પાપભાવ અને ભક્તિ વગેરેના પુણ્યભાવ થાય છે. પરંતુ જ્ઞાની સમજે છે કે આ ભાવો મારા પ્રયત્નની નબળાઈથી થાય છે. પુરુષાર્થ કરી, સ્વરૂપમાં લીન થઈ અલ્પરાગને ટાળીને, આગળ વધીને મોક્ષપર્યાયને પ્રગટ કરીશ એવી ભાવનાનું જ્ઞાનીને બળ હોય છે.

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. આવી સ્વતંત્રતાની વાત સમજતાં મોંઘી લાગે, પરંતુ જેટલો કાળ સંસારમાં ગયો તેટલો કાળ મુક્તિ પ્રગટ કરતાં ન જોઈએ, માટે સત્ય તે સહેલું છે. સત્ય જો મોંઘુ હોય તો મુક્તિ થાય કોની? માટે જેને આત્માનું હિત કરવું હોય તેને સત્ય નજીક જ છે. ૨૫૮.

હવે આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છે:—

एसा दु ज मई युक्किदशुहिदे करेमि सत्तेति ।
एसा दे मूढमई सुहासहं बंधए कम्मं ॥ २५९॥

અર્થ:-તારી જે આ બુદ્ધિ છે કે હું જીવોને દુ:ખી-સુ:ખી કરું છું, તે આ તારી મૂઢ બુદ્ધિ જ ( મોહસ્વરૂપ બુદ્ધિ જ ) શુભાશુભ કર્મને બાંધે છે.

અજ્ઞાનીને એવી માન્યતા છે કે હું જીવોને મારું-જિવાડું છું અને દુ:ખી-દુ:ખી કરું છું, તે માન્યતા પાખંડબુદ્ધિ છે, મોહરૂપબુદ્ધિ છે. તે બુદ્ધિ તારા આત્માને લાભ કરે તેમ નથી, બીજાને દુ:ખી કરવાની બુદ્ધિ તે તો લાભ ન જ કરે, પરંતુ સુખી કરવાની બુદ્ધિ તેમાં પણ લાભ નથી જ. કારણ કે તારી દૃષ્ટિ વસ્તુસ્વભાવથી ઊંધી છે. જગતમાં કોઈ કોઈને સુખી કરી શકતું જ નથી. સર્વે દ્રવ્યો સ્વતંત્ર છે. સૌના પુણ્ય-પાપના ઉદય પ્રમાણે બને છે, તમાં ફેરફાર કરવા કોઈ પણ સમર્થ નથી, તું માત્ર તારા શુભાશુભ ભાવ કરી શકે છે, બીજાના પુણ્ય-પાપના ઉદયને તું કાંઈ કરી શકતો નથી. આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! તું સમજ; માતા જેમ છોકરાને વેલણ

---

આ બુદ્ધિ જે તુજ-'દુ:ખિત તેમ સુખી કરું છું જીવને,'
તે મૂઢ મતિ તારી અરે! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.

નાખીને પરાણે દવા પાય છે તેમ આચાર્યદેવ સમજાવે છે કે અરે, મૂઢબુદ્ધિ! પર જીવોને હું સુખી-દુઃખી કરું છું એવી જે તારી બુદ્ધિ છે તે જ શુભાશુભ કર્મને બાંધે છે; માટે ઊંધી દૃષ્ટિને તોડ અને સાચી દૃષ્ટિને પ્રગટ કર! શુભાશુભ બન્ને ભાવ બંધન છે. શુભભાવને જે ધર્મ માને છે,-સ્વભાવ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. જે પુણ્ય પરિણામને પાપ માને છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. અને જે પુણ્ય પરિણામને ધર્મ માને છે,-સ્વભાવ માને છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. જેમ કે, બીજાને રોટલા દેવાના પરિણામ થાય તે પુણ્ય પરિણામ છે પરંતુ તે પરિણામને પાપ પરિણામ માને તે મિથ્યાદૃષ્ટિ છે. અને પુણ્ય પરિણામ છે તે વિકારી ભાવ છે, આત્માનો સ્વભાવ નથી, તોપણ તે વિકારી પરીણામને આત્માનો સ્વભાવ માનવો, આત્માનો ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ પોતે જાણે તો સમજાય તેવું છે, બાકી બીજા કોઈ તેને સમજાવવા સમર્થ નથી. તીર્થંકરો પણ, સામો જીવ ન જાગે તો સમજાવવા સમર્થ નથી. પોતે તૈયાર થાય તો સમજી શકાય એવું છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, દરેક દ્રવ્ય સ્વાધીન છે, કોઈ કોઈને પરાણે સમજાવી શકતું નથી.

—ટીકા—

પર જીવોને હું હણું છુ, નથી હણતો, દુખી કરું છું, સુખી કરું છું એવો જે અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદૃષ્ટિને છે, તે ( અર્થાત્ તે અધ્યવસાય જ ) પોતે રાગાદિરૂપ હોવાથી તેને ( મિથ્યાદૃષ્ટિને ) શુભાશુભ બંધનું કારણ છે.

દરેક દ્રવ્યના ગુણ-પર્યાય સ્વતંત્ર છે. કોઈ કોઈના ગુણ-પર્યાય ફેરવવા સમર્થ નથી, કોઈ કોઈના પુણ્ય-પાપના ઉદયને ફેરવવા સમર્થ નથી. કોઈએ એમ પરિણામ કર્યા કે 'આ માણસને મારે મારવો હતો પણ હવે નથી મારવો, હું એને જીવવા દઉં છું, એ ભલે જીવે, હું તેને જિવાડું છું'.-એ જીવ મહામૂઢ છે. તેના પરિણામ શુભ છે, પણ માન્યતામાં મિથ્યાત્વ છે. કોઈનું જિવાડ્યું કોઈ જીવતું નથી ને કોઈનું માર્યું કોઈ મરતું નથી. એક પરમાણુના પર્યાયને પણ હું કરી શકું છું એવી માન્યતા જેવું જગતમાં કોઈ પાપ નથી. એવી માન્યતા આત્માના સ્વભાવનું ખૂન કરનાર જીવને હોય છે.

પોતે બીજાને મારવા માગે છે છતાં તે બચી જાય છે, તો શું પોતાને પાપ નથી લાગતું?— લાગે છે. બીજાને મારવા માટે ગોળી મારી અને તેને ન વાગી, મારવા માટે તલવાર ઉગામી અને સામો ખસી ગયો, તો શું પોતાને પાપ નથી લાગતું?—લાગે છે. સામો ભલે ન મરે, પરંતુ પોતાને મારવાના ભાવ હોવાથી તે ભાવનું આખે આખું પાપ લાગે છે. સામો જીવ બચી ગયો તેથી પોતાને પોણી

સોળઆની પાપ લાગે છે તેમ નથી, પોતાના ભાવ મારવાના હતા તેથી પોતાને તો પૂરેપૂરું પાપ લાગે છે.

અસંખ્ય પ્રકારના શુભભાવ છે અને અસંખ્ય પ્રકારના અશુભભાવ છે; તે પોતાના ભાવ પ્રમાણે પોતાને બંધન છે. ત્રિકાળનો સિદ્ધાંત એ છે કે ભાવ પ્રમાણે બંધન થાય છે.

સં. ૨૦૦૦, માગશર શુદ ૨, સોમવાર.

બંધ અધિકાર ચાલે છે. આત્માના સ્વભાવથી ઊંધી માન્યતા છે તે બંધન છે. ગુણની અવસ્થાનો હ્રાસ થવો તે બંધન છે. હું કોઈનું સુધારી દઉં, બગાડી દઉં, કોઈને સુખી-દુઃખી કરી દઉં-એવી ઊંધી માન્યતા ચોરાશી લાખમાં રઝળવાનાં બીજડાં છે. સાચી સમજણ થયા પછી અલ્પ રાગ-દ્વેષ રહે ખરા, પણ જે ઝાડનું મૂળિયું કપાણું તેના ડાળાં-પાંદડાં કેટલો કાળ રહેશે? અલ્પકાળ રહીને તે સુકાઈ જશે. તેવી રીતે સમ્યદૃષ્ટિ જીવને મિથ્યાત્વરૂપી મૂળિયું કપાઈ ગયું છે અને અલ્પ અસ્થિરતારૂપી ડાળાં-પાંદડાં છે, તે કેટલો કાળ રહેશે? અલ્પકાળમાં પ્રયત્ન વડે પૂર્ણસ્વરૂપની પ્રાપ્તિ કરી અસ્થિરતાનો નાશ કરી દેશે. પરંતુ જે ઝાડના મૂળિયાં સાજાં છે તે ઝાડના ડાળાં-પાંદડાં કદાચ સુકાઈ ગયા હશે તોપણ મૂળ સાજું હોવાથી ફરી પાલવશે; એમ ઊંધી માન્યતારૂપી અનંત સંસારનું મૂળિયું જેને સાજું છે તેને વ્રત, તપ વગેરેના શુભભાવ વડે કષાય મંદ થવારૂપ ડાળાં-પાંદડાં સુકાણા હશે તોપણ મિથ્યાત્વરૂપી મૂળિયું સાજું હોવાથી તેનાં ડાળાં-પાંદડાં ફરીને પાલવશે.

હું પરને સુખી-દુઃખી કરી દઉં, ફલાણાનું સુધારી દઉં ને બગાડી દઉં-એવો આશય રાખે છતાં તે આશય પ્રમાણે બનતું નથી માટે તે આશય-અભિપ્રાય જૂઠો છે. ગમે તેટલાં પોથાં-થોથાં વાંચે પણ હું પરનું કરી શકું છું એવી ઊંધી માન્યતા જ્યાંસુધી ઊંડાણથી ખસતી નથી ત્યાંસુધી બંધ ટળવાનો નથી. ઊંધી માન્યતા જ ખરેખર બંધનું કારણ છે. એ બંધ ટાળવાને માટે આચાર્યદેવે આખો બંધ અધિકાર કહ્યો છે. ૨૫૯.

હવેની ગાથામાં અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે-ઠરાવે છે ( અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે ):—

दुक्खिदसुहिदे सत्ते करेमि जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि ॥२६०॥
मारेमि जीवावेमि य सत्ते जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि ॥२६१॥

અર્થ:-' હું જીવોને દુઃખી-સુખી કરું છું ' આવું જે તારું અધ્યવસાન, તે જ પાપનું બંધક અથવા પુણ્યનું બંધક થાય છે.

' હું જીવોને મારું છું અને જિવાડું છું ' આવું જે તારું અધ્યવસાન, તે જ પાપનું બંધક અથવા પુણ્યનું બંધક થાય છે.

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા કહે છે કે આ તારો જે અધ્યવસાય પરને સુખી-દુઃખી કરવાનો અને મારવા જિવાડવાનો છે તે અનંત સંસારનું મૂળિયું છે. પરનું કરી દેવાનો અભિપ્રાય છે તેથી પરનું કરી દેવાની આકુળતામાંથી કોઈ દી નવરો થતો નથી. ત્રણકાળ ત્રણલોકમાં પરનું કરી દેવાની કોઈ દ્રવ્યમાં ત્રેવડ નથી, પણ અજ્ઞાનીને અજ્ઞાનતાને લઈને પરનું કરી દેવાના ભાવનો પાર નથી તેથી નવરો થતો નથી. તે સદા બંધાયા જ કરે છે.

પરને સુખી કરવાના ભાવ તે પુણ્ય ભાવ છે અને પરને દુઃખી કરવાના ભાવ છે તે પાપ ભાવ છે, પરને મારવાનો ભાવ છે તે પાપ ભાવ છે અને પરને જિવાડવાનો ભાવ છે તે પુણ્ય ભાવ છે. શુભાશુભ ભાવ જીવ કરી શકે છે પણ પરનું કાંઈ કરી શકતો નથી. શુભાશુભ ભાવની સાથે અજ્ઞાનીને એવો અભિપ્રાય હોય છે કે ' મેં પરને બચાવી દીધો, મેં પરને મારી નાંખ્યો, મેં પરને સુખી કર્યો, મેં પરને દુઃખી કર્યો.' તેની આવી ઊંધી માન્યતા તે દર્શનમોહનો ભાવ છે અને તે અનંતા સંસારનું કારણ છે.

—ટીકા—

મિથ્યાદૃષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય છે તે જ બંધનું

---

કરતો તું અધ્યવસાન-' દુઃખિત-સુખી કરું છું જીવને, '
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.
કરતો તું અધ્યવસાન-' મારું જિવાડું છું પર જીવને, '
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.

કારણ છે એમ બરાબર નક્કી કરવું. અને પુણ્ય-પાપ પણે ( પુણ્ય-પાપરૂપે ) બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો ( અર્થાત્ એમ ન માનવું કે પુણ્ય-બંધનું કારણ બીજું છે અને પાપબંધનું કારણ કોઈ બીજું છે ); કારણ કે એક જ આ અધ્યવસાય 'દુ:ખી કરું છું, મારું છું' એમ અને 'સુખી કરું છું, જિવાડું છું' એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે ( અર્થાત્ એક જ અધ્યવસાયથી પુણ્ય અને પાપ-બન્નેનો બંધ થવામાં કાંઈ વિરોધ નથી ).

અજ્ઞાનથી જન્મ પામતો રાગમય અધ્યવસાય એટલે અજ્ઞાનથી ઉત્પન્ન થતી રાગ સાથે એકપણાની માન્યતા. તેનો અર્થ એમ છે કે, સ્વરૂપમાં રાગ છે નહિ-વિકાર છે નહિ, છતાં અજ્ઞાનથી રાગને અને આત્માને એક માને છે; તેથી 'અજ્ઞાનથી જન્મ પામતો રાગમય અધ્યવસાય' એમ આચાર્યદેવે કહ્યું છે. હું પરને સુખી-દુ:ખી કરી દઉં, પરને મારી-જિવાડી દઉં એવો અજ્ઞાનથી ઉત્પન્ન થતો રાગમય અધ્યવસાય અનંત સંસારનું કારણ છે.

સમ્યગ્દર્શન થયા પછી અસ્થિરતાથી અલ્પરાગ થાય છે અને તેથી અલ્પ બંધ પણ થાય છે, પણ તે અલ્પ અસ્થિરતાને નાશ કરવાની જ્ઞાનીને ત્રેવડ વર્તે છે, તેથી જે અલ્પરાગ થાય છે તે નિર્જરા ખાતે છે. આચાર્યદેવે અજ્ઞાનથી જન્મતો રાગ કહ્યો છે કારણ કે આત્મસ્વભાવમાંથી રાગની ઉત્પત્તિ થતી નથી. અજ્ઞાનમય રાગ જ અનંત સંસારનું કારણ છે. અસ્થિરતાના રાગથી જે અલ્પ બંધ થાય છે તેને અહીં ગણ્યો નથી.

હું પરને સુખી-દુ:ખી કરી શકું છું અને હું પરને મારી જિવાડી શકું છું એવો અજ્ઞાનીનો અધ્યવસાય મહામિથ્યાત્વ છે. કેટલાક કહે છે કે ફલાણાને મેં સુખી કરી દીધો તેથી એની આંતરડીએ એવી દુવા દીધી કે આપણું કલ્યાણ થઈ જાય; એમ કહેનારનો ભાવ પણ મહા મિથ્યાત્વ છે; કોઈની દુવાથી પોતાને લાભ થાય તેમ માનવું તે મહા પાખંડ છે. શું કોઈનો ભાવ બીજા પાસે આવી જતો હશે ? કોઈની આંતરડીની દુવાથી બીજાને લાભ થાય ને કોઈની આંતરડીના શાપથી બીજાને નુકસાન થાય તેમ ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી. સૌના ભાવ સૌ પાસે સ્વતંત્ર છે. કોઈની આતરડી કોઈને દુવા દે તેથી સામાને ધર્મ તો ન થાય પરંતુ પુણ્ય પણ ન થાય, સૌના ભાવથી સૌને પુણ્ય-પાપ થાય છે. પોતે સુખ દેવાના ભાવ કર્યા તેથી પુણ્ય થાય અને પોતે દુ:ખ દેવાના ભાવ કરે તો પાપ થાય તથા પોતે

સ્વભાવનું ભાન કરે તો ધર્મ થાય; બાકી બીજાના ભાવ બીજા પાસે આવી જતા નથી. ગુરુ કોઈને આપે નહિ અને શિષ્ય લઈ શકે નહિ. શિષ્યને જેટલી યોગ્યતા હોય તેટલું તે સમજે. બાકી કોઈ કોઈને આપી શકે નહિ કે કોઈની પાસેથી લઈ શકે પણ નહિ. કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી, સૌ દ્રવ્ય સ્વતંત્ર છે.

ઊંધી માન્યતા તે જ બંધનું કારણ છે. બીજાને હું મારું તેવા પરિણામથી પાપ બંધાય છે અને બીજાને હું જિવાડું તેવા પરિણામથી પુણ્ય બંધાય છે; પણ તેમાં 'હું પરનું કરી શકું છું, પર મારાં છે, હું એનો છું' એવી જે ઊંધી દૃષ્ટિ છે તે જ અનંત સંસારના બંધનનું કારણ છે. અજ્ઞાનીને પુણ્ય પરિણામમાં બીજી દૃષ્ટિ હોય ને પાપ પરિણામમાં બીજી દૃષ્ટિ હોય તેમ નથી. એને તો બન્ને પરિણામમાં એક ખોટી દૃષ્ટિ જ છે, અને તે ખોટી દૃષ્ટિ જ બંધનું કારણ છે.

બહારની ક્રિયા કોઈ કરી શકતું નથી માત્ર પોતાના ભાવ કરી શકે છે. કોઈ કહેશે કે દાન તો આપી શકાય ને? પણ ભાઈ! દાનનો અર્થ બહારની ક્રિયા કરવી-તેવો નથી; હું જ્ઞાયક છું, આનંદસ્વરૂપ છું, સ્થિર સ્વરૂપ છું-એવું ભાન કરીને, એવી પ્રતીત કરીને, તેમાં વિશેષ સ્થિર રહી શક્યો નહિ તેથી દાન દેવાનો શુભ-વિકલ્પ આવ્યો, પરંતુ દાન દેવાના વિકલ્પના સ્વામી જ્ઞાની થતા નથી. અસ્થિરતાને લઈ ને વિકલ્પ આવે છે, અને જો ત્યાં દાન દેવાની બહારની ક્રિયા છે તો તેના તે સ્વામી થતા નથી. પોતાના સ્વરૂપમાં વિશેષ સ્થિર થઈ ને સ્વરૂપની શુદ્ધિને વધારતો પોતાને દાન આપે છે, તે ખરું દાન છે. બહારની દાન દેવાની ક્રિયા થવી તે ખરું દાન નથી. તૃષ્ણા ઘટીને દાન દેવાના શુભ પરિણામ આવ્યા તે વ્યવહાર દાન છે.

જ્ઞાની પૂર્ણ વીતરાગ થયા નથી ત્યાં સુધી 'હું જ્ઞાયક છું, પરિપૂર્ણ છું' એવા ભાવમાં ઊભા છે, પરંતુ વિશેષ સ્થિર રહી શકતા નથી તેથી અશુભ ભાવ ટાળીને શુભ ભાવમાં આવે છે; તૃષ્ણા તોડીને શુભ વિકલ્પમાં આવે છે, પરંતુ 'હું આ વિકલ્પનો કર્તા નથી પણ જાણનાર છું' એવા ભાનમાં રહીને સ્વરૂપની શુદ્ધિ વધારતા થકા વધતી વધતી નિર્મળ દશા પોતે પોતાને આપે છે તે ખરું દાન છે; પણ અધૂરાશ છે તેથી દાનના શુભવિકલ્પ આવે છે તે વ્યવહાર દાન છે. બહારની દાન આપવાની ક્રિયા પણ થાય છે પરંતુ ખરી રીતે કોઈને કોઈ કાંઈ આપી શકતું નથી, તેવી જ્ઞાનીને સમ્યક્ શ્રદ્ધા વર્તે છે.

કોઈ કહે છે કે ભગવાનને સંયમ લેવાના ભાવ થયા પછી દાન આપવા રોકાયા હતા, પણ તે વાત તદ્દન ખોટી છે. જેને આત્મદશા ઉઘડી તે ક્ષણવાર રોકાય નહિ,

જેનો આત્મભાવ ઉપડયો તે ક્ષણવાર રોકાય નહિ, એવો ન્યાય છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ દાન આપવા રોકાય નહિ.

વસ્તુસ્વરૂપ જેમ છે તેમ સમજ્યા વિના છૂટકો નથી, યથાર્થ સ્વરૂપને સમજ્યા વિના કાગડા કુતરાનાઅનંતભવ કર્યા. જે દેખીને જગતને રોણાં આવે એવા ઊંધી દષ્ટિના ફળ છે; માટે યથાર્થ સમજણ કર! સમજણ કર્યા વિના ભવનો કિનારો આવવાનો નથી.

અજ્ઞાની પુણ્ય બાંધે કે પાપ બાંધે પણ બન્નેમાં તેની માન્યતા એક જ પ્રકારની છે, તેથી તેને એક ભવ પણ ટળે તેમ નથી, એક ભવ પણ તોડવાની ત્રેવડ કે તાકાત તેનામાં નથી. પુણ્ય બાંધીને સ્વર્ગમાં જાય, પણ તેની ગણતરી નથી, કારણ કે તે કાંઈ સ્વભાવ નથી પણ વિભાવનું ફળ છે. અનંત અનંત કાળમાં નરક કરતાં સ્વર્ગના અસંખ્યગુણા ભવ કર્યા. પુણ્ય કરીને અનંતવાર દેવના ભવ કરી આવ્યો છે પણ તેથી ભવનું મૂળિયું ટળ્યું નથી: એવા પુણ્ય શા કામના? કાંઈ કામના નથી. ભવ ટળવાને બદલે એનાથી તો ભવ મળે છે. પુણ્ય-પાપ વગરનું ચૈતન્યસ્વરૂપ સમજ્યે જ છૂટકો છે. એક જ પ્રકારનું સત્ય દાંડી પીટીને આચાર્યદેવ જાહેર કરે છે. 'હું પરને સુખી કરુ છું ને હું પરને દુઃખી કરું છું, હું પરને મારુ છું અને હું પરને જિવાડું છું' એવા ઊંધા અધ્યવસાયમાં મુક્તિનો એક અંશ પણ નથી, પછી ભલે શુભ પરિણામ હો કે અશુભ પરિણામ હો, પણ બન્ને કર્મચક્ર જ છે. પરનું હું કરી શકું છું એવા અહંકાર રસથી ભરેલાપણા વડે પુણ્ય પરિણામને ને પાપ પરિણામને બંધનું કારણ હોવામાં અવિરોધ છે. અહીં એવો અર્થ નથી કે શુભ પરિણામ છોડીને અશુભ પરિણામ કરવા; પણ અહીં તો ઊંધી માન્યતા જ બંધનું કારણ છે એમ કહેવું છે. અશુભ પરિણામથી બચવા શુભ પરિણામ હોય ખરા, પણ તે વિકારી પરિણામ છે, આત્માનો સ્વભાવ નથી-એમ શ્રદ્ધા કરવાની વાત છે. સમ્યગ્દષ્ટિને શુભાશુભ પરિણામ આવે ખરા પણ તેનાથી અનંતો બંધ થતો નથી, અલ્પ બંધ થાય છે તેની ગણતરી નથી. ઊંધી માન્યતા જ અનંત સંસાર બંધનનું કારણ છે માટે ઊંધી માન્યતા છોડ, અને યથાર્થ શ્રદ્ધા કર. અનંતા સંસારના મૂળિયાની ગ્રંથિ તોડવાની આ વાત છે. આ વાત સમજ્યા વગર ભલે પુણ્ય બાંધો કે પાપ બાંધો પણ તેથી સંસારની ગ્રંથ તૂટતી નથી.

પરને હું મારું-દુઃખી કરું એવા જે ભાવ છે તે અશુભ પરિણામ છે અને પરને હું જિવાડું-સુખી કરું એવા જે ભાવ તે શુભ પરિણામ છે, પરંતુ પરદ્રવ્યનું હું કરી શકું છું એવો જે અહંકાર બન્ને પરિણામમાં રહેલો છે તે મિથ્યાત્વ છે, તે જ ખરો બંધનો કર્તા છે. આવી વાત સાંભળીને કોઈ ભાષા ફેરવી નાખે કે 'મેં

તમારું કાંઈ કર્યું નથી, તમારા ઉદય હતા માટે હું નિમિત્ત થયો, તો એવી રીતે, સમજ્યા વગર, માત્ર ભાષા ફેરવવાથી કાંઈ ધર્મીપણું થતું નથી. ભાઈ! ભાવ ફેરવવાની વાત છે કે ભાષા ફેરવવાની? જ્ઞાની ભાવને ફેરવે છે.

વળી કોઈ એમ કહે છે કે 'આપણે સંસારી છીએ માટે બીજાનાં કામ કરવાં જોઈએ, પરંતુ આસક્તિ કાઢીને અનાસક્તિ ભાવે કરવાં.' પણ ભાઈ! અનાસક્તિ ભાવે પરનાં કામ કરવાં તેવા ભાવમાં પણ આસક્તિપણું ઉભું રહે છે, કારણ કે કરવાનો ભાવ તો ઉભો રહે છે. હું પરનું કરી શકું છું એ ભાવમાં જ અનંતી આસક્તિના મૂળિયાં પડયાં છે. હું પરદ્રવ્યનું કરી શકતો નથી તેવા અભિપ્રાયમાં અનંતી આસક્તિ ટળી જાય છે. જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં હોય, બધા કામમાં જોડાતા હોય, તો પણ પરનું કર્તાપણું સ્વીકારતા નથી, અસ્થિરતાને લઈને જોડાઈ જવાય છે; કાર્ય થઈ જાય છે. પણ તેના સ્વામી થતા નથી-તેના કર્તા થતા નથી. માટે તેમને જ ખરી અનાસક્તિ છે. હું પરનું કરી શકું છું અને પરનું મારે કરવું જોઈએ એવો ફરજીયાતનો જેનો અભિપ્રાય છે તેને કર્તાપણારૂપ અનંતી આસક્તિ છે. કરવાનો અભિપ્રાય અને અનાસક્તિપણું તે બે સાથે રહી શકે નહિ, કરવાના અભિપ્રાયમાં અનંતી આસક્તિ ભરેલી છે.

જ્ઞાનીને અલ્પરાગ થાય ને તીર્થંકર નામકર્મનું પુણ્ય બંધાય તો પણ તે તેના જ્ઞાતા છે; ચૈતન્યની શુદ્ધિમાં ને પરની અકર્તાપણાની બુદ્ધિમાં ઉભા રહીને, અલ્પરાગ-દ્વેષ થાય તેના નાશક છે અને પુણ્ય પરમાણું બંધાઈ જાય-તીર્થંકર નામકર્મ બંધાઈ જાય તેના જ્ઞાતા છે. સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારના નાશક છે, મિથ્યાદૃષ્ટિ જીવ સંસારનો વધારનાર છે. મિથ્યાદૃષ્ટિ ભલે પુણ્ય પરિણામમાં ઉભો હોય તો પણ સંસારનો વધારનાર છે.

બહારની ક્રિયા બંધનનું કારણ નથી પણ અધ્યવસાય જ બંધનનું કારણ છે. અજ્ઞાનીને પુણ્ય પરિણામ હો કે પાપ પરિણામ હો પણ તે બન્નેમાં રહેલો મિથ્યાભાવ જ અનંત સંસારનું કારણ છે, બહારની ક્રિયા બંધનનું કારણ નથી. ૨૬૦-૨૬૧.

'આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું'—એમ હવે કહે છે:-

अज्झवसिदेण बंधो सत्ते मारेउ मा व मारेउ।
एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स ॥२६२॥

મારો-ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી.
—આ જીવકેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.

અર્થ:-જીવોને મારો અથવા ન મારો—કર્મબંધ અધ્યવસાનથી જ થાય છે. આ નિશ્ચયનયે, જીવોના બંધનો સંક્ષેપ છે.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનો જાહેર ઢંઢેરો કુંદકુંદાચાર્યદેવ રજુ કરે છે કે પર જીવ મરે કે ન મરે પણ બંધન તો ભાવથી જ થાય છે. સર્વ દ્રવ્ય સ્વાધીન છે, કોઈની સ્વાધીનતા લૂંટવાની કોઈ દ્રવ્યમાં તાકાત નથી. સૌ પોત પોતાના ભાવ કરી શકે છે પણ કોઈ કોઈને મારી શકતું નથી કે જિવાડી શકતું નથી. આત્મા 'સ્વયંભૂ' છે.

પ્રશ્ન:-સ્વયંભૂ કોને કહેવાય?

ઉત્તર:-પરનો કોઈ દિવસ ચૈતન્યને આશ્રય નથી. કોઈ દિવસ પરનો કર્તા નથી, નહોતો ને થતો નથી, પોતે અનાદિઅનંત સ્વતંત્ર છે. તેથી તેને સ્વયંભૂ કહ્યો છે.

નિશ્ચયનય એટલે ખરી દૃષ્ટિ; તે દૃષ્ટિથી જોઈએ તો બીજાને મારવાનો ભાવ છે તે જ બંધનું કારણ થાય છે, બહારની ક્રિયા બંધનું કારણ થતી નથી. સામા જીવનું આયુષ્ય પુરું થઈ ગયું હોય તો તે મરી જાય અને આયુષ્ય પૂરું ન થયું હોય તો ન પણ મરે, માટે પર જીવ મરે કે ન મરે તે બંધનું કારણ નથી પણ 'હું સામાને હણું છું' તેવો અધ્યવસાય જ બંધનું કારણ છે.

આચાર્યદેવ કહે છે કે રે જીવ! તું પર તરફ દોરાણો છે, ત્યાંથી પાછો ખસીને તારામાં વળ! પર રજકણો અનંતા, પર જીવો અનંતા, તે બધાનું કરવા રોકઈશ તો તારો આરો કયારે આવશે? એ અનંતા પરમાણુ અને અનંતા આત્માનું કરવા જતાં તારા આરા આવવાના નથી, માટે વળ તારા તરફ. હું પરનું કરી શકતો નથી એમ જ્યાં ભાન થાય છે ત્યાં પોતાને આંગણે આવીને પોતાના ભાવમાં ઉભો રહે છે.

—ટીકા—

પર જીવોને પોતાના કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રાણોનો વ્યપરોપ (-ઉચ્છેદ, વિયોગ) કદાચિત્ થાઓ, કદાચિત ન થાઓ,-'હું હણું છું' એવો જે અહંકારરસથી ભરેલો હિંસામાં અધ્યવસાય (અર્થાત્ હિંસાનો અધ્યવસાય) તે જ નિશ્ચયથી તેને (હિંસાનો અધ્યવસાય કરનારા જીવને) બંધનું કારણ છે, કેમકે નિશ્ચયથી પરનો ભાવ એવો જે પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરવો અશકય છે.

નિશ્ચયથી એટલે કે ખરેખર, પ્રાણોનો વ્યપરોપ એટલે કે વિયોગ કરવો પરથી અશકય છે. પરના પ્રાણોનો પરથી વ્યપરોપ કરાવો અશકય છે, તેથી પ્રાણોનો વિયોગ થવો તે બંધનું કારણ નથી પણ પરપ્રાણોનો વિયોગ કરવાનો પોતાનો ભાવ તે જ બંધનું કારણ છે.

દશ પ્રાણની અવસ્થા જુદી કરવી તે બીજાથી થઈ શકે નહિ; પ્રાણની અવસ્થા પ્રાણની સ્થિતિ પૂરી થવાથી જ આત્માથી જુદી થાય છે. પ્રમત્ત-યોગરૂપ ભાવ તે આત્માની હિંસા છે. વ્યવહાર એટલે આરોપ, નિશ્ચય એટલે સાચું; નિશ્ચયથી બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી કરી શકાતો નથી, વ્યવહારથી એટલે કે આરોપથી કહેવાય કે 'આણે આને માર્યો' કારણ કે એને મારવાના ભાવ હતા તેથી મારવાનો આરોપ અપાણો. અહીં પર તરફની દૃષ્ટિ છોડાવવી છે.

એક માણસને બહુ દમ થયેલો, તે દરરોજ દાકતર પાસેથી મફત દવા લેવા જાય અને લપ કર્યા કરે, તેથી દાકતરને આવ્યો કંટાળો, એટલે તે માણસ મરી જાય તેવી આકરી દવા આપી. પેલા માણસે ઘેર જઈને દવા પીધી, પીધા પછી થોડીવાર તો બહુ મૂંઝવણ થઈ પરંતુ તેમાંથી થઈ ઊલટી અને છાતીમાં જે કફ હતો તે બધો નીકળી ગયો, તેથી તે માણસ સાજો થઈ ગયો. બે દિવસ પછી તે માણસ પાછો દાકતર પાસે ગયો અને કહ્યું કે 'દાકતર સાહેબ, તમે મને દવા તો બહુ સરસ આપી; જો કે થોડીવાર તો મૂંઝવણ થઈ પણ પછી ઊલટી થઈ ને બધો રોગ મટી ગયો.' દાકતર કહે 'જો ભાઈ! પેટ ખોલીને વાત કરું છું કે હું તો તારાથી કંટાળેલો એટલે મેં તો તને મરવાની દવા આપેલી હતી, પણ તારું આયુષ્ય હતું તેથી તું બચી ગયો.' હવે આ દૃષ્ટાંતમાંથી કહેવાનું એમ છે કે દાકતરને સામા જીવને મારવાનો ભાવ હતો, છતાં તે માણસ બચી ગયો, તેથી શું દાકતરને પાપ નથી? જરૂર છે. તેને તો પંચેંદ્રિય જીવની હિંસાનું પાપ લાગી જ ચૂક્યું છે. પર જીવ મરો કે ન મરો તેની સાથે કાંઈ સંબંધ નથી, સ્વતંત્રપણે તારા વિભાવ પરિણામ જે જાતના છે તે પ્રમાણે જ તને બંધન છે. આત્મા વિશુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, તેના ચૈતન્ય સ્વભાવનો અશુદ્ધ પરિણામથી ઘાત થાય છે, તે જ બંધન છે. એક માણસે બીજા માણસને માર્યો, એવી વ્યવહારની રીતને અહીં ગૌણ કરી છે. ભાવથી જ હિંસા થાય તે વાત પ્રધાન છે. બંધન પોતાના ભાવથી જ થાય છે, બહારની ક્રિયાથી બંધન થતું નથી. નિશ્ચયને અહીં પ્રધાન કરીને કહ્યું છે, તેથી વ્યવહારથી આનાથી જુદું કાંઈક હશે-એમ નથી, પણ નિશ્ચય એ જ વસ્તુનું સાચું સ્વરૂપ છે.

જ્ઞાની ને અજ્ઞાની બન્નેની ભાષા એક જાતની હોય પણ જ્ઞાની અજ્ઞાનીના ભાવમાં ફેર હોય છે. અને તે સૂક્ષ્મ દૃષ્ટિથી જાણી શકાય છે. પોતાના શરીરને કારણે કોઇને કાંઈ થયું હોય તો જ્ઞાની પણ એમ કહે કે 'મારા શરીરથી તમને આમ થયું, પરંતુ મારા ભાવ તેમ હતા નહિ.' જ્ઞાની સમજે છે કે મને મારા ભાવ પ્રમાણે ફળ છે; જ્ઞાની લડાઈની અંદર ઉભા હોય ત્યારે એમ પણ બોલે કે 'માર! ઉપાડ બાણ.'

એમ કહેતી વખતે પણ તે સમજે છે કે મારા દ્વેષથી મને આ ભાવ આવે છે; સામાનું શું થવું તે સામાના કારણે છે, પણ મને જે આ લડાઇનો ભાવ છે તે મારા દ્વેષથી છે. જ્ઞાની પણ સ્ત્રી- કુટુંબને એમ કહે કે 'અમે તમને આમ રાખ્યા, આમ સાચવ્યા, આમ સંભાળ્યા,' છતાં પણ બોલવાની રીત અને સમજવાની રીતનો સિદ્ધાંત તેના જ્ઞાનમાંથી ચૂકાતો નથી. નિરંતર તેના જ્ઞાનમાં તે સિદ્ધાંત તરવરતો હોય છે.

૨૦૦૦, માગશર સુદ ૩, મંગળ.

ઊંધી દૃષ્ટિ છે તે જીવને અનંત સંસારનું કારણ થાય છે અને એનાથી વિરુદ્ધ આત્માનો સમ્યક્ ભાવ છે તે અનંત સંસારના નાશનું કારણ થાય છે. અનંતકાળથી સંસારનું પરિભ્રમણ ભાવમરણથી થાય છે. આત્માના ગુણનો ભ્રાંતિ વડે અને કષાય વડે ઘાત કરવો તે ભાવમરણ છે. અને તે ગુણનો ઘાત તે ભાવ હિંસા છે. બીજાના પ્રાણનો વિયોગ બીજા વડે કરવો અશકય છે. બીજાને મારવાના ભાવ કરી શકાય છે પણ બીજાના પ્રાણનો વ્યપરોપ કોઈ કરી શકતું નથી. પોતાના વિકારી ભાવ કરવામાં જીવ પોતે સ્વતંત્ર છે પણ ભાવ પ્રમાણે શરીરની મારવાની ક્રિયા થવી કે ન થવી તે તો જેવી જાતનો અનુકુળ પ્રતિકુળ ઉદય હોય છે તેમ બને છે. મારવાનો ભાવ વખતે સામાની આયુષ્યસ્થિતિ પૂરી થઈ હોય અને પોતાને શરીરની ક્રિયાનો અનુકુળ ઉદય હોયે તો શરીરને અને શસ્ત્રોને નિમિત્ત કહેવાય છે; તે નિમિત્તોને જેમ છે તેમ જાણવા તે વ્યવહાર છે. પરંતુ તે શરીરથી અને શસ્ત્રોથી બંધ થતો નથી, બંધ માત્ર ભાવથી જ થાય છે, એ નિશ્ચય છે. તે વસ્તુનું સ્વરૂપ છે. પરને મારવા-જીવાડવાનો ભાવ તે નિશ્ચય હિંસા છે, તે ભાવની સાથે બહારનો અનુકુળ ઉદય હોય તો શરીરની-વાણીની ક્રિયા વગેરે નિમિત્ત પણ હોય છે. નિમિત્ત નથી હોતું એમ નહિ. હોય છે ખરું; નિમિત્ત જેમ છે તેમ જાણવું તે વ્યવહારનય છે. કોઈને પૈસા દેવાના ભાવ થયા તો પૈસા લેવા-દેવાની ક્રિયા પણ અનુકુળ ઉદય હોય તો થાય છે. તે રીતે નિમિત્ત છે તેમ જાણવું તે વ્યવહારનય છે, પણ વ્યવહારનો એવો અર્થ નથી કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરી શકે છે.

એક ચીજ બીજી ચીજનું કાંઈ કરી શકે નહિ કારણ કે એક વસ્તુમાં બીજી વસ્તુ નથી, એક આત્મામાં બીજો આત્મા નથી, એક આત્મામાં બીજી કોઈ પરવસ્તુ નથી, જો આત્મામાં પરવસ્તુ નથી તો બીજાને મારી કેમ શકાય? કોઈનું આયુષ્ય પૂરું થયા વિના તે મરી શકે નહિ ને આયુષ્ય વગર જીવી શકે નહિ.

બહારમાં મારવાના શરીર, શસ્ત્રો વગેરે મોટા નિમિત્ત હોય તો ઝાઝું બંધન થાય ને નાના નિમિત્ત હોય તો થોડું બંધન થાય એમ કાંઈ નથી. બંધનનો આધાર

તો ભાવ ઉપર છે. પોતે ભાવને બદલાવી શકે છે, ભાવ બદલતાં બંધન પણ ખસી જાય છે. પોતે પરનું કાંઇ કરી શકતો નથી, પોતે પોતાનું કરી શકે છે. જે વસ્તુ પોતાપણે છે તે વસ્તુ પરપણે નથી અને પરપણે નથી માટે તે બીજી વસ્તુનું કાંઇ કરી શકે નહિ.

કોઈને પક્ષઘાત થઇ ગયો હોય તેથી હાથેથી મારવાની ક્રિયા થઈ શકે નહિ પણ ભાવમાં એવી ક્રૂરતા કરી કે આને મારી નાખું; એવા ભાવ કર્યા પણ શરીરની ક્રિયા તે વખતે થતી નથી, તોપણ ભાવ ક્રૂર થયા તેથી બંધ તો થાય જ.

બીજાનો હું શત્રુ થઈ શકું છું, બીજા મારા શત્રુ થઈ શકે છે, બીજા મારા મિત્રો થઈ શકે છે, હું એનો મિત્ર થઈ શકું છું. હું બીજાની નિંદા કરી શકું છું, બીજા મારી નિંદા કરી શકે છે-એવી માન્યતા તે મિથ્યાદર્શનશલ્ય છે, અનંતા સંસારનું કારણ છે. મિથ્યાત્વરૂપી મૂળ છેદ્યા વિના ડાળા પાંદડા તોડે તો ભવ ઘટે નહિ.

જીવો અજ્ઞાનતાથી કહે છે કે આ મારો શત્રુ મને સુખ આવવા દેતો નથી. પણ ભાઈ! આત્માનો શત્રુ બીજો ત્રણકાળમાં હોય નહિ, તારા પાપનો ઉદય હોય ત્યારે સામો પ્રતિકુળતામાં નિમિત્ત બને છે. વળી મિત્રોને કહે છે કે તમે અમારા મિત્રો છો માટે તમારે અમને ખરે ટાઈમે મદદ કરવી જોઈએ. પણ ભાઈ! ત્રિલોકનાથ ભગવાન કહે છે કે તારો મિત્ર બીજો કોઇ થઈ શકતો નથી, તારો ઊંધો ભાવ તે શત્રુ છે ને તારો સવળો ભાવ તે મિત્ર છે; તારા પુણ્યનો ઉદય હોય તો તારા માનેલ મિત્રો અનુકુળતામાં નિમિત્ત બને છે; ખરી રીતે કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યના મિત્રો થઈ શકતા નથી. સૌની પર્યાયનો સૌ કરે છે, કોઈ દ્રવ્યમાં કોઈ દ્રવ્યની મદદ નથી.

વળી જે એમ માને છે કે હું બીજાનો મિત્ર થાઉં છું, તે પોતાને સ્વતંત્ર નથી માનતો પરંતુ પોતાને ઓશીયાળો માને છે અને બીજાને પણ ઓશીયાળા માને છે.

પ્રશ્ન:-દેવ આવે તો કાંઈ સહાય કરી શકે કે નહિ ?

ઉત્તર:-પોતાના પુણ્ય હોય તો દેવ આવે, પરંતુ પુણ્ય વગર દેવ આવે નહિ, માટે દેવ પણ કાંઈ કરી શકતા નથી. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને કાંઈ કરી શકતું જ નથી. પુણ્ય ભાવ છે તે વિકારી ભાવ છે, તે પુણ્ય આત્મસ્વભાવનો વેરી છે; કારણ કે તે વિકારી ભાવ છે, માટે વેરી છે. પોતાના આત્મસ્વભાવનો જેને મહિમા નથી અને પુણ્ય સારાં છે એમ જે માને છે તે પોતાને નમાલો માનનાર પોતાના સ્વભાવનો અનાદર અને અશાતના કરે છે.

નિંદા કરનાર પોતાના ભાવને કરે છે, પણ સામાનું કાંઈ કરી શકતો નથી. હે ભાઈ! તારું નામ લઈને, તારા ગોત્રનું નામ લઈને કે નાતજાતનું નામ લઈ ને કોઈ નિંદા કરે તો તેમાં તારું શું ગયું ? તું તો આત્મા છે. આત્માને નાત નથી, જાત નથી, નામ નથી, ગોત્ર નથી, માટે આત્માની નિંદા થતી નથી.

કુટુંબમાં એક બીજા એક બીજાની નિંદા કરે તો કહે કે કોણ જાણે શું છે કે ફલાણો મારું નામ પડે ત્યાં નિંદા કરવા મંડી જાય છે, કોણ જાણે મારા ઉપર એને શું છે ? પણ ભાઈ! શરીરમાં નામ કયાં છે ? રોટલા ગરવામાં પડયા હતા તેનું શરીર થયું અને ફઈબાએ પાડયું નામ, ત્યાં વળગ્યો નામને; નાતને વળગ્યો-જાતને વળગ્યો, બધાને વળગ્યો. પણ ભાઈ! નાત આત્માને નથી, જાત આત્માને નથી, નામ આત્માને નથી. શરીરની નિંદા કરવાથી આત્માની નિંદા થતી નથી. સામો જે નિંદા કરે છે તેને પણ આત્માની ખબર નથી તેથી શરીરને અને આત્માને એક ખતવીને નિંદા કરે છે.

અરે પ્રભુ! તું તો આનંદઘન ભગવાન છે, તારા ગાણાં ભગવાન પણ ગાઈ શકયા નથી.

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકયા નહિ પણ તે શ્રી ભગવાન જો;

હે ચૈતન્ય ભગવાન! તારો મહિમા સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં જાણ્યો ખરો, પરંતુ શ્રી ભગવાન પણ તારો મહિમા વાણીથી પૂરો કહી શકયા નહિ. આ ઠેકાણે ભગવાન ચૈતન્યના મહિમાને પૂરો કહી શકયા નહિ એમ કહ્યું છે, ને બીજે ઠેકાણે ભગવાનની વાણીમાં બધું સ્વરૂપ આવે છે એમ કથન આવે છે તે બન્ને વાત અપેક્ષાએ સત્ય છે.

સામો માણસ પ્રશંસા કરે તો અજ્ઞાની માને છે કે મારી પ્રસંશા કરે છે; પણ ભાઈ! ખરી રીતે એ તારી પ્રશંસા કરતો નથી, પણ એને જે ગુણ ગોઠયા એના એ ગુણગ્રામ કરે છે. પરંતુ અજ્ઞાનતાને લઈ ને પોતે એમ માને છે કે આ મારાં ગાણાં ગાય છે. પણ ભાઈ! તારાં ગાણા કેવળીની વાણીમાં પૂરા ન આવે એવો તું છે. તો પછી તારાં ગાણાં રાંકા કયાંથી ગાઈ શકે. પુસ્તકના પાનામા, જડમા, પરમાં શું તારા ગાણાં છે ? તું રહ્યો અહીં ને તારાં ગાણાં બીજામાં કયાંથી આવ્યા ? રાંકામાં તારાં ગાણાં કયાંથી આવ્યા ? વળી કહે કે અમે તો શરીર અને આત્માને જુદા માનીએ છીએ, પણ બાપુ! એક પણ લક્ષણ તારું જુદાપણાનું દેખાતું નથી.

કોઈનાં ગાણાં પોતે ગાય અને કહે કે 'હું બીજાનાં ગુણગ્રામ કરું છું; હું પ્રભુનાં ગાણાં ગાઉં છું, હું ભગવાનને ઘણી વિનંતી કરું છું કે હે નાથ! વિનતડી અવધારો! તો પણ ભગવાન કાંઈ આપી દેતા નથી.' પણ ભાઈ! કોઈ દ્રવ્યને કોઈ કાંઈ આપી શકે નહિ, નિમિત્તથી કહેવાય કે હું ભગવાનનાં ગાણાં ગાઉં છું, પણ ખરી રીતે પોતાને જે ગુણ ગોઠયા એના પોતે ગાણાં ગાય છે. નિમિત્ત તરફથી કહેવાય કે ભગવાનના ગાણાં ગાય છે. પણ જો સ્વલક્ષ ચૂકીને—આત્માને ભૂલીને એકલું પર તરફ લક્ષ રાખે તો મિથ્યાદર્શન શલ્ય છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનાં ગાણાં ગાઈ શકતું નથી. પોતાને જે જાતનાં ગુણની રુચિ છે-જે ગુણ ગોઠે છે તે ગુણના ગાણાં નિમિત્ત તરફ લક્ષ કરીને બોલે છે, તેથી નિમિત્તનાં ગાણાં ગાય છે એમ વ્યવહારે કહેવાય છે. ૨૬૨.

હવે, ( હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં ) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છે:-

**एवमलिये अदत्ते अबंभचेरे परिग्गहे चेव।**
**कीरइ अज्झवसाणं जं तेण दु बज्झए पावं ॥२६३॥**
**तह वि य सच्चे दत्ते बंभे अपरिग्गहत्तणे चेव।**
**कीरइ अज्झवसाणं जं तेण दु बज्झए पुण्णं ॥२६४॥**

અર્થ:-એ રીતે (અર્થાત્ પૂર્વે હિંસાના અધ્યવસાય વિષે કહ્યું તેમ ) અસત્યમાં, અદત્તમાં, અબ્રહ્મચર્યમાં અને પરિગ્રહમાં જે અધ્યવસાન કરવામાં આવે તેનાથી પાપનો બંધ થાય છે; અને તેવી જ રીતે સત્યમાં, દત્તમાં, બ્રહ્મચર્યમાં અને અપરિગ્રહમાં જે અધ્યવસાન કરવામાં આવે તેનાથી પુણ્યનો બંધ થાય છે.

આ ગાથા બહુ ધીરેથી સાંભળવા જેવી છે. જુઓ ભાઈ! આત્મા પરથી ત્રિકાળ જુદી ચીજ છે; શરીર-વાણી-મન તે પણ આત્માથી ત્રિકાળ જુદી ચીજ છે તે બન્નેનું જુદે જુદાપણું ન બેસે ત્યાંસુધી તેના અંતરમાં આત્મા શું છે તેની ગંધ પણ આવે નહિ; માટે આ વાત ધીરેથી-આગ્રહ રાખ્યા વગર, સત્ય કાંઈક બીજું છે તેવી દૃષ્ટિથી સાંભળે તો સમજાય તેમ છે.

---

એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે
જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.
એ રીત સત્યે, દત્તમાં, વળી બ્રહ્મ ને અપરિગ્રહે
જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.

અસત્ય સંબંધી જે વાણી બોલાય છે તેનો જે ધણી થાય છે કે વાણી મારાથી બોલાણી, તે ભાવ મિથ્યાદર્શનશલ્ય છે. હું જૂઠું બોલું એટલે સામાના કામમાં ફેરફાર થઈ જાય, જરા જૂઠું બોલું તો આ કામ કાંઈક ઠીક થઈ જાય, એ પ્રમાણે માણસોને જૂઠું બોલવામાં કાંઈક હેતુ હોય છે. હેતુ વિના તો જૂઠું ન જ બોલે ને? 'હું જૂઠું બોલું તો પરને સારી અસર થશે, જૂઠું બોલું તો હું ફાવી જઈશ, જૂઠું બોલવાથી પરને છેતરી શકાશે, જૂઠું બોલું તો સામો પાછો પડશે'-તે માન્યતા મિથ્યાદર્શનશલ્ય છે. જૂઠા બોલવાની વાણીની ક્રિયા મારાથી થઇ શકે છે તે પણ મિથ્યાત્વ છે, જૂઠું બોલવાના ભાવ થાય તે વખતે વાણીનો બોલવાનો ઉદય હોય તો વાણી બોલાય છે, ને તેમાં જૂઠા ભાવનું વચ્ચે નિમિત્ત છે તે વાત સાચી, પણ વાણી હું બોલ્યો તેમ માને તે વાત ખોટી છે.

માણસો કહે છે કે "જૂઠા બોલ્યા વગર શું ચાલતું હશે? સંસારમાં દગા-પ્રપંચ કર્યા વિના પૈસા પેદા થાય નહિ. ચોપડામાં ૪૦ હતા અને મીંડું ચડાવ્યું તેથી ૪૦૦ થઇ ગયા ને એ રીતે ચારસો આવ્યા, એ તો ભાઈ! એમ જ કામ થાય. સંસારમાં સાચું બોલીને કામ થાય નહિ." એ પ્રમાણે જૂઠું બોલીને-જુઠાં આચરણ કરીને કાંઈક સારું ફળ ફળે છે તેમ માનનાર મિથ્યાત્વી છે. જુઓ અત્યારે તો કેટલા દગા વધી ગયા છે! ઘીમાં વેજીટેબલ નાખે, દૂધમાં પાણી નાખે-વગેરે પ્રકારે દગા કરે અને માને કે આપણે કેવા ફાવ્યા? એમ જુઠાણથી ફાવ્યા ને જુઠાણથી લાભ થયો એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. વકીલો જાણે કે જુઠું બોલીને અસીલના કામ કરી દઇએ, તે વાત તદ્દન જુઠી છે. જુઠાનાં કાર્યોમાં જે અહંકાર કરે છે અને અમે જુઠામાં કેવા ફાવીએ છીએ તેમ માને છે તે મિથ્યાત્વી છે. હે જીવ, તું અસત્ય બોલી શકતો નથી, અસત્યરૂપે વાણીનું બોલાવું તે ભાષાવર્ગણાની ક્રિયા છે અને અસત્ય બોલવાના અશુભ ભાવ જે તારા થયા તે ભાવનો ને વાણીનો તેં અહંકાર કર્યો તે મિથ્યાદર્શન-શલ્ય છે ને તે જ ભાવમરણ છે. અસત્ય ભાવ વખતે વાણી બોલવાનો જો ઉદય હોય તો તે વાણી અસત્ય જ હોય છે, એવો ભાવને અને વાણીને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. અસત્ય બોલવાના ભાવ છે તે અશુભ છે ને પાપ બંધનું કારણ છે.

ચોરી વિષે પણ મિથ્યાત્વી એમ જ માને છે. ઘરમાં બે ભાઈઓ હોય, મજિયારાનો માલ હોય, છતાં ચોરી કરીને તે માલને પણ સંતાડે, પૈસાને પણ સંતાડે, પછી કહે કે હું થયો પૈસાવાળો; જીનમાં રૂના આખા ઢગલા ને ઢગલા ફેરવી નાખે પછી કહે કે વરસાદ આવ્યો તેથી તણાઈ ગયા હશે. સામાવાળા પૂછે તો એને કહે-શું અમે ધોળા દિના ચોર છીએ? શું તમે અમને આવા કલ્પો છો? એમ કહી સામાને

પાછા પાડે. એ અદત્તગ્રહણની થતી જડની ક્રિયાનો અને અદત્તગ્રહણના થતા અશુભ-ભાવનો જે અહંકાર કરે છે તે મિથ્યાત્વી છે. ચોરીના ભાવ વખતે શરીરની ક્રિયાનો જો ઉદય હોય તો શરીરની ક્રિયાને ચોરી કરવાનો ભાવ નિમિત્ત થાય છે, એવો ભાવને અને શરીરને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે; ચોરી કરવાના ભાવ ન હોય તો પણ શરીરની ક્રિયાથી ચોરી થાય તેમ બને નહિ. ચોરીના ભાવ હોય તો જ શરીરની ક્રિયાથી ચોરી થાય; પરંતુ જ્યારે જ્યારે ચોરીના ભાવ થાય ત્યારે ત્યારે બધીવાર શરીરની ક્રિયા ચોરી કરવાની થાય તેમ ન બને. જ્યારે ચોરી કરવાના ભાવને અનુરૂપ શરીરની ક્રિયાનો ઉદય હોય ત્યારે જડ શરીરની ક્રિયાની ચોરી કરવાનો ભાવ નિમિત્ત થાય.

વિષયનો ભાવ છે તે અશુભ ભાવ છે, તે અશુભ ભાવને અને શરીરની ક્રિયાને પોતાની માને તે મિથ્યાદૃષ્ટિ છે. શુભાશુભ ભાવથી ને શરીરથી આત્મા જુદો છે. શુભાશુભ ભાવ છે તે વિકાર છે ને આત્માનો સ્વભાવ નિર્વિકારી છે. શરીરના વિષયથી મને સુખ થયું એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. શરીર ભિન્ન છે ને આત્મા ભિન્ન છે, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને સુખ આપી શકે નહિ. જ્યાં બ્રહ્મચર્યના ભાવ છે ત્યાં જડ શરીરની ક્રિયા વિષયપ્રવર્તનરૂપે હોય જ નહિ, એવો ભાવને અને દ્રવ્યને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. બંધ ભાવથી છે. જેવા શુભાશુભ પરિણામ થાય છે તે પ્રમાણે બંધ ભાવથી છે.

પરિગ્રહના જે ભાવ થાય છે તેનાથી બંધન થાય છે. આ પૈસા અમારા, આ મકાન અમારાં આ દાગીના અમારા, આ અભરાઈ અમારી-એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. પરિગ્રહનો જે મમત્વ ભાવ છે તેમાં બાહ્ય વસ્તુ નિમિત્ત હોય છે, પણ તે પરવસ્તુ બંધનું કારણ નથી. બંધનું કારણ મમત્વ ભાવ જ છે. ચોથી ભૂમિકાએ જ્ઞાનીને અસત્યઅદત્તાદાન-અબ્રહ્મ-પરિગ્રહપણા વિષે અલ્પ અશુભભાવ હોય છે, અનંતો રસ તૂટીને અલ્પ રસ હોય છે, તે પણ માત્ર અસ્થિરતા પૂરતો નિર્જરવા માટે હોય છે.

તેવી જ રીતે સત્ય બોલવાનો ભાવ છે તે શુભ વિકલ્પ છે, તે શુભ ભાવને પોતાનો માને- તેનો સ્વામી થાય તે મિથ્યાત્વી છે. આત્મા શુભાશુભ પરિણામથી નિરાળો છે, તે નિરાળા સ્વરૂપની ઓળખાણ નહિ કરતાં જે શુભ પરિણામનો સ્વામી થાય છે તે અજ્ઞાની છે, અને વાણીની સત્ય બોલવાની ક્રિયા જડની છે, તે ક્રિયા મારી છે એમ માને તે અજ્ઞાની છે, તે આત્મસ્વભાવનું ખૂન કરનાર છે. સત્ય બોલવાની જડની ક્રિયાથી બંધ થતો નથી પણ શુભ ભાવથી બંધ થાય છે.

કોઈના દીધા વગર ન લેવું તેવો ભાવ તે અચૌર્યનો શુભ ભાવ છે. પરવસ્તુ ન આવી તે પરવસ્તુના પોતાના કારણે નથી આવી, ત્યાં અજ્ઞાનીએ એમ માન્યું કે મેં તે વસ્તુને ન લીધી માટે તે ન આવી. પણ ભાઈ! તેં તો માત્ર નહિ લેવાનો ભાવ કર્યો. સામી વસ્તુ કોઇને તાબે નથી, કોઈ દ્રવ્ય કોઈ ને લેવા મુકવા સમર્થ નથી; માત્ર તું તો ભાવ કરી શકે છે. પરવસ્તુની ક્રિયા તું કરી શકતો નથી અને શુભભાવ પણ તારો પોતાનો સ્વભાવ નથી માટે તે પણ તારા નથી. શુભ પરિણામનું સ્વામી થવું અને પરદ્રવ્યનું સ્વામી થવું તે મિથ્યાત્વ છે. બંધ ભાવથી છે પણ પરદ્રવ્યની ક્રિયાથી નથી. પાંચ અવ્રત છે તે પાપ છે અને પાંચ મહાવ્રત છે તે પુણ્ય છે પણ તેનાથી મને લાભ થાય છે તેમ માનવું તે અજ્ઞાન છે. હે જીવ! તું પોતે શું વસ્તુ છે તે સમજ અને ઓળખાણ કર. અશુભ પરિણામથી બચવા માટે વ્રત-મહાવ્રત વગેરેના શુભ પરિણામ આવે ખરા પરંતુ તે શુભભાવ છે, આત્માનો ધર્મ તો સ્વભાવનો શુદ્ધ પર્યાય પ્રગટે તે છે; માટે શુભ પરિણામને પોતાના માને અને તેનાથી લાભ માને તે મિથ્યાત્વી છે. નવે તત્ત્વ જુદે જુદાં છે. નવ તત્ત્વમાં પુણ્ય તત્ત્વ અને સંવર તત્ત્વ બન્ને જુદાં છે માટે પુણ્ય તત્ત્વને જો સંવર તત્ત્વ માની લે તો પુણ્ય તત્ત્વ પોતે સંવર તત્ત્વ થઈ ગયું; પરંતુ સંવર તત્ત્વ જુદું રહ્યું નહિ. માટે જે પુણ્યને આત્માનું સ્વરૂપ માને તેને ચિદાનંદ આત્માની ખબર નથી. એક તત્ત્વને બીજા તત્ત્વમાં ખતવી નાખે તે મિથ્યાત્વી છે. આત્મસ્વભાવની ઓળખાણ કરીને આત્મસ્વભાવમાં ઠરે તે સંવરનું સ્વરૂપ છે. પુણ્ય પરિણામ છે તે તો વિકાર છે, સંવર અને પુણ્ય બન્નેનાં લક્ષણ તદ્દન જુદાં છે. નવતત્ત્વમાં પુણ્ય-પાપને આસ્રવો ગણ્યા છે, આસ્રવ ને સંવર તદ્દન ભિન્ન છે.

અચૌર્ય ને સત્યના ભાવ છે તે પુણ્ય પરિણામ છે, રાગ છે, આત્માનો સ્વભાવ નથી; તે રાગને જેણે આત્માનો ધર્મ માન્યો તેણે આત્મસ્વભાવની હિંસા કરી છે, રાગની અસ્તિ કરી છે ને આત્માની નાસ્તિ કરી છે; પુણ્ય ભાવની અસ્તિ કરી છે ને આત્મસ્વભાવની નાસ્તિ કરી છે. આવો મિથ્યાત્વ ભાવ તે જ બંધનું કારણ છે પરંતુ બાહ્યની ક્રિયા બંધનું કારણ નથી.

બ્રહ્મચર્યનો ભાવ છે તે શુભ પરિણામ છે. બ્રહ્મચર્યનો ભાવ જ્યાં થાય ત્યાં શરીરની ક્રિયા વિષયપ્રવર્તનરૂપે હોય જ નહિ એવો સંબંધ છે. પરંતુ તે શરીરની ક્રિયા અટકી ગઈ તેનો સ્વામી થાય-તેનો અહંકાર કરે તો તે મિથ્યાદર્શનશલ્ય છે. બ્રહ્મચર્યના શુભભાવ થાય તેનો પણ અહંકાર કરે—સ્વામી થાય તો પણ મિથ્યાદર્શન-શલ્ય છે. આ વાતથી એમ સમજવાનું નથી કે શુભભાવ છોડીને વિષયના અશુભ

ભાવ કરવા ને વિષય સેવવો; એવી વાત હોય જ નહિ. પરંતુ આ તો આત્માના જન્મ-મરણ ટાળવાની વાત છે. શુભાશુભ પરિણામથી આત્માનું જુદું સ્વરૂપ જાણ્યા વિના જન્મ-મરણ ટળશે નહિ, અનંતા ગર્ભમાં ગળાવાનું મટશે નહિ.

બ્રહ્મચર્ય પાળવાથી પુણ્ય બંધાય, તે પુણ્યથી સારો ભવ મળે પણ ભવભ્રમણ ટળે નહિ. આ વાતથી કાંઈ એમ લેવાનું નથી કે બ્રહ્મચર્યવ્રત છોડીને અબ્રહ્મચર્ય આદરવું. એવું તો હોય જ ક્યાંથી? બ્રહ્મચર્ય તો સાધારણ સજ્જનમાં પણ હોય છે. સાધારણ નીતિની વાતમાં હોય છે કે પુરુષને પર સ્ત્રીનો ત્યાગ હોય છે ને સ્ત્રીને પર પુરુષનો ત્યાગ હોય છે. તેવી નીતિ તો સાધારણમાં હોય જ, તેવી પાત્રતા તો પ્રથમથી જ જોઈએ; તો પછી અબ્રહ્મચર્ય આદરવાની વાત તો હોય જ ક્યાંથી? આત્માનું ભાન થતાં જેણે પુણ્યના પરિણામ પણ આદરણીય નથી માન્યા તો પછી તે અબ્રહ્મચર્ય-આદિ પાપના પરિણામને આદરણીય કેમ માને? ન જ માને. જે અશુભ ભાવને આદરણીય માને છે તે સ્વછંદ સેવીને દુર્ગતિમાં ચાલ્યા જવાના.

અહીં તો એમ કહેવું છે કે શુભરાગથી જુદું આત્મતત્ત્વ ન માન્યું તો માત્ર શુભરાગ પૂરતું બાહ્ય બ્રહ્મચર્ય થયું પણ સ્વભાવ બ્રહ્મચર્ય ન થયું. સ્વભાવ-બ્રહ્મચર્ય તો આત્મા ચિદાનંદ સ્વભાવ છે તેની ઓળખાણ કરીને તેમાં સ્થિર થવું-તેમાં રહેવું તે છે. આ બ્રહ્મસ્વરૂપ આત્મા છે તેની ઓળખાણ કરીને તેમાં ચરવું-રમવું તેનું નામ સ્વભાવ-બ્રહ્મચર્ય છે. બાહ્ય બ્રહ્મચર્યમાં જ રહે અને આત્માને ઓળખે નહિ તેને સમજાવવા માટે આ વાત છે, જન્મ-મરણ ટાળવાની આ વાત છે, અનંતા ગર્ભમાં ગળાવાનું મટી જવાની આ વાત છે.

સં ૨૦૦૦, માગશર સુદ ૪, બુધવાર.

આ બંધનની વાત છે. અનંત સંસાર કઈ રીતે વધે છે તેની વાત છે. ઊંધી માન્યતાથી અનંતો સંસાર વધે છે.

અપરિગ્રહના શુભ પરિણામ જેટલો આત્મા નથી. શુભ પરિણામ વિકારીભાવ છે, તે આત્માનું સ્વરૂપ નથી. અણુવ્રત અને પંચમહાવ્રતના શુભ પરિણામ જેટલો જ હું આત્મા છું ને પરવસ્તુને હું છોડું છું એવી માન્યતા તે અનંત સંસારનું મૂળ છે. આત્મા શુભાશુભ પરિણામથી જુદો, જ્ઞાનાનંદથી પરિપૂર્ણ છે, તેની જેને ખબર નથી-તેનું જેને ભાન નથી તે પરવસ્તુને છોડવાની ક્રિયા મેં કરી ને શુભ પરિણામ મારું સ્વરૂપ છે એમ માને છે; તે માન્યતા અનંત સંસારનું મૂળ છે. જ્યાં ઊંધી માન્યતા છે ત્યાં ત્રણકાળમાં સાચાં વ્રત હોય નહિ. સાચા ભાન વિના બાળતપ ને બાળવ્રત હોય છે. અશુભ પરિણામ છોડીને શુભ પરિણામ કરે તો તેની કાંઈ ના ન હોય પણ

તેથી ધર્મ થશે નહિ. હે જીવ ! જો તારે જન્મ-મરણ ટાળવા હોય તો યથાર્થ શ્રદ્ધા કર ! વસ્તુસ્વરૂપની ઓળખાણ કર. અશુભ પરિણામથી બચવા દયા, દાન, પૂજા-ભક્તિના શુભ પરિણામ આવે ખરા, પણ તે આત્માનું સ્વરૂપ નથી, તે આત્માનો ધર્મ નથી, તેનાથી જન્મ-મરણ ટળતાં નથી. શુભાશુભ પરિણામથી નિરાળા આત્માનું ભાન કરીને-પ્રતીત કરીને તેમાં ઠરવાથી મોક્ષપર્યાય પ્રગટે છે. બીજા કોઈ ઉપાયે મોક્ષપર્યાય પ્રગટતો નથી. અપરિગ્રહના શુભ પરિણામ જ્યાં હોય ત્યાં બાહ્યમાં પરિગ્રહની વસ્તુ છૂટી જાય એવો સંબંધ છે; પરંતુ બાહ્ય વસ્તુને છોડવાની ક્રિયા મેં કરી એવી માન્યતા મિથ્યાદર્શનશલ્ય છે.

સાચી દૃષ્ટિ થયા પછી ક્રોધ, માન, માયા, લોભ કાંઈ તરત ટળી જતા નથી પણ તેની મર્યાદા થઈ જાય છે; કારણ કે વસ્તુસ્વભાવમાં શુભાશુભ લાગણી જ નથી તેથી તેની દૃષ્ટિના જોરે ક્રોધ, માન, માયા આદિ વિકારની મર્યાદા આવી જાય છે, ક્રોધાદિ વિકાર અનંતમે ભાગે થઈ જાય છે; અનંતગણું જોર સ્વભાવની શુદ્ધિ ઉપર જાય છે એટલે પુણ્ય-પાપના પરિણામ ઉપર એટલું જોર ન જ રહે તે સ્વાભાવિક વાત છે.

પાંચમી ભૂમિકાએ વ્રતાદિના પરિણામ જ્ઞાનીને થાય, પણ હું અનંતા ગુણનો પિંડ છું એમ સ્વભાવ ઉપર જોર જતાં વ્રતાદિના વિકારી પરિણામ ઉપર જોર અનંતમે ભાગે થઈ જાય છે. એક વાત તો એ છે કે અનંત સામર્થ્યવાળો મારો ચૈતન્ય સ્વભાવ તેમાં વિકાર છે જ નહિ ને બીજું એ છે કે અનંતા પરદ્રવ્યો મને શુભાશુભ વિકારી પરિણામ કરાવે નહિ-એવી સમ્યક્ માન્યતા થઈ તેથી અણુવ્રત, મહાવ્રત આદિ શુભ તેમજ અશુભ પરિણામમાંથી અનંતુ જોર ઘટી ગયું.

સ્વભાવનો આશ્રય થયો ને પરદ્રવ્યનો આશ્રય ગયો. ત્યાં ધર્મીને ભાન થયું કે એક પણ પર દ્રવ્ય મને વિકાર કરાવવા સમર્થ નથી, તો પછી અનંતા દ્રવ્ય તો કરાવે જ કયાંથી ? વળી વિકાર સાથેની એકત્વ બુદ્ધિ ગઈ એટલે વિકારનો આશ્રય છે એવી પરાશ્રયદૃષ્ટિ ટળી, તેથી રાગ-દ્વેષ અલ્પ રહી ગયા. બેહદ સ્વભાવની દૃષ્ટિ થઈ એટલે બેહદ રાગ-દ્વેષ હતા તે હદમાં-મર્યાદામાં આવી ગયા, અનંતુ જોર સ્વભાવ તરફ આવી ગયું, તેથી હવે જે હદવાળા શુભાશુભભાવ રહ્યા છે તેને તોડીને અલ્પકાળમાં મુક્તિ લેશે.

શુભાશુભ લાગણી થાય તે ક્ષણ-પૂરતી છે અને આત્માનો જ્ઞાન-આનંદ સ્વભાવ ત્રિકાળ છે. ક્ષણ પૂરતો વિકાર થાય તેટલો હું છું, તેવડો જ હું છું, તે જ હું છું એમ માનતાં ત્રિકાળી અનંતા સ્વભાવનો અનંતો અનાદર અને અશાતના થાય છે. આ ચૈતન્યના સ્વભાવની એકે એક વાત અનંતા સંસારને તોડે એવી છે.

વ્રત-અવ્રતના પરિણામ થાય તે ક્ષણ પૂરતા છે, તેવડો જ હું છું તેમ માનતાં અનંતા ગુણની આશાતનારૂપ અનંતુ પાપ લાગ્યું.

બાપદાદા મકાન કરી ગયા છે, તે અમારા બે ત્રણ પેઢીના મકાન છે તેને હવે કેમ છોડાય? મકાન બહુ સારું છે માટે રાગ થયા વગર રહેતો નથી એટલે એનો અર્થ એમ થયો કે મકાન મને રાગ કરાવે છે અને દુશ્મન અમને દ્વેષ કરાવે છે; એ રીતે પરવસ્તુ અમને રાગ-દ્વેષ કરાવે છે એવું માનનારની માન્યતામાં એમ આવ્યું કે રાગ-દ્વેષ તે પર દ્રવ્ય વડે જ થાય છે. જેણે એક પણ પર દ્રવ્યને રાગ-દ્વેષનું કારણ માન્યું એણે અનંતા પર દ્રવ્યને રાગ-દ્વેષના કારણ માન્યા, એમ માનવાથી તેને અનંતો રાગ-દ્વેષ થાય છે. કારણ કે રાગ-દ્વેષના ભાવમાં ઊંધી માન્યતાનું અનંતુ જોર આવ્યું, તેથી અનંતો રાગ-દ્વેષ થાય છે; અને અનંતા ગુણનો અનાદર થઈને એક ક્ષણમાં અનંતુ પાપ લાગે છે.

ઘણા એમ માને છે કે પૈસા, આબરૂ-કીર્તિ બહુ વધી જાય તેથી તે મને રાગ કરાવે છે અને કોઈ સો બસો ગાળ દે તે મને દ્વેષ કરાવે છે. તેમ માનનારના અભિપ્રાયમાં આત્માને પર દ્રવ્ય રાગ-દ્વેષ કરાવે છે એમ આવ્યું. હવે પર વસ્તુ તો અનંત છે અને અનંત પર વસ્તુથી રાગ-દ્વેષ થાય છે તેમ માન્યું તેથી તેના અભિ-પ્રાયથી અનંતો રાગ-દ્વેષ થયો, એણે અનંતા સ્વભાવની અશાતના કરી તેથી તેને અનંતુ પાપ લાગ્યું. હે ભાઈ? પર વસ્તુ મને રાગ-દ્વેષ કરાવે છે એમ તું માની રહ્યો છે પરંતુ પર વસ્તુ તો ત્રણે કાળ જગતમાં મોજૂદ જ છે, તેનો કોઈ દિવસ નાશ થવાનો નથી તેથી તારા રાગ-દ્વેષનો પણ એ રીતે કદી નાશ ન થાય; તેથી પણ તારા ઊંધા અભિપ્રાયમાં અનંતા રાગ દ્વેષ થયા અને અનંતા સ્વભાવની અશાતના કરી, એ રીતે અનંતુ પાપ લાગ્યું.

વ્રત-અવ્રત વગેરે શુભાશુભ પરિણામની લાગણી દ્વારા મને ગુણ થશે એમ જેણે માન્યું તેણે વિકાર અવિકારને એક માન્યા, સદોષ નિર્દોષને એક માન્યા, તેણે અનંત નિર્વિકારી નિર્દોષ સ્વભાવ છે તેની અશાતના કરી તેથી અનંતુ પાપ લાગ્યું, તે અનંતુ પાપ અનંત સંસારનુ મૂળિયું છે.

કોઈ એમ કહે કે મને થોડી પ્રતિકૂળતા હોત, થોડો રોગ હોત, કોઈએ થોડી ગાળ દીધી હોત તો તે સહન કરી લેત પરંતુ આટલી બધી પ્રતિકુળતા, આટલા બધા રોગ અને ગાળ તે કેમ સહન થાય? અરે ભાઈ! રોગ અને ગાળ તે તો જ્ઞેય છે, તારા જ્ઞાનમાં શું અનંતા જ્ઞેયોને જાણવાની તાકાત નથી? અનંત નિંદા—પ્રશંસા, અનંત અનુકુળતા-પ્રતિકુળતા એક સમયમાં જ્ઞાનમાં જણાય એવો અનંતો જાણવાનો સ્વભાવ

આત્મામાં છે; તેમ ન માન્યું એટલે 'અનંતા નિમિત્તમાં મારો સ્વભાવ જાણનાર નહિ રહેતાં પરાધીન થઈ જાય છે, મારો સ્વભાવ પરથી હણાઈ જાય છે' એમ માન્યું, તેણે અનંતા બેહદ સ્વભાવની અશાતના કરી તેથી અનંતો રાગ-દ્વેષ થયો.

એક બાજુ પોતના અનંતા ગુણને ન માન્યા પણ અનંતા ગુણની અશાતના કરીને પોતાને વિકાર જેટલો જ માન્યો, અને બીજી બાજુ મારા પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ થાય છે તેમ ન માન્યું પણ પર દ્રવ્ય મને રાગ-દ્વેષ કરાવે છે એવી ઊંધી માન્યતા કરી, તે ઊંધી માન્યતા અનંતા ગર્ભમાં ગળાવાનું કારણ છે.

લોકો પણ એવા ડાહ્યા હોય છે કે 'મોતી ઝવેર' નામના માણસનું ખાતું 'મોતી હીરા' ને ખાતે ન ખતવે ને 'મોતી હીરા' નું ખાતું 'મોતી ઝવેર' ને ખાતે ન ખતવે. તેમ આત્માના ડાહ્યા એવા ધર્માત્મા પુરુષો આત્માનું ખાતું પરમાં ન ખતવે ને પરનું ખાતું આત્મામાં ન ખતવે. આત્માનું ખાતું આત્મામાં ને પરનું ખાતુ પરમાં જેમ છે તેમ સાચી સમજણ કરે તો ભવનો અભાવ થાય, બાકી સાચી સમજણ વગર સંસાર ટળે તેમ નથી.

ઘણા તો એવી ઊંધી દઢતાવાળા હોય છે કે કોઈએ ગાળ દીધી હોય તો કહે કે 'યાદ રાખજે, આ ગાળ હું ભૂલીશ નહિ, ટાઈમ આવ્યે વેર વાળી લઈશ. ઘણા ગરાશિયા તો એવા થાય છે કે અમારા બાપના બાપને આ ગરાશિયાએ માર્યા છે માટે તેનું વેર ન વાળીએ ત્યાંસુધી આ ગામનું પાણી હરામ છે. અહો! અવળો પડયો પણ દઢતા કેટલી? સવળામાં દઢતા ભરી છે તે અવળામાં આવી છે. એક ક્ષણમાં જો ગુલાંટ ખાય તો સવળો થઈ જાય. જે અગ્નિથી પાણી ઊનું થયું તે જ પાણી એક ક્ષણમાં ગુલાંટ ખાય તો અગ્નિને ગારો કરે; ઘણા ટાઇમથી પાણી અગ્નિથી ઊનું થયું તેથી તે પાણી અગ્નિને હવે ગારો નહિ કરે–તેમ નથી. તેવી રીતે ભગવાન આત્મા જ્ઞાનજળથી શાંત સમુદ્ર ભર્યો છે, તેમાં ક્ષણ પૂરતા પુણ્ય-પાપના ભાવ છે. પણ જો સ્વભાવદૃષ્ટિ કરે તો—'પરવસ્તુ મને રાગ-દ્વેષ કરાવે' એવી ઊંધી માન્યતા એક ક્ષણમાં ટળી જાય છે.

'બીજાના શરીર અને આત્માને જુદા કરવાની ક્રિયા મેં કરી એટલે કે મારવાની બહારની ક્રિયા મેં કરી, હિંસાનો ભાવ અને હું બન્ને એક છીએ, હિંસાના ભાવ જેટલો જ હું છું' એમ માનનારે પોતાનો સ્વભાવ વિકારથી ભિન્ન ન માન્યો; તેણે પોતાના અનંતા સ્વભાવનો અનાદર કર્યો.

વાણીની ક્રિયા તો જડની છે, છતાં પણ જુઠું બોલવાની ક્રિયા મારાથી થાય

છે તેમ માનનારો જડની ક્રિયાનો ધણી થાય છે, અને અંદર જુઠું બોલવાના જે ભાવ થયા તેટલો જ હું છું ને તે જ હું છું તેમ માનનારે પોતાના અનંતા ગુણ ન માન્યા તેથી તેણે પોતાના સ્વભાવનો અનાદર કર્યો; અનંતા ગુણનો અનાદર તે જ નવા પાપ બંધનનું કારણ છે. એ જ પ્રમાણે બીજાની વસ્તુ લેવાની ક્રિયા મેં કરી એમ માનનારો જડની ક્રિયાનો ધણી થાય છે, અને ચોરીનો જે વિકલ્પ આવ્યો તેટલો જ હું છું ને તે જ હું છું એમ માનનારે પોતાના આનંદઘન નિર્મળ સ્વભાવને જુદો ન માન્યો તેથી અનંતા ગુણની અશાતના કરી.

જ્ઞાનીને બહારની—શરીર-વાણી ને મનની—ક્રિયા મારી નથી એમ પ્રતીત છે અને અંદર ક્ષણિક પર્યાયમાં વિકાર થાય તે હું નથી, તેવડો હું નથી એમ પ્રતીત છે. એ રીતે ઊંધી માન્યતાના બન્ને પડખાં ખસી ગયાં છે. હજી અવસ્થામાં રાગ-દ્વેષ થાય છે, પર્યાયમાં પુરુષાર્થની મોળપ છે, પણ સ્વ-પરના ભાવની ભિન્નતાની પ્રતીત વડે અનંતા શુદ્ધ સ્વભાવની દઢતા થઈ છે તેથી અનંતગુણો રાગ-દ્વેષ ટળી ગયો છે અને અલ્પ છે તે ટાળીને મુક્તિ લેશે.

અજ્ઞાની અશુદ્ધભાવ થાય તેટલો જ પોતાને માને છે. આ ચોરીની ક્રિયા મેં કરી, ફલાણી ક્રિયા મેં કરી એમ ક્રિયા ઉપર તેની દૃષ્ટિ છે, જે શુભાશુભ વિકલ્પ આવ્યો તેના ઉપર દૃષ્ટિ છે, પણ હું વીતરાગ સ્વભાવ છું એમ સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી તેથી તે આત્માના સ્વભાવનો અનંતો અનાદર કરે છે.

'અબ્રહ્મની ક્રિયા થઈ તેથી મને સુખ થાય છે, અબ્રહ્મનો વિકલ્પ આવ્યો તેટલો જ હું છું' તેમ માનતાં અનંત બ્રહ્માનંદ સ્વભાવને ન માન્યો, અનંતા પોતાના બ્રહ્મચર્ય સ્વભાવને ન માન્યો તેથી અનંતગણું પાપ છે હું જુદો છું, શાંત છું, નિર્મળ છું, નિર્વિકારી છું-એમ પોતાના સ્વભાવનું ભાન ભૂલીને, વિષયનો વિકલ્પ આવ્યો તેટલો જ હું છું અને દેહની ક્રિયાથી મને સુખ થાય છે તેમ માન્યું તેણે પોતાના ગુણની અશાતના કરી છે.

જ્ઞાનીને ભાન છે કે મારો આનંદ મારામાં છે, મારો આનંદ પરમાં નથી, જડની ક્રિયામાં આનંદ નથી, વિષયના વિકલ્પમાં આનંદ નથી, તે વિકાર છે, મારો સ્વભાવ નથી; મારા આનંદ સ્વભાવનું ખૂન કરનાર છે. ચોથી પાંચમી ભૂમિકાએ વિષયની અલ્પ વૃત્તિ આવે ખરી પરંતુ તેને ઝેર સમજે છે, પળે પળે પુરુષાર્થ કરતો ઉભો છે, પુરુષાર્થનું વલણ બધું ટાળવા તરફ જ છે, જે વૃત્તિ છે તે બધી ટાળવાના ભાગમાં જ છે. જ્ઞાની સમજે છે કે અલ્પ વૃત્તિ છે તેને તોડીને હું પૂરો થવાનો છું,

પૂર્ણ પર્યાય પ્રગટ કરવાનો છું. જ્ઞાની સ્વભાવની ભાનદશામાં પુરુષાર્થ કરતો ઉભો છે તેથી બધા રાગ-દ્વેષના વિકલ્પો મર્યાદામાં આવી ગયા છે.

જ્ઞાની સમજે છે કે મારા આત્મામાં જ શાંતિ છે અને સુખ છે, વિષયમાં સુખ નથી, મારો આત્મા જ સુખનો સાગર છે. મારા પુરુષાર્થની નબળાઈથી આ વિષયની વૃત્તિ થાય છે; તે અશુભભાવ પરવસ્તુ મને કરાવતી નથી, મારા સ્વભાવમાં અશુભભાવ છે નહિ, મારા પુરુષાર્થની નબળાઈથી જ આ ભાવ થાય છે પરંતુ તે ભાવ રાખવા જેવો નથી, ત્યાં મને રુચિ નથી. ત્યાં મને સંતોષ નથી. એ રીતે જ્ઞાની વિષયમાં મીઠાશ વેદતો નથી પરંતુ આત્મામાં જ મીઠાશ વેદે છે.

અજ્ઞાની તો વિષયમાં જ સુખ માને છે, વિષય જ જાણે મારા સુખનું સાધન હોય! વિષયમાં જ જાણે કૃતકૃત્યપણું હોય! વિષયમાં જ જાણે જીવનનો લ્હાવો હોય! આવું માનનાર અજ્ઞાની જીવો આત્માના અપૂર્વ અમૃત સુખનો અનાદર કરે છે અને તે જ અનંતા ગર્ભમાં ગળાવાનું મૂળિયું છે. અજ્ઞાની એમ માને છે કે 'વિષયનો ભાવ આવ્યો તે ભાવ જેટલો જ હું છું અને જડની ક્રિયાથી મને સુખ થાય છે.' એ રીતે તે પર વસ્તુનો ધણી થાય છે. આનંદ મારામાં નથી પરંતુ પરમાં આનંદ છે, જડની ક્રિયામાં આનંદ છે, વિષયના વિકલ્પમાં આનંદ છે, એ વિષયનો વિકલ્પ આવ્યો તેટલું જ મારું સ્વરૂપ છે-એમ જેણે માન્યું તેણે પોતાના સ્વભાવને ન માન્યો તેથી તેને વિભાવમાં અનંતગણું જોર આવી ગયું, આખું વીર્ય વિભાવમાં જોડાઈ ગયું, સ્વસન્મુખ વીર્ય ન રહ્યું તેથી અનંતો વિકાર થયો, અનંત સંસારનો આદર થયો અને સ્વભાવનો અનાદર થયો. તેથી અનંતુ બંધન થયું.

જ્ઞાનીને સ્વસન્મુખ અનંતું વીર્ય રહ્યું છે તેથી વિકારી ભાવની મર્યાદા આવી ગઈ છે. સ્વભાવમાં વિકાર ભળ્યો નથી, પર મને વિકાર કરાવતું નથી, એ રીતે ઊંધી માન્યતાના બંને પડખાં ટળી ગયાં, ત્યાં અનંતી પરવસ્તુનો અહંકાર ટળ્યો, અનંતા સ્વભાવની પ્રતીત થઈ, અનંતમે ભાગે પુરુષાર્થની નબળાઈથી રાગ થાય છે, પરંતુ તેમાં આદર નથી; તેથી હવે તે લાંબો કાળ ટકશે નહિ; અને સ્વભાવનો પુરુષાર્થ તો ઉભો જ છે માટે સ્વભાવ વધી જશે અને રાગ-દ્વેષનો નાશ થશે; વચલા સાધકના વ્યવહારનું જ્ઞાનીને ભાન છે તેથી વિવેકથી સ્થિરતા કરી મુક્તિ લેશે. અને અજ્ઞાનીની પર ઉપર જ દૃષ્ટિ છે, તે આત્માના અનંતા સ્વભાવની અશાતના કરે છે તેથી મનુષ્યના, દેવના અને તિર્યંચના વચલા ભવો કરીને ઊંધી માન્યતાના ફળમાં નિગોદમાં જશે. જ્ઞાનીએ આત્મામાં સુખ વેદ્યું છે, ભાળ્યું છે, અને માન્યું છે તેથી તે આત્મસ્વભાવની આરાધના કરે છે. તે વચલા એક-બે ભવ કરીને સિદ્ધ થશે.

પરિગ્રહમાં અજ્ઞાની જીવો સુખ માને છે, બહારની પરિગ્રહની વસ્તુમાં અજ્ઞાની સુખ માને છે. બાહ્ય વસ્તુ પ્રત્યેના મમત્વભાવ જેટલો જ હું છું અને તે મમત્વભાવથી મને સુખ છે એમ બહારની વસ્તુ અને તે વસ્તુ પ્રત્યેનો મમત્વભાવ–તે બન્નેમાં અજ્ઞાની સુખ માને છે. આબરુમાં, કીર્તિમાં, લક્ષ્મીમાં, કુટુંબમાં જાણે કે સુખ પેસી ગયું હોય તેમ માને છે અને પોતાને નમાલો–વિષ્ટા જેવો માને છે. બહાર જવું હોય ત્યારે ઘોડાગાડી જોઈએ ને ખાવું હોય ત્યારે ઊના ઊના દુધ–પુરી ને શાક જોઈએ, એમાં અજ્ઞાની સુખ માને છે. આવું માનનાર આત્માના સુખનો અનાદર કરે છે. નિર્મમ-આત્મા છે તેને ભૂલ્યો-ચૂક્યો તેથી મમત્વભાવ પૂરતો જ આત્માને માન્યો; તે ભાવ અનંત સંસારને વધારનાર છે.

જ્ઞાનીને લક્ષ્મીમાં અલ્પ-રાગ હોય છે, ભરત ચક્રવર્તી વગેરે રાજકાજ કરતાં છતાં જ્ઞાની હતા; ચક્રવર્તીને અઢળક લક્ષ્મી છે છતાં રાગ–અલ્પ છે. તે છ ખંડનું રાજ કરે છે, બત્રીશ હજાર શાહેનશાહ જેવા રાજા જેને ચામર ઢોળે છે, ૯૬ હજાર જેને સ્ત્રીઓ છે. ૯૬ ક્રોડ જેને પાયદળ છે છતાં તે બધા પ્રત્યે અલ્પરાગ છે, તે બધી સામગ્રી હોવા છતાં તેમાં સુખ માન્યું નથી, સુખ મારા ચિદાનંદ આત્મામાં જ છે તેમ માને છે. રાજ-લક્ષ્મી વગેરે ક્ષણિક છે તેના પ્રત્યેનો રાગ છે તે પણ ક્ષણિક છે. તે ક્ષણિક પૂરતો જ્ઞાની પોતાને માનતો નથી પરંતુ નિર્મમત્વ સ્વભાવવાન અખંડ આત્મા હું છું એ રીતે પોતાને માને છે; તેથી જ્ઞાનીને રાગથી અલ્પબંધ થાય છે પરંતુ તે અનંત સંસારનું કારણ નહિ હોવાથી તે બંધને અહીં ગણ્યો નથી.

પરમાં પોતાપણાની એકત્વબુદ્ધિ તેને અધ્યવસાય કહેવામાં આવ્યો છે. પરિગ્રહ અને પરિગ્રહના ભાવને જેણે પોતાના માન્યા તે જ મિથ્યાત્વમાં ત્રણકાળના ઊંધા વનું પાપ છે, તે મિથ્યાત્વ જ અધ્યવસાય છે. બધા પાપના ભાવનું એક માત્ર મિથ્યાત્વ જ કારણ છે. અનંતા સંસારનું આ એક જ કારણ છે.

જગતના જીવો કહે છે કે દયા ધર્મનું મૂળ છે. અહીં કહેવાય છે કે દયાના ભાવ છે તે બંધનું કારણ છે. ગમે તે લાગણી હોય, પુણ્યની કે પાપની–તે બધી લાગણી વિકારી જ હોઈ સકે, કારણ કે દયાના ભાવ છે તે શુભભાવ છે, આત્માનો મૂળ સ્વભાવ નથી. મૂળ સ્વભાવમાં કોઈ જાતનું ઉત્થાન હોઈ શકે નહિ, માટે દયાની વૃત્તિ છે તે વિકારી જ છે. તે વિકારી પર્યાય પૂરતો આત્માને જે માને છે તે ત્રિકાળી આત્માની અશાતના કરે છે. વિકારની લાગણીનો અનંતો આદર થયો એટલે

સ્વભાવનો અનંતો અનાદર થયો; સ્વભાવમાં પણ અનંતો આદર ને વિભાવમાં પણ અનંતો આદર હોય તેમ બને નહિ. એક સાથે બન્નેમાં અનંતો આદર ન જ હોઈ શકે; સ્વભાવનો આદર ત્યાં વિભાવનો અનાદર, અને વિભાવનો આદર ત્યાં સ્વભાવનો અનાદર, બન્નેનો આદર સાથે થઈ શકે નહિ. જ્ઞાનીને અનંતો આદર સ્વભાવમાં છે, અશુભથી બચવા દયા, ભક્તિ વગેરેની શુભ લાગણી થાય પરંતુ તેમાં તેને આદર નથી, અનંતો આદર સ્વભાવમાં છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવના અંતર હૃદય ભગવાન કુંદકુંદાચાર્યદેવે ખુલ્લાં કરી મૂકયાં છે, જાહેર કરી મુકયાં છે. આ સમયસારમાં શરૂઆતમાં પાંચમી ગાથામાં કહ્યું છે કે અમે જે ભાવ કહેવા માગીએ છીએ તે ભાવ શ્રવણ કરીને સમજે તો અમારી મુક્તિ ભેગી તેની પણ મુક્તિ છે. આવી અપૂર્વ વાત સમજવાનું ટાણું ચાર ગતિમાંથી આ મનુષ્ય ભવમાં જ છે અને તેમાં પણ ઘણા પુણ્યનો ઉદય હોય ત્યારે આ વાત સંભળાય છે, ઘેર ઘેર આવું સાંભળવાનું મળતું નથી.

સત્ય બોલવાની લાગણી છે તે વિકલ્પ છે પરમ સત્ય જ્ઞાતા તો નિર્વિકલ્પ સ્વરૂપે છે. દીધા વગર લેવું નહિ એવો દત્તાદાતનો શુભભાવ છે તેથી રહિત આત્મા ચિદાનંદસ્વરૂપ છે. બ્રહ્મચર્યનો ભાવ પણ શુભભાવ છે, આત્મા તો શુભ અશુભ પરિણામથી રહિત બ્રહ્માનંદ સ્વરૂપ છે. બ્રહ્મચર્યના પરિણામ શુભ વિકલ્પ છે, તે વિકલ્પસ્વરૂપે પણ આત્મા નથી તો પછી અબ્રહ્મચર્યના ભાવથી તો ધર્મ કયાંથી થાય? બન્ને ભાવથી રહિત આત્મા નિર્વિકલ્પ છે; આવી વાત સાંભળીને કોઈ જીવો સવળું નહિ સમજતાં ઊંધું સમજે તો એના ફળ એને ખરેખરાં મળવાના જ. અપરિગ્રહનો ભાવ પણ શુભભાવ છે, પરવસ્તુ છૂટે છે તે તેના પોતાના કારણે, રાગ છૂટતાં પરવસ્તુ છૂટી જાય છે પરંતુ રાગે પરવસ્તુ છોડી નથી. રાગ પણ જુદો છે ને પરવસ્તુ પણ જુદી છે, પરંતુ રાગ છૂટતાં પરવસ્તુ છૂટે એવો સંબંધ છે; પરવસ્તુને છોડવાની ક્રિયા પોતે કરતો નથી.

સમ્યગ્દર્શન સિવાય મહાવ્રત હોઈ શકે નહિ. અજ્ઞાની રાગથી ને પરવસ્તુથી લાભ માને છે. જ્ઞાનીને અલ્પરાગ છે, પરંતુ સ્વભાવના સદ્‌ભાવ સહિત રાગનો નકાર જ્ઞાનમાં ઉભો છે તેથી તેને નિર્જરાનું કારણ થાય છે. જુઓ! ભરત ચક્રવર્તી અને બાહુબલી બન્ને વચ્ચે લડાઈ થઈ છતાં બન્નેને આત્માનું ભાન છે, ભરતે બાહુબલીજીને મારવા ચક્ર મૂકયું, ત્યાં બીજાને એમ લાગે કે આને કેટલો અહંકાર છે! પણ તેને મિથ્યાત્વરૂપ અહંકાર નથી તેથી અનંતો અહંકાર નાશ થઈ ગયો છે. બન્ને મહા યોદ્ધા છે, બાહુબલીજી કામદેવ છે, પુણ્યમાં પણ જબરા ને બળમાં પણ

જબરા છે. ભરત ચક્રવતી તેમને કહે કે હું છ ખંડનો રાજા છું માટે અને નમો. બાહુબલીજી કહે કે 'નમીએ નહિ.' ભરતજી કહે છે કે તો, 'લડાઈ કરો.' પછી બન્ને ભાઈઓ લડે છે. બન્નેને આત્માનું ભાન છે, લડાઈના રાગનો આદર નથી, માને છે કે 'ધિક્કાર છે આ રાજના લોભની વૃત્તિને;' ભાન સહિત અલ્પરાગ છે તોપણ નિર્જરાનું કારણ છે. શ્રેણીક રાજા ક્ષાયિક સમકિતી હતા, મરણ વખતે આપઘાત કરીને દેહ છોડયો. સમ્યગ્દર્શન સહિત હોવાથી તે વૃત્તિ પણ નિર્જરાનું કારણ થાય છે. શ્રેણીક રાજા આવતી ચોવીશીમાં જગત્ગુરુ જગતનાથ પહેલા તીર્થંકર થશે.

એક પુણ્યની લાગણી ઊઠે તેને ત્રિકાળી દૃષ્ટિ સ્વીકારતી નથી. વિકારી ભાવને અવિકારી ભાવ માનવો તે મહાપાપ છે, અને જેમ વસ્તુસ્વરૂપ છે તેમ શ્રદ્ધા કરવી તે કલ્યાણનું કારણ છે.

સં. ૨૦૦૦, માગશર સુદ ૫, ગુરૂવાર.

આત્મા એક વસ્તુ છે. જે વસ્તુ હોય તે ગુણ વિના ન હોઈ શકે, ગોળ હોય તો ગળપણ વિના ન હોય શકે. આત્મામાં જ્ઞાન-શ્રદ્ધા આદિ અનંત ગુણો છે. રાગ-દ્વેષ વિકાર તે આત્માનો સ્વભાવ નથી, આત્મા અનાદિ અનંત સ્વતઃ તત્ત્વ—વસ્તુ છે, તેની વર્તમાનપર્યાયમાં ભ્રાંતિ ને રાગ-દ્વેષરૂપ વિકાર છે માટે વર્તમાન-પર્યાયમાં દુઃખ છે. જો દુઃખ ન હોય તો પરિભ્રમણ ન હોય અને તેથી વર્તમાન પર્યાયમાં પ્રત્યક્ષ આનંદ હોય. પરંતુ વર્તમાન પર્યાયમાં આનદ તો દેખાતો નથી પણ દુઃખ દેખાય છે તેથી બંધ છે.

જે તત્ત્વ હોય તો પોતે દુઃખસ્વરૂપ હોય નહિ. એ રીતે આત્મતત્ત્વમાં પણ દુઃખ છે નહિ. આત્માનો અનાદિઅનંત આનંદ સ્વભાવ છે; પરંતુ ભ્રાંતિને લઈને પર પદાર્થમાં સુખ ગોતવા જાય છે. આત્મા અનાદિઅનંત સુખથી ભરપૂર એક વસ્તુ છે, તેને પોતાના માટે પર પદાર્થની જરૂર પડે નહિ, પરંતુ ઊંધી દૃષ્ટિને લઈને પરમાં સુખ ગોતવા જાય છે.

આત્મા અનાદિઅંનત સ્વતંત્ર વસ્તુ છે, શરીરાદિ જડ રજકણો છે તે તો સંયોગી ચીજ છે. રોટલા દાળના રજકણો શરીરરૂપે થઈને પછી રાખરૂપે થાય છે, પણ મૂળ રજકણનો નાશ થતો નથી, તેની અવસ્થા બદલાય છે. મૂળ રજકણ કાયમ રહીને રોટલામાંથી શરીરને તેમાંથી રાખરૂપે અવસ્થા બદલાય છે. પરમાણુ પણ એક તત્ત્વ છે તેથી તેનો પણ નાશ થાય નહિ; આત્મા પણ તત્ત્વ છે, તેનો પણ નાશ થાય

નહિ. આત્માને અને શરીરને એક ક્ષેત્રાવગાહસંબંધ છે તે વ્યવહારથી છે, ખરી રીતે આત્મા આત્મામાં ને શરીર શરીરમાં છે, શરીર સંયોગી ચીજ છે. આત્માનું મૂળ સ્વરૂપ નથી.

આત્મા અનાદિઅનંત જાણનાર કાયમી વસ્તુ છે, પરંતુ ભ્રાંતિને લઈને પોતાનો આનંદ વેદાતો નથી, તેથી પરમાં આનંદ ગોતવા જાય છે. મારા સુખ માટે મારે પૈસાની, આબરૂની, કુટુંબની અને હજીરાની (-મકાનની) જરૂર પડે એમ જેણે માન્યું તેણે હું એક નમાલી ચીજ છું એમ માન્યું. આવી ભ્રાંતિ જેને ઊભી છે તેને બંધન ઊભું છે અને સંસાર ઊભો છે. પરમાં સુખ ગોતવા જાય છે તેથી એમ સિદ્ધ થાય છે કે હું સુખ ને શાંતિવાળું તત્ત્વ છું-એવી તેને શ્રદ્ધા નથી, પ્રતીત નથી, તેથી બંધન ઊભું છે. અજ્ઞાની પરનો ઓશીયાળો થઈને સદા રહે છે, પરમાં સુખની આશાએ સદા ઓશીયાળ કર્યા કરે છે. 'આપણામાં સુખ કયાંથી હોય? સુખ તો પરમાં હોય' એવી માન્યતાને લઈને પરિભ્રમણ ઊભું કરે છે. કોઈ દિવસ વિચાર કર્યો નથી કે હું છું કોણ? શું મારે સદાયને માટે પરની ઓશીયાળ? જૂઠું, ચોરી, મૈથુન, પરિગ્રહ આદિના ભાવ કરું તો મને સુખ થાય, નહિતર સુખ ન થાય-આવું પરાધીન શું સુખનું સ્વરૂપ હોય? ન જ હોય, સુખ તો સ્વાધીન હોય-એમ ઝીણવટથી વિચાર કરીને કદી જોયું નથી, પરિભ્રમણ ઊભું છે.

'બીજો મરી જાય અને બીજાને મારવાના મને ભાવ થાય તેથી મને સુખ થાય, જૂઠું બોલું ને જૂઠું બોલવાના ભાવ કરું તો મને સુખ થાય, ચોરી કરવાના ભાવથી ને ચોરી કરવાથી મને સુખ થાય, મૈથુનના ભાવથી ને મૈથુન સેવવાથી મને સુખ થાય, તેમજ પરિગ્રહના મમત્વભાવથી ને પરિગ્રહ કરવાથી મને સુખ થાય, પૈસા વગેરેથી મને સુખ થાય, આબરૂથી સુખ થાય, મકાનથી સુખ થાય, સ્ત્રીથી સુખ થાય, કુટુંબથી સુખ થાય,' આવું માનનારો આત્માના સુખ ગુણનો ખૂની છે; એ અધ્યવસાય અનંતા સંસારનું કારણ છે. આત્મામાં સુખ આદિ સર્વ ગુણો ભર્યા છે, નવા આવતા નથી, બહાર લેવા જવા પડતા નથી. જેવા સિદ્ધ ભગવાનમાં ગુણો ભર્યા છે એવા જ બધા આત્મામાં ગુણો ભર્યા છે, તે ગુણોનું જેને ભાન નથી તે પરથી સુખ થાય તેમ માને છે.

હિંસાના ભાવ પાપભાવ છે, દયાના ભાવ છે તે પુણ્યભાવ છે. અસત્યના ભાવ છે તે પાપભાવ છે, સત્યના ભાવ છે તે પુણ્યભાવ છે. અદત્તાદાનના ભાવ પાપભાવ છે, દત્તાદાનના ભાવ પુણ્યભાવ છે, અબ્રહ્મચર્યના ભાવ પાપભાવ છે, બ્રહ્મચર્યના ભાવ પુણ્યભાવ છે, પરિગ્રહના ભાવ પાપભાવ છે, અને અપરિગ્રહના

ભાવ પુણ્યભાવ છે. તે બધા વિકારી ભાવો બંધનું કારણ છે, પણ બહારની ક્રિયા બંધનું કારણ નથી.

આત્મા છે તે પદાર્થ છે, વસ્તુ છે; વસ્તુ હોય તે અનાદિ અનંત હોય, વસ્તુ કોઈથી ઉત્પન્ન ન થાય; આત્મા માતાના પેટમાં કાંઈ નવો થયો નથી. માતાના પેટમાં આવ્યા પહેલાં પણ આત્મા હતો, ત્યાર પહેલાના ભવમાં પણ હતો, ત્યાર પહેલાં બીજા અનંત ભવોમાં આત્મા હતો; એમ અનાદિઅનંત આત્મા છે. આત્મા નિત્ય છે, દરેક ભવમાં આત્માની પોતાની હયાતી છે. પુણ્યભાવ કરે તો દેવ તથા મનુષ્ય થાય છે અને પાપભાવ કરે તો તિર્યંચ થાય છે તથા નરકે જાય છે, સ્વભાવ ધર્મ કરે તો મોક્ષ પર્યાય પ્રગટે છે.

નિગોદમાં અનંતવાર દરેક જીવ જઈ આવ્યા છે, ત્યાં ભવ કરી કરીને છોતાં ઊડી ગયા. એક બટાટાની સોયની અણી ઉપર રહે એટલી કણીમાં અનંતા જીવ છે, એવા એવા અનંતા ભવ નિગોદના કર્યા; પરંતુ અત્યારે બધું ભૂલી ગયો છે. પાપ કરીને નિગોદમાં ગયો તેમ પુણ્ય કરીને સ્વર્ગમાં પણ અનંતવાર ગયો પણ આત્માનો ધર્મ સમજ્યા વિના એક પણ ભવ ઘટયો નહિ. પુણ્ય બંધાય કે પાપ બંધાય તેમાં ઊંધી દૃષ્ટિનો અહંકાર છે; તે મિથ્યા અહંકાર અનંત સંસારનાં પરિભ્રમણનું કારણ છે. મારું સ્વરૂપ નિર્વિકારી છે, વીતરાગ પરમાત્મા જેવા છે તેવો હું છું, એવું શુદ્ધ સ્વરૂપનું ભાન કર્યું નહિ તેથી પરિભ્રમણ ટળ્યું નહિ. વ્રતના પરિણામથી પુણ્ય બંધાય ને અવ્રતના પરિણામથી પાપ બંધાય, આત્માનો સ્વભાવપર્યાય પ્રગટાવે તો મોક્ષપર્યાય પ્રગટે છે. દયા, સત્ય વગેરે ભાવ પાપ ટાળવા માટે બરાબર છે, પણ એનાથી હળવે હળવે ધર્મ થશે-ચારિત્ર પ્રગટશે એમ માને તો તે વાત ખોટી છે. આત્માની સમજણ વગર એકે ભવ ઘટે એમ નથી.

પુણ્ય-પાપ જેટલો જ આત્મા હોય તો પુણ્ય પાપના નાશ પછી મોક્ષમાં શું રહે? માટે પુણ્ય-પાપના ભાવ જેટલો આત્મા નથી, કેમ કે તે વિકારનો નાશ થયા પછી સિદ્ધપદમાં પવિત્ર પૂર્ણ સ્વરૂપ આત્મા રહી જાય છે. શુભાશુભભાવનો નાશ કરીને સિદ્ધ ભગવાન અનંતકાળ રહે છે. માટે પુણ્ય-પાપથી જુદા આત્માને ઓળખવો, પુણ્ય-પાપ જેટલો આત્માને માનવો ને તેમાં ધર્મ માનવો તે અજ્ઞાન છે તે અજ્ઞાનરૂપ અધ્યવસાય જ એક માત્ર બંધનું કારણ છે. ૨૬૩-૨૬૪.

વળી એમ કહેવું શકય નથી કે બાહ્ય વસ્તુ તે બીજું પણ બંધનું કારણ છે. (અધ્યવસાય તે બંધનું એક કારણ છે અને બાહ્ય વસ્તુ તે બંધનું બીજું કારણ છે

એમ પણ કહી શકાતું નથી; અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે, બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી. )

હવેની ગાથામાં કહે છે કે સામો જીવ મર્યો કે ન મર્યો તે બંધનું કારણ નથી પરંતુ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે. વળી એમ કોઈ રીતે બની શકતું નથી કે બાહ્ય વસ્તુ બીજું પણ બંધનું કારણ છે. રાગ અને આત્માને એક માન્યો તે અધ્યવસાય જ એક ને એક જ બંધનું કારણ છે. આત્માનો સ્વભાવ બંધનું કારણ નથી; જો આત્માનો સ્વભાવ બંધનું કારણ હોય તો આત્મા બંધનથી મુક્ત થઈ શકે નહિ. તેમ પર વસ્તુ પણ બંધનું કારણ નથી. આબરુ, કીર્તિ, પૈસા, મકાન, સ્ત્રી, પુત્ર વગેરે બધાં મારાં છે એવી માન્યતાનો ભાવ આત્મા કરે છે, જડ કરતું નથી, માટે તે ભાવ જ બંધનું કારણ છે. તે વાત આ ૨૬૫ મી ગાથામાં સ્પષ્ટ કરશે. શુભાશુભ પરિણામથી નિરાળું તત્ત્વ છે તેને ભૂલી જવું તે ભાવ જ એક બંધનું કારણ છે, બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી. આવા અર્થની ગાથા હવે કહે છેઃ—

**वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं तु होइ जीवाणं ।**
**ण य वत्थुदो दु बंधो अज्झवसाणेण बंधोत्थि ॥२६५॥**

અર્થઃ—વળી, જીવોને જે અધ્યવસાન થાય છે તે વસ્તુને અવલંબીને થાય છે તોપણ વસ્તુથી બંધ નથી, અધ્યવસાનથી જ બંધ છે.

સર્વજ્ઞ ભગવાન કહે છે કે બાહ્ય વસ્તુ બંધન નથી કરાવતી પણ તારો ભાવ જ બંધનું કારણ છે. આત્મા જ્ઞાનાનંદ પવિત્ર સ્વરૂપ છે તેને ભૂલીને જે ભાવ કરવા તે ભાવ જ આત્માને નુકશાનનું કારણ છે. પર વસ્તુ આત્માને નુકશાનનું કારણ ત્રણકાળમાં નથી.

અજ્ઞાનીની બાહ્ય તરફ નજર છે. ઘરમાં કોઈ દીકરાની વહુ સારી આવે તો કહેશે કે આ વહુ કંકુ પગલાવાળી આવી છે જેથી ઘરમાં અભરે ભરાણ છે, અને જો દુકાનમાં ખોટ જાય તો કહે કે આ બીજી વહુ એવી છપ્પરપગી આવી છે કે તે આવી ત્યારથી નુકશાન જ થયા કરે છે. અરે ભાઈ! પર ઉપર ઢોળવું છોડી દે, તારા પૂર્વના પરિણામથી થયેલા બંધ પ્રમાણે તને યોગ મળે છે. અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે. કોઈ માણસના નિમિત્તે ક્રોધ થાય તો કહે કે તું આવ્યો માટે મને ક્રોધ થયો. અરે ભાઈ!

---

જે થાય અધ્યવસાન જીવને, વસ્તુઆશ્રિત તે બને,
પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫. )

પર વસ્તુ તને કહેતી નથી કે તું ક્રોધ કર, ભાવ કરે છે તું પોતે, અને દોષ કાઢવા પારકા, આ તે કેવી અજ્ઞાનની વાત છે? આવો અજ્ઞાનમય અધ્યવસાય તે એક જ બંધનું કારણ છે પણ બાહ્ય વસ્તુ તે બંધનું બીજું કારણ નથી.

જેમ અગ્નિનો અંગારો છે તે અગ્નિથી જ ભરેલો છે, તેમાંથી જે ધુમાડો નીકળે છે તે પણ અગ્નિ નથી, અંગારા ઉપર તપેલું ઢાંક્યું હોય તે પણ અગ્નિ નથી, અંગારા માથે કાજળી વળી જાય તે પણ અંગારો નથી, પરંતુ લાલચોળ અગ્નિમય અંગારો છે તે જ અંગારો છે. તેમ આત્મા ઉપર શરીરરૂપી તપેલું ઢાંક્યું હોય તે પણ આત્મા નથી, કર્મરૂપી ધૂમાડો પણ આત્મા નથી અને રાગ-દ્વેષના ભાવરૂપી કાજળી તે પણ આત્મા નથી. આત્મા તો જ્ઞાન જ્યોત ચૈતન્ય અંગારો છે.

ચૈતન્યના પર્યાયમાં જે જે અધ્યવસાન થાય છે તે બધા અધ્યવસાન સામી ચીજનું લક્ષ કરીને થાય છે. ક્રોધ, માન, માયાના ભાવમાં, દયા અને સત્યના ભાવમાં સામી ચીજ નિમિત્ત હોય છે, સામી ચીજનું લક્ષ કરીને તે ભાવો થાય છે, પરંતુ સામી ચીજથી બંધ થતો નથી. સામી ચીજ વિકાર કરાવે છે તેમ નથી. વિકાર તો પોતે કરે ત્યારે થાય છે પણ તે વિકારમાં સામી ચીજનું લક્ષ હોય છે, ઘણીવાર નિમિત્ત નજીક ન હોય તોપણ દૂરના નિમિત્તનું લક્ષ કરીને પોતે અધ્યવસાય કરે છે. ભૂતકાળની અને ભવિષ્યકાળની વસ્તુનું લક્ષ કરીને અધ્યવસાય કરે છે. એ રીતે દરેક અધ્યવસાયમાં સામી ચીજનું લક્ષ હોય છે પણ તે ચીજ બંધન કરાવતી નથી, બંધન પોતાના ભાવથી થાય છે.

ધર્મ તરફ દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હોય છે પરંતુ તે પ્રશસ્ત રાગના નિમિત્ત છે; દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે એમ સ્વભાવ ઓળખવામાં એકાગ્ર થતાં, પુરુષાર્થ દ્વારા સ્વભાવનું ભાન થતાં નિમિત્તનું અવલંબન છૂટી જાય છે અને પછી પૂર્ણ વીતરાગ થતાં બધી રીતે અવલંબન છૂટી જાય છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને પરિણામમાં નિમિત્તનું અવલંબન હોય છે એટલે કે અધ્યવસાયમાં નિમિત્તનું લક્ષ હોય છે પણ નિમિત્ત બંધ કરાવી દેતું નથી. આ વાત બરાબર ધ્યાન રાખે તો સમજાય તેવી છે. ચોપડાના નામામાં જો જરા ફેરફાર થયો હોય તો બરાબર ધ્યાન રાખે છે, નામાનો ઉકેલ કરતાં કરતાં જો દશ હજારની ચુક થઈ ગઈ હોય તો ગોતીને બરાબર મેળવી લે છે; તેવી રીતે જો આ સમજવામાં ધ્યાન રાખે તો બરાબર સમજાય, પરંતુ 'મને નહિ સમજાય' એમ પહેલેથી ઢુંટીયાવાળે તો ક્યાંથી સમજાય? સમજવાની જિજ્ઞાસા કરે તો સમજાય.

જેને ખરી જિજ્ઞાસા જાગી છે તે પોતાના આત્મામાં નુકશાન ક્યાં થાય છે

તેનો નિકાલ કરી લે છે, અને જ્યાં યથાર્થ જ્ઞાન થાય છે ત્યાં સમજે છે કે અહો! મેં જે માન્યું હતું તે ખોટું હતું. આ પર પદાર્થ મને નુકસાન કરતું નથી પણ મારો ભાવ જ મને નુકશાન કરે છે. પર પદાર્થ અને હું બંને જુદા છીએ, મારે અને પર પદાર્થને ત્રણકાળમાં સંબંધ નથી, હું તો પર પદાર્થનો જ્ઞાતા છું, કર્તા નથી–આવું જ્ઞાની સમજે છે.

આચાર્ય ભગવાન અને ત્રણકાળના તીર્થંકરો કહે છે કે સામી ચીજ તને નુકસાન કરતી નથી, તારો ભાવ જ તને નુકસાન કરે છે. ભાવ થાય ત્યારે સામી ચીજ નિમિત્ત હોય છે પણ નુકસાનનું કારણ તારો ભાવ છે. તારો ભાવ કાઢી નાખ તો સામી ચીજ તો જગતમાં પડી રહેશે, તે તને નુકસાન કરશે નહિ. ભાઈ! જેમ છે તેમ પદાર્થનું જ્ઞાન કર, ભવ ભ્રમણનો અભાવ કર; જો એમ ને એમ આંખ મીંચાણી તો તંબુ કયાં તણાશે? ચોરાશીના અવતારમાં તંબુ કયાં તણાશે?

પર વસ્તુ બંધનું કારણ હોય તો એમ બને કે જેને લાખ રૂ.ની મૂડી છે તેને ઓછું પાપ લાગે અને જેની પાસે કરોડ રૂ. હોય તેને વધારે પાપ લાગે; જો વસ્તુના આશ્રયથી પાપ હોય તો તો આ રીતે બને, પરંતુ તેમ બનતું નથી. જેને લાખ રૂપિયા હોય અને તૃષ્ણા વધારે હોય તો પાપ વધારે લાગે અને જેને કરોડ રૂપિયા હોય છતાં પણ ઓછી તૃષ્ણા હોય તો ઓછું પાપ લાગે માટે વસ્તુ બંધનું કારણ નથી પરંતુ ભાવ જ બંધનું કારણ છે.

ભરત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રીઓ હતી તેથી શું વધારે પાપ છે? ના, તેમ નથી. અનંતાનુબંધીનો કષાય ટળી ગયો છે તેથી વિષયમાંથી અનંતો રસ ઘટી ગયો છે. અંદર આત્માનું ભાન છે, અલ્પરાગ રહે છે તેથી રાજમાં ઊભા છે પરંતુ તેને ઝેર સમજે છે. અને અજ્ઞાની ને એક સ્ત્રી હોય તોપણ ઘણી ગૃદ્ધિ હોય તેથી અનંતુ પાપ કરે છે. તે માને છે કે આ વિષયમાં જ બધું સર્વસ્વ સુખ આવી જાય છે, તેથી તે અનંતું પાપ બાંધે છે. માટે બંધ પરવસ્તુને આધારે નથી પણ ભાવને આધારે છે.

ગરીબને એક રાતી પાઈમાં પણ ઘણી તૃષ્ણા હોય છે. ત્રણ દિવસના સૂકા રોટલામાં પણ ઘણી તૃષ્ણા હોય છે, સૂકો રોટલો ખાતો હોય અને વચ્ચે જો કૂતરું આવે તો ડાંગ મારે અને કૂતરાને મારી નાંખે. માટે વસ્તુના પ્રમાણમાં બંધ નથી પણ ભાવના પ્રમાણમાં બંધ છે.

પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનના પુત્ર ભરત ચક્રવર્તી, જેને ઘેર ૯૬ ક્રોડ ગામ અને ૯૬ ક્રોડ પાયદળ હતું, છ ખંડનો જે સ્વામી હતો છતાં

અંતરમાં તેનો તે સ્વામી થતો નથી, તેનો તે ધણી થતો નથી. તે સમજે છે કે 'મારો સ્વભાવ તો જ્ઞાન છે, જ્ઞાનાદિ અનંત ગુણોનો સ્વામી હું આત્મા છું, એવો હું આત્મા પર પદાર્થનો ધણી કે સ્વામી કયાંથી હોઉ? હું તો મારા સ્વરૂપનો સ્વામી છું' રાજમાં ઊભા પણ આવું ભાન નિરંતર વર્તે છે. રાજ પ્રત્યેનો અલ્પરાગ છે ખરો, જો અલ્પરાગ ન હોય તો તેમાં ઊભા જ ન હોય, છતાં રાજ પ્રત્યેના રાગના સ્વામી થતા નથી. શરીર, ૯૬ હજાર સ્ત્રીઓ, ૯૬ ક્રોડ પાયદળ અને આખા છ ખંડનું રાજ છે, તેના કોઈના પણ સ્વામી થતા નથી, ધણી થતા નથી; રાગના સ્વામી થતા નથી અને બાહ્ય સામગ્રીના પણ સ્વામી થતા નથી. આટલી સામગ્રી છે છતાં એમ માને છે કે એક રજકણ પણ મારું નથી. અરે! પુણ્યનો ભાવ છે તે પણ મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ તો પરમ પવિત્ર અખંડ ને નિરાકુળ છે. એવું ભાન ભરત ચક્રવર્તીને નિરંતર વર્તે છે તેથી તેને બંધ થતો નથી. અલ્પ અસ્થિરતાના બંધની અહીં વાત નથી. જો પર વસ્તુ બંધનું કારણ હોય તો ભરત ચક્રવર્તીને ઘણી સામગ્રી હતી માટે તેમને ઘણો બંધ થવો જોઈએ અને ઓછી સામગ્રીવાળાને ઓછો બંધ થવો જોઈએ પણ તેમ તો બનતું નથી. માટે સાબિત થાય છે કે પર વસ્તુ બંધનું કારણ નથી પણ ભાવ જ બંધનુ કારણ છે.

કોઈ જીવને સામગ્રી ઓછી હોય પણ રાગ ઘણો હોય છે તેથી બંધન ઘણું થાય છે. સ્ત્રી એક હોય પણ રાગનો તો પાર ન હોય, બે ચાર સાધારણ જેવા છોકરા હોય પરંતુ રાગનો પાર ન હોય, સાધારણ જેવી સગવડતા હોય અને એમાં લાગે કે જાણે ચક્રવર્તીનું રાજ આવ્યું, એવો તીવ્ર રાગ વેદતો હોય તેને બંધન ઘણું થાય છે માટે સામગ્રી બંધનું કારણ નથી પણ ભાવ બંધનું કારણ છે.

એક વકીલને જેટલી કમાણી થાય તેટલી કમાણી બીજા વકીલને કરવાની ઇચ્છા હોય તોપણ તે કરી શકે નહિ કારણ કે પુણ્ય વિના પૈસા પેદા થઈ શકે નહિ. પૈસાની તૃષ્ણા તો ઘણી છે, તેથી બંધ ઘણો થાય છે; બંધનું કારણ ભાવ છે, બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી. પોતે શુભાશુભ ભાવ કરે તો બાહ્ય વસ્તુ નિમિત્ત ઠરે છે, પોતે શુભાશુભ ન કરે તો પોતાના ભાવને બાહ્ય વસ્તુ નિમિત્ત ઠરતી નથી. ભાવ કરે તો વસ્તુને નિમિત્ત કહેવાય છે એટલી હદ બાહ્ય વસ્તુની છે.

શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ત્રણે તીર્થંકર ભગવાન ચક્રવર્તી હતા, ૧૬ હજાર દેવ તો જેની સેવા કરતા, ત્રણજ્ઞાન લઈને તો માતાના પેટમાંથી આવ્યા હતા, એવા તીર્થંકર ભગવાન ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે લડાઈમાં ચડ્યા હતા, તોપણ

તેમને અલ્પ બંધન છે. પ્રાણી કેટલા મર્યા તેના ઉપર બંધન નથી પણ ભાવ ઉપર બંધન છે. જ્ઞાનીની કિંમત બાહ્યથી ટાંકી શકાય નહિ. બહારથી શું કર્યું અને શું ન કર્યું એવું જોઈને પરિણામના દોકડા ટાંકી શકાય નહિ. અંતર પરિણામના દોકડા બાહ્યથી ટાંકવા તે યથાર્થ માપ નથી. અત્યારે આ ક્ષેત્રે જો તીર્થંકર ભગવાન હોય અને લડાઈમાં ચડયા હોય તો કોઈ તેને જ્ઞાની માને નહિ અને કહે કે શું આવા તીર્થંકર હોય? પણ ભાઈ! તે તો અલ્પરાગ છે તેને પણ ટાળવા માગે છે, લડાઈ વખતે પણ આ મારું સ્વરૂપ નથી તેમ ભાન છે, પણ અલ્પ અસ્થિરતા છે તેથી લડાઈમાં જોડાય છે. તીર્થંકરોને તો તે ભવમાં કેવળજ્ઞાન લેવું છે. લડાઈ કરી છતાં બીજો ભવ થયો નથી, તે ભાવ કઈ જાતના અલ્પ આસક્તિવાળા હશે! તેનું માપ કોઈ બાહ્યથી ટાંકવા માગે તો ટાંકી શકે નહિ. દેહ હું નથી. વાણી હું નથી, મન હું નથી, તેનાથી મારું જ્ઞાયકસ્વરૂપ જુદું છે. તેની પ્રતીતમાં અને તેમાં અમુક અંશે સ્થિર રહેવા છતાં અલ્પ અસ્થિરતા થાય છે તેથી લડાઈ આદિ કાર્યમાં જોડાય છે પણ બંધન અલ્પ થાય છે.

અજ્ઞાનીને બાહ્યમાં એક પણ પ્રાણી ન મરે પણ તેને તીવ્ર મોહ છે. વિકલ્પ સાથે અને શરીર સાથે એકત્વબુદ્ધિ છે, પોતાનું ભાન નથી તેથી તીવ્ર બંધ થાય છે; બાહ્ય વસ્તુની મર્યાદા કેટલી?–કે પોતે ભાવ કરે તો અનુકુળરૂપે નિમિત્ત થાય તેટલી. પ્રથમ વસ્તુ સ્વરૂપ શું છે તેની બરાબર ઓળખાણ કર; જ્યાંસુધી સત્–અસત્‌ની ખબર નથી ત્યાંસુધી પુરુષાર્થ યથાર્થ થઈ શકશે નહિ અને ત્યાંસુધી સંસારનો પાર આવશે નહિ. માટે યથાર્થ ઓળખાણ કર.

સં. ૨૦૦૦, માગશર સુદ ૬, શુક્રવાર.

આત્મા દેહાદિથી ભિન્ન, જ્ઞાનાદિ ગુણોથી ભરેલી વસ્તુ છે, અનાદિ અનંત સ્વતઃસિદ્ધ વસ્તુ છે. તે વસ્તુ સ્વાધીન છે પરંતુ ભ્રાંતિને લઈને પરાધીનતા માની છે; શરીરથી–વાણીથી–પૈસાથી મને સુખ થાય એમ માન્યું છે, પણ ખરી રીતે તેમાં સુખ નથી, તેમાં સ્વાધીનતા નથી પણ પરાધીનતા છે. એક તત્ત્વને બીજા તત્ત્વની જરૂર પડે તો તેને સ્વાધીન કેમ કહેવાય? એક તત્ત્વ બીજા તત્ત્વને આશ્રયે નભે છે એમ જેણે માન્યું તેણે સ્વાધીન તત્ત્વને પરાધીન માન્યું છે. એક આત્માને બીજાની જરૂર પડે એમ માનવું તે પરાધીનતા છે.

શરીર–વાણી જડ છે, સ્ત્રી–કુટુંબ આદિ પર છે; પર પદાર્થ હોય તો મને ઠીક, પર પદાર્થ ન હોય તો ઠીક નહિ એમ અજ્ઞાનપણે મૂઢ માની રહ્યો છે. સુખ કોને કહેવું, શાંતિ કોને કહેવી, આત્માનો આનંદ કોને કહેવો, તેનો વિવેક વિના પરથી

અને સુખ છે તેમ અજ્ઞાની માની રહ્યો છે. પણ ભાઈ! પરાધીનતા તે સ્વપ્ને સુખ નહિ. આત્માને પરાધીન માનવો તે સ્વાધીનતાનું ખૂન છે. જે પરાશ્રયે જીવન નભાવવા માગે છે તેનો બધો ભાવ દુઃખરૂપ છે, નવા બંધનનું કારણ છે.

સંસારમાં કોઈને કાંઈ દુઃખ આવી પડયું હોય તો ઘરમાં ડાહ્યો માણસ હોય તે સમાધાન કરે છે. કોઈના પુત્રે સટ્ટો કર્યો હોય ને પાંચ હજારની ખોટ જાય, ત્યાં ડાહ્યો માણસ હોય તે કહે કે એને પાંચ હજાર આપો નહિતર ગળે ફાંસો ખાઈને મરશે. એમ સમાધાન કરીને, આવી પડેલી અગવડતામાંથી પસાર થાય છે, તે સમાધાન જ્ઞાન કાઢે છે. જે જ્ઞાન અગવડતાનું લક્ષ દૂર કરી સમાધાન ને સુખ વેદે છે તે જ્ઞાન પોતે સુખસ્વરૂપ છે. સંસારમાં કંઈક આવી અગવડતા આવી પડી હોય ત્યારે જ્ઞાન સમાધાન કરે છે. જે આવા અવળા સંસારના ભાવથી સમાધાન કરે છે તે સવળા ભાવે સમાધાન કેમ ન કરી શકે?–જરૂર કરી શકે. સમાધાન જ્ઞાનનો સ્વભાવ છે, અનુકૂળતા પ્રતિકૂળતામાં પણ જ્ઞાન સમાધાન કરે છે. અનુકૂળતા પ્રતિકૂળતા તે હું નહિ, રાગાદિ વિકાર તે પણ હું નહિ એમ જ્ઞાન પોતાના સ્વગુણના લક્ષે—પોતાના સ્વ મહિમાના લક્ષે—સમાધાન કરે છે. જગતની સગવડતા અગવડતામાં થતા રાગ-દ્વેષ ટાળવાનું સમાધાન જ્ઞાનમાંથી આવે છે. હું એક તત્ત્વ અનાદિઅનંત છું. મારે પરની જરૂર ન પડે એવો હું સ્વતંત્ર પદાર્થ છું, એવું સ્વપદાર્થનું જ્ઞાન કરે તો તે જ્ઞાન દુઃખ અને આપદા મટાડવાનો ઉપાય છે.

છોકરો બાપને કહે કે આટલા પૈસા લાવો, દુકાન માંડવી છે માટે અમને પૈસા દેવા પડશે. પછી બાપ પરાણે સમાધાન કરે કે આને આપવું તો પડશે, નહિ આપું તો કંઈક આડુંઅવળું કરશે. એમ ધારીને આવી પડેલી અગવડતામાં લૌકિકમાં ખરાબ ન લાગે તેટલા ખાતર સમાધાન કરે છે, તેમ સ્વલક્ષે પોતાની શાંતિ ખાતર 'હું એક સુખમૂર્તિ તત્ત્વ છું, સુખથી ભરેલો ચૈતન્ય છું, મારા સુખને માટે પરની જરૂર પડે નહિ, એમ સમાધાન કરે તો તે સમાધાન પરાધીનતા ટાળવાનો ઉપાય છે. બહારની અગવડતા બંધનું કારણ નથી એટલે કે બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, પણ સગવડતા અગવડતામાં થતા રાગ-દ્વેષ તે બંધનું કારણ છે. જે વિકારીભાવ થાય છે તે પરાધીનભાવ છે. મારે છોકરા વિના ચાલે નહિ, વિષયો વિના ચાલે નહિ એવી વિકારી લાગણી થાય તે જ બંધનનું કારણ છે. ભાવ થવામાં સામી વસ્તુ નિમિત્ત-રૂપ હોય પણ તે વસ્તુ બંધનનું કારણ નથી, ભાવ જ બંધનનું કારણ છે; લક્ષ્મી બંધનનું કારણ નથી પણ લક્ષ્મી પ્રત્યેનો મમત્વભાવ બંધનનું કારણ છે. સ્ત્રી-કુટુંબ વગેરે વસ્તુ વિકારીભાવ થવામાં નિમિત્ત નીવડે છે પણ તે વસ્તુ બંધનનું કારણ

નથી. હે અજ્ઞાની! તારા ભાવમાં એમ છે કે સ્રી વિના ચાલે નહિ, છોકરા વિના ચાલે નહિ, પુણ્ય વિના ચાલે નહિ, પાપ વિના ચાલે નહિ, એવો પરાધીન ભાવ જ તને બંધનનું કારણ છે.

અધ્યવસાય જ બંધનું કારણ છે, બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી. કેમ કે બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્ય વસ્તુને ચરિતાર્થપણું છે અર્થાત્ બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ થવામાં જ બાહ્ય વસ્તુનું કાર્યક્ષેત્ર પૂરું થાય છે, તે કાંઈ બંધનું કારણ થતી નથી. અહીં પ્રશ્ન થાય છે કે જો બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી તો બાહ્ય વસ્તુનો પ્રસંગ ન કરો, ત્યાગ કરો, એમ બાહ્ય વસ્તુનો પ્રતિષેધ શા માટે કરવામાં આવે છે?

શિષ્ય પૂછે છે કે પ્રભો! જો ભાવ જ બંધનું કારણ હોય તો બાહ્ય વસ્તુના ત્યાગનો ઉપદેશ કેમ કરવામાં આવે છે? બાયડી છોડો, પૈસા છોડો, કુટુંબ છોડો, ઘર છોડો-વગેરે ઉપદેશ કરવામાં આવે છે તેનું કારણ શું?

પ્રભો! 'નિવૃત્તિ લો, આ વેપાર ધંધાની પ્રવૃત્તિમાં ગળા સુધી ખૂંચી ગયા છો તે છોડો' એમ ઉપદેશ કેમ કરવામાં આવે છે?

જો પરાધીન ભાવથી જ બંધન થતું હોય તો કંદમૂળ છોડો, રાત્રિભોજન છોડો, વગેરે ઉપદેશ કેમ કરવામાં આવે છે.

હિંસાના, ચોરીના વગેરે ભાવ સાથે એકત્વબુદ્ધિ તે જ બંધનનું કારણ છે. ક્ષણિક વિકાર ભાવ થાય તેટલો જ હું તેમ માનીને તેની સાથે એકત્વબુદ્ધિ કરવી તે જ જન્મ-મરણનું કારણ છે; બાહ્ય વસ્તુ જન્મ-મરણનું કારણ નથી એમ હે પ્રભો! આપ કહો છો, તો બાહ્ય વસ્તુને છોડવાનો ઉપદેશ કેમ કરવામાં આવે છે?

જ્ઞાને ટકતો, પ્રતીતે ટકતો, અવિકારી ભાવે ટકતો એવો આત્મા છે. જે એમ ભાવના કરે છે કે આ વિકાર ભાવ મારે ન જોઈએ. તો તેણે શું જોઈએ છે? કાંઈક રાખવા માગે છે, એમાંથી સિદ્ધ થાય છે કે કાયમ ટકતી એવી કોઈ ચીજ છે; અજ્ઞાનપણાને લઈને એને ભાન નથી, પણ અપ્રગટપણે કોઈ કાયમી ચીજને રાખવા માગે છે એટલે કે કાયમ ટકતા એવા આત્મતત્ત્વને રાખવા માગે છે. તે આત્મતત્ત્વનું ભાન નહિ હોવાથી અજ્ઞાની પર સાથે એકત્વબુદ્ધિ કરે છે-એકત્વરૂપ, અધ્યવસાય કરે છે; તે અધ્યવસાય બંધનું કારણ છે. જડ અને ચૈતન્ય બન્ને એક થઈ જતાં નથી પણ અજ્ઞાનને લઈને એક માને છે, એ માન્યતાનો ભાવ ચૈતન્યની વિકારી અવસ્થા છે. ક્રોધ, માન, માયા, લોભ તે ચૈતન્યની વિકારી અવસ્થા છે; તે વિકારી પર્યાયથી એમ સિદ્ધ થાય છે કે અવિકારી સ્વરૂપ પડ્યું છે. વિકારી અવળો ભાવ છે તો તેના

સામે સવળો ભાવ છે એમ સિદ્ધ થાય છે. લાકડામાં કાંઈ ક્રોધ, માન, માયા કે લોભ થતાં નથી. જ્યાં ક્ષમા આદિ સવળા ગુણો છે ત્યાં ક્રોધાદિ અવળા પર્યાય છે. વિકાર છે તો અવિકાર છે-એમ સિદ્ધ થાય છે. ઊલટી દશા સૂલટી દશાને સિદ્ધ કરે છે. વળી આત્મા તો અસાધારણ જ્ઞાન લક્ષણ વડે જાણી શકાય છે. હાડકાને અને ચામડાને કાંઈ ખબર નથી કે અમે કેમ છીએ, કયાં છીએ અને કયા આકારે છીએ? પણ જાણનારો અરૂપી કહે છે કે આની મને ખબર છે, આ મીઠું ખારું છે, આ શરીર આવા રંગવાળું છે; એમ જાણનારો નક્કી કરે છે. એ પ્રકારે બધી રીતે સિદ્ધ થાય છે કે આત્મા અનાદિઅનંત સ્વતઃસિદ્ધ વસ્તુ છે, માત્ર પર્યાયમાં ભૂલ થઈ છે, સ્વ-પરની એકત્વબુદ્ધિને લઈને સંસારમાં ભ્રમણ કરે છે. શિષ્ય કહે છે કે પ્રભો! 'આવી અનાદિઅનંત સ્વતઃસિદ્ધ વસ્તુને પરિભ્રમણ હોય તો એક ભ્રાંતિને લઈને જ છે, બાહ્ય વસ્તુથી નથી' એમ આપ કહો છો, તો પછી બાહ્ય વસ્તુને છોડવાનો ઉપદેશ કેમ કરવામાં આવે છે?

હે પ્રભો! આના વિના ચાલે નહિ, આના વિના ચાલે નહિ એવો ભાવ જ બંધનું કારણ છે તો પછી, 'આ વૈતરાં કયાં સુધી કરવાં છે? મરણનાં ટાણાં આવ્યાં, રાતે વા દિવસ રહ્યો, હવે કયાં સુધી વૈતરું કરવું છે? ૬૦-૬૫ વર્ષ થવા આવ્યા હવે કયાંસુધી મજૂરી કરવી છે? છોડ બધું! નિવૃત્તિ લે!' એમ ઉપદેશ અમને કેમ કરો છો?

સમાધાનઃ- અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્ય વસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે. અધ્યવસાનને બાહ્ય વસ્તુ આશ્રયભૂત છે, બાહ્ય વસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી અર્થાત્ ઉપજતું નથી.

વસ્તુના નિમિત્તે પોતે અધ્યવસાય કરે છે. હિંસા, જૂઠું, ચોરી, ઠીક-અઠીકના ભાવ વસ્તુના આશ્રયે થાય છે, માટે વસ્તુ છોડવાનું કહેવામાં આવતાં ભાવ છોડાવવાનો ઉપદેશ કરવામાં આવે છે; બાહ્ય વસ્તુનું ગ્રહણ ત્યાગ થઈ શકતું નથી પણ વસ્તુને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એટલે કે ભાવમાં વસ્તુનો આશ્રય છે, તેથી વસ્તુ છોડવાના કથનમાં, ભાવ છોડાવવા માટે 'વસ્તુ છોડ' એમ નિમિત્તથી કથન છે. નિમિત્તને આશ્રયે અધ્યવસાન થાય છે તેથી 'બાહ્ય વસ્તુને છોડો' એમ ઉપદેશ કરવામાં આવે છે. સ્ત્રી, કુટુંબ, ધંધો-વેપાર, તેના નિમિત્તે જે ભાવ થાય છે તે છોડાવવા માટે નિમિત્તને છોડવાનું કહેવાય છે.

હિંસા, જૂઠું, ચોરી, મૈથુન, પરિગ્રહ વગેરે અશુભ ભાવો પરલક્ષે થાય છે, અને અહિંસા, સત્ય, દત્તાદાન, બ્રહ્મચર્યને નિષ્પરિગ્રહ તે શુભભાવો પણ પરલક્ષે થાય

છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ તે પણ બાહ્ય લક્ષ છે, તે પણ પરલક્ષ છે. આચાર્યદેવને કહેવું છે કે પરલક્ષ છોડીને આત્મા તરફ લક્ષને વાળ, પોતા તરફ લક્ષને વાળ. બાહ્ય લક્ષ છોડાવવા માટે, 'બાહ્ય વસ્તુ છોડ' એમ આચાર્યદેવનું કથન છે.

આત્માને લક્ષમાં લે તો વીતરાગતા થાય, રાગ દ્વેષ ન થાય, પરવસ્તુના આશ્રયે રાગ-દ્વેષ થાય છે. તીર્થંકર નામકર્મ પણ પરલક્ષથી બંધાય છે. બાહ્ય વસ્તુને લક્ષમાં લીધા વિના અધ્યવસાન થતા નથી તેથી અધ્યવસાન છોડાવવા માટે, બાહ્ય વસ્તુ છોડ તેમ કહીએ છીએ.

બધા અધ્યવસાયમાં વસ્તુનો આશ્રય નિયમથી હોય છે, પણ તે વસ્તુ વર્તમાન જ હોય કે નજીક જ હોય એવો નિયમ હોતો નથી, જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે, તે જાણવામાં જ્ઞેય હાજર હોય છે પણ તે જ્ઞેય-વસ્તુ નજીક જ હોય કે વર્તમાન જ હોય એવો નિયમ નથી, જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે તેથી તે નજીક, દૂર, ભૂત, વર્તમાન કે ભવિષ્ય ગમે તે જ્ઞેયને જાણી લે છે; જ્ઞાનમાં જ્ઞેય વસ્તુ હોય ખરી એ નિયમ છે, જ્ઞેય ન હોય ને જ્ઞાન હોય એમ ન બને, જ્ઞેય હોય જ; પણ જ્ઞેયવસ્તુ નજીક જ હોય તો જ જણાય અથવા વર્તમાન હોય તો જ જણાય એવો સ્વભાવ નથી. તેમ જ્ઞેયને લીધે જ્ઞાન થતું નથી, જ્ઞાન જ્ઞાનથી થાય છે અને જ્ઞેય જ્ઞેયથી છે. જ્ઞેયનો સ્વભાવ જ્ઞાનમાં જણાવાનો છે, તેવી રીતે જ્ઞાનથી વિરૂદ્ધ એવું જે અધ્યવસાન તે નિયમથી પરવસ્તુના આશ્રયે જ થાય છે, પરવસ્તુના આશ્રય વગર અધ્યવસાન હોતું નથી. પણ તે અધ્યવસાનના આશ્રયભૂત પરવસ્તુ વર્તમાનમાં હાજર જ હોય કે સમીપ જ હોય એવો કોઈ નિયમ નથી. અધ્યવસાન કરનારને આશ્રયભૂય સમીપની વસ્તુ પણ હોય, દૂરની વસ્તુ પણ હોય, ભૂતકાળની વસ્તુ પણ હોય, વર્તમાનની વસ્તુ પણ હોય, ભવિષ્યની વસ્તુ પણ હોય. પરંતુ અધ્યવસાનમાં પરવસ્તુનો આશ્રય હોય જ છે એ નિયમ છે. નિમિત્ત ભાવ કરાવી દેતું નથી પણ પોતે ભાવ કરે ત્યારે પરવસ્તુનો આશ્રય હોય છે. ગમે તે વિકલ્પ ઊઠે તેમાં પરનો આશ્રય આવ્યા વિના રહેતો નથી. સ્વભાવ તરફ હું જ્ઞાન છું. દર્શન છું, ચારિત્ર છું એમ રાગ વડે લક્ષ કરે ત્યાં ભેદનો આશ્રય આવે છે. નોકર્મનું નિમિત્ત આવે છે. ક્યાંક ને ક્યાંક આશ્રય આવ્યા વગર શુભાશુભ વિકલ્પ થતા નથી.

જો બાહ્ય વસ્તુનો આશ્રય કર્યા વિના પણ અધ્યવસાન ઊપજતું હોય તો, જેમ આશ્રયભૂત એવા વીરજનનીના પુત્રના સદ્ભાવમાં કોઈને એવો અધ્યવસાન ઊપજે છે કે 'હું વીરજનનીના પુત્રને હણું છું' તેમ આશ્રયભૂત એવા વંધ્યાપુત્રના અસદ્-ભાવમાં પણ કોઈને એવો અધ્યવસાન ઊપજે કે 'હું વંધ્યાપુત્રને (વાંઝણીના પુત્રને)

હણું છું.' પરંતુ એવો અધ્યવસાય તો કોઈને ઊપજતો નથી, જ્યાં વંધ્યાનો પુત્ર જ નથી ત્યાં મારવાનો અધ્યવસાય ક્યાંથી ઉપજે? માટે એવો નિયમ છે કે બાહ્યવસ્તુરૂપ આશ્રય વિના અધ્યવસાન હોતું નથી, અને તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુ તેનો અત્યંત પ્રતિષેધ છે, કેમકે કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે. ( બાહ્યવસ્તુ અધ્યવસાનનું કારણ છે તેથી તેના પ્રતિષેધથી અધ્યવસાનનો પ્રતિષેધ થાય છે ). પરંતુ, જો કે બાહ્યવસ્તુ બંધના કારણનું ( અર્થાત્ અધ્યવસાનનું ) કારણ છે તોપણ તે બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.

'સસલાનાં શિંગડાં હળવે હળવે કાપું છું, આકાશનાં ફૂલ તોડું છું, વંધ્યાના પુત્રને હણું છું' એવો અધ્યવસાય કોઈને ક્યારે પણ થાય? ન થાય, કારણ કે સસલાને શિંગડાં નથી, આકાશને ફૂલ નથી ને વંધ્યાને પુત્ર નથી. સામી વસ્તુ હોય નહિ ત્યાં અધ્યવસાય કોનો આશ્રય કરે? સામે વસ્તુ હોય તેને લક્ષમાં લે ત્યારે વિકલ્પ થાય છે.

જેમ લડાઈમાં ચડે ત્યારે કહે કે આ વીરજનનીનો પુત્ર છે. આ સુભટનો પુત્ર છે; હે વીરજનનીના પુત્ર! તું આવ મારી સામે, તારામાં બળ હોય તો દેખાડ, વગેરે કહે છે. ત્યાં જો સામો વીરપુત્ર છે તો તેને અવલંબીને વિકલ્પ આવે છે. શ્રી કૃષ્ણવાસુદેવ જ્યારે જરાસંઘને મારે છે ત્યારે એને એમ થાય છે કે આ મર્યા પછી મારી સામે ઉભો રહેનાર ત્રણ ખંડમાં બીજો કોઈ નથી; તે રીતે જો સામો વીરપુત્ર છે તો એવો વિકલ્પ આવે છે, પણ વાંઝણીનો પુત્ર મારી સામે લડાઈમાં ઉભો છે એવો કોઈને વિકલ્પ આવે? જ્યાં પુત્ર જ નથી ત્યાં વિકલ્પ ક્યાંથી આવે? માટે સાબિત થયું કે અધ્યવસાન બાહ્ય વસ્તુને અવલંબીને ઊપજે છે.

પર ચીજ અજ્ઞાનીને માલવાળી લાગે છે, તેથી ત્યાં લક્ષ આપે છે. અને આત્મા તો જાણે નમાલી ચીજ હોય તેમ માની લીધું છે તેથી તેને લક્ષમાં લેતો નથી. લક્ષ્મી, દાગીના, લૂગડાં, મકાન, આબરુ, કીર્તિ, કુટુંબ, શરીર વગેરે વસ્તુ કિંમતવાળી લાગે છે તેથી તેને અવલંબીને ત્યાં રાગ-દ્વેષ કર્યા કરે છે. વસ્તુના અવલંબન વિના રાગ-દ્વેષ થાય નહિ તેથી રાગ-દ્વેષને છોડાવવા માટે બાહ્ય વસ્તુને છોડવાનો ઉપદેશ આપ્યો છે.

નિમિત્ત કાંઈ આત્માને પરાધીન કરતું નથી, નિમિત્ત કાંઈ આત્માને બંધ કરતું નથી. જો નિમિત્ત બંધ કરતુ હોય તો જાડું શરીર હોય તેને વધારે પાપ લાગે ને પાતળા શરીરવાળાને ઓછું પાપ લાગે. એ રીતે તો જાડા શરીરવાળાને કેવળજ્ઞાન થાય નહિ. પરંતુ નિમિત્તના પ્રમાણ ઉપર કર્મનું બંધાવું કે ન બંધાવું નથી, પરમાણુના ઝાઝા પ્રમાણ ઉપર બંધન નથી પણ બંધન તો રાગ-દ્વેષ-મોહને લઈને છે. રાગ-દ્વેષ-

મોહ સાથે આત્માનો એકત્વભાવ તે બંધન છે. પરને અને પોતાને એકપણે માનવું તે જ બંધનું કારણ છે. શુભાશુભભાવરૂપ લાગણી થાય તેને બંધન મુખ્યપણે ગણ્યું નથી, પણ તે શુભાશુભભાવને પોતાપણે-એકપણે માનવાનો જે અભિપ્રાય તે જ બંધન, તે જ સંસાર, તે જ પરાધીનતાનું કારણ છે.

શુભરાગની લાગણી અને હિંસાની લાગણી તે ક્ષણ પૂરતી છે અને આત્માનો સ્વભાવ ત્રિકાળી છે, તે બન્નેને એક માની બેસે તે જ બંધન, તે જ સંસાર ને તે જ પરાધીનભાવ છે. અશુભભાવમાં સ્ત્રી, પુત્ર, કુટુંબાદિનું નિમિત્ત હોય છે ને શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્ર આદિ નિમિત્ત હોય છે; તે શુભાશુભભાવને અને આત્માને એક માનવા તે જ એકત્વબુદ્ધિ છે, તે એકત્વબુદ્ધિ છોડવા માટે આ ઉપદેશ છે.

કોઈ દિવસ એવો વિકલ્પ આવ્યો કે સિદ્ધને નીચે ઉતારું છું? કોઈ દિવસ એવો વિકલ્પ આવ્યો કે કાચબાના વાળ તોડું છું? જગતમાં જે ચીજ થવા યોગ્ય નથી તો તેના અવલંબન વિના વિકારીભાવ પણ ન થાય. મોક્ષમાર્ગ તો આત્માને અવલંબીને થાય છે અને વિકારીભાવ પરને અવલંબીને થાય છે, તેથી નિમિત્તને છોડ એમ કહેવામાં વિકારીભાવને છોડ એમ કહેવાનો આશય છે. વસ્તુ છોડ એવું નિમિત્તનું કથન કર્યું છે, પરંતુ ખરી રીતે ભાવને છોડવાનું કહેવું છે. બાહ્યવસ્તુ વિના, નિરાશ્રયે અધ્યવસાય ઊપજતા નથી તેથી બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. બાહ્યવસ્તુ અધ્યવસાય કરાવી દેતી નથી પરંતુ બાહ્યવસ્તુને અવલંબને અધ્યવસાય થાય છે તેથી બાહ્ય વસ્તુને છોડવાનુ કહેવામાં અધ્યવસાય જ છોડાવવાનો ઉપદેશ છે. બ્રહ્મચર્ય જેને પ્રગટ્યું હોય તે સ્ત્રીના સંગમાં કોઈ દિવસ હોય નહિ એટલે કે જેને વિષયનો ત્યાગ હોય તેને બાહ્યમાં સ્ત્રીનો ત્યાગ હોય જ એવો નિમત્ત-નૈમિત્તિક સંબંધ છે.

કોઈ કહે કે 'તમે તો કહો છો કે બાહ્યવસ્તુ બંધનનું કારણ નથી તો પછી અમે માંસ ખાઈએ તોપણ શું વાંધો છે? કારણ કે બાહ્યવસ્તુથી બંધન થવાનું નથી?' તેના જવાબમાં ગુરુ કહે છે કે ભાઈ! ભાવ ન હોય તો નિમિત્ત ઉપર રાગ કેમ થાય? નિમિત્ત ઉપર રાગની દ્રષ્ટિ કેમ જાય? વિષયનો, દારૂ પીવાનો, માંસ ખાવાનો ભાવ હોય તો જ દારૂ, માંસ વિગેરે ચીજ ઉપર રાગની દ્દષ્ટિ જાય છે; માંસની દારૂની; વિષયની વૃત્તિ થયા વિના બાહ્યવસ્તુ ઉપર રાગની દ્રષ્ટિ જતી નથી. અને જે જીવ દારૂ પીએ છે, વિષય સેવે છે, વગેરે કાર્યો કરે છે તેને અવશ્ય પાપ રાગ છે એમ સિદ્ધ થાય છે. અને રાગ છૂટતાં દારૂ, સ્ત્રી વગેરે બાહ્યવસ્તુ પણ છુટી જાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

આચાર્યદેવ કહે છે કે તારા ભાવને તું તપાસ, તારા ભાવમાં નિમિત્તનું

અવલંબન છે પણ તે નિમિત્ત તારા ભાવમાં પેસી જતું નથી. પોતે ક્રોધ કરે તો સામી વસ્તુને ક્રોધનું નિમિત્ત કહેવાય છે, પરંતુ નિમિત્ત કાંઈ બંધનનું કારણ નથી. બાહ્ય-વસ્તુ બંધના કારણનું કારણ છે; પોતે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરે તો બાહ્યવસ્તુ નિમિત્ત થઈ એમ કહેવાય છે, પણ બાહ્યવસ્તુ બંધનુ કારણ નથી; કેમકે જો પોતે ભાવ ન કર્યો તો તે નિમિત્ત પણ નથી.

આચાર્યદેવ કહે છે કે ભાવ છૂટે તો નિમિત્ત પણ છૂટી જાય છે. વસ્તુ પ્રત્યેના ભાવ છૂટયા ન હોય અને વસ્તુ છૂટી જાય તો સમજવું કે તે જાતના સંયોગનો ઉદય ન હતો, ઉદય ન હતો તેથી વસ્તુ છૂટી છે પણ ભાવ છૂટયો નથી. જ્ઞાનીએ તો નિમિત્તના અવલંબનવાળો ભાવ છોડયો છે માટે નિમિત્ત છોડયું એમ કહેવાય છે. ભાવ છૂટતાં નિમિત્ત પણ છૂટી જ જાય એવો સંબંધ છે. જ્ઞાનીએ સ્વભાવના ભાનપૂર્વક વિકારીભાવ છોડયો છે. 'વસ્તુ છોડ, વસ્તુ છોડ' એમ વિકલ્પ કરવાથી વાસ્તવિક ત્યાગ થતો નથી પણ સ્વાલંબી સ્વભાવ તરફ વળવાથી વિકારી ભાવ છૂટતાં વસ્તુ સહજ છૂટી જાય છે; ભાવ છૂટતાં વસ્તુ છૂટી જાય છે એવો સંબંધ છે તેથી નિમિત્તને છોડ. એમ ઉપદેશ કરવામાં આવ્યો છે. પરંતુ ત્યાં ખરી રીતે ભાવ છોડવાનું આચાર્યદેવને કહેવું છે; કારણ કે જેને વિકારીભાવ છુટે તેને જ વાસ્વિક રીતે નિમિત્ત છુટે છે, માટે નિમિત્ત છોડવાના ઉપદેશમાં ભાવ છોડવાનો ઉપદેશ છે. વિકારીભાવ બાહ્યવસ્તુને અવલંબીને થાય છે પણ બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી.

ઇર્યાસમિતિમાં પરિણમેલા મુનીંદ્રના પગ વડે હણાઈ જતા એવા કોઈ ઝડપથી આવી પડતા કાળપ્રેરિત ઊડતા જીવડાની માફક, બાહ્ય વસ્તુ—કે જે બંધના કારણનું કારણ છે તે—બંધનું કારણ નહિ થતી હોવાથી, બાહ્યવસ્તુને બંધનું કારણપણું માનવામાં અનૈકાંતિક હેત્વાભાસપણું છે—વ્યભિચાર આવે છે. ( આમ નિશ્ચયથી બાહ્યવસ્તુને બંધનુ કારણપણું નિર્બાધ રીતે સિદ્ધ થતું નથી. ) માટે બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્‌ભાવરૂપ છે તે બંધનું કારણ નથી; અધ્યવસાન કે જે જીવને તદ્‌ભાવરૂપ છે તે જ બંધનું કારણ છે.

એક મુનિરાજ ઈર્યાસમિતિથી ચાલે છે, મુનિને કોઈ પણ પ્રાણીને દુઃખ દેવાની વૃત્તિ નથી કે પ્રમાદભાવ નથી. પ્રમાદભાવ એટલે સ્વરૂપનો અણઉત્સાહ મુનિને નથી. તે મુનીંદ્ર અપ્રમત્તભાવથી ઈર્યાસમિતિપૂર્વક જોઈને ચાલે છે, તેમાં કોઈ કાળપ્રેરિત ઝડપથી ઊડતું જીવડું તેમના પગ નીચે આવીને મરી જાય છે તોપણ તે મુનીંદ્રને બંધનું કારણ નથી. જો બાહ્યવસ્તુ બંધનનું કારણ હોય તો મુનીંદ્ર અપ્રમત્તભાવથી

ચાલે છે ને તેમના પગ વડે જીવડું મરી જાય છે ત્યારે તેમને પણ બંધ થવો જોઈએ. પરંતુ મુનિને બંધ થતો નથી કારણ કે બંધ બાહ્યવસ્તુથી થતો નથી પણ પ્રમત્તભાવથી થાય છે. જો બંધનનો ભાવ કરે તો બાહ્યવસ્તુને નિમિત્ત કહેવાય, જો બાહ્ય પદાર્થને અને વિકારીભાવને બન્ને બંધનનું કારણ કહેવામાં આવે તો એક સિદ્ધાંત રહેતો નથી––એક પ્રકારનો નિયમ રહેતો નથી, તેથી અનૈકાંતિક હેતુ–આભાસ નામનો દોષ આવે છે. એક પ્રકારે નિયમનું ન રહેવું તેનું નામ અનૈકાંતિક હેત્વાભાસ છે.

બાહ્યવસ્તુ આત્માને અતદ્‌ભાવરૂપ છે માટે તે બંધનનું કારણ નથી. દયા, પૂજા, કામ, ક્રોધ વગેરે વિકારી ભાવો તે આત્માની હાલતમાં થાય છે, તે તદ્‌ભાવરૂપે છે માટે તે જ બંધનનું કારણ છે. સ્વાશ્રયમાંથી ચૂકીને બાહ્યમાં અટકે તે જ બંધનનું કારણ છે. જે પરવસ્તુને બંધનનું કારણ માને તે માન્યતા જ આત્માને હિંસાનું કારણ છે, તે જ આત્માનું ખૂન છે. આચાર્યદેવ કહે છે કે પરવસ્તુથી બંધ નથી તેથી પરવસ્તુ ઉપર રાગ-દ્વેષ ન કરવો.

સં. ૨૦૦૦ માગશર સુદ ૮, શનિવાર ( સાતમનો ક્ષય )

આત્માને જે ભાવથી પરાધીનતા થાય છે તે ભાવને બંધન કહેવાય છે. આત્મા શુદ્ધ જ્ઞાનાદિગુણોનો પિંડ છે તેને ભુલીને રાગ–દ્વેષ વિકાર ભાવ સાથે એકત્વબુદ્ધિરૂપ અધ્યવસાય થવો તે પરિભ્રમણનું અને અનંતા સંસારનું કારણ છે, તે જ બંધનનું કારણ છે.

આત્મા એક દેહાદિથી જુદું તત્ત્વ છે, તે કોઈ સંયોગથી ઉત્પન્ન થયેલું નથી, તેમ જ નાશ થઈને કોઈમાં ભળી જાય એવું એ તત્ત્વ નથી. અનાદિઅનંત વસ્તુ છે સ્વતઃસિદ્ધ છે; અનાદિ એટલે કોઈ દિવસ જેનો આદિ નથી અને અનંત એટલે કોઈ દિવસ જેનો નાશ નથી, એવું અનાદિઅનંત તત્ત્વ છે. આવા અનાદિઅનંત નિત્ય તત્ત્વને ભૂલીને વર્તમાન ક્ષણિક વિકારીપર્યાય જેટલો જ હું એવી એકત્વબુદ્ધિ તે અનંત સંસારનું કારણ છે.

જે એમ માને છે કે એક તત્ત્વ બીજા તત્ત્વને લાભ કરે છે, તે બે તત્ત્વને જુદાં સ્વીકારતો નથી. દેવ–ગુરુ–શાસ્ત્ર પણ મને તારી દે છે એવી દૃષ્ટિ તે મિથ્યાત્વ છે, પોતે તરે તો દેવ–ગુરુ–શાસ્ત્રને તારવાનું નિમિત્ત કહેવાય. પોતે તરવારૂપ પર્યાય પ્રગટ કરે તો દેવ–ગુરુ-શાસ્ત્ર નિમિત્ત થાય છે; પોતે તરવારૂપ પર્યાય પ્રગટ ન કરે તો દેવ-ગુરુ–શાસ્ત્ર પરાણે તારી દેતા નથી. એક તત્વ બીજા તત્ત્વને પરાણે તારી દે છે એમ માનવામાં આવે તો તત્ત્વ પરાધીન ઠર્યું. એક તત્ત્વને બીજું તત્ત્વ લાભ કરે છે એમ માનતાં છૂટું તત્ત્વ સિદ્ધ થતું નથી. આત્મા સ્વતઃસિદ્ધ સ્વાધીન તત્ત્વ છે, તેના

વર્તમાન પર્યાયમાં વિકાર થાય છે તે વિકાર ક્ષણિક છે, આત્મામાં કાયમ રહેતો નથી. તે વિકાર પોતે કરે તો થાય છે, કોઈ પરાણે કરાવી દેતું નથી.

પ્રશ્ન:-વિકાર ક્ષણિક છે તો વિકારને અનાદિનો કેમ કહેવામાં આવે છે?

ઉત્તર:-એક સમયના વિકારને નાશ કરતો-પલટો ખાતો બીજે સમયે બીજો વિકારી પર્યાય કરે છે. ઊંધીદૃષ્ટિ પ્રવાહે અનાદિથી છે, પરંતુ સમયે સમયે પર્યાય બદલાય છે. માટે વર્તમાન પર્યાય ક્ષણિક છે, બીજે સમયે બદલી જાય છે. ભગવાન આત્મા ત્રિકાળ શાશ્વત છે ને વિકાર છે તે ક્ષણિક છે. વિકારી ક્ષણિક પર્યાય શાશ્વત સ્વભાવને લાભ કરે એવો અભિપ્રાય તે અનંત સંસારનું કારણ છે.

બંધનું કારણ નિશ્ચયથી અધ્યવસાન જ છે અને જે બાહ્યવસ્તુઓ છે તે અધ્યવસાયનું આલંબન છે. તેમને આલંબીને અધ્યવસાન ઊપજે છે તેથી તેમને અધ્યવસાયનું કારણ કહેવામાં આવે છે. પર વસ્તુને અને રાગ-દ્વેષને પોતાના કોઈમાં ને ચિદાનંદ સ્વભાવને ચૂકી જવું તેને અહીં અધ્યવસાય કહે છે. પર સાથે જે એકત્વબુદ્ધિ તેને અહીં અધ્યવસાય કહે છે. અધ્યવસાય થાય તેમાં સ્ત્રી-કુટુંબ આદિ બાહ્યવસ્તુનું અવલંબન છે. જે નિમિત્ત તરફનો વિકલ્પ આવે તે નિમિત્તનું અવલંબન કહેવાય છે, વિકારીભાવે જે નિમિત્તનું લક્ષ કર્યું તે નિમિત્તને તે વખતે વિકારીભાવનું અવલંબન કહેવાય છે.

પરવસ્તુ આત્માને ભૂલ કરાવે એવી ત્રેવડ પરવસ્તુમાં ત્રિકાળ નથી, પોતે ભૂલ કરે ત્યારે બાહ્યવસ્તુનું અવલંબન કહેવામાં આવે છે. પૈસામાં સુખ છે, રાજમાં સુખ છે, સ્વર્ગમાં સુખ છે એવી જેની દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. સ્ત્રીમાં સુખ નથી, પૈસામાં સુખ નથી, સ્વર્ગમાં સુખ નથી માત્ર કલ્પી લીધું છે. પોતે ઊંધો અધ્યવસાય જ્યારે કરે ત્યારે પરવસ્તુ પોતાના ભાવનું નિમિત્ત કહેવાય છે, પરંતુ પરવસ્તુ સુખ-દુઃખનું કારણ નથી. અંતર્મુખ સ્વભાવમાં લક્ષ કરે તો પુણ્ય-પાપના પરિણામ અને બાહ્ય વસ્તુનું અવલંબન હોઈ શકે નહિ, પણ બહાર દૃષ્ટિ જાય ત્યારે જે નિમિત્ત લક્ષમાં આવીને પુણ્ય પાપની વૃત્તિ થાય તે નિમિત્તને તે વખતે પુણ્ય પાપની વૃત્તિનું નિમિત્ત કહેવાય છે. બહિર્મુખ દૃષ્ટિ જતાં વિકારી ભાવમાં જે નિમિત્તનું લક્ષ હોય-અવલંબન હોય તેને તે ભાવનું નિમિત્ત કહેવામાં આવે છે, પણ પરવસ્તુ બંધનું કારણ નથી, ભાવ બંધનું કારણ છે.

આત્માની ઊંધી અવસ્થામાં અધર્મ છે. શરીર-કુટુંબ આદિ બાહ્યવસ્તુમાં અધર્મ નથી. બાહ્યવસ્તુ અધર્મ કરાવતી નથી. પોતે ઊંધો ભાવ કરે ત્યારે બાહ્યવસ્તુને ઊંધા ભાવનું નિમિત્ત કહેવાય છે. કોઈએ ક્રોધ કર્યો હોય, પાંચ-પચીસ ગાળ દીધી

હોય, પછી સાંભળનાર કહે કે હવે તો સહન થતું નથી. બે પાંચ ગાળ દીધી હોય તો સહન થાય પણ આટલી બધી ગાળ મારાથી સહન થતી નથી. પણ ભાઈ! આત્માનો સ્વસ્વભાવ અનંતુ સહન કરવાનો બેહદ છે, તે ચૂકયો તેથી અસહનશીલતાનો ભાવ થયો; પોતાના સ્વભાવને ચૂકે છે ત્યારે જ વિષમતા થાય છે, પરવસ્તુએ વિષમતા કરાવી નથી. જો પરવસ્તુ જ વિષમતા કરાવે તો તેનાથી છુટીને ઠરવાનાં ટાણાં ન આવે, પરવસ્તુ જ ક્રોધ કરાવે તો ક્રોધ ટાળીને ઠરવું કયારે? માટે પર વસ્તુ ક્રોધ કરાવતી નથી પણ પોતે ઊંધો ભાવ કરે છે ત્યારે જે પદાર્થનું અવલંબન આવ્યું તે પદાર્થને તે ભાવનું નિમિત્ત કહેવાય છે.

ઊંધી શ્રદ્ધાનું કારણ જો પરવસ્તુ હોય તો તે પરવસ્તુ હોય ત્યાંસુધી ઊંધી શ્રદ્ધા ટાળી શકાય નહિ. માટે તે વાત તદ્દન ખોટી છે. પરવસ્તુ કાંઈ કરી શકતી નથી. કોઈ કહે કે અમે શું કરીએ? અમને એવા કુગુરુ મળ્યા કે ઊંધી માન્યતા ઠસાવી દીધી. પરંતુ તે વાત તદ્દન ખોટી છે. પોતાની લાયકાત વિના કોઈ કોઈને ઊંધું ઠસાવી શકે નહિ. પોતે ઊંધા ભાવ કરે ત્યારે પરને નિમિત્ત કહેવાય છે રાગ–દ્વેષ પરનો અવલંબન વિના થતા નથી, પરંતુ પરવસ્તુ રાગ-દ્વેષ કરાવી દેતી નથી.

શિષ્ય કહે છે કે બાહ્યવસ્તુ બંધનનું કારણ નથી, પરાધીન ભાવ જ બંધનનું કારણ છે, તો પછી ઉપદેશમાં આપ એમ કહો છો કે ધંધો છોડ, સ્ત્રી છોડ, નિવૃત્તિ લે. પ્રભો! એક બાજુ આપ કહો છો કે આત્માને ચૂકીને રાગ-દ્વેષ કર તો તે રાગ-દ્વેષને બાહ્યવસ્તુ નિમિત્ત છે. બાહ્યવસ્તુ અને ચૈતન્યનો વિકારી પર્યાય બન્ને તદ્દન જુદા છે. વળી કહો છો કે પરવસ્તુ છોડ! પરવસ્તુ આત્મામાં પેસી ગઈ નથી, એમ કહો છો અને વળી તેને છોડવાનો ઉપદેશ કરો છો એ બે વાતનો મેળ શી રીતે છે? એકવાર કહેવાય છે કે પૈસા છોડ, કુટુંબ છોડ! બીજીવાર કહેવાય છે કે પર વસ્તુનો ગ્રહણ—ત્યાગ આત્મામાં નથી.

ઉત્તર: - ખરી રીતે પરવસ્તુ બંધનનું કારણ નથી; આત્મા પોતે જ્ઞાન સ્વભાવી નિર્વિકલ્પસ્વરૂપ છે, તેને ચૂકયો તેથી એવો વિકલ્પ આવ્યો કે પરવસ્તુ મને લાભ કરે છે. એ ઊંધા ભાવમાં જે પદાર્થ ઉપર લક્ષ ગયું તે પદાર્થને તે ભાવનું નિમિત્ત કહેવાય છે. પરંતુ જ્યાં પર ઉપરથી દૃષ્ટિ છુટીને સ્વસ્વભાવ, નિર્વિકલ્પ સ્વરૂપ તરફ દૃષ્ટિ ઢળી-ઠરી, ત્યાં પર તરફનો ભાવ છુટતાં પરવસ્તુ છુટી ગઈ એમ કહેવાય છે.

શિષ્ય કહે છે કે પ્રભો! બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો પછી જુદી ચીજ છોડવાનું કહ્યું છે તેનું શું કારણ?

આચાર્ય ભગવાન સમાધાન કરે છે કેઃ-ભાઈ! વસ્તુ છોડવાનું કહેતાં 'શરીર, કુટુંબ, સ્ત્રી મારાં છે' એવો અભિપ્રાય છોડ, એમ કહ્યું છે અને અભિપ્રાય છુટતાં વસ્તુ પણ છુટી ગઈ તેમ કહેવાય છે. બાહ્યવસ્તુ ગ્રહાતી-છોડાતી નથી, બાહ્યવસ્તુ આત્માથી જુદી છે. બાહ્યવસ્તુ વિકારીભાવ કરાવી દેતી નથી પણ બાહ્યવસ્તુના અવલંબન વિના વિકારીભાવ ઊપજતા નથી માટે બાહ્યવસ્તુનો નિષેધ કરવામાં આવ્યો છે; પણ તે બાહ્યવસ્તુનો નિષેધમાં વિકારીભાવ જ છોડાવ્યા છે, વસ્તુ છોડવાની કહીને વિકારીભાવ જ છોડવાનો ઉપદેશ છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર મને તારશે ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર મને બુડાડશે-એવો જે અભિપ્રાય છે તે પર સાથે એકત્વબુદ્ધિવાળો અભિપ્રાય છે. આવો ઊંધો અભિપ્રાય છે તે આત્માનો સ્વભાવ નથી, વિકારીભાવ છે. વિકારી ભાવમાં નિમિત્તનું અવલંબન હોય છે; પરંતુ અરાગી-વીતરાગી સ્વભાવનું જ્યાં ભાન થયું ત્યાં પરવસ્તુનું લક્ષ છુટી ગયું તેમ કહેવાય છે. નિમિત્તો ભાવમાંથી છુટયાં, નિમિત્તનો સંબંધ પોતાના અભિપ્રાયમાં રહ્યો નહિ તેથી વસ્તુ છુટી કહેવાય છે, પણ નિમિત્ત તો છુટા જ પડયાં છે. વસ્તુ કાંઈ આઘી પાછી ગઈ નથી, પણ જ્યાં 'મારામાં પર નથી, હું સચ્ચિદાનંદ સ્વરૂપે છું' એવા નિરાળાપણાની શ્રદ્ધા થઈ ત્યાં નિમિત્તોની એકત્વબુદ્ધિ છુટી જતાં નિમિત્તો પોતાના ભાવમાં છુટી જાય છે, તેથી બહારથી નિમિત્તો છુટી ગયાં તેમ કહેવાય છે.

કોઈ જીવ નગ્ન દિગંબરમુનિ થઈ ગયો હોય, એક લૂગડાનો તાણોવાણો પણ ન હોય, પરંતુ પરવસ્તુ મને લાભ કરે છે એવો તેનો અભિપ્રાય છે ત્યાંસુધી એના અભિપ્રાયમાંથી ત્રણકાળની એક પણ વસ્તુ છુટી નથી. પર સાથે એકત્વબુદ્ધિ ઊભી છે, પરવસ્તુ મને લાભ કરે છે એવો અભિપ્રાય ઊભો છે ત્યાંસુધી ત્રણકાળ ત્રણલોકના અનંતા પદાર્થ એના ભાવમાંથી છુટયા નથી.

પુણ્ય મને લાભ કરે છે, એક પણ રાગનો વિકલ્પ મને લાભ કરે છે-એવો અભિપ્રાય ઊભો છે ત્યાંસુધી ત્રણેકાળના અનંતા નિમિત્તનું અવલંબન ઊભું છે, ત્રણકાળના નિમિત્તનો સંબંધ એના અભિપ્રાયમાંથી છુટયો નથી; ઊંધા અભિપ્રાય-વાળાને ત્રણકાળના અનંતા પદાર્થનું અવલંબન ઊભું છે, એકે વસ્તુ છુટી નથી.-પછી ભલે ત્યાગી થઈ ગયો હોય પણ એના અભિપ્રાયમાંથી એકેય વસ્તુ છુટી નથી, અનંતા નિમિત્તોનું અવલંબન એના અભિપ્રાયમાં ઊભું છે.

પદાર્થો કાંઈ પોતામાં પેસી ગયા નથી, વસ્તુ તો છુટી જ પડી છે; જીવના ભાવનું લક્ષ કઈ તરફ છે તે આધારે ગ્રહણ-ત્યાગ કહેવાય છે.

હું શાશ્વતમૂર્તિ આત્મા છું. આ વિકારીભાવ છે તે મારો સ્વભાવ નથી, ઉપાધિભાવ છે; શાંત સમાધિસ્વરૂપે હું છું એમ અંતર્મુખ દૃષ્ટિ થતાં અભિપ્રાયમાંથી ત્રણલોકના નિમિત્તો છુટી ગયાં, નિમિત્તો તો જગતમાં પડયાં છે પણ દૃષ્ટિ સ્વભાવમાં જતાં નિમિત્તો છુટી ગયાં તેમ કહેવાય છે. એકત્વબુદ્ધિથી નિમિત્તોનું અવલંબન હતું, તે એકત્વબુદ્ધિ છુટતાં નિમિત્તો છુટી ગયાં, કારણકે ભાવ છુટતાં નિમિત્તો છૂટી જાય છે. પ્રભુ! તારા મહિમાનું સામર્થ્ય તને બેઠું નથી એટલે તેં પરમાં તારો મહિમા આરોપ્યો છે.

કોઈ જીવ હિંસા ન કરે, જૂઠું ન બોલે, ચોરી ન કરે, બ્રહ્મચર્ય પાળે અને પરિગ્રહ ત્યાગે-એવા ભાવો કરે છતાં પંચ મહાવ્રતનો શુભરાગ મને લાભ કરે છે એવી દૃષ્ટિ ઉભી હોય ત્યાંસુધી તેને ધર્મનો એક અંશ પણ નથી. કારણકે જેણે પરનો એક અંશ પણ પોતા સાથે એકત્વરૂપ માન્યો તેણે અનંતા પરને પોતા સાથે એકત્વરૂપ માન્યા, એના અભિપ્રાયમાંથી એકે પદાર્થ છુટયા નથી. ત્રણલોકના પદાર્થનું અવલંબન એના અભિપ્રાયમાં છે, તેને સ્વાલંબી શ્રદ્ધાનું ભાન નથી. કોઈ પણ ચીજ, કોઈ પણ રાગ કે કોઈ પણ રજકણનું અવલંબન વૃત્તિમાં આવે તો તે પરાલંબન છે. મહાવ્રતનો, દયાનો, કે દાનનો એક પણ વિકલ્પ મને લાભ કરે એવો જેને અભિપ્રાય રહે તે ત્યાગી નથી પણ ભોગી છે; ત્રણલોકના પદાર્થનું અવલંબન એના અભિપ્રાયમાં છે.

જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં હજારો સ્ત્રીઓના પરિચયમાં હોય, છતાં આત્માનો સ્વભાવ વિકારના અંશ વગરનો નિર્વિકારી પવિત્ર છે એવું ભાન તેમનો ઊભું છે; સ્વસ્વભાવમાં એકત્વ થતાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના પદાર્થના ત્યાગી થઈ ગયા છે, અલ્પ અસ્થિરતા છે તેથી ગૃહસ્થાશ્રમ ઊભો છે. પરંતુ સ્વરૂપનો ભાન પછી કેટલી અસ્થિરતા રહે છે તે જ્ઞાનીને ગમ્ય છે, તેના ખ્યાલ બહાર નથી.

જ્ઞાનીને પુરુષાર્થદ્વારા ગૃહસ્થાશ્રમનો રાગ છુટી જાય છે ત્યારે તે મુનિ થાય છે અને સ્વરૂપની લીનતા વધી જાય છે, ત્યાં ગૃહસ્થાશ્રમનાં અલ્પરાગમાં જે નિમિત્તોનું અવલંબન હતું તે રાગ છુટી જાય છે તેથી તે નિમિત્ત પણ છૂટી જાય છે; છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલે છે અને ક્રમે કરી વીતરાગ થાય છે.

બાહ્યવસ્તુ બંધનનું કારણ નથી પણ પરવસ્તુ સાથેનો એકત્વ ભાવ તે જ બંધનનું કારણ છે. કોઈ પણ ચીજ કે કોઈ પણ રજકણ બંધનનું કારણ નથી, પણ ઊંધી દૃષ્ટિ છે તે જ બંધનનું કારણ છે. ચૈતન્યનો સ્વભાવ બંધનનું કારણ નથી, સ્વભાવ બંધનનું કારણ હોઈ શકે નહિ. પરવસ્તુનાં ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી; અરૂપી આત્મા રૂપીને પકડતો નથી ને મુકતો નથી, અરૂપી આત્માને દાંત નથી, પગ નથી, હાથ નથી, આંતરડા નથી, તો તે કોને પકડે અને કોનેમુકે? પરવસ્તુને આત્મા

પકડતો મુકતો નથી, માત્ર ઊંધી દષ્ટિની પકડ છે. ઊંધીદષ્ટિ છૂટતાં નિમિત્તો છૂટી ગયાં તેમ કહેવાય છે. આચાર્યદેવ કહે છે કે બાહ્યવસ્તુ ઉપરથી લક્ષ છોડી દે! બાહ્ય લક્ષ છોડી દેવાને માટે જ બાહ્ય પદાર્થ છોડવાનો ઉપદેશ આપ્યો છે. બાકી બાહ્યવસ્તુનું ગ્રહણ ત્યાગ આત્મામાં નથી.

બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાય ઉપજતા નથી, શુભાશુભ ભાવ થવામાં બાહ્યવસ્તુનું નિમિત્તપણું હોય જ છે. જો આત્મા તરફ નજર કરે તો અધ્યવસાય છૂટી જાય છે ને પરનું અવલંબન પણ છૂટી જાય છે. શુભાશુભ ભાવમાં બાહ્યવસ્તુનું નિમિત્તપણું છે તેથી બાહ્ય વસ્તુઓનો ત્યાગ કરાવવામાં આવે છે. જો બંધનું કારણ બાહ્યવસ્તુ કહેવામાં આવે તો વ્યભિચાર આવે છે, એટલે કે એક પ્રકારનો નિયમ રહેતો નથી.

મુનિરાજ ઈર્યા સમિતિથી ગમન કરે છે, તેમને કોઈ પણ જીવને મારવાની વૃત્તિ હોતી નથી છતાં પણ કોઈ ઊડતું પ્રાણી મુનિના પગ નીચે આવીને મરી જાય છે. જો પ્રાણી મરવાથી પાપ થતું હોય તો તે મુનિને પણ પાપ થવું જોઈએ મુનિરાજ યત્નપૂર્વક ચાલે છે, કોઈ પણ જીવને દુ:ખ દેવાના ભાવ નથી છતાં ઊડતું પ્રાણી મુનિના પગ નીચે આવીને મરી ગયુ, તેનું પાપ કોને? તે પાપ મુનિને છે જ નહિ. તે પ્રાણીનું આયુષ્ય પૂરું થવાથી તે મરી ગયું.

અહીં બાહ્ય દષ્ટિથી જોવામાં આવે તો હિંસા તો થઈ, પરંતુ મુનિને હિંસાનો ભાવ નહિ હોવાથી તેમને બંધ થતો નથી. જેમ પગ નીચે મરી જતું જીવડું મુનિને બંધનું કારણ નથી તેમ અન્ય બાહ્યવસ્તુ વિષે પણ સમજવું.

જુઓ ભાઈ! સ્ત્રી સામે ઊભી હોય ત્યારે અશુભભાવ થાય તે સ્ત્રીના કારણે નથી થતો પણ પોતાના કારણે થાય છે. અશુભભાવ થાય ત્યારે સ્ત્રીને તે અશુભભાવનું નિમિત્ત કહેવાય અને તે જ સ્ત્રીને દેખીને વૈરાગ્ય ભાવ કરે તો તે સ્ત્રી તે વખતે વૈરાગ્યભાવનું નિમિત્ત કહેવાય. સ્ત્રીને દેખીને એમ ભાવ આવે કે અરે! અત્યારે આ આત્મા સ્ત્રીના દેહમાં છે, એકવાર આ સડેલા કૂતરાપણે હતો, વળી જો આત્માને નહિ સમજે તો પાછો મરીને કયાં જશે? -એમ ત્રિકાળને લક્ષમાં લઈને વૈરાગ્યભાવ કરે તો તે વૈરાગ્યનું નિમિત્ત કહેવાય.

પર પદાર્થને આશ્રયે શુદ્ધ ભાવ ન થાય, આત્માને આશ્રયે શુદ્ધ ભાવ થાય. જ્યાં જ્યાં શુભાશુભભાવ થાય ત્યાં ત્યાં પર પદાર્થ નિમિત્ત હોય, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી-પુત્ર-કુટુંબ, કર્મ-નોકર્મ વગેરે નિમિત્ત હોય છે.

સત્ય વસ્તુને સમજ્યા વિના અનાદિના ગોટા ઊઠ્યા છે, ને જે નહિ સમજે તેને અનંતકાળ ગોટા રહેશે. અજ્ઞાનીને ત્યાગનો શુભ ભાવ આવે ત્યારે બાહ્યવસ્તુ છુટી એમ દેખાય પરંતુ તેના અભિપ્રાયમાંથી વસ્તુનો રાગ છુટ્યો નથી તેથી વસ્તુ પણ છુટી નથી. ખરેખર પરવસ્તુ ગ્રહાતી કે છોડાતી નથી, પરંતુ જેણે અભિપ્રાય સત્ય કર્યો તેના અભિપ્રાયમાંથી વસ્તુ છુટી ગઈ એમ કહેવાય છે. વસ્તુને હું ગ્રહી શકતો નથી તેમ જ છોડી શકતો નથી, વસ્તુ તો વસ્તુમાં જ પડી છે-એવો સત્ય અભિપ્રાય થયા વગર ભવ બંધન ઘટે નહિ.

નિમિત્ત કાંઈ કરી શકતું નથી. પોતે ભાવ જેવા કરે તેવું નિમિત્ત કહેવાય છે. એક જુવાન વેશ્યા તરતની અકસ્માત મરી ગયેલી પડી હતી, ત્યાં એક કુતરું આવ્યું, રસ્તે ચાલતા એક મુનિરાજ આવ્યા ને એક લંપટી આવ્યો. તે બાઈને દેખીને કુતરું એમ વિચાર કરે છે કે આ શરીરના લોહી–માંસ મારે ખાવા છે પણ જો આ બે જણા દૂર જાય તો આને ખાઈ શકાય. તેવા અશુભભાવ કુતરાએ કર્યા. મુનિરાજ વિચારે છે કે આ બાઈ એ જો આવા મનુષ્ય જીવનમાં આત્માનો ધર્મ કર્યો હોત તો મનુષ્ય-પણાની સફળતાને પામત. પણ ધર્મ કર્યા વગર આ બાઈનો મનુષ્ય ભવ મફતમાં ગયો. એમ વિચારી મુનિરાજ તો વૈરાગ્ય કરે છે. લંપટી વિચારે છે કે આ બાઈનું શરીર કેવું સારું છે, જો આ બાઈ જીવતી હોત તો હું એની સાથે સંસાર ભોગવત. જુઓ! એકનું એક નિમિત્ત હોવા છતાં એકને ખાવાના ભાવનું નિમિત્ત, એકને વૈરાગ્યભાવનું નિમિત્ત અને એકને લંપટપણાના ભાવનું નિમિત્ત થયું. નિમિત્ત તો બધાને એક જ હતું, છતાં ભાવ ફેરે નિમિત્ત જુદું કહેવાણું.

પર વસ્તુને આત્મા ગ્રહી કે મુકી શકતો નથી. બાહ્ય વસ્તુને દૂર કરવી કે નજીક કરવી તે ત્રણકાળમાં આત્માના હાથની વાત નથી. અહીં આ ગાથામાં પર વસ્તુ પ્રત્યેની એકત્વબુદ્ધિ છોડાવવા માટે એમ કહેવાય છે કે બાહ્ય વસ્તુ છોડો.

બાહ્ય વસ્તુને બંધનું કારણ માનવામાં વ્યભિચાર આવતો હોવાથી, બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. વળી બાહ્ય વસ્તુ વિના નિરાશ્રયે અધ્યવસાન થતાં નથી તેથી બાહ્ય વસ્તુનો નિષેધ પણ છે જ. બાહ્ય વસ્તુનો નિષેધ અધ્યવસાન છોડાવવા માટે છે. બાહ્ય વસ્તુ અધ્યવસાન કરાવી દેતી નથી પણ અધ્યવસાન બાહ્ય વસ્તુને અવલંબીને જ થાય છે, તેથી બાહ્ય વસ્તુને છોડવાનું કહીને અધ્યવસાન જ છોડાવવામાં આવ્યા છે. ૨૬૫.

આ રીતે બંધના કારણપણે (–કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે

અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે. હું આને જીવાડી દઉં, મારી દઉં, સુખી કરું, દુઃખી કરું—તેવો અભિપ્રાય કરે છતાં તે પ્રમાણે થતું નથી, માટે તે અભિપ્રાય પોતાની અર્થક્રિયા કરનારો નહિ હોવાથી ત્રિકાળ જૂઠો છે—મિથ્યા છે. જે પ્રમાણે અભિપ્રાય છે તે પ્રમાણે કાર્ય થતું નથી, માટે તે મિથ્યા છે—એમ હવે દર્શાવે છેઃ—

दुक्खिदसुहिदे जाव करेमि बंधेमि तह विमोचेमि ।
जा एसा मूढमई णिरत्थया सा हु दे मिच्छा ॥२६६॥

અર્થઃ—હે ભાઈ! 'હું જીવોને દુઃખી-સુખી કરું છું, બંધાવું છું તથા મુકાવું છું' એવી જે આ તારી મૂઢ મતિ (-મોહિત બુદ્ધિ) છે તે નિરર્થક હોવાથી ખરેખર મિથ્યા (-ખોટી) છે.

ભગવાન આચાર્યદેવ સભાને વિષે જાહેર કરે છે કે 'બીજાને હું સુખી-દુઃખી કરું છું તથા બીજાને હું બંધાવી અને મુકાવી દઉં છું' એવો ઊંધો અભિપ્રાય ટાળ્યા વગર રઝળવાનું મટતું નથી. બીજાને બંધાવી દેવાની અને મુકાવી દેવાની ત્રેવડ ત્રણકાળ ત્રણલોકમાં કોઈની નથી. જે રીતે બનતું નથી તે રીતે માનવું તે અભિપ્રાય મિથ્યા છે-નિરર્થક છે.

કોઈ એમ માને કે ફલાણા જીવને આપણે નરકમાં મોકલી દઈએ, એવું આડી અવળી રીતે સમજાવીએ કે તેથી તે પાપ કરે અને પછી તે નરકમાં જાય અને ચારગતિમાં રખડે; પણ ભાઈ! કોઈની શક્તિ નથી કે કોઈ .કોઈને નરકમાં મોકલી શકે. તે પોતે ઊંધા ભાવ કરે તો નરકમાં જાય, કોઈના કહેવાથી કોઈ કાંઈ કરતું નથી.

એક માણસને બીજા માણસ સાથે વેર હતું, તે બીજા માણસનું મકાન ચણાતું હતું અને તે ગામમાં કયાંક જિનમંદિર ચણાતું હતું. પેલા માણસે તે મંદિરની ઈંટ લઈને રાતમાં છાનીમાની જે માણસનું મકાન ચણાતું હતું તેની ઇંટો ભેગી મૂકી દીધી. ઘરના ધણીને તો તેની ખબર પણ નથી, તેથી ભાવ વિના એને દોષ લાગતો નથી; પણ ઈંટ મુકનારના એવા ભાવ છે કે આ જિનમંદિરની ઈંટ આના મકાન ભેગી ચણાઈ જાય તો આ માણસનું નખોદ વળી જાય, પણ તે અભિપ્રાય તદ્દન ખોટો

કરું છું દુઃખીસુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે !
આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬

છે. ભાવ વિના કોઈને દોષ લાગતો નથી. કોઈ કહેશે કે આ માણસને દેવદ્રવ્ય છાનુંમાનું આપી દઈએ પછી તે ખાધા કરે તો તેનું નખોદ વળી જાય. પણ ભાઈ! ભાવ વિના કોઈને પાપ લાગતું નથી. કોઈના ભાવ વિના કોઈને બંધ થાય નહિ; ભાવ વગર કોઈને પાપ લાગે છે એવો અભિપ્રાય તદ્દન ખોટો છે--ત્રિકાળ જૂઠો છે. જેમ છે તેમ વસ્તુસ્વભાવની યથાર્થ પ્રતીત કરવી—જ્ઞાન કરવું તે જ કલ્યાણનો માર્ગ છે.

સં. ૨૦૦૦, માગશર સુદ ૯, રવિવાર.

આત્મા અનાદિથી પરાધીન ભાવને કરે છે. પરાધીન ભાવ છે તે બંધનનું કારણ છે. સ્વાધીન ભાવને જાણે તો પરાધીન ભાવ ટળી જાય છે. 'પરનું હું કરી શકું છું'-એવા કર્તૃત્વ ભાવમાં નિરર્થક રોકાઈ જાય છે, તેથી તેનાથી નિવૃત્ત થઈને નિવૃત્તસ્વભાવમાં ઠરી શકતો નથી. કર્તૃત્વભાવમાં રોકાય તે નિવૃત્ત ક્યારે થાય? પરંતુ હું પરનું કરી શકતો નથી, હું તો માત્ર જ્ઞાતા જ છું-એવું ભાન કરે તો નિવૃત્ત થઈને સ્વભાવમાં ઠરી જાય.

હું પર જીવોને દુઃખી કરું છું, સુખી કરું છું ઇત્યાદિ તથા બંધાવું છું, મુકાવું છું ઈત્યાદિ જે આ અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી, 'હું આકાશના ફૂલને ચૂંટું છું' એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે, કેવળ પોતાના અનર્થને માટે જ છે ( અર્થાત્ માત્ર પોતાને જ નુકસાનનું કારણ થાય છે, પરને તો કાંઈ કરી શકતું નથી ).

'હું બાળબચ્ચાંને નભાવી દઉં છું, નાત, સંઘ, દેશને હું નભાવી દઉં છું, પર ઉપર મારી ફરજ છે' એવો અભિપ્રાય છે તે નિરર્થક છે. સામાને સાતાનો યોગ હોય તો બહારની સગવડતા મળે છે અને જેટલો સંતોષ રાખે તેટલું સુખ છે. જેટલી તૃષ્ણા વધારે તેટલું દુઃખ છે. તૃષ્ણા ટાળીને સંતોષ કરવો તેટલો સામાના હાથમાં છે, તારા હાથમાં નથી; માટે બીજાને સુખ-દુઃખના પરિણામ થવા તે તેને આધીન છે, તારે આધીન નથી. તેથી બીજાને સુખી-દુઃખી કરવાનો તારો અભિપ્રાય મિથ્યા છે. હું બીજાનો શત્રુ થઈને એને હેરાન કરું છું, બીજાનો મિત્ર થઈને એને મદદ કરું છું- એવો અભિપ્રાય મિથ્યા છે. બીજાની હું નિંદા કરું છું, બીજા મારી નિંદા કરે છે, બીજાની હું પ્રશંસા કરું છું, બીજા મારી પ્રશંસા કરે છે-એવો અભિપ્રાય મિથ્યા છે. બીજાની નિંદા કે પ્રશંસા કોઈ કરતું નથી, પોતાને જે ભાવ ગોઠયો તેનાં સૌ ગાણાં ગાય છે.

કોઈ એમ કહે કે 'આપણે યુક્તિ કરીને એવું કહીએ કે યજ્ઞ કરો, બોકડા હોમો, એવી ક્રિયા કરે જેથી સ્વર્ગમાં જશો. મોઢેથી એમ કહેવું, અને ભાવમાં એવું

રાખવું કે આવી જાતનાં કાર્યો કરે તેથી તે નરકમાં જશે.' એ પ્રમાણે માયાભરી કુયુક્તિ વડે સામા જીવના ભાવ બગાડીને હું તેને નરકમાં મોકલી દઉં એમ માને, પણ તે તેનો અભિપ્રાય તદ્દન મિથ્યા છે, જૂઠો છે, બંધનરૂપ છે. કોઈના ભાવ ફેરવવા કોઈ ત્રણકાળમાં સમર્થ નથી. કોઈનું મોકલ્યું. નરકમાં કોઈ ત્રણકાળમાં જતું નથી. પોતે ભાવ બગાડયા તેનું પાપ પોતાને છે. એક પણ પર પદાર્થની કાંઈ પણ ક્રિયાનું કારણ પોતે થાય છે તેવી માન્યતા ત્રણેકાળે જૂઠી છે. જે કાંઈ કાર્ય આવે છે તે સામી વસ્તુઓના પોતાના કારણનું કાર્ય છે. તારા કારણનું સામી વસ્તુમાં કાર્ય આવ્યું નથી. જે એમ માને છે કે અમુક કાર્ય થયું તેમાં કારણ હું હતો, અને મારું કાર્ય સામામાં આવ્યું; તેવું માનનાર મૂઢ છે, અજ્ઞાની છે, પાખંડી છે.

ઘણા કહે છે કે 'આપણે તૈયાર થઈએ તો ઘણાનો મોક્ષ થાય.' જો એવું બને તો એક જ્ઞાની થાય ત્યારે બધાનો મોક્ષ થવો જોઈએ, કોઈને રઝળવાનું રહે જ નહિ. પણ એમ તો બનતું નથી, માટે કોઈનું કોઈ કાંઈ કરી શકતું નથી.

પ્રશ્ન:—સત્સંગથી તો લાભ થાય ને?

ઉત્તર:—લાભ લેનાર જીવ પોતાના પુરુષાર્થથી લાભ લે ત્યારે 'સત્સંગથી લાભ થયો' તેમ નિમિત્તથી કહેવાય છે. જો સત્સંગથી લાભ થતો હોય તો સભામાં ઘણા જીવો ઉપદેશ સાંભળે છે, સત્સંગમાં બેઠા છે, તે બધાને સરખો લાભ થવો જોઈએ. પરંતુ એમ તો બનતું નથી. જેનો જેટલો પુરુષાર્થ હોય તે પ્રમાણે તે સમજે છે, લાભ લે છે. સભામાંથી કોઈ જીવ ઊંધું પણ સમજી જાય છે; માટે પોતે પુરુષાર્થ કરે ત્યારે સત્સંગને નિમિત્તરૂપ કહેવાય છે.

એક માણસે બે કલાક ભાષણ આપ્યું, ને એક પણ જીવ ન સમજ્યો; અને બીજી વ્યક્તિએ એક કલાક ભાષણ આપ્યું, ને બે લાખ માણસ સમજ્યા. ત્યાં જેના ભાષણથી એક પણ માણસ ન સમજ્યો તેને કાંઈ નુકસાન નથી અને જેના ભાષણથી બે લાખ માણસ સમજ્યા તેને જરા પણ લાભ નથી. બીજા સમજ્યા તેનો લાભ ભાષણ કરનારને જરા પણ નથી. કહેનાર તો પોતાના સતનું ઘોલન કરે છે, બીજા સમજે એનો કિંચિત્માત્ર લાભ આને નથી. જો બીજા સમજે તેનાથી આનો મોક્ષ થતો હોય તો બીજા સમજનાર ઝાઝા માણસને ગોતવા પડે; કારણ કે જો એકે જીવ ન સમજે તો આનો મોક્ષ થાય નહિ. જો બીજાને ગોતવામાં રોકાવું પડે, બીજાને સમજાવવામાં રોકાવું પડે તો પછી સ્વરૂપમાં ઠરવાનાં ટાણાં આવશે ક્યારે? માટે સામો જીવ સમજે એનો આને કિંચિત્માત્ર લાભ નથી, અને ન સમજે એનું આને કિંચિત્માત્ર નુકસાન નથી; સામો જીવ અવળું લઈ જાય તો પણ આને કિંચિત્માત્ર

નુકસાન નથી. સતને કહેનાર પોતે સત્નું ઘોલન કરે છે, તેનો તેને લાભ છે. પરથી લાભ-નુકસાન નથી, પોતાના પરિણામથી લાભ નુકસાન છે. ઉપદેશક ઉપદેશમાં એમ કહેતા હોય કે 'આત્મા ચૈતન્યમૂર્તિ છે; શરીરાદિ જડ છે; પુણ્યના પરિણામ વિભાવ છે તે આત્માનો શુદ્ધ પર્યાય પ્રગટવામાં કાંઈ મદદગાર નથી. શુદ્ધ પર્યાય પ્રગટાવનાર સમ્યગ્દષ્ટિ સંસારના કાર્યમાં ઉભા દેખાય છતાં શાંતિ વેદે છે.' આવું કહેવાય ત્યારે સાંભળનાર કોઈ અવળું લઈ જાય તો સમજાવનારને તેનું કિંચિત્માત્ર નુકસાન નથી.

એક માણસે ક્રોધ કર્યો તેથી ઘણાને ખોટું લાગ્યું. જેને ખોટું લાગ્યું તેની પાસે આ ક્રોધ કરનારો ક્ષમા માંગવા ગયો; ત્યાં સામો માણસ ક્ષમા ન આપે અને વિરોધભાવ રાખે તો આને કાંઈ દોષ લાગતો હશે? ન લાગે. પોતે ભૂલ કરી તેથી પોતે ટાળી શકે છે. સામા પાસે ક્ષમા માંગવા ન જાય અને અંદરથી દોષ કાઢી નાખે તો તેને લાભ જ છે. જે ભાવે ભૂલ કરી તે ભાવને આત્માના ભાનભાવે ટાળી નાખે, તો તેની મુક્તિ જ છે. તેની મુક્તિ અટકાવવા કોઈ સમર્થ નથી. બસ પોતે જ ભૂલ કરી હતી ને પોતે જ સમજ્યો કે આ ક્રોધ મારો સ્વભાવ નથી. એમ સમજીને ઠર્યો ને ક્રોધને ટાળી નાખ્યો તો તેની મુક્તિ જ છે. સામો ક્ષમા ન આપે ને વિરોધ રાખે તેથી આની મુક્તિ અટકી જાય-એમ બની શકે જ નહિ; કોઈની મુક્તિ કોઈ અટકાવવા સમર્થ નથી. આત્મા પરાધીન નથી પણ સ્વાધીન છે.

'મેં આવો અપરાધ કર્યો, હવે બધા મને આશીર્વાદ આપે તો મારી મુક્તિ થાય' એમ પરાધીન મુક્તિ નથી. પોતે ભાવ બદલી નાખે તો બીજા પોતાની મુક્તિ અટકાવવા સમર્થ નથી; પછી ભલે આખા જગતમાં વિરોધ હોય પણ પોતાની મુક્તિ પોતે કરી શકે છે. હું પરને કરી શકું એવી જેણે માન્યતા કરી તેણે પરને અને પોતાને એક માન્યા છે. હું બીજાને કેળવણી આપી શકું છું-એમ માન્યું તેણે બે જુદા પદાર્થને એક માન્યા. આને બંધાવું અને આને મુકાવી દઉં એવો ભાવ એની માનેલી માન્યતાની અર્થક્રિયા કરી શકતો નથી, માટે તે અભિપ્રાય ત્રિકાળ મિથ્યા છે. જેમાં ત્રિકાળ નિયમ લાગુ પડે એને સિદ્ધાંત કહેવાય; માટે તે નિયમ પ્રમાણે પરમાં પરનો વ્યાપાર નહિ હોવાથી તે અધ્યવસાન પરની અર્થક્રિયા કરવામાં અસમર્થ છે, માટે પરને બંધાવું ને મુકાવું એવો અભિપ્રાય ત્રિકાળ જૂઠો છે.

શું અજ્ઞાનભાવે રાગ-દ્વેષ થાય તેથી જીવ બીજાનું કરી શકે? સુખી-દુઃખી બીજાને કરી શકે? જીવન-મરણ બીજાનાં કરી શકે? શું બંધ-મુક્તિ બીજાની કરી શકે? ન કરી શકે. એ રીતે એની ધારેલી માન્યતા પ્રમાણે ન થયું, માટે એનો અભિપ્રાય મિથ્યા છે.

હું આકાશના ફૂલને ચૂંટું છું, હું આકાશના ફૂલને તોડું છું, તે અભિપ્રાય જેમ તદ્દન મૂર્ખાઈ ભરેલો છે તેમ હું બીજાને જિવાડું-મારું, બદ્ધ-મુક્ત કરું તે અભિપ્રાય પણ તદ્દન મૂર્ખાઈ ભરેલો છે. તું સવળો ભાવ તારામાં કરી શકે ને અવળો ભાવ પણ તારામાં કરી શકે. પરંતુ કાંઈપણ કરવાનું તારામાં કાંઈપણ સમર્થપણું નથી.

આચાર્યદેવે આકાશના ફૂલનો કેવો સરસ ન્યાય આપ્યો છે! જેમ 'આકાશના ફુલને તોડું' તે ભાવ મિથ્યા છે, તેમ 'હું પરને જિવાડું—મારું, બદ્ધ-મુક્ત કરું' તે ભાવ પણ આકાશના ફૂલ તોડવા જેવા મિથ્યા છે. તે ભાવથી પોતાની ધારેલી ધારણા પ્રમાણે થતું નથી માટે તે અનર્થને કરે છે. આત્મા સિવાય શરીર, વાણી, મનનું હું કરું અને બીજા પર પદાર્થોનું પણ હું કરું તે અભિપ્રાય કેવળ અનર્થરૂપ છે. કેટલાક એમ માને છે કે 'છોકરા-છોકરીને ઠેકાણે પાડી બધી સરખાઈ કરીને પછી ધર્મ કરશું;' તે અભિપ્રાય કિંચિત્‌માત્ર લાભરૂપ નથી, એકલો અનર્થરૂપ છે. પરંતું તું કાંઇ પણ કરી શકતો નથી માટે પર તારે આધારે નથી, તું પરને આધારે નથી; તો હવે તારે ખોટી માન્યતાથી અનર્થના કેટલા વિચાર કરવા છે? અને તારે તારું કેટલું બગાડવું છે? તું એનો ઓશિયાળો નથી, એ તારો ઓશિયાળો નથી; તારો ભાવ તારામાં સ્વતંત્ર છે, એનો ભાવ એનામાં સ્વતંત્ર છે; પરંતું કાંઈ તારી ધારેલી માન્યતા પ્રમાણે થતું નથી, તો હવે વિષયાદિમાં સુખબુદ્ધિ રાખીને તારે તારું કેટલું બગાડવું છે? તારે તારું બગાડવું છે કે સુધારવું છે? માટે ભાઇ? ચિદાનંદ આત્માની પ્રતીત કરી, તેનું જ્ઞાન કરી, તેમાં ઠર. તે તારા હાથની વાત છે, તે જ મુક્તિનો માર્ગ છે,

સામો જીવ સમજે ત્યારે સમજાવનારને નિમિત્તનો આરોપ આવે છે. પોતે ન સમજે તો પોતાને શું નિમિત્ત થયું? નિમિત્ત તો નિમિત્તમાં છે. ખરી રીતે પોતે સમજે ત્યારે સામા સમજાવનારને નિમિત્ત કહેવાય છે. સમજાવનારને પ્રશસ્ત રાગ આવ્યો કે આને સમજાવું. તે રાગને નિમિત્ત કયારે કહેવાય? કે સામો સમજે ત્યારે; રાગને અને વાણીને, સામો સમજે ત્યારે નિમિત્ત થયાં તેમ કહેવાય છે; પણ ન સમજે તો નિમત્ત તો નિમિત્તમાં છે. સામાને સમજણનો લાભ ન થયો તો વાણીને અને રાગને નિમિત્તપણાનો આરોપ પણ આવતો નથી.

જે રાગ થાય છે તે રાગને પોતામાં નિશ્ચયનું નિમિત્ત કયારે કહેવાય? અર્થાત્ રાગને વ્યવહાર કયારે કહેવાય? તે રાગનો નિષેધ કરીને—રાગનો આશ્રય છોડીને, સ્વભાવના આશ્રયે નિશ્ચય શ્રદ્ધાજ્ઞાન પ્રગટયા ત્યારે રાગને નિમિત્ત કહેવાય છે અથવા વ્યવહાર કહેવાય છે; એટલે કે સાધકદશા પ્રગટ થયા પહેલાં વચ્ચે રાગ આવે છે અને

તે રાગનો નિષેધ કરીને નિશ્ચય શ્રદ્ધા જ્ઞાન પ્રગટે છે, ત્યારે તે રાગને નિમિત્ત કહેવાય છે-વ્યવહાર કહેવાય છે બાકી રાગ કાંઈ જાણતો નથી, રાગ નિશ્ચયને પમાડતો નથી, નથી, માત્ર વચ્ચે હોય છે તેથી તેને નિમિત્તપણાનો આરોપ આવે છે.

'હું પરની ક્રિયામાં નિમિત્ત થાઉં ત્યારે પરની ક્રિયા થાય છે' એમ જેની માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિ છે. પર વસ્તુની ક્રિયા તેનાથી સ્વયં થાય છે તે સામી વસ્તુનો નિશ્ચય છે, અને તેમાં બીજાનું નિમિત્ત તે વ્યવહાર છે; નિશ્ચયના જ્ઞાન વગર વ્યવહારનું પણ સાચું જ્ઞાન હોય નહિ. હું પરને નિમિત્ત થઈ શકું એટલે કે હું નિમિત્ત થઈ ને બીજાને સાચું સમજાવી દઉં—એવી માન્યતામાં તો વ્યવહારથી નિશ્ચય આવ્યો એટલે કે પરાશ્રયબુદ્ધિરૂપ મિથ્યાભાવ આવ્યો. બીજાનું કાર્ય તેનાથી સ્વયં થાય છે, 'હું નિમિત્ત થાઉં' એવી અપેક્ષા તેને નથી. બીજો સમજે તે તેના પોતાથી જ સમજે છે; તે સમજે ત્યારે સમજાવનારને નિમિત્ત કહેવાય છે. જે સમજે તે પોતાથી જ સમજે છે-એમ નિશ્ચયનું જ્ઞાન સાથે રાખીને જે વખતે જે નિમિત્ત હોય તેનું જ્ઞાન કરે તો તેમાં નિશ્ચયપૂર્વકનો વ્યવહાર આવ્યો. ત્યાં પરાશ્રયબુદ્ધિ ન રહી. હું નિમિત્ત થઈને બીજાને સમજાવી દઉં એવી બુદ્ધિ, અને વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે એવી બુદ્ધિ-બન્ને સમાન છે--બન્ને અજ્ઞાન છે. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય કદી પ્રગટે નહિ. નિશ્ચયના લક્ષે નિશ્ચય પ્રગટે. આત્માનો જેવો સ્વભાવ છે તેવું જ્ઞાન કરે તો નિશ્ચયદૃષ્ટિ પ્રગટે; તેવું જ્ઞાન કરે તો સ્વભાવપર્યાય પ્રગટે. જ્ઞાની એમ જાણે છે કે પરમાં જ્યારે તેના પોતાના ઉપાદાનનું કાર્ય થાય છે ત્યારે તે આરોપથી મને નિમિત્ત કહે છે. એ રીતે જ્ઞાની તો સ્વાશ્રયપણું ટકાવી રાખીને સ્વ-પરનું જ્ઞાન કરે છે. ઉપાદાન સહિત નિમિત્તનું જ્ઞાન યથાર્થ છે, પણ નિમિત્તના લક્ષે ઉપાદાનનું જ્ઞાન યથાર્થ હોય નહિ. હું જે વ્યવહાર કરું છું તે મને નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન પ્રગટવાનું કારણ થશે; એમ માનનારો વ્યવહારના આશ્રયમાં અટકેલો મિથ્યાદૃષ્ટિ છે. હું આ રાગ કરું છું તે મને વીતરાગતાનું નિમિત્ત થશે-એમ માનનારો મિથ્યાદૃષ્ટિ છે. રાગાદિનું લક્ષ છોડીને ઉપાદાન પ્રગટ કરે ત્યારે તે રાગમાં નિમિત્તપણાનો આરોપ આવે છે; કારણ કે વચ્ચે શુભરાગ આવે છે અને તેથી નિમિત્તપણાનો આરોપ આવે છે; પણ જે જીવ રાગ અને નિમિત્તના આશ્રયમાં જ અટકયો છે તેને તો ઉપચાર પણ હોતો નથી.

હું મારા જ્ઞાનસ્વભાવપણે છું ને પર પદાર્થપણે નથી, હું મારા સ્વભાવરૂપ છું પણ વિભાવરૂપ નથી,—આમ જેના અભિપ્રાયમાં પોતાનો સ્વભાવ બેઠો છે એવા જ્ઞાનીને ક્યાંય પણ પરાશ્રયબુદ્ધિ રહે નહિ એટલે સ્વાશ્રયભાવે તેની મુક્તિ જ છે,

સ્વાશ્રયદૃષ્ટિ અને પરાશ્રયદૃષ્ટિ ઉપર જ મુક્તિ અને બંધનનો આધાર છે. અજ્ઞાનીને સ્વભાવદૃષ્ટિ નથી એટલે 'પરમાં જ હું છું; હું પોતે નથી પણ પર તે જ હું છું' એમ તે સ્વને ઉડાડે છે. પોતાનું જે સ્વતંત્ર અસ્તિત્વ છે તે તેને ભાસતું નથી પણ પરનું જ અસ્તિત્વ ભાસે છે, પરમાં એકત્વબુદ્ધિ કરે છે. સ્વભાવનો આશ્રય નથી તેથી તેને બંધન જ છે.

જ્ઞાનીને પોતાના નિરપેક્ષ સ્વભાવમાં એકત્વબુદ્ધિ પ્રગટી છે અને પરમાં એકત્વબુદ્ધિ નાશ પામી છે, તેથી તેઓ એક સ્વાશ્રય જ્ઞાનભાવે જ રહે છે; તેમની દૃષ્ટિમાં પરાશ્રય ભાવનો અભાવ છે. અજ્ઞાનીને દૃષ્ટિમાં સ્વનો જ અભાવ છે. પરને હું નિમિત્ત થાઉં છું એવી પરાશ્રયદૃષ્ટિ તે છોડતો નથી. બધી વસ્તુઓનું પરિણમન સ્વતંત્ર છે, કોઈ પણ વસ્તુનું પરિણમન તારા પરિણામોની અપેક્ષા રાખતું નથી, છતાં પણ મારા પરિણામ પર વસ્તુને નિમિત્ત થાય એવી જે એકત્વબુદ્ધિ તે જ અનંત જન્મ-મરણનું કારણ છે.

પ્રશ્ન:—હું પરને નિમિત્ત થાઉં એવી માન્યતામાં શું દોષ છે?

ઉત્તર:—હું પરને નિમિત્ત થાઉં એટલે કે મારી અપેક્ષાથી બીજાની અવસ્થા થાય, બીજા દ્રવ્યો સ્વતંત્ર નથી પણ તેઓ પરિણમવા માટે મારી અપેક્ષા રાખે એવા પરાધીન છે,—એવી જેની બુદ્ધિ છે તેણે પર વસ્તુના સ્વતંત્ર સ્વભાવને જાણ્યો નથી, સ્વતંત્ર સ્વભાવનો નિષેધ કર્યો છે અને વસ્તુના અનંત સ્વભાવને જાણવાનો પોતાના જ્ઞાનનો સ્વભાવ છે તે જ્ઞાનસ્વભાવને તેણે માન્યો નથી એટલે તેણે જ્ઞાનસ્વભાવે પોતાની હયાતીને સ્વીકારી નથી પણ વિકાર સ્વરૂપે જ આત્માની હયાતી માની છે; પોતાના આત્માનો જ અભાવ માન્યો છે. આ જ સૌથી મોટો અધર્મ છે અને એ જ સંસાર છે. સામા દ્રવ્યનો પર્યાય સ્વતંત્ર પરિણમે છે. ત્યાં હું બીજાને નિમિત્ત થાઉં એમ માન્યું એટલે બીજાની અવસ્થા હું બદલાવી દઉં છું એવી ખોટી દૃષ્ટિ થઈ. સામા દ્રવ્યનો પર્યાય સ્વતંત્ર પરિણમે ત્યારે સામું જે અનુકૂળ નિમિત્ત હોય તેને તે કાર્યનું નિમિત્ત કહેવાય છે, પણ પોતે નિમિત્ત થઈને બીજા દ્રવ્યનો પર્યાય પલટાવી શકતો નથી.

આત્માનો સ્વભાવ બધાને જાણવાનો છે પણ 'હું કોઈને નિમિત્ત થાઉં' એવો વિકલ્પ કરવાનો આત્માનો સ્વભાવ નથી. નિમિત્ત-નૈમિત્તિક ભાવ એક જ સમય પૂરતો છે, તેને જે પોતાનું સ્વરૂપ માને છે તે પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

બધાયને જાણનાર સળંગ જ્ઞાનસ્વભાવી હું છું એમ ન માનતાં, એક પણ

ઠેકાણે મારા નિમિત્તની અપેક્ષા છે એમ જેણે માન્યું છે તેણે ત્રણે કાળના બધાય પદાર્થોની સ્વતંત્રતા ઉડાડી છે ને બધાને જાણનાર પોતાનો જે સર્વજ્ઞસ્વભાવ તેને પણ ઉડાડયો છે. પર વસ્તુને મારી અપેક્ષા છે એમ અજ્ઞાની માને ભલે, પણ તેથી કાંઈ પર વસ્તુ પરાધીન થઈ જતી નથી. માત્ર અજ્ઞાનીને તેના ઊંધા અભિપ્રાયથી અનંત સંસાર વધે છે.

પર વસ્તુના કાર્યમાં હું નિમિત્ત થાઉં છું એટલે કે પર વસ્તુઓને મારી જરૂર પડે છે, પોતે સ્વતંત્ર પરિણમી શકતી નથી, મારા દયાના શુભ પરિણામ હોય તો પર જીવ બચી જાય છે, મારા હિંસાના અશુભ પરિણામ હોય તો પર જીવ મરી જાય છે,-આવા પ્રકારની માન્યતા છે તે અજ્ઞાન છે; અજ્ઞાનને લીધે જ પરનું કરવાપણું અને પર સાથેનો સંબંધ દેખાય છે પણ ખરેખર એમ છે નહિ. પોતાના શુભ પરિણામથી કે અશુભ પરિણામથી સામો જીવ બચતો કે મરતો નથી પણ તેના આયુષ્ય પ્રમાણે બચે-મરે છે. પોતે શુભ પરિણામ કરે તો પુણ્ય બંધાય છે ને અશુભ પરિણામ કરે તો પાપ બંધાય છે. સામા જીવને બચવા-મરવામાં જે અનુકૂળ નિમિત્તની હાજરી હોય છે તેના ઉપર આરોપ આવે છે કે આણે આને બચાવ્યો ને આણે આને માર્યો.

'પરમાં હું કાંઈક કરું' એવો અજ્ઞાનીનો અધ્યવસાય છે તે મિથ્યા છે. જેવી રીતે આકાશને ફુલ હોતાં જ નથી તેથી 'હું આકાશના ફૂલને ચૂંટું છું' એવો અભિપ્રાય મિથ્યા છે, તેવી રીતે પરવસ્તુમાં પરવસ્તુનો વ્યાપાર જ નથી, પરવસ્તુના ભાવો પોતામાં અસત્ છે, તેથી 'હું પર વસ્તુમાં કાંઈક કરું' એવો જે અજ્ઞાનીનો અધ્યવસાય છે તે ચોક્કસપણે મિથ્યા છે-જૂઠો છે-નિરર્થક છે. જીવની જે ખોટી માન્યતા છે તે માન્યતા પ્રમાણે પરમાં બનતુ નથી માટે તે ખોટી માન્યતાપરમાં નિરર્થક છે. અને તે ખોટી માન્યતાથી પોતાનો આત્મા હણાય છે તેથી તે ખોટી માન્યતા પોતામાં અનર્થક છે. પોતાના આત્માને અંનત સંસારમાં રખડાવવા માટે તે માન્યતા સાર્થક છે.

પ્રશ્ન:—નિશ્ચયથી તો પરનું કાંઈ પણ કરી ન શકાય એ વાત સાચી છે પણ વ્યવહારથી તો પરનું કરી શકાય છે ને?

ઉત્તર:—ભાઈ! વ્યવહારથી પણ આત્મા પરનું કાંઈ પણ કરી શકતો નથી. વ્યવહાર શું કહેવાય તેનું પણ તને જ્ઞાન નથી. જ્યાંસુધી પર સાથેના સંબંધનો અભિપ્રાય ઉભો છે ત્યાંસુધી વ્યવહાર કોને કહેવાય તે તને વાસ્તવિક જણાશે નહિ.

પર પદાર્થનું કાર્ય તેના પોતાથી થયું તે સામી વસ્તુનો નિશ્ચય છે, અને તે કાર્ય વખતે બીજો પદાર્થ અનુકૂળ નિમિત્તપણે હોય તેનું નામ વ્યવહાર છે. દરેકે દરેક પદાર્થ સ્વતંત્ર નિરપેક્ષ છે, તેનું જ્ઞાન રાખીને બીજા પદાર્થની અનુકૂળ હાજરીનું જ્ઞાન કરવું તેનું નામ વ્યવહારનય છે, પણ બીજા પદાર્થે આમાં કાંઈ પણ કરી દીધું એમ જાણવું તે વ્યવહારનય નથી, તે તો અજ્ઞાન છે.

પ્રશ્ન:--વ્યવહારથી પરનું કરી ન શકે પણ 'મેં પરનું કર્યું' એમ વ્યવહારથી બોલાય તો ખરું ને ?

ઉત્તર:—બોલવા ઉપર જેની દૃષ્ટિ છે તે અજ્ઞાની છે. જ્યારે બોલાય છે ત્યારે અંતરનો અભિપ્રાય સાચો છે કે ખોટો, તે ઉપર જ ધર્મ-અધર્મનું માપ છે. જો સાચો અભિપ્રાય હોય તો ધર્મ છે, ખોટો અભિપ્રાય હોય તો અધર્મ છે. અંતરના અભિપ્રાયને તો દેખતો નથી અને આમ બોલાય ને તેમ બોલાય એમ ભાષાને જે વળગે છે તે બહિર્દૃષ્ટિ છે.

જીવ જે પ્રમાણે માનતો હોય તે પ્રમાણે જો વસ્તુસ્વરૂપ ન હોય તો તેની માન્યતા નિરર્થક છે-મિથ્યા છે. શું પર વસ્તુના પર્યાયનું પરિણમન કોઈની અપેક્ષા રાખે છે ? કે પોતે પોતાના દ્રવ્યની અપેક્ષાથી જ પરિણમે છે ? કોઈ દ્રવ્યની કોઈ દ્રવ્ય અપેક્ષા રાખતું જ નથી, સર્વ દ્રવ્યો પોતે પોતાથી જ સ્વતંત્ર પરિણમે છે. આમ વસ્તુસ્વરૂપ છે, તોપણ પરદ્રવ્યના પરિણમનમાં મારી અપેક્ષા છે એમ અજ્ઞાની માને છે. એવી તારી માન્યતા હે ભાઈ ! તને જ દુ:ખનું કારણ છે. તારો જે અભિપ્રાય છે તે પ્રમાણે વસ્તુમાં બનતુ તો નથી, માટે તારો અભિપ્રાય વ્યર્થ છે-નિરર્થક છે, અને તને જ બંધનનું કારણ છે.

'સામો જીવ સમજવાનો છે અને તેમાં હું નિમિત્ત થવાનો છું તેથી જ તેને નિમિત્ત થવા માટે મને આ શુભરાગ થાય છે' આવો જેનો અભિપ્રાય છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને પરાશ્રયદૃષ્ટિ હજુ ઉભી છે. શું પર જીવને નિમિત્ત થવા ખાતર તેં રાગ કર્યો છે ? શું સામા જીવની સમજણ તારા શુભરાગનો આધાર રાખે છે ? ના, તેમ નથી. તને જે રાગ થયો છે તે પરને નિમિત્ત થવા માટે થયો નથી પણ તારી નબળાઈથી થયો છે-તારા જ દોષથી થયો છે. સામો સમજે તેમાં તેની સ્વતંત્રતા છે, તારો શુભરાગ થાય તેમાં તારી સ્વતંત્રતા છે. કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી, તોપણ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ હોય છે. જ્યારે સત્ સમજાય ત્યારે સત્નું નિમિત્ત હોય છે. બીજાને સમજાવવાનો રાગ જેને એકત્વબુદ્ધિથી થાય તે ભ્રાંતિ સહિતનો રાગ છે; જ્ઞાનીને જે રાગ થાય તે એકત્વબુદ્ધિથી થતો નથી પણ નબળાઈથી થાય છે. સર્વ

દ્રવ્યની સ્વતંત્રતાનું તેને જ્ઞાન હોય છે, પરંતુ વીતરાગ થયો નથી તેથી નબળાઈને લઈને અલ્પરાગ થાય છે. અજ્ઞાની દ્રવ્યોની સ્વતંત્રતાને સ્વીકારતો નથી, પરંતુ પરનું હું કાંઈક કરી શકું છું એમ તે માને છે. એવી તેની માન્યતા તદ્દન નિરર્થક છે-જૂઠી છે. ૨૬૬.

હવે શિષ્ય પૂછે છે કે હે ભગવંત! અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી? તેનો ઉત્તર કહે છે:—

**अज्झवसाणणिमित्तं जीवा बज्झंति कम्मणा जदि हि।**
**मुच्चंति मोक्खमग्गे ठिदा य ता किं करोसि तुमं ॥२६७॥**

અર્થ:-હે ભાઈ! જો ખરેખર અધ્યવસાનના નિમિત્તે જીવો કર્મથી બંધાય છે અને મોક્ષમાર્ગમાં સ્થિત મુકાય છે, તો તું શું કરે છે? (તારો તો બાંધવા-છોડવાનો અભિપ્રાય વિફળ ગયો.)

હે ભાઈ! બાપુ! તારી શક્તિ તારામાં છે. તું એમ માને છે કે હું પરને બંધાવું ને હું પરને મુકાવું, એવી તારી મિથ્યાબુદ્ધિ જ તને બંધન કર્તા છે. પર જીવ એના ખોટા અભિપ્રાયથી બંધન કરે છે, એમાં તારા અભિપ્રાયે શું કામ કર્યું? કેટલાક એમ કહે છે કે મેં ફલાણા જીવને એવો હેરાન કર્યો કે મેં એનો બધો માલ લઈ લીધો એટલે હવે તે હેરાન થઈ થઈને મરી જશે. અરે ભાઈ! તારો એને હેરાન કરવાનો ભાવ છે છતાં તે જીવ આત્માને ઓળખી પુરુષાર્થ કરી આત્મામાં ઠરીને શાંતિ કરશે તો મુક્તિ લેશે. હવે તારા ભાવે એમાં કર્યું શું? તારે તો બીજા જીવને દુઃખી કરી બંધન કરાવવાનો ભાવ હતો, છતાં તારા ભાવે શું કામ કર્યું? કાંઈ કામ કર્યું નહિ. માટે બીજાને બંધન કરાવું એવો જે તારો અભિપ્રાય તે ફોગટ છે-મિથ્યા છે.

વળી સામો જીવ મોક્ષ કરે તે પણ તેના કારણે કરે છે. તે દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા કરીને મુક્તિ એની મેળે પામે છે, તેમાં તેં શું કર્યું? ઘણા એમ કહે છે કે-આપણે સામા જીવને સમજાવવાની એવી રીત લઈએ કે તે સામો સમજી જ જાય. અરે ભાઈ! તું ગમે તેમ કરે તોપણ સામો જીવ સમજે તે તેના પોતાથી જ સમજે છે, લેશમાત્ર તારાથી સમજતો નથી. જો બીજાથી બીજા સમજતા હોય તો

---

સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં
ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા? ૨૬૭.

અનંતા તીર્થંકરો અનંતકાળમાં થઈ ગયા, તેમણે ઘણું સમજાવ્યું છતાં પણ તું કેમ સમજ્યો નહિ ? તીર્થંકરદેવથી તો ઊંચો સમજાવનાર જગતમાં કોઈ હોય જ નહિ. માટે, આપણી સમજાવવાની રીત સારી હોય તો બીજા સમજે તે અભિપ્રાય તદ્દન જૂઠો ઠર્યો, મિથ્યા ઠર્યો, નિષ્ફળ નીવડયો.

હે ભાઈ! તું એમ માને છે કે આપણે બીજાનો ઉદ્ધાર કરી દઈએ, પણ કોણ કોનો ઉદ્ધાર કરી શકે છે ? સમજાવનાર પોતે પોતાના સત્યભાવનું ઘોલન કરે છે. દુનિયાને માનવું–ન માનવું, કલ્યાણ કરવું—ન કરવું તે તેના પોતાના કારણે છે, તેના પોતાના આધારે છે.

'હું બંધાવું છું, મુકાવું છું' એવું જે અધ્યવસાન છે તેની પોતાની અર્થક્રિયા જીવોને બાંધવા મુકવા (મુક્ત કરવા, છોડવા) તે છે; પરંતુ જીવ તો, આ અધ્યવસાયનો સદ્દભાવ હોવા છતાં પણ, પોતાના સરાગ--વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો, નથી મુકાતો; અને પોતાના સરાગ--વીતરાગ પરિણામના સદ્દભાવથી, તે અધ્યવસાયનો અભાવ હોવા છતાં પણ, બંધાય છે, મુકાય છે.

તારો ભાવ એમ છે કે આને મુકાવું એટલે કે સંસારથી મુક્ત કરુ, છતાં તે સામો જીવ 'હું આત્મા જ્ઞાનાનંદ છું, પરથી જુદો છું' તેવું ભાન ન કરે, શ્રદ્ધા ન કરે તો તે મુક્ત થઈ શકતો નથી.

તારો ભાવ એમ હોય કે આ સામા જીવને બંધન કરાવી દઉં, છતાં સામો જીવ અજ્ઞાન અને રાગ–દ્વેષના ભાવ ન કરે પણ શ્રદ્ધા–જ્ઞાન ને તેમાં લીનતા કરી મુક્તિને પ્રાપ્ત કરે, અને તેથી તે બંધાતો નથી, તો હવે તારા ભાવે કર્યું શું ? તારા ભાવ હતા કે હું આને બંધાવી દઉં. તો તારા ભાવે તેમાં કર્યું શું ? માટે નક્કી થયું કે દરેક જીવને બંધ–મુક્તિ પોતાના જ ભાવને આધારે છે.

અજ્ઞાનીને 'પર જીવને બંધાવું અને પર જીવને મુકાવું' એવા ભાવ થાય છે; જ્ઞાનીને પરને બંધાવા–મૂકાવાના ભાવ થતા નથી, પરંતુ જ્ઞાનીને પર જીવ ધર્મ સમજે તો ઠીક એમ પ્રશસ્તભાવ આવે છે, પણ હું જ ધર્મ પમાડી દઉં છું એવો મિથ્યા અભિપ્રાય હોતો નથી. તીર્થંકરદેવને આગલા ભવમાં એવો ભાવ આવે છે કે બધા જીવો ધર્મ પામો, બધાં જીવો સત્ય સમજો. એવો ઉત્કૃષ્ટ પ્રશસ્તભાવ આવતાં તીર્થંકર નામકર્મ બંધાય છે. 'સર્વ જીવ કરું શાસનરસી એસી ભાવ દયા મન ઉલસી' એ જાતનો પ્રશસ્તભાવ તીર્થંકર નામકર્મ બંધાતી વખતે હોય છે. તેમાં ખરી રીતે તો એમ છે કે મારો નિર્વિકલ્પ સ્વભાવ પૂરો થઈ જાવ. અંતરમાં તો પોતા તરફના ભાવ છે ને

બહારમાં-નિમિત્તમાં પર જીવોને ધર્મ પમાડવાના ભાવ છે.

જગતના જીવો અને જ્ઞાનીના શબ્દના આશયમાં ફેર પડે છે. અજ્ઞાની કહે છે કે 'હું પરને તારી દઉં છું,' અને તીર્થંકર થનાર જ્ઞાની કહે કે 'સર્વ જીવ કરું શાસનરસી.' એ રીતે બન્ને કહે છે પણ આશયમાં ઉગમણો-આથમણો આંતરો છે. જ્ઞાનીને અંતરમાં પૂરા થવાની ભાવના છે ને અજ્ઞાનીને એકલી બાહ્ય દૃષ્ટિ છે.

જ્ઞાની બોલે કે પ્રભો! આપે મને સમજાવ્યો. તેમ ગુરુ પ્રત્યે શુભ રાગનો વિકલ્પ આવે છે તેથી બહુમાનથી બોલે છે તે વ્યવહાર લીધો, ધન તો એની પાસે છે નહિ અને માલ બધો લઈ લીધો છે, પણ અંદર સમજે છે કે હું સમજું તો જ સમજાય છે. પોતે સમજે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત કહેવાય છે; એથી નિમિત્ત ઉપર આરોપ કરીને 'પ્રભો! આપે મને સમજાવ્યો' તેમ કહેવાય છે. વિનયવંત શિષ્ય નિમિત્ત ઉપર આરોપ કરીને 'પ્રભો! આપે મને સમજાવ્યો' એમ ગુરુનું બહુમાન કરે છે, એવી વિનયની રીત છે. આચાર્યદેવ કહે છે કે ભાઈ! પોતાના સરાગ-વીતરાગ પરિણામના સદ્ભાવના આધારે બંધન ને મુક્તિ થાય છે, માટે પરનું તું કાંઈ પણ કરી શકતો નથી.

ભગવાન આચાર્યદેવ કહે છે કે એક આત્મા બીજા આત્માને બંધન કરાવવાનો ભાવ અને મુક્તિ કરાવવાનો ભાવ કરી શકે છે, પરંતુ બીજાને બંધન તથા મુકિત પોતે કરી શકતો નથી. માત્ર ભાવ કરી શકે છે.

પોતાના સરાગ અને વીતરાગ પરિણામના આધારે જીવોને બંધ-મુકિત થાય છે.

ભગવાનને 'તીન્નાણં તારયાણં' કહેવાય છે, તે ભક્તિથી નિમિત્ત ઉપર આરોપ આપીને કહેવાય છે. સાધકને એવો વિનય આવ્યા વગર રહેતો નથી. પરંતુ કોઈ કોઈને તારી શકતું નથી. તરનારો જ્યારે તરે છે ત્યારે ભગવાને તાર્યા તેમ નિમિત્તમાં આરોપ આવે છે. તરનારો જ્યારે તરે છે ત્યારે સાચાં દેવ-ગુરુ શાસ્ત્રનું—નિમિત્તપણું હોય છે, પરંતુ દેવ-ગુરુ-શાસ્ત્ર તારી દેતા નથી; ત્રિલોકનાથ તીર્થંકરદેવ જો તારી દેતા હોત તો બધા જીવોને મોક્ષમાં કેમ ન લઈ ગયા? માટે ભગવાન તારી દેતા નથી, પણ તરનારો જ્યારે તરે ત્યારે ભગવાનને નિમિત્ત કહેવાય છે.

આત્મા પોતે પોતાથી બંધાય છે ને મુકાય છે. આત્માનું બંધાવું—મુકાવું પોતાને કારણે છે. એક આત્મામાં બીજાનું કાંઈ પણ કરી શકવાની ત્રેવડ નથી, બીજાનું કાંઈ પણ કરવાનો આત્મા સમર્થ નથી. આત્મભગવાન દેહથી જુદું તત્ત્વ છે, ને પરના કારણે બંધાય છે ને મુકાય છે એમ જે માને છે તે આત્માને ઓશિયાળો

બનાવે છે. આત્મા પોતે સ્વતંત્ર તત્ત્વ છે, એને બંધાવું-મુકાવું તે પોતાના હાથમાં છે. પોતાના પુરુષાર્થ વડે પોતાની મુક્તિ થાય ત્યારે ભગવાનને નિમિત્ત કહેવાય છે. ભગવાનના સમવસરણમાં ઇંદ્રો આવે છે અને ઇંદ્રો પોતે જ સમવસરણ રચે છે. ભગવાનનો દિવ્યધ્વનિ એકાક્ષરી હોય છે, હોઠ બંધ હોય છે અને દિવ્યધ્વનિ છૂટે છે; ભગવાનની સભામાં કોઈક એવા જીવો પણ બેઠેલા હોય છે કે ત્યાંથી ધ્વનિ સાંભળીને બહાર જઈને ઊંઘા પડે છે; ભગવાનની સભામાં ઇંદ્રો અને ચક્રવર્તી વગેરે હોય છે અને આવા ઊંઘા પડનાર જીવો પણ હોય છે. ભગવાન જો તારી દેતા હોય તો બધા સમજી જવા જોઈએ; પણ બધા સમજી જતા નથી, જેની લાયકાત હોય તે સમજે છે. પરંતુ સમજે ત્યારે તેને વિનય આવ્યા વગર રહેતો નથી, વિનયથી નિમિત્ત ઉપર આરોપ કરીને કહે છે કે હે જિનેંદ્રદેવ! આપે મને તાર્યો, હે નાથ! તરણતારણ આપ છો, આપે મને તાર્યો, આપે મને ઉગાર્યો, આપના દિવ્યધ્વનિ વડે હું સમજ્યો, આપના દર્શનથી હું સંસારસાગર તર્યો. એમ, પોતે પોતાના પુરુષાર્થ વડે સમજે ત્યારે સામા નિમિત્ત ઉપર ભક્તિભાવ આવ્યા વગર રહેતો નથી, વિનયભાવ આવ્યા વગર રહેતો નથી, એવું સાધકનું સ્વરૂપ છે.

આચાર્યદેવ કહે છે કે ભગવાન કોઈને તારી દેતા નથી, પોતાના પુરુષાર્થ વગર પોતાનો મોક્ષ નથી. માટે તારો બીજાને બંધાવા-મુકાવાનો અભિપ્રાય છે તે તદ્દન ખોટો છે. ભગવાન પણ બીજાને તારી શકતા નથી, ભગવાન વીતરાગ છે, વીતરાગને ઇચ્છા હોતી નથી. તે તો ચૈતન્ય પરમબ્રહ્મ થઈ ગયા છે-પૂર્ણાનંદ પૂર્ણસ્વરૂપ થઈ ગયા છે; ભગવાનને એક પણ રાગનો વિકલ્પ નથી, છતાં તેમની સભામાં ઢોર, મનુષ્ય ને વિદ્યાધરો ધર્મ પામી જાય છે; તેથી સિદ્ધ થાય છે કે કોઈ કોઈને મુક્ત કરી શકતું નથી ને કોઈ કોઈને તારી પણ શકતું નથી. ભગવાનની સભામાં ઢોર પણ આત્મધર્મ પામી જાય છે અને અહીં કેટલાક મનુષ્ય થઈને પણ ધર્મનો અનાદર કરે છે. બહાર જઈને કહે છે કે આવી તે વાત હોતી હશે? રોટલાની વાત નહિ, પૈસાની વાત નહિ ને ત્રણે ટાંણાં એક આત્માની જ માંડી છે! એમ કરીને ધર્મની અશાતના કરે છે અને વિરાધક થાય છે. જે વિરાધક થાય છે તે પણ પોતાના કારણથી, બીજાના કારણથી નહિ. ભગવાન પણ કોઈનું કાંઈ કરી શકતા નથી. બધા જીવ અને જડ પરમાં કાંઈ પણ કરવાનો અકિંચિત્કર છે એટલે કે કોઈ કોઈનું કાંઈ કરી શકતું જ નથી.

કોઈ દિગંબર મુનિરાજ ધ્યાનમાં હોય, ને અડતાલીશ મિનિટમાં મોક્ષ લેવાના હોય; ત્યાં પૂર્વનો કોઈ વેરી દેવ આવીને લવણ સમુદ્રના ખારા પાણીમાં મુનિરાજને બોળી મૂકે; પણ મુનિરાજ તો, પાણીમાં જ્યાં શરીર પડ્યું ત્યાં તે વખતે જ સ્વરૂપમાં

લીન થયા, તે લીન થયા કે તુરત જ કેવળજ્ઞાન પ્રગટ થયું ને તુરત જ મોક્ષ થયો. સામો વેરી દેવ જાણે કે આને નરકમાં લઈ જાઉં; ઉપસર્ગ દેનારા દેવને એમ વિચાર આવે કે આને આવા ઊંડા પાણીમાં ગૂંગળાવી નાંખું, મૂઝવી નાંખું. પરંતુ મુનિરાજ તો ચિદાનંદ જ્ઞાતાનું ચોસલું જુદું પાડીને, રાગનો અંશ હતો તેને તોડીને, વીતરાગતા કરી કેવળજ્ઞાન પામી મુક્તિને પામ્યા; અને ઉપસર્ગ દેનાર દેવે રૌદ્ર ધ્યાનના ભૂંડા પરિણામ કર્યા તેથી અશુભ કર્મ બાંધી દુર્ગતિમાં જાય. કોઈને એમ થાય કે દેવમાં બહુ સુખ હશે, પરંતુ દેવમાં પણ રાગ-દ્વેષ ને ઇર્ષાના બધા ભાવો પડયા છે. સુખ તો આત્માના સ્વભાવમાં છે, દેવમાં સુખ છે નહિ.

દેવના પરિણામ તો મુનિને કર્મથી બંધાવાના હતા કે મુનિને ઉપસર્ગ આપું ને મુનિ રાગ-દ્વેષના પરિણામ કરી કર્મથી બંધાય. પરંતુ મુનિ તો સ્વભાવની સમતા રાખીને પુરુષાર્થ કરીને કેવળજ્ઞાન પામ્યા. માટે એ સિદ્ધાંત થયો કે કોઈના પરિણામ વગર કોઈ કોઇને બંધાવી-મુકાવી શકતું નથી.

સં. ૨૦૦૨, માગશર સુદ ૧૦, સોમવાર.

બંધન એટલે, આત્મા ત્રિકાળી સ્વભાવ છે તેને ભૂલીને પરાશ્રયભાવમાં રોકવું તે. પરાશ્રયે કે પરના અવલંબને વસ્તુનો નિર્મળ પર્યાય પ્રગટતો નથી, પણ પરલક્ષે પોતાને પરરૂપ માને તે બંધનું કારણ છે ને સ્વલક્ષે પોતાને પોતારૂપ માને તે મોક્ષનું કારણ છે. એક કોર આખો સંસાર ને એક કોર આખો મોક્ષ પરલક્ષે સંસાર ને સ્વલક્ષે મોક્ષ. હવે જેને ભવનો અભાવ કરવો હોય તેણે સ્વાશ્રયભાવ કર્યે છૂટકો છે.

આત્મા સહજ વસ્તુ છે, તે જ્ઞાનાદિ અનંત ગુણોથી ભરેલી વસ્તુ છે; તેમાં જ્ઞાનાદિ અનંત ગુણો કયાંયથી લાવવા પડતા નથી. જેણે ભવના ભાવનો નાશ કરવો હોય તેણે અનંત ગુણસ્વરૂપ આત્માનો આશ્રય કર્યે જ છૂટકો છે. ચૈતન્યના નિર્વિકલ્પ નિર્વિકારી સ્વભાવમાં એક પણ વિકલ્પ ઊઠે તે પરાશ્રયભાવ છે, તે બંધનભાવ છે, તે ભાવે બંધનો નાશ ન થાય.

જે સ્વભાવભાવ છે તેમાંથી બંધનભાવ ઉત્પન્ન ન થાય ને જે બંધનભાવ છે-પરાશ્રયભાવ છે તેમાંથી મુક્તિનો ભાવ ઉત્પન્ન ન થાય. આત્માનો નિર્વિકલ્પ વીતરાગી સ્વભાવ છે તેમાંથી સર્વાર્થસિદ્ધિનો ભવ પણ ઉત્પન્ન ન થાય; તોપણ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિરાજને જ સર્વાર્થસિદ્ધિનો ભવ બંધાય છે. તેનું કારણ--સ્વરૂપદશા સાધતાં સાધતાં પોતાની અધૂરાશને કારણે અમૂક અંશે શુભ રાગ આવે છે, તે શુભ રાગથી સર્વાર્થસિદ્ધિનો ભવ બંધાય છે. બાકી જેટલે અંશે સ્વરૂપમાં

લીનતા છે તેટલે અંશે તો કર્મની નિર્જરા જ થાય છે; નિર્જરા ઘણી થાય છે, અલ્પ રાગ છે તેથી અલ્પ બંધન થાય છે ને તે અલ્પ રાગથી સર્વાર્થસિદ્ધિનો ભવ બંધાય છે; પણ સ્વરૂપની લીનતા વડે ભવ બંધાતો નથી.

સ્વ-પરમાં એકત્વબુદ્ધિ છે તે વિકારી ભાવ છે. તેને વિકારી ભાવ કહો, વિભાવભાવ કહો, પરાશ્રયભાવ કહો કે મિથ્યાભાવ કહો, તે બધું એક જ છે.

હું બીજાને લાભ-અલાભ, સુખ-દુઃખ કરી શકું, બીજા મને લાભ-અલાભ, સુખ-દુઃખ કરી શકે, હું બીજાને જિવાડું-મારું, બીજા મને જિવાડે-મારે, બીજાને હું બંધાવું-મુકાવું, બીજા મને બંધાવે-મુકાવે—એ અભિપ્રાય કાંઈ કાર્ય કરી શકતો નથી માટે અકિંચિત્કર છે; પોતે બીજાનું કરી દેવાનો મિથ્યા અભિપ્રાય કરી શકે છે, પરંતુ તે અભિપ્રાય પરમાં અકિંચિત્કર છે. બીજા મારી નિંદા-પ્રશંસા કરી શકે છે—એ અભિપ્રાય પણ અકિંચિત્કર છે. અકિંચિત્કર એટલે પોતાનું ધારેલું કાંઈ કાર્ય કરી શકતો નથી.

કોઈ ને એમ થાય કે બીજાને હું નરકમાં ખોસી ઘાલું, એને હું એવો હેરાન કરું, એવો ઊંધો ઉપદેશ આપું, યજ્ઞ કરવા વગેરેનો ઉપદેશ આપું કે જેથી પરંપરા તેનું ઊંધું વળી જશે ને અનુક્રમે નરક-નિગોદમાં ચાલ્યો જશે. પણ ભાઈ! સામો જીવ તારા અભિપ્રાય પ્રમાણે અભિપ્રાય કરે એવો કાંઈ સંબંધ નથી; બીજાને ચોરાશી લાખ યોનિમાં રખડાવવાની તાકાત ત્રણ કાળમાં બીજામાં નથી.

કોઈ ને એમ થાય કે હું બીજાની મુક્તિ કરાવી દઉં; પણ બીજાની મુક્તિ કરાવવી કાંઈ આના હાથની વાત નથી. સામાનો ભાવ એના પોતાના કારણે ફરે, ને સ્વભાવ તરફ ઢળે તો મુક્તિ થાય. બીજાના ભાવનું અધિકારીપણું પોતામાં આવતું નથી. માટે બીજાની મુક્તિ કરાવવાની ત્રેવડ પોતામાં નથી. હું બીજાની મુક્તિ કરાવી દઉં એવો અભિપ્રાય સ્વ-પરમાં એકતાબુદ્ધિ થયા વિના સંભવે નહિ.

'હું બીજાને જિવાડું-મારું બદ્ધ-મુક્ત કરું' બીજો મને જિવાડે-મારે, બદ્ધ-મુક્ત કરે, મારો ભાવ સામામાં કાંઈક કાર્ય કરે, કાંઈક અસર કરે, એનો ભાવ મારામાં કાંઈક કાર્ય કરે, અસર કરે' એવો અભિપ્રાય સ્વ—પરની એકત્વબુદ્ધિ થયા સંભવે નહિ.

હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનિકારૂપે શ્લોક કહે છે.

( અનુષ્ટુપ )

अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः ।
तत्किंचनापि नैवास्ति नात्मात्मानं करोति यत् ॥ १७१ ॥

અર્થ:--આ નિષ્ફળ ( નિરર્થક ) અધ્યવસાયથી મોહિત થયો થકો આત્મા પોતાને સર્વરૂપ કરે છે,--એવું કાંઈ પણ નથી કે જે-પર પોતાને ન કરતો હોય.

અજ્ઞાનીને સ્વરૂપમાં અણ-ઉત્સાહ છે ને પરમાં ઉત્સાહ છે; પરમાં આખો મોહિત થઈ જાય છે; સ્વરૂપનું ભાન નથી તેથી પરમાં આખો મોહિત થઈ જાય છે; જે પરમાં મોહિત થાય છે તે બધાં પરદ્રવ્યને પોતાનાં માને છે. જે એક પરદ્રવ્યને પોતાનું માને છે તે બધાં પરદ્રવ્યને પોતાનાં માને છે. જગતમાં એવું કોઈ દ્રવ્ય નથી કે જેને અજ્ઞાની પોતાનું ન કરતો હોય. અજ્ઞાનીને પરમાં એકત્વબુદ્ધિ છે તેથી તે બધાં પરદ્રવ્યને પોતાનાં કરે છે.

પોતાની અસ્તિ છે તે અસ્તિ માની નહિ તેથી ક્યાંક બીજે અસ્તિત્વ માનીને ટકશે તો ખરો જ. વસ્તુ તો જેમ છે તેમ છે જ, પણ રુચિમાં, પ્રતીતમાં ન આવે તેથી પરમાં અસ્તિત્વ માનીને ટકે છે. અજ્ઞાની બધાં પરદ્રવ્યમાં અસ્તિ સ્વીકારે છે.

જેને સ્વભાવનું ભાન છે તે પરદ્રવ્યમાં પોતાની અસ્તિ સ્વીકારતો નથી. હું પરિપૂર્ણ સ્વભાવના સામર્થ્યરૂપે છું, રાગના વિકલ્પરૂપે હું નથી, રાગનો એક અંશ પણ મારો નથી-એમ પરથી જુદા પોતાના સ્વભાવની અસ્તિની પ્રતીતિ થતા, ત્રણ-કાળ ને ત્રણલોકના પદાર્થ હું નથી, એક રાગનો અંશ પણ મારો નથી-એમ પ્રતીતિ થાય છે. એ રીતે ત્રણકાળનો રાગ ને ત્રણલોકના પદાર્થ મારા નથી એમ એક ક્ષણમાં પ્રતીતિમાં આવી ગયું.

એક પણ રાગના અંશને જેણે પોતાનો માન્યો તેણે ત્રણકાળના રાગને અને ત્રણકાળના તથા ત્રણલોકના પદાર્થને પોતાના માન્યા; સવળો પુરુષાર્થ કરે તો એક ક્ષણમાં પોતાને પરિપૂર્ણ માને છે અને ઊંધા પુરુષાર્થ વડે એક ક્ષણમાં ત્રણલોકના પદાર્થને પોતાના માને છે. માન્યતાના પલટામાં લાંબો કાળ નથી જો પુરુષાર્થ કરે તો એક ક્ષણમાં પલટી શકે છે.

લોકાલોકસ્વરૂપે હું છું અને સ્વ-સ્વભાવરૂપે હું નથી એવી જેની માન્યતા છે તે પોતાને આખા લોકાલોકસ્વરૂપે માને છે. જે પોતાને સ્વ-સ્વભાવરૂપે અખંડ પરિપૂર્ણ માને છે તે 'લોકાલોક મારામાં નથી' એમ માને છે. ઊંધી દૃષ્ટિમાં આખા લોકાલોકસ્વરૂપે પોતાને માન્યો. અને સવળી દૃષ્ટિમાં આખો-પરિપૂર્ણ પોતાને માન્યો. ઊંધી દૃષ્ટિ અને સવળી દૃષ્ટિ-બંને દૃષ્ટિનો વિષય આખો છે.

જે લોકાલોકસ્વરૂપે પોતાને માને છે તે ત્રણે કાળના રાગને અને ત્રણે કાળના અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયને પોતાનાં માને છે, તેનું વીર્ય ઊંધામાં અટકી જાય છે. લોકાલોક

જ્ઞાનમાં જણાય એવો સ્વ-પરને જાણવાનો આત્માનો સ્વભાવ છે, પણ લોકાલોકરૂપ પોતે થઈ જતો નથી. આવી સાચી પ્રતીત કરે તો એક ક્ષણમાં વીર્ય સવળું થાય છે.

જીવ અજ્ઞાનપણાને લઈને એમ માની રહ્યો છે કે-ભગવાન આત્મા હું નહિ પણ લોકાલોક હું છું. સ્વભાવમાંથી ગુલાંટ મારીને એમ માની રહ્યો છે કે પરવસ્તુ હું છું પણ આત્મા હું નથી. આવી માન્યતાનું ફળ નિગોદ છે. જેમ આત્માના અસલ સ્વભાવની પ્રતીતથી પૂર્ણ પર્યાય પ્રગટ થઈને મોક્ષ થાય છે, પ્રતીત થયા પછી પૂર્ણદશા સાધવાનો વચલો સાધકનો કાળ થોડો રહે છે તે અભૂતાર્થ છે, વ્યવહાર છે, તે લાંબો કાળ ટકવાનો નથી; તેવી રીતે ઊંધી પ્રતીતનું ફળ નિગોદ છે, તેમાં વચ્ચે ત્રસના ભવનો થોડો કાળ રહે તે વ્યવહાર છે, અભૂતાર્થ છે, તે લાંબો કાળ ટકવાનો નથી. ઊંધી માન્યતાનું ફળ નિગોદ છે, તેની વચ્ચે સ્વર્ગ-નરકના ભવ થાય તે અભૂતાર્થ છે, તે વ્યવહાર અલ્પકાળ છે. સવળી દૃષ્ટિનું ફળ મોક્ષ છે. આત્માનું ભાન થયા પછી એક બે ભવ થાય તે અભૂતાર્થ છે, કાયમ ટકનાર નથી. વચલો વ્યવહાર ગૌણ કરી નાખો તો સવળી પ્રતીત તે મોક્ષ છે ને અવળી પ્રતીત તે નિગોદ છે.

આત્માનો સ્વભાવ ભવનું કારણ નથી; ચિદાનંદ પરિપૂર્ણ હું એક સમયમાં છું—એવી પ્રતીતિ ભવના નાશનું કારણ છે. એ પ્રતીતિ થયા પછી અલ્પરાગ રહે તે પરના પડખે ગયો, સ્વભાવના પડખે નથી. પર્યાયમાં જે અધૂરાશ રહી તે નાસ્તિના પડખે છે, સ્વભાવના પડખે નથી. દ્રવ્યનો સ્વભાવ બંધનું કારણ નથી એટલે દ્રવ્યની પ્રતીતિ થતાં રાગ-દ્વેષાદિ વિકારો પરના પડખે ગયા. આત્માનું ભાન થયા પછી સ્વર્ગમાં જાય તોપણ તે પર પડખે છે, અભૂતાર્થ છે; સ્વભાવમાં ઊણો પર્યાય કે વિકારી પર્યાય નથી. એ દૃષ્ટિમાં ભવ નથી. પરંતુ આખો આત્મા તે હું નહિ પણ આખો સંસાર હું છું-એ દૃષ્ટિમાં અનંતા ભવ ઉભા છે. સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિના વિષયમાં કૃતકૃત્યપણું છે, છે, મુક્તપણું છે, અલ્પ અસ્થિરતા છે તે ગૌણ છે. દૃષ્ટિના જોરે સ્થિરતા વધારીને તે મુક્તિ લેવાનો જ છે.

અજ્ઞાનીને કર્તાપણાનો અભિપ્રાય ઉભો રહે છે તેથી ચોરાશી લાખ યોનિમાં રખડવાનું થાય છે. જગતમાં એવી કોઈ ચીજ નથી કે જેને તે સ્વભાવને ચૂકીને—પોતાની ન માનતો હોય. બધા પર પદાર્થને અજ્ઞાની પોતારૂપ માને છે. સવળા અભિપ્રાયથી મુક્તિ થાય છે અને ઊંધા અભિપ્રાયથી સંસાર થાય છે. સવળી ને અવળી શ્રદ્ધાના બે છેડા છે—મુક્તિ અને નિગોદ. પૂર્ણદશા પ્રગટ થયા પહેલાં સાધક દશાનો વચલો વ્યવહાર છે તે ગૌણ છે. જ્ઞાનનો બેહદ સ્વભાવ છે. વીર્યનો સ્વભાવ

પણ બેહદ છે. ઊંધું પડેલું વીર્ય પણ બેહદ છે, ત્રણકાળ ત્રણલોકને પોતાનાં માને છે માટે તે બેહદ છે. સવળું પડેલું વીર્ય પોતાના બેહદ સ્વભાવને સ્વીકારે છે, અખંડ અનંત સ્વભાવની પ્રતીત કરે છે માટે તે બેહદ છે.

ગાથામાં ને કળશમાં વાત તો એકની એક જ છે. જેમ લોટને કેળવીને ભાખરી કરો ને રોટલી કરો તો સ્વાદ જુદો જુદો આવે છે પણ બંનેમાં લોટ તો એકની એક જ વસ્તુ છે. તેમ એક જ્ઞાયક છૂટા તત્ત્વને જુદી જુદી કેળવવાની રીત છે. જુદાં જુદાં બધાં પડખેથી વર્ણવતાં કોઈ રીતે જીવોના ખ્યાલમાં આવી જાય કે આ ભગવાન આત્માનું સ્વરૂપ અદ્‌ભૂત છે. સમજાવવાના હેતુથી આચાર્યદેવે જુદી જુદી રીતે વર્ણન કર્યું છે. ૨૬૭.

ઊંધા અભિપ્રાયથી જીવો બધાં પરદ્રવ્યને પોતારૂપ કરે છે તે અર્થને સ્પષ્ટ રીતે હવે ગાથામાં કહે છે:—

सव्वे करेइ जीवो अज्झवसाणेण तिरियणेरयिए।
देवमणुये य सव्वे पुण्णं पावं च णेयविहं ॥२६८॥
धम्मधम्मं च तहा जीवाजीवे अलोयलोयं च।
सव्वे करेइ जीवो अज्झवसाणेण अप्पाणं ॥२६९॥

અર્થ:—જીવ અધ્યવસાનથી તિર્યંચ, નારક, દેવ અને મનુષ્ય એ સર્વ પર્યાયો, તથા અનેક પ્રકારના પુણ્ય અને પાપ એ બધારૂપ પોતાને કરે છે. વળી તેવી રીતે જીવ અધ્યવસાનથી ધર્મ-અધર્મ, જીવ-અજીવ અને લોક-અલોક—એ બધારૂપ પોતાને કરે છે.

હું એક ભગવાન આત્મા છું, જ્ઞાનમૂર્તિ છું, તેમ ભાન થતાં જગતના ધર્માસ્તિ આદિ જેટલા પદાર્થો છે તે બધા પદાર્થોની પ્રતીત આવી જાય છે. સ્વપદાર્થની પ્રતીતમાં પરની પ્રતીત આવી જાય છે. આત્માનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે, તે સ્વ-પર પ્રકાશક સ્વભાવની પ્રતીત આવતાં ધર્મ, અધર્મ વગેરે બધા પદાર્થોની

---

તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય પાપ વિવિધ જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.
વળી એમ ધર્મ અધર્મ, જીવ અજીવ, લોક અલોક જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.

પ્રતીત સાથે આવી જાય છે કે—આ હું, અને આ લોકાલોક છે તે હું નહિ. સ્વ-પરને જાણવાનો સ્વભાવ મારો છે પણ પરવસ્તુથી હું ભિન્ન છું; ધર્માસ્તિકાય આદિ પદાર્થ જ્ઞાનમાં પ્રત્યક્ષ ભલે ન જણાય છતાં પણ સ્વ-પરને જાણવાનો સ્વભાવ મારો છે એવી પ્રતીતિમાં બધા પદાર્થની પ્રતીતિ આવી જાય છે. દેવ, ગુરુ, શાસ્ત્ર, સત્ શ્રવણ વગેરે બધાંની પ્રતીતિ પોતાની પ્રતીત થતાં જેમ છે તેમ યથાર્થપણે આવી ગઈ છે. પોતાનું સ્વરૂપ તરફ વલણ થયું તેથી પૂર્ણ સત્ સ્વભાવનું ભાન થયું. સ્વ-પરને જાણવાની પ્રતીત આવી તેમાં બધી પ્રતીત યથાર્થપણે આવી ગઈ છે. પોતાના અનંત ગુણને પોતા વડે જાણનારની પ્રતીતમાં આખા જ્ઞાનની પ્રતીત આવી જાય છે; આખા જ્ઞાનની પ્રતીત આવતાં જ્ઞાનમાં કોઈ જ્ઞેયો જણાવા બાકી રહેતા નથી; જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, કાળાદિ છ પદાર્થો અને તેની અનંતાનંત સંખ્યા જ્ઞાનમાં જણાય જાય છે. પરને 'હું' માનનાર અજ્ઞાની પોતાને સર્વરૂપ કરે છે. પરને પોતાનું માનવામાં અનંતુ ઊંધુ વીર્ય આવી જાય છે. તેને ખબર હોય કે ન હોય તોપણ તે સર્વ દ્રવ્યોને પોતારૂપ કરે છે. એને ભલે ખબર ન હોય કે ધર્માસ્તિકાયાદિ પદાર્થો આવી જાતના છે, તોપણ એક પર પદાર્થને પોતાનું માનતાં સર્વ દ્રવ્યોને પોતારૂપ કરે છે. પરને પોતાનું માનવામાં આખું વીર્ય અટકી જાય છે. જ્યારે સ્વપદાર્થને માન્યો ત્યારે સ્વપદાર્થ પોતે આખો પ્રતીતમાં આવ્યો અને પરને પોતાપણે ઊંધી માન્યતાથી માન્યા ત્યાં પર પદાર્થ આખેઆખા પોતાપણે પ્રતીતમાં આવ્યા ને સ્વપદાર્થ આખાને ચૂકયો.

જીવ અધ્યવસાનથી જેટલા ઢોરના ભવ છે તેને પોતારૂપ કરે છે. એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય તિર્યંચ સુધીના જે જે ભવો છે તેને પોતાના માને છે; પૃથ્વી-પાણી વગેરે, કીડી-મકોડા વગેરે અને હાથી-ઘોડા વગેરે તિર્યંચના ભવોને પોતાના માને છે. જે જીવ ભવોને પોતાના માને તે બધા પદાર્થને પોતાના માન્યા વિના રહેતો નથી. એવી રીતે નારકીના જીવો પણ નરકના શરીરને અને શરીરના પ્રવર્તનને પોતાનું માને છે, માટે તે પણ બધા પદાર્થને પોતાના માને છે.

તેમ દેવના જીવો પણ દેવના શરીરને પોતાનું માને છે, દેવના વૈક્રિયિક શરીરની ક્રિયાને પોતાની ક્રિયા માને છે. એ રીતે અજ્ઞાનથી હું દેવરૂપ જ છું એમ જીવો માને છે.

મનુષ્યના શરીરને અજ્ઞાનથી જીવ પોતારૂપ માને છે. મનુષ્યનું શરીર ધર્મ પામવામાં મદદ કરે છે, મનુષ્યનું શરીર કેવળજ્ઞાન પામવામાં મદદ કરે છે એવું

માનનાર ત્રણકાળ ત્રણલોકના જેટલા પદાર્થ છે તેને પોતાના માને છે. કેવળજ્ઞાન વજ્રઋષભનારાચસંઘયણથી જ થાય છે એમ માનનારે આત્માની પૂર્ણાનંદ શક્તિને પ્રગટ કરવા માટે પર પદાર્થની જરૂર છે તેમ માન્યું. તેણે પરને પોતારૂપ માન્યા. આવું માનનાર મનુષ્યના શરીરને અને આત્માને એક માને છે પણ ભિન્ન માનતો નથી. કેવળજ્ઞાન પામતી વખતે વજ્રઋષભનારાચસંઘયણ વગેરે હોય છે. એ સાધન વિના કેવળજ્ઞાન ન થાય એટલે કે કેવળજ્ઞાન પામતી વખતે તે નિમિત્તો હોય છે, પણ એનાથી કેવળજ્ઞાન થાય છે-તેમ નથી.

સમ્યગ્દર્શન પામતી વખતે અને કેવળજ્ઞાન પામતી વખતે અનુકૂળ નિમિત્ત હોય છે, પણ નિમિત્તથી કાર્ય થાય છે એમ નહિ, નિમિત્ત નિમિત્તને કારણે છે. આને કારણે નહિ.

સત્ સ્વરૂપ સમજવા ટાણે સત્સમાગમ વિના ન સમજાય તે બરાબર છે, પણ સત્સમાગમ વડે ન સમજાય, એટલે કે સત્સમાગમ સમજાવી દેતો નથી.

ઘડો થવા વખતે કુંભાર હાજર હોય પણ વકીલ ન હોય; ઘડારૂપ પર્યાય માટી પોતે પરિણમીને થાય છે; તે ઘડાને થવાને અનુકૂળ કુંભાર આદિ નિમિત્ત હોય છે. નિમિત્ત એના પોતાના સ્વતંત્ર કારણે આવે છે ને માટીમાંથી ઘડો થવારૂપ પર્યાય થાય છે તે માટીના પોતાના સ્વતંત્ર કારણે થાય છે, છતાં તે પર્યાય થવામાં નિમિત્તની હાજરી હોય એટલો સંબંધ છે; પણ તેથી કુંભારે ઘડો કર્યો તે વાત ખોટી છે.

ભગવાને છ દ્રવ્ય કહ્યા છે. દ્રવ્ય એટલે જે દ્રવે-પ્રવહે તેને દ્રવ્ય કહેવાય છે. પદાર્થમાં ક્ષણે ક્ષણે અવસ્થા પ્રવહે છે. માટીમાંથી ઘડો થવારૂપ અવસ્થા પ્રવહે છે તે ટાણે કુંભાર, લાકડી, દોરી, ચક્ર વગેરે અનુકૂળ નિમિત્ત હોય છે પણ નિમિત્તથી ઘડો થતો નથી, ઘડો માટીથી થાય છે.

પુણ્ય-પાપમાં જેને એકત્વબુદ્ધિ છે તેણે બધાં પુણ્ય-પાપને પોતાનાં માન્યા છે. કેટલાક જીવોએ તો બિચારાએ કેટલાક પુણ્યના ભાવ કર્યા પણ ન હોય, જેમ કે સર્વાર્થસિદ્ધિદેવના પુણ્યના ભાવ નથી કર્યા, તીર્થંકર નામકર્મની પ્રકૃતિ બંધાય તે જાતના પુણ્યના ભાવ નથી કર્યા છતાં બધા પુણ્ય-પાપના ભાવને પોતારૂપે કરે છે એમ આચાર્યદેવ કહે છે.

તીર્થંકર પ્રકૃતિ તો જે તીર્થંકર થવાના હોય તે જ બાંધે; સર્વાર્થસિદ્ધિદેવનો ભવ જે એકભવ કરીને મુક્તિ જવાના હોય તે મુનિવરો જ બાંધે, માટે આવા પુણ્યના

ભાવ અજ્ઞાનીએ તો કર્યા હોય જ નહિ, છતાં પણ કહ્યું કે અજ્ઞાની બધાં પુણ્યને પોતાના માને છે. તેનું કારણ એ છે કે જેણે એક પણ પુણ્યનો ભાવ પોતાનો માન્યો તેણે બધા પુણ્યના ભાવ પોતાના માન્યા જ છે. જેણે એક પણ પર પદાર્થને પોતારૂપ માન્યો તેણે એકમાં અનેકને પોતારૂપ માન્યા જ છે. અહીં તો બે જ વાત છે—કાં તો આખો તું ને કાં તો આખો પર, બીજી વચલી વાત નહિ.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ને કાળ; ધર્માસ્તિકાય ગતિ કરતા જડ-ચૈતન્યને ઉદાસીન નિમિત્ત છે, અધર્માસ્તિકાય ગતિ કરતા જડ-ચૈતન્ય સ્થિર થાય તેને સ્થિતિમાં ઉદાસીનપણે નિમિત્ત છે, આકાશાસ્તિકાય બધાં દ્રવ્યને ઉદાસીનપણે જગ્યા દેવામાં નિમિત્ત છે, ને કાળ દ્રવ્ય બધાં દ્રવ્યને પરિણમનમાં ઉદાસીનપણે નિમિત્ત છે. આ સર્વે દ્રવ્યોને અજ્ઞાની પોતારૂપ કરે છે.

અજ્ઞાનીને કેટલાકને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચાર દ્રવ્યની ખબર પણ હોતી નથી, એ ચાર દ્રવ્યનું નામ પણ જાણતા નથી, છતાં પણ તે પદાર્થને પોતારૂપ કરે છે, કારણ કે જેણે એક પદાર્થ પોતારૂપ માન્યો તેણે સર્વ પદાર્થ પોતારૂપ માન્યા તેમ આવી ગયું. પર બાજુ ગયો ત્યાં આખા લોકાલોકને તેણે પોતારૂપ કર્યા છે, ભલે તેને લોકાલોકની ખબર ન હોય, પણ પર આખું પોતારૂપ કર્યું, તેમાં લોકાલોક આવી ગયા.

સ્વતત્ત્વની પ્રતીત બેઠી તેમાં બધા પદાર્થની પ્રતીત આવી ગઈ છે. એક સ્વતત્ત્વ ઉપર દૃષ્ટિ ગઈ ત્યા આખું તત્ત્વ ખીલી ગયું. જેવી સર્વજ્ઞને પ્રતીત છે તેવી પ્રતીત નીચલી ભૂમિકામાં પણ સ્વ પદાર્થને જાણતાં થઈ જાય છે. મીઠું ખારું છે એમ જ્ઞાનમાં જાણવા છતાં જ્ઞાન પરરૂપે થઈ જતું નથી. કેમકે ખરેખરી રીતે જ્ઞાન જ્ઞાનને જ જાણે છે. સ્વપદાર્થના જ્ઞાનમાં પરનું જ્ઞાન આવી જાય છે પણ જ્ઞાન પરરૂપે થઈ જતું નથી. જગતમાં જેટલા પદાર્થો છે તેને એમ જાણે છે કે આ પદાર્થ છે, આ પદાર્થ છે; પણ તેને—આ હું છું, આ હું છું-તેમ જ્ઞાની જાણતા નથી. હું આખો મારામાં છું, પર તે પરમાં છે; પોતાને વાસ્તવિક જાણતાં, પર મારામાં નથી એમ સહેજે આવી જાય છે.

ભગવાન આત્મા અખંડાનંદ છે. તે આખા આત્માને જે નથી માનતો તે ગુંલાટ મારીને, પર પદાર્થ આખા છે તે આખા પરને પોતામાં એકત્વપણે માની રહ્યો છે. જેણે પોતાને આખો ન માન્યો તેણે પર જીવ કે જડ બધાં મને લાભ-નુકશાન કરી જ રહ્યા છે તેમ માની જ લીધું છે. એવા અભિપ્રાયમાં તેણે અનંતા પરને પોતાના માન્યા છે, અનંતા બીજા આત્મા અને અનંતા જડ પદાર્થ મારા છે-તેમ

અનંતો ઊંધો અભિપ્રાય કર્યો છે; અંતરમાં આવો ઊંધો અભિપ્રાય હોય ને શરીરને બે ઘડી-ચાર ઘડી સામાયિકને બહાને બેસાડી રાખે, પછી માને કે બે ઘડી-ચાર ઘડીમાં કેટલો સામાયિકનો ધર્મ થયો ! પણ ભાઈ, આત્મા બે ઘડી કયાં બેઠો છે તેની કાંઈ સંભાળ લીધી ખરી ? દેહ બે ઘડી બેઠો તો તે તેના કારણે બેઠો છે. આત્મા કાંઈ દેહમાં નથી, આત્મા તો આત્મામાં જ છે. જેને ભવના નાશ કરવાના ભાવની ખબર નથી તે ભલે પંચ મહાવ્રતમાં ઊભો હોય, અણુવ્રતમાં ઊભો હોય, તોપણ બંધમાં ઊભો છે. કાં તો બંધથી ઊઠી ગયો છે, કાં તો બંધમાં ઊભો છે,-બે વાત છે. બંધથી ઊઠી ગયો છે તો સ્વભાવમાં ઊભો છે. જ્યાં જેની દૃષ્ટિનું ઠરવું છે ત્યાં તે ઊભો છે, સ્વભાવની દૃષ્ટિમાં ઊભો છે તો સ્વભાવમાં જ ઊભો છે. જો સ્વભાવદૃષ્ટિમાં નથી તો પર દૃષ્ટિમાં ઊભો છે એટલે કે બંધમાં ઊભો છે. કયાંક ઊભો તો છે જ, એટલે કે કયાંક પણ પોતાનું અસ્તિત્વ કબૂલીને રહેશે. ભલે નરકમાં હોય કે ઢોરમાં હોય, મનુષ્યમાં હોય કે દેવમાં હોય છતાં પોતે તો આત્મામાં જ ઊભો છે, જેણે પોતાને કબૂલ્યો તે પોતામાં જ ઊભો છે.

શ્રેણીક રાજા નરકમાં છે એમ વ્યવહારે કહેવાય છે પરંતુ ખરી રીતે શ્રેણીક રાજા નરકમાં નથી, એમની દૃષ્ટિ અંતર આત્મા ઉપર ઊભી છે, સ્વરૂપનું પરિણમન થઈ ગયું છે માટે શ્રેણીક રાજા સ્વભાવમાં ઊભા છે પણ નરકમાં ઊભા નથી.

જ્ઞાની ગમે તેવા સંયોગમાં પણ પોતામાં જ ઊભો છે. અજ્ઞાની નવમી ગ્રૈવેયક-માં હોય તોપણ પરમાં ઊભો છે. સ્વભાવની દૃષ્ટિ થતાં આખો સ્વમાં ઊભો છે એવું સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. આ તેરમા ગુણસ્થાનની-કેવળજ્ઞાનની વાત નથી પરંતુ તેરમા ગુણસ્થાનના કેવળજ્ઞાનને પામવાની-સમ્યગ્દર્શનની વાત છે.

પ્રભુ ! તારી પ્રભુતા પરને ન સોંપાય. પરમાં તું આવી જતો નથી. પર જુદાં ને તું જુદો છે. તારા સ્વભાવને જાણનાર તરીકે નાથ એવો ભગવાન પોતે આત્મા છે તો ખરો, પણ તું તારી પ્રભુતા ચૂકયો તેથી ભગવાન પોતે તને ભાસતો નથી અને એકલું પર જ તને ભાસે છે. પરંતુ જો તું ગુલાંટ ખા, તો તારા જ્ઞાનમાં એવું સામર્થ્ય છે કે તું પોતે અને આખો લોકાલોક જણાય. સ્વભાવની પ્રતીત થતાં ઢોરને પણ અવ્યક્તપણે આખા લોકાલોકના ભાવોની પ્રતીત આવી જાય છે. સ્વની પ્રતીત થતાં પ્રતીતમાં અને જ્ઞાનમાં લોકાલોકની પ્રતીત તથા જ્ઞાન અપ્રગટપણે આવી જાય છે, એવો વસ્તુનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે.

એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરી શકતું નથી; છએ દ્રવ્યો પોતપોતાનાં કાર્યો કરે છે, કોઈ કોઈનું કાંઈ કરી શકતાં નથી. જીવ દ્રવ્યમાં દેવ-ગુરુ પણ આવી

જાય છે, તે પણ કોઈનું કાંઈ કરી શકતા નથી; તોપણ આગળ વધવામાં સત્‌નું નિમિત્ત વચ્ચે આવ્યા વિના રહેતું નથી. પ્રથમ સમ્યગ્દર્શન પામ્યા પહેલાં એકવાર સત્‌નું નિમિત્ત આવે ખરું. ઉપાદાન તો પોતાનું છે પણ સત્‌નું ટચપણું આવ્યા વિના રહેતું નથી; સત્‌નું નિમિત્ત અને સત્‌નું જ ટચપણું હોય.

જ્ઞાની સત્‌નું બહુમાન કરે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા યથાર્થપણે કરે છે, પરંતુ પોતાની મહિમા ચૂકતો નથી, પોતાનું ભાન ચૂકતો નથી. પ્રશસ્ત રાગ ઉભો છે ત્યાંસુધી દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા આવ્યા વગર રહેતી નથી.

સત્‌સ્વરૂપ પ્રગટતાં વચ્ચે કોઈ અસત્ નિમિત્ત આવીને સમજાવી જાય એમ ત્રણ કાળમાં ન બને, સત્‌ના જ ટચનું નિમિત્ત બને; કોઈ અસત્ નિમિત્ત આવ્યું હોય તો પોતે સમજી જાય કે આ અસત્ છે, તેથી અસત્‌નું નિમિત્ત છૂટીને સત્‌નું આલંબન લઈને પોતા તરફ ઢળે છે. સ્વભાવમાં જ્યાં જામી ગયો ત્યાં નિમિત્તનું લક્ષ છૂટી જાય છે. પરંતુ જ્યારે બહાર આવે છે ત્યારે સત્‌નું બહુમાન આવ્યા વગર રહેતું નથી; દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન આવે છે પણ પોતાની મહિમા ચૂકતો નથી. સત્‌સ્વરૂપ પ્રગટતી વખતે સત્‌નું જ નિમિત્ત હોય, અસત્ ન જ હોય; છતાં સમજે છે પોતાના અવલંબનથી. સ્વરૂપમાં જ્યાં ઠરે છે ત્યાં નિમિત્તનું લક્ષ છૂટી જાય છે, પરંતુ અધૂરો છે ત્યાંસુધી શુભ રાગ આવ્યા વગર રહેતો નથી, દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન આવ્યા વગર રહેતું નથી.

ભગવાન આચાર્યદેવને પણ સત્‌ને દેખાડવાનો શુભરાગ આવ્યો છે. આચાર્યદેવે પાંચમી ગાથામાં શરૂઆત કરતાં કહ્યું છે કે હું સત્‌ને દેખાડીશ. જો દેખાડું તો પ્રમાણ જ કરજો. હું સત્‌ને જાહેર કરીશ; જો સત્‌ને જાહેર કરું તો પ્રણામ જ કરજો; એમ કહીને સાંભળનાર અને કહેનાર બન્નેને એક કરી નાખ્યા છે.

આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! આવી વાત જાહેર થઈને તારે કાને પડે છે, તું તૈયાર થઈને સામે ઉભો છે અને તું તૈયારીથી સાંભળે છે તો તારી મુક્તિ ન થાય તેમ બને જ નહિ. ત્યારે હા પાડનાર કહે છે કે ભગવાન! તમે કહો છો તેવો જ હું છું, તમે મારી મુક્તિ ભાળી છે તો પ્રભુ! મેં પણ મારી મુક્તિ ભાળી જ છે. આચાર્યદેવ કહે છે કે અમે પ્રમાણ કરનારાને જ ભાળીએ છીએ, નહિ પ્રમાણ કરનારને અમે ભાળતા જ નથી.

આ આત્મા ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાયથી પોતાને હિંસક

કરે છે, (અહિંસાના અધ્યવસાયથી પોતાને અહિંસક કરે છે) અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે.

ક્રિયા જેનો ગર્ભ છે, એનો અર્થ એમ છે કે હિંસા આદિનાં અધ્યવસાનો રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલાં છે, અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.

શરીર, વાણી, મનની ક્રિયાની અહીં વાત નથી; અહીં તો ઊંધા અભિપ્રાયને ક્રિયા કહી છે. બીજા મને લાભ નુકસાન કરે, હું બીજાને લાભ નુકસાન કરું એવી ઊંધી માન્યતારૂપ ક્રિયા તેમ જ રાગદ્વેષરૂપ વિકારી પરિણામ, અને તેનો જાણનાર જ્ઞાયક આત્મા, તે બન્નેને એકત્વરૂપ માન્યા, આત્માના ત્રિકાળી સ્વભાવને વિકારરૂપ માન્યો, તે જ ઊંધા અભિપ્રાયરૂપ ક્રિયા થઈ. તે ક્રિયા અધ્યવસાયનો ગર્ભ થાય છે. જ્યાં ગર્ભ હોય ત્યાં જન્મ થાય છે તેમ ઊંધી માન્યતારૂપ ગર્ભમાંથી ચોરાશીના અવતાર જન્મવાના.

ત્રિકાળી નિર્મળ આત્માને અને આ અધ્યવસાનને એક માન્યા તે ક્રિયા જ હિંસા છે ને તે હિંસાના અધ્યવસાનથી અજ્ઞાની જીવ પોતાને હિંસક કરે છે. હું પરને મારું ને પરને જિવાડું એવો ભાવ આત્માના સ્વભાવમાં નથી, છતાં સ્વભાવથી વિપરીત અભિપ્રાય કરે તે અભિપ્રાય રાગ-દ્વેષ ને અજ્ઞાનનું ઊંડું પેટ છે, તેમાંથી જ રાગ-દ્વેષ ને અજ્ઞાન જન્મે છે. અજ્ઞાની હિંસાના અધ્યવસાયથી આત્માને હિંસક કરે છે તેમ અહિંસાના અધ્યવસાયથી અહિંસક કરે છે.

કોઈ આમાં એમ કહે કે 'અહિંસા કરે તે તો સારું, છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો!' પણ ભાઈ! અહિંસા એટલે પરની દયા પાળવાનો રાગભાવ, તે દયાના રાગને અને આત્માને એક માને છે તેથી અજ્ઞાની છે. પરની દયા મારાથી થાય છે એવું માનનાર ત્રિકાળી શુદ્ધ આત્માને અને દયાના રાગને એક માને છે, તે અજ્ઞાનરૂપ અભિપ્રાય પણ ગર્ભમાં ગળાવાનું કારણ છે. તે અભિપ્રાય સવળો કરે તો અનુભવ ને આનંદનું કારણ થાય છે.

જેમ અજ્ઞાની હિંસાના અધ્યવસાયથી પોતાને હિંસક કરે છે તેવી જ રીતે ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક કરે છે. જેને પંચેન્દ્રિયની હિંસા કરવાના પરિણામ છે, માંસ ખાવાના પરિણામ છે, ગર્ભપાત કરવાના પરિણામ છે તે પરિણામ પોતે જ નારકી છે, તે ભાવ જ દુઃખનું કારણ છે; પછી તેને નરકનો સંયોગ મળે તે તો બહારની વાત છે, પણ નરકનો અભિપ્રાય તે જ ખરો નારકી છે.

સં. ૨૦૦૦, મા. સુ. ૧૧, મંગળવાર

વસ્તુ, વસ્તુના ગુણ ને વસ્તુનો પર્યાય તે ત્રણે વસ્તુથી અભેદ છે, માત્ર લક્ષણાદિ ભેદે ભેદ છે. કોઈ પર દ્રવ્યના ગુણ-પર્યાય આત્મામાં આવતા નથી અને આત્માના ગુણ-પર્યાય પરમાં જતા નથી. આત્માના જ્ઞાનાદિ ગુણ અને વિકારી ભાવ તે બન્ને એક છે એવી માન્યતા છે તે અનાદિ બંધનનું કારણ છે.

આચાર્યદેવ કહે છે કે ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી જીવ પોતાને હિંસક કરે છે.

બીજાને હણવાનો દ્વેષભાવ અને હણવાની ક્રિયા તે બન્ને આત્મામાં નથી. ક્રિયા થાય છે તે જડની છે અને વિકારી ભાવ થાય છે તે કર્મના નિમિત્તે થતો ભાવ છે. પોતે એવા ઊંધા પરિણામે પરિણમે છે તેથી એવા ઊંધા ભાવ થાય છે. બીજાને હું મારું તેવો ભાવ અને મારવાની ક્રિયાનો એકત્વ ભાવ છે તે ચોરાશી લાખના અવતારનો ગર્ભ છે-પેટ છે.

ભગવાન આત્મામાં અનંતજ્ઞાન, સુખ આદિ અનંતગુણો ભર્યા છે. ભગવાન આત્મામાં સિદ્ધપદનો ગર્ભ છે, તેમાંથી સિદ્ધપદ ફાટે છે. બેહદ જ્ઞાન, બેહદ દર્શન, બેહદ રમણતા, બેહદ વીર્ય, બેહદ પરમાનંદ પ્રગટ દશા એ બધું આત્માના ગર્ભમાંથી પ્રગટે છે; એ બધાંને પ્રગટવાનું પેટ આત્મા છે, તે બધું આત્મામાંથી પ્રગટે છે.

અંતર્મુખના લક્ષે એક પણ વિકારી વૃત્તિ ઉત્પન્ન ન થાય, અંતર્મુખના લક્ષે સર્વાર્થસિદ્ધિનો ભવ અને તીર્થંકરપદ પણ ન પ્રગટે. આત્માનો સ્વભાવ તો સિદ્ધપદ પ્રગટવાનો ગર્ભ છે, અને પર તરફના વલણમાં ચોરાશીના અવતાર ફાટે છે.

અભવીનો આત્મા પણ અનંતા ગુણો પ્રગટ થવાનો ગર્ભલો જ છે પણ તે પલટી શકતો નથી; અભવીના આત્મામાં પણ અનંત ચતુષ્ટય ભર્યા છે પણ તે પ્રગટ કરી શકતો નથી.

પરથી પોતે જુદો છે, પરનું પોતામાં નાસ્તિપણું છે અને પોતાનું પરમાં નાસ્તિપણું છે, તો બે દ્રવ્ય એક કઈ રીતે થાય? પણ પોતે ભાવ કરે કે હું બીજાને હણી શકું છું, તે ભાવ બંધનનું કારણ છે. પરને અને પોતાને એકપણે માનવારૂપ રુચિનો ભાવ છે તેમાં ચોરાશી લાખનો ગર્ભ છે.

એક બાજુ ભગવાન આત્મા જ્ઞાન-આનંદનો ગર્ભ છે અને બીજી બાજુ પરને હું હણી શકું છું-તે ભાવમાં ચોરાશીનો ગર્ભ છે.

આત્મા બેહદ જ્ઞાન-આનંદનો પિંડ છે તેની દ્રઢતા ન હોય, તેની પ્રતીત ન

હોય તો પર તરફ ગુલાંટ ખાધા વગર રહેશે નહિ. કાં સ્વમાં અહંપણું કરશે અને કાં પરમાં અહંપણું કરશે. બેહદ પૂર્ણાનંદ ભર્યો છે તેને ચૂકયો તો પરમાં અહંપણું, અને તેનું ભાન કર્યું તો સ્વમાં અહંપણું, એ બેમાંથી એકમાં અહંપણું થયા વગર રહેશે નહિ. તેથી કાં બંધન થશે અને કાં મોક્ષ થશે.

જેનો જ્ઞાનસ્વભાવ બેહદ છે તેમાં પરિમિતપણું ન હોય, મર્યાદા ન હોય, તે અપરિમિત જ હોય અને બેહદ જ હોય; તેમાં દુઃખ ને પરાધીનતા ન હોય. તેવા સ્વભાવની દૃઢતાથી તેનું જ્ઞાન થયું અને તેની રમણતા થઈ ત્યાં આત્માના પેટમાંથી અનંત કેવળજ્ઞાન ફાટે છે, ને ઊંધી દૃષ્ટિના પેટમાંથી અનંત ચોરાશીના અવતાર ફાટે છે.

આત્મામાં વિકાર થાય તે નિમિત્ત-કર્મ કરાવતું નથી, જડ કરાવતું નથી, આત્માના પર્યાયમાં વિકાર થવાની યોગ્યતા છે એટલે વિકાર થાય છે. યોગ્યતાનો અર્થ એવો છે કે પોતે નિમિત્તાધીન થાય તો વિકાર થાય, સ્વાધીન થાય તો સ્વભાવ પ્રગટે; નિમિત્તવશ પ્રાણી ભાવ કરે છે એમ જ્યાં વાત આવે ત્યાં માણસો 'વશ' ભૂલી જાય છે ને નિમિત્તથી થાય તેમ માની લે છે. 'વશ' શબ્દમાં પોતાની સ્વતંત્રતા આવે છે. નિમિત્તવાસી પ્રાણી છે માટે નિમિત્તથી બચવું એમ કહેવામાં આવે છે; નિમિત્તની વાસના જેને ન બેસે એટલે કે નિમિત્તને વશ જે ન થાય તેને નિમિત્તવાસી કહેવાય નહિ, જે નિમિત્તવશ થાય તેને નિમિત્તવાસી કહેવાય છે. નિમિત્ત કાંઈ કરી દેતું નથી; પોતે નિમિત્તવશ થાય છે તેથી નિમિત્ત છોડવાનું કહેવાય છે, પરંતુ નિમિત્તથી કાંઈ લાભ નુકસાન થતું નથી.

ભગવાન ત્રિલોકીનાથની ધ્વનિ સાંભળીને પણ કોઈ ઊંધો ભાવ કરે છે, તો નિમિત્ત શું કરી શકે છે? પોતાના અભિપ્રાય પ્રમાણે નિમિત્તને આરોપ અપાય છે. એનું એ નિમિત્ત હોય છતાં એકને બંધનું કારણ થાય ને બીજાને મોક્ષનું કારણ થાય.

બીજાને જિવાડવાની ને હણવાની ક્રિયા મારાથી થાય છે એવા ઊંધા અભિપ્રાયના પેટમાંથી અનંત સંસાર ફળે છે, અને સવળા અભિપ્રાયના પેટમાંથી અનંત બેહદ સ્વભાવ ફાટે છે.

અજ્ઞાની એમ માને છે કે હું દયા પાળું છું, સત્ય બોલું છું, બ્રહ્મચર્ય પાળું છું, અપરિગ્રહવ્રત પાળું છું. હવે એમાં વસ્તુ તો જ્યાં પડી છે ત્યાંની ત્યાં છે. વસ્તુ કયાં આત્માએ ગ્રહણ કરી છે કે આત્મા એને છોડી શકે? પણ અજ્ઞાનીની સંયોગ ઉપર દૃષ્ટિ છે તેથી તે એમ માને છે કે સંયોગ છોડીને અસંયોગીપણાને પ્રાપ્ત કર્યું, તેથી મને ધર્મ થયો, પણ પરને દૂર કરું તો મારા આત્મામાં લાભ થાય તે દૃષ્ટિ

ખોટી છે. આત્માના પર્યાયમાંથી ખોટી માન્યતા અને કષાય કાઢવો રહ્યો, વસ્તુને કાઢવી ન રહી; કારણ કે આત્મામાં પર વસ્તુ પેસી ગઈ નથી તેથી કાઢવાની પણ ન રહી. કષાય કાઢવાનો અર્થ શું છે? કે અકષાય સ્વભાવની દૃષ્ટિ કરવી. અકષાયની દૃષ્ટિ વિના કષાયનો વ્યય કરશે કોણ? મીટ તો અકષાય ઉપર છે કે કષાય ઉપર? અકષાય-સ્વભાવ ઉપર મીટ માંડયા વિના કષાયનો વ્યય થશે નહિ. 'હું જ્ઞાતા-દ્રષ્ટા અકષાય સ્વભાવ છું'—એ પ્રમાણે, જે સ્વભાવમાં કષાય નથી તેવા અકષાયના ભાન વગર પ્રયત્ન ઊગશે કયાંથી? અકષાયસ્વભાવના જોરે કષાયનો નાશ થાય છે; નાસ્તિ તે અસ્તિ વિના થશે કયાંથી? માટે અકષાયસ્વભાવની દૃષ્ટિરૂપ અસ્તિના જોરે કષાયની નાસ્તિરૂપ વ્યય થશે.

ઘણા કહે છે કે જે વિકલ્પ આવે તેને કાઢી નાખવો, પણ ભાઈ! વિકલ્પ કાઢીને પછી રહેશે શું એનું કાંઈ ભાન ખરું? ઘણા અન્યમતિ કહે છે કે 'ચિત્તવૃત્તિ-નિરોધો ધ્યાનં' એટલે એનો અર્થ એમ છે કે ચિત્તવૃત્તિને રુંધવી તે ધ્યાન છે,—આ કથન નાસ્તિ તરફનું છે. પરંતુ 'એકાગ્રચિંતાનિરોધો ધ્યાનં'—આત્મામાં એકાગ્રતા-પૂર્વક ચિત્તનું રૂંધન તે ધ્યાન છે,—આ વાકય અસ્તિ તરફનું છે; અસ્તિના જોરે નાસ્તિ થાય છે, અસ્તિમાં આખુ જોર કષાયને નાશ કરવાનું પડયુ છે. અકષાય-સ્વભાવની પ્રતીતિ વિના કષાયનો નાશ થતો નથી, ખરો ત્યાગ થતો નથી, ખરું ચારિત્ર થતું નથી. અકષાયસ્વભાવની પ્રતીતિ વિના કષાયનો નાશ કરવો તે નામમાત્ર છે, કથનમાત્ર વ્યવહાર છે. ઉપચાર છે, સ્વભાવ ઉપર મીટ માંડતાં નિર્મળ પર્યાયની ઉત્પત્તિ ને કષાયનો વ્યય સહજ થાય છે. કષાયને ટાળવો પડતો નથી પરંતુ સ્વભાવ ઉપર મીટ માંડતાં સહેજે કષાય ટળી જ જાય છે.

નિર્મળ પર્યાયની ઉત્પત્તિ થઈ તેમ કહેવું તે પણ વ્યવહાર છે, કારણ કે પર્યાય પૂરતો આત્મા નથી.

આત્મા સ્ફટિક જેવો નિર્મળ છે, તેની પ્રતીત વિના કષાયનો વ્યય થશે નહિ. ધર્મનો સંબંધ ધર્મી સાથે છે કે બીજા સાથે? વસ્તુસ્વભાવ ઉપર મીટ માંડયા વગર ધર્મ થશે કયાંથી?-શરણું લઈશ કોનું?-સુખી થઈશ કયાં?-શાંતિ લેવા જઈશ કયાં? સત્ સ્વભાવના અસાવધાનપણામાં રહેલો ભાવ, તે સ્વભાવના એકત્વપણા વિના પર સાથે એકત્વબુદ્ધિપણાનો ભાવ છે, ને તે ભાવ ચોરાશીના અવતારમાં રખડવાનું પેટ છે.

વસ્તુ, વસ્તુના ગુણ અને વસ્તુનો કારણપર્યાય ત્રણે નિર્મળ છે, તે અખંડ વસ્તુના લક્ષે સ્વભાવ ઊઘડી જાય છે.

જે એમ માને છે કે હું કષાયને છોડું, તે કષાયને પોતાનો માનીને છોડવા માંગે છે; માનવો પોતાનો ને છોડવો તે કેમ બનશે? પણ કષાય મારા ચૈતન્ય સ્વભાવમાં જ નથી, મારા આત્મામાં કષાય ત્રણ કાળમાં નથી, એવું ભાન પહેલાં લાવ, પછી છૂટશે. ચૈતન્ય સ્વભાવમાં કષાય છે જ નહિ તેમ ભિન્ન જાણ, તો કષાય છૂટશે-કષાયનો વ્યય થશે.

જે જીવ ઊંધો પડયો તે ઊંધાઈમાં પણ જોર એવું આપે છે કે ત્રિલોકીનાથ તીર્થંકરદેવ આવે તોપણ તેની ઊંધાઈ છોડતો નથી. જેમ મકોડે બટકું ભર્યું પછી તેનું ઠીંડુ તૂટે તોપણ તેની પકડ મૂકે નહિ, તેમ અજ્ઞાનીએ પર વસ્તુમાં એવી પકડ કરી છે કે ચારગતિમાં ચોરાશીના અવતારમાં રખડી રખડીને મરી જાય તોપણ પોતાની પકડ છોડતો નથી. બાયડીમાં, છોકરામાં કે પોતાની કલ્પનામાં સુખ કયે ઠેકાણે છે તે જોયા વિના, જાણ્યા વિના ઊંધી પકડમાં એવું જોર આપ્યું કે તીર્થંકરદેવ કહે તોપણ પકડ મૂકે નહિ.

સવળામાં બેહદ બળ છે તે ઊંધું પડતાં ઊંધામાં પણ અનંતું થયું; જો કે ઊંધું વીર્ય થતાં, સ્વભાવ કરતાં વિકારમાં અનંતુ વીર્ય ઓછું થઈ જાય છે-હીણું પડી જાય છે, તોપણ ઊંધામાં-ઓછામાં એટલી તાકાત છે કે ઊંધું માન્યા પછી તીર્થંકરદેવ આવે તોપણ ફરે નહિ. એવી અનંતી તાકાત ઊંધામાં રહે છે.

સ્વાભાવિકવીર્ય એવું છે કે જેમાં ઊણપ નહિ-ઓછપ નહિ, જે પરને આધીન નહિ, એવા સ્વભાવનું ભાન થતાં થાય છે કે અહો! વસ્તુ સ્વભાવ તો જેમ છે તેમ છે, વસ્તુ તો નિર્વિકારી છે, પરથી જુદે જુદી છે. તેમ જ્ઞાન થતાં-પ્રતીત થતાં એમાં સ્થિર થયો એટલે કષાયનો નાશ થઈ જાય છે, નાશ કરવો પડતો નથી.

હિંસાના અધ્યવસાયથી જેમ પોતાને હિંસક માને છે તેવી જ રીતે નારકના અધ્યવસાયથી જીવ પોતાને નારક કરે છે. નરકનો દેહ મળ્યો એટલે દેહ તરફ દૃષ્ટિ કરીને હું નારકી છું તેમ માની લીધું, નરકનો દેહ મળ્યો તેન ભાળ્યું, નરકપણું સ્વીકાર્યું. નારકીના દેહના આકારરૂપે હું થઈ ગયો તેમ પોતાના વિકલ્પથી નારકીપણું સ્વીકારી લીધું. નારકીના પાઠડે ઊપજ્યો એટલે અજ્ઞાની એમ માને છે કે હું જ નરકના પાઠડે ઊપજ્યો. નરકમાં તો દેહ ઊપજ્યો છે, આત્મા ઊપજતો નથી; આત્મા તો અનાદિ અનંત છે. ઊપજે ને વિણશે શરીર, આત્મા ઊપજે પણ નહિ ને નાશ પણ થાય નહિ. શ્રેણિક રાજા નરકમાં છે છતાં હું નારકી થઇ ગયો તેમ તે માનતા નથી, હું તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ છું એમ દ્રઢપણે માને છે. આવી દ્રઢપણે પ્રતીત

નિરંતર રહે છે ને નરકના દેહમાં રહ્યા છતાં આત્માનો અનુભવ પણ કોઈ કોઈ વાર કરે છે. માટે સાબિત થાય છે કે આત્મા નારકી નથી, પણ શરીર નારકનું મળ્યું છે. તે શરીર મળતાં હું નારકી થઈ ગયો એમ જે માને છે તે તેની અજ્ઞાનતા જ છે.

ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી અજ્ઞાની પોતાને તિર્યંચ કરે છે. તિર્યંચ તે જ હું, ઢોર તે જ હું-એમ શરીરને ભાળે છે; ને શરીર તે હું તેમ માનતાં હું ઢોર જ છું-તિર્યંચ જ છું એમ માને છે. હાથીનું શરીર મળ્યું ને લાંબી સૂંઢ મળી તો માને કે આવા આકારવાળી સૂંઢ તે હું છું, આવા લાંબા સૂપડા જેવા કાન તે હું છું. તેમ માનનાર અજ્ઞાની આત્ર શરીરને જ ભાળે છે, ચૈતન્ય પોતાનો અનંત-ગુણપિંડ તેને તો ભાળતો નથી, તેથી શરીર જ હું તેમ થઈ પડયું છે. શાસ્ત્રમાં આવે કે આવા આકારવાળો તિર્યંચ હોય, તે તિર્યંચમાં ફલાણો જીવ ઉપજ્યો; તો તે એમ માને કે ફલાણો જીવ તિર્યંચ થયો. પણ ભાઈ! શાસ્ત્રકાર તે જીવને તિર્યંચ કહેતા નથી પણ પરમાણુ તે તિર્યંચના આકારરૂપે થયા છે, તેની સાથે જીવના સંબંધનું જ્ઞાન કરાવે છે. શું પરમાણુ તિર્યંચના આકારરૂપે થયા એટલે જીવ કાંઈ તિર્યંચરૂપે થયો છે? જીવ તો જીવસ્વભાવે જ છે. પરંતુ અજ્ઞાનીને દેહ ઉપર દૃષ્ટિ છે એટલે એને એમ કલ્પના થઈ જાય છે કે હું તિર્યંચ છું; જેવી પોતા ઉપર કલ્પના કરે છે તેવી સામા જીવ ઉપર પણ કલ્પના કરે છે. સામા જીવને પણ જો તિર્યંચ શરીર મળ્યું હોય તો તેને તિર્યંચ માને છે. એમ અજ્ઞાની જીવ તિર્યંચના અધ્યવસાયથી પોતાને તિર્યંચરૂપ કરે છે, તે અભિપ્રાય જ અનંતા જન્મ-મરણમાં ગળાવાનું કારણ છે.

અજ્ઞાની જીવ ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાયથી પોતાને મનુષ્ય કરે છે. પરમાણુનો આકાર મનુષ્યના આકારે થયો તો માને છે કે હું પોતે મનુષ્ય થઈ ગયો, મનુષ્યના શરીરના પરમાણુના દળ અને આત્મા—એ બંને એક આકાશક્ષેત્રે ભેગા રહ્યા છે, ત્યાં માને છે કે હું મનુષ્ય થઈ ગયો. હું મનુષ્ય છું એવો જીવનો વિકારી ભાવ છે તે મનુષ્યપણું છે; શાસ્ત્રકારો પણ, આવા આકારવાળું શરીર હોય તેને, મનુષ્યનો જીવ કહે છે, પણ તે નિમિત્ત તરફનું કથન છે. ખરી રીતે મનુષ્યના આકારવાળું શરીર અને જીવ બન્ને જુદાં છે. પર વસ્તુને પોતાની માનીને માન્યતા કરે છે કે હું મનુષ્ય છું, તે માન્યતા જ અનંતા જન્મ-મરણનું કારણ છે.

શ્વાસ પણ આત્માનો નથી. શ્વાસ અનંતા રજકણોનો પિંડ છે, તે રૂપી શ્વાસ આત્માનો કયાંથી હોય? શ્વાસ હું લઈ શકું છું, શ્વાસ મારો-આત્માનો છે એવી માન્યતા અનંત જન્મમરણનું કારણ છે.

અજ્ઞાની જીવ ઉદયમાં આવતા દેવના અધ્યવસાયથી પોતાને દેવ કરે છે. શુભ પરિણામથી દેવ થાય છે ત્યાં એમ માની લે છે કે હું પોતે દેવ થઈ ગયો. આવું રૂપાળું મારું શરીર, આવી સુંદર મારી આકૃતિ, આ બધું મારું છે–એમ માની લે છે; પણ ભાઈ! આકૃતિ તો જડની છે. દેવના શરીરનો આકાર છે તે જડનો આકાર છે, પણ ભાન વગર માને છે કે હું જડના આકારે થઈ ગયો એટલે કે હું જડ થઈ ગયો. અમુક હાથનું જડનું પૂતળું થાય ત્યાં માની લે કે હું અમુક હાથનો દેવ થયો.

શાસ્ત્રમાં વાત આવે કે આ ભવિતવ્ય દેવ છે એટલે કે ભવિષ્યમાં દેવ થવાનો છે. ત્યાં માની લે કે હું આત્મા જ જાણે કેમ દેવ થવાનો હોઉં! પણ અરે ભાઈ! દેવ તો શરીરનો આકાર છે, તું તો આત્મા છો. વિચાર તો ખરો, કે મારામાં તો દેવપણાનો શુભ વિકારી ભાવ પણ નથી. હું તો જ્ઞાનાનંદ આત્મા છું. ગમે ત્યાં જાઉં તો પણ હું તો આત્મા ને આત્મા જ છું. શરીરના આકારો બદલાય છે, મારો આત્મા કાંઈ બદલાતો નથી. દેવ થવાના શુભ પરિણામને પોતાના માન્યા અને દેવના શરીરને પોતાનું માન્યું તે જ અનંતા જન્મમરણનું કારણ છે.

સ્વભાવમાં તો એક જ પ્રકાર છે, તેમાં તો એક સ્વરૂપ જ છે, બાકીના બધા પરભાવોના પ્રકારો છે; સમજાવવાની શૈલિમાં શાસ્ત્રકાર ઘણા પ્રકારે સમજાવે છે, જો કોઈ પણ રીતે સામો જીવ સમજી જાય તો.

અનુકૂળ સુખના સાધનો મળ્યા, અનુકૂળ મોટર, અનુકૂળ મકાનો, અનુકૂળ ખાવા પીવાનું–તે બધું અનુકૂળ મળતાં ઊંધી દૃષ્ટિવાળો માને છે કે આ બધું મને અનુકૂળ પડશે, આનાથી મને સુખ થશે. આવો પરમાં સુખ થવાનો ભાવ, ઠીકપણાનો ભાવ તે પરમાં એકત્વબુદ્ધિ થયા વિના આવે નહિ, અને પરમાં એકત્વબુદ્ધિ તે જ ભ્રાંતિ છે. પરમાંથી સુખ માન્યું એટલે પરને અને આત્માને એક માન્યા, તે જ ઊંધા અભિપ્રાયની ક્રિયા થઈ.

જેમ સુખમાં તેમ દુઃખમાં પણ અજ્ઞાની એમ જ માને છે. સ્ત્રી મરે, દીકરી રાંડે, દીકરો મરે, મકાન બળે, પૈસા જાય, ત્યાં માને કે અરેરે! હું દુઃખી થઈ ગયો. પણ તને શું દુઃખ થયું? તો કહેશે કે અરેરે! હું એકલો થઈ ગયો. જ્ઞાની કહે છે કે ભાઈ, તું એકલો જ છે. તારામાં કોઈ પર ચીજ પેઠા વિના તને આપદા કોઈ આપી શકે નહિ. લાવ બતાવ તો ખરો! કે શું પર પદાર્થ તારામાં પેઠા છે? જો તારામાં પર પદાર્થ પેઠા હોય તો તને આપદા આપે, દુઃખ આપે. પરંતુ તે તારાથી જુદા રહ્યા તને આપદા શી રીતે આપે? પણ મૂઢતાને લઈને સમજે નહિ અને પરને

પોતાના માનીને પરિણામના ઘોડા દોડાવ્યા કરે કે ભાઈ! હમણા તો લોઢાના પાયે પનોતી બેઠી છે, સાત વરસની બેઠી છે. અરે ભાઈ! તારી ઊંધી માન્યતા તે જ પનોતી છે, ઉઠાઉગીરે કલ્પના ઉઠાવી છે તે જ પનોતી ઉભી કરી છે. સંયોગી ચીજને પોતાની માન્યા વિના આપદાનો ભાવ કે ભીડનો ભાવ ઉભો થાય નહિ. ભીડની વ્યાખ્યા શું? શું કોઈ પર પદાર્થ તને ભીંસી નાખે છે? આત્મા તો અસ્પર્શી છે, તે અસ્પર્શીને શું કોઈ સ્પર્શ કરી શકે? ધક્કો મારી શકે? કરે શું? પર ચીજ પર ચીજને કરે શું? તારી ઊંધી માનેલી માન્યતાએ ભીડ ઉભી કરી છે. તારી ઊંધી માન્યતારૂપ ક્રિયા તે જ અનંત સંસાર ને જન્મ-મરણનો ગર્ભ છે. આ વાતને સમજવા માટે સત્સમાગમની રુચિ કરવી જોઈએ, શ્રવણ-મનનનો અભ્યાસ જોઈએ. કોઈ કહેશે કે અમારી ભૂલ ભાંગે નહિ ને શું કરીએ? ભાઈ! પણ ભૂલ ભાંગે કયાંથી? ભૂલ ભાંગવાની રુચિ કર, સાચી સમજણ કર, પુરુષાર્થ કર તો ભૂલ ભાંગે ને? તો કહેશે કે નિકાચિત કર્મ ભગવાને કીધાં છે ને? એ નાખ્યું ભગવાન ઉપર! પોતાની ઊંધાઈ જોતી નથી ને પરમાં નાખવું છે. ભૂલ તે તારી ઉભી કરેલી કલ્પના છે, તેમ સુખ-દુઃખ પણ તારી ઊભી કરેલી કલ્પના છે. કોઈ કર્મ તને ભૂલ કરાવતું નથી ને કોઈ પર પદાર્થ તને સુખઃદુઃખ આપતું નથી.

આ અપૂર્વ વાત સમજવા માટે હૃદયની પાત્રતા તૈયાર કરવી પડે. પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ બહુમાન અને વિનય જોઈએ. જ્યાં સત્ તરફ રુચિ થઈ, સત્ તરફ વલણ થયું ત્યાં વિનય ને બહુમાન આવ્યા વિના રહે નહિ. સતનું વલણ થતાં શુભ વિકલ્પ-શુભરાગ આવ્યા વિના રહે નહિ. જ્યાં રુચિ બદલાણી એટલે સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે હૃદય ઉછળ્યા વિના રહે નહિ, તેમના પ્રત્યેનો પ્રશસ્ત રાગ આવ્યા વિના રહે નહિ. શરીરની ક્રિયા આવવા જવાની થવાની હોય તો થાય, પણ જ્યાં અંતર વલણ ફર્યું એટલે રાગની દિશા બદલાયા વિના રહે જ નહિ; સ્ત્રી-કુટુંબ ઉપરથી દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગ સહજપણે બદલાય છે, કૃત્રિમપણે બદલવો પડતો નથી. શરીર વાણી મનની ક્રિયા થાય એને કારણે, પણ ભાવ પ્રમાણે ક્રિયા લગભગ હોય છે. જેમકે દેવ-ગુરુ-શાસ્ત્રનાં દર્શન-ભક્તિ કરવાના ભાવ થાય તો મન-વાણી ને શરીરની ક્રિયા પણ તે પ્રમાણે થવા યોગ્ય હોય તો થાય. આત્માનો ભાવ તે શરીરાદિની ક્રિયાને કરતો નથી. જે શરીરાદિની ક્રિયા થાય છે તે પરમાણુના સ્વતંત્ર પરિણમનથી થાય છે; છતાં એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે ભાવ હોય ઊગમણે ચાલવાના, તો કાંઈ આથમણું ચલાતું નથી, ભાવ હોય અન્ન ખાવાના તો કાંઈ માંસ ખવાતું નથી; છતાં આત્માના ભાવ આત્મામાં તદ્દન સ્વતંત્ર છે ને શરીરાદિની ક્રિયા તેમાં તદ્દન સ્વતંત્ર

છે. આત્માના પરિણામ શરીરાદિની ક્રિયાને લેશમાત્ર કરતા નથી ને શરીરાદિની ક્રિયા આત્માના ભાવને લેશમાત્ર કરતી નથી; બંને તદ્દન સ્વતંત્ર હોવા છતાં એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જો આત્માર્થી થઈ ગંભીરતાથી વિચારે તો સમજાય તેવી આ વાત છે.

અજ્ઞાની જીવ ઉદયમાં આવતા પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે. પુણ્ય તો વિકારીભાવ છે, આત્માનો સ્વભાવભાવ નથી. વિકારીભાવથી મને સુખ છે, વિકારીભાવ મારો છે, વિકારીભાવરૂપ હું છું તેવી માન્યતા અનંત સંસારનું કારણ છે.

અજ્ઞાની જીવ ઉદયમાં આવતા પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે.

પાપ વિકારીભાવ છે, આત્માનો સ્વભાવ નથી. આત્મા તો નિર્વિકારી સ્વરૂપ છે, વિકારીભાવને પોતાનો માનવો-વિકારસ્વરૂપ હું છું તેમ માનવું-તે મિથ્યાદર્શનશલ્ય છે.

વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્માસ્તિકાય નામનો પદાર્થ તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે.

જડ ને ચૈતન્ય ગતિ કરતા હોય તેને ઉદાસીન નિમિત્તરૂપ ધર્માસ્તિકાય નામનો પદાર્થ છે. ધર્માસ્તિકાય પદાર્થને જાણવાનો વિકલ્પ આવે ત્યારે અજ્ઞાની માને કે જ્ઞેયને લઈને મને જ્ઞાન થયું; ધર્માસ્તિકાય પદાર્થ છે તેથી જાણવાનો વિકલ્પ આવે છે. તેને લઈને મને જ્ઞાન થયું એમ જે માને તેણે પર પદાર્થને પોતાનો માન્યો. ધર્માસ્તિકાયને જાણવાનો વિકલ્પ પણ તારાથી જુદો છે તો ધર્માસ્તિકાય પદાર્થ તો તારો હોય જ ક્યાંથી? પણ અજ્ઞાનને લઈને વિકલ્પને અને ધર્માસ્તિકાયને બન્નેને પોતાના માને છે. ધર્માસ્તિકાય પદાર્થ મારા લક્ષમાં આવ્યો તેથી તેને જાણવાની શક્તિ મને પ્રગટ થઈ, એ રીતે જેણે માન્યું તેણે ધર્માસ્તિકાયને પોતાનો માન્યો. ધર્માસ્તિકાય જાણવામાં આવ્યો ત્યારે એ જ્ઞેય દ્વારા મારા જ્ઞાનની અવસ્થા થઈ, એમ અજ્ઞાની માને છે, પણ પરનો આશ્રય જ મને નથી, મારા જ્ઞાનથી જ મારું જ્ઞાન ખીલે છે-તેમ સ્વીકારતો નથી. ધર્માસ્તિકાય ખ્યાલમાં આવ્યો ત્યારે જ મારું જ્ઞાન ખીલ્યું, એવું માનનારે ધર્માસ્તિકાયને પોતાનો જ માન્યો છે, બે પદાર્થને એક જ માન્યા છે.

કોઈ કહે કે ભગવાનના જ્ઞાનમાં ધર્માસ્તિકાય પ્રત્યક્ષ જણાય છે ને વાણી દ્વારા ભગવાને ધર્માસ્તિનું સ્વરૂપ કહ્યું એટલે મને ભગવાનની વાણી દ્વારા જ્ઞાન થયું, ધર્માસ્તિકાય પદાર્થ લક્ષમાં લીધો એટલે જ્ઞાન થયું, એટલે કે વાણીરૂપ જ્ઞેય અને ધર્માસ્તિરૂપ જ્ઞેય તે બન્ને જ્ઞેય દ્વારા મને જ્ઞાન થયું; આવી રીતે માનનાર જ્ઞેય અને

જ્ઞાનને એક માને છે, તે મિથ્યાદૃષ્ટિ છે, તે મિથ્યાત્વ અનંત સંસારનું કારણ છે.

ભગવાનનું જ્ઞાન ભગવાનના જ્ઞાનમાં રહ્યું, ભગવાનની વાણી વાણીમાં રહી, અને ધર્માસ્તિકાય પદાર્થ ધર્માસ્તિમાં રહ્યો; તે પદાર્થો પર છે માટે આત્માને જ્ઞાન કરાવતા નથી. એ પર પદાર્થ આત્માને જ્ઞાન ત્યારે કરાવે કે જો તે પર વસ્તુ આત્મામાં તન્મયરૂપે હોય. પણ પર પદાર્થો આત્મામાં તન્મયરૂપે છે નહિ, માટે પર પદાર્થો આત્માને જ્ઞાન કરાવતાં નથી. આત્માના જ્ઞાનસ્વભાવમાંથી જ આત્માનું જ્ઞાન થાય છે. જ્યારે જ્ઞાનમાંથી જ્ઞાન થાય ત્યારે પર પદાર્થો જ્ઞેયરૂપે જણાય છે. આવું જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તેના વડે જ્ઞાન જાણે છે.

શિષ્ય તો કહે છે કે 'તે તો પ્રભુએ આપિયો.' પણ ભાઈ! ભક્તિવાળો તો ભક્તિમાં ઊછળીને શું ન કહે?–બધું કહે. હે નાથ! તમે મને આત્મા આપ્યો, હે પ્રભુ! તમે મને તાર્યો. એમ ભક્તિના ઉછાળાથી ઊછળીને બધું કહે. સાચું સમજવામાં જે નિમિત્ત હોય તેના ઉપર ભક્તિનો શુભભાવ આવ્યા વગર રહેતો નથી. તો પણ શિષ્ય 'નિમિત્તથી મને જ્ઞાન થાય છે' તેમ સમજતો નથી. નિમિત્તને નિમિત્ત સમજે છે, ઉપાદાનને ઉપાદાન સમજે છે.

વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે અધર્માસ્તિકાય નામનો પદાર્થ તેના અધ્યવસાનથી અજ્ઞાની જીવ પોતાને અધર્મરૂપ કરે છે.

અધર્માસ્તિકાય પદાર્થ છે તેનાથી મને જ્ઞાન થયું તેમ અજ્ઞાની માને છે. સમય સમયમાં અનંતો જાણવાનો સ્વભાવ મારામાં ભર્યો છે, તેને લઈને હું જાણું છું; અને પોતાને જાણતાં તે પર પદાર્થો જણાઈ જાય છે–એવો આત્માનો સ્વપરપ્રકાશક સ્વતંત્ર સ્વભાવ છે, એમ નહિ જાણતાં હું પર પદાર્થને લઈને જાણું છું એવી જે માનવાની ક્રિયા તે અનંત સંસારનો ગર્ભ છે.

જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્ય જીવરૂપ કરે છે.

સામો જીવ જાણવામાં આવ્યો તો માન્યું કે આ સામા જીવ ઉપર લક્ષ મૂકવાથી તે સામા જીવ વડે મને જ્ઞાન થયું, નિગોદમાં અનંતા જીવ છે તેમ ખ્યાલમાં લીધું ત્યાં માન્યું કે અહો! આમાં આટલા બધા અનંતાનંત જીવો છે, જુઓ! નિગોદમાં આટલા જીવો છે તો આપણે જાણી શકાય કે આમાં આટલા જીવો છે,–એમ અજ્ઞાની જીવ પરની મહિમા કરે છે, અને પર જીવોની અસ્તિ છે તો મારું જ્ઞાન તેને જાણે છે એમ જ્ઞેયથી જ્ઞાન થાય છે એમ માને છે. અજ્ઞાની જીવ ભગવાનના જ્ઞાનની મહિમા કરે તો પણ એવી રીતે કરે કે અહો! ભગવાનના જ્ઞાનમાં નિગોદના

આટલા બધા જીવો પ્રત્યક્ષ જણાય! વાહ! ભગવાનનું જ્ઞાન વાહ! તે ભગવાનના જ્ઞાનની મહિમા પણ પરને લઈને કરે છે, એટલે ભગવાનનું જ્ઞાન પણ કેમ જાણે જ્ઞેયને લઈને થયું હોય! તેમ માને છે; અને પોતાનું જ્ઞાન તો પરને લઈને થાય છે એમ અજ્ઞાનતાને લઈને માની જ રહ્યો છે. એ સિદ્ધાંત છે કે દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જે દૃષ્ટિએ પોતે જાણે છે તે દૃષ્ટિએ સર્વજ્ઞ પણ જાણે છે તેમ માની બેસે છે.

અજ્ઞાની જીવ અનંતા જીવોને પોતારૂપ કરે છે. જગતમાં અનંતા જીવો છે ખરા પણ તે તેને ભાવે છે અને તું તારા ભાવે છે, એનાથી તારામાં જ્ઞાન આવ્યું નથી. બધા દ્રવ્યો સ્વતંત્ર છે, કોઈને લઈને કોઈમાં જ્ઞાન આવતું નથી. મારા જ્ઞાનનું અનંતુ સામર્થ્ય પરને લઈને આવે છે એમ જેણે માન્યું તેણે અન્ય જીવને અને પોતાને બંનેને એક માન્યા;—એવી પર સાથેની એકત્વબુદ્ધિ તે અનંતા જન્મ-મરણનો ગર્ભ છે.

તેવી રીતે દેવ-ગુરુ-શાસ્ત્રથી મને જ્ઞાન થયું, દેવ-ગુરુ-શાસ્ત્ર મારામાં જ્ઞાન પેસાડી દે છે એટલે કે પરથી મને જ્ઞાન થાય છે,-એમ માન્યું તેણે મારો પોતાનો જ્ઞાન સ્વભાવ છે તેમ ન માન્યું; મારી પોતાની સમજવાની લાયકાત હોય ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત હોય છે તેમ યથાર્થ ન માન્યું, પણ દેવ-ગુરુ-શાસ્ત્ર જ મને મારું અનંત સામર્થ્ય આપી દે છે તેમ માન્યું, તેણે સ્વ-પરને એક માન્યા. એવી એકત્વબુદ્ધિ તે જન્મ-મરણનું કારણ છે.

વળી જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ કરે છે.

શરીરની ક્રિયા હું કરી શકું છું, વાણી હું બોલી શકું છું, શરીર મારું છે, વાણી મારી છે એવી માન્યતા તે મિથ્યાત્વ છે. અને એમ માનનાર, પુદ્ગલને અને પોતાને એક કરે છે, તે માન્યતા અનંતા જન્મ-મરણનો ગર્ભ છે.

જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી પોતાને લોકાકાશરૂપ કરે છે.

ચૌદ બ્રહ્માંડને લક્ષમાં લેતાં અજ્ઞાનીને એમ વિચાર આવે છે કે અહોહો!! આવડો મોટો આ લોક મને લક્ષમાં આવ્યો એટલે કે લોકને જાણવાથી મારા જ્ઞાનની આવી વિશાળતાની મને ખબર પડી. અજ્ઞાનીને એમ થાય છે કે આવડા મોટા ક્ષેત્રથી મને જ્ઞાન થાય છે. પણ ભાઈ! ક્ષેત્રથી તારું જ્ઞાન નથી, તારું જ્ઞાન તો તારાથી છે. અજ્ઞાનીને પરથી પોતાના જ્ઞાનનું મહાત્મ્ય આવે છે. અજ્ઞાની માને છે કે હું ક્ષેત્રથી લોકને જાણનારો, કાળથી ત્રણકાળને જાણનારો, એમ બધી રીતે પરથી પોતાની કિંમત આંકે છે. પણ ભાઈ! ક્ષેત્ર નાનું-મોટું હોય તેનાથી આત્માનું પ્રમાણ થઈ શકે નહિ, આત્માનું પ્રમાણ તો એની અનંતી શક્તિથી છે, એનો સ્વભાવ બેહદ છે. આત્માનું

સ્વક્ષેત્ર તો અસંખ્યપ્રદેશ છે, પર ક્ષેત્ર જેવડો પોતે થઈ જતો નથી. જે પરક્ષેત્ર વડે મને જ્ઞાન થાય છે એમ માને છે તે લોકાકાશને પોતાનું માને છે, સ્વક્ષેત્રને અને પરક્ષેત્રને એક માને છે. એવી માન્યતા તે અનંતા જન્મ-મરણનો ગર્ભ છે.

લોક મોટો જણાયો માટે આત્મા મોટો છે એમ નથી પણ પોતાનો સ્વભાવ જ મોટો છે. તે મોટપની જેને ખબર નથી તેણે પોતાની મોટપ પરથી કલ્પી છે. આચાર્યદેવ કહે છે કે આત્માનો સ્વભાવ બેહદ છે. જેનો આનંદ બેહદ, જ્ઞાન બેહદ, આહ્લાદ બેહદ, બળ બેહદ વગેરે અનંતા સ્વભાવો બેહદ છે, તેને હદ શી? મર્યાદા શી? પ્રમાણ શું? પોતે સ્વતઃસિદ્ધ અમર્યાદિત સ્વભાવવાળો છે, તેમાં પરની અપેક્ષા છે જ કયાં? જે પરથી પોતાનો બેહદ સ્વભાવ માને છે તે પોતાના સ્વાધીન દ્રવ્યને પરાધીન કરે છે એવી એકત્વબુદ્ધિ તે અનંતા જન્મ-મરણનું કારણ છે.

જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી પોતાને અલોકાકાશરૂપ કરે છે.

કેટલાકને અલોકની ખબર પણ ન હોય, તોપણ જેણે એક પરપદાર્થને પોતાનો માન્યો તેણે સર્વ પરપદાર્થને પોતાના માન્યા છે. એ રીતે અજ્ઞાની સ્વ-પરના એકરૂપ અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.

જડ ચૈતન્યના સંગ્રહથી ભરેલો આ લોક છે. તે પદાર્થોના સમૂહવાળો લોક પૂરો થયા પછી કાંઈક ખાલી જગ્યા તો આવે ને? તે ખાલી ખાલી દશે દિશામાં અમાપ છે તે શું છે? તે અલોકાકાશ છે. લોક પૂરો થયા પછી કાંઈક ખાલી જગ્યારૂપ વસ્તુ તો લક્ષમાં આવશે જ, તે અલોકાકાશ છે. અલોકાકાશથી મને જ્ઞાન થાય છે એટલે કે પરદ્રવ્યથી મને જ્ઞાન થાય છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. 'જગતમાં આકાશ દ્રવ્ય છે' તેવા વિકલ્પને અને પોતાને જેણે એક માન્યા તેણે આકાશદ્રવ્યને પોતારૂપ માન્યું છે. જે જ્ઞેય અને જ્ઞાનને જુદાં પાડતો નથી, પણ જ્ઞેય છે તો મારું જ્ઞાન છે એમ માને છે, તે સ્વ-પરને એક માને છે; એવી એકત્વબુદ્ધિ તે અનંતા જન્મમરણનો ગર્ભ છે. આ રીતે સ્વ-પરના એકત્વરૂપ અધ્યવસાનથી અજ્ઞાની જીવ પોતાને સર્વરૂપ કરે છે. આચાર્યદેવ કહે છે કે આટલી વાત કરી, હવે કેટલીક કરવી! થોડું કહ્યું ઘણું કરીને જાણજો.

જીવદ્રવ્ય એક અખંડ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે, તેના જ્ઞાનમાં સર્વ પદાર્થો સંપૂર્ણપણે જ જણાય તેવો સ્વભાવ જીવદ્રવ્યનો છે. આવો સ્વભાવ જેણે ન માન્યો પણ પરથી પોતાનો સ્વભાવ માન્યો તેણે પરને અને પોતાને એક માન્યાં, અને તે જ અનંતા જન્મ-મરણનો ગર્ભ છે, તે જ સંસારનું કારણ છે. અને તેવા ભાવ રહિત પોતાના સ્વભાવને જાણવો તે જ મોક્ષનું કારણ છે.

વિ. સં. ૨૦૦૦, માગસર સુદ ૧૨, બુધવાર.

બંધનો અધિકાર ચાલે છે. પોતાના સ્વભાવને ચૂકીને વિકારીભાવમાં તન્મય થાય તે ખરું બંધન છે, અને જ્ઞાનાવરણીય આદિ કર્મ બંધાય તે વ્યવહાર છે. અરૂપી વિકારી અવસ્થા તે જ દુઃખ છે, તેમાં એકત્વબુદ્ધિ તે પરાશ્રય છે, પરાધીનતા છે, અનંતા ચોરાશી લાખના અવતારનું તે નિધાન છે, અનંતા સંસારની તે ખાણ છે. આત્માનો સ્વભાવ આનંદનું નિધાન છે, આનંદની ખાણ છે; તે સ્વભાવમાં દૃષ્ટિ આપવાથી આત્માનો રસ-કંદ પ્રગટે છે. એક તરફ દૃષ્ટિ આપવાથી આકુળતાનો લાવો પ્રગટે છે ને એક તરફ દૃષ્ટિ આપવાથી આનંદનો રસ પ્રગટે છે. જેમ અગ્નિના લાવા થાય છે ને! તેમ અજ્ઞાનમાં આકુળતાનો લાવો છે. પરપદાર્થને પોતારૂપ માનવા તે આકુળતાનો લાવો છે.

હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છેઃ-

( ઉપજાતિ )

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा-
दात्मानमात्मा विदधाति विश्वम् ।
मोहैककंदोऽध्यवसाय एष
नास्तीह येषां यतयस्त एव ॥ १७२ ॥

અર્થઃ—વિશ્વથી ( સમસ્ત દ્રવ્યોથી ) ભિન્ન હોવા છતાં આત્મા જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે એવો આ અધ્યવસાય—કે જેનું મોહ જ એક મૂળ છે તે—જેમને નથી તે જ મુનિઓ છે.

વિશ્વની વ્યાખ્યા અહીં સમસ્ત પદાર્થ છે, રાગ-દ્વેષ-શરીર આદિ બધાને વિશ્વમાં સમાડે છે. તે બધાથી આત્મા ભિન્ન છે છતાં મોહના પ્રભાવને લઇને તે સર્વને પોતારૂપ માને છે. અનંત ગુણની ખાણરૂપ આત્મા, અનંત સુખના સાગરરૂપ આત્મા, અનંત સ્વાધીનતા સ્વરૂપ આત્મા—તેને પોતારૂપ નહિ માનતાં શરીરાદિ બધાને પોતારૂપ માને છે, તે ખરેખર મોહ જ છે, મૂઢતા જ છે, ઘેલછા જ છે. નિધિ પોતાને ઘેર હોવા છતાં તે ભૂલીને બહાર ગોતવા ભટકે તે નરી ઘેલછા નહિ તો બીજું શું? એક પણ વિકારની વૃત્તિને પોતાની માને તેનું મોહ જ એક મૂળિયું છે; એક વિકારી વૃત્તિથી માંડીને સર્વ પદાર્થને પોતાના માને તેનું મોહ જ એક મૂળિયું છે, મોહ જ એક કંદ છે. જેમ ઝાડને મૂળિયું હોય છે, તે મૂળિયામાંથી ઝાડ ઊગે છે, તેમ પર

વસ્તુને પોતાની માનવી પોતારૂપ કરવી તેનું મૂળિયું એક મોહ છે, કે જે મૂળિયામાંથી અનંતા જન્મ-મરણના ઝાડ ઊગે છે; તે જેમને નથી તે જ મુનિઓ છે.

"આત્મજ્ઞાન ત્યાં મુનિપણું" જ્યાં આત્માનું સાચું જ્ઞાન હોય ત્યાં જ મુનિપણું હોઈ શકે. આત્મજ્ઞાન સહિત જેણે સ્વભાવનું પરિણમન કર્યું અને તેમાં લીન થયો તે જ મુનિ છે. આ વિકારની વૃત્તિઓ મારી નથી, વિકારની વૃત્તિનો એક પણ અંશ મારો નથી એમ જાણીને સ્વભાવમાં વિશેષ સ્થિરતા સહિત એકત્વ થયો તે જ મુનિ છે, તે જ ધર્માત્મા છે, તે જ મહાત્મા છે, તે જ સાધક છે, તે જ સાધુ છે. અહો! મુનિપણાની શું વાત કરીએ? જે ક્ષણે ક્ષણે અપ્રમત્તને પ્રમત્તદશામાં ઝૂલી રહ્યા છે, જેમનો પ્રબળ પુરુષાર્થ વર્તી રહ્યો છે, કેવળજ્ઞાન લેવાની તળેટીમાં જે ઊભા છે, અલ્પ કાળમાં પૂર્ણસ્વભાવને પહોંચી વળવાની જેમની તૈયારી છે, આત્માના આનંદમાં જે મગ્ન છે, બાહ્ય શરીરથી જે નગ્ન છે, જે વન-જંગલમાં વિચરી રહ્યા છે, પાંચ ઇંદ્રિયો તરફનો રાગભાવે વેપાર જેમને છૂટી ગયો છે ને આત્મામાં જે લીન છે તે જ મુનિઓ છે, તે મુનિઓને મોહનું મૂળ છેદાઈ ગયું છે. ૨૬૮-૨૬૯.

આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી-એમ હવે ગાથામાં કહે છે.

## एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि ।
## ते असुहेण सुहेण व कम्मेण मुणो ण लिप्पंति ॥२७०॥

અર્થ:—આ (પૂર્વે કહેલાં) તથા આવાં બીજાં પણ અધ્યવસાન જેમને નથી, તે મુનિઓ અશુભ કે શુભ કર્મથી લેપાતા નથી.

મુનિવરો શુભ કે અશુભ કર્મથી લેપાતા નથી, એક વિષયથી બીજો વિષય લક્ષમાં લેવાય ત્યાં રાગની ડખલ આવ્યા વગર રહે નહિ, જ્ઞાનનું સંક્રમણ થયા વિના રહે નહિ અને તેથી શુભ કે અશુભ ભાવ આવ્યા વિના રહે નહિ. મુનિઓને મહાવ્રતનું પરિણમન હોય છે, મહાવ્રતનું પરિણમન જ્ઞાનમાં જણાય છે. પણ તે હું નથી, તે મારું સ્વરૂપ નથી, તે વિકાર મારામાં નથી એમ વિશેષ સ્થિરતા સહિત તે મુનિઓને ભાન વર્તે છે, તેથી તે મુનિવરો શુભાશુભ કર્મથી લેપાતા નથી, નિર્લેપ છે. મુનિઓને જ્ઞાનમાં વિષય બદલાય ખરો, વિનય કરું, ભક્તિ કરું-એવા પરિણામ આવે

---

એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતા નહિ જેમને,
તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.

ખરા, શાસ્ત્ર વાંચન કરું, શાસ્ત્ર શ્રવણ કરું એવા પરિણામ આવે ખરા, પરંતુ મુનિઓ તેનાથી લેપાતા નથી. શુભાશુભ ભાવ તે સંસારનું મૂળ નથી પણ શુભાશુભ ભાવને એકત્વબુદ્ધિથી પોતાનું સ્વરૂપ માનવું તે સંસારનું મૂળ છે.

શુભાશુભ ભાવ મુનિઓને થાય છે ખરા, પણ તેમાં એકત્વબુદ્ધિ નથી, સ્વરૂપની લીનતામા ઝૂલ્યા કરે છે, ઘડીમાં સાતમે ને ઘડીમાં છઠ્ઠે એવી અદ્દભુત અંતર્દશામાં ઝૂલ્યા કરે છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિને કોઈવાર વર્તમાન પુરુષાર્થની સહેજ નબળાઈને લઈને જરા આર્તધ્યાન પણ થઈ જાય એટલે કે સહેજ અશુભ ભાવ થઈ જાય; વળી પુરુષાર્થની નબળાઈને લઈને વ્રતાદિના શુભ પરિણામ પણ આવે છતાં તેની સાથે એકત્વબુદ્ધિ નથી અને સ્વરૂપમાં સ્થિત રહે છે. મુનિવરની અંતર-આત્મદશા તો કોઈ અલૌકિક હોય છે, તેની તો શું વાત! વળી શુભાશુભ પરિણામ આવે ખરા છતાં મુનિવર લેપાય જ કયાંથી?—નિર્લેપ જ રહે છે.

જુઓ, અહીં તો છઠ્ઠે ગુણસ્થાને બંધ નથી એમ કહ્યું છે અને શાસ્ત્રમાં તો ઘણે ઠેકાણે દસમા ગુણસ્થાન સુધી બંધ કહ્યો છે તેનું શું કારણ? અબુદ્ધિપૂર્વક અલ્પ કષાય થાય છે તેથી અલ્પ બંધ છે તેની અહીં ગણતરી નથી. છઠ્ઠે ગુણસ્થાને અલ્પ કષાય હોય છે પણ તેમાં એકત્વબુદ્ધિ નથી, સ્વરૂપની લીનતા વિશેષ છે તેથી બંધ નથી.

જેનો નાશ કરવા ઊભો થયો તેનો નાશ કરવાનો જ છે. બાપના મારનારને પોતે મારવા ઊભો થયો તે બધાને મારવાનો જ છે, પચાસને મારવા ઊભો થયો તેમાં બે છોકરા ભેગા ભળે તો તે બધાને મારવાનો જ છે. તેમ જ્ઞાનીને જે અલ્પ અસ્થિરતા થાય છે તે નાનું બાળક છે, અલ્પ વિકાર છે; પણ જે મારવા ઊભો થયો તે બધાને મારે છે. જેટલું અસ્થિરતાનું કર્મ ઉદયમાં આવે છે તેટલા પ્રમાણમાં તો જોડાતો નથી પણ અલ્પ જોડાય છે, જુનું કર્મ હતું તેટલો વર્તમાન ઉદયમાં જોડાતો નથી, તેથી અલ્પ અસ્થિરતા થાય છે, તે અલ્પ વિકારી પ્રજા-પર્યાય છે તે બાળક છે, જ્ઞાનીને તે નાશ ખાતર છે. જેમ કૃષ્ણનો જન્મ કંસને મારવાનો હતો, તેમ ચિદાનંદ આત્માનું ભાન તે કૃષ્ણ વાસુદેવ, કંસરૂપ અલ્પ અસ્થિરતાનું બાળક તેને મારવા જન્મ્યા છે પણ મરવા માટે નહિ; તેથી જ્ઞાનીને અસ્થિરતાનું અલ્પ બંધન ગણવામાં આવ્યું નથી.

ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ ( અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ ) હોવાથી શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે.

જેટલી શુભાશુભ ક્રિયા થાય ને જેટલા શુભાશુભભાવ થાય તેને પોતાની સાથે

એકત્વપણે માનવા તે મિથ્યાદર્શન છે, એકત્વપણે જાણવા તે મિથ્યાજ્ઞાન છે ને તેમાં એકત્વપણે લીન થવું તે મિથ્યાચારિત્ર છે. મિથ્યા પ્રતીત પ્રમાણે જાણવું તે મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શનમાં આચરણરૂપ ટકવું તે અચારિત્ર છે. જે કાંઈ માને છે તે ટકયા વિના માને? તેમાં વર્તન થયા વિના માને? ન માને. માટે ઊંધી માન્યતામાં વિશેષ ટકવું તે અચારિત્ર છે. આ રીતે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર છે તે શુભાશુભ નવા કર્મ બંધાવાનું કારણ છે. તે વિશેષ સમજાવવામાં આવે છે.

કોઈ પણ પ્રાણીને હું હણી શકું, ઉગારી શકું, બોલાવી શકું, દૂર કરી શકું, નજીક લાવી શકું—ક્ષેત્રથી, કાળથી કે ભાવથી, હું ઉપવાસ કરું તો મારા ભાવની બીજાને અસર થાય—આવો જે અધ્યવસાન તે મિથ્યાદર્શન છે. દૂર-નજીક કરી શકું એમ માન્યું તેણે ક્ષેત્રથી પરમાં ફેરફાર કરવાનું માન્યું; હું પરવસ્તુમાં ફેરફાર કરી શકું છું, જે વસ્તુ અમુક કાળે પાકવાની હોય તેને વહેલી પકાવી દઉં છું એમ માન્યું તેણે કાળથી પરમાં ફેરફાર કરી શકું છું-એમ માન્યું; વળી જ્ઞાનાદિ પર્યાયનો કોઈ પર દ્રવ્યથી ફેરફાર થઈ શકે છે, જેમ કે જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન ઢંકાય છે, દેવ-ગુરુ-શાસ્ત્રથી જ્ઞાન ઉઘડે છે એમ જેણે માન્યું તેણે ભાવથી પરમાં ફેરફાર થવાનું માન્યું; તે સર્વ અધ્યવસાન મિથ્યા છે, અજ્ઞાનમય છે. પોતાની જ્ઞાનપર્યાય ઉઘડે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે તેમ નહિ માનતાં, પરદ્રવ્ય મારી પર્યાયને ફેરવી નાખે છે એમ માનનાર પોતાને પરતંત્ર માને છે. તેનો અધ્યવસાય અજ્ઞાનમય છે.

તે અધ્યવસાયવાળા જીવને સત્રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માના અને રાગ-દ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી તે અધ્યવસાન મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી તે અધ્યવસાન અચારિત્ર છે.

પાંચ હજાર માણસ ભેગા થઈને અવિચ્છિન્નધારાએ જાપ કરે એટલે બીજાને શાંતિ થાય-એમ નથી. પાંચ હજાર માણસ નવકારમંત્રની માળા ગણે ને તેનાથી બીજાને શાંતિ થાય-એમ નથી. આની ક્રિયાથી બીજાને લાભ થાય એવું ત્રણકાળમાં બન્યું નથી, બનતું નથી ને બનશે નહિ.

સહજ સિદ્ધભગવાનસ્વરૂપ આત્મા પોતે છે; તે પુણ્ય કરે તો આત્મામાં શાંતિ થાય તેવો હેતુ આત્મામાં છે નહિ, તેનું કારણ આત્મામાં છે નહિ. આત્મામાં નિર્મળ

ક્રિયાની રચના થાય છે તે માત્ર શુદ્ધ ચૈતન્યથી રચાયેલી છે, તે સત્ છે એટલે હયાતી સ્વરૂપે છે, એને કોઇ હેતુ નથી માટે તે અહેતુક છે.

કોઈ પૂછે કે તે ક્રિયા કેમ પ્રગટે? તો કહે છે કે આત્માના સ્વભાવમાં એકાગ્રતા થાય ત્યારે પ્રગટે; વળી પૂછે કે તે એકાગ્રતા કેમ થાય? તો કહે છે કે-કેમ થાય શું! અંદર ભર્યું છે તેમાંથી થાય. શું બહારનું કરવાથી ચૈતન્યના અંતરધર્મની ક્રિયા થતી હશે? ચૈતન્યના અંતર્ક્રિયા ચૈતન્યમાંથી જ થાય.

સત્ અહેતુક ભગવાન આત્મા છે, તે બહારની શરીરાદિ જડની ક્રિયાથી કે કર્મના નિમિત્તથી પ્રગટે તેવો નથી; પરનો ભાવ ભગવાન આત્માને ત્રણકાળમાં લાભરૂપ નથી.

કોઈ કહેશે કે આમાં તો ક્રિયાનું નિકંદન કાઢી નાખ્યું? પણ ભાઈ! ધીરા થઇને સાંભળવું જોઈએ; જડની ક્રિયા આત્મામાં ત્રણકાળમાં નથી, ચૈતન્યની ક્રિયા ચૈતન્યમાં છે; જડની ક્રિયા આત્મામાં નથી તેથી તેની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. તો પછી તે ક્રિયા આત્માથી બહાર જ છે, તેને કાઢવી પડતી નથી.

ક્રિયા ત્રણ પ્રકારની છે: એક જડની ક્રિયા, બીજી કરોતિક્રિયા ને ત્રીજી જ્ઞપ્તિક્રિયા.

જડની ક્રિયા આત્મા કરી શકતો નથી કારણ કે સર્વ દ્રવ્યો સ્વતંત્ર છે તેથી તેની ક્રિયા પણ સ્વતંત્ર છે, સૌની ક્રિયા પોત-પોતાના દ્રવ્યને કારણે થાય છે, પરદ્રવ્યને કારણે થતી નથી.

બીજી કરોતિક્રિયા. તે ક્રિયા પર સાથે એકત્વબુદ્ધિથી થાય છે; વિકારી ભાવ સાથે એકત્વરૂપ લીનતા તે કરોતિક્રિયા છે, વિકારના કર્તા થવું તે કરોતિક્રિયા છે.

આત્માના જ્ઞાતા-દ્રષ્ટાપણાની શ્રદ્ધા ને લીનતા કરતાં જે ક્રિયા થાય છે તે જ્ઞપ્તિ ક્રિયા છે, તે જ્ઞપ્તિ ક્રિયા પરને કારણે થતી નથી. જેમ દ્રવ્ય સ્વતંત્ર સહજ અને અહેતુક છે, તેને કોઈ કારણ નથી તેમ તે દ્રવ્યની જ્ઞપ્તિ ક્રિયા પણ સ્વતંત્ર સહજ અને અહેતુક છે, તેને કોઈ પરનું કારણ નથી; વિકારી કારણ ને અવિકારી કાર્ય હોય એમ ત્રણકાળમાં બને નહિ. અવિકારી કારણ અને અવિકારી કાર્ય હોય, તે જ્ઞપ્તિક્રિયા છે. ભગવાન આત્મા સત્ અહેતુક છે અને તેની જ્ઞપ્તિક્રિયા પણ સત્ અહેતુક છે.

આત્મા સ્વયં અવિનાશી જ્ઞાયક છે. તે અવિનાશી જ્ઞાયકની ક્રિયા તે જ્ઞપ્તિક્રિયા છે. આ જ્ઞપ્તિક્રિયા થતાં કરોતિક્રિયા છૂટી જાય છે. જડની ક્રિયા હું કરું છું, વિકારની ક્રિયા હું કરું છું-તેવી માન્યતા છૂટીને, જ્ઞાયક આત્માની શ્રદ્ધા કરીને તેમાં રહેતાં જે જ્ઞાનની ક્રિયા થવા લાગી તે જ્ઞપ્તિક્રિયા છે. નિર્મળ અવિનાશિની ક્રિયા તે

જ એક સત્ આત્માની ક્રિયા છે. પરથી જુદા ચૈતન્ય આત્માની શ્રદ્ધા કરીને તેમાં જ્ઞાયકપણે રહેવાથી કર્તાક્રિયા છૂટી ને જ્ઞપ્તિક્રિયા થવા લાગી. દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો અનાદિઅનંત જ્ઞાયક દ્રવ્યમાં સત્ અહેતુક અકારણીય જ્ઞપ્તિક્રિયા થઈ જ રહી છે, પરિણમી જ રહી છે. આત્મા પરરૂપે કદી થયો જ નથી, પણ તેનું ભાન નથી તેથી અજ્ઞાની કર્તાક્રિયારૂપે થઈ રહ્યો છે.

વિકારમય કર્તાક્રિયા છૂટીને આત્મામાં જે જાણનક્રિયા થઈ એટલે કે જે જ્ઞપ્તિક્રિયા થઈ તે સતરૂપ અહેતુક છે એટલે કે તેમાં કોઈ પરનું કે વિકારનું કારણ નથી, અકારણ સહજસ્વભાવની તે ક્રિયા છે; પરથી નિરાળી સ્વયં સિદ્ધ અકારણીય ક્રિયા છે, વસ્તુના ગર્ભમાંથી જેટલી પરિણતિ આવે તે નિર્મળ જ હોય, પણ જે પરિણતિમાં પરનો સબંધ આવે તે પરિણતિ વિકારી હોય.

ભગવાન ચૈતન્યમૂર્તિના દરિયામાં પવિત્રતા જ ભરી છે, એમાં પરની ગંધ છે જ નહિ. એવા આત્મામાં શ્રદ્ધા અને એકાગ્રતા કરવાથી જે જાણનક્રિયા થઈ તે ક્રિયા નિર્મળ જ હોય.

અજ્ઞાનતાને લીધે, આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે એટલે કે તેમનાં ભિન્ન લક્ષણ નહિ જાણવાને લીધે, હણવાની ક્રિયા હું કરું છું એમ અજ્ઞાની માને છે તે અજ્ઞાનમય અધ્યવસાય છે, અને તે જ બંધ ભાવ છે. સ્વસન્મુખદૃષ્ટિ કરવાથી આત્મામાંથી જ્ઞપ્તિક્રિયા પ્રગટ થાય છે અને બહિરમુખ દૃષ્ટિ કરવાથી-વિકાર સાથે એકત્વબુદ્ધિ કરવાથી કર્તાક્રિયા પ્રગટ થાય છે; એક સ્વલક્ષે પ્રગટ થાય છે ને બીજી પરલક્ષે પ્રગટ થાય છે. બીજાને હું મારું-જીવાડું એવી રાગદ્વેષના ઉદયમય ક્રિયાનો અને આત્માનો ભેદ નહિ પાડવાથી બંધન થાય છે અને તે અજ્ઞાનતા છે.

જેમ બ્રાહ્મણના ફળિયામાં ભંગિયાના છોકરા રમતા હોય ને બ્રાહ્મણને છોકરો ન હોય તોપણ તે એમ ન માને કે આ મારો છોકરો છે ને આ મારો વારસો રાખશે. તેમ આત્માનો સ્વભાવ એકરૂપ છે તેમાં ભંગ પાડીને જે પુણ્ય-પાપના વિકાર થાય તેને જ્ઞાની પોતાના સ્વભાવમાં માને નહિ. જે જીવ વિકારને સ્વભાવમાં ખતવે તે, બ્રાહ્મણ ભંગિયાના છોકરાને પોતાનો માનીને તેનાથી વારસો રાખવા ઇચ્છે-એવું અજ્ઞાન છે.

ચૈતન્ય જ્ઞાનાનંદ ગોળો, એમાંથી જે ક્રિયા ઊઠે તે બધી જ્ઞપ્તિ ક્રિયા ક્રિયા છે; પુણ્ય-પાપના ભાવનું કર્તાપણું મનાય તે કર્તાક્રિયા છે. અજ્ઞાનીને કર્તાક્રિયા થયા વગર રહે નહિ, જ્ઞાનીને સ્વભાવના ભાનમાં કર્તાક્રિયા છે જ નહિ.

આત્મા સહજ સતરૂપ છે, અસ્તિરૂપ છે, હેતુ વગરનો છે માટે અહેતુ છે ને અકારણ છે. એવા આત્માની જેને શ્રદ્ધા નથી તેને મિથ્યાદર્શન મોજૂદ છે, એને ભિન્ન આત્માની શ્રદ્ધા નથી તો આચરણ હોય જ કયાંથી? માટે તેને અચારિત્ર પણ મોજૂદ છે. ખોટું જ્ઞાન, ખોટી શ્રદ્ધા ને ખોટું ચારિત્ર તે ત્રણે સંસારનું કારણ છે. સંસારમાં રખડવાનું કારણ આ જ છે, બીજો કોઈ બાહ્ય પદાર્થ સંસારમાં રખડવાનું કારણ નથી.

વળી 'હું નારક છું' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અજ્ઞાનમય છે; તેથી સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદય જનિત નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી તે અધ્યવસાન અચારિત્ર છે.

અજ્ઞાનીએ 'હું નારકી છું, ઢોર છું, મનુષ્ય છું, દેવ છું' એમ પોતાના આખા ચૈતન્યદ્રવ્યને આખા પરદ્રવ્ય પ્રમાણે માન્યું એટલે કે સ્વદ્રવ્યને અને પરદ્રવ્ય એક માન્યા, જુદો જ્ઞાયક ન માન્યો. હનનક્રિયાને પોતાની માની તેમાં જ્ઞપ્તિક્રિયા નહિ માનતાં કરોતિક્રિયા માની હતી, ત્યાં પરની ક્રિયા પોતારૂપ માની હતી, અને અહીં નારકી આદિની વાતમાં પર એવા આખા દ્રવ્યને પોતારૂપ માન્યું છે, અહીં સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે તેને પોતાનો નહિ માનતાં પરદ્રવ્યને પોતાનું માન્યું છે. જ્ઞાયક આત્મા સતરૂપ અહેતુક અકારણીય છે, તે જ્ઞાયક દ્રવ્યને જુદું નહિ માનતાં પર દ્રવ્યને પોતાનું માન્યું તે અદર્શન છે, પરદ્રવ્યને પોતાનું જાણ્યું તે અજ્ઞાન છે ને પર દ્રવ્યમાં પોતારૂપ આચરણ કર્યું તે અચારિત્ર છે. જ્ઞપ્તિક્રિયા અને જ્ઞાયકદ્રવ્ય તે બે વાત થઈ, હવે જ્ઞાનગુણની વાત કરે છે.

વળી 'આ ધર્મ દ્રવ્ય જણાય છે' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે પણ અજ્ઞાનમય છે. (તે અધ્યવસાનવાળા જીવને) સતરૂપ અહેતુક જ્ઞાન જ જેનું એકરૂપ છે એવા આત્માનો અને જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.

આ ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય તે સામી વસ્તુ છે, તે સામે જણાય છે ત્યાં હું એને લઈને જાણું છું તેમ અજ્ઞાની માને છે. સામી ચીજ ન હોય તો મને જ્ઞાન ન

થાય એમ તે માને છે, પણ મારા જ્ઞાનથી જ્ઞાન થાય છે એમ નથી માનતો, તે ભ્રાંતિ છે. સિદ્ધાંત તો એવો છે કે જેટલો પોતાના જ્ઞાનના ક્ષયોપશમનો વેપાર હોય તેટલી સામી ચીજો નિમિત્તમાં હોય છે, જેટલી ચીજો જ્ઞાનમાં જણાય તેટલી જ્ઞાનનું નિમિત્ત થઈ કહેવાય છે. પોતાના ક્ષયોપશમ ઉઘાડ પ્રમાણે સામે વસ્તુ જણાય છે, સ્વ-પર પ્રકાશક જ્ઞાનની ખીલવટ પ્રમાણે પર પદાર્થો જણાય છે; પણ તેની ખબર નહિ રહેતાં પોતાના સ્વભાવનું જ્ઞાન નહિ રહેતાં-પર પદાર્થ હોય તો જ મને જ્ઞાન થાય એવી અનાદિની ઊંધી માન્યતા અજ્ઞાનીની છે.

માણસો દેશાટન કરવા જાય છે ત્યારે એના મગજમાં એમ આવે છે કે આ બધા માણસો દેખાણા, ચીજો દેખાણી, ક્ષેત્ર દેખાણું, એટલે મારા જ્ઞાનની બહોળતા થઈ, જાણવા યોગ્ય પદાર્થ નજર આગળ બહુ પડે તો બહુ જ્ઞાન થાય એમ બધા માની રહ્યા છે; વળી કહે છે કે વાણી બહુ સાંભળું તો બહુ જ્ઞાન થાય. એ વાત પણ જૂઠી છે. શ્રીમદ્‌ના કથનમાં આવે છે કે શ્રવણ ઉપર બહુ લક્ષ આપતાં મનનશક્તિ ઘટી જાય છે એટલે એનો અર્થ એવો છે કે શ્રવણમાં જો પર ઉપર જ લક્ષ રાખ્યું ને મારી સત્તા મારામાં છે એમ પોતાના સત્ ઉપર જો લક્ષ ન આપ્યું તો પોતાનો નિર્મળ વિકાસ નહિ થાય. પર પદાર્થને જાણવાથી બુદ્ધિ ખીલતી નથી પણ સત્ પદાર્થ પોતે આત્મા છે તેમાંથી બુદ્ધિ ખીલે છે. પર પદાર્થ આત્માથી અસત્ છે, આત્મા પર પદાર્થથી અસત્ છે, પર પદાર્થ પરની-એટલે કે એની પોતાની અપેક્ષાએ સત્ છે; પોતાથી જુદા એવા પર પદાર્થ ઉપર લક્ષ આપવાથી બુદ્ધિ ખીલે-જ્ઞાન ઉઘડે એમ કોઈ કાળે બની શકે નહિ. પર પદાર્થમાં શાસ્ત્ર પણ આવી ગયાં, એટલે શાસ્ત્ર વાંચવાથી જ્ઞાન ન થાય તે પણ આવી ગયું. સાચી સમજણ થવામાં દેવ-ગુરુની વાણીનું નિમિત્ત હોય છે ખરું, સાધકને પોતાના સ્વ પદાર્થના લક્ષ પૂર્વક વાણી તરફ લક્ષ જાય ખરું, પણ વાણી જ્ઞાન કરાવી દેતી નથી; પોતાથી જ્ઞાન થાય ત્યારે વાણીનું નિમિત્ત હોય છે. શાસ્ત્ર વાંચવાથી જ્ઞાન થતું નથી. જો શાસ્ત્ર વાંચવાથી જ્ઞાન થતું હોય તો, દશ જણા એક જ શાસ્ત્ર સાથે જ વાંચવા બેઠા હોય તે દશેને એક જ સરખું જ્ઞાન થવું જોઈએ, પરંતુ એમ બનતું નથી. તે દશેમાં જે રુચિપૂર્વક, પુરુષાર્થપૂર્વક, જ્ઞાનના ઘોલનપૂર્વક વાંચે છે તેને તે પ્રમાણે જ્ઞાન થાય છે ને બીજા જે સામાન્ય વાંચી જવા પૂરતું વાંચે છે તેને તે પ્રમાણે જ્ઞાન થાય છે. એક જ શાસ્ત્રની એક જ લીંટી હોય તેમાંથી એક જણો તે લીંટીમાંથી ઘણું રહસ્ય કાઢે છે ને બીજો માણસ તે જ લીંટીના માત્ર શબ્દનું જ જ્ઞાન કરે છે; જો શાસ્ત્રની લીંટી જ જ્ઞાન કરાવતી હોય તો બન્ને સરખું જ્ઞાન થવું જોઈએ. માટે નકી થયું કે શાસ્ત્ર જ્ઞાન કરાવતું નથી પણ

પોતાના જ્ઞાનની શક્તિ પ્રમાણે જ્ઞાન થાય છે. સત્ એવા આત્મામાંથી જ્ઞાન પ્રવહે છે.

કેટલાકની માન્યતા છે કે ગુણ-ગુણી જુદા છે. તે તર્ક કયાંથી ઊઠયો છે ? પહેલાં પોતાની શક્તિ ઓછી દેખાય, પછી ભણે-વાંચે ને બધું જુએ એટલે શક્તિ વધી એમ માને; અંદર જ્ઞાનપિંડ સત્ પડયું છે તેમાંથી જ્ઞાન આવે છે તેની તો ખબર નથી તેથી પરને જાણતાં જ્ઞાન પ્રગટયું એમ માને છે એટલે ગુણ-ગુણી જુદા છે તેમ માને છે. જ્ઞાનગુણ બહારથી મારા આત્મદ્રવ્યમાં આવે છે એમ જેણે માન્યું તેણે ગુણ-ગુણીને જુદા માન્યા. જેણે અનંત ગુણસમૂહ સત્ સ્વભાવી આત્માને જાણ્યો નથી, અખંડ આત્મા ઉપર જેની દૃષ્ટિ નથી તે પર ઉપર દૃષ્ટિ નાખ્યા વગર રહેશે નહિ. કોઈ કહે કે પૈસા સાથે તો આત્માને સંબંધ છે ને ? પૈસા તો આત્માને મળે છે ને ? તો કહે છે કે ભાઈ ! મળ્યું કોને કહેવું ? મળ્યું એટલે શું ? શું પૈસા પાસે આવ્યા એટલે મળ્યા કહેવા ? લક્ષ્મી-પૈસા-ધૂળ દૂર હતી ને નજીક આવી એટલે તને મળ્યું કહેવું ? આત્મામાં પૈસા પેસી જતા હોય તો આત્માને પૈસા મળ્યા કહેવાય; બાકી પૈસાના પરમાણુ પૈસામાં છે અને આત્મા આત્મામાં છે, બંને જુદા છે, કોઈ કોઈનામાં આવ્યું નથી અને કોઈ ગયું પણ નથી. લક્ષ્મી નજીક આવી એટલે આત્માને મળી તે વાત તદ્દન ખોટી છે, કારણ કે આત્મા આત્મામાં છે ને પૈસા પૈસામાં છે. લક્ષ્મી દૂર હો કે નજીક હો પણ આત્માથી તે જુદી જ છે. આત્મા પૈસાનું જ્ઞાન કરે તો જાણવામાં દૂર નજીક કાંઈ નથી. જ્ઞાનીના જ્ઞાનમાં લક્ષ્મી દૂર નજીક કાંઈ નથી. જ્ઞાનીનું જ્ઞાન સત્‌માંથી આવે છે. યથાર્થ જ્ઞાન જો થાય તો ધર્મ થાય.

જ્ઞાન જ્ઞાનમાંથી આવે છે, પરમાંથી આવતું નથી. મારું સામર્થ્ય મારામાંથી નથી આવતું એમ જે માને છે તે અજ્ઞાની છે. ચોપડા ફેરવ્યા માટે ચોપડામાંથી બુદ્ધિ આવી એમ માનનારને આત્માનું ભાન નથી; તેથી તે એમ માને છે કે બહારથી જ જ્ઞાન આવે છે, બધા પર પદાર્થો અમને બુદ્ધિ દેતા જાય છે. પણ ભાઈ ! તારામાં કાંઈ છે કે નહિ ? સત્ અહેતુક આત્મા છે તેમાં પરના હેતુથી-પરના કારણથી કાંઈ આવે જ નહિ. અહેતુકને પરનો હેતુ લાગુ પડે જ નહિ. આચાર્યદેવ કહે છે કે જ્ઞાન જ જેનું એક રૂપ છે તેને ભલે ગમે તેટલા પદાર્થો નજરે પડે પરંતુ જ્ઞાન સત્‌માંથી આવે છે. આમાં આચાર્યદેવે ઘણું રહસ્ય ગોઠવ્યું છે. જ્ઞાન પોતાને કારણે પોતાથી એકરૂપ છે, તેમાં ગમે તેટલા પદાર્થો જણાય પણ તે એકપણું છોડીને અનેકરૂપ થતું નથી. જ્ઞાન સતરૂપ અહેતુક છે એટલે કે જ્ઞાનને પરનું કારણ લાગુ પડતું નથી; જ્ઞાનની પર્યાય પોતાને કારણે સ્વયં પ્રગટે છે, પરથી પ્રગટતી નથી; માટે જ્ઞાન સતરૂપ અકારણીય છે. ધર્માસ્તિકાય આદિ પદાર્થોને પોતાથી જુદા નહિ જાણવા તે અજ્ઞાન છે, તે જુદા

પદાર્થોને પોતારૂપ માનવા તે અદર્શન છે તથા ભિન્ન આત્માનું આચરણ નહિ હોવાથી અને પરમાં ટકવાથી તે અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.

'માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી તે જ કોઈક ( વિરલ ) મુનિકુંજરો ( મુનિવરો ) સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે, સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે અને સતરૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા ભિન્ન આત્માને જાણતા થકા...કર્મથી ખરેખર લેપાતા નથી.'

મુનિઓને મુનિકુંજર કહ્યા છે, મુનિઓ તે હસ્તી જેવા છે; જેમ હસ્તીના ચામડા ઉપર કાંકરી વાગે તો તેની અસર હાથીને છે જ નહિ, તેમ મુનિઓને અલ્પ વિકલ્પ છે પણ તેને તે પોતાને માનતા નથી; માટે વાસ્તવિક રીતે તેમને અધ્યવસાનો છે જ નહિ. મુનિઓને શુભાશુભ વિકલ્પ અલ્પ આવે છે પણ તે ચૈતન્ય-મુનિકુંજર કહે છે કે અરે વિકલ્પ! તું જા, તું મારું સ્વરૂપ જ નથી. મુનિકુંજર ગુણરત્નનો પિંડ છે, સ્વરૂપ રમણતામાં ઝૂલે છે, તેમાં અલ્પ શુભાશુભ વિકલ્પ કાંઈ ગણત્રીમાં છે જ નહિ; તે અપેક્ષાએ મુનિકુંજરને બંધન થતું જ ( અધ્યવસાન વિદ્યમાન ) નથી એમ કહ્યું છે.

કોઈ કહેશે કે મુનિને પંચ મહાવ્રતમાં દોષ લાગે તેની આલોચના તો લે છે ને! મુનિને આલોચનાના ભાવરૂપ શુભ પરિણામ હોય છે ખરા, પરંતુ અહીં સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ તેની ગણત્રી નથી.

કોઈ એક શેઠના ઘરમાં ઘણું મોટું કાચનું ઝૂમર હોય, તે ઝૂમર હેઠે પડે અને ફૂટી જાય, તે વખતે ઘરમાં કોઈ ન હોય તો શેઠ પોતે કાચના કટકા હાથેથી ભરીને ટોપલામાં નાંખે તે વખતે કોઈ બીજો માણસ ઘેર આવે ને કહે કે અરે શેઠ! તમે પોતે કાચના કટકા હાથે ભર્યા માટે તમને કાચના કટકા ઉપર ઘણું મમત્વ લાગે છે, તમે તે કાચના કટકાને રાખવા માગો છો. તો તે માણસની વાત ખોટી છે, સાચી નથી. શેઠ કહે-ભાઈ, આ કાચના કટકા રાખવા તો છે જ નહિ, પણ કોઈ માણસ ઘેર નથી ને કટકા પડ્યા હોય તો છોકરાને લાગી જાય માટે બહાર ફેંકી દેવા સારુ હાથેથી ટોપલામાં ભરું છું. તો જેટલીવાર શેઠને હાથેથી ભરતાં લાગી તેટલીવાર શું તે કાચના કટકા રાખવા માંગે છે? શું તેમાં તેને રુચિ છે? સામો કહે કે હાથે ભર્યા માટે મમતા છે. અરે ભાઈ! તેં બહારથી જોયું, અંતરની તને ન ખબર પડે; બાપુ! મમતા નથી, ક્રિયા એવી દેખાય છતાં ભાવમાં ઘણો ફેર છે તેમ અહીં આચાર્ય ભગવાન કહે છે કે મુનિરાજનો અભિપ્રાય શુભાશુભભાવને જ્યાં ટાળવાનો થયો ત્યાં તેનો આદર છે જ નહિ, તે ટળતાં ટળતાં અમુક કાળ રહે છે તેથી તેની રુચિ છે એમ નથી.

મુનિકુંજરને અધ્યવસાનો ટાળવાની ક્રિયા થાય છે પણ તે અધ્યવસાનો રાખવાની ક્રિયા થતી નથી. મુનિકુંજરને સ્વરૂપરમણતાની ક્રિયા વારંવાર થયા કરે છે, ક્ષણમાં વિકલ્પ ઊઠે છે ને ક્ષણમાં ચૈતન્યબિંબમાં લીન થાય છે. એવી દશામાં ક્ષણે પળે ઝૂલ્યા કરે છે. મુનિઓ હસ્તી જેવા છે. જેમ હાથી ને કાંકરી લાગે તો ક્યાંય જણાતી નથી તેમ મુનિઓને અધ્યવસાન ક્યાંય જણાતા નથી; મુનિરાજને સ્વરૂપમાં રમણતા ઘણી છે, વીતરાગતાની તળેટીમાં વાસ કરે છે, વીતરાગતા લીધી કે લેશે એવી દશામાં ઝૂલે છે, વિકલ્પ બહુ મંદ છે, પરંતુ વિકલ્પ છે ખરા, પણ તેની ગણત્રી નથી. એ રીતે મુનિકુંજરને અધ્યવસાન નથી. જ્ઞાની અને ધ્યાની મુનિ સમજે છે કે અનંતગુણપિંડ અખંડ જ્ઞાયક મારું સ્વરૂપ છે ને સ્વ તરફ વળવાના અનંત પુરુષાર્થના બળરૂપ જ્ઞપ્તિ જ મારી ક્રિયા છે.

ટીકામાં આત્માની જ્ઞપ્તિક્રિયા અને જ્ઞાયકભાવ વગેરેનું વર્ણન કર્યું છે તેમાં ક્રિયાની વાત પહેલાં લીધી ને જ્ઞાયકની વાત પછી લીધી, તેનું કારણ એ છે કે વસ્તુને વસ્તુ તરફ વળવું નથી પણ અવસ્થાને વળવું છે માટે અવસ્થાની વાત પહેલાં લીધી. ' સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે ' એમ કહીને અવસ્થા પહેલાં લીધી કેમ કે તે અવસ્થા જ જ્ઞાયકને જાણે છે. જ્ઞાયક તે દ્રવ્ય, જ્ઞાન તે ગુણ, અને જ્ઞપ્તિક્રિયા તે પર્યાય. દ્રવ્ય અને ગુણ જેવાં છે તેવાં જ પર્યાય તેને જાણે ત્યારે ત્રણે એકરૂપ થાય છે.

આ વસ્તુસ્વભાવને જાણ્યા વિના જાશે ક્યાં? આ દૃષ્ટિ પ્રગટ કર્યા વિના જાશે ક્યાં? શું સ્વર્ગમાં જાવું છે?–કે મુક્તિશિલાના પત્થરે જાવું છે? જ્યાં સિદ્ધ ભગવાનની અને મોક્ષની વાત થાય ત્યાં અજ્ઞાની જીવોને ઊંચા ક્ષેત્ર ઉપર નજર જાય છે. પણ ભાઈ! મોક્ષ તે આત્માની નિર્મળ પર્યાયમાં હોય કે પરમાં હોય? મોક્ષ તો અહીં જ થાય છે, આત્માની પૂર્ણ નિર્મળ પર્યાય તો અહીં જ થાય છે. ઊંચે ક્ષેત્રે જાય માટે મોક્ષ થાય એમ નથી. એ તો કર્મ છૂટી ગયા પછી ઊર્ધ્વગતિએ જાય તેવો આત્માનો સ્વભાવ છે માટે ક્ષેત્રથી ઊંચો જાય છે, પરંતુ મોક્ષ ત્યાં થાય છે એમ નથી, મોક્ષ તો અહીં જ થાય છે.

પરથી ભિન્ન સામાન્ય જ્ઞાયકદ્રવ્ય એકલું ધ્રુવરૂપ છે, પર્યાય વિના આ ધ્રુવને જાણે કોણ? માટે જ્ઞપ્તિક્રિયા પ્રથમ લીધી છે.

જે મુનિકુંજરો સર્વ અન્ય દ્રવ્ય-ભાવોથી જુદા આત્માને જાણતા થકા, સમ્યક્પ્રકારે દેખતા થકા અને અનુચરતા થકા વિચરે છે તેઓ કર્મથી બંધાતા નથી. અહીં ' જાણતા થકા, દેખતા થકા, અનુચરતા થકા' એમ લીધું છે એટલે મુનિપણાની–

સાધકની વાત લીધી છે; હજી પૂર્ણતા થઈ નથી એટલે જાણતા થકા, દેખતા થકા, અનુચરતા થકા-તેમ કહ્યું છે; હજી અવસ્થામાં અધૂરાશ છે એટલે અવસ્થા સ્વતરફ ઢળે છે માટે જાણતા થકા, દેખતા થકા અને આચરતા થકા એમ કથન લીધું છે. વીતરાગને માટે 'જાણતા થકા, દેખતા થકા અને આચરતા થકા વિચરે છે એવા પુરુષાર્થનું બાકીપણું સૂચવનારા શબ્દો આવે જ નહિ કારણ કે જ્યાં પૂર્ણ જાણી જ રહ્યા છે ત્યાં તેને 'જાણતા થકા' એમ કેમ કહેવાય? અહીં તો સાધકની વાત છે તેથી 'જાણતા થકા...' એમ કહ્યું છે.

હવે 'સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન' એવા બે વિશેષણ આવશે તે આગળ કહેવાશે.

વિ. સં. ૨૦૦૦, માગસર સુદ ૧૩, ગુરુવાર.

આત્મા પોતે સ્વતંત્ર વસ્તુ છે, તેને પરાશ્રયથી લાભ થાય એમ નથી. શુભાશુભભાવની સાથે એકત્વબુદ્ધિ તે જ બંધનનું કારણ છે. જેને ચૈતન્યના સ્વ-સામર્થ્યમાં એકત્વબુદ્ધિ છે એવા મુનિકુંજરો કર્મોથી લેપાતા નથી. ધર્મ તે તો આત્માનો સ્વભાવ છે, ધર્મ કાંઈ બહાર નથી; આત્માનો ધર્મ આત્મામાં જ છે. વિકારી ભાવકર્મ-એટલે કે સંયોગી ભાવની જે ક્રિયા થાય તે ક્રિયા આત્માની નથી. ચૈતન્યભગવાનની સત્‌રૂપ અહેતુક ક્રિયા છે. જ્ઞાયક એક જેનો ભાવ છે ને જ્ઞાન જેનું રૂપ છે એવા આત્માને પરથી જુદો જાણ્યો, પરથી જુદો માન્યો ને પરથી જુદો પોતામાં ઠર્યો તેનું નામ ધર્મ છે.

સર્વ અન્ય દ્રવ્ય-ભાવોથી જુદા આત્માને જાણતા થકા, સમ્યક્ પ્રકારે દેખતા થકા અને અનુચરતા થકા, સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન) એવી અમંદ અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી (અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરાપણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી), શુભ કે અશુભકર્મથી ખરેખર મુનિઓ લેપાતા નથી.

'સ્વચ્છંદ' વિશેષણ અહીં દોષના અર્થમાં નથી પણ ગુણના અર્થમાં છે. 'હું તો જ્ઞાનસ્વરૂપ છું, પરને સુખી-દુઃખી કરી શકું એવો ભાવ મારામાં છે જ નહિ, હું પરનો કર્તા નથી પણ મારા જ્ઞાનનો જ કર્તા છું' એમ જાણવું-માનવું ને તેમાં ઠરવું એવી જે પરના આશ્રય વગરની સ્વાધીનતા તેનું નામ સ્વચ્છંદ; સ્વ-આશ્રયપણે-સ્વચ્છંદપણે પ્રગટ થતી અમંદજ્યોતિ, એટલે કે જેમાં મંદતા છે જ નહિ, તે જ્ઞાનજ્યોતિ ઉગ્રપણે પ્રગટ થાય છે. સમયપૂરતી વિકારી પર્યાય કે હીણી પર્યાય તે

આત્માનું સ્વરૂપ નથી, આત્માનું અખંડ સ્વરૂપ શુદ્ધ નિર્મળ છે-એમ ભાન થતાં અમંદજ્યોતિ પ્રગટ થાય છે. તે જ્યોતિમાં હીણાપણું કે વિકારીપણું છે જ નહિ. તે જ્યોતિ ઉગ્રપણે પ્રગટ થાય છે. તે અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ થતી નથી તેથી મુનિવરો શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.

હું બીજાને હણી શકું છું, હું બીજાને ઉગારી શકું છું એવા ભાવ અજ્ઞાનીને હોય છે. હું નારકી છું હું ઢોર છું, હું મનુષ્ય છું, હું દેવ છું એવો ભાવ મૂઢ એવા મિથ્યાદૃષ્ટિનો છે. હું પરવસ્તુને જાણું છું-મારા જ્ઞાનમાં જાણવાનું સામર્થ્ય પરને લઈને આવ્યું છે એવી સ્વ-પરની એકત્વબુદ્ધિ તે મૂઢબુદ્ધિ છે.

જ્યાંસુધી રાગ દ્વેષને અને આત્માને જુદા જાણ્યા નથી, નરકાદિ પર્યાયોથી આત્માને જુદો જાણ્યો નથી. શરીર અને આત્માને જુદા જાણ્યા નથી, પરવસ્તુને અને આત્માને જુદા જાણ્યા નથી ત્યાં સુધી ભેદજ્ઞાનના અભાવથી જીવને ઊંધી પ્રતીત છે, ઊંધું જ્ઞાન છે ને ઊંધું વર્તન છે; એમ ત્રણ પ્રકારે ઊંધો ભાવ પ્રવર્તે છે.

મુનિકુંજરો આત્માને સમ્યક્ જાણે છે. સમ્યક્ શ્રદ્ધે છે ને સમ્યક્ આચરે છે, તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.

આત્મા પૂર્ણ પવિત્રસ્વરૂપ પરથી નિરાળો છે, એવા પવિત્ર પૂર્ણસ્વભાવની પ્રતીત, પવિત્ર પૂર્ણસ્વભાવનો વિવેક અને પવિત્ર પૂર્ણસ્વભાવમાં આચરણ જેમને વર્તે છે એવા આત્મસ્વભાવમાં મગ્ન મુનિઓ કર્મથી લેપાતા નથી.

આચાર્યદેવ કહે છે કે બાપુ! તારા આત્મા સિવાય ધર્મ બીજે કયાંય નથી. શરીર પર, વાણી પર, મન પણ પર, અરે? રાગદ્વેષના ભાવ પણ તારાથી પર છે; તે રાગદ્વેષના ભાવથી પણ ધર્મ કે હિત થતું નથી. પછી તે શુભ હો કે અશુભ હો, તેનાથી ધર્મ થતો નથી. ભક્તિના શુભપરિણામ કરીને બહારમાં ધર્મની ખૂબ પ્રભાવના કરે તોપણ ધર્મ થતો નથી, કારણ કે પુણ્યપરિણામ છે, વિકારી પરિણામ છે અને તે આત્માથી પર છે, તો પરથી સ્વનું કલ્યાણ કયાંથી થાય? પર પરમાં રહે છે ને સ્વ સ્વમાં રહે છે, તો પરથી આત્માની નિર્મળ પર્યાય કયાંથી પ્રગટે? ધર્મનો સંબંધ ધર્મી સાથે હોય, પર સાથે ન હોય પર સાથે એકત્વબુદ્ધિ તે મિથ્યાદર્શન છે, પર સાથે એકત્વજ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે, તથા પર સાથે એકત્વવર્તન તે મિથ્યાચારિત્ર છે, અને તે બંધનનું કારણ છે. ધર્મનો સંબંધ ધર્મી સાથે હોય; માટે ધર્મીમાં એકત્વરૂપ રુચિ, ધર્મીમાં એકત્વજ્ઞાન ને ધર્મીમાં એકત્વરૂપે વર્તન તે જ મુક્તિનું કારણ છે. ૨૭૦.

હવે શિષ્ય પૂછે છે કે પ્રભો! અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો તો તેનું સ્વરૂપ શું છે? તે સમજવામાં આવ્યું નથી, માટે અધ્યવસાન શું છે તે કૃપા કરીને સમજાવો. આમ પૂછવામાં આવતાં હવે અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છેઃ—

बुद्धी ववसाओ वि य अज्झवसाणं मई य विण्णाणं।
एक्कट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो ॥२७१॥

અર્થઃ—બુદ્ધિ, વ્યવસાય, અધ્યવસાન, મતિ, વિજ્ઞાન, ચિત્ત, ભાવ અને પરિણામ—એ બધા એકાર્થ જ છે (–નામ જુદાં છે, અર્થ જુદા નથી).

સ્વ-પરનો અવિવેક હોય (અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય) ત્યારે જીવની અધ્યવસિતિમાત્ર તે અધ્યવસાન છે. એકની બીજામાં માન્યતાપૂર્વક પરિણતિ,-ખોટો નિશ્ચય થવો, તેને અધ્યવસિતિ કહેવાય છે; અને તે જ,-જેને અધ્યવસાય કહ્યો તે જ, બોધનમાત્રપણાથી બુદ્ધિ છે, વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે.

આત્મા ચિદાનંદ છે તેનો આશ્રય નહિ લેતાં શરીર-વાણી મન કે દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયે લાભ માનવામાં આવે તે મિથ્યાત્વ છે, તેમની સાથે એકત્વબુદ્ધિ કરવી તે બંધમાર્ગ છે, સ્વભાવમાર્ગ નથી. આ આઠ બોલ જે બુદ્ધિ, મતિ વગેરે કહ્યા તેમાં સમજી લેવું કે તે બધા બોલનું કથન અહીં મિથ્યાત્વ સહિતનું છે, બંધ-માર્ગનું કથન છે, મોક્ષમાર્ગનું કથન નથી. આત્મા સહજ ચિદાનંદસ્વરૂપ છે, તેને નહિ જાણતાં પર પદાર્થમાં ઘાલમેલની વૃત્તિ આવે તે પરાશ્રિત, સંયોગાશ્રિત, નિમિત્તા-શ્રિતભાવ છે, તે વ્યવહાર છે; અધ્યવસાયનું સ્વરૂપ કહીને આચાર્યદેવે વ્યવહાર છોડાવ્યો છે. જે પરાશ્રિત છે તે વ્યવહાર છે ને સ્વાશ્રિત તે નિશ્ચય છે.

કોઈ કહે કે 'પહેલા ચોથા કાળમાં તો નિશ્ચયના આશ્રયથી મોક્ષ થતો ને અત્યારે પંચમ કાળમાં વ્યવહારનાં આશ્રયથી મોક્ષ થાય' તો એમ નથી. ભાઈ! ત્રણે કાળે સ્વભાવદૃષ્ટિથી જ મોક્ષ થાય, ત્રણે કાળે એક જ માર્ગ હોય, મોક્ષમાર્ગ બે ન હોય. ચોથે કાળે પણ સુખડી ઘી, ગોળ ને લોટની થતી ને પાંચમે કાળે પણ ઘી, ગોળ ને લોટની જ થાય, અનંત કાળ પહેલાં પણ સુખડી ઘી, ગોળ ને લોટની થતી ને અનંતકાળ પછી પણ ઘી, ગોળ ને લોટની જ સુખડી થાય. ગરીબ માણસ પણ

---

બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને
પરિણામ, ચિત્તને ભાવ-શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.

સુખડી ઘી, ગોળ ને લોટની ખાય ને તવંગર પણ ઘી, ગોળ ને લોટની જ ખાય; ગરીબ માણસ ધૂળ ને પાણીની સુખડી ખાય એમ ન બને, પાંચમો કાળ છે એટલે સુખડી ધૂળ ને પાણીની થાય એમ ન બને, ઘી, ગોળમાંથી રસકસ ઓછો થાય એમ બને પણ સુખડી તો ઘી, ગોળ ને લોટની જ ત્રણે કાળે થાય; એ રીતે બંધમાર્ગ ને મોક્ષમાર્ગ ત્રણે કાળે એક જ જાતનો હોય, સ્વભાવદૃષ્ટિ ને સ્વમાં લીનતા તે મોક્ષનો માર્ગ છે. તે મોક્ષમાર્ગથી ગયા કાળે અનંતા જીવો મોક્ષમાં ગયા ને તે જ મોક્ષ-માર્ગથી ભવિષ્યમાં અનંતા જીવો મોક્ષમાં જશે, વર્તમાન કાળે પણ તે જ મોક્ષમાર્ગથી સ્વભાવ પર્યાય પામી શકાય છે. અત્યારે આ ક્ષેત્રમાં પુરુષાર્થની ગતિ ભલે ધીમી હોય, પણ મોક્ષમાર્ગની જાત તો એક જ પ્રકારની છે. પરદૃષ્ટિ ને પરમાં લીનતા તે બંધમાર્ગ છે, તેનાથી અનંતા જીવો અનંતકાળથી ચોરાશીમાં પરિભ્રમણ કરે છે. સ્વાશ્રિત તે મોક્ષમાર્ગને પરાશ્રિત તે બંધમાર્ગ, આ ત્રણે કાળનો રજિસ્ટર્ડ કરેલો બંધ-માર્ગ અને મોક્ષમાર્ગનો સિદ્ધાંત છે. કોઈ ઉતાવળા વાહનથી ગામ જાય ને કોઈ ધીમા વાહનથી ગામ જાય પણ માર્ગ તો એક જ હોય, તેમ મોક્ષમાર્ગની ગતિ ધીમી ઉતાવળી થાય પણ માર્ગ તો એક જ હોય. પહેલાના કાળે ગાડાના પૈડાં નીચે હતા અને હવે પૈડાં ઉપર હોય એમ કોઈ કાળે ન બને, ત્રણે કાળે ગાડાના પૈડાં નીચે જ હોય; તેમ ત્રણે કાળે મોક્ષમાર્ગ એક જ હોય, માર્ગમાં ફેર હોય જ નહિ, પહેલાના કાળે મોક્ષમાર્ગ સ્વાશ્રિત હતો ને હવે મોક્ષમાર્ગ પરાશ્રિત હોય એમ કોઈ કાળે ન બને, ત્રણે કાળે મોક્ષમાર્ગ સ્વાશ્રિત જ હોય.

'પર પદાર્થ છે તો હું જાણું છું' એમ અજ્ઞાનપણે જાણવામાં રોકાવું તે બોધનમાત્રપણાથી બુદ્ધિ છે. 'એક પરમાણુ, રાગ ને હું–અમે બધાં એક છીએ, હું એનું કરી દઉં છું ને એ મારું કરી દે છે,' એવું જે અજ્ઞાનીનું જ્ઞાન તે બુદ્ધિ છે. વર્તમાનમાં જે બુદ્ધિનો ક્ષયોપશમ દેખાય છે તેમાં વર્તમાન પુરુષાર્થનું કિંચિત્માત્ર કારણ નથી; મોટા વડાપ્રધાન હોય કે મોટા બૅરિસ્ટર વકીલ હોય તેમને જે જ્ઞાનનો ક્ષયોપશમ દેખાય છે તે પૂર્વે રાગ-દ્વેષ મોળા પાડ્યા ને જ્ઞાનાવરણ ઓછું બાંધ્યું તેથી વર્તમાનમાં જ્ઞાનનો ઉઘાડ દેખાય છે. કોઈ એમ માને કે વર્તમાનમાં મેં ડહાપણ કર્યું તેથી બુદ્ધિ ઉઘડી તો તે અસત્ય છે, પૂર્વના કારણે ઉઘડેલી બુદ્ધિ છે. આ ગાથામાં બુદ્ધિ વગેરેના અર્થ મિથ્યાત્વ સહિતના કરેલા છે તે બધા બોલમાં સમજી લેવું.

'શ્રીમદ્'ના કથનમાં આવે છે કે વિશાળબુદ્ધિ તે પાત્રતા છે. ત્યાં 'વિશાળ-બુદ્ધિ' અનેકાંતના અર્થમાં છે, વર્તમાન અપૂર્વ પુરુષાર્થના અર્થમાં છે, પૂર્વના ઉઘાડના અર્થમાં નથી.

ભલે અગિયાર અંગ ને નવ નવ પૂર્વ ભણી જાય પણ 'આ આત્મા પરથી નિરાળો છે' એમ લક્ષ ન કરે તો આત્માને ટચ કરે એવો અપૂર્વ ઉઘાડ નથી; આત્મા તરફના વલણ વિનાનો જે ઉઘાડ તે બધો પર તરફનો ઉઘાડ છે, પછી ભલે અગિયાર અંગ ભણે કે નવ પૂર્વ ભણે, પણ આત્મા તરફના વલણ વગર બધો ઉઘાડ પર તરફનો છે.

આત્મા આખો પરિપૂર્ણ છે, તેમાં વર્તમાન વિકાર થાય તે ક્ષણિક છે; ક્ષણ પૂરતી વિકારી પર્યાય છે ખરી પણ તે ચૈતન્યના અખંડ પરિપૂર્ણ સ્વભાવમાં નથી.– એમ દેવ–ગુરુ-શાસ્ત્રના નિમિત્તે અપૂર્વપણે નક્કી કરવું તે અપૂર્વ ઉઘાડ છે, તેમાં બધો ઉઘાડ પણ સમ્યક્ થઈ જાય છે.

પર લક્ષે ક્રોધ–માન–માયા-લોભ ઓછા થાય પણ અભાવ ન થાય. પરમાં દેવ–ગુરુ–શાસ્ત્ર વગેરે બધાં આવી ગયા. તે પરાશ્રય દૃષ્ટિથી દર્શનમોહ મંદ થાય, જ્ઞાનાવરણી મંદ થાય, મોહનીય તથા કષાય મંદ થાય, તે પર લક્ષે મંદ થાય ખરા પણ તેનો અભાવ ન થાય; તેનો અભાવ થવાનું કારણ તો એક સ્વાશ્રયદૃષ્ટિ છે, મોહાદિનો અભાવ થવાનું કારણ તો એક આત્મદૃષ્ટિ જ છે. મંદ કષાય અને તીવ્ર કષાય બંનેમાં આકુળતા જ છે, સ્વભાવની અપૂર્વતાની ગંધ પણ તેમાં નથી. જ્યાંસુધી મંદ કષાય કે તીવ્ર કષાય બંનેથી આત્મસ્વભાવ જુદો છે એવું ભેદજ્ઞાન ન થાય ને સ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાન કરી ચિદ્‌બિંબમાં ન રહે ત્યાંસુધી સ્વભાવ સુખ થાય નહિ, આત્માની અપૂર્વ સમાધિ થાય નહિ, આકુળતા ટળે નહિ, ભવભ્રમણ ટળે નહિ.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેની જોડે એક નિમિત્તરૂપ પ્રકૃતિ છે. જો તે નિમિત્ત ન હોય તો આત્માનો સ્વભાવ જ અશુદ્ધ થઈ જાય. માટે, અશુદ્ધતા કરે છે પોતે પણ તેમાં નિમિત્તપણે કર્મ છે. દેવગુરુશાસ્ત્ર તરફનું વલણ તે શુભભાવ છે ને દેવગુરુશાસ્ત્ર તે શુભના નિમિત્તો છે, દેવગુરુશાસ્ત્ર તરફના શુભ રાગમાં એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ સહિત મંદ કષાય છે. સ્ત્રી-કુટુંબાદિ તરફના વલણવાળો જે ભાવ તે અશુભ ભાવ છે, તે અશુભ ભાવમાં એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ સહિત તીવ્રકષાય છે.

આચાર્યદેવને તીવ્ર કષાય ને મંદ કષાય ઉપર વજન નથી પણ પૂર્ણ આત્મ–તત્ત્વના લક્ષપૂર્વક સ્વાલંબી તત્ત્વ ઉઘડે તેના ઉપર વજન છે. સ્વાલંબી સ્વભાવને ચૂકીને એકલા પરના વ્યવસાયમાં લાગી રહેવુ તે મિથ્યાત્વ છે, પછી ધર્મના બહાના તળે હો કે સંસારના બહાના તળે હો પણ પરમાં એકત્વબુદ્ધિરૂપ વ્યવસાય તે મિથ્યાત્વ જ છે. દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે, પોતે પુરુષાર્થ કરીને મંદ-તીવ્ર કષાયથી નિરાળા

જ્ઞાયક તત્ત્વનું ભાન કરે તો તે કલ્યાણનું કારણ છે. પરંતુ દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્ત મળ્યા ત્યાં પણ જો એમ માન્યું કે શુભ પરિણામથી મને લાભ છે તો તેને આત્મામાં કાંઈ લાભ નથી, તેનું ભવભ્રમણ ટળતું નથી. દેવ ગુરુ-શાસ્ત્રના લક્ષે કષાય મંદ થઈને શુભભાવ થયો તે ભાવ પણ આત્માને કાંઈ મદદ કરતો નથી. અંતરતત્ત્વના ભાન વિનાના જે ઉઘાડ તે બધા આંધળા ઉઘાડ છે. જેમ જ્ઞાન વગરનો ક્રિયાકાંડ આંધળો છે તેમ અજ્ઞાનનો ઉઘાડ પણ આંધળો છે, કારણ કે માર્ગને જાણતો નથી.

સ્વતત્ત્વની રુચિ થઈ, પ્રતીત થઈ, એટલે સ્વસન્મુખ વળ્યો તેથી અપૂર્વ વિશાળતા ને અપૂર્વ ઉઘાડ થયો. જ્ઞાયક સ્વભાવનું જ્યાં ભાન થયું તે વખતે જુનો ઉઘાડ પણ નવામાં ભળીને બધું જ્ઞાન સમ્યક્ થઈ ગયું.

પ્રશ્નઃ-ઉઘાડને લઈ ને રુચિ અર્થાત્ પ્રતીત બદલાણીને?

ઉત્તરઃ-રુચિએ જ-પ્રતીતે જ બધું સવળું કર્યું છે. રુચિ થાય ત્યાં ઉઘાડ હોય જ. ઉઘાડ હોય જ. ઉઘાડ હતો તો રુચિ થઈ તે પણ નિમિત્ત ઉપર વજન છે; વાતમાં થોડા ફેર પડતાં પણ ઉગમણો-આથમણો ફેર પડી જાય છે. અજ્ઞાનીનો ઉઘાડ તો પૂર્વના મંદકષાયમાં ગયો, વર્તમાન રુચિ-પ્રતીતને કારણે જ ઉઘાડ સમ્યક્ થયો. રેલ પાટા ઉપરથી એક દોરાવા ઉતરે ત્યાં ગાડી આખી રડી જાય, તેમ તત્ત્વની વાતમાં એક દોરાવા ફેર લાગે પણ ત્યાં તદ્દન ઉગમણો આથમણો ફેર પડી જાય છે.

અહીં તો આત્મસ્વભાવના ભાનમાં ઉઘાડ ઓછા, વત્તાનું કાંઈ કામ નથી, નિર્મળ શુદ્ધતાની પ્રતીત થઈ ત્યાં જે ઉઘાડ હતો તે સમ્યક્પણે થયો; વર્તમાનમાં ઉઘાડ ભલે ઓછો હોય પણ વસ્તુમાં ક્યાં ઓછું છે? જેના ઉપર મીટ માંડવી છે તે ક્યાં ઓછું છે? તે તો પૂર્ણ જ છે; તેથી પૂર્ણતાની મીટથી પૂર્ણતા જ પ્રગટવાની છે. પ્રતીતને કારણે જ્ઞાન સમ્યક્ થયું છે, જ્ઞાનના ઉઘાડને કારણે પ્રતીત સમ્યક્ થઈ નથી.

આત્માને જેમ છે તેમ ખ્યાલમાં લીધા વિના તે જવાબ નહિ આપે. એક રાજાને બોલાવવો હોય તોપણ 'નેક નામદાર' વગેરે કેટલાય લાંબા લાંબા વિશેષણ વળગાડે ત્યારે તે માંડ અરજી સાંભળે; તેમ ચૈતન્ય જેવી જેની જાત છે, જે ચૈતન્ય-ચિંતામણિ છે, એવા અનુપમ ચૈતન્યની જે રીતે છે તે રીતે સમજણ અને પ્રતીત ન કરે તો તે જવાબ આપે નહિ, સાક્ષીરૂપ થાય નહિ.

પૂર્વે અજ્ઞાનભાવે ક્રોધ-માન-માયા-લોભ ઘટાડીને જે ઉઘાડ થયો છે તે મને લાભ કરશે તેવો વ્યવસાય એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે.

સ્વભાવનું ભાન થયા પછી ઉઘાડને નિમિત્તનો આરોપ અપાય છે; થયું ને રુચિથી, પરંતુ ઉઘાડથી થયું એવો આરોપ પણ સમ્યક્ ભાન થયા પછી અપાય છે.

સ્વભાવની રુચિ-પ્રતીત સ્વથી થાય છે છતાં ત્યાં એમ માનવું કે ઉઘાડ અને મંદ કષાયથી લાભ થયો, તે માન્યતાનો ભાવ પણ એકત્વબુદ્ધિરૂપ મિથ્યા વ્યવસાય છે. પૂર્વના ઉઘાડથી, પુણ્યથી કે કષાયની મંદતાથી લાભ માનવો તે એકત્વબુદ્ધિનો વ્યવસાય છે. આત્માની રુચિ તો આત્મસ્વભાવ ભર્યો છે તેમાંથી પ્રગટી છે. એક સમયમાં પ્રભુ પરમાત્મા પરમાનંદસ્વભાવે-ગુણે પરિપૂર્ણ-પરિપૂર્ણ વસ્તુ છે, તેમાંથી જ સ્વની રુચિ પ્રગટે છે અને તેના જ આશ્રયે સ્વપર્યાય વધતાં વધતાં અનુક્રમે પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ થાય છે; તેવા સ્વાશ્રયભાવના બીજડા નાખવા તે મુક્તિનું કારણ છે.

સ્વભાવમાં લાગ્યા રહેવું તે મુક્તિનું કારણ છે ને ઉઘાડ સંયોગ વગેરે પર તરફ લાગ્યા રહેવું તે પરાશ્રય વ્યવસાય સંસારનું કારણ છે. સ્વભાવના ભાન વિના કષાયની મંદતાથી જે ઉઘાડ થયો તે ઉઘાડ આત્મશાંતિનું કારણ નથી, તે યથાર્થ ઉઘાડ પણ નથી; વળી સ્વભાવનું ભાન ન કરે તો તે ઉઘાડ અવરાઈ જવાનો છે.

વળી, અજ્ઞાનીનો જે મિથ્યા અધ્યવસાય છે તે જ મનનમાત્રપણાથી મતિ છે. મનન એટલે માનવું તે; મને શુભ વિકલ્પ મદદ કરે છે, મને સંયોગ મદદ કરે છે, કષાયની આસક્તિ ઓછી થાય તે મદદ કરે છે-એમ પરમાં મનન કર્યા કરે તે મતિ છે. અજ્ઞાની પરનું મનન કર્યા કરે છે કે આમ હોય તો લાભ થાય ને તેમ હોય તો લાભ થાય, વીતરાગી પરમાનંદ સ્વભાવની તેને ખબર નથી તેથી આવા પરાશ્રયના તુક્કા કર્યા કરે છે, વર્તમાનમાં પરિપૂર્ણ પ્રભુ આત્માની વાત કોઈ રીતે તેને બેસતી નથી એટલે આડ મારીને બીજી રીતે કયાંય પરમાં આશ્રય કરીને એકત્વબુદ્ધિથી અટકી ગયો છે, અને સ્વસ્વભાવ જેમ છે તેમ સમજાતો નથી. જો પરમાં અટકવું છોડીને સ્વમાં અટકે-રોકાય, તો સ્વભાવ જેમ છે તેમ સમજાય.

અજ્ઞાનીનો જે અધ્યવસાય છે તેને જ વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન કહેવાય છે. વિજ્ઞાન એટલે વિશેષે જ્ઞાન. મારા નિર્મળગુણની પર્યાય જાણે કે પરમાંથી આવતી હોય એમ જાણીને પરનું જ્ઞાન કરવા માંડયું તે વિજ્ઞાન, પર તરફનું વિશેષે જ્ઞાન તેને વિજ્ઞાન કહે છે.

ચિત્ત એટલે મન; મનનો વિષય આત્મા નથી, મનમાં પ્રતીત નથી પણ આત્મામાં પ્રતીત છે. આત્મસિદ્ધિમાં કહ્યું છે કે " આત્મા વિષે પ્રતીત, " આત્મા વિષે પ્રતીત થાય છે પણ મન વિષે પ્રતીત થતી નથી. શુભાશુભ ભાવમાં ચેતાઈ જવું તે ચિત્ત. અજ્ઞાનીને ચેતનનું ભાન નથી ને પરમાં ચેતાઈ જાય છે તેનું નામ ચિત્ત.

એકલા પરમાં ભવાઈ ગયો એટલે કે તે રૂપે થઈ ગયો તેને અહીં ભાવ કહેવાય છે; આ ભાવ છે તે અજ્ઞાનનો ભાવ છે.

ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ છે. એકલા પરમાં પરિણમન થઈ ગયું તેને અહીં પરિણામ કહ્યા છે. શરીર, વાણી, મન તે બધાં મારા, તે મને લાભ કરે છે એવા જે પરિણામ છે તે વિકારી પરિણામ છે. આ રીતે આઠે શબ્દોના એક અર્થ છે; નામ જુદા છે પણ અર્થ એક છે. જેવો અધ્યવસાય શબ્દનો અર્થ છે તેવો જ બધા શબ્દનો અર્થ છે.

આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યાં તે બધાંય ચેતન આત્માનાં પરિણામ છે. જ્યાં સુધી સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરનાં એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે તેને બુદ્ધિઆદિ આઠ નામોથી કહેવામાં આવે છે.

'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે'— એવા અર્થનું, આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છેઃ—

(શાર્દૂલવિક્રીડિત)

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः ।
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कंपमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नंति संतो धृतिम् ॥ १७३ ॥

અર્થઃ—આચાર્યદેવ કહે છે કે-સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાના યોગ્ય કહ્યાં છે તેથી અમે એમ માનીએ છીએ કે 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.' તો પછી, આ સત્પુરુષો એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી?

આચાર્યદેવ કહે છે કે જિન ભગવાનોએ સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાય થાય છે તે બધાય છોડાવ્યા છે તેથી અમે એમ માનીએ છીએ કે પરાશ્રિત વ્યવહાર જ સઘળો છોડાવ્યો છે; અધ્યવસાનના જે આઠ બોલ કહ્યા તે બધાય આત્મામાંથી ત્યાગવા યોગ્ય છે. એમ કહ્યું છે, તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે. ભગવાને એમ કહ્યું છે કે સ્વ-પરની એકત્વબુદ્ધિ છોડ! પરને હું મારી શકું છું, પરને

હું જિવાડી શકું છું વગેરે ભાવો સ્વતત્ત્વ અને બીજા તત્ત્વને એક માન્યા વિના હોઈ શકે નહિ. 'બીજાનો હું શત્રુ-મિત્ર થઈ શકું છું, બીજા મારા શત્રુ-મિત્ર થઈ શકે છે; બીજા મારી નિંદા-પ્રશંસા કરે છે, હું બીજાની નિંદા-પ્રશંસા કરું છું; બીજા મને સુખી-દુઃખી કરી શકે છે, હું બીજાને સુખી-દુઃખી કરી શકું છું; બીજા મને બંધ અને મુક્તિ કરી શકે છે, હું બીજાને બંધ અને મુક્તિ કરી શકું છું' આવા અભિપ્રાયો સ્વ-પરની એકત્વબુદ્ધિ વિના હોઈ શકે નહિ. માટે જિન ભગવાનોએ કહ્યું છે કે આવા અધ્યવસાય છોડ, એટલે કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર સઘળો છોડ.

આચાર્યદેવ કહે છે કે જિન ભગવાનોએ વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે ને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે. વર્તમાન ક્ષણમાં ભગવાન આત્મા પરિપૂર્ણ છે તેનું અવલંબન કરો અને પરાશ્રયે જેટલા શુભાશુભ ભાવ થાય છે–સંકલ્પ વિકલ્પ થાય છે તે બધા પરાશ્રય ભાવને છોડો, એમ ભગવાન કહે છે. કેટલાક કહે છે કે 'ભગવાને તો બે નય થઈને આખું વસ્તુનું સ્વરૂપ કહ્યું છે!' તે વાત બરાબર છે, પણ તે બે નય જાણવાયોગ્ય છે, આદરવા યોગ્ય તો એક છે. બે નયના પડખામાંથી સાચા સ્વરૂપને બતાવનાર અર્થાત્ સ્વઆશ્રિત નિશ્ચયસ્વરૂપને બતાવનાર નિશ્ચયદૃષ્ટિ છે, વિકારને અને નિમિત્તને બતાવનારા વ્યવહારદૃષ્ટિ છે; તે બંને નયો છે ખરા પણ તે બંને જાણવાયોગ્ય છે, આદરવાયોગ્ય બે નથી, આદરવાયોગ્ય એક સ્વભાવદૃષ્ટિનું અવલંબન લેતાં વિકારનો નાશ થાય છે. સ્વભાવ તરફ વળ્યા વગર સમાધિ ને શાંતિ પ્રગટતી નથી, વિકારનો નાશ થતો નથી. તો પછી સત્પુરુષો એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે એટલે કે અચળપણે અંગીકાર કરીને શુદ્ધજ્ઞાનઘન-સ્વરૂપ ચૈતન્યના મહિમામાં–ચૈતન્યની અદ્ભુતતામાં સ્થિરતા કેમ ધરતા નથી?-લીન કેમ થતા નથી? એ અમને અચરજ છે, એમ કહી આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે ભગવાને તો સઘળોય વ્યવહાર છોડાવીને નિશ્ચય ગ્રહણ કરાવ્યો છે, તો પછી સત્પુરુષો નિજ મહિમામાં લીન કેમ થતા નથી?-એમ આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે.

આત્મા અનાદિઅનંત પારિણામિકભાવે છે તેના ઉપર દૃષ્ટિ મૂકતાં ક્ષાયકભાવ પ્રગટે છે અને સમ્યક્ ક્ષયોપશમભાવ પણ પારિણામિકભાવ ઉપર દૃષ્ટિ મૂકતાં પ્રગટે છે. અખંડ સ્વભાવની રુચિ થઈ તેના જોરે નિર્મળ પર્યાય પ્રગટે છે. આખી વસ્તુ અખંડ છે તેમ નક્કી પણ પ્રતીત વડે થાય છે. પૂર્વનો ઉઘાડ ઓછો લઈને આવ્યો હોય તોપણ રુચિના જોરે તે સમ્યક્ થાય છે. અખંડ પરિપૂર્ણ સ્વભાવમાં ક્ષાયક કે ક્ષયોપશમના ભેદ નથી. સાચી પ્રતીત થઈ ત્યારે ભલે ઓછો ઉઘાડ હોય તોપણ તે પૂર્ણરૂપે થઈ જવાનો, પૂર્ણની રુચિ તે પૂર્ણ પર્યાયને લાવશે. ક્ષાયક, ક્ષયોપશમ એવા પર્યાયના

ભેદ છે તે વ્યવહાર છે. તે પર્યાય ઉપર નજર મૂકતાં પૂર્ણ પર્યાય પ્રગટતી નથી, આખી વસ્તુ પરિપૂર્ણ છે તેના ઉપર મીટ માંડવાથી પૂર્ણ પર્યાય પ્રગટે છે. પૂર્ણ વસ્તુનો આશ્રય લેવો તે નિશ્ચય છે, ને એ સિવાય ભેદનો કે પરનો આશ્રય તે વ્યવહાર છે. તે સઘળા વ્યવહારનો આશ્રય ભગવાને છોડાવ્યો છે. દૃષ્ટિપૂર્વક જે જે જ્ઞાન થાય છે તે જ્ઞાનમાં બે પડખાં પડે છે–બે અપેક્ષા હોય છે; અખંડ દ્રવ્યને વિષય કરે છે તે જ્ઞાન શુદ્ધનય છે ને તે આદરણીય છે, અને જ્ઞાનનું બીજું પડખું ભેદને તથા પર્યાયને જાણે છે તે વ્યવહારનય છે, પણ તે આદરણીય નથી, અને લક્ષ કરવા જેવું નથી.

વિ. સં. ૨૦૦૦, માગસર સુદ ૧૪ શુક્રવાર.

પરાધીનતામાં અબંધનો એક અંશ પણ હોઈ શકે નહિ અને સ્વાધીનતામાં બંધનો એક અંશ પણ હોઈ શકે નહિ. આત્મા પોતે સ્વતંત્ર ચીજ છે, તે પરનું લક્ષ કરે ત્યાં પર નિમિત્ત આવી જાય છે. આત્મા પોતે પરિપૂર્ણ છે છતાં પરિપૂર્ણતાને ચૂકીને કયાંક લક્ષ આપીને પરાધીનતા ઉભી કરે છે, ને સ્વાશ્રયને ચૂકે છે. સ્વાશ્રિત-દૃષ્ટિ તે નિશ્ચય, પરાશ્રયદૃષ્ટિ તે વ્યવહાર; વ્યવહાર તે છોડવા જેવો છે, ભગવાન આત્મા તે પોતે આદરવા જેવો છે. આ વાત ઓગાળાવા જેવી છે, મનન કરવા જેવી છે, ભગવાન આત્મા શું ચીજ છે તે મનન કરવા યોગ્ય છે; એ મનન કર્યા વિના પરાધીનતા ટળશે નહિ અને મોક્ષ થશે નહિ.

ત્રિલોકીનાથ જિનભગવંતોએ વ્યવહાર ત્યાગવા યોગ્ય કહ્યો છે. ભગવાનના દિવ્યધ્વનિનો ધોધ અખંડ ચાલે છે, વાણીનો ધોધ આખે આખો વરસે છે, ભગવાનની વાણીમાં પહેલાં આત્મા આવે અને પછી ધર્માસ્તિકાય આવે એવું કાંઈ નથી, ધોધ તો બધો આખે આખો ચાલે છે. આચાર્યદેવ કહે છે કે એમાંથી અમે તારવીને કહીએ છીએ કે અધ્યવસાય છોડવાનું કહેતાં પરાશ્રિત વ્યવહાર છોડવાનું ભગવાન કહે છે, એમ અમે સમજ્યા છીએ.

ન ભુંસાય એવો ટંકોત્કીર્ણ આત્મા છે, એને ભૂલીને શરીર-મન-વાણી, સ્ત્રી, કુટુંબ, દેવ–ગુરુ–શાસ્ત્ર તે સર્વમાં એકત્વપણાની માન્યતાના જે અધ્યવસાય થાય છે તે છોડાવ્યા છે એટલે કે પર જેનો આશ્રય છે એવો પરાશ્રિત વ્યવહાર બધો છોડાવ્યો છે.

ટંકોત્કીર્ણ આત્માને ભૂલીને શરીરાદિ તથા સ્ત્રી-કુટુંબ અને દેવ–ગુરુ–શાસ્ત્ર તે બધામાં એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે. એક કોર ભગવાન અને બીજી કોર પર, એક કોર રામ અને બીજી કોર ગામ; ભગવાન આત્મા સિવાયના પર પદાર્થોમાં જેટલા અધ્યવસાયો છે તે બધા છોડવા જેવા છે. ભગવાનની વાણીનો જે અખંડ ધોધ

આવે છે તેમાંથી આચાર્યદેવે શું રહસ્ય કાઢ્યું ?—પરાશ્રિત વ્યવહારને ભગવાન છોડાવે છે એમ રહસ્ય કાઢ્યું.

સ્વ-પરની એકત્વબુદ્ધિને લીધે પોતાના મહિમાને ભૂલ્યો, 'હું નહિ પણ આ બધું પર ખરું' એવી દૃષ્ટિવાળો મિથ્યાદૃષ્ટિ છે, ને 'આ સર્વ મારામાં નથી પણ હું મારામાં છું' એવી દૃષ્ટિવાળો સમ્યગ્દૃષ્ટિ છે; ફેર તો આટલો છે પણ એ ફેરમાં અનંત કાળ ગયો.

કંઈ પણ પર પદાર્થની ઓથ લઉં, ટેકો લઉં, આશ્રય લઉં તો મારી નિર્મળ પર્યાય પ્રગટે, એવી દૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે. મારામાં પરિપૂર્ણ વસ્તુ ભરી છે તેનો આશ્રય લઉં તો નિર્મળ પર્યાય પ્રગટે એવી જ્યાં દૃષ્ટિ નથી ત્યાં નિર્મળ પર્યાય પ્રગટતી નથી; અને પર વડે નિર્મળ પર્યાય પ્રગટે એવો અધ્યવસાય છે તે મિથ્યાત્વ છે.

સમકિતી જીવ કહે છે કે ભગવાનના દિવ્યધ્વનિમાં જે આવે છે તે અમે સમજ્યા છીએ; જેની દૃષ્ટિની નિર્મળતા પોતાના સ્વભાવ તરફ વળી છે તે, 'ભગવાન આમ જ કહે છે' એમ સમજી શકે છે. ભગવાનની વાણીનો ધોધ તો જે ચાલે છે તે ચાલે છે પણ આચાર્ય ભગવંતો આદિ જ્ઞાની પુરુષો પોતાની સ્વ-જાત મેળવીને સમજે છે, અને જે પ્રમાણે સમજે છે તે પ્રમાણે જગત પાસે વાત કરે છે.

આચાર્યદેવ કહે છે કે 'સર્વ વસ્તુઓમાં થતા અધ્યવસાનો છોડ' એમ કહીને જિન ભગવાનોએ પરાશ્રિત સઘળો વ્યવહાર જ છોડાવ્યો છે, શરીર-મન-વાણી આદિનું લક્ષ છોડાવ્યું છે, પરનું સઘળુંય આલંબન છોડાવ્યું છે.

પર ને મારું-જિવાડું, સુખી દુઃખી કરું—એવી બુદ્ધિ પોતાને અને પરને પરતંત્ર માને છે, એવી બુદ્ધિ પર સાથે એકત્વપણાની માન્યતા વિના હોઈ શકે નહિ. 'હે જીવ! તું બીજાનો બંધ-મોક્ષ કરી શકે નહિ, તારો બંધ-મોક્ષ બીજા કરી શકે નહિ, માટે તું આવો પરાશ્રય અધ્યવસાય છોડ' આમ ભગવાને કહ્યું તે વાતમાંથી અમે ત્રિકાળ અબાધિત નિયમ સમજીએ છીએ કે ભગવાને પર તરફની બુદ્ધિ છોડાવી છે, પરાશ્રયે થતો બોધ છોડાવ્યો છે. આચાર્યદેવે ભગવાનની વાણીમાંથી આ વાત લીધી કે અધ્યવસાયને છોડવાનું કહેતાં પરાશ્રય જ્ઞાનના પડખાની દૃષ્ટિ પ્રભુએ છોડાવી છે.

વ્યવહાર તે સંયોગાશ્રિત-નિમિત્તાશ્રિત છે એમ સ્વીકારીને એક બાજુ હઠાવવાનું ભગવાને કહ્યું છે. અહીં સમ્યક્ નિશ્ચય કરાવે છે. સમ્યક્ નિશ્ચય એટલે

એકાંત નિશ્ચય નહિ પણ સાચો નિશ્ચય. પર્યાયનો સ્વીકાર કરાવીને, દ્રવ્ય તરફ ઢળ એમ કહે છે.

શુભરાગના નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર છે; અશુભરાગના નિમિત્ત સ્ત્રી-કુટુંબ આદિ છે; તે બધી વસ્તુ છે એમ તો સિદ્ધ કરી દીધું, પણ તે તરફનો વલણભાવ છે છે તેને છોડ, તેમ ભગવાને દિવ્યધ્વનિમાં ફરમાવ્યું છે.

વિકાર અવસ્થા કાંઈ છે જ નહિ એમ માને તો દ્રવ્ય બાજુ ઢળવાની અપેક્ષા કાંઈ આવતી નથી. અવસ્થા જ જો ન હોય તો ઢળવાનું ક્યાં રહ્યું ? માટે અવસ્થામાં શુભ-અશુભ રાગ પણ છે ને શુભ-અશુભનાં નિમિત્તો પણ છે-એમ જાણવું જોઈએ. પરસન્મુખ ન ઢળવું એમ કહ્યું ત્યાં સ્વસન્મુખ વળવું એમ આવી જાય છે.

શાસ્ત્રમાં ચરણાનુયોગની વિધિ પણ છે ને દ્રવ્યાનુયોગની વિધિ પણ છે, તત્ત્વનાં કથનો પણ આવે છે ને નિમિત્તનાં કથનો પણ આવે છે. ચરણાનુયોગમાં અશુભ પરિણામ ટળતાં જે શુભરાગ રહે તેનું અને તેનાં નિમિત્તોનું કથન હોય છે.

'મુનિઓએ આ રીતે આહાર લેવો, આ રીતે વિહાર કરવો, અઠ્યાવીશ મૂળગુણ આમ પાળવા ' વગેરે વાત શાસ્ત્રોમાં આવે. ત્યાં મુનિને વીતરાગદૃષ્ટિ તો છે પણ વીતરાગચારિત્રમાં ઠરી ન શકે ત્યારે અશુભમાંથી બચવા શુભરાગ કેવા પ્રકારનો આવે છે તે બતાવવા તે વ્યવહારનયના કથનો છે. શુભપરિણામ વચ્ચે આવે તે જુદી વાત છે અને તેના ઉપર વજન આપવું તે જુદી વાત છે. શુભરાગ ઉપર વજન આપવું તે મિથ્યાત્વભાવ છે અને સ્વરૂપનું ભાન હોવા છતાં અપૂર્ણતાને કારણે શુભરાગ હોય તે માત્ર અસ્થિરતા છે.

આત્માના સ્વરૂપનું ભાન થયા પછી સ્વરૂપમાં સ્થિરતા વધતાં વધતાં મુનિ-દશાની સ્થિરતા આવે છે. છઠ્ઠી સાતમી ભૂમિકાએ ક્ષણે ક્ષણે ઝૂલ્યા કરવું તે મુનિ-દશાની સ્થિતિ છે, તે સ્થિતિને અનુકૂળ મહાવ્રત આદિના શુભપરિણામ મુનિદશામાં હોય છે. અહો ! તે મુનિપણાની દશાની શું વાત ! મુનિપણું એટલે કેવળજ્ઞાનની તળેટી છે. શાસ્ત્રમાં આવે છે કે મુનિ જ્યારે ધ્યાનમાં ઉભા હોય ત્યારે વનનાં મૃગલાંઓ તેને ઝાડનું ઠુંઠું જાણીને પોતાની ખરજ ખણવા આવે છે, મુનિપણું બહારમાં નથી, મુનિપણું શરીરમાં નથી, મુનિપણું તે આત્માની દશામાં છે.

આચાર્યદેવ કહે છે કે જો અખંડ વસ્તુ દૃષ્ટિમાં આવી અને સમસ્ત પરા-શ્રિતભાવો છોડવા જેવા છે એમ જાણ્યું તો હવે તે બધા પરાશ્રિતભાવો છોડીને સત્પુરુષો સ્વરૂપમાં કેમ ઠરતા નથી ? અડોલ નિષ્કંપ દૃષ્ટિ અંગીકાર કરીને અડોલ-

સ્વરૂપમાં કેમ ઠરતા નથી ?– અખંડ સ્વરૂપ જે લક્ષમાં આવ્યું તેને ઘોળીને સ્વરૂપમાં કેમ ઠરતા નથી ? અહીં તો કહે કે જેવી વસ્તુ દૃષ્ટિમાં લીધી તેને ઘોળીને તેમાં ઠરવું તે ચારિત્ર છે.

જ્યારે આચાર્યદેવ આ ( શાસ્ત્ર ) લખે છે ત્યારે પરાશ્રિત વિકલ્પ તો છે, ને 'ઠરતા કેમ નથી ?' એમ ઉપદેશ આપે છે. કોઇ કહે કે પોતે તો ઠરતા નથી ને ઠરવાનો ઉપદેશ આપે છે ? અરે ભાઈ ! એ તો ઠરી જ રહ્યા છે; ક્ષણે ક્ષણે સ્વરૂપમાં ઠરી જ રહ્યા છે, વીતરાગ દૃષ્ટિ ઉભી છે તેના ભાનમાં સહજપણે પ્રયત્ન સ્વ તરફ વળ્યા કરે છે ને રાગનો વ્યય થતો જાય છે, સહજપણે સ્થિરતા થતી જાય છે એમાં હઠપણું કાંઇ છે જ નહિ. ચારિત્રની સ્થિરતાપૂર્વક જે શુભ વિકલ્પ આવે છે તેની સાથે સતનું ઘોલન છે માટે જે વિકલ્પ આવે તે નિર્જરા ખાતે જ છે.

સાંભળનારાઓને એવો વિવેક હોય છે કે પ્રભુ ! આપ જે ઉપદેશ આપો છો તેમાં અમને સમજવાનો ને ઠરવાનો માર્ગ મળે છે–આમ વિવેકીને વિવેક આવે, પણ 'તમે ઉપદેશ આપો છો ને ઠરતા કેમ નથી ?' એમ કુતર્ક કરીને ઉપકારીના ઉપકારને ઓળવે નહિ.

જો સાંભળનારા કોઈ એમ કહે કે આચાર્યદેવને લખવા ટાણે અને બોલવા ટાણે સ્થિરતા ક્યાં છે ? તો એમ કહેનાર ઉપકારીના ઉપકારને અને ન્યાયની રીતને સમજ્યો નથી, વિવેકને સમજ્યો નથી, તે તદ્દન અવિવેકી છે. આચાર્યદેવને તો દૃષ્ટિના જોરમાં સ્થિરતા થયા જ કરે છે. તે આચાર્યદેવની સ્થિરતા એટલે કે મુનિદશાની સ્થિરતાનો અજ્ઞાનીને ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે. પૂર્ણ વીતરાગ થયા નથી એટલે અલ્પરાગ હજુ બાકી છે તેથી ઉપદેશ દેવાનો, શાસ્ત્ર લખવાનો વગેરે શુભ વિકલ્પ આવે છે. પણ ત્યાં વિવેકી તો એમ જોઈ રહ્યો છે કે પ્રભુ ! આપને ઉપદેશ આપવાનો વિકલ્પ આવે એમાં અમને ઘણો લાભ છે, હે પ્રભુ ! અમે તો આપના વિકલ્પમાં લાભ જ જોઈ રહ્યા છીએ. આપને તે વિકલ્પથી નુકસાન નથી જ પરંતુ અમારો ઘણો લાભ તેમાં સમાયેલો છે–વિવેકીની દૃષ્ટિ આવી ન્યાયવાળી હોય છે, સવળી હોય છે.

ચોથી ભૂમિકાએ દૃષ્ટિના વિષયમાં પૂર્ણસ્વભાવ લીધો છે અને તે તે ભૂમિકાએ જે જે રાગ તથા જે જે નિમિત્તો આવવાયોગ્ય છે તે આવે છે. ભગવાન દેવાધિદેવે પર સાથે આત્મબુદ્ધિરૂપ અધ્યવસાય છોડાવ્યા છે તેથી પરાશ્રિત વ્યવહાર બધોય છોડાવ્યો છે, એમ તેનો અર્થ છે. ૨૭૧.

હવે આ અર્થને ગાથામાં કહે છે:–

**एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणयेण ।**
**णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं ॥२७२॥**

અર્થ:-એ રીતે ( પૂર્વોક્ત રીતે ) ( પરાશ્રિત એવો ) વ્યવહારનય નિશ્ચયનય વડે નિષિદ્ધ જાણ; નિશ્ચયનને આશ્રિત મુનિઓ નિર્વાણને પામે છે.

આત્માશ્રિત ( અર્થાત્ સ્વ-આશ્રિત ) નિશ્ચયનય છે, પરાશ્રિત ( અર્થાત્ પરને આશ્રિત ) વ્યવહારનય છે.

જેટલો આત્મા વિકલ્પ તરફ પરિણમે તેટલો પરાશ્રય આવ્યા વિના રહે નહિ. પુણ્યભાવમાં પણ પરાશ્રય છે તો પછી પાપભાવમાં તો પરાશ્રય હોય જ તે સમજાય એવી વાત છે. પુણ્યભાવમાં એટલે કે પ્રશસ્ત રાગમાં પણ પરાશ્રય છે. વિનય કરું, દયા કરું, જરીક આમ કરું-તેમ કરું તે બધો ભાવ પરાશ્રિત વ્યવહાર જ છે, ખંડિત છે, કારણ કે તેમાં પરનું અવલંબન આવ્યા વિના રહેતું નથી. તે બધા ભાવો નિશ્ચયદૃષ્ટિએ છોડવાયોગ્ય છે. જેટલા મોક્ષમાર્ગના ભેદ પડે તે બધા વ્યવહારના ભંગ છે. આત્માના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરનારો જે નિશ્ચયનય તેનાથી વ્યવહારનયનો નિષેધ છે. નિશ્ચયનયને આશ્રયે મુનિવરો નિર્વાણને પામ્યા છે.

માણસો કહે છે કે આ તો એકલા નિશ્ચયની વાત છે. પણ ભાઈ! નિશ્ચય એટલે સાચો અને વ્યવહાર એટલે આરોપિત; વ્યવહાર છે તે પરાશ્રિત અને સમય-પૂરતો છે, સ્વભાવની અપેક્ષાએ તે ખોટો છે પણ વ્યવહારથી વ્યવહાર સાચો છે. પરંતુ પ્રગટાવવો છે તો સ્વભાવ, અને સ્વભાવની અપેક્ષાએ વ્યવહાર ખોટો છે, તો તે ખોટાના આશ્રયે સાચું પ્રગટે ?—ન પ્રગટે. સાચી દૃષ્ટિ થયા પછી વચ્ચે વ્યવહાર આવ્યા વિના રહે નહિ. વ્યવહાર હોય તે જુદી વાત છે અને વ્યવહારના કારણે લાભ થાય તે વાત જુદી છે,-એ બે વાતમાં મોટાં આંતરાં છે.

સમયસાર-નાટકમાં તો આ અસંખ્ય પ્રકારના અધ્યવસાયને મિથ્યાત્વ તરીકે જ વર્ણવ્યા છે; એમાં કહ્યું છે કે-જેટલા પરને પોતારૂપ માનવાના પ્રકારે છે તેટલા જ અધ્યવસાયો છે, ને તે બધા વ્યવહારના ભેદો છે; જેટલા મિથ્યાત્વના ભેદો છે તેટલા વ્યવહારના ભેદો છે.

---

વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી,
નિશ્ચયનયાશ્રિત મુનિવરો, પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.

પરથી મને લાભ થાય અને હું પરને લાભ આપી શકું એવી માન્યતા તે એકાંત છે; તે પ્રમાણે જીવન-મરણ, બંધ-મોક્ષ વગેરે સંબંધી જેટલા અધ્યવસાનના પ્રકાર છે તે બધા મિથ્યાત્વના છે, તે બધા વ્યવહાર છે.

સાચી દૃષ્ટિ થયા પછી અલ્પ રાગ-દ્વેષ-ક્રોધ-માન હોય, પણ તે સાધારણ હોય છે; ને પર સાથે એકત્વબુદ્ધિવાળા મિથ્યાત્વીને રાગાદિભાવો તીવ્ર હોય છે. સાચી દૃષ્ટિવાળાને સાધારણ જૂઠું હોય. જેમ કે છોકરાને તાવ આવ્યો હોય અને ખાંડનું રમકડું લેવા માટે પૈસાનો કજિયો કરે, તો તેનો બાપ કહે કે પૈસો અત્યારે મારી પાસે નથી. તેમ જૂઠું બોલે કારણ કે ખાંડનું ખાશે તો વધારે તાવ આવશે અને જો 'પૈસો નહિ દઉં' એમ કહીશ તો કજિયો કરશે માટે 'પૈસો મારી પાસે નથી' એમ સાધારણ જૂઠું બોલે છે. પરંતુ પરથી લાભ થાય તેમ અજ્ઞાની માને છે તેમાં તો ત્રણ કાળનું જૂઠું છે, ત્રણ કાળના પદાર્થો મને લાભ નુકશાન કરે છે તેવી માન્યતામાં ત્રણકાળનું જૂઠાપણું આવ્યું; અજ્ઞાનીને તેવો અભિપ્રાય ત્રણ કાળની ટેવ લઈને પડ્યો છે તેથી જ્યાં જ્યાં જે જે ભવમાં જશે ત્યાં ત્યાં તે અભિપ્રાયને સાથે લઈને જશે, એટલે તેને ત્રણે કાળના જૂઠાની ગાંઠ છે. આવા અસંખ્ય પ્રકારના અધ્યવસાયો છે તે બધા મિથ્યાત્વ છે.

આ ગાથામાં નિશ્ચય અને વ્યવહારની વ્યાખ્યા છે. આત્મા એકલો અખંડ સચ્ચિદાનંદ સ્વભાવે છે તેની સ્વઆશ્રયની દૃષ્ટિ તે નિશ્ચયનય છે. નિશ્ચયમાં એક અભેદનું વલણ છે, વચ્ચે વિકલ્પ-રાગ થાય તે નિશ્ચય નથી. નિમિત્ત, સંયોગ ને પર તરફના જેટલા વિકલ્પ ઊઠે તે બધો વ્યવહાર છે એટલે કે જે પરાશ્રિત છે તે બધો વ્યવહાર છે અને સ્વ-આશ્રિત છે તે નિશ્ચય છે.

પૂર્વોક્ત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન) બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે, કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી). અને આ વ્યવહારનય એ રીતે નિષેધવા યોગ્ય જ છે.

દેહ, વાણી, મન કે શુભરાગ તે કંઈ પણ મને લાભ કરે ને મારી હાજરી હોય તો પર પદાર્થની કંઈ પણ દશા-હાલત થાય એવી માન્યતાનું પરિણમન બંધનું કારણ હોવાથી મુમુક્ષુને-મુમુક્ષુ એટલે વીતરાગ સ્વભાવના કામીને-તે અધ્યવસાનનો

નિષેધ કરાવી ખરેખર નિશ્ચય દૃષ્ટિથી વ્યવહારનો જ નિષેધ કરાવ્યો છે. અહીં કહે છે કે તું ચોખ્ખો એકલો જ ઉભો રહે, આત્માના અર્થી એવા મુમુક્ષુને, બંધનું કારણ જે પરમાં એકત્વબુદ્ધિ તેનો નિશ્ચયનય વડે નિષેધ કરાવ્યો છે.

માણસો કહે છે કે 'જો તમે નિશ્ચયના જ આશ્રયે મુક્તિ માનતા હો તો તમારે ભગવાનની પ્રતિમા, ભગવાનની ભક્તિ, પૂજા એવું બધું વચમાં કેમ આવ્યું ?' ભાઈ ! બન્ને પડખાં સમજવા જેવા છે. જ્ઞાનીને ભક્તિમાં પરના આશ્રયની બુદ્ધિ નથી, પણ પોતે પોતાના સ્વરૂપમાં ઠરી ન શકે ત્યારે શુભ પરિણામ અનેક પ્રકારના હોય ને તેના નિમિત્તો પણ અનેક પ્રકારનાં હોય, પરંતુ દૃષ્ટિમાં તેનાથી લાભ થાય તેમ તે સ્વીકારતો નથી.

ત્યારે કોઈ એમ કહે કે 'પૂજા ભક્તિનું કહો છો પણ વ્રત પચ્ચખાણનું કેમ કહેતા નથી !' ભાઈ ! પહેલી ભૂમિકાએ પણ ભક્તિ, પૂજા, શ્રવણ, વાંચન આદિનો શુભરાગ હોય ને ચોથી ભૂમિકાએ પણ પૂજા, ભક્તિ ને શ્રવણ-મનનનો શુભરાગ હોય પણ ત્યાં વ્રતાદિ ન હોય-એવો માર્ગનો ક્રમ છે. જેને આત્મસ્વભાવ સમજવાની રુચિ છે-જેને ચોથી ભૂમિકા પ્રગટ કરવી છે તે, જો ચોથી ભૂમિકાએ જે સ્થિતિ હોય તેનું લક્ષ રાખીને-તેના ઉપર વજન રાખીને પ્રયત્ન કરે તો ચોથી ભૂમિકાને પામી શકે, તે જ માર્ગનો ક્રમ છે. જેને આત્મસ્વભાવની રુચિ જાગી તેને વિષયોની ગૃદ્ધિ સ્હેજે છૂટી જાય છે ને કષાયો મંદ થઈ જાય છે, તોપણ તેને સાચાં વ્રત કહેવાતા નથી, વ્રતનો આરોપ આવતો નથી. ચોથી ભૂમિકાએ અનંતાનુબંધી કષાય ટળી જાય છે તેથી વિષયોની અનંતી આસક્તિ ટળી ગઈ હોય છે તોપણ ત્યાં વ્રત કહેવાતા નથી, વિશેષ આત્મસ્થિરતા વધીને જે વ્રત આવવા જોઈએ તે આવ્યા નથી, ત્યાં પૂજા, ભક્તિ ને શ્રવણ મનનનો શુભરાગ હોય છે અને તેના નિમિત્તો દેવ-ગુરુ-શાસ્ત્ર હોય છે, પણ તે ભૂમિકાએ વ્રત પચ્ચખાણનો શુભરાગ ન હોય, કારણ કે તેને ઉપલા કષાયનો અભાવ થયો નથી. તે ચોથી ભૂમિકાએ પૂજા-પ્રભાવના-ભક્તિ આદિના ભાવ તથા નિઃશંક, નિઃકાંક્ષ, પ્રભાવના, વાત્સલ્ય—ધર્મી પ્રત્યેનો પ્રેમ વગેરે આઠ અંગ હોય છે, ને પાંચમી ભૂમિકાએ સહજ સ્થિરતા વધતાં બીજા નંબરનો કષાય ટળે છે ત્યારે વ્રતના પરિણામ આવે છે, અને છઠ્ઠી ભૂમિકાએ દૃષ્ટિના જોરમાં સહજ સ્થિરતા વધતાં ત્રીજા કષાયનો અભાવ થાય છે તેથી ત્યાં મહાવ્રતના પરિણામ આવે છે. ચોથી ભૂમિકાએ ત્રણ કષાય છે તેથી ત્યાં વ્રતનો આરોપ આવતો નથી, તો પછી પહેલી ભૂમિકાએ તો ચારે કષાય ઉભા છે તેથી ત્યાં વ્રતનો આરોપ જરા પણ શેનો હોય ? ન જ હોય. ચોથી ભૂમિકાએ પૂજા-પ્રભાવના હોય, વ્રત-સમિતિ ન હોય;—ઊંધી

દૃષ્ટિવાળો કહે કે 'ત્યાં વ્રત સમિતિ કેમ ન હોય?' એમ કહીને ખોટો આગ્રહ પકડે છે. જે જ્યાં ન હોય તેને ત્યાં માને, ને જે હોય તેને ન માને તેનું જ્ઞાન પણ ખોટું છે ને તેની દૃષ્ટિ પણ ખોટી છે. અને જે જે ભૂમિકાએ જે જે હોય તેને તે પ્રમાણે માને તેનું જ્ઞાન પણ સાચું છે ને તેની દૃષ્ટિ પણ સાચી છે. રાગનું અને રાગના નિમિત્તોનું યથાર્થજ્ઞાન કરે તેજ જ્ઞાન સાચું છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ દૃષ્ટિના જોરે અશુભ રાગથી બચે તેટલો લાભ છે, તેને અશુભ રાગ ઘટે તે પણ દૃષ્ટિના વિષયના જોરમાં જ જાય છે; અને દેવ-ગુરુ શાસ્ત્ર પ્રત્યેનો શુભરાગ હોય ત્યારે પણ અખંડસ્વભાવની દૃષ્ટિપૂર્વક સતના ઘોલનનો પુરુષાર્થ છે તેનાથી લાભ છે.

ચોથી ભૂમિકાએ ચોથા ગુણસ્થાનના પ્રમાણમાં શુભરાગ ને તેના નિમિત્તો હોય, પાંચમી ભૂમિકાએ તેના પ્રમાણમાં શુભરાગ ને તેના નિમિત્તો હોય, તથા છઠ્ઠી ભૂમિકાએ તેના પ્રમાણમાં શુભરાગ ને તેના નિમિત્તો હોય. જ્યાં જે પ્રકારે હોય ત્યાં તે પ્રકારે સમજવું જોઈશે. ચરણાનુયોગનો શુભરાગ તે તેની ભૂમિકાના પ્રમાણમાં હોય છે. ભગવાનની પ્રતિમા, શુભરાગ ને પૂજા-ભક્તિ તે જે જે ભૂમિકા પ્રમાણે છે તેમ ન સમજે ને તે વાતને ઉડાડીને તેને બદલે બીજા વ્રત-નિયમના નિમિત્તોને ગોઠવી દે તો તેની વાત તદ્દન જૂઠી છે, તેનું જ્ઞાન ખોટું છે ને તેની શ્રદ્ધા ખોટી છે. આ ન્યાયમાં ઘણા ઉકેલ છે, પછી તેમાંથી કેટલુંક સમાધાન તો પોતાથી જ કરવું જોઈએ. બસ, મોક્ષમાર્ગ ચોખ્ખો આ પ્રમાણે છે.

ધર્મીને દૃષ્ટિમાં તો ભક્તિનો, વ્રતનો, કે મહાવ્રતનો—બધા શુભરાગનો નિષેધ છે, અધૂરાશને લઈને આચરણમાં તે રાગ આવે, પછી સ્વરૂપસ્થિરતાના ટાણે ભક્તિના ને વ્રતાદિ પ્રત્યેના શુભરાગનો નિષેધ થઈ જાય છે.

પર તરફ જ્યાં આશ્રય થાય ત્યાં રાગ થયા વિના રહે જ નહિ અને સ્વ-આશ્રયમાં બંધનો એક અંશ પણ થાય નહિ. યથાર્થ સમજણના ઘરમાં ક્યાંય મૂંઝવણ જ નથી. સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે.

'વ્રતાદિના શુભ પરિણામ હેય છે' એમ કહેવાથી એમ સમજવું કે વ્યવહારનય એટલે કે જ્ઞાનનું હેયપણું નથી, પણ તે શુભરાગ રાખવા જેવા છે એવી શ્રદ્ધા છોડ, એમ બતાવે છે. જ્યાં માન્યતા બદલાઈ કે શુભરાગ આદરણીય નથી, ત્યાં વ્યવહારના પરિણામનું હેયપણું શ્રદ્ધામાં આવી જાય છે; પણ જ્યાંસુધી વીતરાગ થયો નથી ત્યાંસુધી અમુક પરિણામ તો આવશે.

આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે; કારણ કે આત્માશ્રિત નિશ્ચય-નયનો આશ્રય કરનારાઓ જ ( કર્મથી ) મુક્ત થાય છે અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો એવો અભવ્ય પણ કરે છે.

ભગવાન ચિદાનંદ અખંડસ્વરૂપ છે એવા આત્માના આશ્રયે મુક્તિ થાય છે. નિશ્ચયનય આત્માશ્રિત છે, તે નયનો આશ્રય કરનારની જ મુક્તિ થાય છે. પરાશ્રિત એવા વ્યવહારનો આશ્રય તો અભવ્ય પણ સેવે છે. અનાદિ અનંત પર પક્ષને સેવનારા અભવ્યનો દાખલો આચાર્યદેવે આપ્યો છે, તે દૃષ્ટાંતથી એમ જણાય છે કે આચાર્ય-દેવને પોતાના સ્વભાવનું એટલે કે આત્માશ્રિત નિશ્ચયનયનું જોર છે, મુક્તિનું જોર છે, અને પર પક્ષને સેવનારા મુક્ત થતાં જ નથી એમ બતાવવું છે, તેથી આવો સજ્જડ દાખલો આપ્યો છે.

જ્યાં સ્વભાવ-આશ્રિત દૃષ્ટિ થઇ ત્યાં ત્રણ કાળનો પરાશ્રય છૂટી જાય છે તેથી તે અલ્પકાળે મુક્ત થાય છે, ને આ અભવ્યને ત્રણ કાળનો પરાશ્રય ઉભો છે તેથી તે એકાંતે મુક્ત થતો જ નથી, પર તરફ જ તેની દૃષ્ટિ છે તેથી તદ્દન એકાંતદૃષ્ટિ છે.

સ્વભાવના ભાન પછી વ્યવહાર વચ્ચે આવે છે પણ તેમાં એકાંતદૃષ્ટિ હોતી નથી, કારણ કે હું આ સ્વભાવે છું અને આ રાગાદિ છે તે હું નથી તેવો વિવેક રહે છે તેથી વચમાં જે વ્યવહાર આવે તેનું જ્ઞાન કરે છે. જેને પરનો આશ્રય એકલો છે તે પરથી જ લાભ માને છે, તેમાં 'આ હું સ્વ છું અને આ પર છે' તેમ જ્ઞાન આવ્યું નહિ માટે એકાંતદૃષ્ટિ રહે છે.

અભવ્યને એક વર્તમાન પર્યાયમાં-એક ક્ષણિક પર્યાયમાં ત્રિકાળ વ્યવહારનો આશ્રય છે એક પણ વિકાર પર્યાયને જે પોતાની માને છે તેની માન્યતામાં ત્રણે કાળની વિકારી પર્યાય પોતાની માનવાનું ઊંધું જોર ભેગું છે. આચાર્યદેવ કહે છે કે એક ક્ષણની ઊંધી માન્યતા તોડ તો ત્રણે કાળની માન્યતા તૂટી જશે. જ્ઞાનીને જે વર્તમાન ક્ષણમાં ભક્તિ, પ્રભાવનાના ભાવ આવે તે જ વખતે તેને વિવેક વર્તે છે. વર્તમાન ક્ષણમાં ત્રણકાળનું સમ્યગ્જ્ઞાન થઈ ગયું છે.

અભવ્ય જીવ અનંતા છે, અભવ્ય જીવની કોઇ દિવસ નિર્મળ પર્યાય થતી નથી; જેમ કોરડું મગ પલળે નહિ-બફાય નહિ અને ચડે નહિ તેમ અભવ્ય જીવની કોઈ કાળે પણ નિર્મળ પર્યાય થાય નહિ.

કુદરતમાં બે સામસામી-પ્રતિપક્ષી વસ્તુ હોય જ છે, જેમ કે જાણનાર તત્ત્વ છે તો તેની સામે નહિ જાણનાર જડ તત્ત્વ પણ છે, ભવ્ય-લાયક જીવ છે તો તેની સામે

અભવ્ય જીવ પણ છે, ધર્માસ્તિકાય તત્ત્વ છે તો તેની સામે અધર્માસ્તિકાય તત્ત્વ છે. આકાશાસ્તિકાય અનંત ક્ષેત્રવાળું તત્ત્વ છે તો તેની સામે એકપ્રદેશી કાળદ્રવ્ય પણ છે. એ રીતે સામસામી બબ્બે વસ્તુ છે એવો નિયમ છે.

જીવમાં ભવ્ય અને અભવ્ય એવી બે જાત છે; એક સ્વભાવનો આશ્રય કરનારો છે અને એક પરનો જ આશ્રય સદા લે છે. આચાર્યદેવ કહે છે કે અમારી પાસે આવીને તેં પણ પરથી લાભ થાય એમ જો માન્યું તો તેમાં નવું શું કર્યું ? માટે અમે કહીએ છીએ કે પરનો આશ્રય છોડ અને સ્વભાવનો આશ્રય લે તો જ મુક્તિ થશે.

વિ. સં. ૨૦૦૦, માગસર સુદ ૧૫ શનિવાર.

અધ્યવસાન વ્યવહારનયનો જ વિષય છે તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે. જેઓ નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે અને જેઓ એકાંતદૃષ્ટિના એટલે કે વ્યવહારનયના આશ્રયે જ પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી.

આત્માના જ્ઞાનાદિ સ્વભાવોનો અભેદપણે આશ્રય તે સ્વઆશ્રય છે અને રાગાદિનો આશ્રય તે પરાશ્રય છે.

વર્તમાનકાળના રાગના પરિણામ છે તે વ્યવહારનો વિષય છે, રાગનો આશ્રય થાય તે પરાશ્રયદૃષ્ટિનું સ્વરૂપ છે અને પરાશ્રય છે તે ખરેખર આદરણીય નથી. 'ખરેખર' કહેવામાં એમ આશય છે કે વસ્તુ સ્વભાવનું ભાન થયા પછી વચ્ચે શુભરાગ આવે છે ખરો પણ તે ખરેખર આદરણીય નથી તેમ કહ્યું છે, 'ખરેખર' એટલે દ્રવ્ય-દૃષ્ટિની અપેક્ષાએ આદરણીય નથી, પણ દૃષ્ટિ પછી અમુક સ્થિરતા થયા પછી પણ વચ્ચે શુભરાગ અને તેના નિમિત્તો આવે છે પણ તે ખરેખર આદરણીય નથી, દ્રવ્યદૃષ્ટિમાં તેનો નિષેધ છે

પરાલંબનદૃષ્ટિ તે બંધભાવ છે ને સ્વાશ્રયદૃષ્ટિ તે જ મુક્તિનો ભાવ છે. સ્વ સન્મુખ દૃષ્ટિ રહેવી તેમાં જ મુક્તિ છે અને બહિર્મુખ થતાં જે વ્રત-દાન ભક્તિના ભાવ આવે તે બધા પરાશ્રય ભાવો છે; તે બધા શુભ પરિણામ આવે તે જુદી વાત છે પણ તેને રાખવા જેવા કે લાભરૂપ માનવા તે પરાશ્રયદૃષ્ટિ—એકાંતદૃષ્ટિ છે.

એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે; આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેને આદરણીય માનવો–આદરણીય જાણવો અને રાગાદિ આદરણીય નથી તેમ માનવું—તેમ જાણવું તે અનેકાંત છે.

છું અને પરપણે નથી તેવી દૃષ્ટિ તે અનેકાંત છે. તેમાં અસ્તિ નાસ્તિ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું આવી જાય છે. કારણ કે હું મારાપણે છું ને પરપણે નથી તે અસ્તિ-નાસ્તિ થઈ તેથી તે દૃષ્ટિ અનેકાંત છે.

અભવ્ય એટલે રાગ બાજુ જેના વીર્યનો વળાંક છે, આત્મા બાજુ વીર્યનો વળાંક નથી, આત્મા સિવાય કાંઈક પણ વિકલ્પ હોય તો ઠીક, કાંઈક પણ અવલંબન હોય તો ઠીક એવી દૃષ્ટિ જેની ખસતી નથી; ટૂંકામાં એમ આશય છે કે અભવ્યને સૂક્ષ્મ વ્યવહારનો પક્ષ રહી જાય છે જેથી તેની મુક્તિ થતી નથી. માટે જેને વ્યવહાર નયનો સૂક્ષ્મ પક્ષ રહી જાય છે તે અભવ્ય જેવા જ પક્ષવાળા છે. ભવ્ય જીવ અભિપ્રાયનું પરિણમન ફેરવી શકે છે, અભવ્ય ફેરવી શકતો નથી.

શાસ્ત્રમાં જે ચરણાનુયોગની વિધિ છે તે શુભ પરિણામની વિધિનો ચરણાનુયોગ છે. ખરું ચારિત્ર તો સ્વરૂપમાં ઠરવું તે છે. ચરણાનુયોગ કહીને શાસ્ત્રકારને એમ જ કહેવું છે કે સ્વરૂપલીનતાના ચારિત્રપૂર્વક શુભ પરિણામ હોય તો તે સાચો ચરણાનુયોગ છે અને તે નિશ્ચયપૂર્વકનો સાચો વ્યવહાર છે. સ્વરૂપમાં સ્થિર ન રહે ત્યારે શુભ પરિણામમાં રહેવાના કથનો તે ચરણાનુયોગ છે. શુભ પરિણામ સ્વભાવના ભાન પછી વચ્ચે આવ્યા વગર રહેતા નથી. શુભરાગની વિધિનું કથન તે ચરણાનુયોગ છે, તેને તો અભવ્ય પણ આદરે છે, પણ તે શુભરાગથી મુક્તિ થતી નથી.

સ્વભાવના ભાન પછી ચરણાનુયોગની વિધિનો શુભરાગ વચ્ચે આવે તે જુદી વાત છે પરંતુ માત્ર 'આમ કરવું ને તેમ કરવું, આ લેવું ને આ ન લેવું, આ ભક્ષ્ય ને આ અભક્ષ્ય' તેની કડાકૂટમાં પડયો રહે છે તેના નિવેડા આવતા નથી. ભાન પછી વચ્ચે તે પ્રકારનો શુભ વિકલ્પ આવે તે જુદી વાત છે ને ભાન વગર માત્ર તેની કડાકૂટમાં પડયા રહેવું તે જુદી વાત છે. એનો આશ્રય કરવાથી મુક્તિ થતી હોય તો અભવ્ય પણ તેનો આશ્રય કરે છે, છતાં તેની કદી મુક્તિ થતી નથી. માટે એ નક્કી થયું કે સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક આત્માના આશ્રયે જ મુક્તિ થાય છે, અને પૂર્ણ ઠર્યો નથી ત્યાંસુધી વચ્ચે ચરણાનુયોગની વિધિનો શુભરાગ આવે છે, તેનાથી પુણ્ય બંધાય છે.

પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ સતને લક્ષે આવ્યા વગર રહે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે આત્મા જુદો છે, શુભાશુભભાવો જુદા છે, મન-વાણી-દેહ પણ આત્માથી જુદાં છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ મારા આત્મામાં નથી એમ નકાર થયા પછી દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત થયાં કહેવાય. દેવ-ગુરુ શાસ્ત્ર પ્રત્યે પહેલાં ભક્તિ, વિનય સત્ સમજવાને લક્ષે આવે, 'દેવ-ગુરુ શું કહે છે...શું કહે છે!' એમ સત્ જિજ્ઞાસાપૂર્વક બહુમાન આવે, સત્ રુચિથી દેવ-ગુરુ--શાસ્ત્રના અંતર આશયને સમજે કે મને બધા

નિમિત્તોથી અને બધા પરભાવોથી ભિન્ન બતાવે છે; અંતરમાં સમજે કે દેવ-ગુરુ-શાસ્ત્ર તે હું નહિ, ને તે તરફના વલણનો શુભ ભાવ તે પણ હું નહિ; —એમ અંતરમાં નકાર થયા પછી દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત થયાં કહેવાય. નકારની સાથે જ 'હું જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છું' એવો અંતરથી હકાર ભેગો આવે છે.

જે ગૃહીત મિથ્યાત્વ છે તે સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વલણથી છુટે છે. સાંપ્રદાયિક પકડ ન છોડવી તે ગૃહીત મિથ્યાત્વ છે. ગુણ જુદા ને ગુણી જુદા એમ ગુણગુણીનો સર્વથા ભેદ પાડે તે એકાંતિક મિથ્યાત્વ છે. આત્માના એક સ્વભાવને માને અને એક સ્વભાવને ન માને, ઘણા ગુણને માને ને ગુણીને ન માને, એકલા ગુણીને માને પરંતુ ઘણા ગુણને ન માને તે બધા એકાંતિક મિથ્યાત્વ છે, એકાંતિક મિથ્યાત્વ તે ગૃહીત મિથ્યાત્વનો પ્રકાર છે. પ્રથમ સતદેવ-સતગુરુ-સતશાસ્ત્રનો સમાગમ થયા વિના ગૃહીત મિથ્યાત્વ છુટે નહિ, ગૃહીત મિથ્યાત્વ છુટયા વિના અગૃહીત મિથ્યાત્વ પણ છુટે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર તે ગૃહીત મિથ્યાત્વનો અભાવ થવામાં નિમિત્ત કારણ છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો પોતાની રુચિપૂર્વક સમાગમ થયા પછી, દેવ-ગુરુ-શાસ્ત્ર જે નિરાળી વસ્તુ કહેવા માગે છે તે પોતાના રુચિપૂર્વકના પુરુષાર્થથી સમજે ત્યારે પરાશ્રયદૃષ્ટિ છુટીને સ્વાશ્રયદૃષ્ટિ થાય છે ને ત્યારે અગૃહીત મિથ્યાત્વ છુટે છે.

પ્રથમ તો દેવ-ગુરુ પ્રત્યે ભક્તિ હોય ત્યારે મિથ્યાત્વ મંદ હોય છે ને તેથી ગૃહીત મિથ્યાત્વ છૂટે છે; માટે પ્રથમ સતદેવ-ગુરુ પ્રત્યે ભક્તિ વિનયનો ભાવ હોય પણ વ્રત-તપ પ્રથમ ન હોય. સાચું સમજે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત કહેવાય છે, પરંતુ વ્રતાદિ સાચું સમજવામાં નિમિત્તરૂપ પણ નથી.

પ્રથમ સતની રુચિ થાય, ભક્તિ થાય, બહુમાન થાય, પછી સ્વરૂપ સમજે ને પછી વ્રત આવે; પ્રથમ મિથ્યાત્વ જાય પછી વ્રત આવે. તે ક્રમપૂર્વક ઉપદેશ છે; પણ મિથ્યાત્વ છૂટયા પહેલાં વ્રત સમિતિનો ઉપદેશ તે ક્રમભંગ ઉપદેશ છે.

સાચું જ્ઞાન થયા પહેલાં સમિતિ-ગુપ્તિનો જે વ્યવહાર છે તે સાચો વ્યવહાર નથી પણ વ્યવહારાભાસ છે.

અસત્ દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય છૂટીને સત દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય ભાવમાં થવો તે ગૃહીત મિથ્યાત્વ છૂટવાનું કારણ છે ને પરાશ્રય દૃષ્ટિ છૂટીને સ્વાશ્રય દૃષ્ટિ થવી તેઅગૃહીત મિથ્યાત્વ છૂટવાનુ કારણ છે. દેવ-ગુરુના આશ્રયે ગૃહીત મિથ્યાત્વ છૂટે, આત્માના આશ્રયે અગૃહીત મિથ્યાત્વ છૂટે. અગૃહીત મિથ્યાત્વ છૂટતાં સાચી સમજણ થાય છે. તે સાચી સમજણ સહિત સ્વરૂપમાં લીનતાપૂર્વક વ્રતાદિના શુભ પરિણામ આવે તે વ્રતાદિનો સાચો વ્યવહાર છે.

સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર અને અસત્ દેવ-ગુરુ-શાસ્ત્ર, તેની જેને ઓળખાણ કરતાં ન આવડે, પરીક્ષા કરતાં ન આવડે તેને, આખું દ્રવ્ય એક સમયમાં નિરપેક્ષ છે-આનંદઘન સ્વભાવી આત્મા છે તેને ઓળખવાનો પુરુષાર્થ ઊગશે કયાંથી? આ જે સિદ્ધાંત કહેવાયા તેમાં કાંઈ પણ ફેરફાર કરે તો તે વસ્તુસ્વભાવમાં પાલવે નહિ; જેમ આંખમાં એક કણ પણ સમાય નહિ તેમ વસ્તુના ન્યાયથી વિરુદ્ધન્યાય વસ્તુસ્વભાવમાં સમાય નહિ. ૨૭૨.

હવે પૂછે છે કે અભવ્ય જીવ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે? તેનો ઉત્તર આચાર્યદેવ ગાથા દ્વારા કહે છે:—

**वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।**
**कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु ॥२७३॥**

અર્થ:—જિનવરોએ કહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, તપ કરતાં છતાં પણ અભવ્ય જીવ અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ છે.

ભગવાને બે નયથી વાત કરી છે—એક સ્વભાવ-આશ્રિત ને એક નિમિત્ત-આશ્રિત; એક સમયમાં આખો પરિપૂર્ણ સ્વભાવ છે તેને લક્ષમાં લેવો તે નિશ્ચય છે અને રાગ તરફ લક્ષ કરવું તે વ્યવહાર છે. નિશ્ચયનયનો વિષય ત્રિકાળ છે અને વ્યવહારનયનો વિષય વર્તમાન પૂરતો છે-ક્ષણિક છે; નિશ્ચય છે તે ત્રિકાળી ઉપાદાન છે, અને વ્યવહાર છે તે વર્તમાનપૂરતો પરાશ્રિત ભાવ છે.

વર્તમાન પૂરતા પ્રશસ્ત રાગને તો અભવ્ય પણ આદરે છે, તેને ભગવાન-આત્માના આનંદસ્વભાવની ગંધ પણ નથી, ભગવાન આત્માનું સામર્થ્ય ભૂલીને શુભરાગથી-ચરણાનુયોગની વિધિથી ભરચક ભર્યો પડયો છે, તેમાં જ સર્વસ્વતા માની રહ્યો છે; સર્વજ્ઞ ભગવાને કહેલો જે વ્યવહાર છે તે વ્યવહાર તો અભવ્ય પણ બરાબર કરે છે.

સર્વજ્ઞ ભગવાનને લોકાલોકનું પરિપૂર્ણ જ્ઞાન છે, પરિપૂર્ણ સ્વભાવ પ્રગટ થયો છે; તે જિનવર ભગવાનના મુખમાંથી વ્યવહારનું સ્વરૂપ પરિપૂર્ણ નીકળે છે; નિશ્ચયનું સ્વરૂપ પણ પરિપૂર્ણ નીકળે છે ને વ્યવહારનું સ્વરૂપ પણ પરિપૂર્ણ નીકળે છે. તે વ્યવહારને અભવ્ય પણ આદરે છે.

---

જિનવર કહેલા વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને
કરતા છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. ૨૭૩.

જિનવર ભગવાનને અનંતા ગુણોનુ સામર્થ્ય ખીલી ગયું છે એટલે કે પ્રગટ થયું છે, અને તેનું જ્ઞાન પણ પ્રગટ થયું છે; તે જિનવર ભગવાનના જ્ઞાનમાં કાંઈ પણ છાનું નથી, સાધક-સાધ્ય બધું જણાઈ ગયું છે.

કેવળજ્ઞાનીએ એક બાજુ આખો સ્વભાવ જાણ્યો છે અને બીજી બાજુ સાધક સ્વભાવમાં વચ્ચે રાગ અને રાગના નિમિત્તો આવે છે તે જોયું છે. ભગવાનને પોતાને પણ ભૂતકાળમાં વચ્ચે વ્યવહાર આવ્યો હતો નિમિત્તો આવ્યા હતા, તેને ભગવાન જાણે છે અને બીજાને પણ સાધક અવસ્થામાં વ્યવહાર વચ્ચે આવે છે તેને બરાબર જાણે છે; સર્વજ્ઞ ભગવાને પરિપૂર્ણ જ જ્ઞાનમાં જોયું છે, જે જ્ઞાનમાં જોયું છે તે ભગવાનની વાણીમાં આવે છે. વ્યવહાર કેવો હોય, તેના પ્રકારો કેવા હોય તે તેમની વાણીમાં પરિપૂર્ણ આવે છે. પરિપૂર્ણ સ્વભાવ પ્રગટ થઈને જે વાણી આવી તે વાણીમાં પણ પરિપૂર્ણતા જ હોય. તે ભગવાનના કહેલા વ્યવહારને અભવ્ય પણ આદરીને-મંદકષાય કરીને નવમી ગ્રૈવેયક સુધી ચાલ્યો જાય છે.

અભવ્યની દૃષ્ટિ માત્ર પર્યાય ઉપર ને શુભ રાગ ઉપર છે. સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર તો વચ્ચે આવે છે પરંતુ તેની દૃષ્ટિ પરિપૂર્ણ સ્વભાવ તરફ ફરી જાય છે, વ્યવહાર તો રહે છે પરંતુ તેની દૃષ્ટિ ફરી જાય છે; વ્યવહારનું જ્ઞાન રહે છે પરંતુ દૃષ્ટિ સ્વસન્મુખ થઈ જાય છે તેથી વ્યવહાર છૂટીને સમ્યગ્દૃષ્ટિનો મોક્ષ થાય છે અને વ્યવહારનો આશ્રય કરનાર અભવ્યનો મોક્ષ થતો નથી.

જૈનમાર્ગ સિવાય બીજા અન્યમાર્ગવાળાના કહેલાં વ્રતસમિતિનું સ્વરૂપ પરિપૂર્ણ ન હોય, કારણ કે તેમની એકાંતદૃષ્ટિ છે. પરંતુ જિનવર ભગવાનના કહેલાં વ્રત-સમિતિનું સ્વરૂપ પરિપૂર્ણ હોય. અભવ્ય જીવ ભગવાનના કહેલાં વ્રત-સમિતિ પાળીને, મિથ્યાદૃષ્ટિની ભૂમિકામાં જે ઊંચામાં ઊંચા શુભપરિણામ આવે તે કરીને, નવમી ગ્રૈવેયક જાય છે. સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં તેથી પણ ઊંચા શુભપરિણામ થાય છે. અન્યમાર્ગવાળાના કહેલાં વ્રત-સમિતિ પાળવાથી ઊંચા શુભ પરિણામ થતાં નથી.

શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિપ્રત્યે સાવધાની ભરેલુ, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે ( અભવ્ય ) નિશ્ચારિત્ર (-ચારિત્ર રહિત ), અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.

અભવ્ય જીવ પણ શીલ અને તપથી પરિપૂર્ણ હોય છે, પ્રકૃતિ તેની સુંવાળી હોય છે, શીલ એટલે રૂડા સ્વભાવવાળો હોય છે, પરંતુ તેને અકષાય સ્વભાવ ઉપર લક્ષ નથી તેથી માત્ર કષાય મંદ કરીને નવમી ગ્રૈવેયકમાં જાય છે પણ મોક્ષ કરી શકતો નથી.

નિશ્ચય સ્વભાવમાં—અસ્તિમાં ઠર્યો એટલે નાસ્તિનું પરિણમન સહજ થઈ જાય છે. કોઈ કહે છે કે 'ભગવાનનો માર્ગ રાગ-દ્વેષ ઘટાડવા તે છે ને?' પણ ભાઈ! અસ્તિ શું છે, તે તો સમજ. એક સમયમાં પરિપૂર્ણ સામર્થ્ય હળ ભર્યું છે, તે અસ્તિના ભાનના જોરે રાગ-દ્વેષની નાસ્તિ સહજ થાય છે—એવો ભગવાનનો માર્ગ છે. અસ્તિના ભાન વગર કષાય ઓછા થાય પરંતુ નાશ ન થાય.

પરના લક્ષે કષાય ઓછા થાય છે પરંતુ તે વાસ્તવિક ઓછા થતાં નથી; કેમ કે જ્યાં સ્વભાવની અસ્તિનું ભાન નથી ત્યાં સાથે અનંતાનુબંધી કષાય તો હોય જ છે, તેથી તે કષાય વાસ્તવિકપણે તીવ્ર છે, પરંતુ વ્યવહારથી તેને મંદ કહેવાય છે. કારણ કે કષાય મંદ કરીને, શુભપરિણામ કરીને નવમી ગ્રૈવેયકમાં જાય છે તેથી તેને મંદકષાય કહેવાય છે.

નિશ્ચયનો વિષય ત્રિકાળ છે ને વ્યવહારનો વિષય વર્તમાન પૂરતો ક્ષણિક છે. અભવ્યનુ લક્ષ પર ઉપર છે, એને સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરાશ્રયબુદ્ધિ રહી જાય છે. તે કદાચ શીલ-તપમાં પરિપૂર્ણ હોય છે, પ્રકૃતિનો સુંવાળો હોય, કાંટા વીંટીને બાળી મૂકે તોપણ ક્રોધ ન કરે એવી કષાયની મંદતા દેખાય, પરંતુ તેને સહજ સ્વભાવી સ્વાલંબી-દૃષ્ટિ નથી, ત્રિકાળ આત્માની ત્રિકાળીદૃષ્ટિ નથી, તેથી તેનો કષાય ખરેખર મંદ નથી પરંતુ વર્તમાન પૂરતો મંદ દેખાય છે. આ અંતરની અચિંત્ય વાત છે. સ્વભાવનું લક્ષ કરે તે તો તો સમજાય તેવાં છે. અભવ્યને કષાયની મંદતામાં 'હાશ!' થઈ જાય છે, 'મેં ક્રોધ ન કર્યો, શાંતિ રાખી' એમ થઈ જાય છે, પરંતુ ભાઈ! આત્મા તો સહજ શાંતસ્વભાવી છે તેમાં આમ કરવું ને તેમ કરવું તેવા વિકલ્પનો અભાવ છે. આત્મા સહજ સ્વભાવે છે તેમાં સાક્ષીપણે રહે તો સહજ સમાધિ થાય છે, તેનું તેને ભાન નથી. અને જ્યાં કાંટા વીંટીને બાળી મૂકે ત્યાં વિચાર કરે છે કે 'હું ધર્મી છું માટે સહન કરવું જોઈએ, ભગવાને કહ્યું છે કે ક્રોધ કરવાથી નુકસાન થાય, ભવ બગડે, માટે સહન કરવું જોઈએ.' એમ વીતરાગની—પરની ઓથ લઈ ને સહન કરે છે. 'હું ધર્મી છું માટે સહન કરવું જોઈએ' તેમાં રાગની આડને લઈને સહન કરે છે, પરંતુ સહજ સ્વભાવે સહન કરવાની સ્વાલંબીદૃષ્ટિ નથી, તેથી તેની મુક્તિ થતી નથી.

વીતરાગદર્શનની જેને શ્રદ્ધા નથી તેને તો નવમી ગ્રૈવેયકે જનાર અભવ્ય જેવા ઉંચા શુભ પરિણામ પણ ન હોય, કારણ કે વ્યવહાર પરિપૂર્ણ નથી. અભવ્યને વ્યવહાર પરિપૂર્ણ હોવાં છતાં પણ તેની મુક્તિ થતી નથી. જો વ્યવહારથી મુક્તિ થતી હોય

તો અભવ્યની મુક્તિ થવી જોઈએ; માટે સિદ્ધ થાય છે કે વસ્તુના ભાન વગર મુક્તિ થતી નથી.

મૂળ ગાથામાં 'જિનવરે કહેલાં' વ્રત-સમિતિ પાળ્યાં છે તેમ જણાવ્યું છે, અને ટીકામાં 'પરિપૂર્ણ તથા સાવધાની ભરેલાં' પાળ્યાં છે તેમ બતાવ્યું છે; ટીકામાં 'જિનવરે કહેલાં' એવા શબ્દ નથી મૂકયા પરંતુ 'જિનવરે કહેલાં' એમ કહેવામાં આચાર્યદેવનો જે આશય છે તે 'પરિપૂર્ણ અને સાવધાની ભરેલું વ્યવહારચારિત્ર' એમ કહીને જણાવી દીધો છે.

પરિપૂર્ણ એટલે સાચા જૈનદિગંબરમાર્ગ સિવાય જેને બીજા માર્ગની વ્યવહારે શ્રદ્ધા નથી; પરિપૂર્ણ તપના પ્રકારમાં તપના પરિપૂર્ણ બાર બોલ હોય છે, તેમાંથી ધર્મધ્યાન અને શુકલધ્યાન અજ્ઞાનીને નથી, તે સિવાય તપનો બધો પરિપૂર્ણ પ્રકાર છે; ધર્મધ્યાન અને શુકલધ્યાન સ્વભાવના ભાન વગર થાય નહિ; દયામાં પરિપૂર્ણ દયા છ કાયની આવી ગઈ, પોતાને મૂકીને છ કાયની દયા પાળી; છ કાયમાં પોતાને ભૂલી ગયો. છ છ મહિનાના અને બાર બાર મહિનાના ઉપવાસ કરે. એ પ્રમાણે જેટલો વ્યવહાર ઉત્કૃષ્ટ જિનવરે કહ્યો છે તેનો આશ્રય લીધો, ઊણોદરી તપ કરે, માત્ર એક જ ચીજ ખાય, અને માને કે મેં આ મૂકયું ને મેં આ છોડયું, બહારથી આવી ક્રિયા અભવ્ય પણ કરે પરંતુ અંતરમાં તેને સુક્ષ્મમાં સૂક્ષ્મ પરાશ્રય ભાવ રહી જાય છે. 'કંઈક પર જોઈએ, તે અભિપ્રાય ખસતો નથી. જેવું અભવ્ય કરે છે તેવું કેટલાક ભવ્ય જીવો પણ પરાશ્રય ભાવ રાખીને કરે છે, તેથી તેનો પણ મોક્ષ થતો નથી. અંતરમાં સ્વભાવ શુદ્ધ પ્રગટ જ છે. જે સ્વભાવ ભર્યો પડયો છે તેમાંથી પર્યાય પ્રગટે છે, તેનું ભાન નથી અને બહારથી કાંઈક કરું તો પર્યાય પ્રગટે તે અભિપ્રાય છૂટતો નથી. ઊણોદરી તપ એવો કરે કે છઠ્ઠ-છઠ્ઠના પારણે એક કોળિયો જ આહાર લે, આહાર લેવા માટે અમુક એક બે શેરીમાં નીકળવું, તે સિવાય વધારે શેરીમાં ન જવું તેવો અભિગ્રહ ધારણ કરે, વળી અમુક પ્રકારના વસ્ત્ર પહેરેલા માણસ આમ ત્રણ કરે તો જ આહાર લેવા જવું' એવો અભિગ્રહ ધારણ કરે, પરંતુ મેં પરને પકડયું હતું ને હું પરને છોડું છું એવો કર્તાપણાનો અભિપ્રાય છે તેથી તે મિથ્યાદષ્ટિ છે, તેનો મોક્ષ થતો નથી.

જિનવર ભગવાને કહેલો વ્યવહાર પરિપૂર્ણ હોય છે, અન્યમતનો કહેલો વ્યવહાર પરિપૂર્ણ હોતો નથી. જેમ કે દયા પાળવી એટલે કે ત્રસ જીવોની જ દયા પાળવી એટલું દયાનું સ્વરૂપ નથી, પણ એકેંદ્રિયાદિક છ એ કાયની દયા પાળવી તે દયાનું સ્વરૂપ છે. અભવ્ય જીવ છ કાયની પરિપૂર્ણ દયા પાળે છે પરંતુ પોતાના

આત્માની દયા પાળવી ભૂલી જાય છે, તેથી વાસ્તવિક રીતે તો તેનું કોઈ કાર્ય પરિપૂર્ણ થતું નથી. પરંતુ વ્યવહારથી વ્રત, સમિતિ પરિપૂર્ણ પાળે છે. સાવધાની ભરેલાં વ્રત-સમિતિ પાળે છે એનો અર્થ એવો છે કે તે વ્યવહાર ચારિત્રમાં ઢીલપ આવવા દેતો નથી, પરંતુ નિશ્ચયચારિત્રથી રહિત હોવાથી તે અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે.

યમ નિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો,
વનવાસ લિયો, મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો.
વહ સાધન વાર અનંત કિયો,
તદપી કછુ હાથ હજૂ ન પર્યો,
અબ ક્યોં ન વિચારત હૈ મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસે ?

યમ, નિયમ વગેરે અનેક જાતના શુભ પરિણામ અને તેની ક્રિયા કરી ચૂકયો પરંતુ આત્માનું ભાન ન કર્યું, તેથી સ્વભાવની પ્રાપ્તિ ન થઈ, સ્વભાવપર્યાય પ્રગટ ન થઈ,

વનવાસમાં ને વનવાસમાં જ રહ્યો એટલે કે બહારમાં જ રહ્યો પણ આત્મામાં ન રહ્યો. મૌન રહ્યો એટલે કે હમણાં હું બોલતો નથી એમ માનીને, બોલવાનો અને નાહ બોલવાનો ધણી થયો. પણ આત્મા તો કયાં બોલે છે ?-જડની ક્રિયાનો કર્તા થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે.

રસપરિત્યાગતપવાળાને દેખીને કહે કે અહો ! ભાઈ ! તમે તો ભારે ધર્મી છો; કારણ કે પોતે તો રસ, પાપડ, બોરા ને બોરી, દૂધ-પુરી ને ભરેલાં શાક ખાવામાં ગૃદ્ધિ હોય, અને બીજો તો બાજરાનો રોટલો, છાશ ને અડદની દાળ ખાતો હોય તેથી તેને તે ધર્મી લાગે, પણ ભાઈ ! ધર્મ કાંઈ બહારની ક્રિયામાં કે શુભ પરિણામમાં આવી જતો નથી. અશુભ પરિણામથી બચવા શુભ પરિણામ આવે ખરા, પણ તે બન્ને પરિણામથી નિરાળા ચિદાનંદ આત્માનું ભાન કરે તો ધર્મ થાય, ને મોક્ષ થાય.

મુનિઓ ગૃહસ્થાશ્રમ છોડીને ચાલ્યા જાય એટલે શું બહારની ચીજ નજરે ન પડે ? બહારની ચીજ નજરે પડે તેથી કાંઈ બંધન થઈ જતું નથી. મુનિઓએ છોડયું શું ?-છોડયું ને મૂકયું તેમ કહેવું કોને ? અંદર ચિદાનંદી ભગવાન આત્માનું ભાન થયા પછી સ્થિરતા વધતાં રાગ ને આસક્તિ છુટી જાય એટલે નિમિત્તો છુટા જ પડયા

છે; આત્મા તેને છોડતો નથી, આત્માએ નિમિત્તોને ક્યારે પકડયા હતા કે તે તેને છોડે? ખરી રીતે તો રાગને છોડયો છે, ત્યાં ઉપચારથી નિમિત્તોને છોડયા એમ કહેવાય છે. અત્યારે તો રાગ રહિત હું કોણ છું તેની તો ખબર નથી ને ' છોડયું છોડયું ' એમ લોકોમાં થઈ પડયું છે. ભાઈ, તારા આત્મામાં ક્યાં તે પરદ્રવ્યો પેઠા છે? તે તો છૂટેલા જ પડયા છે.

મુનિઓએ સ્વરૂપની ઓળખાણ પૂર્વક રાગ છોડયો છે, બાકી ઘરની એક સ્ત્રીને ત્યાગીને બહાર ગયા તે તો ઉપચારનું કથન છે. કેમ કે જગતમાં ઘણી સ્ત્રીઓ નજરે પડે છે તેને આત્મા ગ્રહતો કે છોડતો નથી, માટે વાસ્તવિક રીતે છોડયું શું? તે જ સમજવાનું છે. મુનિઓ જ્યારે ગૃહસ્થપણે ઘરમાં રહેતા હતા ત્યારે બહારની સામગ્રી ઓછી દેખાતી હતી, બાહ્ય ચીજો નજરે ઓછી આવતી હતી, અને જ્યાં મુનિ થઈને બહાર વસવા લાગ્યા ત્યારે જગતના ઘણા પદાર્થો નજરે પડવા લાગ્યા, ઘરમાં તો એટલી વસ્તુ હતી પણ નહિ. માટે મુનિએ શું છોડયું? છોડવું તમે કહેશો કોને? શું મુનિએ પટારા છોડયા? શું છોડયું? ઘરમાં તો ઓછા પટારા હોય ને બહાર તો જગતના ઘણા પટારા નજરે પડે, માટે શું છોડયું? મુનિ સમવસરણમાં જાય ત્યાં કેટલું દેખે! કેટલી રિદ્ધિ નજરે પડે! માટે વિચારવા જેવું છે કે અંદરમાંથી છોડયું તેને છોડયું કહેવાય? કે બહારમાંથી છૂટે તે છોડયું કહેવાય? બહારમાં તો છૂટેલું જ પડયું છે, ખરી રીતે તો અંતરથી સ્વરૂપનું જ્ઞાન કરીને રાગ જ છોડવાનો છે. રાગ જ હું નહિ તો પછી તેના નિમિત્તો મારા હોય ક્યાંથી? —આવી દૃષ્ટિ થયા વિના છોડવું મૂકવું કે'વું કોને? જેણે રાગ રહિત હું જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું તેવી શ્રદ્ધાપૂર્વક રાગ છોડયો તેને ' બહારથી આ વસ્તુ આણે છોડી ' એમ ઉપચાર લાગુ પડે, પણ જેને રાગ રહિત હું કોણ છું તે જ બેઠું નથી તેને ત્યાગનો ઉપચાર પણ લાગુ પડે નહિ.

અત્યારે તો જ્યાં કોઈ તેલ ને રોટલો ખાય તો લોકો કહેશે કે આ તો તેલને રોટલો જ ખાય છે. પણ ભાઈ, એમાં છે શું?-બધું બહારથી જ જોયું કે તેનું અંતર શું છે તે જોયું? એવું તો અભવ્ય પણ કરે છે, છતાં નિરાળા તત્ત્વની શ્રદ્ધા નહિ હોવાથી તેને ધર્મ થતો નથી. જો નિરાળા તત્ત્વની શ્રદ્ધાપૂર્વક વ્રતાદિ થતાં હોય તો તે વ્યવહાર ચારિત્રમાં ખતવાય, પરંતુ તત્ત્વની ખબર વગર તો આવો શુભભાવ અનંતવાર દરેક જીવે કર્યો છતાં મુક્તિ થઈ નહિ. અહીં તો મુક્તિ થવાની વાત છે— ભવના અભાવની વાત છે. કે બધું કરવા છતાં એવું શું અંતરનું સૂક્ષ્મ રહી ગયું

કે જેથી મુક્તિ થતી નથી?—એમ મુક્તિ થવાનો ઉપાય ધોતીને અંતરથી કાંઈક નવું કરવાની વાત કહેવાય છે. અનંત તીર્થંકરો પણ એવું અંતરથી નવું પ્રાપ્ત કરીને મોક્ષને પામ્યા છે.

વિવિક્તશય્યાસનતપ એટલે શું? જંગલમાં પોતે એકલો રહે, જ્યાં બહારમાં કોઈનો સંગ ન હોય, જ્યાં સ્ત્રીઓ રહેતી ન હોય, નપુંસકો રહેતા ન હોય, ગાય-ભેંસ વગેરે વસતા ન હોય, તેવા વાસમાં મુનિઓ વસે; તેનું નામ વિવિક્તશય્યાસન છે. જેને બ્રહ્મચર્યનો રંગ હોય તેને સ્ત્રી આદિના વાસમાં વસવાનો રાગ હોતો નથી. જો કે તે પર પદાર્થ પોતાને દોષ કરે છે તેમ નથી, કોઈ પદાર્થ કોઈને કાંઈ કરી શકે જ નહિ તે સિદ્ધાંત તો અખંડ જ છે; પરંતુ જેને નવ વાડ સહિત બ્રહ્મચર્ય પાળવાનો ભાવ હોય તેને એવા વાસમાં વસવાનો રાગ હોતો જ નથી—એમ ત્યાં સમજવાનું છે. કોઈ કહે કે 'અમને પર પદાર્થ નુકસાન કરતાં નથી માટે અમે ગમે તેવા સંગમાં રહીએ તોપણ અમને વાંધો નથી' તો તેમ કહેનાર સ્વચ્છંદી છે. તેને બ્રહ્મચર્યનો રંગ જ નથી. પર પદાર્થ નુકસાન કરે છે એમ તો કોણ કહે છે? પદાર્થ ત્રણ કાળમાં કોઈને નુકસાન કરતાં જ નથી, પણ જેને અંતરથી અબ્રહ્મચર્યનો રાગ ખસી ગયો છે તેને તેવા સંગમાં રહેવાની રુચિ હોય જ નહિ. આ વિવિક્તશય્યાસનરૂપ બાહ્ય તપ તો અભવ્ય પણ કરે છે, પરંતુ રાગ ને વિકલ્પ રહિત હું કોણ છું તેની શ્રદ્ધા તેને હોતી નથી.

આત્માના ભાન વગર કાયક્લેશતપ કરે, છ છ મહિના ટાઢ તડકામાં ઉભો રહે, પરંતુ તે માત્ર શુભપરિણામ છે; ગમે તેમ કરે તોપણ શુદ્ધ સ્વભાવી આત્માના ભાન વિના મુક્તિ થવાની નથી.

ચાલતાં ચાલતાં ખબર ન રહી ને પગે કોઈ જીવડું આવીને કચરાઈ ગયું તો પ્રાયશ્ચિત લ્યે, પરંતુ આત્મભાન વગર તે બધો વ્યવહારનયનો આશ્રય છે. આત્માના ભાન વિના અભવ્ય જીવે બધી ક્રિયા કરી પરંતુ મુક્તિ ન થઈ. અશુભ પરિણામથી બચવા શુભ પરિણામ આવે ખરા, પરંતુ તેનાથી ધર્મ થતો નથી, તેનાથી મુક્તિ થતી નથી.

દેવ-ગુરુ-શાસ્ત્રનો એવો વિનય કરે કે તેમાં જરાય આંચ આવવા દે નહિ; એવો વિનયતપ કરે પરંતુ સ્વાલંબી સ્વભાવના લક્ષ વગર મુક્તિ થાય નહિ. અજ્ઞાનીને વિનયના શુભભાવની સાથે પરાશ્રયદૃષ્ટિ છે, જ્યાં સુધી સ્વાલંબી દૃષ્ટિ થાય નહિ ત્યાં સુધી મુક્તિ થાય નહિ. અશુભ પરિણામથી બચવા શુભ પરિણામ આવે ખરા પરંતુ સ્વાલંબી દૃષ્ટિ થયા વિના મુક્તિ થાય નહિ.

વૈયાવૃત્યતપ અભવ્ય બરાબર કરે, છઠ્ઠા ગુણસ્થાનના મુનિ હોય તેની વૈયાવચ્ચ કરે પણ આત્મા શું છે તેનું ભાન નથી, તેથી તેને સ્વભાવપર્યાય પ્રગટ થાય નહિ. જ્ઞાનીને વૈયાવૃત્યતપ આવે ખરો, પરંતુ તે અશુભ પરિણામથી બચવા શુભ પરિણામમાં ઉભા રહે છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે બહુમાન આવે છે, શુદ્ધ સ્વભાવમાં સંપૂર્ણ રીતે ઠરી શકાતું નથી તેથી અશુભ પરિણામથી બચવા શુભ પરિણામમાં ઉભા રહે છે પરંતુ તેનાથી ધર્મ માનતા નથી, તેનાથી મુક્તિ માનતા નથી.

અભવ્ય સ્વાધ્યાયતપ પણ કરે, આખો દિવસ સ્વાધ્યાય કર્યા કરે, વિકથા ન કરે, વાચણા-પૂછણા કર્યા કરે, પોતે જાતે વાંચે અને પ્રશ્ન ગુરુને પૂછે, આખો દિવસ શ્રવણ મનન કર્યા કરતો હોય, પણ સ્વાશ્રય આત્મા શું છે? તેનું ભાન નથી અને એકલી સ્વાધ્યાય કર્યા કરે તેથી લાભ થાય નહિ, કારણ કે તે પરાશ્રયભાવ છે. જ્યાંસુધી શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવમાં સર્વથા ઠરી ન શકાય ત્યાંસુધી અશુભ પરિણામથી બચવા સ્વાધ્યાય તપ આવે ખરો પરંતુ તેનાથી મુક્તિ થાય નહિ. વસ્તુસ્થિતિ જેમ છે તેમ જાણવી જોઈએ. જે પેઢીએ બેસે તેનો ભાવ જોવો જોશે, નહિતર વેપાર કરીને મૂડીવાળો થાય કયાંથી? એમ આત્માના ઘરમાં સ્વ માલ શું છે ને પર માલ શું છે તે બંનેનો વિવેક તો કરવો પડશે, વિવેક કર્યા વિના સ્વભાવનો કિમતી માલ મળે તેમ નથી.

ધ્યાનતપમાં માત્ર શુભ પરિણામનું ધ્યાન કરે તો મુક્તિ થાય નહિ; પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન કરીને શુદ્ધ સ્વભાવમાં સ્થિર થાય તો કષાયનો અભાવ થાય. અસ્તિસ્વભાવના ધ્યાનમાં રાગ-દ્વેષની નાસ્તિ સહેજે થાય છે, વિકલ્પ વિનાનો શુદ્ધ જ્ઞાનાનંદ નિર્વિકલ્પ મારો સ્વભાવ છે એમ પોતાના સ્વભાવનું ભાન નથી ને વિકલ્પ ઓછા કરવા મંડી જાય, એક કોર બેસીને ધ્યાન કરવા મંડી જાય તેને 'ચિત્તવૃત્તિનિરોધો ધ્યાનં' અન્યમતવાળા કહે છે; પરંતુ તે વાસ્તવિક ધ્યાન કહેવાતું નથી. શુભાશુભ પરિણામથી જુદું પોતાનું સ્વરૂપ છે તેવું ભેદજ્ઞાન કરીને જ્ઞાયકસ્વરૂપમાં ઠરતો નથી તેને વાસ્તવિક ધ્યાન થતું નથી. અસ્તિસ્વભાવના ભાન વગર માત્ર વિકલ્પ ઓછા કરે છે એટલે કે વિકલ્પની નાસ્તિ કરવા માગે છે પરંતુ અસ્તિના ભાન વગર વાસ્તવિક નાસ્તિ પણ થતી નથી.

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે ગમ પડયા વિના આગમ અનર્થકારક થઈ પડે છે; સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે અને સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.

જ્ઞાનીના આશયને શાસ્ત્રનાં પાનાં ક્યાંથી જણાવશે? આચાર્ય ભગવાનને શાસ્ત્રમાં શું કહેવું છે તે વાત તો સંતના હૃદયમાં છે.

ધ્યાન કરવામાં વિકલ્પ ઓછા કરે ને એકાગ્રતા કરવા બેસી જાય પણ સ્વભાવના ભાન વિના વીર્ય પરમાં અટકી જશે, તેથી ધ્યાન પણ વિકલ્પનું થશે, વાસ્તવિક ધ્યાન થશે નહિ.

અભવ્ય જીવે ભગવાને કહેલો વ્યવહાર કર્યો પણ નિશ્ચયને ઓળખ્યો નહિ; નિશ્ચયનું ફળ મોક્ષ છે, વ્યવહારનું ફળ મોક્ષ હોય નહિ, કારણ કે નિશ્ચય અને વ્યવહાર બંનેનું ફળ મોક્ષ હોય તો નિશ્ચય અને વ્યવહાર બંને એક થઈ ગયા, બંનેનું સ્વરૂપ જુદું ન રહ્યું; તેથી નિશ્ચયના આશ્રયથી મોક્ષ થાય છે પણ વ્યવહારના આશ્રયથી મોક્ષ થતો નથી.

અજ્ઞાની જીવ ત્રણ ગુપ્તિ બરાબર પાળે, તે પણ પરના આશ્રયે પાળે, શુભરાગથી પાળે; પરંતુ શુદ્ધ આત્મામાં નિરાળા થઈને ઠરવું તેનું નામ ખરી ગુપ્તિ છે. તેવી ગુપ્તિ પ્રગટ ન કરે તેથી તેનો મોક્ષ થાય નહિ.

પંચ મહાવ્રત બરાબર પાળે, દયા બરાબર પાળે, સત્ય બોલે, દત્ય પાળે, બ્રહ્મચર્યાદિમાં ઉત્કૃષ્ઠ શુભભાવે વ્યવહાર ચારિત્ર પાળે, નવ વાડે બ્રહ્મચર્ય બરાબર પાળે, પરંતુ તે શુભ ભાવ છે; નિશ્ચય બ્રહ્મચર્ય એટલે આત્મામાં રમણ કરવું, તેવી રમણતાપૂર્વક બ્રહ્મચર્ય નથી તેથી માત્ર શુભ ભાવ છે. તેવા બ્રહ્મચર્યથી ભવભ્રમણનો અભાવ ન થાય.

પ્રશ્ન:—શ્રીમદે કહ્યું છે ને કે:—

'જે નવ વાડ વિશુદ્ધથી ધરે શિયળ સુખદાઈ,
ભવ તેનો લવ પછી રહે તત્ત્વવચન એ ભાઈ.'

ઉત્તર:-ભાઈ! તું જો તો ખરો કે આમાં 'નવ વાડ વિશુદ્ધથી' એમ કહ્યું છે. વિશુદ્ધથી કહ્યું તેમાં સતનો ભાવ પડયો છે, તે ભાવને ન પકડે ને એકલો નવ વાડને પકડે તેથી શું થાય? શુભાશુભ પરિણામથી નિરાળા વિશુદ્ધ ચૈતન્ય સ્વભાવનું જેને ભાન થાય અને તેમાં જે લીન રહે તેને ભવ ન રહે, તે તત્ત્વનું વચન છે. વિશુદ્ધ આત્માના ભાનપૂર્વક અને તેની લીનતાપૂર્વક જે નવ વાડે બ્રહ્મચર્ય પાળે છે તેને પછી ભવ ન રહે તે વાત સાચી છે, પણ એકલો શુભભાવ આદરે તેનાથી ભવનો અભાવ ન થાય; અશુભ પરિણામથી બચવા બ્રહ્મચર્યના શુભપરિણામ હોય ખરા, તેનાથી પુણ્યબંધ થાય પરંતુ તેનાથી મોક્ષ ન થાય.

વાસ્તવિક રીતે ખરી નવ 'વાડ' તો જેને શરીર મન-વાણીથી નિરાળા ચૈતન્યનું ભાન છે અને તેમાં જે લીન છે તેને હોય છે. કેમ કે મોલ વિના વાડ હોય શેની? મોલ ન હોય તો પછી માત્ર ખડ થાય, ભાજી થાય પણ દાણા ન થાય; તેવી રીતે દેહથી પર ચિદાનંદ આત્માના ભાન વગરના શુભ પરિણામથી પુણ્યરૂપ ભાજી થાય પરંતુ મોક્ષના દાણા ન થાય. જ્યાં આત્માનું ખરું બ્રહ્મચર્ય પ્રગટ્યું ત્યાં અબ્રહ્મચર્યના રાગનો અભાવ હોય જ, રાગનો અભાવ હોય તેથી અબ્રહ્મચર્યના નિમિત્તોનો પણ અભાવ હોય જ એટલે નવ વાડ પણ હોય જ; પરંતુ તે તો દેહાતીત દશા-પૂર્વકનું—આત્માની અસ્તિના ભાનપૂર્વક ને તેની લીનતાપૂર્વકનું—સાચું બ્રહ્મચર્ય છે. માત્ર શુભપરિણામરૂપ બ્રહ્મચર્યથી પુણ્યબંધ થાય છે, પણ 'બ્રહ્મ' નામ આત્માનું જેને ભાન નથી તેને મોક્ષ થતો નથી; અને જે બ્રહ્મચર્યના શુભરાગમાં ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે પર મને લાભ કરે છે ને પર મને નુકસાન કરે છે તેવી દૃષ્ટિ તે વ્યભિચાર છે. કોઈ કહેશે કે આ વાત આકરી પડશે. પણ ભાઈ! આકરી પડે તેથી સત્યને કાંઈ મોળું કહેવાય? સ્વરૂપ તો જેમ હોય તેમ જ કહેવાય. સનાતન સત્ય જેમ હોય તેમ જ કથન થાય.

જેને એકલા વ્યવહારની જ પક્કડ થઈ ગઈ છે તેને વીતરાગદેવ કહેશે તોપણ નિશ્ચય સ્વભાવની વાત બેસશે નહિ. ભાઈ! આમાં બધું ઊડાડી મૂકતા નથી પણ તારી પ્રભુતામાં ઉભો રાખે છે, પરથી બધેથી ઊઠાડી મૂકે છે, એક તારી સ્વાધીનતામાં જ ઉભો રાખે છે.

વ્યવહારના આશ્રયવાળો અજ્ઞાની જીવ ઇર્યાસમિતિમાં પણ સાવધાન હોય, છ કાયની આખી દયા પાળતો હોય; છ કાયમાંથી કોઈ કાયની દયા પાળતો હોય અને કોઈ કાયની દયા ન હોય પાળતો એવું ન હોય, પણ છ એ કાયની દયા પાળતો હોય, શુભભાવથી દયા પાળતો હોય; અંદર અશુભભાવ છે ને બહારથી દયા પાળવાનો દેખાવ કરે છે એવું નથી પણ શુભભાવથી દયા પાળે છે. એટલે કે વ્યવહાર બરાબર પાળે છે, પરંતુ આત્માના ભાન વિના તેની મુક્તિ થતી નથી. વળી તે ભાષાસમિતિ પણ બરાબર પાળે છે, શુભભાવ રાખીને ભાષા-સમિતિપૂર્વક બરાબર બોલે છે; એષણાસમિતિ પણ બરાબર પાળે છે; એ રીતે સર્વજ્ઞે કહેલો વ્યવહાર બરાબર પાળે છે, શુભભાવ બરાબર છે, વ્યવહારથી ભરચક ભર્યો પડ્યો છે, પણ શુદ્ધ આત્માના સ્વભાવનું ભાન નથી તેથી તેને એક ભવ પણ ઘટતો નથી.

નગ્ન દિગંબર મુનિ હોય, એક લુગડાનો તાણોવાણો પણ ન હોય, પંચ મહાવ્રત બરાબર પાળે, પરંતુ અજ્ઞાનીને પર્યાય ઉપર દૃષ્ટિ છે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી

તેથી તે મિથ્યાદૃષ્ટિ છે; શુભ પરિણામથી નિરાળા શુદ્ધ આત્માનું તેને ભાન નથી, વ્રતના શુભપરિણામને પોતાનું સ્વરૂપ માને છે તેથી તેની મુક્તિ થતી નથી. જેમ વસ્તુનું સ્વરૂપ છે તેમ તેને શ્રદ્ધા નથી, માત્ર વ્યવહારમાં જ પોતાનું સ્વરૂપ માનીને ભરચક ભર્યો પડયો છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. જેને વ્યવહારનો પક્ષ છે એવા અજ્ઞાનીને આ વાત સાંભળીને અંતરમાં ઘા લાગ્યા વગર રહે નહિ, અને તેને અંતરમાં વાત બેસે નહિ તેથી તે ગાળું દીધા વગર રહે. નહિ અંતરમાં આ વાત બેસે નહિ તેથી ગાળું ન દે તો બીજું શું કરે? પણ ભાઈ! કોઈ કોઈને ગાળું દેતું નથી, કોઈ કોઈની નિંદા કરી શકતું નથી; જ્ઞાનીનો વિરોધ કરનાર પોતે પોતાના આત્માના સ્વભાવને જ ગાળું દે છે ને પોતે પોતાના આત્માના સ્વભાની જ નિંદા કરે છે.

બાળકના હાથમાંથી એનો બાપ ચૂસણીયું લઈ લે છે ત્યારે બાળક કજિયા કરવા મંડી જાય છે; એને લાંબો વિચાર કરવાની શક્તિ નથી કે મારો બાપ ચૂસણીયું લઈને મને સારી વસ્તુ આપશે, તેથી તે કજિયા કરવા મંડી જાય છે. એમ અહીં ધર્મપિતા ત્રિલોકીનાથ ભગવાન વ્યવહાર છોડાવીને ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરાવે છે, વર્તમાનદૃષ્ટિ છોડાવીને ત્રિકાળીદૃષ્ટિમાં લઈ જાય છે; પણ અજ્ઞાની બાળકને તેનું ભાન નથી તેથી નિશ્ચયની વાત સાંભળીને તે કજિયા કરે છે કે હાય! હાય! અમારું બધું ઊડી જાય છે.

ભિખારી ઠીબડું ફૂટે તો રાડ પાડે છે. પણ ભાઈ! ઠીબડાને ફૂટવા દે ને! સોનાનું વાસણ મળશે. એમ વ્યવહારનો આશ્રય છોડવાની વાત આવે ત્યાં અજ્ઞાની રાડ નાખે છે, પણ જ્ઞાની કહે છે કે અરે ભાઈ! સ્વભાવદૃષ્ટિ પ્રગટ કર, એક વાર જાગતી જ્યોત થઈને કહે કે પરનો આશ્રય ત્રણ કાળમાં મારામાં નથી; પરાશ્રયને તૂટવા દે, અને સ્વાશ્રય જાગતી જ્યોત ચૈતન્ય ભગવાનને પ્રગટ થવા દે; શુભાશુભ પરિણામથી નિરાળી વીતરાગતામાં ત્રણ કાળના કષાયનો અભાવ થશે. આત્મસ્વભાવની દૃષ્ટિ વગર પંચમહાવ્રત પાળનારો વર્તમાન પૂરતા કષાય પાતળા કરે છે પણ તે ખરું ચારિત્ર નથી આત્માની સ્વભાવદૃષ્ટિ કરવાથી જ સ્વભાવનું સુખ અને સ્વભાવચારિત્ર પ્રગટ થશે.

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૧, રવિવાર.

જે ભાવે બંધન થાય તેનાથી ઊંધા ભાવે મુક્તિ થાય. બંધન ભાવનું મૂળ કારણ આત્માના જ્ઞાનાદિગુણ સિવાય પરનો આશ્રય લેવો તે છે; પરાશ્રય તે વ્યવહાર છે ને સ્વાશ્રય તે નિશ્ચય છે. સાચી દૃષ્ટિનો વિષય સ્વાશ્રય છે ને ખોટી દૃષ્ટિનો વિષય પરાશ્રય છે.

આચાર્યદેવ કહે છે કે વ્યવહારનયના આશ્રયથી મુક્તિ થતી હોય તો અભવ્યને પણ મુક્તિ થવી જોઈએ. આત્મા એક સમયમાં અનંતગુણનો પિંડ ભરચક ભર્યો છે, એવા સ્વભાવનું અંતરથી મહાત્મ્ય, રુચિ, પ્રતીત અને એકાગ્રતા વગર મુકિત થાય નહિ. અભવ્ય જીવને એવા સ્વભાવની પ્રતીતિ થતી જ નથી, તેનું જ્ઞાન અંતરમુખ સ્વભાવ તરફ વળતું જ નથી, બહાર ને બહાર જ ઉપયોગ વર્ત્યા કરે છે.

જીવજાતિમાં એક ભવ્ય જીવ અને બીજા અભવ્ય જીવ-એમ બે જાતિના જીવ હોય છે; ભવ્ય જીવમાં મુક્તિ થવાની લાયકાત હોય છે ને અભવ્ય જીવમાં મુક્તિ થવાની લાયકાત જ હોતી નથી.

અભવ્ય જીવને શાસ્ત્રનું જ્ઞાન પણ હોય, ક્રિયાકાંડ પણ ઘણા કરે, પ્રકૃતિની ઓાથે એટલું તો સહન કરે કે એને કોઈ બાળી મૂકે તોય મનથી પણ બાળનાર ઉપર ક્રોધ ન કરે, બીજા દેવલોકની ઇંદ્રાણી જો બ્રહ્મચર્યથી ચળાવવા-ડગાવવા આવે તો મનથી પણ બ્રહ્મચર્યથી ડગે નહિ; પરંતુ આત્માના સ્વભાવની પ્રતીત એને બેસતી નથી, બ્રહ્મચર્ય-સ્વભાવવાન હું કોણ છું ને ક્ષમા સ્વભાવવાન હું કોણ છું તેની તેને ખબર નથી. આટલો ક્ષમા વગેરેનો શુભભાવ રાખવા છતાં અભવ્યને વ્યવહારનયનો એવો સૂક્ષ્મ પક્ષ રહી જાય છે કે તેથી તેના મુક્તિ થતી નથી. કાંઈક પણ પ્રવૃત્તિ કરું તો ગુણ થાય એમ પ્રવૃત્તિનો આશ્રય રહે છે પણ નિવૃત્તસ્વભાવ હું આત્મા છું તે વાત તેને અંતરથી બેસતી નથી; શુભભાવ થાય તેનાથી પુણ્ય બાંધે; તે પુણ્ય બહારનો સંયોગ આપીને છૂટી જાય પણ અસંયોગી આત્માનો લાભ અભવ્યને થતો નથી. અભવ્ય છ-છ મહિનાના અને બાર-બાર મહિનાના ઉપવાસ કરે પરંતુ- 'શુભપરિણામથી હું નિરાળો છું, એક પણ કર્તૃત્વવૃત્તિ આવે તે મારો સ્વભાવ નથી, સહજ આત્મવસ્તુ ગુણ અને અવસ્થાથી ભરેલી છે, સ્વભાવમાં જરા પણ પરનો આશ્રય નથી, પરતું કાઈક કરું તો મને લાભ થાય તેવો વિકલ્પ સહજ સ્વભાવમાં નથી'- એવા સ્વભાવની અભવ્યને લેશ પણ પ્રતીત થતી નથી.

આચાર્યદેવ કહે છે કે હે ભાઇ! જો તારે ધર્મ જોઈતો હોય તો તું પરાશ્રય છોડ! આત્મા સ્વભાવ અને ગુણોથી પરિપૂર્ણ છે. એના તરફ જો વલણ ન થયું તો, અભવ્ય પણ પરાશ્રયભાવ કરે છે તેનાથી નવુ તેં શું કર્યું ?

અભવ્ય ચારિત્ર રહિત છે, અભવ્ય શીલ અને તપથી પરિપૂર્ણ હોવા છતાં તેને સાચું ચારિત્ર નથી; કારણ કે સાચાં જ્ઞાન-દર્શન વગર સાચું ચારિત્ર હોતું નથી. અભવ્ય જીવે મિથ્યાદૃષ્ટિની ભૂમિકામાં જેટલો ક્ષમાભાવ થાય તેટલો કર્યો, બાળી મૂકે

તો પણ ક્રોધ ન કરે, પરંતુ તે સ્વભાવના ભાનપૂર્વકની ક્ષમા નથી; જૂઠું ન બોલે એટલે કે વ્યવહાર સત્ય બોલે, પરંતુ પરમાર્થ સત્યનું ભાન નથી તેથી અસત્ય જ બોલે છે, મન-વચન-કાયાથી બ્રહ્મચર્ય બરાબર પાળે પરંતુ તે આત્માનું બ્રહ્મચર્ય નથી, મન-વચન-કાયાથી નિરાળો આત્મા બ્રહ્માનંદ છે તે-રૂપ ચારિત્ર પ્રગટ્યું નથી, જ્યાં શુદ્ધ આત્માનું બ્રહ્મચર્ય પ્રગટે ત્યાં શુભ પરિણામનું બ્રહ્મચર્ય હોય પણ ખરું, પરંતુ તેનાથી ધર્મ નથી.

સમ્યક્દર્શન વિના સાચું જ્ઞાન ન હોય. સાચા જ્ઞાન વિના સાચું ચારિત્ર ન હોય. શ્રી યોગેન્દ્રદેવ કહે છે કે હે ભાઈ! દંસણરૂપ ભૂમિ વગર વ્રતરૂપી વૃક્ષ ક્યાં ઊગશે? સમ્યક્દર્શન વગર સ્થિરતાનું વૃક્ષ ક્યાં ઊગશે? સ્થિરતા ક્યાં ફાલશે? અભવ્ય હોય કે ભવ્ય હોય, પણ શુભ વિકારથી મારા અવિકારી આત્માને ગુણ થાય એવી ઊંધી દૃષ્ટિ ઉભી છે ત્યાં સુધી આત્માની સાચી સમજણ હોય નહિ અને સાચી સમજણ વગર સાચી રમણતા તો હોય જ ક્યાંથી?

અભવ્યને અને અનાદિથી રખડતા ભવ્યને એવો અભિપ્રાય રહી જાય છે કે કાંઈક નિમિત્ત હોય તો ઠીક પડે, કાંઈક બહારનું કરવાનું હોય તો ઠીક પડે, પરંતુ એકલા નિરાલંબી તત્ત્વની રુચિ અંતરમાં બેસતી નથી, એકલા અક્રિય નિર્વિકલ્પ સ્વભાવની રુચિ એને અંતરમાં બેસતી નથી. 'શું એકલા નિરાલંબી તત્ત્વથી કાંઈ ધર્મ થાય? કાંઈક પણ શુભ પરિણામનું અવલંબન હોય તો ધર્મ થાય' એવો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પક્ષ અભવ્યને રહી જાય છે.

અહીં ચાર પ્રકાર મુકાણા છે: સાચી પ્રતીત, સાચું જ્ઞાન, નિશ્ચય ચારિત્રને વ્યવહાર ચારિત્ર. આત્માનો સત્ સ્વભાવ અનંતગુણોથી ભરચક એક ક્ષણમાં ભર્યો છે, તેના તરફ અંતર્મુખ થતાં સાચી પ્રતીત પ્રગટે છે, સાચી પ્રતીત પ્રગટતાં સાથે જ સાચું જ્ઞાન પ્રગટે છે, તેમાં રમણતા કરતાં સાચું ચારિત્ર એટલે નિશ્ચય ચારિત્ર પ્રગટે છે, અને જ્યાં નિશ્ચય ચારિત્ર હોય ત્યાં જ વ્યવહાર ચારિત્રનો એટલે કે ભેદરૂપ ચારિત્રનો આરોપ હોય છે.

અભેદદૃષ્ટિ વગર નિશ્ચય ચારિત્ર ન હોય ને નિશ્ચય ચારિત્ર ન હોય ત્યાં પંચ મહાવ્રતના ભેદ પણ સાચા ન હોય. નિશ્ચય ચારિત્ર હોય તો વ્યવહાર ચારિત્રનો ભેદ પડે ને? પણ જો નિશ્ચય જ ન હોય તો વ્યવહાર શેનો? જ્યાં નિશ્ચય નથી ને એકલો શુભભાવરૂપ ને ભેદરૂપ વ્યવહાર છે ત્યાં વ્યવહાર પોતે જ નિશ્ચય થઈ ગયો! કારણ કે જ્યાં નિશ્ચય છે ત્યાં વ્યવહારનો ભેદ નકારપણે ઉભો છે પણ જ્યાં નિશ્ચય જ નથી

ત્યાં વ્યવહાર જ પોતે ઉપાદેયપણે ઉભો છે. માટે સિદ્ધ થાય છે કે જ્યાં નિશ્ચય હોય ત્યાં જ વ્યવહાર સાચો હોય છે.

અભવ્ય બહારથી ક્રિયા ઘણી પાળે પરંતુ સૂક્ષ્મમાં તેને વ્યવહારનો પક્ષ રહી છે તેથી તેની મુક્તિ થતી નથી, નગ્ન દિગંબર મુનિ હોય, લુગડાનો તાણોવાણો પણ ન હોય, એકલો હોય, જંગલમાં રહેતો હોય, એવો વૈરાગી હોય કે બહારથી જોનારને અબધૂત વૈરાગી જેવો લાગે, ઉભા ઉભા આહાર કરે, એક વાર આહાર કરે, પાણી પણ ત્યાં ને ત્યાં આહાર વખતે જ પી લે, પછી બીજી વાર પાણી પણ પીએ નહિ, પીંછી ને કમંડળ-એ બે રાખે, કમંડળમાં પાણી રાખે તે અશુચિ ટાળવા માટે પણ પીવા માટે નહિ, મહિને બે મહિને ગામમાં આહાર લેવા આવે, પણ કાંઈક બહારનું કરું તો લાભ થાય, પુણ્યના આશ્રયથી લાભ થાય, નિમિત્તના આશ્રયથી લાભ થાય તે વાત તેને અંતરથી ખસતી નથી, પરલક્ષની આત્માને જરૂર નથી, નિમિત્તની જરૂર નથી-એ વાત એને બેસતી નથી, તેથી અભવ્યનો મોક્ષ થતો નથી. આત્માની પર્યાય સ્વાધીનપણે પ્રગટે છે તે વાત અંતરથી બેસતી નથી તેથી ગમે તેટલી ક્રિયા કરે તો પણ જ્યાં સુધી સાચી દૃષ્ટિ પ્રગટી નથી ત્યાંસુધી મોક્ષ થતો નથી.

પીપરમાં ચોસઠ પોરી થવાની તાકાત વર્તમાન ક્ષણે ભરી છે, કઈ ક્ષણે એમાં તાકાત નથી?-બધી ક્ષણે તાકાત છે.

હજાર પુટ દીધેલો અબરખ થાય છે; તેની ખાખ થાય છે તે ક્ષયનો નાશ કરવાના નિમિત્તરૂપે છે. અત્યારે નિમિત્તરૂપે કથન થાય છે. હજાર પુટ દીધેલા અબરખમાં રોગ નાશ કરવાની કઈ ક્ષણે તાકાત નથી?-બધી ક્ષણે તાકાત છે.

પીપર ને અબરખમાં સ્વશક્તિ ભરી છે; પીપરને લઢવાથી તે બહાર આવે છે, પીસવાથી ઉપરવટણો તે શક્તિ આપતો નથી. જો ઉપરવટણો શક્તિ આપતો હોય તો ઉંદરની લીંડી પીલતાં તેમાંથી પણ ચોસઠ પોરી પીપર થવી જોઈએ, પરંતુ ઉપરવટણો શક્તિ આપતો નથી, પીપરમાં શક્તિ ભરી છે તે ચોસઠ પોરી થઈને તેની તીખાશ બહાર આવે છે.

આત્મા અનંત જ્ઞાન અને અનંત પૂર્ણ મુક્ત સ્વભાવે ભર્યો છે, તેમાં એકાગ્રતાનું લઢણ કરે તો કઈ ક્ષણે આત્મામાં પરમાત્મા થવાની તાકાત નથી?-દરેક ક્ષણે તાકાત ભરી છે, કોઈ ક્ષણે તાકાત ન હોય તેમ નથી. તેમાં સમ્યક્ એકાગ્રતાનું લઢણ કરે તો પરમાત્મપદ પ્રગટે છે. અનંત પૂર્ણ સ્વભાવ ભર્યો પડયો છે તેનું સાચું જ્ઞાન,

સાચી શ્રદ્ધા અને સાચી એકાગ્રતા કરે તો જે સ્વભાવ ભર્યો છે તેમાંથી જ પરમાત્મ-પદ પ્રગટે છે, બહારથી પ્રગટતું નથી.

વીતરાગતા અને નિર્વિકલ્પતા બહારથી આવતી નથી. અભવ્ય પોતાને ભૂલીને બહાર ધર્મ ગોતવા જાય છે, પણ ધર્મ બહારથી પ્રગટતો નથી; અંતરમાં ભર્યો છે તેમાંથી પ્રગટે છે. આત્મામાં અનંત સામર્થ્ય ત્રિકાળ ભર્યું છે તેમાંથી પરમાત્મ દશા પ્રગટે છે. આચાર્યદેવે અભવ્યનો દાખલો આપ્યો છે કે અરે! પરાશ્રયથી જો મુક્તિ થતી હોય તો અભવ્યને કેમ થતી નથી? અભવ્યને તો ઘણો વ્યવહાર છે, જો એવા બાહ્ય વર્તનથી મુક્તિ થતી હોય તો અભવ્યને થવી જોઈએ.

આચાર્યદેવ અભવ્યનો દાખલો આપીને ભવ્યને કહે છે કે હે ભાઈ! વ્યવહારના લાકડાં તેં પકડયા છે. શુભ પરિણામની તને પકડ થઈ ગઈ છે, પણ તારા કરતાં પરિપૂર્ણ વ્યવહારને અભવ્ય આદરી ચૂકયો છે તોપણ તેની મુક્તિ ન થઈ; જો વ્યવહારથી મુક્તિ થતી હોય તો અભવ્ય પરિપૂર્ણ વ્યવહાર આદરે છે માટે તેની મુક્તિ થવી જોઈએ; પણ તેથી તેની મુક્તિ ન થઈ, માટે પરાશ્રયથી મુક્તિ નથી. પરાશ્રયને તું છોડ, સ્વાશ્રય સ્વાલંબી દૃષ્ટિ કર; તેનાથી મુક્તિ છે, તે આદરણીય છે. આચાર્યદેવ કહે છે કે વ્યવહારનો આશ્રય અભવ્ય કરે છે, પણ તને તે નહિ પાલવે! હે ત્રણ લોકના નાથ! તને આ નહિ પાલવે. સ્વાલંબી દૃષ્ટિ કરીને મુક્તિની પર્યાય પ્રગટ કર, પરમાનંદ દશા પ્રગટ કર.

મનુષ્યવ્યવહાર અને આત્મવ્યવહાર, તે બન્ને વ્યવહાર જુદા છે. 'પરાશ્રિત વ્યવહાર થાય તે હું છું, હું પુણ્ય છું એટલે કે પુણ્યના ભાવ અને હું બન્ને એક છીએ, મનુષ્યનું શરીર અને હું બન્ને એક છીએ' એવી જે અજ્ઞાનીની એકત્વબુદ્ધિ તે મનુષ્યવ્યવહાર છે.

જે આત્મ-આશ્રિત પર્યાય થાય તે આત્મવ્યવહાર છે. 'પુણ્યપરિણામ અને શરીરાદિ તે હું નહિ, હું તો માત્ર જ્ઞાતા છું, પરરૂપે હું નથી' તેવી પ્રતીતમાં રાગ ટળે અને સ્વરૂપની પર્યાય વધે;—આ આત્માશ્રિત વ્યવહાર છે. જીવે મનુષ્યવ્યવહાર અનાદિ કાળથી કર્યો છે પણ આત્મવ્યવહાર કર્યો નથી. તેથી મુક્તિ થઈ નથી.

શરીર અને પુણ્ય ઉપર લક્ષ રાખવાથી કાંઈ લાભ થાય નહિ. આત્માએ ભૂલ કરી તેના ફળમાં શરીર મળે છે, શરીર છે તે ભૂલનું ફળ છે, ભૂલનું ફળ આત્માને ગુણ કયાંથી કરે? ગુણના ફળમાં આત્માની સ્વભાવપર્યાય પ્રગટે પણ પર પદાર્થનો સંયોગ ન મળે, ભૂલના ફળમાં બહારનો સંયોગ મળે; એક પણ રજકણનો સંયોગ

મળે તે પણ ભૂલનું ફળ છે, તે ફળ આત્માને ગુણમાં શું મદદ કરે? આચાર્યદેવ ભવ્ય જીવોને કહે છે કે અરે ભાઈ! વ્યવહારનો આશ્રય છોડ, એ વ્યવહારદૃષ્ટિ સ્વભાવમાં કામ નહિ આવે, એ વ્યવહારના ફોતરાં સ્વભાવમાં કામ નહિ આવે, માટે સ્વભાવદૃષ્ટિ પ્રગટ કર.

આત્મા ચિદાનંદસ્વરૂપ છે, તેના ઉપર મીટ માંડવાથી સ્વભાવપર્યાય પ્રગટે છે—એવો વિશ્વાસ વ્યવહારલક્ષવાળાને આવતો નથી. સાચો વિશ્વાસ નથી માટે સાચું જ્ઞાન નથી, સાચું જ્ઞાન નથી તેથી સાચું ચારિત્ર પણ નથી.

વ્યવહારદૃષ્ટિવાળો પંચમહાવ્રત પાળીને પુણ્ય બાંધીને સ્વર્ગમાં જશે પણ તેથી જન્મ-મરણ ટળવાના નથી, એક ભવ પણ ટળવાનો નથી. જેનો એક ભવ ટળ્યો તેના બધા ભવ ટળી જાય છે, જેનો એક ભવ ટળ્યો નથી તેના બધા ભવ ટળ્યા નથી. જીવ અનાદિકાળથી પોતાની નયણની આળસને લઈને હરિસ્વરૂપ આત્માને નીરખી શક્યો નથી, કોઈ કર્મે તેને અટકાવ્યો નથી. પોતાની જ અંતર્દૃષ્ટિની આળસે પરમાત્મપદ અટકી ગયું છે, પોતે જ પુરુષાર્થ કરે તો પ્રગટે તેમ છે.

બહારની ગમે તેટલી ક્રિયા કરી તોપણ અભવ્યને સાચું ચારિત્ર પ્રગટ ન થયું. આ ગાથામાં 'અભવ્યનું ચારિત્ર ખોટું છે' તેમ કહ્યું. હવેની ગાથામાં 'જ્ઞાન ખોટું છે' તેમ કહેશે ને ત્યારપછી 'દર્શન ખોટું છે' તેમ કહેશે. અભવ્યનો દાખલો આપીને આચાર્યદેવ કહે છે કે પરાશ્રયદૃષ્ટિથી ધર્મ નથી પણ સ્વાશ્રયદૃષ્ટિથી જ ધર્મ છે. આત્મા સિવાય એક પણ ચીજ અંગીકાર કરવા જેવી નથી, તેનાથી કોઈ દિવસ મુક્તિ થતી નથી. ૨૭૩.

હવે શિષ્ય પૂછે છે કે-તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે, છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો?

શિષ્ય પૂછે છે કે પ્રભુ! આપ કહો છો કે અભવ્ય અજ્ઞાની છે, પણ પ્રભુ! તે અભવ્યને તો ભગવાનના શ્રીમુખેથી દિવ્યધ્વનિદ્વારા નીકળેલાં અંગોમાંનાં અગિયાર અંગનું જ્ઞાન હોય છે ને? અગિયાર અંગમાં એક આચારાંગના અઢાર હજાર પદ, અને એક પદમાં એકાવન ક્રોડ ઝાઝેરા શ્લોક; એવા અઢાર હજાર પદનાં કેટલા અક્ષરો થાય! પહેલા અંગ કરતા બીજા અંગોનું માપ અનુક્રમે વધતું જાય તેવા અગિયાર અંગનું જ્ઞાન અભવ્યને કંઠાગ્રે હોય છતાં પ્રભુ! આપે એને અજ્ઞાની કેમ કહ્યો?

તેનો ઉત્તર ગાથા દ્વારા આચાર્યદેવ કહે છે:—

मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज ।
पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु ॥ २७४ ॥

અર્થ:—મોક્ષને નહિ શ્રદ્ધતો એવો જે અભવ્ય જીવ છે તે શાસ્ત્રો તો ભણે છે, પરંતુ જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા તેને શાસ્ત્રપઠન ગુણ કરતું નથી.

અહીં વજન 'જ્ઞાન' ઉપર છે. એકલો આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેમાં કરવા-મૂકવાની વૃત્તિનું ઉત્થાન નથી. તેવા આત્માની શ્રદ્ધા વગરનો અભવ્ય મોક્ષને શ્રદ્ધાતો નથી; આત્માની પવિત્રતા પ્રગટ કરવામાં કંઈક રાગ જોઈએ, કંઈક પરનો આશ્રય જોઈએ, કંઈક પુણ્ય જોઈએ એવો તેને સૂક્ષ્મ અભિપ્રાય ખસતો નથી.

પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ, (પોતે) શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, નથી શ્રદ્ધતો. તેથી જ્ઞાનને પણ નથી શ્રદ્ધતો. અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી.

અહીં આચાર્યદેવે પરનો આશ્રય છોડાવવા માટે અભવ્યનો દાખલો આપ્યો છે. ગુરુ કહે છે કે ભાઈ! અભવ્યનો તો દાખલો છે પરંતુ તે અભવ્ય માટે નથી, પણ ભવ્યને પરાશ્રયદૃષ્ટિ ઉડાડવા માટે તે દાખલો આપ્યો છે. ત્યાં અભવ્યનું ન સમજવું પણ ભવ્યને ગુરુ કહે છે કે હે ભાઈ! તારે આમ ન પાલવે.

ભલે ભવ્ય હોય, તોપણ જેની દૃષ્ટિ પુણ્ય-પાપ ને પરાશ્રય ઉપર જ છે અને નિરાળા આત્મા ઉપર દૃષ્ટિ નથી તો તે બધા મોક્ષને માનતા જ નથી. કોઈ કહે કે તે પરાશ્રયદૃષ્ટિવાળાને મોક્ષની ઇચ્છા હોય તો?—પરંતુ ભાઈ! તેની ઇચ્છા કામ શું આવે? શુભાશુભ લાગણી વિનાનું મારું સ્વરૂપ છે તેવા નિરાગી નિરાળા આત્માની ઓળખાણ નથી, શ્રદ્ધા નથી, તેવા આત્માની ગંધમાત્ર પણ નથી તો તેની ઇચ્છા કામ શું આવે? માટે આવા આત્માની શ્રદ્ધા વગરના અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. આમાં તો બધાના મીંડા વળે છે. જે ભાવે તીર્થંકરનામકર્મ ને સર્વાર્થસિદ્ધિનો ભવ બંધાય તે ભાવ પણ પરાશ્રય છે, કારણ કે તે પદનો બંધ રાગથી જ પડે છે. તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પરાશ્રય છે—એ વાત સાંભળતાં જ કેટલાક તો ભડકે છે. આ વાત

---

મુનિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,
પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.

સાંભળતાય જે ભડકે એને તેનાથી આવી નિરાળા તત્ત્વની વાત બેસતાં તો કેટલું કઠણ લાગે!

'તીર્થંકરનામકર્મ બંધાવાથી ઇંદ્રો આવે ને સમવસરણ રચાય' એવી મીઠાશ જે વેદે છે તે તીર્થંકર પદવીના રાગને ઇચ્છે છે, જેને તીર્થંકર પદવી બાંધવાનો રાગ હોય તેને તીર્થંકર પદ બંધાય જ નહિ. તીર્થંકર ભગવાનને તીર્થંકર નામકર્મ બંધાણું ત્યારે રાગનો નકાર વર્તતો હતો. સમ્યગ્દૃષ્ટિપણામાં એવો કોઈ પ્રશસ્ત રાગ આવે કે જેથી તીર્થંકરનામકર્મ બંધાય, પરંતુ તે રાગનો સમ્યગ્દૃષ્ટિને નકાર વર્તતો હોય છે. રાગભાવને જેણે આદરણીય માન્યો છે તેને તે ભાવથી વીતરાગતા ન પ્રગટે, વીતરાગ ભાવનો એક અંશ પ્રગટયો તેના જ આદરણીયપણાથી સંપૂર્ણ વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટે છે. તીર્થંકરનામકર્મ રાગથી બંધાય છે, રાગ છે તે વિકાર છે ને બંધનું કારણ છે. તીર્થંકરપ્રકૃતિ છે તે બંધન છે પણ મુક્તિ નથી.

પ્રથમ તો અભવ્ય જીવ રાગ વિનાના વીતરાગી ભાવને શ્રદ્ધતો નથી એટલે કે મોક્ષને શ્રદ્ધતો નથી. એકલા જ્ઞાયકભાવમાં ગમે તેવા પ્રશસ્ત કે અપ્રશસ્ત રાગ આવે પણ તે આત્માના ઘરના નથી-એમ જે શ્રદ્ધતો નથી તે મોક્ષને શ્રદ્ધતો નથી. જેને રાગની રુચિ છે તેને વીતરાગી ભાવની રુચિ નથી. અભવ્ય જીવ વીતરાગભાવને શ્રદ્ધતો નથી તેથી મોક્ષને શ્રદ્ધતો નથી અને તેથી તેને આત્માના જ્ઞાનસ્વભાવની પણ શ્રદ્ધા નથી; માટે શાસ્ત્રપઠન તેને ગુણ કરતું નથી.

કેટલાક કહે છે કે એકલું રહેવું કેમ ગમે? પણ ભાઈ! સંસારમાં કહેવાય છે કે 'એકડે એક ને બગડે બે.' એકલા આત્મસ્વભાવમાં પર એવા વિકારી રાગને પોતાનો માન્યો તે એકમાં બે થયું તેથી બગડયું; માટે બે થાય તો જ બગડે છે, તેથી એકલા આત્મસ્વભાવમાં જ સુખ છે. વળી કેટલાક કહે છે કે પ્રવૃત્તિ વિના કેમ ગમે? પણ ભાઈ! એકલા આત્મસ્વભાવમાં જગતનો ઉદ્ધાર કરવાની વૃત્તિ તે પણ બંધન છે, રાગ છે, પરની પ્રવૃત્તિ કોઈ કરી શકતું નથી. આત્માનો સ્વભાવ પરથી નિવૃત્ત સ્વરૂપે છે. સ્વરૂપ-પ્રવૃત્તિમાં જ સુખ છે, તે જ આત્માનો સ્વભાવ છે. સ્વભાવમાં જ સુખ હોય, વિભાવમાં દુઃખ જ હોય.

કેટલાક કહે છે કે આત્મા પરમાત્મા છે તો અમને જણાતો કેમ નથી? ભાઈ! તારી વૃત્તિ પરમાં ગઈ છે તેથી જણાતો નથી. વર્તમાન સમયમાં પૂર્ણ સામર્થ્યરૂપે આત્મા ભરચક ભર્યો છે, તું તેના સન્મુખ નજર કરીને નિહાળ તો જણાયા વગર રહે નહિ, તારી પરસન્મુખ દૃષ્ટિ છે, પરને નિહાળવા તરફ દૃષ્ટિ છે, તેથી જણાતો નથી.

અભવ્ય મોક્ષને શ્રદ્ધતો નથી તેથી તે શુદ્ધ આત્માના જ્ઞાનને નથી માનતો. જે જ્ઞાનને નથી માનતો તે જ્ઞાન-દર્શન-ચારિત્ર એકેને નથી માનતો, કારણ કે જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણે ભેગાં જ હોય છે.

આચારંગ આદિ અગિયાર અંગ ભગવાનના શ્રીમુખે નીકળેલાં છે. તે સ્વભાવ સમજવાનું નિમિત્ત છે, પણ પોતે સ્વભાવને ન સમજે તો નિમિત્ત શું કરે?

શાસ્ત્ર ભણવાનો ગુણ શું છે? તે આચાર્યદેવ કહે છે. ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે. સર્વજ્ઞના મુખમાંથી નીકળેલાં જે શાસ્ત્ર તેનું વજન કયાં છે?—કે તું આત્મા પરથી જુદો છો તેને જાણ, તું સ્વતંત્ર પરિપૂર્ણ આત્મા છો તેને જાણ, પુણ્ય-પાપની વૃત્તિથી ભિન્ન છો તેને જાણ, જ્ઞાનમય જ્ઞાનકંદ આત્મતત્ત્વને જાણ! આવા આત્માને જાણવો તે જ શાસ્ત્ર ભણવાનો ગુણ છે. વીતરાગદેવ કહે છે કે મારો આધાર પણ તને નથી માટે મારો આશ્રય છોડ, અને તારા તત્ત્વમાં તું ઠર; મારી સામું તું જોઈશ નહિ, પણ તારી સામું તું જો. દુનિયા કહે છે કે 'મોઢા સામો કોળિયો કોને ન ગમે?' પણ જુઓ! આ વીતરાગદેવ જ મોઢા સામા કોળિયાની ના પાડે છે કે હે ભાઈ! તું મારો આશ્રય છોડ, મારી સામું જોઈશ નહિ, તારી સામું તું જો. આવું તો વીતરાગ જ કહે ને? આવી દૃષ્ટિ થયા વગર વીતરાગદેવને શું કહેવું છે તે સમજાય નહિ. વીતરાગની વાણી એવાં જે શાસ્ત્ર, તે નિમિત્તને કયારે સ્વીકાર્યું કહેવાય?—કે જો આવો ભાવ સમજે તો; શાસ્ત્રે કહેલા ભાવને સમજે તો શાસ્ત્ર નિમિત્તરૂપ છે, ને ન સમજે તો તેને શાસ્ત્ર નિમિત્તરૂપ પણ નથી.

શાસ્ત્રકાર કહે છે કે ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન કર તે બાર અંગનો સાર છે. આત્મા એકલો ચૈતન્ય ગોળો છે, પરના આશ્રય વિનાનો છૂટો પડેલો ચૈતન્ય ગોળો છે, રાગાદિથી જુદો પડેલો તદ્દન છૂટો ચૈતન્યકંદ છે. એવા આત્માનું જ્ઞાન જો તને બેઠું તો શાસ્ત્ર તને નિમિત્ત કહેવાયું.

જે ડાહ્યો માસ્તર હોય તે છોકરાને એમ કહે કે પાઠ ભણીને આવજો, પછી અમે ભૂલો જોઈશું. એમ કરીને એની જાતની હોંશિયારી કેટલી છે તે જુએ છે. તેમ અહીં આચાર્યદેવ કહે છે કે ભાઈ! જો તું શાસ્ત્ર તો ભણ્યો, પરંતુ શાસ્ત્ર ભણીને જો તેં નિરાળા નિર્વિકલ્પ આત્માને ન જાણ્યો, એકત્વસ્વરૂપ આત્માની શ્રદ્ધા ન કરી, તો શાસ્ત્ર તને નિમિત્ત પણ ન થયું. નિમિત્તનો ગુણ તો એ હતો કે તું પરથી જુદો છો—એમ જાણ; તે તને ન બેઠું માટે શાસ્ત્ર નિમિત્ત પણ તને થયું નહિ. નિમિત્ત અને ઉપાદાન બંનેનો મેળ થાય તો નિમિત્ત કહેવાય.

ભગવાને જે શાસ્ત્ર કીધાં તેને ભણ્યો પણ ભગવાને ભિન્ન આત્મા કહ્યો તેની ઓળખાણ તેં જો ન કરી તો દેવ-ગુરુ-શાસ્ત્ર તને કાંઈ કરી દે નહિ. એટલે એમાંથી સિદ્ધાંત એમ નીકળ્યો કે દેવ ગુરુ-શાસ્ત્ર પણ કોઈનું કાંઈ કરી શકે નહિ.

જેમ આંખ શું કરે ? કે માત્ર જાણે; તેમ જ્ઞાન શું કરે ? કે જાણે. જેમ આંખ કોઈનું કાંઈ કરી દે નહિ તેમ જ્ઞાન પણ કોઈનું કાંઈ કરી દે નહિ, જેમ આંખ તેમ જ્ઞાન. આણે મારું કર્યું ને આણે ન કર્યું-તે તો ઊંધી માન્યતાનો ભાવ છે. જ્ઞાન કાંઈ કરે નહિ; જ્ઞાનસ્વભાવ એકલો જાણનાર છે, તેમાં કરવા-મૂકવાની વૃત્તિ પણ છે નહિ. એવા જાણનાર નિરાળા નિરાલંબન તત્ત્વની શ્રદ્ધા વગર અજ્ઞાની જીવ શાસ્ત્ર ભણ્યો પરંતુ શાસ્ત્ર તેને ગુણ કરી શકયા નહિ, માટે એવા જીવને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે. આ કથનમાં શાસ્ત્ર ભણી ભણીને સાર શું કાઢવો તે બધું આવી જાય છે. 'ભણ્યો પણ ગણ્યો નહિ' તે પણ આવી જાય છે.

'ભિન્ન વસ્તુભૂત' કહીને શાસ્ત્રકાર એમ કહેવા માગે છે કે તારી વસ્તુ, તારો ગુણ સ્વતંત્ર છે, તેમ જ એકે એક આત્મા સ્વતંત્ર છે, દરેક દરેક આત્મા જુદા છે, શરીર દીઠ આત્મા શરીર વિનાના છે, પુણ્ય-પાપ વિનાના છે; એવો નિરાળો આત્મા તું છો. તેવી શ્રદ્ધા થયા વગર શાસ્ત્ર ભણવાનો ગુણ થયો નહિ.

ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે, અને તે તો અર્થાત્ એવું શુદ્ધાત્મજ્ઞાન તો ભિન્ન વસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્રભણતર વડે કરી શકાતું નથી, અથવા શાસ્ત્રભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી, માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે, અને તેથી જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો નક્કી થયો.

અભવ્ય શાસ્ત્ર ભણ્યો, અગિયાર અંગ ભણ્યો, પરંતુ શુદ્ધાત્મજ્ઞાન ન કર્યું તેથી તેને શાસ્ત્રભણતરનો ગુણ થયો નહિ. ગમે તેટલું જ્ઞાન કર્યું, પરંતુ શુભાશુભ પરિણામથી નિરાળા શુદ્ધાત્માને ન જાણ્યો, ન શ્રદ્ધયો, તો તે અગિયાર અંગનું જ્ઞાન પણ અજ્ઞાન છે. આ રીતે અભવ્ય અજ્ઞાની ઠર્યો.

અભવ્ય જીવ પુરુષાર્થ ફેરવી શકતો નથી તેમ આચાર્યદેવે કહ્યું નથી પરંતુ અભવ્ય જીવ પોતે શુદ્ધાત્માને માનતો નથી એમ કહ્યું છે. આચાર્યદેવ અભવ્યપણું દેખતા જ નથી, તે તો દેખે છે કે પુરુષાર્થ ન કર્યો માટે ન સમજ્યા, અભવ્યપણું એના ઘરે રહ્યું. પુરુષાર્થ કરે ને ન સમજે તેમ ત્રણ કાળમાં બને નહિ, એવો ત્રણ

કાળનો નિયમ છે. આચાર્યદેવની પુરુષાર્થ ઉપર દૃષ્ટિ છે, પુરુષાર્થ ઉપર જોર છે, તેથી અભવ્યપણાને લક્ષમાં લેતા જ નથી.

દ્રવ્ય તો પરિપૂર્ણ છે, પર્યાયમાં ભૂલ પોતે કરે છે તેથી પોતાની ટાળી ટળે છે. "સર્વ જીવ છે સિદ્ધ સમ" તેને અભવ્ય પોતે માનતો નથી, તેથી તેની અવળાઈ ટળતી નથી.

દ્રવ્ય તો આખું ભર્યું જ છે, અવસ્થા પલટાવે તો પોતે આખો જ જ્ઞાનમાં આવે તેમ છે; પણ તે વાતને અભવ્ય માનતો નથી, તે વાતને શ્રદ્ધતો નથી, તેથી ફરતો નથી; માટે તે અભવ્ય અજ્ઞાની છે.

અભવ્યનો સ્વભાવ એવો છે માટે અભવ્ય ફરતો નથી એમ આચાર્યદેવ કહેતા નથી; પરંતુ નિરાળા સ્વભાવને માનતો નથી તેથી તે ફરતો નથી.

એક કોર અનાદિ સવળા પૂરા સર્વજ્ઞદેવ છે ને બીજી બાજુ અનાદિથી સત્યને માનતો નથી એવો અવળો અભવ્ય છે; આચાર્યદેવ અભવ્યને કહે છે કે માળા કર! તારામાં આખો પરથી નિરાળો અનંતો સ્વભાવ ભર્યો છે. પરંતુ તે માળો ફરતો નથી, સવળો ફર તો દ્રવ્યમાં પર્યાય ભળી જશે, શુદ્ધ થઈ જશે. આચાર્યદેવ પુરુષાર્થને જ દેખે છે.

૨૭૩ મી ગાથામાં ચારિત્રની વાત લીધી કે અભવ્યને શ્રદ્ધા જ્ઞાન સાચાં નથી માટે ચારિત્ર સાચું નથી. ૨૭૪ મી ગાથામાં જ્ઞાનની વાત કરી કે સતદેવ-સદ્‌ગુરુ-સતશાસ્ત્ર સતને બતાવે છે છતાં તેની પ્રતીત કરતો નથી માટે તેનું જ્ઞાન સાચું નથી. હવે રહી એક શ્રદ્ધાની વાત, તે હવેની ગાથામાં લેશે.

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૨, સોમવાર.

જે ભાવે બંધન થાય તે ભાવે મુક્તિ ત્રણ કાળમાં ન થાય. પરને આશ્રયે જે ભાવ થાય તેને જાણનારું જ્ઞાન તે વ્યવહારનય, અને આત્મા-આશ્રિત થતા ભાવોને જાણનારું જ્ઞાન તે નિશ્ચયનય. નિશ્ચયસ્વભાવને જાણનારી દૃષ્ટિ તે વ્યવહારનો નિષેધ કરે છે. અવસ્થામાં રાગાદિ ભાવ થાય તે પર નિમિત્તના આશ્રયે થાય છે, તે વ્યવહાર છે, તે વ્યવહાર આદરણીય નથી. કોઈ કહે કે 'નિશ્ચય તો સિદ્ધમાં પ્રગટે!' પણ ભાઈ! આત્મા કઈ ક્ષણે પરિપૂર્ણ નથી? બધી ક્ષણે પરિપૂર્ણ છે. તેના પ્રત્યે મીટ માંડે તે નિશ્ચયનય છે; વસ્તુ તે નિશ્ચયનો વિષય છે. જે જ્ઞાનનો અંશ વસ્તુને વિષય કરે છે તે જ્ઞાનનો અંશ નિશ્ચયનય છે. કર્મ નહિ, સંયોગ નહિ, નિમિત્ત નહિ. રાગ

નહિ, તે બધાથી પાર આત્મા આનંદની સ્વતંત્ર મૂર્તિ છે એને લક્ષમાં લેવો તે નિશ્ચયનય છે. નિશ્ચયનય પોતે પર્યાય છે પણ અખંડ વસ્તુને લક્ષમાં લે છે માટે તે નિશ્ચયનય છે. વ્યવહારનય પણ પર્યાય છે પણ તે ખંડને-ભેદને-રાગને લક્ષમાં લે છે માટે તે વ્યવહારનય છે. તે વ્યવહારનયનો વિષય ત્યાગવા યોગ્ય છે અને નિશ્ચયનયનો વિષય અંગીકાર કરવાયોગ્ય છે.

જેને ધર્મની ગંધ નથી એવા અભવ્ય જીવો પણ દયા-દાન-વ્રત-તપ-જપ કરી પરાશ્રયપણે વ્યવહારનો તો આશ્રય કરી રહ્યા છે પરંતુ તેનાથી ધર્મ થતો નથી; માટે પરાશ્રિત વ્યવહારથી મુક્તિ થતી નથી એમ આચાર્યદેવે સિદ્ધ કરી દીધું.

કોઈ કહે કે 'એકલા અખંડ આત્માની વાત કહો છો, નિમિત્તની વાત તો કહેતા નથી?' તો ભાઈ! જેને લાખ રૂપિયાની ત્રેવડ છે તેને શું પાંચ રૂપિયાની ત્રેવડ નહિ થાય? જેને આખો અખંડ આત્મા ઓળખતાં આવડે તેને પર્યાયમાં શું થાય અને નિમિત્તો કેવા હોય? એટલી ખબર શું નહિ પડે? અરે! એટલી સમજણ તો સહેજે હોય કે અધૂરો છું તેથી વચ્ચે રાગ આવે; રાગના નિમિત્તો શું શું આવે તેનું બરાબર જ્ઞાન હોય છે. સાધક અવસ્થા છે તેથી વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તો આવે; સાચા જ દેવ ગુરુ શાસ્ત્ર આવે, ખોટા દેવ-ગુરુ-શાસ્ત્ર વચ્ચે ન જ આવે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે બહુમાન, વિનય, પૂજા, ભક્તિ આવે. દાન, દયા, શાસ્ત્ર-સ્વાધ્યાય તેવો શુભભાવનો વ્યવહાર સાધક અવસ્થામાં બધો આવે, તેનું બધું જ્ઞાન સાધક જીવને હોય છે. સાધકને અખંડ આત્માનું જ્ઞાન તે નિશ્ચયજ્ઞાન છે, તેની સાથે નિર્મળ વિકારી બધી પર્યાયોનુ જ્ઞાન તે વ્યવહારજ્ઞાન છે. સાચું વ્યવહારજ્ઞાન નિશ્ચયજ્ઞાન વગર હોય નહિ ને સાચું નિશ્ચયજ્ઞાન વ્યવહારજ્ઞાન વગર હોય નહિ. નિશ્ચયનય અને વ્યવહારનય એક-બીજાની અપેક્ષા રાખે છે; નય છે તે અપેક્ષિત છે, એકબીજા નયની અપેક્ષા વગરના નય તે નય નથી પણ નયાભાસ છે, એટલે ત્યાં વ્યવહારનું કે નિશ્ચયનું બેમાંથી એકેનું સાચું જ્ઞાન નથી પણ તેનો અભાસમાત્ર છે એટલે કે ખોટું જ્ઞાન છે.

ઘણી વાર વાત થઈ ગઈ છે કે "પાવે નહિ ગુરુગમ વિના એહી અનાદિ સ્થિત." સત સમજવા માટે એક વાર સાક્ષાત જીવંત-મૂર્તિ સત્ મળવા જોઈએ, સાક્ષાત્ જીવનમૂર્તિ ત્રિલોકનાથ તીર્થંકરદેવ, કાં તો મુનિ, કાં તો જ્ઞાની એક વાર સાક્ષાત્ મળવા જોઈએ. અનાદિના અજ્ઞાનીને પહેલાં સત્ સમજવા માટે સામે સાક્ષાત્ જીવનમૂર્તિ સત્ હોય છે. નિમિત્ત કાંઈ કરી દેતું નથી. પરંતુ નિમિત્ત હોય છે, નિમિત્તથી થતું નથી અને નિમિત્ત વિના થતું નથી એવો નિયમ છે.

નિમિત્ત મળે ત્યારે પણ જો પોતે ઉપાદાન પ્રગટાવે તો જ લાભ થાય છે. સત દેવ-ગુરુ અનંતવાર મળ્યા છતાં પોતે ન સમજ્યો, તો વાંક કોનો? પોતાનો, ત્રિલોકનાથ તીર્થંકરદેવના સમવસરણમાં અનંત વાર ગયો પણ પોતે ન જાગ્યો તો નિમિત્ત શું કરે? નિમિત્ત તો નિમિત્તમાં છે, પોતે પુરુષાર્થ કરવો પોતાને હાથ છે, નિમિત્ત કાંઈ કોઇને પુરુષાર્થ કરાવી દે નહિ. પોતે ન જાગે તો ત્રિલોકનાથ તીર્થંકરદેવ પણ શું કરે? માટે પોતે સમજણ કરે તો જ થાય છે, કોઈનું કોઈ કાંઈ કરી શકતું નથી.

સત્ દેવ-ગુરુ કહે છે કે વીતરાગભાવ જ આદરણીય છે, રાગભાવ આદરણીય નથી. સત્ દેવ-ગુરુ જે સ્વરૂપ કહેતા હોય તેના આશય તરફ લક્ષ રાખીને, રાગ છોડીને સ્વભાવ તરફ જાય તો સ્વભાવપર્યાય પ્રગટે. વીતરાગદેવ કહે છે કે મારા તરફ લક્ષ રાખીશ તો રાગ થશે, માટે તું તારામાં ઢળ, તારામાં જો.

લોકોમાં કહેવાય છે કે 'મોં સામો કોળિયો કોને સારો ન લાગે? બધાને મોં સામો કોળિયો સારો જ લાગે.' પરંતુ વીતરાગદેવ તો કહે છે કે તું અમારા સામું ન જો, પર લક્ષે શુભ લાગણી જેટલી આવે તેટલી છોડ, તારામાં જો; અમારા સામું નહિ જોતાં તારામાં જો! આમ વીતરાગ સિવાય બીજો કોણ કહે?—વીતરાગ માર્ગ સિવાય બીજો કયો માર્ગ કહે?

સાધક અવસ્થામાં વચ્ચે શુભભાવ આવે તેથી એમ સમજવાનું નથી કે 'શુભભાવ વચ્ચે આવે છે તો ખરોને! માટે શુભ કરતાં કરતાં ધર્મ પણ થાય.' ભાઈ! શુભ કરતાં કરતાં ધર્મ થાય તે શલ્ય કાઢી જ નાખજે, એ શલ્યથી અનંતકાળ કાઢયો, હવે એ શલ્યને કાઢી નાખ, તો જ તારું કલ્યાણ થશે. શુભાશુભ પરિણામથી નિરાળી દૃષ્ટિ પ્રગટ કર, તારું શુદ્ધ અનંત સામર્થ્ય ભરપૂર ભર્યું છે તેના ઉપર દૃષ્ટિ કર. સાચી દૃષ્ટિ વિના સાચું જ્ઞાન નથી, ને સાચા જ્ઞાન વિના સાચું ચારિત્ર નથી.

કોઈ કહે છે કે 'અભવ્ય જીવ શાસ્ત્ર તો ભણ્યો છે તોપણ કેમ સ્વભાવ પ્રગટયો નહિ?' અભવ્ય જીવને અગિયાર અંગનું જ્ઞાન છે, શાસ્ત્ર તો ભણ્યો છે પણ ગણ્યો નથી. શાસ્ત્ર ભણ્યો તેથી શું થયું? અભવ્ય જીવે શાસ્ત્રનું રહસ્ય જાણ્યું નથી, શાસ્ત્રના શબ્દો માત્ર જાણ્યા છે. જુઓ, આ સમય સારમાં આવે છે કે 'જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે.' ત્યાં કોઈ સ્વચ્છંદી થઈને કહે કે અમે ગમે તેમ વર્તીએ તોપણ અમને નિર્જરા થાય છે કારણ કે અમે આત્મા શુદ્ધ માન્યો છે માટે અમને બંધ નથી. તો જ્ઞાની કહે છે કે અરે ભાઈ! શાસ્ત્ર કહે તે તો શાસ્ત્રમાં રહ્યું પણ તું તારા ભાવ તો જો, તારા આત્મામાં તો જો. તારા ભાવ કહે છે કે શાસ્ત્ર કહે છે? જો તારા ભાવથી તું બંધનમાં પડયો છે તો પછી શાસ્ત્ર

કહે છે કે 'જ્ઞાનીને બંધન નથી' તે તને કયાં લાગુ પડે છે? તે શાસ્ત્રકાર તો જ્ઞાનીને માટે કહે છે, જ્ઞાનીને સ્વછંદનો અભાવ વર્તે છે, તેને સ્વભાવદૃષ્ટિ પ્રગટ થઈ છે; સ્વભાવમાં બંધનનો ભાવ નથી ને પર વસ્તુ બંધન કરતી નથી; માટે સ્વભાવ દૃષ્ટિમાં જ્ઞાનીને અબંધ કહ્યા છે. પૂર્ણ વીતરાગના પ્રગટી નથી એટલે નબળાઈને લીધે અલ્પ રાગ થાય છે તે રાગથી અલ્પ બંધન છે, પરંતુ પર વસ્તુ બંધન કરે એવી લેશમાત્ર પણ જ્ઞાનીને શંકા નથી. શાસ્ત્રના શબ્દો અભવ્ય જીવે જાણ્યા, 'શબ્દોમાં આમ છે' તેમ જાણ્યું, પરંતુ વીતરાગદેવનું રહસ્ય શું છે, પેટ શું છે, એની તે અજ્ઞાની અને અભવ્યને ખબર નથી.

અંતરમાં ગુણ છે તેમાં દૃષ્ટિ કરીને એકાગ્ર થવાથી શુદ્ધ પર્યાય પ્રગટે છે. આત્મા આશ્રિત નિશ્ચય છે ને પરાશ્રિત વ્યવહાર છે તેમાં જે તે નિશ્ચયનય છે તે નય વ્યવહારનો નિષેધ કરે છે. નિશ્ચય છે તે વ્યવહારનો કેમ નિષેધ કરે છે?—કેમ કે વ્યવહારનો પક્ષ તો અભવ્યને પણ અનંત વાર આવ્યો છતાં તેનાથી તેની મુક્તિ થઈ નહિ, માટે વ્યવહારના પક્ષથી કોઈની મુક્તિ કોઈ કાળે થાય જ નહિ; તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે.

પ્રકાશત્વ, સ્વચ્છત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, બળ, સુખ વગેરે અનંત ગુણોથી એક સમયમાં આત્મા પરિપૂર્ણ છે. પરિપૂર્ણ ન હોય તો વસ્તુ ન કહેવાય. જ્ઞાન-આનંદ આદિ ગુણોના સ્વાશ્રય તરફ અવસ્થાનું લક્ષ જાય તે નિશ્ચયનય છે અને પરાશ્રય તરફ અવસ્થાનું લક્ષ જાય તે વ્યવહારનય છે. સ્વ તરફ અને પર તરફ અવસ્થા જ ઢળે છે.

આત્મા પોતે અંનત ગુણ ને અનંત પર્યાયથી ભરચક છે-પરિપૂર્ણ છે. જે અવસ્થા પ્રગટે તે અંદરથી પ્રગટે છે, બહારથી પ્રગટતી નથી; અવસ્થાનું વલણ અંદર જાય તો શુદ્ધ અવસ્થા અંદરથી પ્રગટે છે. પરિપૂર્ણ સ્વભાવ ઉપર જો મીટ થાય તો નિર્મળ અવસ્થા આરામાંથી પ્રગટે છે-આ હું ઉભો છું એમાંથી અવસ્થા આવે છે, એવી પ્રતીત થાય છે.

જ્ઞાનની અવસ્થાનું વલણ પર્યાય તરફ જાય તે વ્યવહાર, ને જ્ઞાનની અવસ્થાનું વલણ દ્રવ્ય તરફ જાય તે નિશ્ચય. જ્ઞાનની અવસ્થા દ્વારા એમ ભાન થાય કે આ રાગ હું નહિ, આ દ્વેષ હું નહિ, ઊણો હું નહિ, પરંતુ હું તો જ્ઞાનથી પૂર્ણ, દર્શનથી પૂર્ણ, વીર્યથી પૂર્ણ, આનંદથી પૂર્ણ છું. આમ જ્ઞાનની અવસ્થાનું વલણ અંદર જાય ત્યારે પરિપૂર્ણ સ્વભાવની પ્રતીતિ આવે, જ્ઞાનની અવસ્થામાં લક્ષ્ય પરિપૂર્ણ આવ્યું તેથી પરિપૂર્ણતા થયે છૂટકો છે.

જેને પોતાના પરિપૂર્ણ સ્વભાવનું ભાન નથી ને જ્ઞાન અવસ્થાનું લક્ષ એકલું

પર તરફ જાય છે તેને બંધન સિવાય બીજો લાભ નથી. પર તરફ જ માત્ર લક્ષ જાય ત્યાં રાગ-દ્વેષ થયા વગર રહે નહિ અને પોતાને ઊણો માન્યા વગર રહે નહિ.

વ્યવહારનું સ્વરૂપ કેવડું ને કેટલું છે તે સમજાવવા અભવ્યનો દાખલો આપ્યો છે કે અભવ્ય જીવે આટલું આટલું કરવા છતાં પણ તેને પરાશ્રય-વ્યવહાર ઊભો હોવાથી તેની મુક્તિ થતી નથી. અભવ્યોનો દાખલો આપીને આચાર્યદેવ વ્યવહાર-અવલંબી અજ્ઞાની જીવોને સમજાવે છે કે અરે અજ્ઞાની જીવો! તમે આ પરાશ્રયરૂપ વ્યવહારના અવલંબનથી કઈ રીતે તરશો? અને પરિપૂર્ણ સ્વભાવની પ્રતીતિ વિના ક્યાં ઊભા રહીને ઠરશો? ઠર્યા વગર વીતરાગતા ક્યાંથી પ્રગટે? અને વીતરાગતા વગર કેવળ ક્યાંથી થાય? ને કેવળ વિના મુક્તિ ક્યાંથી થાય? ૨૭૪.

ફરી શિષ્ય પૂછે છે કે અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં 'તેને શ્રદ્ધાન નથી' એમ કેમ કહ્યું?

શિષ્ય કહે છે કે પ્રભુ! અભવ્યનો દાખલો આપીને આપે પરાશ્રયની ક્રિયા ઉડાડી, પરાશ્રિત જ્ઞાન ઉડાડયું ને હવે પરાશ્રયની શ્રદ્ધા ઉડાડો છો. તો પ્રભુ! અભવ્ય આટલું આટલું કરે તે શું શ્રદ્ધા વિના કરતો હશે? અભવ્ય રાજકુંવર હોય, સુંવાળું જેનું શરીર હોય, એક દિવસના ક્રોડો રૂપિયાની જેને પેદાશ હોય, તે બધું છોડે, રાણીઓ છોડે, રાજ છોડે, નગ્ન થઈને જંગલમાં રહે, બ્રહ્મચર્ય પાળે, શરીરને કોઈ બાળી મૂકે તોપણ ક્રોધ ન કરે,-આટલું આટલું કરે છતાં હે ભગવંત! શું તે ધર્મની શ્રદ્ધા વિના કરતો હશે? કેટલાક તો સાધારણ કંદમૂળને પણ મૂકી શકતા નથી ને અભવ્ય જીવે તો આટલું આટલું છોડયું, છતાં પ્રભુ આપ કહો છો કે તેને ધર્મની શ્રદ્ધા નથી, નાથ! આવી શ્રદ્ધાનાં મીંડાં વળાવો છો તો આપને શ્રદ્ધાનું સ્વરૂપ કેવડું બતાવવું છે? પ્રભુ! આપ તો ગમે તેટલું કરે છતાં 'નહિ વદું નહિ વદું' કરો છો. આટલું આટલું કરે છતાં ધર્મની શ્રદ્ધા નથી એમ કેમ કહો છો? તેનો ઉત્તર હવે ગાથામાં આચાર્યદેવ કહે છે:-

**सद्दहदि य पत्तेय तह पुणो य फासदि ।**
**धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं ॥२७५॥**

અર્થ:—તે (અભવ્ય જીવ) ભોગના નિમિત્તરૂપ ધર્મને જ શ્રદ્ધે છે, તેની જ

---

તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.

પ્રતીત કરે છે, તેની જ રુચિ કરે છે અને તેને જ સ્પર્શે છે, પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ. ( કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નથી શ્રદ્ધતો, નથી તેની પ્રતીત કરતો, નથી તેની રુચિ કરતો, અને નથી તેને સ્પર્શતો. )

આચાર્યદેવે મૂળ ગાથામાં 'भोगणिमित्तं' શબ્દ વાપર્યો છે અને બીજા શાસ્ત્રમાં 'પુણ્યનો હેતુ' અભવ્યને રહી જાય છે-એમ આવે છે, કેમ કે આ શાસ્ત્ર તો અનુભવપ્રધાન ગ્રંથ છે એટલે કે સ્વરૂપનો ભોગવટો બતાવનાર છે માટે અનુભવ સામે ભોગનો હેતુ અભવ્યને રહી જાય છે—એમ આચાર્યદેવે કહ્યું છે.

આત્મા અનંતગુણની મૂર્તિ છે, તેમાં પરથી નિરાળી સ્વાશ્રયદષ્ટિ કરીને સમ્યગ્દષ્ટિએ જે વિષય કર્યો અને તેમાં લીનતા કરી તે અનુભવ છે, તે સ્વરૂપનો ભોગવટો છે.

અભવ્યને અનંતગુણમૂર્તિ આત્માની અંતરથી ઓળખાણ નથી, પરથી નિરાળી સ્વાશ્રયદષ્ટિ નથી, તેથી તે જે શુભપરિણામ કરે છે તેમાં ભોગનો હેતુ પડયો છે; કારણ કે તેને શુભપરિણામની રુચિ ખસતી નથી એટલે કે પુણ્યની રુચિ ખસતી નથી અને પુણ્યની રુચિ ખસતી નથી તેથી ભોગની રુચિ પડી છે. અભવ્યને વ્યવહારનયના આશ્રયનો ભોગવટો છે, સ્વરૂપના સ્વસંવેદનનો ભોગવટો નથી, નિશ્ચયસ્વરૂપનો ભોગવટો નથી, પુણ્ય પરિણામનો જ ભોગવટો કરી રહ્યો છે, કષાયની મંદતામાં જે શાંતિ લાગે તેને જ આત્માનો અનુભવ માનીને રાગનો અનુભવ કરી રહ્યો છે.

અત્યારે પણ ઘણા ધ્યાન કરે છે અને કહે છે કે અમને આત્માનો અનુભવ થયો છે, બાહ્યમાં મોટા ત્યાગી હોય છે તે સ્થૂળ વિકલ્પને એકદમ શાંત કરી નાખે છે, પણ સ્થૂળબુદ્ધિને લઈને શુભવિકલ્પો હોય છે તેને પકડી શકતા નથી. અને તેમાં પણ એક શાતા નામની પ્રકૃત્તિનો ઉદય હોય છે તેથી શાંતિ અને સુખ જેવું લાગે છે, શાતાની પ્રકૃતિના રસમાં તેને એવી શાંતિ લાગે કે જાણે આત્માના આનંદનો જ અનુભવ છે. તેને પૂછો કે શેનો આનંદ હતો ? તો કહે કે આત્માનો આનંદ હતો પરંતુ બેચાર બોલ મૂળ વસ્તુ સ્વરૂપના પૂછવામાં આવે તો બોલતાં ફેં ફેં થઈ જાય. અરે ભાઈ! તેં ચાર ચાર કલાક ને છ છ કલાક ધ્યાન કર્યું તેમાં કર્યું શું ? મન અને શરીરમાં એકાગ્ર થઈને બેઠો, કષાય કાંઈક મંદ થયા તેથી તને શાંતિ લાગી પણ તે કાંઈ આત્માની શુદ્ધપર્યાય નથી—અપૂર્વ પર્યાય નથી, ભાઈ! બે કલાક કોઈ શાસ્ત્ર વાંચે તોપણ બે ચાર નવી વાતો કરે છે, તો તું ચાર છ કલાક ધ્યાનમાં બેઠો તો શું નવું લાવ્યો ? બોલતાં તો ગોટા વળે છે, માટે તારું ધ્યાન જ સાચું નથી.

અહો ! શુભાશુભપરિણામથી નિરાળો અનંત ગુણમૂર્તિ આત્મા જેને પ્રતીતમાં આવ્યો, જેના જ્ઞાનમાં આવ્યો અને જેના અનુભવમાં આવ્યો તેની લાઈન જુદી થઈ જાય છે—તેની દશા જુદી થઈ જાય છે, તેની પરથી નિરાળી શ્રદ્ધાનું બળ અપૂર્વ હોય છે, તેનું પરથી નિરાળું ભેદજ્ઞાન અપૂર્વ હોય છે, તેની શુભાશુભ પરિણામથી નિરાળી અનંતગુણમૂર્તિ આત્મામાં લીનતા અપૂર્વ હોય છે: તેની સ્વાશ્રયદૃષ્ટિ પરાશ્રયદૃષ્ટિવાળા કરતાં જુદી પડે છે, તેનું પોતામાં અસ્તિરૂપ ને પરથી નાસ્તિરૂપનું અનેકાંત જ્ઞાન એકાંતી જ્ઞાનવાળા કરતાં જુદું હોય છે, સૂક્ષ્મદૃષ્ટિથી જુઓ તો તેમાં પ્રકાશ અને અંધકાર જેટલો આંતરો હોય છે, સ્વાશ્રયદૃષ્ટિ અને પરાશ્રયદૃષ્ટિવાળાનું આચરણ બહારથી એક જેવું દેખાય પણ અંતરમાં આંતરા હોય છે. જે જે શુભાશુભ પરિણામ આવે તેનો જ્ઞાતા રહેતો, સ્વરૂપ સ્થિરતાને વધારતો, પૂર્ણ વીતરાગતાની અંતરથી ભાવના ભાવતો એવો સમ્યગ્દૃષ્ટિ-તેનું આચરણ જુદું હોય છે, તેનો સ્વાનુભવ પણ જુદો હોય છે, તેને સ્વભાવનો ભોગવટો હોય છે. અને પરાશ્રયદૃષ્ટિવાળાને શુભ વિકલ્પનો ભોગવટો છે.

અભવ્ય છ છ મહિના એવો એકાગ્ર રહે કે તેને પોતાને એમ લાગે કે વિકલ્પ નથી, ત્યાં વિકલ્પ છે તો ખરા પરંતુ તે મૂઢતાને લઈને પકડી શકતો નથી. જેમ એક માણસ રસ્તે ઊંચું જોઈને ચાલતો હોય તેને કોઈ કહે કે તારા પગ નીચે કેટલા કંથવા ને કથીરી આવી ગયા ! તો તે કહેશે કે મને દેખાણા નથી. પણ ભાઈ ! શું તે કૂદીને તારા સામા આવે ? તું ઝીણી નજર કર તો દેખાય. એમ અભવ્યજીવ આત્માના ભાન વગરનું ધ્યાન કરે છે, સ્વ-પરના ભેદ પાડયા વગરનું ધ્યાન કરે છે, તે કષાયમાં એકાગ્ર થયો છે, તેનો ઉપયોગ સમ્યક્ થયો નથી, ઉપયોગ ઝીણો થયો નથી, પછી કહેશે કે 'મને વિકલ્પ દેખાતા નથી.' પણ શું દેખાય ! ઉપયોગ ઝીણો કર તો દેખાય. કેટલાક કહે છે કે 'ભગવાને આવીને અમને દર્શન દીધા, આત્માનો સાક્ષાત્કાર થયો, અંદર પ્રકાશ પ્રકાશ થઈ ગયો હતો.' ઠીક ભાઈ ! જણાઈ ગયું કે તારો આત્માનો સાક્ષાત્કાર કેવો હતો ! ! આત્માના સ્વભાવના ભાન વગર તેનો સાચો અનુભવ કે સાક્ષાત્કાર થતો નથી. કેટલાક કહે છે કે અમારે ધ્યાન કરવું છે, પણ ભાઈ ! વસ્તુ શું છે તેના ભાન વગર સાચું ધ્યાન થઈ શકે જ નહિ. સ્વ-પર તત્ત્વની સાચી ઓળખાણ વગર સાચું ધ્યાન થઈ શકે જ નહિ. તત્ત્વની ઓળખાણ વગર શેમાં ઠરીશ, કયાં જઈને ઊભો રહીશ ? હઠ કરીને વિકલ્પ મંદ કરવા જતાં શૂન્યતા થઈ જશે ! માટે પ્રથમ સાચી રુચિ કરીને આત્માની ઓળખાણ કર તો માર્ગ સુગમ થશે, આત્માના સ્વભાવમાં ઠરતાં વિકલ્પ સહેજે ટળશે અને સાચું ધ્યાન થશે.

અભવ્ય જીવ કષાયની મંદતામાં લાભ માનીને અટકયો છે, કષાયની મંદતામાં પુરુષાર્થ માનીને અટકયો છે; રાગને પકડયો છે, રાગનો ભોગવટો છે એટલે કે તે પુણ્યને શ્રદ્ધે છે, પુણ્યને ભોગવે છે અને પુણ્યને ઉત્પન્ન કરે છે, પુણ્ય પરિણામથી લાભ થાય તેમ માનીને ઉભો છે તેથી તેને આકુળતાની જ ઉત્પત્તિ છે-કર્મની ઉત્પત્તિ છે; આત્મસ્વભાવને આશ્રયે થતો શુદ્ધતાનો ભાવ કે જે કર્મ ક્ષયનું નિમિત્ત છે તેનો તેને અભાવ છે તેથી તે અશુદ્ધતાની ઉત્પત્તિ કરે છે, શુદ્ધતાનો નાશ કરે છે, સ્વભાવ-ગુણની પ્રતીતિ અવરાય તેવા પરાશ્રય ભાવની તેને શ્રદ્ધા છે.

જ્ઞાનીને શુદ્ધતાની ઉત્પત્તિ થાય છે ને અશુદ્ધતાનો નાશ થાય છે, સ્વાશ્રય શ્રદ્ધા છે, સ્વભાવનો ભોગવટો છે, નિરાકુળતાની ઉત્પત્તિ છે, કષાયની મંદતામાં તેણે લાભ માન્યો નથી, સ્વાશ્રયદૃષ્ટિ-સ્વાશ્રયજ્ઞાન અને સ્વરૂપરમણતામાં લાભ માન્યો છે.

અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે ( અભવ્ય ) સદાય ( સ્વપરના ) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે માટે તે ( અભવ્ય જીવ ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ ( સત્યાર્થ ) ધર્મને નથી શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે; તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી. તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે ( સાચું ) શ્રદ્ધાન પણ નથી.

અભવ્ય જીવ પરનો અનુકૂળ સંયોગ મળે તેમાં હર્ષ માને છે; બહારથી સગવડતા મળે તેમાં ખુશી થાય અને કષાયની મંદતામાં શાંતિ માને તે બધો કર્મફળનો ભોગવટો છે. સ્વભાવમાં સુખ છે તે દેખતો નથી-અનુભવતો નથી અને શુભાશુભ સંયોગમાં સુખ માને છે તે બધો કર્મફળચેતનાનો જ અનુભવ એટલે ભોગવટો છે.

જેમ માણસ દુકાને વેપાર કરવા જાય પછી ત્યાં કંટાળે ને ત્યાંથી નવરો થઈને ઘેર આવે ત્યારે માને કે હાશ! હવે આપણને ભારે શાંતિ છે, તે બધી કર્મના ફળની શાંતિ છે, દુકાન દુઃખ નથી આપતી પણ તારો આકુળતાનો ભાવ જ તને દુઃખ આપે છે. પરની અનુકૂળતામાં સુખ માનનાર નિત્ય-કાયમ કર્મફળચેતનારૂપ વસ્તુને જ શ્રદ્ધે છે. વ્યવહારનયનો આશ્રય કરનાર જીવ હંમેશાં પુણ્યના ફળમાં જ શાંતિ માની રહ્યો છે. કેટલાકને પુણ્ય ઓછા થવા માંડે ત્યારે એમ થાય છે કે ભાઈ! હમણાં તો ભારે પુણ્યની પનોતી બેઠી છે, હમણાં તો ભારે દુઃખી થઈ ગયા છીએ, પહેલાં તો કેવા સુખી હતા! એટલે એને પુણ્યમાં જ સુખ માનેલું છે તેથી પુણ્ય ઓછા થતાં પોતાને

દુ:ખી માને છે. તે બધા કર્મફળચેતનાને જ ભોગવે છે. આત્મસ્વભાવમાં તો પુણ્યની પનોતી ત્રિકાળ બેઠી છે, સ્વભાવમાં પુણ્યભાવનો ત્રણે કાળે અભાવ જ છે.

વ્યવહારનયનો આશ્રય કરનાર ભવ્ય જીવને આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! અભવ્ય જીવ પણ આટલું આટલું કરે છે છતાં તેની મુક્તિ ન થઈ તો તેં શું નવું કર્યું? અભવ્ય જીવ ત્યાગી થયો, જોગી થયો, નગ્ન દિગંબર મુનિ થયો, પણ આત્માનો આનંદગુણ પરથી નિરાળો છે તેને તે શ્રદ્ધતો નથી તેથી નિત્ય કર્મફળચેતનાનો જ અનુભવ કરે છે, તેને જ શ્રદ્ધે છે, પરંતુ નિત્ય જ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો; કારણ કે તે અભવ્ય સદાય સ્વપરના ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.

અભવ્ય સ્વ-પરનો વિવેક કરી શકવાને અયોગ્ય છે કારણકે તેને પરનું લક્ષ ખસતું નથી; તેથી કર્મક્ષયના નિમિત્તરૂપ જ્ઞાનમાત્ર ધર્મ, ભૂતાર્થ ધર્મ, ભૂતાર્થ એટલે સાચો ધર્મ, તેને બેસતો નથી.

જ્ઞાનમાત્ર ધર્મમાં પરના કરવાપણાની લપ કાંઈ પણ વચ્ચે ન આવી; એકલા જ્ઞાનમાત્ર ધર્મમાં શ્રદ્ધા પણ ભેગી આવી જાય છે, જ્ઞાનમાં ચારિત્ર પણ આવી જાય છે, જ્ઞાનમાં તપ પણ આવી જાય છે.

અહીં જ્ઞાનમાત્ર ધર્મ એટલે આખો જ્ઞાયક આત્મા કહેવો છે. જ્ઞાયકનું જ્ઞાન, જ્ઞાયકની શ્રદ્ધા, જ્ઞાયકમાં રમણતા, અને જ્ઞાયકમાં રમણતાની તીખાશ—એ રીતે જ્ઞાનમાત્ર ધર્મમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ બધાની આરાધના આવી ગઈ. અભવ્ય જ્ઞાનમાત્ર ધર્મને શ્રદ્ધતો નથી, શુભાશુભ પરિણામથી નિરાળી એકલી જ્ઞાન ચેતનાનો તેને ભોગવટો નથી પરંતુ જે હર્ષ આદિના પરિણામ થાય છે તેનો જ ભોગવટો તે કરે છે.

અભવ્ય ભૂતાર્થ ધર્મને શ્રદ્ધતો નથી. ભૂતાર્થ એટલે સ્વાભાવિક ધર્મ, સ્વાભાવિક તત્ત્વનું સત્ત્વ તે ધર્મ; સ્વાશ્રય સ્વભાવની જ્યોત પરિપૂર્ણ છે, તેમાં એક વિકારનો અંશ પણ નથી, એવો ભૂતાર્થ ધર્મ છે.

કોઈ એમ કહે કે અમને તો ભવમાં સુખ દેખાય છે, ભવ વગર સુખ લાગતું નથી. તો ભાઈ! જેને ભવમાં સુખ લાગ્યું તેને ભવ જ રુચ્યા છે, જેને ભવ રુચ્યા તેને પરાધીનતા રુચિ છે, તેને આત્માનો સ્વભાવ ગોઠ્યો નથી ને આત્માનું સુખ ગોઠ્યું નથી. આત્માનો સ્વભાવ ભવનો નાશ કરનાર છે પરંતુ ભવની ઉત્પત્તિ કરનાર નથી, માટે જેને સ્વભાવ ગોઠે તેને ભવ હોય જ નહિ, સ્વભાવમાં ભવ હતા ક્યાં? જેને આત્માના સુખનો સ્વાદ લાગ્યો તેને ભવ હોય જ નહિ. જીવોએ ક્યારેય પણ

આત્માના સુખ તરફ દૃષ્ટિ દીધી નથી તેથી તેઓને ભવના સુખ રુચે છે, પરંતુ આત્માના સુખમાં જેને રુચિ લાગી તેને પરાધીન કહેવાતા જગતના સુખ બધા ફિક્કાં લાગે છે—નિરસ લાગે છે, એવું આત્માનું અલૌકિક સુખ છે પણ તેના ખપી થવું જોઈએ.

અભવ્યને ભોગની રુચિ છે; અહીં 'ભોગ' એટલે શુભ કર્તવ્ય, દયા-દાન-પૂજા-ભક્તિ વ્રત તેવા શુભ ભાવની તેને રુચિ છે, બાકી વિષયયના ભોગની (એટલે કે અશુભની) અહીં વાત જ નથી; કેમ કે જો તે ભોગ રુચતા હોય તો પછી રાણીયો ને રાજ છોડે શું કામ! તેની રુચિ તો નથી પરંતુ આ શુભની રુચિ તેને ખસતી નથી. વર્તમાન શુભની રુચિમાં ભવિષ્યના ભોગની રુચિ આવી જાય છે, એ રીતે ભોગની રુચિ આવી જાય છે પરંતુ વર્તમાન સીધી ભોગની રુચિ નથી. શુભ પરિણામ વર્તમાન પર્યાય પૂરતા છે તેના ઉપર તેની દૃષ્ટિ છે માટે પર્યાયદૃષ્ટિ છે પરંતુ સ્વભાવ-દૃષ્ટિનું ભાન તેને નથી, તે જ મહા મિથ્યાત્વ છે.

વર્તમાન એટલે વ્યવહાર અને ત્રિકાળ એટલે નિશ્ચય; વ્યવહાર તે પર્યાય પૂરતો છે ને પર્યાય વર્તમાન ક્ષણ પૂરતી છે, અને અખંડ સ્વભાવ તે ત્રિકાળ છે. તે ત્રિકાળ સ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકવી તે સમ્યગ્દર્શન છે; સમ્યગ્દર્શન પ્રગટ થતાં દ્રવ્ય ને પર્યાય બંને એક થઈ જાય છે. સમ્યગ્દર્શન ભલે અવસ્થા છે પણ તે અવસ્થા જેના ઉપર વળે છે તે દ્રવ્ય છે, જેવું દ્રવ્ય છે તેવી પર્યાય પ્રગટે છે માટે દ્રવ્ય પર્યાય બંને એક થઈ જાય છે.

અહીં તો જન્મ મરણ ટાળવાની વાત છે. અભવ્ય પુણ્યપરિણામની જ પ્રતીત કરે છે, તેની રુચિ કરે છે અને તેનું જ વેદન કરે છે, પુણ્યપરિણામ કરે છે તેથી તે નવ ગ્રૈવેયક સુધી જાય છે પરંતુ તેને જન્મ મરણનો અભાવ થતો નથી, ભૂતાર્થ ધર્મને-સ્વભાવ ધર્મને શ્રદ્ધતો નથી જન્મ મરણનો અભાવ થતો નથી અને બંધ જ થયા કરે છે. આત્માની સ્વભાવ પર્યાય પ્રગટ કરે તો સુખ થાય, તે સિવાય સુખ કયાંય છે નહિ, માત્ર અજ્ઞાનથી જીવે માની લીધું છે.

જેને સ્વભાવની રુચિ છે તેને ભવની રુચિ હોય નહિ અને જેને ભવની રુચિ છે તેને સ્વભાવની રુચિ હોય નહિ. પુણ્યમાં ધર્મ માન્યો તે ધર્મ ખોટો છે, ખોટા ધર્મની પ્રતીત, રુચિ અને તેનું વેદન કરવાથી ભવનો અભાવ થાય નહિ, નવમી ગ્રૈવેયક જાય પણ ભવ ભ્રમણ ટળે નહિ.

આ આખો લોક છે તે મનુષ્ય-આકારે છે. મનુષ્યને જ્યાં ગ્રીવા છે તે ઠેકાણે

આ લોકમાં નવ ગ્રૈવેયક છે, તે ગ્રૈવેયકમાં ઊંચામાં ઊંચા પુણ્ય કરનારા મિથ્યાદષ્ટિ જીવો પણ જાય છે. મિથ્યાદષ્ટિ જીવો વધારેમાં વધારે પુણ્ય કરે તો નવમી ગ્રૈવેયક સુધી જાય છે. સમ્યગ્દષ્ટિ જીવોને તો પુણ્યની રુચિ નથી, તોપણ તે તો તેથી ઉપર અનુત્તર વિમાન સુધી જાય છે, અને પછી તો ભવથી છૂટી સ્વભાવલક્ષ્મીને પામી મુક્ત થાય છે.

મિથ્યાદષ્ટિને પુણ્ય પરિણામની રુચિ છે તેથી તે નવ ગ્રૈવેયકના ભોગને પામે છે એટલે કે આકુળતાના અનુભવને પામે છે, તેને ભગવાન આત્માના ધર્મની શ્રદ્ધા નથી. સાચી શ્રદ્ધાના ભાન વિના-સાચા તત્ત્વની ઓળખાણ વિના ભવનો અંત નથી. આચાર્યદેવ કહે છે કે એવા પ્રાણીઓનો અમે શ્રદ્ધા વિનાના પ્રાણીઓ કહીએ છીએ.

આ રીતે વ્યવહારનો આશ્રય બંધનનું જ કારણ છે માટે હે ભવ્ય! વ્યવહારનો નિષેધ કર, સ્વભાવનો આશ્રય કર. સ્વ-આશ્રયભાવ ચોથી ભૂમિકાથી શરૂ થઈ જાય છે. સ્વભાવ તો પરિપૂર્ણ ભર્યો છે પરંતુ સ્વભાવ તરફ વળવું તેનું નામ સ્વ-આશ્રય કહેવાય છે. અજ્ઞાનભાવે જીવે રાગ-દ્વેષનો આશ્રય લીધો છે તો સ્વભાવ તરફ વળીને સ્વભાવનો આશ્રય લેવાનું રહે છે. દ્રવ્ય તો પરિપૂર્ણ છે, માત્ર પર્યાય સ્વભાવ તરફ વળે છે. દ્રવ્ય પર્યાય એક થયા પછી વળવાનું કાંઈ રહેતું નથી.

પર્યાયમાં પુણ્ય-પાપનો વ્યવહાર છે તો સ્વભાવ તરફ વળવાનું રહે છે; વસ્તુ અને પર્યાયમાં એટલો ભેદ છે તો સ્વભાવનો આશ્રય લેવાનું રહે છે, પરાશ્રય તોડવાનું રહે છે. જો બંધ-મોક્ષ, સાધક-બાધક તદ્દન ન જ હોય તો પુરુષાર્થ કરવાનું રહેતું નથી. માટે કથંચિત્ વ્યવહાર છે પરતુ તે વ્યવહાર આદરણીય નથી, રાખવા જેવો નથી, માત્ર જાણવા જેવો છે. જ્યાં સુધી પૂર્ણ અવસ્થા ન થાય, દ્રવ્ય પર્યાય પૂર્ણપણે એક ન થાય ત્યાં સુધી પરિપૂર્ણ દ્રવ્યના લક્ષપૂર્વક સાધક અવસ્થા પણ આદરણીય છે, સર્વ રીતે આદરણીય નથી પણ કથંચિત્ આદરણીય છે.

પૂર્ણ પર્યાય ન થાય ત્યાં સુધી નીચલી ભૂમિકામાં પુણ્ય-પાપના પરિણામ થાય ખરા, પરંતુ સ્વભાવ દષ્ટિમાં ને નથી; અસ્થિરતાને કારણે તે થાય છે અને સ્વરૂપ-સ્થિરતા વધતાં સ્વઆશ્રય દષ્ટિના બળથી તેનો નાશ થાય છે. માટે સ્વઆશ્રય દષ્ટિ જ અંગીકાર કરવા જેવી છે ને પરાશ્રયદષ્ટિ છોડવા જેવી છે તે વાત બરાબર સિદ્ધ થઈ, આચાર્યદેવે સાચાં જ્ઞાન, દર્શન ને ચારિત્ર ત્રણે સિદ્ધ કરી દીધાં.

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૩, મંગળવાર.

આત્મા જ્ઞાનાદિ ગુણથી ભરેલ વસ્તુ છે અને બંધ-મોક્ષ તે બે અવસ્થા છે. બંધ તે વિકારી અવસ્થા છે ને મોક્ષ તે નિર્મળ અવસ્થા છે. આ શરીરના હાડકાં

તો જડ છે, આત્મા તો ચૈતન્ય-સ્વરૂપ છે-જાણનાર દેખનાર છે. શરીર તો ઉત્પન્ન થાય ને નાશ થાય છે, આત્મા ચૈતન્યદળ અનાદિ અનંત છે તેની કોઈ સંયોગથી ઉત્પત્તિ કે વિનાશ થતો નથી. અનાદિ અનંત સ્વત: વસ્તુ છે તે વસ્તુને ઓળખે નહિ ને હિત કઈ રીતે છે તેનો માર્ગ જાણે નહિ તો તે જીવ ચોરાશી લાખમાં રઝળે, અને અને જો આત્મહિતનો માર્ગ આત્મામાં જ છે એમ ઓળખાણ કરીને અંતરમાં વળે-લીન થાય તો બંધન તોડીને અબંધન સ્વભાવને પામે.

કોઈ પ્રશ્ન કરે છે કે આપ વ્યવહાર-વ્યવહાર કહીને નિષેધ કરો છો પણ પ્રભુ! વ્યવહાર વગર કાંઈ પરમાર્થ સધાય? વ્યવહાર તો સાધન છે?

શ્રીગુરુ કહે છે કે સાંભળ ભાઈ! વિવેક તો કરવો જ પડશે ને? અનંત ગુણની ખાણ આત્મા છે તેના તરફ અંતર્દૃષ્ટિ કરવી તે જ પરમાર્થ સાધવાનું સાધન છે. પરમાર્થનું સાધન આત્મા હોય કે પરમાર્થનું સાધન શુભ ભાવ હોય? આત્મામાં શુભાશુભથી રહિત નિર્મળ પર્યાય-સ્વભાવિક પર્યાય પ્રગટ કરવી તે મુક્ત છે, તો તેનું સાધન આત્મામાં હોય કે તેનું સાધન બહાર હોય? આત્માની સર્વોત્કૃષ્ટ પર્યાય પ્રગટ કરવી તેનું નામ પરમાર્થ, તો તે પરમાર્થનું સાધન આત્મામાં હોય કે શુભભાવમાં હોય? શુભભાવ તો વિકારી ભાવ છે તે પરમાર્થનું સાધન ન હોય. શુભભાવ વચ્ચે આવે ખરો પણ તે પરમાર્થનું સાધન નથી. શુભભાવનો અભાવ થાય તો આત્મામાં પરમાર્થસ્વભાવ પ્રગટે. શુભ ભાવ પણ પરમાર્થ સાધવાનું સાધન નથી કારણ કે શુભ-ભાવ વિકારીભાવ છે, વિકારીભાવ વડે નિર્વિકારી ભાવ પ્રગટે નહિ, તો પછી શરીર-સંહનનાદિક તો મોક્ષમાર્ગના સાધન થાય જ ક્યાંથી? મોક્ષમાર્ગ તો આત્મામાંથી જ આવે ને? આત્માનો માર્ગ આત્મામાંથી જ આવે ને? પરમાત્મપદ કાંઈ વિભાવ-ભાવ અને પરદ્રવ્યથી પ્રગટે?--ન જ પ્રગટે. જીવ જે પરમાત્મપદ લેવા માગે છે તે બહારથી નથી આવતું પણ અંતરસ્વભાવમાં ગુણો ભર્યા છે તેનો આશ્રય લઈને તેનાં શ્રદ્ધા, જ્ઞાન ને તેમાં લીનતા કરવાથી પરમાત્મ પદ પ્રગટે છે.

કોઈ કહે કે આ તો સિદ્ધની વાત છે. પણ આ તો પ્રથમ શ્રદ્ધા કરાવવાની વાત છે. પરમ પદાર્થ તો દરેક ક્ષણે હાજર જ છે, તે પરમ પદાર્થની શ્રદ્ધા વિના ગમે તેટલી ક્રિયા કરે તોપણ કોરે કાગળે મીંડા છે, પછી ભલે તે પંચમહાવ્રત પાળે શ્રાવકના બાર વ્રત પાળે, પૂજા-ભક્તિ કરે, પૂજા-ભક્તિમાં લાખો રૂપિયા ખરચે તોપણ ધર્મ થાય નહિ. કોઈ કહે-લાખો રૂપિયા ખરચવાથી તો ધર્મ થાય ને? અરે ભાઈ! જો લાખો રૂપિયા ખરચવાથી ધર્મ થતો હોય તો તો પૈસાવાળાની મુક્તિ થાય ને ગરીબોને રોવું પડે! પરંતુ પૈસાથી ધર્મ થતો નથી. પણ આત્માના સ્વભાવને ઓળખે તો ધર્મ

થાય છે. તે આત્માનો સ્વભાવ તો પૈસાવાળા કે ગરીબો જે ઓળખવા ધારે તે બધાય ઓળખી શકે ને બધાને ધર્મ થઈ શકે; અરે, તિર્યંચો પણ આત્માને ઓળખે છે તો એને પણ ધર્મ થાય છે. ચોથા કાળે ભગવાનના સમવસરણમાં ઘણાં તિર્યંચો—ચકલાં, દેડકાં, સિંહ, ઉંદર વગેરે આવતાં અને ત્યાં આત્માનું ભાન પામીને સમ્યક્દર્શન પ્રગટ કરતાં તથા શ્રાવકના વ્રત પણ અંગીકાર કરતાં, અને પછી થોડા જ કાળમાં મનુષ્ય થઈને મુક્તિને પ્રાપ્ત કરતાં.

મન, વાણી અને દેહથી આત્મા પાર છે. એની પ્રતીત કરવાથી ધર્મ થાય. પછી ગરીબ હોય કે તવંગર હોય, ગમે તે પ્રતીત કરે તો ધર્મ થાય. શુદ્ધ આત્માની પ્રતીત જો ન કરે તે—ગરીબ હોય કે તવંગર હોય—કોઈને ધર્મ થાય નહિ.

કોઈ કહે છે કે 'ભગવાને આમ કહ્યું છે.' પણ ભાઈ! ભગવાનનો કહેવાનો આશય શું છે તે જાણ્યા વિના ધર્મ થાય નહિ. અભવ્ય જીવને સાચાં જ્ઞાન-શ્રદ્ધા નહિ હોવાથી મુક્તિ થતી નથી. એ પ્રમાણે ભવ્ય જીવ પણ જો વ્યવહારનો આશ્રય લે તો તેની પણ મુક્તિ થતી નથી. વ્યવહારનયના આશ્રયથી જો મુક્તિ થતી હોય તો અભવ્યની પણ મુક્તિ થવી જોઈએ, પણ અભવ્યનો મોક્ષ થતો નથી, માટે સિદ્ધ થયું કે જે કોઈ વ્યવહારનો આશ્રય લે તેનો ત્રણ કાળ ત્રણ લોકમાં મોક્ષ થતો નથી.

પુણ્યપરિણામ કરતાં કરતાં ધર્મ થાય એવી માન્યતા તૂટવાથી, એનો નિષેધ કરવાથી, સમ્યગ્દર્શન થાય છે. બંધપર્યાય અને મોક્ષપર્યાય ઉપર દૃષ્ટિ તે ભેદદૃષ્ટિ છે, શુદ્ધ આત્મા અભેદ છે તેમાં એવા ભંગ નથી, એવી અભેદદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે. નિમિત્ત તરફ દૃષ્ટિ કે ભેદ તરફ દૃષ્ટિ તે સાપેક્ષદૃષ્ટિ છે, નિરપેક્ષદૃષ્ટિ વગર અંતરથી આત્મસ્વભાવ ખીલતો નથી—ખૂલતો નથી.

અભવ્ય જીવ ભોગનિમિત્તે બધું કરે છે - એનો અર્થ એવો નથી કે એને ભોગ ભોગવવાના અશુભ ભાવ છે. જો એવા ભાવ હોય તો નવ ગ્રૈવેયક પણ જાય નહિ. એ તો બહુ સ્થૂળ ભાવ છે, એવા ભાવ એને હોતા નથી; પણ પરનો અનુભવ એને રહી જાય છે, આત્માનો અનુભવ એને થતો નથી, ઊંડાણમાં પુણ્યની મીઠાશ એને રહી જાય છે; માટે તે જે કાંઈ કરે છે તે ભોગહેતુ જ છે.

આ હેતુવાદરૂપ અનુભવ પ્રધાન ગ્રંથ છે તેથી તેમાં ભવ્યઅભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે. હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય રહી જાય છે કે જે છદ્મસ્થને અનુભવ-ગોચર નથી પણ હોતો, માત્ર સર્વજ્ઞદેવ જાણે છે; એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ

રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે. અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.

અભવ્યને અનુભવ પરનો રહી જાય છે તે હેતુથી અભવ્યો મોક્ષ થતો નથી, ખોટો અનુભવ રહી જવાથી અભવ્યનો મોક્ષ થતો નથી, એમ આ હેતુવાદરૂપ અનુભવ પ્રધાન ગ્રંથ કહે છે.

અહેતુવાદ આગમ એમ કહે છેકે સર્વજ્ઞથી સિદ્ધ કરીએ તો અભવ્યને વ્યવહારનયની પક્કડ રહી જાય છે. તેમ વ્યહારનયના પક્ષનો સૂક્ષ્મ આશય રહી જાય છે—એમ કહેનાર આગમ છે.

અધ્યાત્મ શાસ્ત્રના કથનો બહુ ટૂંકા હોય છે. વ્યવહારનયના કથનમાં અશુભથી બચવા માટે શુભનું અવલંબન લેવા નિમિત્તના કથનો ઘણાં હોય છે.

આમાંથી કોઈ એવો અર્થ ગ્રહણ કરે કે ' વ્યવહારનયના શાસ્ત્રમાં શુભ રાગનાં ઘણાં ઘણાં કથનો છે તો તે આત્માને લાભરૂપ છે, માટે હું પણ કષાય પાતળા પાડું તો મને લાભ થાય, કર્મને હળવા પાડું તો લાભ થાય '—તો તેમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. પરંતુ આથી એમ સમજવાનું નથી કે કષાય મંદ ન કરવા. તીવ્ર આસક્તિ ને તીવ્ર ગૃદ્ધી તો પ્રથમ છોડવી પડશે. જ્યાં તીવ્ર ગૃદ્ધી- તીવ્ર આસક્તિ હોય ત્યાં તો આત્માને સમજવાની લાયકાત પણ નથી. જે અનુકૂળતામાં લીન થઈ જાય, પ્રતિકૂળતામાં આકુળવ્યાકુળ થઈ જાય, પ્રકૃતિને તાબે પોતે આખો થઈ જાય પણ પોતાને તાબે પ્રકૃતિને રાખવાની તાકાત જેને નથી, જરા રોગ આવે-પ્રતિકૂળતા આવે ત્યાં તરફડિયા મારે, છોકરો પૈસા ખોઈ નાખે ત્યાં ધૂઆપૂંઆ થાય તેવા જીવોને એટલે કે એવા તીવ્ર કષાયવાળા જીવોને તો આત્માને સમજવાની ભૂમિકા પણ તૈયાર નથી. ભૂમિકા તૈયાર કરવા માટે બ્રહ્મચર્યનો રંગ જોઈએ, બ્રહ્મચર્યની પ્રીતિ જોઈએ, કષાય પાતળો જોઈએ, હૃદય કૂણું જોઈએ. જેને કષાય તીવ્ર હોય, જ્યાં હોય ત્યાં નિમિત્તાઆધીન તદ્દન થઈ જાય, અશુભ પાપના પ્રસંગમાં જ તદ્દન આધીન થઈ જાય એવી તીવ્ર આસક્તિનો ભાવ હોય તેવા આત્માને શુભ-અશુભ ભાવ વિનાનો આત્મા શી રીતે બેસશે ?

જેને સંસારમાં સ્ત્રી, છોકરાં, પૈસા પ્રત્યે તીવ્ર ગૃદ્ધી છે તેને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે વિનય, ભક્તિ, બહુમાન આવશે કયાંથી ? અપ્રશસ્ત રાગથી પ્રશસ્ત રાગની દિશા બદલાવવાની પણ જેને ખબર નથી તેને રાગના અભાવ સ્વરૂપ આત્મા કેમ સમજાશે ? સ્ત્રી-પુત્ર-કુટુંબ અને પોતાના શરીર પ્રત્યે રાગ હોય તેના કરતાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગ વધી જવો જોઈએ, તો જ ધર્મ પામવાની ભૂમિકા થઈ ગણાય. જો એટલું ન હોય તો ધર્મ પામવાની સાચી ભૂમિકા પણ નથી. અને તેમાં જો સત્ સમજવાની

જિજ્ઞાસા તૈયાર કરે ને સમ્યગ્ભાવનું બીજડું વાવે તો ઝાડ ઉગ્યા વિના રહે નહિ.

તીવ્ર આસક્તિ ને તીવ્ર ગૃદ્ધી ઘટાડ્યા વિના સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર પ્રેમ આવશે નહિ. ક્ષેત્રવિશુદ્ધિ વગર બીજ વવાય નહિ; પરંતુ ક્ષેત્ર સાફ કર્યા કરે અને જો બીજ વાવે નહિ તો ઢોર ખાય તેવા ખડ થાય પણ માણસ ખાય તેવા દાણા થાય નહિ. તેમ એકલા શુભ પરિણામ કર્યા કરે તેમાં ધર્મ માને તેને દેવલોકના ખડ થાય અને ઢોર જેવા અજ્ઞાની જીવ તેને ખાય પણ તે શુભ પરિણામમાંથી આત્માના રસાસ્વાદના દાણા ન પાકે, મોક્ષપર્યાયના દાણા ન પાકે. તેવા દાણા તો આત્માના શુદ્ધ સ્વભાવની પ્રતીત કરવાથી સમ્યગ્દૃષ્ટિને જ પાકે.

એકલી ખારવાળી જમીનમાં બીજ વાવે તો બળી જાય, અને એકલી ક્ષેત્ર વિશુદ્ધિ જ કર્યા કરે ને બીજ ન વાવે તો પણ દાણા ન થાય.

જ્યાં સ્ત્રી, કુટુંબ, છોકરાં તથા પાંચ ઈંદ્રિયના વિષયોની તીવ્ર આસક્તિ ને તીવ્ર ગૃદ્ધી હોય, તીવ્ર ક્રોધ-માન-માયા-લોભ હોય, તેવી ખારી જમીનમાં બીજ ઉગે નહિ પણ બળી જાય; માટે તે બધી ગૃદ્ધી ઘટાડીને—કષાયની મંદતા કરીને સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ પ્રેમ કરવો તે ક્ષેત્રવિશુદ્ધિ છે. પરંતુ જો તેમાં ને તેમાં અટકી જાય—જમીન જ સાફ કર્યા કરે અને સત્ સમજવાની અંતરથી રુચિ પ્રગટ ન કરે ને સમ્યક્પણાનું બીજડું ન વાવે,—બીજ વાવવાનું લક્ષ પણ ન રાખે, તો દાણા ન થાય.

કેટલાક કહે છે કે અમે તદ્દન નાલાયક છીએ, અમારાથી આટલું બધું કેમ થાય? પણ ભાઈ! તું પ્રભુ જ છો! આત્મા ભગવાન છે, જે કરવા ધારે તે કરી શકે છે. પહેલી ગાથામાં આચાર્યદેવ સિદ્ધપણાનું પસ્તાનું મૂકીને કહે છે કે તું પ્રભુ છો ને હું પણ પ્રભુ છું. તારા ને મારા આત્મામાં સિદ્ધપદ સ્થાપીને હું કહું છું કે તું પ્રભુ છો; પસ્તાનું મૂક તારા આત્મામાં! તું ત્રિલોકનો નાથ છો. તું હીણો છો એમ અમે વાત કરતા નથી.—હંસને ખોરી જારના ખોરાક ન હોય, હંસને સાચા મોતીના ખોરાક હોય. અમે પરમાત્મદશા પ્રગટ કરવા તૈયાર થયા છીએ ને 'તું પ્રભુ છો' એમ કહીએ છીએ, તને પરમાત્મદશા પ્રગટ કરવાનું આમંત્રણ કરીએ છીએ. આ વાતની જેને અંતરથી હા આવી તે જીવ પુરુષાર્થ કરીને પરમાત્મદશા પ્રગટ કરશે. તે ભગવાન ભેગા થશે; આત્મ ભગવાનનું સમ્યગ્ભાન થયા પછી એક બે ભવ બાકી રહે તે કાળની ગણતરી નથી. હું પ્રભુ છું એમ અંતરથી જેને હા આવી તે જીવ પુરુષાર્થદ્વારા આત્મભાન પ્રગટ કરશે અને ક્રમે કરી પૂર્ણ પરમાત્મદશા પ્રગટ કરશે. એ રીતે આચાર્યદેવ કહે છે કે આત્માનું કલ્યાણ જે કરવા ધારે તે કરી શકે છે.

સ્ત્રી-છોકરાં છોડીને નગ્ન દિગંબર મુનિ થાય છે તેની ભૂમિકા તો તૈયાર છે પણ તે બીજ વાવતો નથી તેથી મુક્તિ થતી નથી. સ્ત્રી-છોકરાંનો ત્યાગી થાય તો જ ભૂમિકા થાય અને તે જ આત્માનું ભાન થાય એવું નથી; જો એમ હોય તો તો ગૃહસ્થાશ્રમમાં કોઈ સમ્યગ્દર્શન પામી જ ન શકે. માટે એવું વસ્તુનું સ્વરૂપ નથી. જેને સ્ત્રી-કુટુંબ પ્રત્યે આસક્તિ મંદ હોય, વિષયોની આસક્તિ અંતરમાં મંદ હોય, કષાયની મંદતા હોય, બ્રહ્મચર્યનો હૃદયમાં રંગ હોય, સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ પ્રીતિ હોય, આ બધું હોય તો તેની ક્ષેત્રવિશુદ્ધિરૂપ ભૂમિકા છે અને તેમાં જો તે સત્ ધર્મની-આત્માનો શુદ્ધ સ્વભાવ સમજવાની-રુચિ કરે તો ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દર્શન પામી શકે છે; મોટા ચક્રવર્તીઓ પણ ગૃહસ્થાશ્રમમાં હતા ને સમ્યગ્દર્શન હતું. પછી અનુક્રમે સ્વરૂપસ્થિરતા વધતાં ગૃહસ્થાશ્રમની આસક્તિ તદ્દન ઘટી જતાં નગ્ન દિગંબર મુનિ થાય છે, સાચું ચારિત્ર પ્રગટ થાય છે અને પછી ક્રમે કરી વીતરાગ થઈ કેવળજ્ઞાનને પામે છે.

અભવ્યને ચિદાનંદ આત્મા પરથી નિરાળો છે એવો સ્વભાવના પડખાનું લક્ષ નથી; તે એમ માને છે કે આપણે આટલો બધો કષાય મંદ કર્યો માટે ધર્મ પામી જઈશું? એવી ખોટી માન્યતામાં તે ચારિત્ર પાળ્યા કરે છે.

—એવા વ્યવહારના પક્ષવાળાને ઓળખી શકાય ખરા? જિનવરદેવ કહે છે કે તે જીવ મહાવ્રત પાળે, બધી વાત શાસ્ત્રની કરે, છતાં કાંઈક પર વલણની વાત આવી જાય, અંતરમાં સૂક્ષ્મ રીતે પરનું વલણ છે એમ વાત વાતમાં આવી જાય, એટલે સમજી શકાય કે આને વ્યવહારનો પક્ષ છે.

શાસ્ત્રમાં એમ વાત આવે કે સતસમાગમ વિના સાચું જ્ઞાન થાય નહિ. ત્યાં કોઈ અજ્ઞાની એવા પક્ષમાં પકડાઈ જાય છે કે મને સતસમાગમ મળ્યો એટલે તે સત્પુરુષ મને આપી દેશે. સત્‌ના લક્ષપૂર્વક નિમિત્તમાં આરોપ કરે તે બરાબર છે. પોતાને સત્ સમજવામાં જે નિમિત્ત હોય તે નિમિત્તમાં આરોપ કરે કે હે ગુરુદેવ! હે નાથ! આપે મારા ઉપર અનંત ઉપકાર કર્યો, મને પામરને આપે સત્ તત્ત્વ સમજાવી દીધું. સમજે પોતાથી, પરંતુ સાચું સમજવા ટાણે જે નિમિત્ત હોય તેમાં એ પ્રમાણે આરોપ કરે તે બરાબર છે. પણ જો ખરેખર સત્પુરુષ મળ્યા માટે સમજાઈ ગયું-એમ હોય તો તારામાં તાકાત હતી કે ન હતી? તારી તાકાત વગર તીર્થંકરદેવ પણ તને સમજાવી શકે નહિ. આવી સ્વાલંબી સ્વભાવદૃષ્ટિ રાખીને નિમિત્તનું બહુમાન કરે તો તે વાત સાચી છે. સત સમજતાં સત્સમાગમ વચ્ચે આવ્યા વિના રહે નહિ, તે વાત ત્રણ કાળમાં સાચી છે.

કોઈ વાર એમ વાત આવે કે તીર્થંકર થાય ત્યાં ગણધર અને મુનિઓ પાકયા વગર રહે નહિ; જગતમાં સત્‌વસ્તુ માટે જ્યારે જીવો ઝંખે ત્યારે એવો એક મહાપુરુષ તીર્થંકરદેવ પાકે; એવા પુરુષ પાકે ત્યારે બીજાનાં ઉપાદાનનું જોર હોય જ. તીર્થંકરદેવ આ પૃથ્વી ઉપર પાકે ત્યારે બીજાનાં ઉપાદાન તૈયાર ન હોય એમ બને નહિ. ગણધર અને મુનિઓ પણ તીર્થંકરદેવની એમ સ્તુતિ કરે કે હે નાથ! આપે અમારો ઉદ્ધાર કર્યો, હે નાથ! હે દેવ! હે ત્રિલોકપાતે! આપે અનંત જીવોને ઉગાર્યા. પરંતુ ગણધર અને મુનિઓ પોતાનું ઉપાદાન લક્ષમાં રાખીને તીર્થંકરદેવની સ્તુતિ કરે છે. જે જીવ ઉપાદાનનિમિત્તનું સ્વરૂપ બરાબર સમજે છે તેની જ મુક્તિ થાય છે.

કેટલાક કહે છે કે પંચ મહાવ્રત પાળતાં પાળતાં, ભગવાનના પ્રતિમાજીના દર્શન કરતાં કરતાં અને શાસ્ત્રનું શ્રવણ કરતાં કરતાં અમારું કલ્યાણ થઈ જશે. પણ ભાઈ! તું ઉપાદાનને તો સમજતો નથી ને નિમિત્ત મને બધું કરી દેશે એવી તારી દૃષ્ટિ છે તો એવી ઊંધી દૃષ્ટિ ઉભી હોય ત્યાં સુધી કલ્યાણ ત્રણ કાળ ત્રણ લોકમાં થવાનું નથી. શાસ્ત્રમાં એમ આવે છે કે જિનપ્રતિમાના દર્શન સમ્યગ્દર્શન પામવામાં નિમિત્ત થાય છે. પણ તે જિનપ્રતિમાને નિમિત્ત થયા ક્યારે કહેવાય? કે જ્યારે પોતે એમ સમજે કે અહોહો! આ તો નિરાળી વસ્તુ કહેવા માગે છે, આ જિન ભગવાનના પ્રતિમા જાણે એમ કહેતા હોય કે શુભાશુભ પરિણામથી આત્મા નિરાળો છે, અક્રિયબિંબ છે, વીતરાગ છે, જ્ઞાનજ્યોતિ છે તેવો જ મારો આત્મા છે એમ પ્રતિમાજી કહી રહ્યા છે. એમ વિચાર કરી સાચી સમજણ કરી સ્વપરનું ભેદજ્ઞાન કરી સ્વરૂપમાં ઠરે તેને સમ્યગ્દર્શન થવામાં જિન પ્રતિમા નિમિત્ત થયા કહેવાય, પરંતુ જે પુરુષાર્થ કરતો નથી અને શાસ્ત્રશ્રવણ ને જિનપ્રતિમા જ સમ્યગ્દર્શન પ્રગટ કરી દેશે એમ માને છે તે ઉપાદાન-નિમિત્તનું જુદું સ્વરૂપ સમજતો નથી. પોતે પુરુષાર્થ કરે ત્યારે અનંતગુણમૂર્તિ ચૈતન્યબિંબ પૂર્ણ પ્રગટદશા પામેલા જિનભગવાનની જિન મુદ્રા—જિનપ્રતિમા—નિમિત્ત થઈ કહેવાય, નિમિત્ત કાંઈ કરી દેતું નથી.

પંચ મહાવ્રત પાળવાનો શુભ રાગ સાચી સમજણનું નિમિત્ત નથી, સાચી સમજણનું નિમિત્ત તો શાસ્ત્રશ્રવણ છે. સાચી સમજણથી સમ્યગ્દર્શન થાય છે; સાચી રુચિપૂર્વક—બહુમાન અને ભક્તિપૂર્વક—સાચી સમજણ કરે તો સમ્યગ્દર્શન થાય છે ને પછી સમ્યક્ચારિત્ર થાય છે. જ્યારે સમ્યક્ચારિત્ર પ્રગટે છે ત્યારે મુનિદશા આવે છે ને ત્યાં સ્વરૂપરમણતા વધી જાય છે. તે મુનિદશાની ભૂમિકામાં પૂર્ણ વીતરાગતા નથી તેથી સ્વરૂપ ચારિત્રની સાથે શુભ પરિણામ રહે છે; તે પરિણામ પંચ મહાવ્રત, પાંચ સમિતિ વગેરેના હોય છે એવો નિયમ છે. મુનિને શુદ્ધ ચારિત્રમાં અશુભ પરિણામનો

સંબંધ ન જ હોય પણ શુભ પરિણામનો સંબંધ હોય, આવો નિયમ છે. પરંતુ તે શુભ હોય તેથી તેનાથી ધર્મ થઈ જાય એવું નથી. શુભ પરિણામ તો વિકાર છે, વિકારથી ધર્મ ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈને થાય નહિ. જેને સત્ સમજવાની રુચિ જાગે તેને કષાયની મંદતા હોય ખરી—શુભ પરિણામ હોય ખરા, પણ તેનાથી ધર્મ થાય નહિ—તેનાથી સાચી સમજણ થાય નહિ; સાચી સમજણ તો પોતે કરે તો થાય. શાસ્ત્રશ્રવણ સમજણનું નિમિત્ત છે પણ પોતે પુરુષાર્થ કરીને સમજે ત્યારે સમજાય, નિમિત્ત કાંઈ કરી દેતું નથી.

આ તો અનુભવપ્રધાન આગમ છે તેથી અભવ્યને પરનો ભોગવટો રહી જાય છે એમ લીધું છે, અને બીજા અહેતુવાદ આગમ—તે આગમ પણ તીર્થંકરદેવના જ કહેલાં હોય—તેમાં કહ્યું છે કે અભવ્યને પુણ્યનો કે નિમિત્તનો એવો પક્ષ રહી જાય છે કે તે કેવળીગમ્ય છે, છદ્મસ્થ તેને જાણી શકતો નથી.

અજ્ઞાની કેવળ નિમિત્તથી લાભ માને છે. કેવળ એટલે કે સર્વથા નિમિત્તથી લાભ માને છે, એટલે કે મારાથી મને લાભ નથી પણ પરથી લાભ છે એવી પર તરફની દૃષ્ટિ તે એકાંતદૃષ્ટિ થઈ, મારાથી મને લાભ છે પણ પરથી મને લાભ નથી એવું સ્વ-પરનું જ્ઞાન તે અનેકાંત જ્ઞાન છે, તેમાં ઉપાદાન નિમિત્ત બન્નેનું જ્ઞાન આવ્યું તે અનેકાંત છે.

પરથી, શરીરથી, સંયોગથી, રાગથી લાભ માને તેણે પોતાને અને પરને એક કર્યા, તે એકાંતદૃષ્ટિ છે.

મારાથી મને લાભ છે પણ પરથી મને લાભ નથી એવી દૃષ્ટિ તે અનેકાંતદૃષ્ટિ છે. તેણે પરને પરમાં સ્વતંત્ર રાખ્યા, પોતાને પોતામાં રાખ્યો, એ રીતે બે દ્રવ્યને સ્વતંત્ર જુદા સ્વીકાર્યા તેથી તે અનેકાંતદૃષ્ટિ છે.

એકાંતદૃષ્ટિવાળા કહે છે કે 'પુણ્યથી લાભ થાય, નિમિત્તથી લાભ થાય, દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ થાય અને અમારા આત્માથી પણ લાભ થાય.—એ રીતે ઉપાદાન નિમિત્ત બંને આવી ગયા અને અનેકાંત પણ થઈ ગયું.'

વાહ! આવું અનેકાંત ક્યાંથી લાવ્યો! અનેકાંતનો અર્થ તો એવો છે કે ઉપાદાનથી લાભ થાય અને નિમિત્તથી લાભ ન થાય, એ રીતે એકની અસ્તિ અને બીજાની નાસ્તિ આવતાં અનેકાંત થાય છે; અનેકાંતનું સ્વરૂપ અસ્તિ નાસ્તિ બન્ને

આવતાં થાય છે. ઉપાદાન અને નિમિત્ત બન્નેથી લાભ થાય એમ લાભ માટે બંનેની અસ્તિ સ્વીકારતાં એકાંતદૃષ્ટિ થઈ, તે મિથ્યાદૃષ્ટિ છે.

અરે મૂઢ! પોતાથી અને પરથી બંનેથી લાભ થાય છે તેમ માનવામાં, સ્વથી લાભ થાય છે તેની સાચી ઓળખાણ તને થઈ જ નથી. જે સ્વથી લાભ માને તે પરથી લાભ માને જ નહિ. પણ તેં પરથી જ લાભ માન્યો છે, તું સ્વની તો માત્ર વાતો કરનારો છો. તારી દૃષ્ટિમાં એકલું પર જ રહ્યું, સ્વ તો રહ્યો નહિ, તેથી સર્વથા એકાંત દૃષ્ટિ થઈ—મિથ્યાદૃષ્ટિ થઈ.

અનંતા તીર્થંકરોનો ધ્વનિ સાક્ષાત્ સમવસરણમાં સાંભળ્યો તોપણ ભડનો દીકરો માને નહિ. કહેવત છે ને કે 'મહાજન માબાપ સાચા પણ મારી ખીલી ખસે નહિ' તેમ પ્રભુની વાણી સાક્ષાત્ સાંભળે પણ અજ્ઞાની પોતાની પકડેલી ખોટી માન્યતા મૂકે નહિ. તીર્થંકર દેવ તો કહે છે કે મારો આશ્રય છોડ ને તું તારો સ્વ-આશ્રય પ્રગટ કર, તું સ્વતંત્ર છો તેવી શ્રદ્ધા કર. પરંતુ તેવી શ્રદ્ધા અભવ્ય જીવ તથા વ્યવહારનો પક્ષ કરનાર ભવ્ય જીવ ક્યારેય પણ કરતો નથી અને વ્યવહારનો આશ્રય—પક્ષ છોડતો નથી, તેથી તેને આત્માની શ્રદ્ધા થતી નથી. માટે વ્યવહારનો જ આશ્રય કરનારા ભવ્ય જીવ પણ અભવ્ય જેવા છે. ૨૭૫.

હવે શિષ્ય પૂછે છે કે પ્રભુ! આ વ્યવહારનય નિષેધ્ય છે અને નિશ્ચયનય તેનો નિષેધક છે તે કઈ રીતે છે? તેનું સ્વરૂપ કાંઈ ફોડ પાડીને મહેરબાની કરીને સમજાવશો?

વ્યવહારનયનો વિષય, જે રાગ થાય-પુણ્યના પરિણામ થાય, જે જે નિમિત્ત હોય, અધુરી-પૂરી પર્યાયના જે જે ભેદ પડે તેને જાણી લેવા તેટલો જ છે; તે નય આદરણીય નથી. સાધક અવસ્થામાં જે જે શુભાશુભ પરિણામ થાય, જ્ઞાન-દર્શન-ચારિત્રની ઊણી પર્યાય હોય, પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ન હોય, તે વગેરેને જાણવું તથા તે ભૂમિકામાં જે જે નિમિત્ત હોય તેને જાણવું તે વ્યવહારનયનો વિષય છે, પણ તે નય આદરણીય નથી.

નિશ્ચયનયનો વિષય અનંતગુણપિંડ અભેદ આત્માને જાણવો તે છે; તે નયના અવલંબનથી વિભાવપર્યાયનો વ્યય થાય છે ને સ્વભાવપર્યાય પ્રગટ થાય છે. વીતરાગ સ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકવાથી રાગનો નાશ થાય છે. નિશ્ચયનય આદરણીય છે, કેમ કે નિશ્ચયનયનો વિષય મૂળ વસ્તુસ્વરૂપ છે; મૂળ વસ્તુસ્વરૂપના અવલંબનથી અશુદ્ધતાનો નાશ થાય છે. નિશ્ચયનયનો વિષય વસ્તુનું ત્રિકાળ ટકનાર સ્વરૂપ છે માટે

તે નય આદરણીય છે. વ્યવહારનયનો વિષય વસ્તુનું ત્રિકાળ ટકતું સ્વરૂપ નથી પરંતુ વસ્તુની જે વર્તમાન સ્થિતિ થાય છે તે છે. માટે તે નય આદરણીય નથી; વસ્તુની વર્તમાન સ્થિતિને જાણી લેવી તેટલું જ તે નયનું પ્રયોજન છે. તે નયના અવલંબનથી અશુદ્ધ પર્યાયનો નાશ થતો નથી કારણ કે વર્તમાન પર્યાય પૂરતો તે નયનો વિષય છે. વર્તમાન પર્યાયના આશ્રયે ત્રિકાળ ટકતા દ્રવ્યની અશુદ્ધ પર્યાયનો નાશ થાય નહિ પરંતુ ત્રિકાળ ટકતા દ્રવ્યના આશ્રયે અશુદ્ધ પર્યાયનો નાશ થાય; માટે નિશ્ચયનય આદરણીય છે અને વ્યવહારનય આદરણીય નથી પણ જાણવા જેવો છે.

અશુદ્ધતા આદરણીય નથી, ઊણી-પૂરી પર્યાયના વિકલ્પ આદરણીય નથી, શુભાશુભપરિણામ આદરણીય નથી, એ રીતે વ્યવહારનય પણ આદરણીય નથી. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી અશુભ પરિણામથી અથવા શુભ પરિણામમાં ઊભો રહે ખરો પણ તે આત્માનો સ્વભાવ નથી માટે તે આદરણીય નથી. જ્ઞાન-દર્શન-ચારિત્રની ઊણી પર્યાય હોય, શુભાશુભ પરિણામ હોય, ગૃહસ્થપર્યાય હોય, તે બધું હોય ખરું, તે કાંઈ તદ્દન નાસ્તિરૂપ નથી, માટે વ્યવહારનય તે જે રીતે છે તે રીતે તેને જાણે છે. એ રીતે વ્યવહારનયનો વિષય જે અવસ્થા હોય તેને જાણવું તેટલો જ છે.

એક નય આદરણીય છે ને એક નય આદરણીય નથી એમ હોય તો જ બન્નેનો અવિરોધ થાય છે, તો જ એક અસ્તિરૂપ ને બીજો નાસ્તિરૂપ—એમ અવિરોધ થાય છે. બન્ને આદરણીય હોય તો તો એકાંત દૃષ્ટિ થઈ. નિશ્ચયનય છે ને વ્યવહારનય આદરણીય નથી, એક આદરણીય છે ને એક આદરણીય નથી, એમ હોવાથી અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંતદૃષ્ટિ છે; બીજી રીતે એકાંતદૃષ્ટિ છે.

નિશ્ચયનયનું સ્વરૂપ વ્યવહારનયથી વિરોધવાળું છે ને વ્યવહારનયનું સ્વરૂપ નિશ્ચયનયથી વિરોધવાળું છે. એમ બન્નેને વિરોધ છે, બન્નો વિષય વિરોધવાળો છે. માટે નિશ્ચયનયને આદરવા જેવી માનવી અને વ્યવહારનયને આદરવા જેવી માનવી નહિ, તો જ બન્નેનો અવિરોધ થાય છે. વ્યવહારનયને જાણવો ને નિશ્ચયનયને પણ જાણવો, તે રીતે બન્ને અવિરોધ છે.

વ્યવહારનયનો વિષય વર્તમાન પર્યાય—ખંડ ને રાગ છે, અથવા વર્તમાન અંશને જાણવાવાળો વ્યવહારનય છે, અને ત્રિકાળ ટકતા દ્રવ્યને જાણનારો નિશ્ચયનય છે, એ રીતે બન્નેને વિરોધ છે. વ્યવહારનું ફળ મોક્ષ સંસાર છે ને નિશ્ચયનું ફળ છે. તેથી, જો વ્યવહારનય પણ આદરણીય ને નિશ્ચયનય પણ આદરણીય-એમ બન્ને આદરણીય માને તો સંસાર અને મોક્ષ બન્ને આદરણીય થયા તે તો પ્રત્યક્ષ

વિરોધવાળી જ વાત છે. માટે નિશ્ચયનય આદરણીય છે ને વ્યવહારનય આદરણીય નથી. નિશ્ચયનય વ્યવહારનયનો નિષેધક છે એટલે કે નિષેધ કરનાર છે અને વ્યવહાર નિષેધાવાયોગ્ય છે. પૂર્ણ કેવળજ્ઞાનદશા પ્રગટ થતાં શુભાશુભ પરિણામનો અને સાધક અવસ્થાના ભેદ તથા વિકલ્પનો નાશ થાય છે, તેથી તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, માટે સમ્યગ્ભાવ પ્રગટ થતાં જ નિશ્ચયનય વિકારી પર્યાયનો તથા ભેદ-વિકલ્પનો નિષેધ કરે છે. એ રીતે વ્યવહાર નિષેધ્ય છે એટલે કે નિષેધાવાયોગ્ય છે.

વસ્તુને સમજવાની બે અપેક્ષા છે—વ્યવહાર અને નિશ્ચય; જો એ બેમાંથી એકેયને પણ આદરણીય ન માને તો પણ ખોટી દૃષ્ટિ છે, બન્નેને આદરણીય માને તો પણ ખોટી દૃષ્ટિ છે, અને બન્નેને જ્ઞાન કરવા જેવા ન માને તો પણ ખોટી દૃષ્ટિ છે. જેમ છે તેમ અપેક્ષા સમજવી તે સમ્યગ્દૃષ્ટિ છે. અને સાચી સમજણ કર્યે જ મુક્તિ થાય છે. બે નયનું સ્વરૂપ હવે પછી આગળ કહેશે.

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૪, બુધવાર.

આત્મામાં કયા ભાવે પરાધીનતારૂપ બંધન થાય છે ને આત્મામાં કયા ભાવે સ્વાધીનતારૂપ ધર્મ થાય છે તે વાત ચાલે છે. આત્મા પોતે સ્વતંત્ર ચીજ છે, એની સ્વતંત્રતાનો આશ્રય લે તો બંધન ન થાય પણ પરનો આશ્રય લે તો બંધન થાય.

આત્મા પોતે પોતાના આશ્રયે કાંઈ પરાધીન થાય?-ન થાય; તેથી એમ સિદ્ધ થાય છે કે કર્મ છે ને તે જડ છે. વસ્તુનો પોતાનો સ્વભાવ વિકારી ને દુઃખરૂપ ન હોય—પરાધીનરૂપ ન હોય. એમાં રાગ-દ્વેષ ને સુખ-દુઃખ દેખાય તો છે, પરંતુ તે ભાવો આત્માને આશ્રિત થયેલા નથી પણ પરને આશ્રયે પોતાના પુરુષાર્થની મંદતાથી થયેલા છે, આત્મા પોતે પર તરફ દૃષ્ટિ કરે છે તેથી તે થાય છે અને કર્મ તેમાં નિમિત્ત થાય છે. વિકારી ભાવ થાય છે આત્માની વર્તમાન અવસ્થામાં પણ ત્રિકાળ ટકતા સ્વભાવમાં તે પેસી જતા નથી. જો આત્મા પોતે સ્વભાવનો આશ્રય લે તો વિકાર ટળી જાય છે, પરનો આશ્રય લે છે તેથી વિકારી ભાવ થાય છે.

સોનું પચીસ વરસ તાંબાના સંયોગમાં રહે તોપણ સોનું જ છે, તેમાં જે તાંબું છે તે સોનાના અંતરના સ્વભાવના આધારમાંથી આવતું નથી, પણ સોનું ને તાંબું એક જગ્યાએ છે તેથી આરોપદૃષ્ટિથી સોનું પંદરવલું કહેવાય છે, સોનામાં તાંબું છે તે માત્ર આરોપદૃષ્ટિથી નિમિત્ત તરફનું કથન છે.

સોનામાંથી તાંબુ ઉત્પન્ન ન થાય, સોનાને સોનાના આધારે પંદરવલુ ન કહેવાય પણ તાંબા તરફની આશ્રયદૃષ્ટિથી જ સોનાને ઊણું કહેવાય છે. પણ જો તે

વખતે તાંબાનું લક્ષ મૂકી દો અને એકલા સોનાનું લક્ષ કરો તો સોનું સોનાની દૃષ્ટિથી એકલું શુદ્ધ સોનું જ છે, તેને પંદરવલું તે દૃષ્ટિથી કોઈ માની શકે નહિ, સોનાને સોનાની દૃષ્ટિથી ઓછી કિંમત આપી શકાશે નહિ.

જેમ સોનું પચીશ વરસ તાંબાના સંયોગમાં રહે તોપણ શુદ્ધ જ છે, તેવી રીતે આત્મા પણ અનાદિથી શુદ્ધ જ છે; પર્યાયમાં વિકાર થાય છે તો પણ અનાદિથી શુદ્ધ જ છે. જેમ સોનામાં પીળાશ, ચીકાશ, ભારેપણું આદિ ગુણો છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તેના ગુણો છે, તેમ આત્મા પણ જ્ઞાન, શાંતિ, આનંદ, વીર્ય, વીતરાગતાથી ભરપૂર છે, તે બધા તેના ગુણો છે. આત્માને અંતરદૃષ્ટિથી-સ્વભાવ દૃષ્ટિથી જુઓ તો તેને વિકારી, ઊણો ને સંસારી કહી શકાશે નહિ, સ્વભાવ દૃષ્ટિથી તો આત્માની શુદ્ધતાનો જ ભાસ થશે. પરંતુ કર્મ તરફની, વિકાર તરફની દૃષ્ટિથી આત્મા ઊણો, વિકારી ને સંસારી દેખાય છે. જેમ તાંબાના ભેળ તરફની દૃષ્ટિથી સોનાની પૂરી કિંમત નથી તેમ નિમિત્ત અને વિકાર તરફની દૃષ્ટિથી આત્માની કિંમત નથી, સોના તરફની દૃષ્ટિથી સોનાની પૂરી કિંમત છે તેમ એકલા શુદ્ધ આત્માની દૃષ્ટિએ આત્મા કિંમતવાન છે, મહિમાવંત છે.

જેમ અપરીક્ષક જીવ તાંબાના સંયોગથી સોનાને પંદરવલું કહે છે તેમ પર તરફની દૃષ્ટિવાળો અજ્ઞાની જીવ આત્માને ઊણો, વિકારી ને સંસારી કહે છે. પરંતુ, જેમ સોનું ગયા કાળે તાંબાની સાથે હતું તોપણ સોળવલું જ હતું, વર્તમાનમાં પણ તાંબા સાથે વર્તે છે તોપણ સોળવલું જ છે અને તેમાંથી તાંબુ કાઢી નાખો તોપણ સોળવલું જ છે; તેમ આત્માની પર્યાયમાં ગયા કાળે અશુદ્ધતા હતી તોપણ આત્મા શુદ્ધ જ હતો, અશુદ્ધ થઈ ગયો ન હતો, અને વર્તમાનમાં પણ અશુદ્ધતા છે તે ટાણે જ શુદ્ધતા ભરી છે, ને અશુદ્ધ પર્યાય ટાળીને શુદ્ધ પર્યાય પ્રગટ કરો તોપણ શુદ્ધ જ છે. માટે અશુદ્ધ પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉપાડી ને શુદ્ધતા ઉપર દૃષ્ટિ કરી સ્વભાવ-સુખ પ્રગટ કરવું તે જ કલ્યાણસ્વરૂપ છે.

આત્મા જ્ઞાનનો ગંજ—જ્ઞાનની મૂર્તિ છે એવી દૃષ્ટિ તે નિશ્ચયદૃષ્ટિ છે. આત્મામાં જેટલી પરને આશ્રયે વૃત્તિ થાય તે આત્માના ગુણની ઘાતક છે, સ્વભાવદૃષ્ટિ લક્ષમાં લઈને તેનો નિષેધ કરવા જેવો છે. તું પરમાત્મા જેવો છો, તેવી દૃષ્ટિ પ્રગટ કરીને તે સિવાય બધી પરને આશ્રયે થતી વૃત્તિનો નિષેધ કરવા જેવો છે. એ રીતે નિશ્ચયનય નિષેધક છે એટલે કે નિષેધ કરનાર છે ને વ્યવહારનય નિષેધ કરવા જેવો છે.

જેમ પાણી અગ્નિના નિમિત્તે ઊનું થવા છતાં તેની શીતળતા કાયમ છે,

શીતળતાનો નાશ થયો નથી, જે વખતે ઊંનું છે તે જ વખતે સ્વભાવમાં શીતળતા ભરી છે, તેથી પાછું ઠરીને શીતળ થાય છે. તેમ આત્મામાં જે વખતે અશુદ્ધ પર્યાય થાય છે તે જ વખતે શુદ્ધતા ભરી છે, અશુદ્ધતા પોતાનો સ્વભાવ નથી. કર્મના નિમિત્તે પોતાની લાયકાતથી પર્યાયમાં વિકાર થાય છે તો પણ તે વખતે શુદ્ધ સ્વભાવ તો હયાત જ રહે છે. તે શુદ્ધ સ્વભાવનો ભાસ કરીને, શ્રદ્ધા-જ્ઞાન કરીને, તેમાં ઠરે તો શુદ્ધપર્યાય પ્રગટ થાય છે.

આત્માની શુદ્ધતાની પ્રતીત કર, એનું જ્ઞાન કર અને એમાં ઠર! એ જ મોક્ષમાર્ગ છે. પરાશ્રયદૃષ્ટિમાં ધર્મનો અંશ નથી, ને સ્વાશ્રયદૃષ્ટિમાં બંધનો અંશ નથી એટલે કે મુક્તિ છે. આત્માની શુદ્ધતાની નિરપેક્ષ દૃષ્ટિ વગર કોઈના જન્મમરણ ટળ્યાં નથી, ટળતાં નથી ને ટળશે નહિ.

સાચું સમજવાની જેને જિજ્ઞાસા થાય તેને તીવ્ર અશુભ પરિણામ તો હોય જ નહિ એમ આચાર્યદેવે સ્વીકારી લીધું છે. હવે તો આચાર્યદેવ એમ કહે છે કે પુણ્યના પરિણામ પણ તારો સ્વભાવ નથી, તે વિકારી પરિણામ છે તેમ શ્રદ્ધા કર. તે પુણ્યપરિણામ થાય ભલે પણ તે તારો સ્વભાવ નથી તેવી શ્રદ્ધા પ્રથમ કર. શ્રદ્ધા કરવાથી ક્રમે કરી વીતરાગતા પ્રગટ થઈ પુણ્ય ને પાપ બન્ને પરિણામનો નાશ થશે.

અજ્ઞાનીને પૈસાની વાસ્તવિક તૃષ્ણા ઘટતી નથી; કારણ કે તેને તદ્દન પરની તૃષ્ણા વગરના આત્માનું ભાન નથી તેથી તેની તૃષ્ણા માત્ર ઉપર ઉપરથી ઘટે છે. પરભવમાં આપણું સારું થશે એવી ઉપલક દૃષ્ટિથી તે તૃષ્ણા ઘટાડે છે. તૃષ્ણા ઘટાડવાના પુણ્ય પરિણામ તે મારું સ્વરૂપ છે એમ તે માને છે, તેનાથી ધર્મ થશે એમ માને છે, તેથી તેને ઊંધી દૃષ્ટિ તો ઉભી જ છે. તૃષ્ણા મારા સ્વભાવમાં જ નથી, પૈસાનો લોભ મારા સ્વભાવમાં જ નથી. હું તો શુદ્ધ ચિદાનંદ છું, એવા ભાનપૂર્વક શુદ્ધ પર્યાય પ્રગટાવતાં પ્રગટાવતાં પૂર્ણ શુદ્ધ પર્યાય ન પ્રગટે ત્યાં સુધી નીચલી ભૂમિકામાં તૃષ્ણા ઘટાડવાનો શુભરાગ રહે છે તેથી દાન કરે છે: એવું ભાન અજ્ઞાનીને નથી તેથી તેને વાસ્તવિક તૃષ્ણા ઘટતી નથી.

મારા આખા આત્મામાં રાગ નથી, એક રજકણ કે રાગ વિનાનો મારો સ્વભાવ છે. એવા આત્માના ભાનમાં જ્ઞાનીને તૃષ્ણા ઘટયા વગર રહેશે નહિ. તે તૃષ્ણા ઘટાડયા વગર રહેશે નહિ. મૂળમાંથી તૃષ્ણા ઘટાડીને જેવા ભાવથી જ્ઞાની દાન કરશે તેવું દાન અજ્ઞાની નહિ કરી શકે, જેવી જ્ઞાની તૃષ્ણા ઘટાડશે તેવી અજ્ઞાની તૃષ્ણા નહિ ઘટાડી શકે. આત્મા પોતે વિશાળ મોટો છે, બધાય પરદ્રવ્ય તેનાથી દૂર છે,

કોઈને તે સંઘરતો નથી; તેવા વિશાળસ્વભાવી આત્માની—અનંતગુણથી ભરપૂર આત્માની - વિશાળ દષ્ટિ પ્રગટ થઈ ત્યાં વાસ્તવિક તૃષ્ણાના ભાવ ઘટતા આવશે; કારણ કે તૃષ્ણા ઘટાડનારો પોતે વિશાળ મોટો છે માટે સાચી તૃષ્ણા ઘટશે. અજ્ઞાનીને ઉપર ઉપરથી તૃષ્ણા ઘટતી દેખાશે પણ સાચી તૃષ્ણા ઘટશે નહિ.

હવે તો કેટલાક લોકો અનાર્યવસ્તુનો વેપાર કરતાં શીખ્યા છે. પણ ભાઈ! કુદરત તને નહિ છોડે. કાળાકેર કરીને પૈસા મેળવે ને પછી પાંચ દસ હજાર દાનમાં ખરચે, ત્યાં વખાણ કરનારા એક બે પડખિયા હોય તે વખાણ કરે કે ઓહો! શેઠ સાહેબે કાંઈ વાપર્યું! પણ ભાઈ! તારા એવા કરેલાં પુણ્ય ક્યાંય તણાઈ જશે, કુદરત તને નહિ છોડે. પાપનાં ફળ ભવિષ્યમાં મળ્યા વગર રહેશે નહિ. જેને આત્મા સમજવાની જિજ્ઞાસા જાગી તેને એવા અનાર્યવસ્તુના વેપાર ન હોય, એવા તીવ્ર અશુભ પરિણામ ન જ હોય, એવો નિયમ છે. જો ભાઈ! આ મનુષ્યભવમાં આત્માનું કાંઈ ન કર્યું તો શરણાં કોનાં! ક્યાં ઉતારા થશે? એનો કાંઈ વિચાર કર્યો? જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેણે આ સમજ્યે જ છૂટકો છે, તે વિના આરા આવવાના નથી, ભવના ફેરા ટળવાના નથી.

આત્મા અખંડાનંદ, નિર્દોષ અને નિર્મળ છે. તેની જો તેં શ્રદ્ધા ન કરી તો કાંઈ પણ નથી કર્યું; અને જેમણે આત્માની શ્રદ્ધા કરી તેઓ ગરીબ હોય તો પણ રાજાના રાજા, બાદશાહના બાદશાહ, ચક્રવર્તીના પણ ચક્રવર્તી છે; કારણ કે તેમને ભવના અંત આવી ગયા છે, તેઓ અશરણ નથી, નિરંતર આત્મશરણે ઉભા છે, આત્માનો રસાસ્વાદ કાયમ વેદી રહ્યા છે, આત્માનું સ્વસંવેદનસુખ અનુભવી રહ્યા છે, તેઓ જગત ઉપરથી તરી ગયા છે, બધાના જ્ઞાતા છે.

પરથી નિરાળો આત્મા જે સમજતા નથી, તેનો આશ્રય જ લેતા નથી તે કદાચ કષાય મંદ કરીને પુણ્ય બાંધી એકાદ દેવનો ભવ કરશે, પણ પાછા પાડા ને બોકડાના ભવ કરવાના એને મટવાના નથી, પાડા ને બોકડાના શરીર પહેરવાના એને મટવાના નથી, ભવ ભ્રમણ એને ઉભું રહેવાનું છે, જન્મમરણ એના ટળવાના નથી.

શિષ્યનો પ્રશ્ન છે કે "નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધવા યોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય—તે બન્ને નયો કેવા છે?" એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે:—

आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं ।
छज्जीवणिकं च तहा भणइ चरित्तं तु ववहारो ॥२७६॥
आदि खु मज्झ णाणं आदि मे दंसणं चरित्तं च ।
आदि पच्चक्खाणं आदि मे संवरो जोगो ॥२७७॥

અર્થ:—આચારાંગ આદિ શાસ્ત્રો તે જ્ઞાન છે, જીવ આદિ તત્ત્વો તે દર્શન જાણવું અને છ જીવ-નિકાય તે ચારિત્ર છે—એમ તો વ્યવહારનય કહે છે.

નિશ્ચયથી મારો આત્મા જ જ્ઞાન છે, મારો આત્મા જ દર્શન અને ચારિત્ર છે, મારો આત્મા જ પ્રત્યાખ્યાન છે, મારો આત્મા જ સંવર અને યોગ (-સમાધિ, ધ્યાન) છે.

જુઓ, આ બે ગાથામાં કમાલ કરી નાખી છે, બંધ અને મોક્ષમાર્ગના ફડચા ને કટકા કરી નાખ્યા છે.

વ્યવહારથી આચારાંગ આદિ શાસ્ત્રો વગેરે છે તે જ્ઞાન-દર્શન વગેરે છે, અને નિશ્ચયથી પોતાનો આત્મા જ જ્ઞાન દર્શન-ચારિત્ર-સંવર-યોગ વગેરે છે.

યોગ એટલે શું? જે બાવા યોગી યોગને રૂંધે છે તે યોગ નથી, પરંતુ અહીં તો યોગ એટલે સ્વભાવશાંતિની સમાધિ, ધ્યાનમાં સ્થિર થવું તે; જડ યોગની અહીં વાત નથી, ચૈતન્ય યોગની અહીં વાત છે.

'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે' આ વ્યવહારની વાત છે.

આચારાંગ આદિ શાસ્ત્ર ભગવાનના કહેલા છે; અહીં આચાર્યદેવે આચારાંગ શબ્દ મૂકયો છે તેમાં એ હેતુ છે કે આચારાંગ વગેરે ભગવાનના મુખમાંથી નીકળેલાં શાસ્ત્ર છે, એટલે નિમિત્ત પણ સર્વજ્ઞ ભગવાનની વાણીનું છે એમ બતાવવું છે. આત્મા જ્ઞાનમૂર્તિ છે એમ જ્ઞાન કરે તેમાં પ્રથમ સર્વજ્ઞ ભગવાને કહેલા શબ્દશ્રુતનું નિમિત્ત હોય છે. જેને સર્વજ્ઞતા પ્રગટી નથી તેના મુખમાંથી નીકળેલા શબ્દો તે નિમિત્ત

---

'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્જીવનિકાય ચરિત છે,—એ કથન નય વ્યવહારનું. ૨૭૬.
મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર યોગ છે. ૨૭૭.

તરીકે પણ કહેવાતા નથી એટલે તે નિમિત્ત પણ સાચું નથી. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર તે સાચું નિમિત્ત પણ નથી.

અહીં તો કહ્યું છે કે આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ વગેરે અગિયાર અંગના શાસ્ત્રો ભગવાનના શ્રીમુખેથી નીકળેલા છે માટે તેનું જ્ઞાન કરવું તે વ્યવહારજ્ઞાન છે, નિમિત્તનું જ્ઞાન છે; અત્યારે જે બીજા સંપ્રદાયમાં આચારાંગ, સૂત્રકૃતાંગ વગેરે અગિયાર અંગના નામથી શાસ્ત્રો ચાલે છે તે શાસ્ત્રો મૂળ શાસ્ત્રો નથી, ભગવાનના કહેલા નથી પરંતુ કલ્પિત શાસ્ત્રો છે.

એકેક આત્મા પરિપૂર્ણ છે, જડ પદાર્થ પણ પરિપૂર્ણ છે, એમ છએ પદાર્થ પરિપૂર્ણ છે. તે છ પદાર્થનું જ્ઞાન ભગવાનને પરિપૂર્ણ છે. તેમણે પરિપૂર્ણ જ્ઞાનથી જાણીને જે વાણી નીકળી તે શાસ્ત્ર છે. એવા ભગવાને કહેલા શાસ્ત્ર તરફ મનનો રાગ વાળીને જે જ્ઞાન કરે તે પણ શાસ્ત્રનું વ્યવહાર જ્ઞાન છે, મન દ્વારા શુભરાગના અવલંબનથી જ્ઞાન કરે તે જ્ઞાન પણ વ્યવહારજ્ઞાન છે.

'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે આત્માના જ્ઞાનનો આશ્રય છે' એમ લેવાનું શું કારણ? નિર્મળ આત્મા છે તે વિકારી ભાવ ને પર પદાર્થથી જુદો છે એવું ભેદજ્ઞાન થવામાં તે શાસ્ત્રો નિમિત્તરૂપ નીવડે છે માટે વ્યવહારથી તેમને જ્ઞાનના આશ્રયરૂપ કહ્યા છે; આચારાંગ આદિ શબ્દશ્રુત નિમિત્તરૂપે ક્યારે કહેવાય? કે પોતે જ્યારે નિમિત્તનું લક્ષ છોડી દે ને 'હું આત્મા પરિપૂર્ણ છું, અખંડ છુ, જ્ઞાનપિંડ છું, નિર્મળ છું, અનંતગુણરૂપ છું' એમ જ્ઞાન કરે ત્યારે શાસ્ત્રો નિમિત્તરૂપ થયા કહેવાય. પરંતુ હજુ જેણે સર્વજ્ઞ પરમાત્માની વાણી નિમિત્ત તરીકે કેવી હોય?—નિમિત્ત કયું સાચું હોવું જોઈએ, તે પણ નક્કી નથી કર્યું તેને તો વ્યવહાર પણ ચોખ્ખો નથી. સર્વજ્ઞદેવની વાણી સિવાય કુદેવ, કુગુરુ ને કુશાસ્ત્રની વાણી તો આત્માના લાભમાં નિમિત્ત તરીકે પણ નથી. આત્માનું સાચું જ્ઞાન થયા પહેલાં સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના શુભરાગનો વ્યવહાર આવે, આત્મા પરિપૂર્ણ છે એવા સનાતન સત્ય તત્ત્વને બતાવનાર જે વાણી, તે વાણીનું જ્ઞાન મનદ્વારા કરે; અને તે મન પણ મારું નહિ, તે શુભરાગ પણ મારો નહિ, હું તો જ્ઞાનાનંદ જ્ઞાનકંદ આત્મા છું એમ સ્વભાવનું જ્ઞાન જ્યારે થાય ત્યારે તે મનથી થયેલું જ્ઞાન નિમિત્તરૂપે થયું.

પ્રથમ સર્વજ્ઞ ભગવાનની વાણી સાંભળીને, 'તે શું કહેવા માગે છે, તે શું કહેવા માગે છે' તેમ શુભ રાગથી સાંભળવામાં ને સમજવામાં મનથી એકાગ્ર થાય, પછી જાણે કે અહો! આત્માને આવો કહે છે,—નિર્મળ કહે છે, પરિપૂર્ણ કહે છે, પરથી જુદો કહે છે! એ રીતે પહેલાં મનના રાગથી વિચાર કરે, પછી તે લક્ષ પણ

છૂટી જાય ને પોતાના સ્વરૂપમાં લીન થઈ જાય ત્યારે ભગવાનની વાણી જ્ઞાનમાં નિમિત્ત થઈ તેમ કહેવાય. વાણીરૂપ નિમિત્ત સાચું છે તે બતાવવા માટે 'આચારાંગ આદિ' શબ્દ આચાર્યદેવે કહેલો છે; સાચા નિમિત્ત તરફ વલણવાળા ભાવથી જ્ઞાન કરવું તે વ્યવહારજ્ઞાન છે, શુભરાગરૂપ છે; સાચા આત્માનું જ્ઞાન કરવામાં તે નિમિત્તરૂપે વચ્ચે આવે માટે તે આચારાંગ આદિને પણ જ્ઞાન કહ્યું છે. તે વ્યવહાર કથન છે.

સર્વજ્ઞદેવની વાણી સાંભળીને જો આત્માનું સ્વરૂપ સમજી જાય તો શાસ્ત્રમાંથી જ્ઞાન કર્યું એમ ઉપચારથી—વ્યવહારથી કહેવાય. જેને નિમિત્તનું જ્ઞાન કરવાની તાકાત આવી નથી તેને નિર્મળ આત્માની ઓળખાણ કરવાની તાકાત આવશે કયાંથી?

સાચા નિમિત્ત તરફના વલણવાળા શુભભાવ પણ એવા ઊંચા થાય કે તે શુભભાવના ફળમાં જીવ નવગ્રૈવેયકે જાય; જીવને પૂર્ણ અકષાય નિમિત્ત મળ્યા સિવાય તેનો શુભભાવ પણ ઊંચો થાય નહિ. અહીં તો અવિકારી દશાવાળા પૂર્ણ પરમાત્મા નિમિત્ત કહ્યા. તેમની વાણી તરફના વલણવાળું જ્ઞાન તે વ્યવહાર જ્ઞાન છે. આ જ્ઞાન કરે તો પણ પુણ્ય થાય. તે જ્ઞાનસુધી ઠેઠ વાત લઈ ગયા; ક્રિયામાં તો વ્યવહાર નાખ્યો પરંતુ જ્ઞાનમાં પણ વ્યવહાર નાખ્યો; નાખ્યો નથી હો, એમ છે જ; વસ્તુસ્વભાવ એમ જ છે, જુઓ ભાઈ! આ વાત ત્રિકાળ સત્ય છે, કોઈના ઘરની કે કલ્પનાની વાત નથી પરંતુ સર્વજ્ઞના પેટની ત્રિકાળ ચાલી આવતી વાત 'પરમ સત્ય છે' તે અહીં કહેવાય છે, વસ્તુનો સ્વભાવ જ આમ છે. વસ્તુનો જે સ્વભાવ છે તે સર્વજ્ઞદેવે કહ્યો. ને સર્વજ્ઞદેવે કહ્યો તે વસ્તુનો સ્વભાવ છે. જે ઊંડો ઊતરીને વિચાર કરે તેને સ્પષ્ટ રીતે સમજાય, બાકી જે ઉપર ઉપરથી–ઓઘે ઓઘે સાંભળે તેને કાંઈ મેળ કરતાં ન આવડે.

આચાર્યદેવ કહે છે કે તારો સ્વઆશ્રયભાવ સમજાવતાં વચ્ચે સાચું પર નિમિત્ત કેવું હોય તે પણ સમજાવાય છે. પર નિમિત્ત પણ ઉત્કૃષ્ટ છે, તેના તરફના વલણવાળો વ્યવહાર જ્ઞાનનો શુભભાવ પણ ઊંચો થાય. જગતમાં કેટલા પરમાણુ છે, કેટલા આત્મા છે, કેટલા દ્રવ્ય છે એવું વ્યવહારનું જ્ઞાન પણ જેને સાચું નથી તેને વ્યવહાર જ્ઞાનનો શુભભાવ પણ ઊંચો થતો નથી, તે નવગ્રૈવેયકે પણ જાય નહિ. સર્વજ્ઞનું સાચું નિમિત્ત ન મળ્યું હોય તેનો શુભભાવ પણ ઊંચો ન થાય. અહીં તો શુભભાવના બે પડખાં કહ્યા: એક સાચા નિમિત્ત તરફનો શુભભાવ ને બીજો ખોટા નિમિત્ત તરફનો શુભભાવ.

શાસ્ત્ર તો દિશા બતાવે પણ લક્ષ રાખીને ચાલવું કોને? પોતાને કે શાસ્ત્રને? શાસ્ત્રે કહ્યા પ્રમાણે લક્ષ રાખીને પોતે ચાલે તો શાસ્ત્ર નિમિત્ત તરીકે કહેવાય. જુઓ ભાઈ! વાત તો બહુ સારી આવી છે. પરંતુ વિચાર કરવાનું પોતાના ઉપર રહે છે.

શાસ્ત્ર તો કહે છે કે મારા તરફના વિકલ્પના ઉત્થાનનો ભાવ છોડ તો તને સ્વાલંબી ભાવ પ્રગટશે, ને તે ભાવ તને મુક્તિનું કારણ છે; 'શાસ્ત્ર આમ કહે છે-આમ કહે છે' એવો મારા તરફના ઉત્થાનનો વિકલ્પ તે પરાધીન ભાવ છે, ને તે બંધનું કારણ છે. માટે શાસ્ત્રકાર કહે છે કે પહેલાં સાચા નિમિત્તનો નિર્ણય કર ને પછી તે નિમિત્તનું લક્ષ છોડીને, 'આત્મા શુદ્ધ, પરિપૂર્ણ, પરદ્રવ્ય અને શુભાશુભ વિકારી ભાવોથી જુદા સ્વરૂપે છે—સ્વતંત્ર છે-સ્વાધીન છે' એવા આત્માની ઓળખાણ કર, તેની શ્રદ્ધા કર ને તેમાં લીન થા. આત્માનું ભાન કરવામાં વ્યવહાર જ્ઞાનનું નિમિત્ત વચ્ચે આવે છે ને તે આવ્યા પછી તેનો નિષેધ થાય છે.

જીવ આદિ નવ પદાર્થો દર્શન છે કારણ કે તે ( નવ પદાર્થો ) દર્શનનો આશ્રય છે; આ પ્રમાણે વ્યવહાર છે.

જીવાદિ નવ પદાર્થો છે તેમાં એક આખો જીવ છે ને એક આખો અજીવ છે; તે બે તત્ત્વના પરસ્પર નિમિત્તે પુણ્ય-પાપ વગેરે નવ તત્ત્વ થાય છે; એ રીતે નવ તત્ત્વ છે. કર્મના નિમિત્તે જીવ પોતે પુરુષાર્થની મંદતાએ વિકારી ભાવ કરે છે ત્યારે થાય છે. એ રીતે જીવ અને અજીવ બંનેના નિમિત્તથી નવ તત્ત્વ છે. શુભભાવથી પુણ્ય બંધાય છે ને અશુભભાવથી પાપ બંધાય છે, શુભાશુભભાવથી નવા કર્મનું આવવું થાય તે આસ્રવ છે, આત્માના ભાનથી આસ્રવોનું અટકી જવું તે સંવર છે, સંવરમાં જે શુદ્ધિની વૃદ્ધિ થાય અને તેથી જુના કર્મનું ખરી જવું તે નિર્જરા છે, શુભાશુભ-ભાવથી બંધ થાય તે બંધ છે અને સંપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થઈને બંધનું સર્વથા છૂટી જવું તેનું નામ મુક્તિ છે.

આ નવ પદાર્થોના નવ ભેદ પાડીને પ્રતીત કરવી તે વ્યવહાર છે, તે પુણ્યબંધનું કારણ છે. જીવ છે, અજીવ છે, પુણ્ય છે, પાપ છે, આસ્રવ છે, સંવર છે, નિર્જરા છે, બંધ છે ને મોક્ષ છે-એમ નવ તત્ત્વની શ્રદ્ધા કરવી તે વ્યવહાર શ્રદ્ધા છે કારણ કે તે ભેદવાળી શ્રદ્ધા છે. નવ તત્ત્વના 'હું જીવ છું' વગેરે જે વિકલ્પ છે તે ભેદવાળા છે, રાગવાળા છે, અભેદ શ્રદ્ધામાં વિકલ્પના ભેદ પડતા નથી. 'હું અખંડ આત્મા છું, તેમાં વિકારી પર્યાય મારો સ્વભાવ નથી, સંવર, નિર્જરા વગેરે પર્યાય પૂરતો હું નથી, હું તો અખંડ જ્ઞાયકમૂર્તિ છું' એવી શ્રદ્ધા તે અભેદશ્રદ્ધા છે ને તે મુક્તિની પર્યાય પ્રગટવાનું કારણ બને છે. પર્યાયના ભેદ જ્ઞાનમાં જણાય ખરા પણ દૃષ્ટિ અભેદ આત્મા ઉપર હોય તેથી તે સાચી દૃષ્ટિ છે.

નવ તત્ત્વના ભેદનો વિકલ્પ તે પુણ્યબંધનું કારણ છે; જેને અભેદશ્રદ્ધા પ્રગટે તેને પ્રથમ નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધાનો વ્યવહાર હોય જ, એવો સંબંધ છે; પણ

નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધાનો વ્યવહાર હોવા છતાં જો અભેદ શ્રદ્ધા પ્રગટ ન કરે તો મોક્ષ ન થાય, તે માત્ર નવ ગ્રૈવેયકે જાય એવું પુણ્ય બાંધે છે. નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધાવાળો પણ કોઇનો ડગાવ્યો ડગે નહિ એવો હોય છે, એને પુણ્ય પણ ઊંચું બંધાય છે. જેને નવ તત્ત્વની વ્યવહાર શ્રદ્ધા નથી તેને તો પુણ્ય પણ ઊંચું બંધાતુ નથી. તેમ જ કોઈ તે વ્યવહાર શ્રદ્ધામાં જ જો અટકી રહે ને આત્માની અભેદ શ્રદ્ધા જો પ્રગટ ન કરે તો તેની પણ મુક્તિ થતી નથી, ભવભ્રમણ ટળતું નથી. કેટલાકને નવ તત્ત્વની વ્યવહાર શ્રદ્ધા પણ હોતી નથી; જેને વ્યવહારે પણ શ્રદ્ધા નથી તેને તો પુણ્યપરિણામ પણ ઊંચા થતા નથી; અન્યમતવાળા ગમે તેટલા પુણ્યપરિણામ કરે તોપણ, જૈનના નવ તત્ત્વની શ્રદ્ધાવાળા જેવાં પુણ્ય પણ તેને થતાં નથી, કારણ કે તેનો વ્યવહાર પણ સાચો નથી.

અભેદશ્રદ્ધા પામવા પહેલાં નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધાનો સાચો વ્યવહાર આવે ખરો પણ તેનાથી ધર્મ નથી એમ બરાબર સમજવું. જીવ અને અજીવ એ બે પદાર્થ તેના સંયોગે પુણ્ય, પાપ. આસ્રવ અને બંધ થાય છે અને તે બન્ને પદાર્થના વિયોગની અપેક્ષાએ સંવર, નિર્જરા ને મોક્ષ થાય છે. આત્મા અખંડ છે એવી શ્રદ્ધા થયા પહેલાં આ નવ તત્ત્વના વિકલ્પ આવે ખરા. પ્રથમ નવ તત્ત્વની શ્રદ્ધા આવ્યા વગર રહેતી નથી; જેને નવ તત્ત્વની શ્રદ્ધા નથી તેને આત્માની શ્રદ્ધા પણ પ્રગટ થશે નહિ. આત્મા શુદ્ધ ચિદાનંદ એકસ્વરૂપે છે, તેમાં નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા પ્રથમ હોય છે, પણ તે શુભભાવ છે.

જીવ કોને કહેવાય? અજીવ કોને કહેવાય? પુણ્ય-પાપ કોને કહેવાય? સંવર-નિર્જરા કોને કહેવાય? બંધ-મોક્ષ કોને કહેવાય? એની જેને ખબર નથી તેને વ્યવહાર શ્રદ્ધા પણ સાચી નથી. અખંડ તત્ત્વની શ્રદ્ધા કરે ત્યારે નવ તત્ત્વની શ્રદ્ધા નિમિત્ત કારણ છે. અભેદ શ્રદ્ધા પ્રગટ થતી વખતે નવ તત્ત્વની શ્રદ્ધા સિવાય બીજું નિમિત્ત ન હોય; માટે નવ તત્ત્વની શ્રદ્ધા પ્રથમ કરવા યોગ્ય છે. પણ તેમાં જ અટકી રહેવાથી એટલે કે ભેદવાળી શ્રદ્ધા કરતાં કરતાં અભેદ શ્રદ્ધા પ્રગટ થતી નથી. અભેદ શ્રદ્ધા પ્રગટ કરવાનું જો પોતે પ્રથમથી જ લક્ષ રાખે, અને અભેદ પ્રગટ કરવાનો જો પોતે પુરુષાર્થ કરે તો અભેદ શ્રદ્ધા પ્રગટ થાય છે અને ભેદવાળી શ્રદ્ધાને નિમિત્ત કહેવાય છે. પણ જો પોતે અભેદ શ્રદ્ધા પ્રગટાવવાનો પુરુષાર્થ ન કરે તો નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધાને નિમિત્ત પણ કોનું કહેવું? અભેદ વગરની એકલી ભેદ શ્રદ્ધામાં તો નિમિત્તનોય આરોપ આવતો નથી માટે જેમ છે તેમ સમજીને પ્રયત્ન કરવો.

નવ તત્ત્વમાં દેવ-ગુરુ પણ આવી જાય છે, સંવર-નિર્જરા તે ગુરુ છે ને મોક્ષ-

તત્ત્વ તે દેવ છે. આ નવની ઓળખાણ કરે અને શ્રદ્ધા કરે ત્યારે મનના રાગથી શ્રદ્ધા કરી કહેવાય. તે વ્યવહાર શ્રદ્ધા છે.

હવે ચારિત્રની વાત છે.

છ જીવ-નિકાય ચારિત્ર છે કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે વ્યવહાર છે.

છ જીવ-નિકાય એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ અને ત્રસ; તે છએમાં જીવ હોય છે. પૃથ્વીકાય તે ખનીજ પદાર્થ છે, ખાણની માટી તથા કાળા-ધોળા પથરા જે હોય છે તેમાં એકેક કણીયે જીવ હોય છે; એ રીતે પૃથ્વીમાં જીવ માનવા અને તેની દયા પાળવી તે શુભભાવ છે. પૃથ્વીના જીવની દયા પાળવાનું કહેવામાં તેનો વ્યવહાર કેટલો ઊંચો છે તે બતાવવું છે. ટાઢા પાણીના બિંદવામાં પણ જીવ છે, તે પાણીના જીવ છે. અગ્નિના કણિયામાં પણ જીવ છે ને વાયરામાં પણ જીવ છે. જે આ પવન વાય છે તે પવનમાં પણ જીવ છે, અને વનસ્પતિમાં પણ જીવ છે; જે આ લીલોતરી દેખાય છે તે બધામાં જીવ છે. આ પાંચે સ્થાવરકાય અને છઠ્ઠા ત્રસકાય જીવ છે. ઇયળ કીડી-મંકોડી, ચાંચડ-માંકડ વગેરે બેઇંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના પ્રાણીઓ ત્રસજીવ છે. આ રીતે આ છ જીવ-નિકાય જીવો છે, તે છકાય જીવોની દયા પાળવાનો ભાવ શુભભાવ છે. 'આ જીવને ન મારું આ જીવને ન મારું' તેવો ભાવ તે શુભભાવ છે.

આત્માના સ્વભાવની રમણતારૂપ ચારિત્રદશામાં આવા છકાય જીવોની દયા પાળવાનો વિકલ્પ ઊઠયા વગર રહેતો નથી; તે વિકલ્પ સ્વભાવચારિત્રને મદદગાર નથી છતાં રમણતારૂપ ચારિત્ર સાથે આવે તો તેનું જ નિમિત્ત હોય, બીજું નિમિત્ત ન હોય. ચારિત્ર સાથે પંચમહાવ્રતના શુભભાવ હોય જ છે, છ જીવકાયની દયા પાળવાનો શુભવિકલ્પ હોય જ છે. આવો શુભભાવ જો છઠ્ઠે ગુણસ્થાને ન હોય તો તેનું ચારિત્ર પણ ટકતું નથી. છ જીવકાયની દયા પૂર્ણપણે તો નગ્ન દિગંબર મુનિ જ પાળી શકે, છતાં દયાનો શુભભાવ ચારિત્રદશાને કાંઈ પણ મદદગાર નથી કારણ કે દયાનો શુભભાવ તે વિભાવભાવ છે ને ચારિત્ર તો શુદ્ધ સ્વભાવભાવ છે. તેથી વિભાવભાવ સ્વભાવ-ભાવને મદદગાર કયાંથી હોય? છતાં પૂર્ણ વીતરાગદશા થયા પહેલાં મુનિદશામાં આવો શુભભાવ વચ્ચે આવ્યા વગર રહેતો નથી, નિશ્ચયચારિત્ર હોય ત્યાં આવો વ્યવહાર હોય છે. અન્યમતનો વ્યવહાર તે સાચો વ્યવહાર નથી. આ વીતરાગદેવે કહેલો વ્યવહાર સાચો છે પણ તે શુભપરિણામરૂપ છે તેથી પુણ્યબંધનું કારણ છે; શુદ્ધચારિત્ર-

દશા પ્રગટે ત્યાં આવો વ્યવહાર હોય છે. વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજવાથી મુક્તિ થાય છે.

વિ. સં. ૨૦૦૦. માગસર વદ ૫, ગુરુવાર.

આત્મામાં કયા ભાવે બંધન થાય એટલે આત્મામાં કયા ભાવે પરાધીનતા થાય તેનો જીવને અજ્ઞાનને લઈને ખ્યાલ નથી. આત્મા જ્ઞાનાદિ ગુણરૂપ વસ્તુ છે પરંતુ સ્વાભાવિક શક્તિનું એને ભાન નથી તેથી પરાશ્રય લક્ષમાં લીધો છે. આત્મામાં દૃષ્ટિ મૂકે તો તેમાંથી રજકણ કે રાગ ઉત્પન્ન થાય એવો તેનો સ્વભાવ નથી; આત્મામાં અંતરદૃષ્ટિ કરે, તેનું અંતરજ્ઞાન કરે ને અંતરરમણતા કરે તો તેમાંથી આવરણ કે પરાધીનતા થાય એવો એનો સ્વભાવ નથી. પણ આત્માના મહિમાને બદલે પરનું માહાત્મ્ય અનાદિથી જીવોને આવ્યું છે. કાં તો લક્ષ્મી-કુટુંબ-આબરૂ-શરીર એનું માહાત્મ્ય કરી પાપ બાંધ્યું; અને તે ટાળીને દેવ-ગુરુ-શાસ્ત્રના માહાત્મ્યમાં ગયો તો તે પણ પુણ્ય પરિણામ છે, પરંતુ આત્માના માહાત્મ્ય વગર કયારે પણ શ્રેય-હિત કે કલ્યાણ થયું નથી,

પોતાનું માહાત્મ્ય જાણ્યું નહિ એટલે પરને માહાત્મ્ય આપ્યું; કાં સલવાણો લક્ષ્મી-કુટુંબ-અમલ-અધિકારમાં, એનાથી જરા આઘો ચાલ્યો ત્યાં સલવાણો શાસ્ત્રમાં, શાસ્ત્રના શબ્દોમાં સલવાણો. શાસ્ત્ર પોતાનો આત્મા નિરાળો બતાવે છે તેને ચૂકીને શાસ્ત્રના શબ્દના માહાત્મ્યમાં અટકયો, પણ અંદરની ખાણમાંથી ખોલું તો મારામાંથી નિધાન ભર્યાં છે તે નીકળશે એવી શ્રદ્ધા ન કરી, માત્ર શાસ્ત્રને જ વળગ્યો.

વ્યવહારનય તે નિષેધ્ય છે અને નિશ્ચયનય તે નિષેધક છે. રાગાદિ પરાશ્રય ભાવ છોડવાયોગ્ય છે. શુદ્ધદૃષ્ટિ તેને છોડાવવાની તાકાત ધરાવે છે. પરાશ્રયબુદ્ધિ છોડવા જેવી છે કારણ કે તે પરાધીન ભાવ છે. એકલો શાંત નિર્વિકલ્પ, એક પણ રાગના રજકણ વગરનો મારો સ્વભાવ છે તેવી દૃષ્ટિ કરવી તે નિશ્ચયદૃષ્ટિ છે. તે દૃષ્ટિ વડે પરાધીન દૃષ્ટિનો નિષેધ કરવા જેવો છે. પરાધીન જ્ઞાન-દર્શન-ચારિત્ર અનંતવાર કરી ચૂકયો પણ તેથી જન્મ-મરણ ટળ્યાં નહિ, પુણ્યના રજકણ બંધાય પરંતુ તે રજકણ આત્માને શાંતિ આપશે નહિ. પુણ્યથી સ્વર્ગ મળે. પણ નથી તે સ્વર્ગમાં સુખ કે નથી પૈસામાં સુખ; ધર્મના બહાને પુણ્ય પરિણામ ઊંચામાં ઊંચા કરી ચૂકયો પણ તેથી આત્માનું સાચું સુખ પ્રગટયું નહિ ને ભવનો અભાવ થયો નહિ.

શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે ( શુદ્ધ આત્મા ) જ્ઞાનનો આશ્રય છે; એ પ્રમાણે નિશ્ચય છે.

આત્માનું જ્ઞાન આત્મામાંથી આવે છે, બહારથી—શાસ્ત્રમાંથી તે જ્ઞાન આવતું નથી; શુદ્ધ આત્મા અનંતગુણથી ભર્યો છે તેમાંથી જ્ઞાન આવે છે, જ્ઞાન પ્રગટ થવાનો આધાર આત્મા છે, જ્ઞાન પ્રગટ થવાનો આધાર આત્મા સિવાય કોઈ પણ દ્રવ્ય છે નહિ. ચૈતન્યમૂર્તિ આત્મા નિર્વિકલ્પ સ્વરૂપે છે તેનું જ્ઞાન પ્રગટવામાં રાગનું કે મનનું અવલંબન નથી પરંતુ ચૈતન્યમૂર્તિ આત્મા જ જ્ઞાન પ્રગટવાનું અવલંબન-આધાર છે. દેવ, ગુરુ કે શાસ્ત્ર પણ મારા જ્ઞાનનો આધાર નથી, તેમનાથી જ્ઞાન પ્રગટતું નથી. જો તે મારા જ્ઞાનનો આધાર હોય, તેમનાથી મારું જ્ઞાન પ્રગટતું હોય, તો અનંતવાર સાક્ષાત્ તીર્થંકરદેવના સમવસરણમાં ગયો ત્યારે જ્ઞાન પ્રગટવું જોઈએ! માટે તેમનાથી પણ જ્ઞાન પ્રગટતું નથી. જ્યારે આત્મા પોતે પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકે છે ત્યારે આત્મામાં જ્ઞાન પ્રગટે છે, માટે જ્ઞાન પ્રગટ થવામાં નિશ્ચયથી આત્મા પોતે જ આધાર છે. જ્યારે પોતે પોતાની સન્મુખ દૃષ્ટિ કરે ત્યારે સામે દેવ કે ગુરુ જે નિમિત્ત હોય તેમના પ્રત્યે આરોપ કરીને કહેવાય છે કે આ ગુરુ કે દેવના પ્રતાપે મને જ્ઞાન થયું; તે વ્યવહાર કથન છે. અને આત્મામાંથી જ્ઞાન થયું તે નિશ્ચયકથન છે.

એકેક આત્માને પરિપૂર્ણ કહ્યો તેમ શાસ્ત્રો દ્વારા બરાબર જાણે ત્યાંસુધી ચિત્તશુદ્ધિ છે; ચિત્તશુદ્ધિ તે પુણ્યબંધનું કારણ છે. જીવને જીવ માને, અજીવને અજીવ માને, પુણ્યને પુણ્ય માને, પાપને પાપ માને, વગેરે નવ તત્ત્વોની બરાબર શ્રદ્ધા કરે, નવે તત્ત્વ ભગવાને કીધાં છે તેવાં જ માને, પુણ્યને પાપ ન માને, પુણ્યને પુણ્ય જ માને, આસ્રવને સંવર ન માને પણ આસ્રવને આસ્રવ જ માને, આવા શ્રદ્ધા કરે ત્યારે તે આંગણે આવ્યો કહેવાય; પરંતુ આત્મસ્વભાવનો લાભ તેને નથી. નવ તત્ત્વો છે તે નવ વિકલ્પ છે, નવ પર્યાય છે, નવ ભેદ છે, તેની શ્રદ્ધા કરે તે પુણ્યબંધનું કારણ છે. દયા-સત્યના ભાવને પુણ્ય માને, હિંસા-જૂઠાના ભાવને પાપ માને, અને પુણ્ય-પાપથી રહિત નિરાળો આત્મા છે તેમ બુદ્ધિથી—વિકલ્પથી સમજે ત્યાંસુધી તે જીવ આંગણે આવ્યો છે. તે શુભભાવરૂપી આગણું છે. નવ પ્રકારની શ્રદ્ધા તે સાચા સમકિતનું કારણ નથી, જો તે સાચા સમકિતનું કારણ હોય તો તેવા નવ પ્રકારની શ્રદ્ધા અભવ્ય પણ કરે છે; તે અભવ્યને પણ તે શ્રદ્ધા સાચા સમકિતનું કારણ થવું જોઈએ! નવ પ્રકારના વિચારથી એક પ્રકારરૂપ આત્મા ન પ્રગટે, પરંતુ એક પ્રકારના આધારે જ એક પ્રકારરૂપ આત્મા પ્રગટે. જાણનારો તો એક છે કે નવ છે? નવ પ્રકારે માન્યો તે રાગમિશ્રિત વિચાર છે. રાગમિશ્રિત વિચારથી નવની શ્રદ્ધા કરી માટે અરાગીની શ્રદ્ધા ન થઈ, અનેક પ્રકારથી એક પ્રકાર શ્રદ્ધામાં ન આવે. આત્માની નિર્વિકલ્પ શ્રદ્ધામાં નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધાનું નિમિત્ત હોય છે ખરું. નવ તત્ત્વ વ્યવહારથી સાચાં છે, નિશ્ચયથી ખોટાં છે.

પહેલાં વ્યવહાર એટલે ભેદરૂપ નવ તત્ત્વની શ્રદ્ધા આવ્યા વગર રહે નહિ, પરંતુ તે વ્યવહાર નિષેધવા યોગ્ય છે ને નિશ્ચય તે નિષેધક છે. ભેદરૂપ શ્રદ્ધા કરે તેને ચિત્તશુદ્ધિ છે, તે આંગણે આવ્યો છે. ચિત્તશુદ્ધિ, આંગણું ને વ્યવહાર તે ત્રણે એક છે.

અભેદ આત્માની નિર્વિકલ્પ શ્રદ્ધાના સામર્થ્ય વિના સાચી શ્રદ્ધા કહેવાય નહિ. વસ્તુ અભેદ છે તેમાં ભેદના પ્રકાર નથી; અનંતગુણના પિંડરૂપ એક અભેદ આત્મા છે તેમાંથી એક ગુણ જુદો પડતો નથી છતાં તેમાંથી જુદો પાડીને વિચારવું-કથન કરવું તે વ્યવહાર છે; જેમ સોનું છે તેમાં પીળાશ, ચીકાશ, ભારેપણું વગેરે ગુણો એક સાથે છે. શું તેમાંથી કોઈ એક ગુણ જુદો પાડવો હોય તો પડે? ન પડે. તેમ આત્મવસ્તુમાં એકસાથે જ્ઞાન, દર્શન, ચારિત્ર, બળ, સુખ. પ્રકાશત્વ, વિભુત્વ, અસ્તિત્વ આદિ અનંતગુણો છે, અનંતગુણોનો પિંડ પ્રભુ એક એક આત્મા બિરાજે છે, તેમાંથી એક ગુણ જુદો પાડવો તેમાં રાગની આડ આવે છે વચ્ચે ફાડ પડે છે; એક ગુણ જુદો પડતો નથી પણ એક ગુણને જુદો પાડીને લક્ષમાં લે છે તે રાગમિશ્રિત વિચાર છે, એકાકાર સ્વભાવમાં એક ગુણ જુદો પાડવો તે રાગ છે—વ્યવહાર છે—અભૂતાર્થ છે.

માણસો કહે છે કે પૈસા કમાવા હોય તો દુકાનનો થડો સાચવવો જોઈએ, ગાદીએ બરાબર બેસીને થડો સાચવીએ તો પૈસા ભેગા થાય, નહિ તો ન થાય; તેમ આત્મ-થડાને સાચવીને જો મારામાં હું ઊભો નહિ રહું તો મારો થડો નહિ સચવાય, અનંતગુણનો પિંડ છું તે હું મારા અંતર-થડામાં મારી ગાદીએ ન બેસું ત્યાં સુધી મારી મોટપ છે નહિ. અંતર-થડાની ગાદીએ બેસું તો પ્રતીત, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થાય—લક્ષ્મીવાળા થવાય ને તો સુખી ખરેખર થવાય.

અગિયાર અંગનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા અને છ જીવનિકાયની પરિપૂર્ણ દયા; એના વડે આત્માનું કલ્યાણ કે હિત નહિ થાય, તે ત્રણે પ્રકાર ચિત્તશુદ્ધિ છે, આંગણું છે, વ્યવહાર છે; તેનાથી કલ્યાણ થાય તે વાત ખોટી છે, માટે તેમાંથી પણ માર ગુલાંટ, ફેરવ પડખું, કર દૃષ્ટિ સવળી, તો કલ્યાણનો રસ્તો મળશે.

શાસ્ત્રનું જ્ઞાન અને નવ તત્ત્વની શ્રદ્ધા તેમાં 'હું આત્મા, હું આત્મા' એમ વિચાર કર્યા કરે તો તે પણ વિકલ્પ છે, રાગ છે, રાગમિશ્રિત શ્રદ્ધા છે. કોઈ કહે કે 'આવા વિચાર તો આવે જ. ને? આવા વિચાર વિના સમજાય ક્યાંથી? પ્રથમ પહેલાં વિચાર તો આવે, પછી પ્રતીત થાય ને પછી કરી શકાય; તો તેને કહે છે કે ભાઈ! વિચાર તો પહેલા આવે પણ પછી જ્યારે નિર્ણય થાય ત્યારે જેમ આ વસ્તુસ્વભાવ કહેવાણો તે પ્રમાણે નિર્ણય થવો જોઈએ. પ્રથમ તો અપૂર્વ વાત કાને પડવી જોઈએ, પછી તેનો વિચાર કરે ને પછી સ્વસન્મુખતાના પુરુષાર્થ વડે નિર્ણય કરે.

વ્યવહાર જ્ઞાન, વ્યવહાર શ્રદ્ધા ને વ્યવહાર ચારિત્ર આ ત્રણ કહ્યા તેમાં નિમિત્ત તો ઉત્કૃષ્ટ આવી ગયા છે. જેને આ સાચાં નિમિત્ત નથી તે તો આંગણે પણ નથી. સાચાં દેવ–ગુરુ–શાસ્ત્રની જેને શ્રદ્ધા નથી તેને વ્યવહારશુદ્ધિ પણ નથી, ચિત્તશુદ્ધિ પણ નથી. તારે કલ્યાણ કરવું હોય તો એકવાર સત્યને આંગણે તો આવ! છતાં ચિત્તશુદ્ધિથી કલ્યાણ નથી. અભવ્ય જીવે અગિયાર અંગ ને નવપૂર્વનું જ્ઞાન કર્યું તેમાં આ શાસ્ત્રમાં કહેલાં તત્ત્વની પૂરેપૂરી ધારણા આવી જાય, નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા પણ પૂરેપૂરી કરી, અને દયા પણ પૂરી પાળી, એ રીતે આંગણે તો દરેક જીવો અનંતવાર આવ્યા, પરંતુ સ્વસન્મુખદૃષ્ટિ કરીને આત્માને ઓળખ્યો નહિ. ચિત્તશુદ્ધિથી કલ્યાણ ન થાય તેમ ચિત્તશુદ્ધિ વગર પણ આગળ ન જવાય. જેને આત્માનો નિર્ણય કરવાની રુચિ થઈ તેને પહેલાં ચિત્તશુદ્ધિ તો આવે જ.

શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે. પરમાર્થ દર્શન—નિશ્ચય દર્શનનો આધાર આત્મા છે. દર્શન—પ્રતીતિની પર્યાય આત્મામાંથી આવે છે, અભેદ પ્રતીતિ આત્મામાંથી આવે છે, ભેદમાંથી અભેદ પ્રતીતિ આવે નહિ. સાચા સમ્યક્ત્વનો આશ્રય આત્મા છે, વ્યવહાર શ્રદ્ધાનો આશ્રય દેવ–ગુરુ–શાસ્ત્ર છે. પરમ સત્યના સ્વીકારનો આધાર આત્મા છે, પરમ સત્યને સ્વીકારવાને માટે પરની જરૂર પડતી નથી. આ સમ્યગ્દર્શનને પામવાની વાત ચાલે છે. આ તો ચોથા ગુણસ્થાનની વાત છે, આ કાંઈ કેવળજ્ઞાનની વાત નથી. દ્રવ્યના દર્શનગુણનું પરિણમન તેને જીવ પોતે ફેરવે તો જ થાય, તેને ત્રણ કાળમાં કોઈ ફેરવી શકે નહિ. ઊંધામાંથી સવળું પોતે કરી શકે છે, સવળું પરિણમન આત્મમાંથી આવે છે, તેનો આધાર આત્મા છે.

શુદ્ધ આત્મા ચારિત્ર છે, કારણ કે તે ચારિત્રનો આશ્રય છે, એ પ્રમાણે નિશ્ચય છે. શુદ્ધ આત્મામાંથી શુદ્ધ ચારિત્ર પ્રગટે છે, મારી રમણતાની રમત અંદરમાં છે તેવા શુદ્ધ ચારિત્રનો આધાર આત્મા છે. ચારિત્ર તે અંતર રમણતા છે, તે ચારિત્ર છે, તે ચારિત્ર છ કાય જીવની દયાથી આવતું નથી. ચારિત્ર તે ધર્મ છે. કોઈ કહેશે કે અમે પાંચ–પચીસ હજાર રૂપિયા દાનમાં આપી દઈએ તો ધર્મ થાય? અરે ભાઈ! પાંચપચીસ તો શું! પણ તારા બધા રૂપિયા આપી દે ને! તોપણ આત્માને સમજ્યા વગર ધર્મનો ધોંગો માત્ર પણ થાય તેમ નથી. યથાર્થ સમજણવાળો જેવી તૃષ્ણા ઘટાડે તેવી સમજ્યા વગરનો તૃષ્ણા ઘટાડી શકે નહિ.

આત્માનું જ્ઞાન તે ખરું જ્ઞાન છે, આત્માની પ્રતીત તે ખરું દર્શન છે ને આત્મસ્વરૂપમાં સ્થિરતા તે ખરું ચારિત્ર છે, એ ત્રણેનો આધાર આત્મા છે—એ

પ્રમાણે નિશ્ચય છે. તે નિશ્ચય વડે વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે—વ્યભિચારયુક્ત છે; (શબ્દ-શ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે કેમ કે શબ્દ-શ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં, માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે).

શાસ્ત્રના જ્ઞાનથી આત્માનું જ્ઞાન થાય જ તેમ કહેવું તે વ્યભિચાર છે; વ્યભિચાર એટલે દોષ છે. અનંતવાર સાક્ષાત્ ભગવાનનો દિવ્યધ્વનિ સમવસરણમાં જીવે સાંભળ્યો છતાં આત્માનું જ્ઞાન થયું નહિ, માટે દ્રવ્યશ્રુતથી આત્માનું જ્ઞાન થાય તે નિયમિત નથી; અભવ્યને પણ શાસ્ત્રનું—નવ પૂર્વનું જ્ઞાન હોય છે છતાં આત્માનું જ્ઞાન નથી હોતું, માટે શાસ્ત્રના જ્ઞાનથી આત્માનું જ્ઞાન થાય જ એવો નિયમ ન રહ્યો. તેથી શાસ્ત્રના જ્ઞાનથી આત્માનું જ્ઞાન થાય તેમ કહેવું તે વ્યભિચાર છે. (તેથી કરીને શાસ્ત્રનું જ્ઞાન છોડવાની વાત નથી;) અહીં તો કહે છે કે ભાઈ! તું શાસ્ત્રના જ્ઞાન સુધી આવ્યો છતાં આત્માના જ્ઞાને ન પહોંચ્યો, માટે શાસ્ત્રના જ્ઞાનથી આત્માનું જ્ઞાન થાય જ એમ એકાંતપણે કહેવું તે દોષ છે.

પ્રશ્ન:—ત્યારે કરવું શું?

ઉત્તર:—આત્માની જિજ્ઞાસા કરવી, રુચિ વધારવી, પુરુષાર્થ કરવો. અહીં તો પરમાર્થની વાત આવે છે, પરમાર્થ તરફ રુચિ ધરવી જોઈએ; બાકી તો શાસ્ત્રનું જ્ઞાન, નવ પદાર્થની શ્રદ્ધા, છ કાયની દયા તેવું તો જીવ અનંતવાર કરી ચૂક્યો, પરંતુ વીતરાગી જ્ઞાન ને વીતરાગી આનંદનો પિંડ આત્મા છે તેની વીતરાગી શાંતિ ક્યાંય બહારથી આવતી નથી.

શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહારજ્ઞાન છે કારણ કે શાસ્ત્રનું જ્ઞાન હોય છતાં આત્માનું જ્ઞાન હોતું નથી, નવ તત્ત્વની શ્રદ્ધા તે પણ વ્યવહારશ્રદ્ધા છે કારણ કે નવ તત્ત્વની શ્રદ્ધા હોય છતાં આત્માની શ્રદ્ધા હોતી નથી, અને છ કાયની દયા તે પણ વ્યવહારચારિત્ર છે કારણ કે છ કાયની દયા પાળે છતાં આત્માની રમણતારૂપ ચારિત્ર હોતું નથી; માટે એ વ્યવહાર પ્રતિષેધ્ય છે, નિષેધવાયોગ્ય છે. નિશ્ચયનય તેનો નિષેધક છે એટલે નિશ્ચય સમ્યગ્દર્શન-નિશ્ચય સમ્યગ્જ્ઞાન ને નિશ્ચયસમ્યક્ચારિત્ર વડે તેનો નિષેધ થાય છે.

જેટલા ગુણો પરમાત્માના છે તેટલા ગુણો બધાના આત્મામાં છે; તે પોતાના ગુણની પર્યાય જાણે પરમાંથી આવતી હોય તેવું શલ્ય અજ્ઞાનીને પેસી ગયું છે. તેને એમ લાગે છે કે જો મારા ગુણો મારામાં હોય તો મને દેખાતા કેમ નથી? માટે શાસ્ત્ર વાંચું, દેવ-ગુરુની ભક્તિ કરું,—જો કોઈના આશીર્વાદથી ગુણ મળી જાય તો! એવો વ્યવહારનયનો પક્ષ અજ્ઞાનીને ખસતો નથી.

અંતરના આશ્રયે બંધના ભાવનો અંશ ન આવે અને પરના આશ્રયે આત્માની શાંતિનો અંશ ન આવે. બે પડખાં જુદાં છે, માટે પોતાના આધાર વગર પરના આધારે જ્ઞાન-દર્શન-ચારિત્ર આવે નહિ. કોઈ કહે— ગુરુ આશીર્વાદ આપે તો તો તરી જવાય ને? અરે ભાઈ! કોઈના આશીર્વાદથી કોઈ તરે નહિ અને કોઈના શ્રાપથી કોઈ બૂડે નહિ. જે પાત્ર જીવ હોય તેના પ્રત્યે પ્રમોદથી ગુરુનું આશીર્વાદરૂપ વચન આવી જાય, તો તે પાત્ર જીવ એમ સ્વીકારે છે કે પ્રભુ! આપ કહો છો તેમ જ વસ્તુસ્વભાવ છે, આપ કહો છો તેટલું જ નહિ પણ નાથ! મને પણ આપની કૃપાએ એમ જ જણાય છે. હું પણ એમ જ કહું છું કે અંદર વસ્તુસ્વભાવ ભર્યો છે તેમાંથી સુખ અને શાંતિ પ્રગટે છે, આત્માના આધાર વિના બહારથી ત્રણ કાળમાં સુખ-શાંતિ કે સ્વતંત્રતાની ગંધમાત્ર પણ નથી.

શાસ્ત્રનું જ્ઞાન એકાંતે આત્માનો આધાર નથી. શબ્દશ્રુત એટલે ભગવાનના દિવ્યધ્વનિરૂપ એકાક્ષરી વાણી નીકળી એનો જીવે આશ્રય લીધો છતાં તેને આત્માનું જ્ઞાન ન થયું કારણ કે એણે આત્માનો આધાર લીધો નહિ. શાસ્ત્રજ્ઞાન તે મુક્તિનું કારણ હોય તો અભવ્યને પણ મુક્તિ થવી જોઈએ. જો પોતાના સ્વભાવનું જ્ઞાન કરે તો શાસ્ત્રનું જ્ઞાન નિમિત્તરૂપે થયું કહેવાય.

નિયમને અપવાદ ન હોય; લૌકિકમાં એમ કહેવાય છે કે અપવાદ વગર નિયમ ન હોય-તે વાત ખોટી છે. નિયમ એટલે સિદ્ધાંત, સિદ્ધાંત એનું નામ કે જે ત્રણે કાળે એકરૂપ હોય. આચાર્ય દેવ નિયમના જ્ઞાનથી જગતને કહે છે કે જો શાસ્ત્રના જ્ઞાનથી આત્માનો નીવેડો આવી જાય તો અભવ્યને પણ નીવેડો આવી જાય; અગિયાર અંગનું જ્ઞાન અભવ્યને કંઠાગ્રે હોય છતાં તેના આત્માનો નીવેડો આવતો નથી. આત્મા શાસ્ત્રજ્ઞાનથી પેલી પાર છે, નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વરૂપ છે. જો શાસ્ત્રજ્ઞાનથી આત્માનું જ્ઞાન થતું હોય તો જેને જેને શાસ્ત્રજ્ઞાન હોય તેને તેને આત્માનું જ્ઞાન થવું જોઈએ, પરંતુ એમ બનતું નથી. માટે જે શાસ્ત્રના પડખે ઊભો છે તે આત્માને પડખે ઊભો નથી, પરાધીનતાના પડખે ઊભો છે. કહ્યું છે કે—

'સઘળું પરવશ તે દુઃખ લક્ષણ
નિજવશ તે સુખ લહીએ.'

આત્માના અવલંબન સિવાય એક અંશ પણ નિમિત્તના પડખે ઊભો તે પરાધીનતા છે. પૈસાવાળા કહેશે કે આપણે કયાં પરાધીન છીએ? પણ ભાઈ! તુ આખો પરાધીન છો. ચિદાનંદમૂર્તિ જ્ઞાનવજ્રબિંબ આત્મા છે, માત્ર તેનું જ અવલંબન તે સ્વાધીનતા છે, તે સિવાય બાકી બધી પરાધીનતા છે. માટે વિચારો કે શાસ્ત્રજ્ઞાનથી

નીવેડા છે કે અનુભવજ્ઞાનથી નીવેડા છે? અનુભવજ્ઞાનથી જ નીવેડા છે. ત્રણે કાળે એક જ માર્ગ છે, એક જ ઉપાય છે, અનંત તીર્થંકરોએ આ માર્ગ સેવ્યો છે, આ જ માર્ગથી અનંતા મોક્ષ ગયા ને આ જ માર્ગ તીર્થંકરો ઉપદેશી ગયા. જુઓ ને! ભગવાનના દિવ્યધ્વનિમાંથી આવેલો અવાજ કુંદકુંદાચાર્યદેવે અંદર સ્વરૂપરમણતામાંથી કાઢીને આ સમયસારમાં કેવી વાત કરી છે! આ શાસ્ત્રજ્ઞાન પણ આત્મજ્ઞાનનો આધાર નથી, નવ તત્ત્વની શ્રદ્ધા તે સાચી પ્રતીતિનો આધાર નથી, ને છકાયની દયા તે સાચા ચારિત્રનો આધાર નથી, આ વાત કહીને તો ખતમ કરી નાખી છે. આચાર્યદેવ કહે છે કે આત્માનું ધામ તારી સ્વસત્તાધામમાં છે, તેની તરફ નજર કર.

પ્રથમ શાસ્ત્રનું જ્ઞાન અને નવ તત્ત્વની શ્રદ્ધા જોઈએ, પણ શાસ્ત્રજ્ઞાન અને નવ તત્ત્વની શ્રદ્ધા પછી જો આત્માનું જ્ઞાન ને આત્માની શ્રદ્ધા ન કરે તો કાંઈ લાભ નથી. આચાર્યદેવ કહે છે કે અમે તો એમ માની લીધું છે કે જે જીવો સત્સમાગમ સુધી આવ્યા તેને શાસ્ત્રનું જ્ઞાન અને નવ તત્ત્વની શ્રદ્ધા તો હશે જ; હવે ત્યાંથી પણ આઘા લઈ જવા માટેની આ વાત છે કે નવ પ્રકારના વિચારમાં એક પ્રકાર ન પ્રગટે પરંતુ અભેદ ભાવથી—એક પ્રકારના ભાવથી અભેદ ભાવ પ્રગટે. નવ તત્ત્વમાં પણ જાણનારો એકરૂપ છે કે નવરૂપ છે? નવના ભેદને જાણનારો એકરૂપ જ છે, જાણનાર-જાણનાર તેમાં તો એક જ પ્રકાર છે પરંતુ તેના રાગમિશ્રિત વિચારમાં નવ ભેદ પડે છે. નવ તત્ત્વના ભેદમાં અભેદરૂપ આત્મા એકરૂપ છે તેની જેને ખબર નથી, તેને જે જાણતો નથી, ને માત્ર ભેદરૂપ નવ તત્ત્વને જ માને છે તેને આત્માની શ્રદ્ધા નથી, તેને નવ ભેદ તે સમકિત પામવાનું કારણ થતું નથી. સ્વસન્મુખતાના વલણ વિના સાચા સત્ય તત્ત્વનો સ્વીકાર થાય નહિ, સત્યના સ્વીકાર વગર અભેદ આત્મા સ્વીકારાય નહિ અને ત્યાં સુધી કલ્યાણ થાય નહિ. જો આત્માના કલ્યાણની ધગશ હોય તો હે ભાઈ! તું સાચા તત્ત્વનો સ્વીકાર કર, આત્માના સ્વભાવ સન્મુખ વલણ કર, આના વિના બીજો કોઈ પણ સુખનો ઉપાય નથી. સુખનો રસ્તો આ જ છે. મોટા ચક્રવર્તી રાજા, બળદેવ, વાસુદેવ વગેરે ઉત્તમ પુરુષોએ પણ સુખ પ્રાપ્ત કરવા માટે આ જ પંથ અંગીકાર કર્યો હતો ને એ જ પંથે સુખી થયા, અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓ આ જ માર્ગ સ્વીકારી-અનુભવી આ જ ઉપદેશ આપી સિદ્ધ થયા, માટે તારે પણ સુખ પ્રાપ્ત કરવું હોય તો આ જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય ત્રણ કાળમાં થયો નથી, છે નહિ, અને થશે પણ નહિ, ત્રણે કાળનો અનંતા તીર્થંકરોએ રજિસ્ટર કરેલો આ એક જ માર્ગ છે.

—૦—

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૬, શુક્રવાર.

અધિકાર એમ ચાલે છે કે શાસ્ત્રનું જ્ઞાન તે એકાંતે આત્મસ્વભાવનો આશ્રય નથી, કારણ કે શાસ્ત્રજ્ઞાન હોય છતાં આત્મજ્ઞાન ન હોય, અને શાસ્ત્રજ્ઞાન પણ હોય ને આત્મજ્ઞાન પણ હોય તો ત્યાં શાસ્ત્રજ્ઞાનના સદ્ભાવ વખતે જે આત્મજ્ઞાન પ્રગટ થયું તે કાંઈ શાસ્ત્રમાંથી આવ્યું નથી પણ આત્મામાંથી જ આવ્યું છે, શાસ્ત્રના રાગમિશ્રિત વિચારથી પણ અંતરજ્ઞાન પ્રગટયું નથી પણ આત્મસ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકવાથી આત્મજ્ઞાન પ્રગટયું છે.

આવું સાંભળીને કોઈ જીવ શાસ્ત્રજ્ઞાન કરવું છોડી દે તો તે પણ નકામું છે. જેમ દુકાને માલ તોળવા જાય ત્યારે ત્રાજવા-કાટલાંની જરૂર પડે છે, બરફી લેવી હોય તો તેની પરીક્ષા કરે કે બરફી કેવી છે? રૂપેરી કાગળ વાળી છે, મીઠાશ સારી છે વગેરે વિચાર કરે, પછી ખાવા વખતે ત્રાજવા ને તોલાં મૂકી દેવા જોઈએ. પરંતુ ખાવા પહેલાં જો ત્રાજવા–તોલાં મૂકી દેશે તો માપ કરશે શી રીતે? માલ તોળશે શી રીતે? તેમ એકેક આત્મા પરિપૂર્ણ છે, પોતાનો આત્મા પણ પરિપૂર્ણ છે તેનો નિશ્ચય કરવા માટે શાસ્ત્ર દ્વારા વ્યવહાર-નિશ્ચય, પરોક્ષ-પ્રત્યક્ષ, નિમિત્ત-ઉપાદાન વગેરે પડખાં વડે વસ્તુની પરીક્ષા કરવી જોઈએ, પછી તે ખાવાના કામમાં આવે એટલે કે તેનો અનુભવ થાય. જેમ ત્રાજવા ને કાટલાંથી માલ તોળે નહિ તોપણ ખાવાના કામમાં આવે નહિ, અને માલના વખાણ કર્યા કરે ને ત્રાજવા-કાટલાંનું માપ ગોખ્યા કરે તોપણ ખાવાના કામમાં આવે નહિ—માલનો સ્વાદ લઈ શકાય નહિ; તેમ નય-નિક્ષેપદ્વારા વસ્તુ-સ્વભાવની પરીક્ષા ન કરે તોપણ આત્માનો સ્વાદ આવે નહિ, અને આત્મસ્વભાવના વખાણ કર્યા કરે કે ભારે ભાઈ! આત્માનો સ્વભાવ કાંઈ! એ તો આવો છે ને આવો છે, એમ વખાણ માત્ર કર્યા કરે તેમ જ નય–નિક્ષેપ અને પ્રમાણ વગેરે ભેદોને શાસ્ત્રદ્વારા જાણીને ગોખ્યા કરે તોપણ આત્માના અનુભવનો સ્વાદ એને આવે નહિ. પ્રથમ શાસ્ત્ર-જ્ઞાનની જરૂર છે પરંતુ તેમાં જ અટકી પડે તો આત્મસ્વભાવનો અચિંત્ય સ્વાદ આવે નહિ. વ્યવહારજ્ઞાન તે પરમાર્થ નથી, ભવનાશક નથી, અંદરથી જો હા ન આવી તો શાસ્ત્રનું જ્ઞાન કરે છતાં આત્માના નિર્ણયને માટે લથડપથડ રહે. પરંતુ શાસ્ત્રનું જ્ઞાન અને સત્સમાગમ કરતાં કરતાં જો આત્મસ્વભાવ તરફ લક્ષ ગયું ને આત્મામાંથી અપૂર્વ રીતે જો હા આવી તો 'હા' પાડતાં પાડતાં 'હાલત' થઈ જાય છે.

છ જીવ-નિકાયની દયા પાળે તે પણ ચારિત્રનો આશ્રય નથી; છમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ અને ત્રસ તે બધાં આવી ગયા. અસંખ્યાત આત્માઓ પૃથ્વીમાં છે, અસંખ્યાત આત્માઓ પાણીમાં છે, અસંખ્યાતા આત્માઓ અગ્નિમાં

છે, અસંખ્યાત આત્માઓ વાયરામાં છે, અનંતા આત્માઓ વનસ્પતિમાં છે અને અસંખ્યાત આત્માઓ ત્રસકાયમાં છે; તે છએ કાયના જીવોને ન મારવાનો ભાવ તે શુભભાવ છે. તે છએ કાયના જીવોની દયાના પરિણામ તે ખરું નિશ્ચય ચારિત્ર નથી, સાચું ચારિત્ર નથી; તે શુભ ચારિત્રથી પુણ્ય બંધાય, સારો ભવ મળે, પણ ભવનો અભાવ થાય નહિ; કારણ કે શુભ ચારિત્રના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે સાચા ચારિત્રનો અભાવ છે.

બીજા જીવનું જીવવું કે મરવું તે આ આત્માના હાથની વાત નથી, પણ બીજા જીવને બચાવવાનો શુભભાવ આત્મા કરી શકે છે. સાચું નિશ્ચય ચારિત્ર— આત્મસ્વભાવની રમણતારૂપ ચારિત્ર જ્યા પ્રગટે ત્યાં તેની સાથે છ જીવ-નિકાયને ન મારવાનો શુભભાવ હોય છે; છઠ્ઠે ગુણસ્થાને આત્માના ભાનપૂર્વક મહાવ્રતમાં તે શુભભાવ મુનિને થયા વિના રહે નહિ. મુનિને પોતાને પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી તેથી નબળાઈના કારણે રાગ થાય છે પરંતુ તે રાગને આદરણીય માનતા નથી.

અજ્ઞાની જીવો શુભભાવને ધર્મ માને છે પરંતુ શુભભાવ તે ધર્મ નથી. સામાના દુઃખ દેખીને પોતાને અનુકંપાનો રાગ થઈ આવે છે એમ નથી, પરને કારણે રાગ થાય છે એમ નથી; જો એમ થતું હોય તો વીતરાગ સર્વજ્ઞદેવ તો જગતના સર્વ દુઃખી પ્રાણીને દેખે છે! માટે જો પરને દેખવાના કારણે રાગ થતો હોય તો વીતરાગદેવને પણ રાગ થવો જોઈએ. પરંતુ એમ સામાને કારણે રાગ થતો નથી પણ પોતાની નબળાઈ છે તે કારણે રાગ થઈ આવે છે. પોતાની રાગ થવાની હદ છે તેથી રાગ થાય છે.

અભવ્ય જીવ શુભભાવ એવો કરે કે તેના શરીરનાં કોઈ ચામડાં ઉતરડીને ખાર છાંટે તો ખાર છાંટનારને 'ક્ષમા ભાઈ! ક્ષમા તને!' એમ કહે, મનમાં પણ ખાર છાંટનાર ઉપર ક્રોધ ન કરે; તોપણ તે શુભભાવ છે, આત્મા પુણ્ય-પાપ રહિત નિરાલંબી સ્વભાવે છે તેની તેને ખબર નથી, માટે આત્માના ભાન વગરના એકલા શુભ પરિણામ છે. જગતના માર્ગથી વીતરાગનો માર્ગ જુદો છે, જો જુદો ન પડે તો વીતરાગનો માર્ગ કહેવાય નહિ, તો તો મોક્ષ અને સંસાર બંને એક થઈ જાય. અનંતા વીતરાગ અને અનંતા તીર્થંકરો જેના જેટલા દોકડા હોય તેટલા આપે.

શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે. (શુદ્ધઆત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય જ છે.)

શુદ્ધ આત્મા એકાંતે જ્ઞાનનો આધાર છે, તેમ માનવામાં વ્યભિચાર નથી-દોષ

નથી. જ્યારે સાચું જ્ઞાન કરે ત્યારે તેનો આધાર આત્મા જ છે, બીજા કોઈ પર પદાર્થ સાચા જ્ઞાનના આધાર નથી. આત્મા અખંડ છે, પરિપૂર્ણ છે. જ્ઞાન-આનંદનો કંદ છે, પરથી તદ્દન નિરાળો છે, શુભાશુભભાવથી પણ પરમાર્થે ભિન્ન છે એવું જ્ઞાન થવામાં એકાંતપણે આત્માનો જ આશ્રય છે, તેમ માનવામાં દોષ નથી; કારણ કે જ્યાં શુદ્ધ આત્મા હોય—તેનું અવલંબન હોય ત્યાં જ સાચું જ્ઞાન, સાચું દર્શન અને સાચું ચારિત્ર પ્રગટે છે.

આચારંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે. જ્ઞાનીને તે આચારંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવ પણ—શબ્દશ્રુતનું જ્ઞાન હોય તે વખતે પણ, શુદ્ધાત્માના જ્ઞાનથી જ શુદ્ધ-આત્માના જ્ઞાનનો સદ્ભાવ છે; અને અભવ્યને શબ્દશ્રુતજ્ઞાનનો સદ્ભાવ હોવા છતાં પણ, શુદ્ધ આત્માનો આશ્રય નથી—આત્માનો આધાર નથી તેથી તેને શુદ્ધાત્માનું જ્ઞાન નથી; માટે નક્કી થયું કે શુદ્ધાત્મા જ જ્ઞાનનો આશ્રય—જ્ઞાનનો આધાર એકાંતે છે પણ શબ્દશ્રુત તે જ્ઞાનનો આધાર છે જ નહિ. એકાંતે શબ્દશ્રુત તે જ્ઞાનનો આધાર નથી માટે વાસ્તવિક દૃષ્ટિએ તે જ્ઞાનનો આધાર ત્રણે કાળે છે જ નહિ. શુદ્ધ આત્માનું જ્ઞાન થયું ત્યારે જ ધર્મનો પહેલામાં પહેલો એકડો થયો.

શાસ્ત્રનું જ્ઞાન હોય કે ન હોય પરંતુ શુદ્ધાત્માના જ્ઞાનથી જ આત્માના જ્ઞાનનો સદ્ભાવ છે. શાસ્ત્રનું જ્ઞાન હોય પણ ખરું, પરંતુ શાસ્ત્રનો વિકલ્પ હોય ત્યારે પણ શુદ્ધાત્માનું જ્ઞાન આત્માના જ આશ્રયે છે. જ્યારે ધ્યાનમાં હોય ત્યારે શાસ્ત્રજ્ઞાનના વિકલ્પમાં નથી, તે ધ્યાન વખતે શાસ્ત્રજ્ઞાનના અભાવમાં પણ આત્માનું જ્ઞાન છે તે શુદ્ધાત્માને આધારે છે, તેનો આશ્રય શુદ્ધાત્મા જ છે. માટે અનાદિથી નહિ પ્રગટેલું, જેના વિના અનંતા ભવભ્રમણ થયા એવું જે શુદ્ધ-જ્ઞાન તેનો આધાર એકાંતે શુદ્ધ આત્મા જ છે, શાસ્ત્ર નથી—એમ સિદ્ધ થયું.

આત્મા સિદ્ધ ભગવાન જેવો છે, પરિપૂર્ણ આનંદની કાતળી છે, પણ તે સ્વભાવ અજ્ઞાનીને બેઠો નથી. આ જે ન્યાય કહેવાય છે તેમાંથી એક પણ ન્યાય જેને બરાબર બેસે તેને બધાં પડખાં બેઠાં વિના રહે નહિ; એક પણ ન્યાય સ્વભાવમાંથી જો યથાર્થપણે બેઠો તો સ્વભાવના ચારે પડખાં બરાબર ચોસલાની માફક બેસી જાય. અને જો સ્વભાવદૃષ્ટિથી ન બેસે ને માત્ર આ જે સમયસારની વ્યાખ્યા થાય છે—જે ન્યાયો કહેવાય છે તેની ધારણા કરી જાય તો તેથી પુણ્ય બાંધે, પણ ધર્મનો લાભ તેને થાય નહિ, ભવનો અભાવ થાય નહિ; સામાયિકમાં બોલે છે કે 'સિદ્ધા સિદ્ધિ મમ

દીસંતુ '—હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધ પદ આપો. અંદરમાં આખો ભર્યો છે તેથી આખું માગે છે, પરંતુ તેની અજ્ઞાનીને ખબર નથી.

આ આત્માને સમજવા માટેની અચિંત્ય અને અપૂર્વ કળા કહેવાય છે; તે જો ન સમજાણી, તે અચિંત્ય કળા જો ખ્યાલમાં ન આવી, તો તે કળા વગરના ઉત્કૃષ્ટ શુભભાવ કરીને નવ ગ્રૈવેયકે ગયો પણ ધર્મ ન થયો. નવ ગ્રૈવેયકે કોણ જાય? નગ્ન દિગંબર મુનિ જ જાય, કારણ કે મુનિ સિવાય ઉત્કૃષ્ટ શુભ પરિણામ બીજાને ન હોય. ગૃહસ્થ હોય ને શ્રાવકના વ્રત બરાબર પાળતો હોય તો પણ તે નવ ગ્રૈવેયકે જાય નહિ. નવ ગ્રૈવેયકે જનારને શુક્લલેશ્યા હોય છે, તે શુક્લલેશ્યા ઊંચા શુભ પરિણામવાળાને જ હોય છે. છ લેશ્યાનું શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે:

છ જણાને કેરી ખાવાના ભાવ થયા, પછી છએ જણા જ્યાં કેરીનો આંબો હતો ત્યાં ગયા. તેમાં એક માણસ કહે છે કે આપણે આ ઝાડને મૂળમાંથી કાપી નાખીએ, પછી ઝાડ નીચે પડે એટલે આપણે નિરાંતે કેરી ખાઈએ; તે કૃષ્ણલેશ્યાના પરિણામવાળો જીવ છે, ઉત્કૃષ્ટ અશુભ પરિણામવાળો જીવ છે. ત્યારે બીજો કહે છે કે એમ નહિ, આપણે મોટી લાંબી ડાળ છે તે કાપી નાખીએ, તે ડાળ નીચે પડશે પછી આપણે નિરાંતે કેરી ખાશું; તે નીલલેશ્યાવાળો જીવ છે, તેના પણ અશુભ પરિણામ છે, પરંતુ પહેલા જીવ કરતાં આના ઘણા મંદ પરિણામ છે. ત્રીજો કહે-આપણે મોટી ડાળ નથી કાપવી, આપણે નાની નાની ડાળ કાપી લઈએ પછી કેરી ખાશું; તે કાપોતલેશ્યાવાળો જીવ છે, તે બીજા કરતાં ઓછા અશુભ પરિણામવાળો છે. ચોથો કહે-એમ નહિ, આપણે તો કેરીના લૂમખા લૂમખા તોડી લઈએ; તે પીતલેશ્યાવાળો જીવ છે, તે શુભ પરિણામ- વાળો જીવ છે. પાંચમો કહે-એમ નહિ, આપણે તો માત્ર પીળી તૈયાર થયેલી પાકી કેરી હોય તો તોડી લઈએ; તે પદ્મલેશ્યાવાળો જીવ છે, તે ચોથાવાળા કરતાં ઊંચા શુભપરિણામવાળો છે. અને છઠ્ઠો કહે એમ નહિ, આ હમણાં પવન ફૂંકાશે-વાયરો નીકળશે એટલે કેરીના ડગલે ઢગલા નીચે પડશે, આપણે તો તે કેરી ખાશું; તે શુક્લલેશ્યા વાળો જીવ છે, તે ઉત્કૃષ્ટ શુભપરિણામવાળો છે. છએ માણસોને કેરી ખાવી છે પણ ભાવમાં કેટલો ફેર છે. ભાવમાં કેટલી તારતમ્યતા છે! અહીં કહેવું છે એ કે છઠ્ઠાવાળા જેવા ઉત્કૃષ્ટ શુભપરિણામ દરેક જીવ અનંતવાર કરી ચૂક્યો. છ લેશ્યાનું તો દૃષ્ટાંત છે. આવા ઊંચામાં ઊંચા શુભપરિણામ થવા છતાં દેહદેવળમાં ભગવાન આત્મા નિર્મળમૂર્તિ સહજાત્મસ્વરૂપ છે તેની તેને ઓળખાણ નથી માટે રખડયો ચોરાશીની વાટમાં.

જેને ધર્મભાવ પ્રગટયો છે એવા જ્ઞાનીને પુણ્યભાવ જોડે હોય ખરા પરંતુ તેને

તે આદરણીયબુદ્ધિએ સ્વીકારતા નથી. જેમ દશાશ્રીમાળી વાણિયાના ફળીમાં ભંગિયાના છોકરા રમતા હોય તો શું તે વાણિયાને એમ થાય કે આ છોકરા મારા વારસદાર છે? એમ ન થાય; તેમ જ્ઞાનીને આત્મજ્ઞાન અને શ્રદ્ધાના પરિણમન સાથે સાથે પુણ્યના પરિણામ આવે ખરા, અધૂરો છે માટે આવે, પરંતુ જ્ઞાની તેનો આદર ન કરે; આ પુણ્ય પરિણામ જોડે છે તે મને લાભ કરશે કે મારા આત્માની શાંતિ વધારશે તેમ જ્ઞાની ન માને. પુણ્યભાવ આદરણીય માનવા તેમાં તો વિકારભાવ આદરણીય માન્યો. આત્મા તો અવિકારી છે, શું વિકારભાવ કરતાં કરતાં અવિકારી ભાવ પ્રગટે? ન જ પ્રગટે. વિકારી ભાવ સ્વભાવમાં છે જ નહિ, પર્યાયમાં છે તે નાશ કરવા જેવો છે, તેને જ્ઞાની આદરણીય માનતા નથી. જે આદરણીય માને તે અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ-અધર્મી છે.

જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે.

નવ તત્ત્વના વિકલ્પના રાગમિશ્રિત ભાવ થાય ખરા પરંતુ તે દર્શનનો આધાર નથી; એકડા વિનાનાં મીંડાં કેવાં? આત્માને આધારે દર્શન છે, નવ તત્ત્વને આધારે દર્શન નથી. જીવાદિ નવ તત્ત્વોની શ્રદ્ધા જો સમ્યગ્દર્શનનો આશ્રય હોય તો નવ તત્ત્વની શ્રદ્ધાવાળા અભવ્યને પણ સમ્યગ્દર્શન હોવું જોઈએ. અભવ્યને નવ તત્ત્વની પાકી શ્રદ્ધા હોય છે છતાં તેને શુદ્ધ આત્માની શ્રદ્ધા થતી નથી તેથી સમ્યગ્દર્શનનો અભાવ છે. અનાદિનો જે ભવ્ય નવ ગ્રૈવેયકે ગયો તેને પણ નવ તત્ત્વની પૂરેપૂરી પ્રતીત હતી છતાં શુદ્ધાત્માની પ્રતીતિનો અભાવ હોવાથી સમ્યગ્દર્શનનો અભાવ રહ્યો.

જ્ઞાનીને નવ તત્ત્વના વિકલ્પ હોય તે વખતે પણ આત્માની શ્રદ્ધા આત્માને આધારે છે, અને જ્યારે સ્વરૂપમાં જ્ઞાની ઠર્યો હોય છે ને નવના વિકલ્પનો અભાવ હોય છે તે વખતે પણ શુદ્ધાત્માની શ્રદ્ધા શુદ્ધાત્માને જ આધારે છે. એ રીતે નવ તત્ત્વની શ્રદ્ધાના સદ્ભાવમાં કે અભાવમાં શુદ્ધાત્માની શ્રદ્ધા આત્માને જ આધારે છે. ચિદાનંદઘનની શ્રદ્ધા નવના વિકલ્પને આધારે નથી, પરંતુ આત્માને જ આધારે છે. અંદર અખંડ આત્માની પ્રતીતિ આવે તે ભેદ ને વિકલ્પ વગરની છે, અંદરથી આત્માને આધારે આવતી શ્રદ્ધા તે સાચી શ્રદ્ધા છે. પરમાર્થ સમ્યગ્દર્શન તે દેવ ગુરુ-શાસ્ત્રના આધારે પણ નથી પરંતુ ચિદાનંદઘન આત્માને આધારે છે. નવ તત્ત્વ અને શાસ્ત્રજ્ઞાનનો અસદ્ભાવ એટલે શું? કે જ્યારે વિકલ્પ છોડીને, તેનું લક્ષ છોડીને સ્વરૂપમાં ઠરે ત્યારે તેનો અસદ્ભાવ છે, એવો અર્થ છે.

નવ તત્ત્વમાં પુણ્ય તત્ત્વ પણ જુદું છે ને સંવર તત્ત્વ પણ જુદું છે, તથા નિર્જરા તત્ત્વ પણ જુદું છે. અત્યારે અજ્ઞાનીઓ તો સંવરને ખતવે છે પુણ્યમાં, ને પુણ્યને ખતવે છે સંવર-નિર્જરામાં; હજી નવ તત્ત્વના ભેદની શ્રદ્ધાના પણ ઠેકાણાં નહિ ત્યાં અભેદ આત્માની શ્રદ્ધા તો હોય જ કયાંથી? પોતે કયાં ઊભો છે તેની તેને ખબર નથી. ભલે ભૂલમાં ઊભો હોય પણ પોતાની ભૂલની પોતાને ખબર હોય તો તેને આગળ જવાનો પ્રયત્ન થવાનો અવકાશ છે. અત્યારે જે દર્શન-શ્રદ્ધાની વાત ચાલે છે તે ચોથા ગુણસ્થાનની વાત છે, ચોથા ગુણસ્થાન વગર શ્રાવકના વ્રત કયાંથી? અને સાધુપણું કયાંથી? સમ્યગ્દર્શન જ ધર્મનો પહેલો એકડો છે.

શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારંગ આદિ શબ્દશ્રુતના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં તે શુદ્ધ આત્માના સદ્‌ભાવથી જ જ્ઞાનનો સદ્‌ભાવ છે; શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે, કારણ કે જીવ આદિ નવ પદાર્થોના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં શુદ્ધ આત્માના સદ્‌ભાવથી જ દર્શનનો સદ્‌ભાવ છે; શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે, કારણ કે છ જીવ-નિકાયના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં શુદ્ધ આત્માના સદ્‌ભાવથી જ ચારિત્રનો સદ્‌ભાવ છે.

ચારિત્ર આત્માને જ આધારે પ્રગટે છે. અંતર આત્માના સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર આત્માના જ આધારે પ્રગટે છે. સમ્યકૃજ્ઞાન—સમ્યગ્દર્શન અને સમ્યક્‌ચારિત્ર તે ત્રણે આત્માના આધારે પ્રગટે છે. શાસ્ત્રનો વિકલ્પ હોય તે વખતે પણ એટલે કે શાસ્ત્રજ્ઞાનના સદ્‌ભાવ વખતે પણ આત્માના જ્ઞાનનો આધાર આત્મા જ છે, અને જે વખતે શાસ્ત્રજ્ઞાનના વિચારના વિકલ્પ તૂટી ગયા હોય તે વખતે પણ એટલે કે શાસ્ત્રના જ્ઞાનના અસદ્‌ભાવમાં જયારે આત્માના અનુભવમાં લીન હોય ત્યારે પણ આત્માનું જ્ઞાન શુદ્ધ આત્માને જ આધારે છે.

એમ જ દર્શનમાં પણ શુદ્ધઆત્મા જ આધાર છે. નવ તત્ત્વના વિકલ્પના સદ્‌-ભાવમાં પણ સમ્યગ્દર્શન આત્માને આધારે છે, અને નવ તત્ત્વના વિકલ્પ છૂટી ગયા હોય ને આત્મઅનુભવમાં લીનતા હોય તે વખતે નવ તત્ત્વના વિકલ્પના અસદ્‌ભાવમાં પણ સમ્યગ્દર્શનો આધાર શુદ્ધઆત્મા જ છે.

એક જ પંચમહાવ્રત, છ જીવ-નિકાયની દયાના પરિણામ વખતે પણ આત્મ-સ્વરૂપની રમણતાનો આધાર શુદ્ધ આત્મા જ છે, અને જ્યારે દયાના વિકલ્પ-મહાવ્રતના વિકલ્પ તૂટી ગયા હોય ને સાતમે ગુણસ્થાને અપ્રમત્ત સ્વરૂપની રમણતામાં હોય એટલે છ જીવ-નિકાયની દયાના વિકલ્પનો અસદ્‌ભાવ હોય ત્યારે પણ ચારિત્ર શુદ્ધ-આત્માને જ આધારે છે.

આવાં જ્ઞાન-દર્શન-ચારિત્ર શુદ્ધ આત્માને આશ્રયે પ્રગટ કર્યા વગર જીવે શુભભાવ તો અનંતવાર કર્યા, છતાં તે પુણ્યથી તેને શું પ્રાપ્ત થયું ?—કે સ્વર્ગ ! સ્વર્ગનાં ભૂતડાં થાય તેમાં આત્માને શું ? શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે અનંતકાળથી જીવ ભવ કરતો આવે છે તેમાં નારકીના ભવ કરતાં દેવના ભવ ઝાઝા કર્યા છે સર્વથી થોડા મનુષ્યના ભવ કર્યા તો પણ તે અનંતા કર્યા, તેના કરતાં નારકીના ભવ અસંખ્યાતગુણા અનંતા, અને તેના કરતાં પણ દેવના ભવ અસંખ્યાતગુણા અનંતા કર્યા, અને તેના કરતાં અનંતગુણા અનંતા તિર્યંચના ભવ કર્યા; આ રીતે નારકી કરતાં દેવના અસંખ્યાતા ભવ કર્યા. દેવમાં અનંતવાર પુણ્ય કરી કરીને જઈ આવ્યો તોપણ આત્મભાન વિના એકે ભવ ઘટયો નહિ. દેવમાં તો પુણ્ય કરીને જ જાય, પાપ કરીને ન જાય; માટે જો પુણ્યથી ધર્મ થતો હોય તો પુણ્ય કરીને મુક્તિમાં પણ જવો જોઈએ ને ? અનંતવાર પુણ્યભાવ કરીને સ્વર્ગમાં ગયો છતાં આ ઊભો ભવમાં, એક પણ ભવ ઘટયો નહિ. જે ભાવે સ્વર્ગ મળે તે ભાવે જો મુક્તિ થતી હોત તો ભવ અત્યાર સુધી રહેત નહિ. માટે સિદ્ધ થયું કે ભવ ઘટવાનું કારણ પુણ્ય ભાવ નથી. પરંતુ, આ ગાથામાં આચાર્યદેવે જ્ઞાન-દર્શન-ચારિત્ર શુદ્ધ આત્માને આશ્રયે થાય એમ કહ્યું તે જ્ઞાન-દર્શન ચારિત્રથી જ ભવનો અભાવ થાય, અને તે શુદ્ધાત્માના આશ્રયે થતા જ્ઞાન-દર્શન-ચારિત્રથી જ મોક્ષ થાય—પૂર્ણ સુખ થાય.

નવ ગ્રૈવેયકે જનાર અભવ્યને શાસ્ત્રોનું જ્ઞાન, નવ પદાર્થની શ્રદ્ધા અને છ કાયની દયા. આ બધો શુભભાવ ઉત્કૃષ્ટપણે હોય છે છતાં શુદ્ધ આત્માના આશ્રયે થનારાં જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી હોતાં તેથી તેની મુક્તિ થતી નથી. શુભભાવરૂપ વ્યવહારના આશ્રયવાળાં જ્ઞાન-દર્શન-ચારિત્રવડે આત્મા દુઃખથી એક અંશે પણ મુકાતો નથી અને સર્વ અંશે પણ મુકાતો નથી, કોઈ અંશમાં પણ આત્મા સુખી થતો નથી, માટે નિશ્ચય જ્ઞાન-દર્શન-ચારિત્રદ્વારા તે વ્યવહાર નિષેધવા યોગ્ય છે. નિશ્ચય એટલે શુદ્ધાત્માના આશ્રયે પ્રગટ થતાં શુદ્ધ જ્ઞાન-દર્શન ચારિત્ર; તે એક અંશથી માંડીને સર્વાંશ સુધી આત્માના અચિંત્ય, અનુપમ ને અપૂર્વ સુખને પ્રાપ્ત કરનાર છે. તેને શુદ્ધનયદ્વારા પ્રગટ થતાં કહો કે આત્માને આશ્રયે પ્રગટ થતાં કહો, તે બંને એક જ છે. તે આત્માના આશ્રયે પ્રગટ થતાં શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર અંગીકાર કરવા યોગ્ય છે, સર્વ રીતે આદરણીય છે, તેનાથી આત્માની દશા પૂર્ણ મુક્તિને પામે છે. દશા કહો, પર્યાય કહો, હાલત કહો, અવસ્થા કહો, તે સર્વના એક જ અર્થ છે. જે માર્ગથી આત્મા પૂર્ણ સુખને પામે તે જ માર્ગ અંગીકાર કરવા યોગ્ય હોય.

—૦—

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૭, શનિવાર.

અધિકાર શેનો ચાલે છે? બંધનો ચાલે છે. આત્માને પરાધીનતારૂપ બંધન છે. શારીરિક માનસિક આકુળતા તે દુઃખનું કારણ છે. પૈસા જાય, શરીરમાં રોગ આવે ત્યાં જે આકુળતા થાય છે તે જ દુઃખ છે. આત્મા પોતે કાંઈ દુઃખસ્વરૂપ હોય! આત્મા પોતે વિકારસ્વરૂપ હોય? ન હોય. પરને આધીન પોતે થાય છે તેથી વિકાર ને દુઃખ થાય છે. એક તત્ત્વને બીજા તત્ત્વની જરૂર પડે એ ભાવ જ દુઃખ છે. રોટલાની, પૈસાની, આબરૂની વગેરે પર પદાર્થની જરૂર પડે તે ભાવ જ દુઃખ છે. પર વસ્તુની ઇચ્છા તે જ દુઃખ છે, ઇચ્છા પોતે જ દુઃખ છે. જગત માને છે કે પર વસ્તુને ગ્રહણ કરીને જાણે દુઃખ છોડું છું, પરંતુ દુઃખ છોડતો નથી પણ દુઃખને વહોરે છે-ગ્રહણ કરે છે. પૈસાને, મકાનને, શરીરને, કુટુંબને કે કોઈ પર પદાર્થને ગ્રહણ કરું અને સરખા રાખું તેમ ઇચ્છે, પણ પર પદાર્થ સરખા રહેવા પોતાને આધીન નથી. પોતે દુઃખી છે માટે પર પદાર્થની ઇચ્છા કરે છે, સુખી જીવ પર પદાર્થની ઇચ્છા કરે નહિ. બે-પાંચ લાખ પૈસા મળ્યા હોય ને પૈસા કૂદતા હોય તેને દુઃખી કોણ કહે? અરે ભાઈ! એ તો મોટો દુઃખી છે. ઝાઝું માગે તે મોટો માગણ, ઓછું માગે તે નાનો માગણ; આત્મા સિવાય પર પદાર્થની ઇચ્છા કરે તે બધા માગણ છે, દુઃખી અને પરાધીન છે. આત્મા સિવાય એક રાગના ભાવથી પોતાને સુખી માને તે પણ અજ્ઞાન છે. આત્મામાં પરાધીન ભાવ થાય, તેનાથી સુખશાંતિ થાય એમ માનવું તેના જેવું કોઈ દુઃખ નથી. માટે પરાધીનતા શું અને સ્વાધીનતા શું? તે પહેલાં જાણવું પડશે. તે જાણ્યા વિના રસ્તો હાથ આવશે નહિ.

હવે આગળના કથનની સૂચનાનું કાવ્ય કહે છેઃ—

( ઉપજાતિ )

रागादयो बंधनिदानमुक्ता-
स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ता: ।
आत्मा परो वा किमु तन्निमित्त-
मिति प्रणुन्नाः पुनरेवमाहुः ॥ १७४ ॥

અર્થઃ—"રાગાદિકને બંધનાં કારણ કહ્યા અને વળી તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા; ત્યારે તે રાગાદિકનું નિમિત્ત આત્મા છે કે બીજું કોઈ?" એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્ય ભગવાન ફરીને

આમ ( નીચે પ્રમાણે ) કહે છે. ( તેનો ઉત્તર ૨૭૮-૨૭૯ ગાથામાં આચાર્યદેવ આપશે. )

શિષ્ય પ્રશ્ન પૂછે છે કે પ્રભુ! બંધનું કારણ રાગ છે કે આત્મા છે? ભગવંત! આપે પુણ્ય-પાપ બંને ભાવને બંધના કારણ કહ્યા અને શુદ્ધ ચિદાનંદ આત્માથી તે રાગાદિ ભાવને જુદા કહ્યા, તો પુણ્ય-પાપના ભાવનું કારણ આત્મા છે કે કર્મ છે?—કોણ છે? વળી એક વાર કહ્યું હતું કે શુદ્ધ ચૈતન્યમાં રાગ-દ્વેષ નથી, કારણ કે રાગ-દ્વેષ જો આત્માનો સ્વભાવ હોય તો સિદ્ધમાં પણ રહેવા જોઈએ. જેમ ધૂમાડો અગ્નિનું મૂળ સ્વરૂપ નથી તેમ પુણ્ય-પાપ ચૈતન્યનું ખરું સ્વરૂપ નથી, પુણ્ય-પાપ ભાવ ધૂમાડા જેવા છે. તો પ્રભુ! તે પુણ્ય-પાપનું નિમિત્ત આત્મા છે કે બીજું કોઈ? આત્માના અંદરમાં તો વીતરાગતા જ ભરી છે. આ રીતે પુણ્ય-પાપના ભાવને આત્માથી જુદા કહ્યા, તો તે ભાવ આવે છે કયાંથી? કર્મમાંથી આવે છે કે આત્મામાંથી આવે છે? ભગવંત! આપે તો છ કાય-જીવની દયા, નવ તત્ત્વની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પંચ-મહાવ્રતના પરિણામ તે બધા ભાવો પરાશ્રયે થાય છે તેમ કહ્યું, તે બધાને રાગ ભાવ કહ્યો, પુણ્ય હો કે પાપ હો, કોઈને જિવાડવાનો ભાવ હો કે કોઈને મારવાનો ભાવ હો, તે બંને ભાવોને દુઃખનું કારણ કહ્યું, આત્માના ધર્મને તે નુકસાનનું કારણ કહ્યું. બહિર્મુખદૃષ્ટિ જેટલી ઊઠે તેને પરાધીનતાનું કારણ કહ્યું, સ્ત્રી-કુટુંબાદિ તરફના વલણવાળા પાપભાવ, અને દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વલણવાળા પુણ્યભાવ, તે બધા વિકાર ભાવ છે, ચૈતન્યમૂર્તિથી તે ભાવોને જુદા કહ્યા; તો પ્રભુ! તે રાગ-દ્વેષના ભાવને કોણ કરાવે છે? જડ કરાવે છે કે આત્મા કરે છે? પુણ્ય-પાપના ભાવ આત્માથી જુદા હોય તો આત્માને બંધન કેમ કરે? 'જુદા તે બંધન કેમ કરે?' જુઓ! શિષ્ય આટલું વિચારી-સમજીને પ્રશ્ન કરે છે, શિષ્ય આટલે આંગણે સુધી તો આવ્યો છે. તેવા પાત્ર શિષ્યની વાત આચાર્યદેવે લીધી છે. એવા શિષ્યના પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્યદેવ ઉત્તર આપશે.

ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્ય ભગવાન ગાથા કહે છેઃ—

**जह फलिहमणी सुद्धो ण सयं परिणमइ रायमाईहिं ।**
**रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं ॥२७८॥**

અર્થઃ—જેમ સ્ફટિકમણિ શુદ્ધ હોવાથી રાગાદિરૂપે ( રતાશ-આદિરૂપે ) પોતાની મેળે પરિણમતો નથી પરંતુ અન્ય રક્ત આદિ દ્રવ્યોવડે તે રક્ત ( -રાતો ) આદિ કરાય

જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.

एवं णाणी सुद्धो ण सयं परिणमइ रायमाईहिं ।
राइज्जदि अण्णेहिं दु सो रागादिहिं दोसेहिं ॥२७९॥

છે, તેમ જ્ઞાની અર્થાત્ આત્મા શુદ્ધ હોવાથી રાગાદિરૂપે પોતાની મેળે પરિણમતો નથી પરંતુ અન્ય રાગાદિ દોષો વડે તે રાગી આદિ કરાય છે.

જેમ સ્ફટિકમણિ શુદ્ધ હોવાથી (શુદ્ધ એટલે સ્વચ્છ હોવાથી) તે સ્ફટિકમાં રાતો ને લીલો રંગ પોતાની મેળે ન થાય પરંતુ અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે તે રાતો-લીલો કરાય છે, રાતું અને લીલું ફુલ મૂકયું હોય તો સ્ફટિકમાં રાતી-લીલી અવસ્થા થાય છે. માટે ખરી રીતે સ્ફટિકમાંથી રાતા-લીલા રંગની ઝાંય આવતી નથી, સ્ફટિકના સ્વભાવમાંથી રંગની ઝાંય નથી આવતી પરંતુ તે કાળે લાલ ને લીલી અવસ્થા ફુલ મૂકવાથી આવે છે. તેમ જ્ઞાની એટલે આત્મભગવાન, સ્ફટિકમણિની જ્યોતને જાણનાર અનંતગુણોનો પિંડ, પોતે શુદ્ધ અને આ દેહથી નિરાળું તત્ત્વ છે. જેમ સિદ્ધ ભગવાન શરીર રહિત છે તેમ દરેક શરીરમાં આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. જેમ સ્ફટિકમણિમાં ધોળી સ્વચ્છ નિર્મળતા આરપાર દેખાય છે તેમ આત્મભગવાન સ્વચ્છ સ્વભાવે નિર્મળ આરપાર આખો શુદ્ધ છે. જેમ સ્ફટિકમાંથી રાતો ને કાળો રંગ નથી આવતો પણ જોડે કાળું-રાતું ફુલ મૂકયું છે તેને લઈને કાળી-રાતી ઝાંય દેખાય છે, તેમ આ દેહમાં રહેલી ચૈતન્ય જ્યોતમાં રાતો તે પુણ્યભાવ ને કાળો તે પાપભાવ છે, તે બંને ભાવ આત્માના શુદ્ધસ્વભાવમાંથી નથી ફાટતા પરંતુ જોડે કર્મનો સંયોગ પડયો છે તેના ઉપર પોતે લક્ષ મૂકે તો પુણ્ય-પાપ ભાવ થાય છે.

જેમ જે વખતે સ્ફટિકમાં રાતી ને કાળી ઝાંય પડે છે તે વખતે પણ સ્ફટિકમાં એનો જે મૂળ ધોળો સ્વભાવ છે તેનો અભાવ થયો નથી, તે વખતે પણ અંદર સ્વભાવથી ધોળપ પડી છે; જો ધોળાપણું અંદરમાં ન હોય તો, રાતા-કાળા ફૂલ તેની પાસેથી દૂર કરવામાં આવે ત્યારે તે સ્ફટિકમાં જે ધોળાપણું પ્રગટ થાય છે તે કયાંથી આવ્યું ? જો રાતી-કાળી ઝાંય વખતે ધોળાપણુ નાશ પામ્યું હોય તો પાછું આવે કયાંથી ? માટે રાતી-કાળી ઝાંય વખતે પણ ધોળાપણું સ્ફટિકમાં અંદર રહે છે. તેમ આત્મામાં જે વખતે પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ થાય છે તે વખતે પણ આત્માનો જે મૂળ શુદ્ધ સિદ્ધ જેવો સ્વભાવ છે તેનો અભાવ થયો નથી, તે વખતે પણ તેનો

---

એમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.

શુદ્ધ સ્વભાવ શુદ્ધ જ છે; જો શુદ્ધ સ્વભાવ અંદર શુદ્ધતારૂપે ન હોય તો, જ્યારે પુણ્ય-પાપના પરિણામ રહિત શુદ્ધ સ્વભાવનું ભાન કરી પોતે પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરીને પુણ્ય-પાપના ભાવનો નાશ કરે છે ત્યારે તે શુદ્ધતા આવે કયાંથી? પુણ્ય-પાપના પરિણામ વખતે જો શુદ્ધતાનો નાશ થયો હોય તો શુદ્ધતા આવે કયાંથી? પરંતુ જે વખતે-જે કાળે પુણ્ય-પાપના પરિણામ પર્યાયમાં થાય છે તે જ વખતે-તે જ કાળે આત્મસ્વભાવ દ્રવ્યે તો શુદ્ધ જ છે-દ્રવ્યમાં તો શુદ્ધતા જ ભરી છે. દ્રવ્યમાં શુદ્ધતા ભરી છે તો પર્યાયમાં શુદ્ધતા પ્રાપ્ત થાય છે, પ્રાપ્તમાંથી પ્રાપ્તિ થાય છે, જેમાં હોય એમાંથી પ્રગટે જેમાં ન હોય એમાંથી શું પ્રગટે?

જેમ સ્ફટિકમાં કાળી-રાતી અવસ્થા ફુલના સંયોગે થાય છે તેમ આત્માની અવસ્થામાં શાસ્ત્રના અગિયાર અંગને જાણવાનો શુભભાવ, નવ તત્ત્વને જાણવાનો શુભભાવ, છ જીવની દયા પાળવાનો શુભભાવ તેમજ વિષય-કષાયના પાપભાવ થાય તે શુભાશુભભાવો આત્મામાંથી નથી આવતા, આત્મા તો શુદ્ધ નિર્વિકલ્પ આનંદઘન છે તેની ખાણમાંથી તે શુભાશુભ ભાવો નથી આવતા, પરંતુ આત્માની સાથે કર્મનો સંયોગ છે તેના ઉપર લક્ષ જવાથી પુણ્ય પાપના ભાવો પ્રગટ થાય છે.

નિમિત્તના સંયોગ વિના, પોતાના સ્વભાવમાંથી જ જો પુણ્ય-પાપના ભાવ આવતા હોય તો પુણ્ય-પાપના પરિણામ આત્માનું ત્રૈકાળિક સ્વરૂપ થઈ જાય અને જે કાળિક સ્વભાવ હોય તેનો કોઈ કાળે પણ નાશ થઈ શકે નહિ, પુણ્ય પાપના ભાવ તે ક્ષણે ઉત્પન્ન થતી સંયોગી પર્યાય છે, પરંતુ આત્માનો મૂળ અસલ સ્વભાવ નથી. બાર અણુવ્રતના ભાવ, પંચમહાવ્રતના ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિના ભાવ, દાન દયા પૂજા વગેરેના શુભભાવ અને પૈસા, આબરૂ, શરીર, કુટુંબાદિ પ્રત્યે મોહ મમત્વનો અશુભભાવ—તે બધાય, આત્માના શુદ્ધ ચૈતન્યમાંથી નીકળતા ભાવો નથી, પણ પરસંયોગ ઉપર પોતાનું લક્ષ જવાથી-પરાધીનરૂપભાવ પોતે પ્રગટ કરવાથી પર નિમિત્તાધીન્ પોતે થવાથી તેવા સંયોગી ભાવો ઉત્પન્ન થાય છે, કર્મના સંયોગે પોતે તે તરફ જોડાવાથી તે ભાવો પ્રગટ થાય છે, આત્માના અસલ સ્વભાવમાં તે ભાવો આવતા નથી. આત્મા ઉપર લક્ષ મૂકવાથી—આત્માનો આશ્રય લેવાથી—તે વિકારી-ભાવો પ્રગટ થતા નથી પણ નિર્વિકારી નિર્મળ ભાવો પ્રગટ થાય છે—શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે.

જેવી રીતે ખરેખર કેવળ (-એકલો) સ્ફટિકમણિ, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી (અર્થાત્ પોતે પોતાને લાલાશઆદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી) પોતાની

મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિ ભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે; તેવી રીતે ખરેખર કેવળ ( -એકલો ) આત્મા, પોતે પરિણમન-સ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધ સ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી ( અર્થાત્ પોતે પોતાને રાગાદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી ) પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિ ભાવને પામતું હોવાથી આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ શુદ્ધસ્વભાવથી ચ્યુત થયો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે.—આવો વસ્તુનો સ્વભાવ છે.

આ જે ચંદ્ર-સૂર્યનો પ્રકાશ પડે છે તે સ્ફટિકમણિનો પ્રકાશ છે; સ્ફટિકમણિના વિમાનનું ભોંયતળિયું છે, સ્ફટિકના વિમાનમાં દેવો રહે છે. જેમણે કાંઈક પુણ્યના પરિણામ કર્યા હોય તે ચંદ્ર-સૂર્યના દેવો થાય છે, આત્માનું આરાધન કરનારા જીવો તો વૈમાનિક દેવમાં ઉત્પન્ન થાય છે, આત્માનું આરાધન કરનારા જીવો ચંદ્ર-સૂર્યના વિમાનમાં જતા નથી.

આચાર્યદેવે શુદ્ધતા અને અશુદ્ધતા સમજાવવા માટે સ્ફટિકમણિનો દાખલો આપ્યો છે. સ્ફટિકમણિ પરિણમન સ્વભાવવાળો છે, તેમાં જે ચમક ચમક થાય છે તે તેનું પરિણમન છે. લાખ રૂપિયાનો મણિ હોય તે જે જગ્યાએ મૂકયો હોય તે જગ્યાએ ક્ષેત્ર બદલાવ્યા વગર રહે, છતાં અંદર અવસ્થા બદલ્યા કરે છે.

સાચો હીરો નાનો હોય તે જે જગ્યાએ મૂકયો હોય ત્યાં ને ત્યાં ક્ષેત્ર બદલ્યા વગર પડયો હોય છતાં તે હીરામા ચમક ચમકની લહેરો ઊઠયા કરે છે, તે ચમકની લહેરો હીરાની બહાર નીકળી જતી નથી, જાણે હીરામાં ઊંડે ઊંડે મોજાં ઊઠતાં હોય એમ દેખાય છે, એક જગ્યાએ રહ્યા રહ્યા હીરામાં ચમકના મોજાં દેખાય છે. તે ઊજળી ઊજળી ચમક ક્ષણે ક્ષણે બદલ્યા જ કરે છે, પરિણમન થયા જ કરે છે. રૂપાંતર થયા જ કરે છે. તે હીરાના અને સ્ફટિકમણિના પરિણમનસ્વભાવપણાને લીધે ઊજળી ઊજળી ચમક બદલ્યા કરે છે પરંતુ કાંઈ લાલ-પીળી કે કાળી રંગ-અવસ્થા તેમાંથી થતી નથી; કારણ કે લાલ-કાળા રંગરૂપે પોતે પોતાની મેળે પરિણમવાનું નિમિત્ત નહિ હોવાથી સ્ફટિકમણિ પોતે પોતાથી સ્વયં લાલ કાળા રંગરૂપે પરિણમતો નથી, લાલ-કાળો રંગ સ્ફટિકમણિમાંથી પ્રગટ થાય તેવી તાકાત સ્ફટિકમણિમાં નથી.

—ત્યારે લાલ-કાળા પીળા આદિ રંગરૂપે કોણ પરિણમે છે? કાળા કે લાલ ફુલ પરિણમે છે, તે ફુલ કાળાને લાલ આદિ રંગરૂપે પરિણમતા થકા તે સ્ફટિકમણિને

નિમિત્ત થાય છે. સ્ફટિકમણિને નિમિત્ત થાય છે. સ્ફટિકમણિની ઊજળી અવસ્થા ઢંકાઈ જાય છે ને રાતા-કાળા રંગની અવસ્થા સ્ફટિકમાં પર સંયોગના નિમિત્ત કારણે થાય છે; કાળા-રાતા રંગની અવસ્થા થાય છે સ્ફટિકમાં, પણ તે પોતાના સ્વભાવમાંથી પ્રગટ થતી અવસ્થા નથી પરંતુ પરદ્રવ્યના સંયોગે સ્ફટિકમણિમાં પોતામાં પોતાની લાયકાતને કારણે તે રાતી-કાળી રંગ અવસ્થા દેખાય છે. પરદ્રવ્ય એવું જે ફુલ તે સ્ફટિકમાં રાતા-કાળા રંગની અવસ્થા કરાવી દેતું નથી, થાય છે સ્ફટિકમાં પોતાની યોગ્યતાને કારણે, છતાં ફુલના સંયોગે જ એ અવસ્થા દેખાય છે, સંયોગ વગર એ લાલ-પીળા રંગની અવસ્થા દેખાતી નથી.

એવી રીતે આત્મા પણ પોતે શુદ્ધ સ્વભાવી હોવાને કારણે તેના સ્વભાવમાં બંધન નથી. આત્મામાં પરિણમન સ્વભાવ હોવાને કારણે સમયે સમયે અવસ્થા બદલાયા કરે છે. આત્મ સ્વભાવે નિત્ય છે-અનાદિ અનંત છે, ત્રણે કાળે આત્માનો કોઈ દી કયારે પણ નાશ થતો નથી, એવો નિત્યસ્વભાવી હોવા છતાં પણ તેમાં અવસ્થા બદલ્યા કરે છે, પરિણામના તરંગો ક્ષણે ક્ષણે ઊઠયા કરે છે, તે પરિણામ દ્રવ્યમાં પોતામાં થયા કરે છે, દ્રવ્યની બહાર થતા નથી. આત્મા સ્વભાવથી શુદ્ધ સ્વભાવે જ પરિણમવાના સ્વભાવવાળો છે, એના સ્વભાવમાંથી રાગ-દ્વેષ, હર્ષ શોક વગેરે અશુદ્ધ પર્યાય આવતી નથી; કારણ કે રાગ-દ્વેષ, હર્ષ-શોકરૂપ અશુદ્ધ પર્યાયે પરિણમવાનું નિમિત્ત આત્મા નહિ હોવાથી સ્વયં રાગ-દ્વેષ આદિ અશુદ્ધ પર્યાયરૂપે પરિણમતો નથી, શુભાશુભ પરિણામની અશુદ્ધતા આત્મામાંથી પ્રગટ થાય તેવી તાકાત આત્મામાં નથી.

—તો પછી રાગ-દ્વેષ અને ભ્રાંતિની અશુદ્ધ અવસ્થારૂપે કોણ પરિણમે છે? અજીવ કર્મ અજીવ રાગ-દ્વેષરૂપે પરિણમે છે અને તે ચૈતન્યના પરિણામને નિમિત્ત થાય છે; ચૈતન્ય પોતે જડકર્મનું નિમિત્ત પામીને રાગ-દ્વેષ આદિ અશુદ્ધ પર્યાયરૂપે પરિણમે છે તેથી ચૈતન્યની રાગ-દ્વેષ તથા ભ્રાંતિની અશુદ્ધ અવસ્થા કહેવાય છે, પણ તે ચૈતન્યના સ્વભાવઘરની નથી, પર સંયોગે—જડકર્મના નિમિત્તે થતી અશુદ્ધ અવસ્થા છે. ચૈતન્ય પોતે દ્રવ્યથી તો શુદ્ધ છે પણ અશુદ્ધ પર્યાય વખતે તેની શુદ્ધતા ઢંકાઈ જાય છે—વ્યક્ત દેખાતી નથી; પરંતુ જો પોતે પુરુષાર્થ કરીને શુદ્ધતા તરફ દૃષ્ટિ કરે તો શુદ્ધતાનો ભાસ થયા વગર રહે નહિ. દ્રવ્યકર્મ આત્મામાં પરાણે અશુદ્ધ પર્યાય કરાવી દેતું નથી પરંતુ આત્માની પોતાની લાયકાતને કારણે અશુદ્ધતા થાય છે, પોતે ઊંધી દૃષ્ટિ કરીને વીર્ય ઊંધું પરિણમાવે છે તેથી

અશુદ્ધ પર્યાય થાય છે; પણ ત્યાં દ્રવ્યકર્મનું નિમિત્ત હોય છે ખરું, કેમ કે આત્માના સ્વભાવમાંથી તે અશુદ્ધતા આવતી નથી.

આત્મા અંતરદષ્ટિ કરે તો તેમાં બંધન છે નહિ, નિમિત્ત-આશ્રિત—સંયોગ-આશ્રિત દૃષ્ટિ છે તેથી બંધન થયા વગર રહેતું નથી. આત્મા નિત્ય-પરિણામી છે, તેનો કાયમ ટકીને બદલવાનો સ્વભાવ છે. જો આત્મા પરિણામી ન હોય તો બંધ-મોક્ષની અવસ્થા બદલી શકે નહિ, માટે આત્મા પરિણામી છે. કર્મનું નિમિત્ત પામીને પોતે અશુદ્ધ અવસ્થારૂપે પરિણમે છે અને જો સવળી દૃષ્ટિ આત્મા તરફ કરે તો મોક્ષ પર્યાયનું પરિણમન થયા વગર રહે નહિ. આત્માનો સ્વભાવ નિર્વિકલ્પ આનંદઘન છે તેમાંથી શુભાશુભ ભાવ આવતા નથી. અગિયાર અંગના જાણપણાનો શુભભાવ, નવ તત્ત્વના વિચારનો શુભભાવ કે છ જીવ-નિકાયની દયાનો શુભભાવ તે પણ આત્મામાંથી આવતો નથી. જો તે ભાવો આત્માના સ્વભાવમાંથી આવતા હોય તો આત્માનો સ્વભાવ થઈ જાય, અને સિદ્ધ ભગવાનને પણ તે ભાવો આત્મામાંથી પ્રગટ થવા જોઈએ; પરંતુ સિદ્ધ ભગવાનને તો એકલો શુદ્ધ ભાવ જ પ્રગટ છે. તે તે અશુદ્ધભાવો આત્માનો સ્વભાવ નહિ હોવાથી તેમ જ અશુદ્ધ ભાવોનું આત્મા નિમિત્ત નહિ હોવાથી સિદ્ધ ભગવાનને તે ભાવો પ્રગટ થતાં નથી, માટે ખરેખરી દૃષ્ટિથી જોઈએ તો રાગ-દ્વેષને પામતું એવું જે કર્મ તે જ રાગાદિ ભાવોનું નિમિત્ત થાય છે, તેથી રાગાદિ અશુદ્ધ ભાવોનું કારણ કર્મ છે. આચાર્યદેવ કહે છે કે ભાઈ! આત્માની ઓળખાણ કર તો તેમાંથી રાગ-દ્વેષ ભાવ ઉત્પન્ન નહિ થાય. બાકી જેટલી રાગ-દ્વેષની ઝાંય તારા પરિણામમાં દેખાય છે તે નિમિત્તજનિતભાવ છે, સંયોગી ભાવ છે, ભલે થાય છે આત્માની પર્યાયમાં, છતાં તે આત્માનો અસલ મૂળ સ્વભાવ નથી, સંયોગી ભાવ છે.

શાસ્ત્રમાં આવી તત્ત્વની જે વાત હોય તેને સમજે નહિ અને થઈ બેઠા ત્યાગી? પછી ત્યાગી નામ ધરાવીને ગૃહસ્થોને મોટા મોટા બિરુદ આપી દીયે કે અરે ભાઈ! તમે તો ધર્મના થાંભલા છો, તમે તો મોટા દાની છો, ધર્મના આધાર છો વગેરે, એવું કહી કહીને માખણ ચોપડે; કારણ કે જે ત્યાગીને પોતાને જ ધર્મનું ભાન ન હોય તે શ્રાવકોને ક્યાંથી ધર્મ સમજાવે?–કૂવામાં હોય તો અવેડામાં આવે ને? શ્રાવકો પણ સામે એવા હોય; તે ગૃહસ્થો પણ ત્યાગી પાસે જાય અને કહે કે અમારો હાથ જોશો? અરે ભાઈ! જેણે સર્પ ઘરમાંથી કાઢયો તે શું બીજાના ઘરમાં નાખવા જાય? ત્યાગી થઈને પોતે પૈસાનો ત્યાગ કર્યો ને બીજાના પૈસા થવાનું જુએ તે ત્યાગી જ નથી. અરે! પણ તેં આ બધું છોડયું ને તારે બીજાના પૈસાનું શું કામ

છે કે બીજાના હાથ જોવા બેઠો છે! ત્યાગી થઈને આવા હાથ જોવા બેસે તેને અનંતાનુબંધી કષાય છે.

અમારી પાસે પણ કેટલાક હાથ બતાડવા આવે છે. કારણ કે દુનિયામાં એમ કહેવાય છે કે ત્યાં સોનગઢ મહારાજ પાસે જે જાય તે પૈસાવાળા બહુ થાય છે, માટે ચાલો આપણે પણ હાથ જોવડાવીએ, એમ વિચારી અમારી પાસે આવીને હાથ લાંબો કરે અને કહે કે મહારાજ! હાથ જોઈ દ્યો. અમે કહ્યું બાપા! તું દુકાન ભૂલ્યો, ભાઈ! તું ઘર ભૂલ્યો. અહીં તો આત્માનો હાથ જોઈએ છીએ કે તારા આત્મામાં તને અનાદિનો શું રોગ લાગુ પડયો છે અને તે રોગ મટીને મુક્ત કેમ થાય? તે વાત સિવાય બીજી વાત અહીં નથી. કંદોઈની દુકાને તો મીઠાઈ મળે, ત્યાં કાંઈ અફીણના ગોટા ન મળે, અફીણના ગોટાની દુકાનો બીજી હોય છે. અમે તો કહીએ છીએ કે ભાઈ! બાપા! બીજે આથડવું છોડી દે ને આત્માનું શરણ લે તો તે સુખી થવાનો રસ્તો છે. આ આત્માના શરણ વગર જો દેહ છૂટયો તો તારી રાડ કોઈ સાંભળે એમ નથી, પણ જો સત્યનું શરણ લીધું અને આત્માનું ભાન કરીને સત્યની ઓથે દેહ છૂટયો તો એકાદ ભવે નિકાલ આવી જશે.

આ વાત તો બાળકને પણ સમજાય તેવી છે. આત્મા કાંઈ બાળક નથી, બાળક તો દેહની અવસ્થા છે, આત્મા તો સળંગ છે, નિત્ય છે. જેમ પૈસા માટે ઉમેદવારી કરો છો તેમ આત્મા માટે પણ ઉમેદવારી કરવી જોઈએ. આત્માનો સ્વભાવ ન ઓળખાય ત્યાં સુધી સત્સમાગમ કેમ મૂકાય? સત્સમાગમની ઓથે શ્રવણ-મનન કરીને આત્મભાન થયા પછી પણ સત્સમાગમમાં રહેવાની જ જ્ઞાનીને ભાવના હોય છે, તો પછી શ્રદ્ધા થયા પહેલાં તો કેટલો સત્સમાગમ જોઈએ! માટે આત્માના કલ્યાણાર્થીઓએ સત્સમાગમના યોગે આત્માના કલ્યાણ તરફ દૃષ્ટિ દેવી જોઈએ.

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૮, રવિવાર.

આત્મા પોતે અનાદિ અનંત વસ્તુ છે, તે આત્મા પોતે વિકારનું કારણ નથી. આત્માની ખાણમાંથી વિકારની વૃત્તિ આવતી નથી; પર તરફના લક્ષે આત્માની અવસ્થામાં વિકાર થાય છે, ને સ્વ તરફ દૃષ્ટિ કરે તો વિકારનો નાશ થાય છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેનું યથાર્થ ભાન પુરુષાર્થ વડે થાય છે. વર્તમાન કેળવણીના જેટલા ઉઘાડ દેખાય છે તે વર્તમાન પુરુષાર્થનું કાર્ય નથી, પણ પૂર્વે રાગ-દ્વેષ મોળા પાડલા એને લઈને જ્ઞાનાવરણીય કર્મ ઓછું બંધાયું, તેથી વર્તમાનમાં વિકાસ દેખાય છે; પરંતુ ભ્રાંતિને લઈને અજ્ઞાનીને એમ લાગે છે કે અમે મહેનત કરી

તેથી જ્ઞાન ખીલ્યું. પણ વાસ્તવિક રીતે જ્ઞાનનો ઉઘાડ એટલો લઈને આવેલો જ છે તેથી વિકાસ થતો દેખાય છે. આવો ઉઘાડ ખરેખર નાશવાન છે, નિત્ય રહેતો નથી.

અમે બુદ્ધિવાળા છીએ તેથી પાંચસો-સાતસો રૂપિયા પગાર મળે છે એવું અભિમાન તે ખોટું છે. પગાર મળવો તે ડહાપણનું ફળ નથી, પગાર મળવો તે તો પૂર્વના પુણ્યનું ફળ છે. પરદ્રવ્ય એક ક્ષેત્રથી બીજે ક્ષેત્રે આવે તેમાં અભિમાન કરે તેને પરદ્રવ્યની રુચિ છે, આત્માની રુચિ નથી. પગાર મળે તે પણ નાશવાન છે ને પૂર્વનો ઉઘાડ મળ્યો તે પણ નાશવાન છે, આત્માનું ભાન નથી તેથી એકેંદ્રિયમાં ક્યાંય ચાલ્યો જશે ને ઉઘાડ અવરાઈ જશે. આત્માનું ભાન થઈને જે જ્ઞાન ખીલે તે જ્ઞાન વાસ્તવિક ખીલેલું છે અને તે જ્ઞાન નિત્ય છે, તેનો નાશ થતો નથી. આત્મા સ્વતઃસિદ્ધ અનાદિ અનંત વસ્તુ છે તેના સ્વભાવમાંથી પ્રગટતું સમ્યગ્જ્ઞાન નિત્ય છે, તેનો નાશ થતો નથી.

સ્ફટિકરત્ન હજારો વર્ષ રહે તો પણ ધોળું જ છે, પોતે તો કેવળ એકાકાર ધોળા સ્વભાવે જ છે, તેના પોતાનામાંથી રાતી ને કાળી ઝાંય આવતી નથી; સ્ફટિક તો સફેદ સ્વભાવના પ્રકાશનો પિંડ છે, ગમે તેટલા વર્ષ રહે તોપણ સફેદાઈના પરિણમનની ચમક ચમક અવસ્થા થયા જ કરે છે. ભલે સ્ફટિકનું ક્ષેત્ર બદલતું નથી તોપણ સ્ફટિક એકરૂપ કૂટસ્થ નથી, એકરૂપ હોય તો પરિણમન થાય નહિ પરંતુ પરિણમન તો થાય છે. સ્ફટિક વસ્તુ કાયમ રહીને અંદર ચમકનું રૂપાંતર-ભાવાંતર થયા જ કરે છે તોપણ સ્ફટિક ક્ષેત્ર બદલતું નથી. સ્ફટિકનો પરિણમન સ્વભાવ હોવાથી પોતે એકલો પરિણમ્યા કરે છે, તેમાંથી તો ચમકતી ધોળી સ્વચ્છ પ્રકાશરૂપ જ અવસ્થા આવે એવો તેનો સ્વભાવ છે. સ્ફટિક તો શુદ્ધ એકાકાર છે, તેના આધારે તેની અવસ્થા પણ તેના જેવી જ થાય, છતાં તેની અવસ્થામાં જે કાળી-રાતી ઝાંય પડે છે તે સ્ફટિકનો સ્વભાવ નથી, પણ તેની અવસ્થાની યોગ્યતાથી ફુલના સંયોગે તે કાળી-રાતી અવસ્થા થઈ છે; ત્યાં ફુલ તો નિમિત્ત છે, સ્ફટિકની યોગ્યતા છે તેથી તે અવસ્થા થઈ છે. લાકડાની સામે રાતું-કાળું ફુલ હોય તો તે લાકડામાં રાતી-કાળી ઝાંય નહિ પડે કેમ કે લાકડામાં તેવી યોગ્યતા નથી. ફુલના સંયોગે જે રાતી-કાળી અવસ્થા થાય છે તે સ્ફટિકનો સ્વભાવ નથી પણ યોગ્યતા છે. જે વખતે અવસ્થામાં અશુદ્ધતા છે તે જ વખતે સ્વભાવે શુદ્ધતા છે, શુદ્ધતાનો નાશ થતો નથી.

જેમ સ્ફટિક હજારો વર્ષ રહે તોપણ નિર્મળ જ છે તેમ આત્મા પણ અનાદિ અનંત વીતરાગ આનંદઘન સ્વભાવે નિર્મળ જ છે. આત્મા તો પવિત્ર પરિણમન થાય તેવા સ્વભાવવાળો છે, આત્મા કૂટસ્થ નથી પણ કાયમ રહીને બદલ્યા કરે છે, તેના

સ્વભાવના આધારે તો ક્ષણે ક્ષણે નિર્મળતાની જ ચમક આવે; એકલા આત્મામાં ભક્તિ કરું, વિનય કરું, હિંસા કરું, દયા કરું એવા ભાવ ઉભા થાય એવું આત્માનું સ્વરૂપ નથી, કારણ કે તે બધા ભાવો વિકારી છે, તે વિકારી ભાવો આત્માની અંદરમાંથી આવતા નથી, એ વિકારી ભાવો આત્માના અંતરગુણના ગર્ભમાં નથી. આત્મા શરીરથી અને વિકારથી જુદો છે. આત્મા શુદ્ધ છે, એમાં ચમકરૂપ સ્વચ્છતા—નિર્મળતા પોતામાં રાખીને બદલવાનો સ્વભાવ છે; તેમાં જે વિકારી પરિણામ દેખાય છે તે કર્મના નિમિત્તે થાય છે, પરંતુ થાય છે આત્માની યોગ્યતાના કારણે, કાંઈ કર્મ કરાવી દેતું નથી. જે વખતે અશુદ્ધતા થાય છે તે જ વખતે સ્વભાવમાં શુદ્ધતા ભરી પડી છે, તેમાં આંતરો પડતો નથી. જે ટાણે અશુદ્ધપર્યાય થાય છે તે જ ટાણે સ્વભાવમાં શુદ્ધતા છે; જો તે તરફ નજર કરે તો ભાનમાં આવે તેમ છે.

આચાર્યદેવે બે દ્રવ્યને છૂટાં પાડયાં છે. વિકારી અવસ્થા ભલે આત્મામાં થાય છે પણ તે પરસંયોગે થાય છે તેથી પરના આખા પડખામાં જાય છે, ને આત્મા એકલો આખો શુદ્ધ પડખામાં જાય છે. આવી રીતે જો બે દ્રવ્યને ભિન્ન પાડીને જ્ઞાન કરે તો યથાર્થ સ્વરૂપ સમજાય છે. યથાર્થ દ્રવ્યદૃષ્ટિ જયાં પ્રગટ થાય છે ત્યાં, અશુદ્ધ પર્યાય ચૈતન્યમાં થાય છે એનું જ્ઞાન પણ ભેગું આવી જાય છે. અહીં તો દ્રવ્યદૃષ્ટિ કરાવવા કહે છે કે જે અવસ્થા પર તરફ ઢળી તે પરની છે, આત્માની નથી; એક ક્ષણની વિકારી અવસ્થા જે જડ દ્રવ્ય તરફ ઢળી તે અવસ્થા તે જડ દ્રવ્યની છે, આત્મા તરફની નથી;-સ્ફટિકની રાતી-કાળી અવસ્થા ફુલ તરફની છે, સ્ફટિકની નથી. એ રીતે બે દ્રવ્યને છૂટાં પાડવાની વાત અહીં ચાલે છે અને બે દ્રવ્ય છૂટાં જ છે.

આ વાત સમજવા જેવી છે. બે દ્રવ્યની ભિન્નતા કઈ રીતે છે ને તેની અવસ્થામાં વિકાર કઈ રીતે છે? એમ દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિની વાત યથાર્થ મેળ પૂર્વક જેને સમજાય તેનો મોક્ષ થયા વગર રહે નહિ. સંસારમાં એક હિસાબ સરખો ન મળે તો તેની કેટલી કાળજી રાખે છે? તેના માટે કેટલું ગ્યાસતેલ બાળે છે? પણ પ્રભુ! તારી વાત તને ન સમજાય તો તે સમજવા માટે કાંઈ કાળજી ખરી? તારી પ્રભુતાની મોટપ ને મહિમા તને બેસતો નથી પણ તે સમજ્યે જ છૂટકો છે, તે સમજ્યે જ સ્વભાવનું સુખ છે.

જેમ ફુલમાં રાતપ ને કાળપ છે તેવી રીતે કર્મના રજકણોમાં રાગ-દ્વેષરૂપે થવાનો સ્વભાવ છે, જડકર્મના રજકણો જડ રાગ-દ્વેષરૂપે થાય છે અને તેનું નિમિત્ત પામીને ચૈતન્યમાં પોતાના ઊંધા વીર્યને કારણે ચૈતન્યરાગ-દ્વેષ થાય છે; પણ તે પોતાના સ્વભાવ નહિ હોવાથી, કર્મના નિમિત્તે થતા હોવાથી કર્મ તરફના છે. સ્ફટિકને

દાખલો એક ટેકો છે એમાંથી આત્માનો સિદ્ધાંત સમજવાનો છે. જેમ વસ્તુસ્વરૂપ હોય તેમ યથાર્થ રીતે, જેને આત્માનું સ્વરૂપ સમજવાની જિજ્ઞાસા હોય તેણે સમજી લેવું. અભરાઈ ઉપરથી કોઈ ચીજ લેવી હોય તો ટેકો એ હાથનો હોય, કાંઈ ઠેઠ અભરાઈને અડીને ટેકો ન હોય. તેમ આ સ્ફટિકનો દાખલો છે તેમાંથી સિદ્ધાંત જેમ હોય તેમ સમજી લેવો.

માણસો કહે છે કે અમારે સુખી થવું છે; તો સુખ શેમાં છે તેનો કદી પણ વિચાર કર્યો ? કોઈ કહેશે કે અમને ખાવા-પીવામાં, હરવા ફરવામાં, વિષયમાં, પૈસામાં, એ બધામાં સુખ લાગે છે. હે ભાઈ ! એમાં બધામાં તને સુખ લાગે છે તો ત્યાં સુખ તેં કદી દેખ્યું-ભાળ્યું ? શું પૈસામાં તેં સુખ દેખ્યું ? કઈ જગ્યાએ સુખ છે ? પૈસા તો માટી છે, તો શું માટીમાં સુખ છે ? વિષયમાં સુખ કયાં લાગ્યું ? ત્યાં તો શરીર છે, તો શું શરીરમાંથી સુખ આવે છે ? એ તો જડ છે, માટી છે; શું માટીમાંથી સુખ આવે ?-ન આવે. માટે તે બધી તેં કલ્પના કરી રાખી છે, તેં કલ્પિત સુખ માની લીધું છે. મકાનમાં-હજીરામાં કયાં સુખ લટકે છે ? એ તો ધૂળનો બનેલો બંગલો છે, તેમાં કયાં સુખ દેખ્યું ? અરેરે ! જીવોએ માત્ર પરપદાર્થોમાં સુખની કલ્પના જ માત્ર કરી છે, અરે ભાઈ ! આત્માના સ્વભાવમાં સુખ ભર્યું છે તે તો તું અંદર દૃષ્ટિ કરીને જો. તો તને તે સુખ દેખાય એવું છે, તે તો રોકડિયું સુખ છે, નગદ સુખ છે, સ્વાભાવિક સુખ છે. નિરુપાધિક સુખ છે, વાસ્તવિક સુખ છે. જીવો સાચું સુખ શેમાં છે તેનો વિચાર જ કરતા નથી; અનાદિથી એમ ને એમ પરમાંથી સુખ આવે છે એવી રવેડીએ ચાલ્યા તે ચાલ્યા જ, પણ વિચાર કરતા નથી. ખરો સુખનો અર્થી થઈને વિચારે તો સ્પષ્ટ સમજાય તેવી વાત છે કે અરે ! આ બધામાં હું સુખ માનું છું પરંતુ કયાંય પણ તેમાં સુખ દેખાતું તો નથી છતાં કેમ માની બેઠો છું ? વળી તે સુખ ઉપાધિવાળું છે, ક્ષણિક છે, નાશવાન છે. જે સુખની કલ્પના કરી તે સુખ કાયમ ટકતું નથી, ક્ષણમાં પલટાઈ જાય છે, પરંતુ વિચાર જ કરતો નથી. જો આત્મ-દૃષ્ટિએ વિચારે તો સ્પષ્ટ દીવા જેવી વાત છે કે પરમાં સુખ નથી. આત્માના સુખ તરફ વલણ થાય તો પરમાં સુખ નથી એમ સ્પષ્ટ જણાય.

અહીં તો આચાર્યદેવ કહે છે કે ' હું આત્મા સુખથી ભરપૂર છું, પરિપૂર્ણ છું ' એમ તેં ન માન્યું તો તેં કર્મને તારામાં માન્યા જ છે, કારણ કે આત્માને તેં ન સ્વીકાર્યો તો કોઈ બીજાનો સ્વીકાર તારામાં છે જ. પરંતુ તું અંદર જો. આત્માને માન, પરિપૂર્ણનો સ્વીકાર કર, તો રાગ-દ્વેષ આદિ કર્મ તારા આત્મામાં છે નહિ તેમ તને પ્રતીત થશે. જો પરિપૂર્ણ આખી વસ્તુ શ્રદ્ધામાં લીધી કે હું આખો અખંડ છું, તો અવસ્થામાં જે વિકારી હાલત થાય છે તે વસ્તુમાં નથી તેમ યથાર્થ જ જણાશે;

તે અવસ્થાનો હું કર્તા નથી પરંતુ નાશક છું. જેણે શુભાશુભ ભાવનો ઉત્પન્ન કરનાર આત્મા માન્યો તેણે નિર્મળ અવસ્થાને ઉત્પન્ન કરનાર આત્માને માન્યો નહિ. પછી કહેશે કે અમે સાચા બોલા છીએ, પણ આમાં સાચા બોલવાનું ક્યાં આવ્યું? આત્માનો સ્વભાવ જેવો છે તેવો સમજીને બોલે તે જ સાચું બોલનાર છે, બાકી અજ્ઞાનીનો એક અક્ષર પણ સાચો હોય નહિ. પુણ્ય-પાપ ભાવ આત્મામાંથી આવે તેમ જેણે માન્યું તે પરમ સત્યનું ખૂન કરનાર છે, પરમ સત્યનો અનાદર કરનાર છે. સર્વાર્થસિદ્ધિનો ભવ જે ભાવે મળે અને તીર્થંકર નામકર્મ જે ભાવે બંધાય તે ભાવો પણ આત્મામાંથી સ્વભાવમાંથી પ્રગટ થતા ભાવ નથી પરંતુ નિમિત્તાધીન થતા સંયોગી ભાવ છે. આ કાળે આવી વાત કાને પડવી પણ મુશ્કેલ છે, છતાં પણ આવી અધ્યાત્મ-વાત અત્યારે સેંકડો માણસો પ્રેમથી સાંભળે છે એટલો કાળ અનુકૂળ છે ને! સાંભળતાં એટલું તો થવું જોઈએ કે આ કાંઈક બીજી વાત છે; દુનિયા કહે છે તેના કરતાં બીજી જાતની આ વાત છે એમ રુચિ કરી જિજ્ઞાસા કરશે તેનું સત્ય તરફ વલણ થશે. આચાર્ય મહારાજે જે વાત કીધી છે તે બીજા સમજી શકશે એમ માનીને કીધી છે?—કે નહિ સમજી શકે એમ માનીને કીધી છે? આ શાસ્ત્રની રચના બીજા જીવો સમજી શકશે તેવા હેતુથી થઈ છે. જો બીજા જીવો નહિ સમજી શકે એમ આચાર્યદેવના જ્ઞાનમાં હોય તો શાસ્ત્રની રચના જ ક્યાંથી થાય? આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારી તાકાત જે અંદરમાં ભરી છે તેની આમાં જાહેરાત થાય છે.

બધા આત્મા શક્તિરૂપે તો ઈશ્વરસ્વરૂપે જ છે, સ્વભાવે શુદ્ધ જ છે; તે એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ રાગાદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે રાગાદિરૂપે પરિણમે છે. આવો વસ્તુનો જ સ્વભાવ છે, તેમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી, કોઈ કુતર્કીના કુતર્ક આમાં ચાલે તેમ નથી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:—

( ઉપજાતિ )

न जातु रागादिनिमित्तभाव-
मात्मात्मनो याति यथार्ककांतः ।
तस्मिन्निमित्तं परसंग एव
वस्तुस्वभावोऽयमुदेति तावत् ॥ १७५ ॥

અર્થ:—સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે,

તેમ ) આત્મા પોતા નેં રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી, તેમાં નિમિત્ત પરસંગ જ ( -પરદ્રવ્યનો સંગ જ ) છે.—આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. ( સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી ).

આચાર્યદેવે બીજું દૃષ્ટાંત કાચનું આપ્યું છે. સૂર્યના તડકા સામે કાચ રાખો તો તેમાંથી અગ્નિની દાળ પડે છે, નાના છોકરા ઘણી વાર એવી રમત કરે છે.

સૂર્યકાંતમણિનો કાચ પોતાથી અગ્નિરૂપે પરિણમતો નથી, પોતાની મેળે એમાંથી અગ્નિ થાય એવો સ્વભાવ સૂર્યકાંતમણિનો નથી, સૂર્યનું નિમિત્ત બને ત્યારે સૂર્યકાંતમણિમાંથી અગ્નિ ઝરે છે.

તેવી રીતે આત્માના સ્વભાવમાંથી પુણ્યપાપના વિકારી પરિણામરૂપ અગ્નિ ઝરતો નથી. પુણ્ય-પાપના પરિણામ તે અગ્નિ છે અને ભગવાન આત્મા સૂર્યકાંતમણિ સમાન છે; સૂર્યકાંતમણિસ્વરૂપ આત્મામાંથી પુણ્ય-પાપના વિકારી પરિણામ ઝરતા નથી, પણ જડ કર્મ નિમિત્ત બને છે ત્યારે આત્માની પોતાની યોગ્યતાને કારણે પુણ્ય-પાપના વિકારી પરિણામરૂપ અગ્નિ ઝરે છે. આત્મા પરથી અસંગ છે, પર તરફ લક્ષ કરે છે તેથી વિકારી પરિણામ થાય છે, પરસંગે થતી કષાયની વૃત્તિ તે પરસંગની છે, આત્માના સ્વભાવ-સંગની નથી. આત્મા તો પરદ્રવ્યથી અસંગ છે તેની અસંગતા ઉપર જો દૃષ્ટિ જાય તો વિકાર થાય નહિ, પરસંગ તરફ દૃષ્ટિ જાય છે તેથી વિકાર થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો જે રાગ થાય છે તે શુભરાગ છે; સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી તરફનો જે રાગ થાય છે તે અશુભરાગ છે; પર તરફ લક્ષ જતાં શુભાશુભ પરિણામ થયા વગર રહેતા નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ લક્ષ જતાં શુભ પરિણામ થયા વગર રહેતા નથી અને સ્ત્રી, કુટુંબ તરફ લક્ષ જતાં અશુભ પરિણામ થયા વગર રહેતા નથી. પર દ્રવ્યના વલણમાં વિકારી પર્યાય થયા વગર રહેતી નથી, અને નિર્વિકારી પર્યાય પ્રગટતી નથી, સ્વ દ્રવ્ય તરફ દૃષ્ટિ કરવાથી નિર્વિકારી પર્યાય પ્રગટ્યા વગર રહેતી નથી અને વિકારી પર્યાયનો વ્યય અવશ્ય થાય છે. આત્મા પોતે અસંગ છે, તેના તરફ દૃષ્ટિ કરવાથી શુદ્ધ પર્યાય અવશ્ય પ્રગટે છે.

જેમ સૂર્યકાંતમણિમાં પોતાની મેળે અગ્નિની દાળ પડવાનો સ્વભાવ નથી તેમ આત્માના સ્વભાવમાંથી શુભાશુભ પરિણામ થવાનો સ્વભાવ નથી; તેથી એમ સિદ્ધ થાય છે કે જડકર્મ નિમિત્ત છે અને વિકારી પરિણામ કર્મ તરફના છે. પરાશ્રય દૃષ્ટિથી બંધ છે ને સ્વાશ્રય દૃષ્ટિથી મુક્તિ છે.

અશુભ પરિણામથી બચવા શુભ પરિણામ આવે ખરા, પણ તે બન્ને વિકારી

પરિણામ છે. છોકરા માટે પૈસા રાખું એવો ભાવ તે પાપના પરિણામ છે અને ધર્મને માટે તૃષ્ણા ઓછી કરું એવો ભાવ તે પુણ્યના પરિણામ છે. જે જીવ વસ્તુનો સ્વભાવ સમજશે તે અશુભ પરિણામથી બચવા શુભ પરિણામમાં જોડાશે ખરો, વીતરાગ ન થાય ત્યાં સુધી શુભ પરિણામ આવ્યા વગર રહેશે નહિ, પણ તે સમજશે કે આ વિકારી પરિણામ છે, આનાથી ધર્મ થતો નથી, આત્માની શુદ્ધ પર્યાય નથી; પણ પૂર્ણતા નથી થઈ ત્યાંસુધી અશુભ પરિણામથી બચવા શુભ પરિણામ આવ્યા વગર રહેતા નથી. અજ્ઞાની કરતાં જ્ઞાની દાન સારું આપી શકશે. વસ્તુનો સ્વભાવ વીતરાગ છે, રાગનો કણિયો પણ મારો નથી-એવું ભાન થયા પછી સ્ત્રી-છોકરાં આદિનો રાગ ઘટાડીને, કુદેવ, કુગુરુ ને કુશાસ્ત્રમાંથી ભક્તિ છૂટીને, સુદેવ, સુગુરુ ને સુશાસ્ત્રમાં ભક્તિ થયા વગર રહેશે નહિ; તે જીવ ધર્મ-પ્રભાવના માટે તૃષ્ણા ઘટાડીને દાન પણ અજ્ઞાની કરતાં ઘણું કરશે. પણ જ્ઞાની તેનાથી ધર્મ પ્રગટશે-આત્માની શુદ્ધ પર્યાય પ્રગટશે તેમ માનતા નથી.

અહીં તો કહે છે કે અરે ભાઈ! જો તારા ભાવમાં જરાક પણ એમ રહેશે કે પુણ્યના ભાવથી ધર્મ થાય છે; તોપણ તારા જન્મ મરણ ટળવાના નથી; પછી ભલે પુણ્ય કરીને રાજા થાય કે પાપ કરીને રંક થાય, ભલે દેવ થાય કે નરકે જાય, પણ ભવ ભ્રમણ ટળવાનું નથી; જ્યાંસુધી પુણ્ય પરિણામથી ધર્મ થાય તેમ માન્યું છે ત્યાંસુધી જન્મ-મરણ ટળવાના નથી. અરે ભાઈ! સ્વભાવની દૃષ્ટિ કર! ને પરસંગની દૃષ્ટિ છોડ! સ્વભાવનો આદર કર.

સ્વ એટલે પોતીકો સ્વભાવ; તે સ્વભાવ અનાદિનો છે, કોઈએ કર્યો નથી. વસ્તુનો સ્વભાવ સ્વતંત્રપણે પ્રકાશમાન છે, કોઈએ તે સ્વભાવ કર્યો નથી. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનો સ્વભાવ કરી શકતું નથી. સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે. અત્યારે તો સ્વતંત્રતા એટલે માબાપથી જુદું થવું અને એકલા સ્વછંદપણે હરવું-ફરવું, તેને લોકો સ્વતંત્રતા માને છે. છોકરાં માબાપને કહે છે અમે તમારું નહિ માનીએ, હવે અમે મોટા થયાં માટે અમે અમારું ધાર્યું કરશું. બાપ પણ સામે એવો હોય કે પાંચ લાખની મૂડી હોય તોપણ છોકરાવને વાપરવા જેટલુંય ન આપે; પછી છોકરા કહે કે અત્યારે નહિ આપો તો કોઈક પાસેથી ઉછીતા લેશું ને પછી તેના બમણા કરીને આપશું. બાપ પણ એવો હોય ને છોકરા પણ એવા.—બંને જણા અણસમજણવાળા છે. સ્વતંત્રતાની વ્યાખ્યા આવી નથી, ભાઈ! સ્વતંત્રતાની તો અલૌકિક વ્યાખ્યા છે. સ્વતંત્રતા એટલે પુણ્ય કે પાપનો અંશ પણ મારો નથી, મને પરની

જરૂર અંશમાત્ર પણ નથી, હું પરનો ઓશિયાળો જરા પણ નથી, હું તો મારા અનંતગુણથી ભરેલો સ્વતંત્ર છું, મારામાં પર તરફની એક શુભવૃત્તિ આવે તે પણ મારી પરતંત્રતા છે, મારા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને ઓળખીને તેમાં સ્થિર થવું તે જ મારી સ્વતંત્રતા છે; આવા અપૂર્વ સ્વભાવને ઓળખીને સ્થિર થવું તે જ ખરી સ્વતંત્રતા છે. આવો જ વસ્તુનો સ્વતંત્ર સ્વભાવ છે, તે કોઈએ કરેલો નથી, અનાદિથી એમ જ છે.

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૮ ( બીજી ) સોમવાર.

[ ભગવાશ્રી કુંદકુંદાચાર્યદેવની આચાર્યપદવીનો દિવસ ]

આત્મા રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી. જેમ આત્મા એક વસ્તુ છે તેમ કર્મ પણ એક વસ્તુ છે. આત્મા પોતે પોતાથી રાગ-દ્વેષનું કારણ થતો નથી, ફક્ત બીજા પદાર્થ તરફની દૃષ્ટિ તે રાગદ્વેષનું કારણ થાય છે. જેમ સ્ફટિકમાં ફુલના રંગની ઝાંય તે ફુલ તરફની છે, જેમ સૂર્યકાંતમણિમાં અગ્નિનું નિમિત્ત પોતે નથી પણ સૂર્યનું બિંબ તેને અગ્નિરૂપે પરિણમવામાં નિમિત્ત છે. તેમ અસંગ આત્મામાં રાગ-દ્વેષ કે બંધન નથી, ફક્ત કર્મ તરફની દૃષ્ટિથી રાગ-દ્વેષ થાય છે. આવો વસ્તુનો સ્વભાવ કોઈએ કરેલો નથી.

' આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી ' એવા અર્થનો, આગળની ગાથાની સુચનારૂપ શ્લોક હવે કહે છે:—

( અનુષ્ટુપ )

इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः ।
रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः ॥१७६॥

અર્થ:—એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી, તેથી તે ( રાગાદિકનો ) કર્તા નથી.

જ્ઞાની રાગાદિકને પોતાના માનતો નથી તેથી તેનો કર્તા થતો નથી; અલ્પ રાગ-દ્વેષ અધૂરાશને લઈને થાય છે પણ તેનો તે જ્ઞાતા રહે છે, આત્માની પૂર્ણ સ્થિરતા પુરુષાર્થ દ્વારા વધારીને તે કેવળ લેવાનો છે. આમાં બહારનું કરવાનું કાંઈ ન આવ્યું પણ આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રની અનંતી ક્રિયા કરવાની આવી. જ્ઞાની અલ્પ રાગ-દ્વેષ થાય છે તેનો ઉત્પાદક નથી, જો તેનો ઉત્પાદક હોય તો તે આત્માનો સ્વભાવ

થઈ જાય. માટે જ્ઞાની વિભાવનો ઉત્પાદક નથી, પોતાની સ્વભાવ પર્યાયનો જ ઉત્પાદક છે. નબળાઈને કારણે, અસ્થિરતા હોવાથી ચૈતન્યની પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે, પણ જ્ઞાની તેનો જ્ઞાતા રહે છે. પુરુષાર્થ દ્વારા સ્વરૂપ રમણતા વધારીને તે રાગ-દ્વેષનો ક્ષય કરશે.

હવે, એ પ્રમાણે જ ગાથામાં કહે છે:—

**ण य रायदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा**
**सयमप्पणो ण सो तेण कारगो तेसि भावाणं ॥२८०॥**

અર્થ:—જ્ઞાની રાગદ્વેષમોહને કે કષાય ભાવને પોતાની મેળે પોતામાં કરતો નથી તેથી તે, તે ભાવોનો કારક અર્થાત્ કર્તા નથી.

યથોક્ત ( અર્થાત્ જેવો કહ્યો તેવા ) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની ( પોતાના ) શુદ્ધ સ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી, માટે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે—એવો નિયમ છે.

આત્માનો સ્વભાવ પરથી નિરાળો છે, ત્રણ કાળ ત્રણ લોકમાં આત્માને પરના સંગનો પ્રસંગ નથી, આત્મા પરથી અસંગ છે. એવા આત્માનું જેને યથાર્થ જ્ઞાન થયું તે પરનો કર્તા થતો નથી, પરનો સાક્ષી રહે છે, શુભાશુભ વૃત્તિઓથી તેનું સાક્ષીપણું ભ્રષ્ટ થતું નથી. પોતાના પવિત્ર સ્વભાવને જાણતો એવો ધર્માત્મા રાગ-દ્વેષવાળો થતો નથી, પોતે વિકારરૂપે પરિણમતો નથી પણ જ્ઞાયકરૂપે જ પરિણમે છે. રાગ-દ્વેષાદિ વિકારીભાવો તેને પરાણે વિકારના કર્તાપણે પરિણમાવતા નથી તેથી જ્ઞાની જ્ઞાયકભાવે રહેતો રાગાદિભાવનો અકર્તા જ છે. અલ્પ અસ્થિરતા થાય છે તે વાત અહીં ગૌણ છે. જ્ઞાનીને સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો ભેદ પડી ગયો છે; શરીર, વાણી અને મનને તો ભિન્ન જ જાણે છે, તેનો કર્તા તો થતો જ નથી, અને અંતરંગમાં થતા જે રાગાદિભાવો તેનો પણ કર્તા થતો નથી, તેને પણ પોતાના સ્વભાવથી સ્પષ્ટપણે ભિન્ન જાણે છે. જેમ સૂકાયેલ નાળિયેરમાં ટોપરાનો ગોટો કાચલીથી જુદો જ છે તેમ ધર્માત્મા ક્ષણે ને પળે રાગાદિથી ભિન્ન જ રહે છે, તેનો જ્ઞાતા રહે છે, તેમાં એકમેક થતો નથી, રાગાદિ સાથે તેને એકત્વબુદ્ધિ થતી નથી. ધર્માત્માને ગમે તે કાર્ય કરતાં સ્વભાવદૃષ્ટિ

---

કહી રાગદ્વેષવિમોહ અગર કષાકભાવો નિજ વિષે
જ્ઞાની સ્વયં કરતો નથી, તેથી ન તત્કારક ઠરે. ૨૮૦

ખસતી નથી તેથી તે રાગ દ્વેષને પોતારૂપ કરતો નથી. ભગવાનની ભક્તિનો રાગ આવે તે પણ મારો નથી, તે મારો સ્વભાવ નથી તેમ ધર્મી સમજે છે. વીતરાગતા થઈ નથી તેથી ભગવાનની ભક્તિનો શુભરાગ ધર્મીને આવે ખરો, અશુભ પરિણામથી બચવા શુભ પરિણામ આવે ખરા, પણ તેને તે પોતાનું શુદ્ધ સ્વરૂપ માનતો નથી, તે પરિણામથી પોતાના સ્વભાવની ભિન્નતા જ ભાસ્યા કરે છે, તેનો સાક્ષી રહે છે, કર્તા થતો નથી. નબળાઈને લઈને શુભાશુભપરિણામમાં જોડાય છે ખરો તોપણ તેની સ્વભાવદૃષ્ટિ ખસતી નથી.

'હું પરથી નિરાળો છું, સ્વસ્વરૂપે છું ને પરરૂપે નથી' એમ જેણે માન્યું છે, તે રાગ-દ્વેષનો ઉત્પાદક નથી.

'કર્મ છે ને હું નથી, હું વિકારરૂપ છું ને ત્રિકાળ આનંદરૂપ નથી' એમ જેણે માન્યું છે તેણે 'પર છે અને પોતે નથી' એવો ઊંધો સ્વીકાર કર્યો છે.

પ્રશ્નઃ— શરીરને પોતે ફેરવી શકે કે નહિ?

ઉત્તરઃ—એક પરમાણુ એક ક્ષેત્રથી બીજે ક્ષેત્રે જાય તેને પણ આત્મા ફેરવી શકતો નથી તો પછી અનંત પરમાણુનો પિંડ એવું આ સ્થૂળ શરીર તેને આત્મા ક્યાંથી ફેરવી શકે? પરમાણુને આકાશની ઉપાધિ તરફથી જુઓ તો આ ક્ષેત્રથી આ ક્ષેત્રે ગયું તેમ કહેવાય પણ પરમાણુના સ્વક્ષેત્રથી જુઓ તો તે પોતાના સ્વક્ષેત્રથી છૂટયો નથી. રજકણ રજકણના ક્ષેત્રમાં છે ને આકાશ આકાશક્ષેત્રમાં છે, રજકણે રજકણ સ્વતંત્ર છે, કોઈ તેને ફેરવી શકતું નથી; તો શરીર પણ પરદ્રવ્ય છે તેને ક્યાંથી ફેરવી શકે? માત્ર અજ્ઞાનીએ ભ્રાંતિ વડે માન્યું છે કે હું શરીરને ફેરવી શકું છું. જ્ઞાની શરીરની ક્રિયાનો કર્તા થતો નથી, જ્ઞાતા રહે છે. પુણ્યનો ઉદય હોય ત્યારે શરીરની ક્રિયા ઇચ્છા પ્રમાણે, ઇચ્છાને અનુકુળ થાય છે, પાપનો ઉદય જ્યારે હોય છે ત્યારે શરીરની ક્રિયા ઇચ્છા પ્રમાણે થતી નથી. પણ અજ્ઞાની પુણ્યના ઉદય વખતે ઇચ્છા પ્રમાણે શરીરની ક્રિયા થતી દેખીને શરીરની ક્રિયા હું કરું છું એમ માની લે છે. અને જ્ઞાની તો સમજે છે કે શરીર પરદ્રવ્ય છે, તેનો કર્તા હું નથી; તે તેના ભાવે સ્વતંત્રપણે પરિણમે છે, હું મારા જ્ઞાયકસ્વભાવે પરિણમું છું.

શરીર ઘણા પરમાણુના પિંડરૂપ પુદ્‌ગલ છે. જેના શસ્ત્રથી ભાગ પાડતાં પાડતાં સૂક્ષ્મ શસ્ત્રથી પણ ભાગ ન પડે, અને જ્ઞાનમાં ભાગ પાડતાં પાડતાં પણ જેના બે ભાગ ન થાય એવો જે પુદ્‌ગલનો છેલ્લામાં છેલ્લો અંશ તેને પરમાણુ કહેવાય છે. તે પરમાણુનું ક્ષેત્ર નાનામાં નાનું છે, તોપણ તે પોતાના જ ક્ષેત્રમાં છે, પર ક્ષેત્રમાં

નથી. વસ્તુ ત્રણે કાળ પોતાના ક્ષેત્રમાં છે, ભાવથી પણ ત્રણે કાળ પોતામાં છે. કોઈ કહે કે હું તેને ફેરવી નાખું, પણ તે ત્રણે કાળ ત્રણ લોકમાં ફેરવી શકે તેમ નથી.

આત્મા પોતે પોતાના સ્વભાવનું લક્ષ ચૂકે ત્યારે બીજી ચીજ જે કર્મ તેને આરોપ અપાય છે કે ભૂલનું કારણ કર્મ છે, વિકારનું કારણ કર્મ છે; સ્વભાવનો આધાર આત્મા તે વિકારનું કારણ નથી, કર્મનું કારણ નથી.

ક્રોધ-માન-માયા-લોભમાં એકાકાર થઈ જાય પછી કહેશે કે અમને સમજાય નહિ. પણ ભાઈ! તું કોની સાથે મેળવીને કહે છે કે અમને સમજાય નહિ? માત્ર તેં માની લીધું છે, કલ્પના કરી છે કે અમને સમજાય નહિ. જે આખું સ્વભાવનું ચક્ર છે તેમાં એક શલ્ય નાખી દીધું-એક ખીલી વચ્ચે નાખી દીધી-કે મને સમજાય નહિ. જેમ એક મશીન ચાલતું હોય તેનો એક સંચો બંધ કરે ત્યાં બધા સંચા બંધ થઈ જાય છે, તેમ આત્મા અનંત જ્ઞાનનો પિંડ છે તેમાં 'મને ન સમજાય' એવું શલ્ય નાંખીને સમજણનો સંચો બંધ કરી નાખે, પછી સમજાય ક્યાંથી? 'મને કેમ ન સમજાય! જરૂર સમજાશે, મારે સમજવું છે...સમજવું છે' એવી ભાવનાથી જરૂર સમજાય.

'જ્ઞાયક' પોતાનો સ્વભાવ ધર્મ છે તેમાં એકાગ્ર રહેવું તે 'અહિંસા પરમો ધર્મ' છે, પરની દયા પાળવી તેટલામાં અહિંસા પરમો ધર્મ નથી, તે તો એક શુભ પરિણામ છે. અશુભ પરિણામથી બચવા શુભ પરિણામ હોય ખરા, પણ વાસ્તવિક રીતે પોતે બીજાને જિવાડી કે મારી શકતો નથી, માત્ર શુભ પરિણામ કરી શકે છે. બીજાનું જીવવું કે મરવું તે સામાના આયુષ્ય ઉપર આધાર રાખે છે; માટે વાસ્તવિક રીતે વિકારી પરિણામથી નિરાળા જ્ઞાયક સ્વભાવમાં સ્થિર રહેવું તેનું નામ અહિંસા પરમો ધર્મ છે. ચૈતન્યપ્રાણને જુદા પાડીને વિકારમાં એકાગ્ર થવું તેનું નામ હિંસા છે. આત્માનું ચૈતન્ય જ્ઞાયક શરીર છે, પુણ્ય-પાપની વૃત્તિ વગરનું આત્માનું જ્ઞાયક શરીર છે, એને ચૈતન્ય જીવનથી જુદો પાડીને વિકારી માનવો તે હિંસા છે, ચૈતન્ય જીવનને જીવતું રાખવું તે અહિંસા પરમો ધર્મ છે.

પરંતુ કોઈ કાંઈ કરી શકતું નથી, માત્ર બીજાને મારવા-જિવાડવાના ભાવ પોતે કરે છે. પોતે તો પોતાના રાગનું સમાધાન કરે છે; ત્યાં જો સામાનું આયુષ્ય હોય તો તે બચી જાય છે, તેને લોકો અહિંસા કહે છે, પણ તે વાસ્તવિક અહિંસા નથી; વાસ્તવિક અહિંસા તો વિકારી પરિણામને જુદા પાડીને-તેનું ભેદજ્ઞાન કરીને સ્વભાવમાં ઠરવું તે છે. પરમાત્મપ્રકાશમાં આવે છે કે અનાદિના બંધુ જે રાગ-દ્વેષ

તે કોઈ દિવસ જુદાં પડયા નહોતા, તેનો જ્ઞાનીએ ઘાત કર્યો! રાગ-દ્વેષનો નાશ કર્યો એટલે કે રાગ-દ્વેષની હિંસા થઈ અને સ્વભાવની અહિંસા થઈ.

આત્મા દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે એટલે કે દ્રવ્યદૃષ્ટિએ પુણ્ય-પાપનો વિકાર થવાનું સામર્થ્ય આત્મામાં નથી. પર્યાયદૃષ્ટિએ પરિણામી છે, સ્વભાવમાં શુદ્ધ પર્યાયરૂપે પણ પરિણમે છે અને અશુદ્ધ પર્યાયરૂપે પણ પરિણમે છે. શુદ્ધ વસ્તુદૃષ્ટિએ આત્મા અપરિણમનસ્વરૂપ છે એટલે કે ફૂટસ્થ છે, પરંતુ તદ્દન ફૂટસ્થ છે એમ નથી; કથંચિત્-કોઈ અપેક્ષાએ ફૂટસ્થ છે અને કથંચિત્-કોઈ અપેક્ષાએ પરિણામી પણ છે. બંધ અને મોક્ષ પર્યાય છે તે નિમિત્તની અપેક્ષા રાખતી પર્યાય છે, નિરપેક્ષ દૃષ્ટિએ આત્મા અપરિણામી છે; અભેદ દૃષ્ટિએ આત્મા અપરિણામી છે, ને દ્રવ્ય ગુણ પર્યાયના ભેદ પાડો તો આત્મામાં શુદ્ધ નિરપેક્ષ પર્યાય છે, માટે આત્મા પરિણામી પણ છે; સિદ્ધ ભગવાનના અનંતગુણોમાં પણ પરિણમન થઈ રહ્યું છે. માટે આત્મા પરિણામી છે. પરંતુ દ્રવ્યદૃષ્ટિએ—અભેદદૃષ્ટિએ આત્મા અપરિણામી છે.

અહીં તો કહેવું છે કે પ્રભુ! તારા માહાત્મ્યને જો, પરસંગથી થતાં પુણ્ય-પાપના પરિણમનની દૃષ્ટિ છોડ. તું પરથી અસંગ છે. વસ્તુ વિકારી નથી, પરના સંગવાળી નથી પણ અસંગ છે, એવી દૃષ્ટિ ધર્મીને પ્રગટ થઈ છે તેથી તે રાગ-દ્વેષનો ઉત્પાદક થતો નથી, સાચી દૃષ્ટિવાળો રાગ-દ્વેષની સૃષ્ટિનો ઉત્પાદક થતો નથી. માટે જગતના સર્વ જીવો આ દૃષ્ટિને પ્રગટ કરો કે જેથી ચૈતન્ય તેજ પ્રગટ થાય અને વિકારનો નાશ થાય.

આત્માનું સ્વરૂપ ચૈતન્ય નિર્મળ તેજ છે તેને ભૂલીને અજ્ઞાનીએ વિકાર પરિણામ કરી કરીને તેમાં જ તરબોળ કરી નાખ્યો પછી કહે છે કે—મેં બહુ કામ કર્યાં, આત્મતત્ત્વને ભૂલીને વિકારી પરિણામને પોતાના ખતવ્યા અને કહે છે કે—મેં બહુ કર્યું! પણ ભાઈ! તું વિકારનો કર્તા થયો તેથી તો ભવભ્રમણ વધવાના. જ્ઞાનીએ રાગ-દ્વેષને પોતાનું કર્તવ્ય સ્વીકાર્યું નથી. પુરુષાર્થની નબળાઈ છે તેથી અલ્પ રાગ-દ્વેષ થાય છે પરંતુ તે મર્યાદામાં થાય છે, બેહદ થતાં નથી. જે જીવ રાગ દ્વેષને પોતાના સ્વભાવઘરમાં ખતવે છે તેને રાગ-દ્વેષનું પ્રમાણ રહેતું નથી; જેમ સ્વભાવ બેહદ છે તેમ વિકારને પણ તે બેહદ કરવા માગે છે. જ્ઞાનીએ પોતાનો સ્વભાવ બેહદ છે તેને પોતાનો સ્વીકાર્યો અને વિકાર પર છે એમ જાણ્યું, પછી પુરુષાર્થની નબળાઈથી અલ્પ રાગ-દ્વેષ થાય છે પણ તે પ્રમાણસર થાય છે, મર્યાદાવાળા થાય છે, બેહદ થતાં નથી, સ્વભાવનું ભાન ભૂલીને બેહદ થતા નથી, અને ક્રમે કરીને નાશ થાય છે. આવો જ્ઞાનદૃષ્ટિનો મહિમા છે.

આજનો દિવસ ભગવાન કુંદકુંદાચાર્યને આચાર્ય પદવીના આરોપણનો છે. જેમણે આ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, જેઓ તીર્થંકર ભગવાન શ્રી સીમંધરપ્રભુ વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે તેમની પાસે ગયા હતા અને ત્યાં આઠ દિવસ રહ્યાં હતા, ભગવાનના દિવ્યધ્વનિનું સાક્ષાત્ શ્રવણ કર્યું હતું, ત્યાં આઠ દિવસ રહીને મહાવિદેહક્ષેત્રમાંથી અહીં આવીને જેમણે શ્રુતની પ્રતિષ્ઠા કરી છે તેવા ભગવાન કુંદકુંદાચાર્યને આજે આચાર્યપદવીના આરોપણનો દિવસ છે. આજનો દિવસ મહા માંગળિક છે. આ પોષ વદ આઠમે શાસનરક્ષક આચાર્ય પદ તેમને મળેલું. તેમનું આચાર્યપદ આ વર્તમાનકાળે તીર્થંકર જેવું છે, તેમણે તીર્થંકર જેવું કામ કર્યું છે. સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય અને અષ્ટપાહુડ વગેરે ઘણાં શાસ્ત્રોની તેમણે રચના કરી છે, તેમાંથી કેટલાંક વિદ્યમાન છે. તેમણે પોતાના અપૂર્વ અનુભવમાં કલમ બોળીને આ શાસ્ત્રોની રચના કરી છે. આજે અપૂર્વ આચાર્ય પદવીનો દિવસ છે. શાસ્ત્રની આજે પોષ વદ ૮ છે અને આ ગુજરાત પ્રાંતનો આજે માગશર વદ ૮ નો દિવસ છે, મારવાડમાં શાસ્ત્ર પ્રમાણે ચાલે છે, ત્યાં પણ આજે પોષ વદ આઠમ છે. તે દિવસ તો કાળદ્રવ્યની પર્યાય છે પરંતુ જેને સત્ય સમજાય તેને ઉપકાર આવ્યા વિના રહેશે નહિ. સમયસાર શાસ્ત્રની એકે એક ગાથામાંથી મહા તત્ત્વ નીતરી રહ્યું છે; તે ગુરુગમ વિના સમજાય તેમ નથી, પાનામાંથી નીકળે એમ નથી, કારણ કે સત્ય વસ્તુ તો અનાદિની અજાણ રહી ગઈ છે. માટે એકવાર સત્સમાગમ જરૂર મળવો જોઈએ, જેની લાયકાત હોય તેને સમાગમ થયા વગર રહે નહિ. સમજે તો પોતાના પુરુષાર્થથી, પરંતુ નિમિત્ત આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી શુભરાગ આવ્યા વિના રહે નહિ અને શુભરાગથી ઉપકાર ગાયા વિના રહે નહિ.

વસ્તુ સ્થિતિ એવી અલૌકિક છે કે—

'બુઝી ચહત જો પ્યાસકો હૈ બુઝનકી રીત,
પાવે નહિ ગુરુગમ વિના એહી અનાદિ સ્થિત.'

વસ્તુસ્વરૂપ કોઈ અલૌકિક છે. જેને આત્માનું સ્વભાવસુખ પામવાની પિપાસા જાગે તેને ગુરુગમ વગર અંતરની કળા સમજાય તેમ નથી એવી વસ્તુની સ્થિતિ છે. સમજે પોતાના પુરુષાર્થથી, પણ નિમિત્ત આવ્યા વિના રહે નહિ, એવો સંબંધ છે.

આખા સમયસારશાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યે અલૌકિક વર્ણન કર્યું છે, ઠેકાણે ઠેકાણે 'જ્ઞાયક'નું વર્ણન જુદી જ રીતે કર્યું છે, તેને યથાર્થ સમજે તેનો મોક્ષ થયા વગર રહે નહિ.

કુંદકુંદાચાર્યદેવ જે દશામાં છે તે જ દશામાંથી છઠ્ઠી ગાથામાં ધ્વનિ ઊઠયો છે કે જ્ઞાયકભાવ તો અપ્રમત્ત પણ નથી ને પ્રમત્ત પણ નથી, જ્ઞાયક તે તો જ્ઞાયક જ છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવ છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા હતા; પોતે જે દશામાં ઉભા છે ત્યાંથી નકાર આવ્યો કે આત્મા અપ્રમત્ત પણ નથી ને પ્રમત્ત પણ નથી. ચૌદ ભૂમિકા છે, તેમાંથી 'આત્મા સજોગી-અજોગી, સકષાયી-અકષાયી, કે સલેશી-અલેશી નથી' એવો શબ્દ ન આવ્યો, કારણ કે પોતે છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલે છે તેથી પોતાની વર્તતી દશામાંથી શબ્દ આવ્યો કે 'જ્ઞાયક અપ્રમત્ત પણ નથી ને પ્રમત્ત પણ નથી' આચાર્યદેવને ઘડીકમાં શુભ વિકલ્પ ઊઠે કે બીજાને ધર્મ સમજાવું, વળી ઘડીકમાં નિર્વિકલ્પ થઈને ચૈતન્યગોળો છૂટો પડી જાય, એવી દશામાં પોતે વર્તે છે; તેથી કહે છે કે આ બે અવસ્થાના ભેદ તે હું નહિ, હું તો અખંડ એક સ્વભાવી એકાકાર છું, અખંડ જ્ઞાયકમાં આ બે ભેદ શા? ઘડીમાં ચૈતન્યગોળો છૂટો પડે છે ને ઘડીમાં શુભ વિકલ્પમાં આવે છે, પણ અખંડ એક જ્ઞાયકમાં આવા બે ભેદ શા? હું તો અખંડ જ્ઞાયક છું. સાધકદશામાં ભેદ વચ્ચે આવ્યા વગર રહેતા નથી, પરંતુ આચાર્યદેવનું જોર તો અખંડ જ્ઞાયક ઉપર છે, તેથી કહે છે કે હું અપ્રમત્ત પણ નથી ને પ્રમત્ત પણ નથી, હું તો જ્ઞાયકરૂપ જ છું.

આચાર્યદેવને વર્તમાન જે અવસ્થાનો અનુભવ થઈ રહ્યો છે તેનો નકાર કરીને આ છઠ્ઠી ગાથા શરૂ કરી છે. અચિંત્ય વર્ણન કર્યું છે, ભગવાનના સાક્ષાત્ દિવ્ય ધ્વનિની વાણી ૪૧૫ ગાથામાં સમાણી છે, મહાવિદેહક્ષેત્રમાંથી આવ્યા પછી આ સમયસારશાસ્ત્રની રચના કરી છે.

માત્ર નામની આચાર્ય પદવી તો અત્યારે ઘણાને અપાય છે, પણ તે સાચી આચાર્યપદવી નથી. આચાર્યપદવીની જેનામાં લાયકાત હોય તેની ઉઘાડદશા જુદી હોય છે, તેની બધી જાતની લાયકાત અલૌકિક હોય છે, ને તે સાચા આચાર્ય થાય છે.

જેની વસ્તુસ્વભાવદૃષ્ટિ છે તેની ક્રમે ક્રમે મુક્તિ જ થવાની છે. દ્રવ્ય ઉપર જેની દૃષ્ટિ છે તેને પૂર્ણ પર્યાય ક્યારે ઉઘડશે તેવી શંકા પડતી જ નથી, તે નિઃશંક છે. જે પરથી નિરાળો જ્ઞાયક-સ્વભાવ જાણે છે તે મુક્તિના પંથે છે, મુક્તિની નજીક જ છે, મુક્તિના પ્રયાણે છે. આવા વસ્તુસ્વભાવને જે નથી જાણતો તે બંધને પંથે છે. આવા સ્વભાવને જે જાણે છે તેની અવશ્ય મુક્તિ થવાની. આજે માંગળિકનો દિવસ છે, કુંદકુંદાચાર્યદેવની આચાર્ય પદવીનો દિવસ છે, તેથી આચાર્યપદવીની આટલી વાતનું વર્ણન આવ્યું.

—૦—

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૯, મંગળવાર.

આત્મા જ્ઞાનાદિ ગુણવાળો અરાગી—વીતરાગી સ્વભાવે શાંત છે, તે સ્વભાવને ચૂકીને રાગાદિ ક્ષણિક વર્તમાન અવસ્થા જેવડો જ આત્માને માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

આત્મા વિકારી નથી પણ ત્રિકાળી નિર્દોષ છે; ત્રિકાળ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ વડે વિકારનો નાશ કરવો તેનું નામ મોક્ષ છે.

જેમ દરિયો પડયો-પાથર્યો છે અને તેમાં મોજાં થાય છે. દરિયો તો ક્ષેત્રથી પડયો-પાથર્યો દેખાય છે પણ આત્મા તો વર્તમાન એક સમયમાં અનંતગુણોથી પડયો-પાથર્યો છે. આત્મામાં જ્ઞાન ગુણ અસાધારણ છે, અને બીજા આનંદ, વીર્ય, અસ્તિત્વ, સ્થિરતા, સ્વચ્છત્વ આદિ અનંતગુણોથી તે ભરપૂર છે. દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો આત્મા અનંતગુણથી ભરપૂર શુદ્ધ છે, અવસ્થા દૃષ્ટિથી જુઓ તો તેમાં ક્ષણ પૂરતી પર પદાર્થના સંગ-પ્રસંગ તરફની અવસ્થા દેખાય છે. વસ્તુદૃષ્ટિથી જુઓ તો વિકારી અવસ્થા જ આત્મામાં દેખાતી નથી અને અવિકારી શુદ્ધ અવસ્થા પણ વસ્તુદૃષ્ટિમાં ભાસતી નથી.

જ્ઞાનનો આનંદ, જ્ઞાનનું વીર્ય અને જ્ઞાનના સમાધાન સ્વરૂપ આત્મા એક સમયમાં પરિપૂર્ણ છે, ત્રિકાળ શુદ્ધ છે; તે ગયા કાળે શુદ્ધ, ગયા કાળે શુદ્ધ, એમ કાળનો ભેદ પાડીને શુદ્ધ છે—એવું વસ્તુસ્વરૂપ નથી, પણ વર્તમાન ક્ષણમાં જ આખી વસ્તુ શુદ્ધ છે. વર્તમાન ક્ષણમાં આખી વસ્તુ શુદ્ધ છે તેમ ભાન થતાં ત્રિકાળની શુદ્ધતા તેમાં સમાઈ જાય છે, ત્રિકાળની શુદ્ધતા જાણવા માટે ગયા કાળમાં દૃષ્ટિ લંબાવવી પડતી નથી, પણ વર્તમાન દ્રવ્યની અભેદ શુદ્ધતાને જાણતાં ત્રણે કાળની શુદ્ધતા જણાય જાય છે.

વસ્તુની અખંડ શુદ્ધ દૃષ્ટિમાં વિકારી અવસ્થાનું લક્ષ નથી અને મોક્ષ અવસ્થાનું પણ લક્ષ નથી; રાગનો ભંગ વસ્તુદૃષ્ટિમાં પડતો નથી. વસ્તુદૃષ્ટિમાં મોક્ષ થતાં વાર લાગતી નથી. આખી વસ્તુ અને મોક્ષની પર્યાયનો વસ્તુદૃષ્ટિમાં ભેદ પડતો નથી, દ્રવ્ય પર્યાયનો ભેદ વસ્તુદૃષ્ટિમાં પડતો નથી. વસ્તુદૃષ્ટિના જોરે રાગનો ક્ષય થઈને નિર્મળ પર્યાય પ્રગટે છે. વસ્તુદૃષ્ટિનો વિષય અભેદ છે, જ્ઞાન દ્રવ્ય અને પર્યાય વગેરે બધાને એટલે કે વસ્તુના ભેદ-અભેદને જાણે છે.

શું જ્ઞાનગુણ પોતાના સ્વભાવથી અધૂરો હોય ? ન હોય; પ્રતીતગુણ—માન્યતાનો ગુણ પોતાના સ્વભાવથી ઊણો ને વિકારી હોય ? ન હોય; માત્ર કર્મના નિમિત્તે પોતે

ઊંધા વીર્ય વડે માની લીધું છે કે હું ઊણો ને વિકારી છું. પોતે શુદ્ધ પરિપૂર્ણ છે એવી પ્રતીત જ્યાં બેઠી ત્યાં મોક્ષ થતાં વાર લાગતી નથી. વસ્તુની અભેદદૃષ્ટિમાં મુક્તિની પર્યાય પ્રગટ કરું એવો રાગનો વિકલ્પ પણ ગૂમ થઈ જાય છે, મોક્ષ પર્યાય તરત પ્રગટે એવો રાગ વસ્તુદૃષ્ટિમાં રહેતો નથી, તેથી નિર્મળ અવસ્થા અલ્પકાળમાં પ્રગટે છે. રાગ હોય છે ખરો, પણ વસ્તુદૃષ્ટિનું તેના ઉપર જોર નથી–વસ્તુદૃષ્ટિનો તે વિષય નથી, તેથી નિર્મળ અવસ્થા તુરત પ્રગટે છે ને રાગનો ક્ષય થાય છે.

આ તો માણસોએ વર વિનાની જાન જોડી દીધી છે; જાનૈયા શણગાર્યા, ઘોડા, હાથી, બધું શણગાર્યું પણ સરવાળે શૂન્ય આવવાનું, વર વિના કોઈ પરણાવશે નહિ. જો વર હોય તો એકલો જાય તોપણ પરણીને આવે. લગ્ન એટલે લગની–લીનતા–જોડાણ; ચૈતન્ય સ્વભાવમાં લગની કરે–લીનતા કરે તો મોક્ષ થયા વિના રહે નહિ. લોકોએ વસ્તુના પરિપૂર્ણ સ્વભાવને જાણ્યા વગર, તેની દૃષ્ટિ કર્યા વગર, વર વિનાની જાન જોડી દીધી છે પરંતુ વર વગરની જાનથી મોક્ષ મળવાનો નથી. ચૈતન્ય વસ્તુ એક સમયમાં પરિપૂર્ણ છે એવી પ્રતીતિ વિના તેમાં લગની એટલે કે લીનતા થઈ શકે નહિ, આત્માની પ્રતીતિરૂપી વર વિના લગ્ન થઈ શકે નહિ એટલે કે લીનતા થઈ શકે નહિ.

અહીં તો કહે છે કે ઝટ મોક્ષ કરું એવો વિકલ્પ પણ વસ્તુદૃષ્ટિમાં નથી.

'ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો'

એનો એવો અર્થ છે કે ઝટ મોક્ષ કરું એવો રાગનો વિકલ્પ અને મોક્ષની નિર્મળ પર્યાય તે વસ્તુની અભેદદૃષ્ટિનો વિષય નથી. વસ્તુની અભેદદૃષ્ટિમાં વસ્તુનો અને તેની નિર્મળ પર્યાયનો ભેદ રહેતો નથી, તે દૃષ્ટિના જોરે રાગનો ક્ષય થઈને નિર્મળ પર્યાય ત્વરાએ પ્રગટે છે. જ્ઞાન ભેદ–અભેદ બંનેને જાણે છે; નિર્મળ પર્યાય પ્રગટે છે ખરી પરંતુ તેના ઉપર વસ્તુદૃષ્ટિનું જોર નથી. દ્રવ્યદૃષ્ટિમાં મોક્ષ દૂર નથી અને પર્યાયદૃષ્ટિમાં બંધન દૂર નથી.

એક સમયમાં સામાન્ય સ્વભાવ પરિપૂર્ણ છે એના ઉપર જ વસ્તુદૃષ્ટિનું લક્ષ છે, વિકારી પર્યાય છે એના ઉપર તો એનું લક્ષ નથી પણ મોક્ષની નિર્મળ પર્યાય ઉપર પણ લક્ષ નથી; એવી દૃષ્ટિ જ્યાં ઊભી છે ત્યાં મોક્ષ નજીક સમયે સમયે વર્તી રહ્યો છે; ઊંધી દૃષ્ટિવાળાને બંધન સમયે સમયે વર્તી રહ્યું છે. પુણ્ય–પાપની વૃત્તિ ઊઠી તે મારી છે, મારા સ્વભાવમાંથી તે ઊઠે છે એવી દૃષ્ટિ જ્યાં ઊભી છે ત્યાં મોક્ષ નથી.

દેહ દેવળમાં ભગવાન આત્મા બિરાજે છે; આત્મામાં સ્ત્રી–પુરુષનો કે બાળ-ગોપાળનો કાંઈ ભેદ નથી, બધા આત્મા ભગવાન છે. સ્ત્રી–પુરુષ, બાળ-ગોપાળ બધાને

આવું આત્માનું ભાન થઈ શકે છે. તીર્થંકરદેવના વખતમાં આઠ આઠ વરસના રાજકુંવરને પણ આત્માનું ભાન થતું હતું, તીર્થંકરદેવ માતાના પેટમાં હોય ત્યારે પણ તેમને આત્માનું ભાન-પ્રતીત વર્તે છે. શરીરરૂપી ખોળિયાના આ બધા ભેદ છે, આત્મામાં એવા કાંઈ ભેદ છે નહિ. જ્ઞાની વસ્તુના આવા સ્વભાવને જાણતો હોવાથી રાગાદિ ભાવોનો કર્તા થતો નથી, પરભાવરૂપ ઉદયનો જ્ઞાતા જ રહે છે.

'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છે:-

( અનુષ્ટુપ )

इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेत्ति तेन सः ।
रागादीनात्मनो कुर्यादतो भवति कारकः ॥१७७॥

અર્થ:—એવા પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિકને (-રાગાદિભાવોને) પોતાના કરે છે, તેથી (તેમનો) કર્તા થાય છે.

અજ્ઞાની બંધનને નજીક કરતો, રાગને પોતામાં એકમેક કરે છે; રાગ-દ્વેષ તે મારી ફરજ છે, હું તેનો ઉત્પાદક છું એવી દૃષ્ટિ ઊભી છે તેથી તે બંધનને નજીક કરે છે. રાગ-દ્વેષ મારો સ્વભાવ છે એમ માનીને અજ્ઞાની રાગાદિને પોતાની સાથે એકમેક કરે છે, તેનો કર્તા થાય છે, તેથી બંધન કરે છે. હું જુદો ને રાગાદિ જુદા એમ તેનું ભેદજ્ઞાન કરીને તેનો જ્ઞાતા રહેતો નથી પણ જ્ઞાનસ્વરૂપ આત્મા અને રાગાદિને એકમેક કરે છે, તેનો કર્તા થાય છે, તે ઊંધી માન્યતાની ક્રિયા છે. આત્માની ક્રિયા આત્માની પર્યાયમાં છે, કયાંય બહાર જડમાં નથી. આત્માની સવળી કે ઊંધી બન્ને ક્રિયા આત્માની પર્યાયમાં છે. આત્મા વિકાર તરફ વર્તે ત્યારે વિકારી ક્રિયા થાય છે. અને સ્વભાવમાં વર્તે ત્યારે અવિકારી ક્રિયા થાય છે. વસ્તુ તો ત્રિકાળ જેમ છે તેમ છે, માત્ર અવસ્થા બદલાય છે-ક્રિયા ફરે છે. અજ્ઞાન વડે રાગાદિને જ્ઞાનસ્વરૂપ આત્મામાં એકમેક કરતો, પુણ્ય-પાપના પરિણામ થાય તેને આત્મામાં ખતવતો તેથી અજ્ઞાન ક્રિયા થતી હતી, વિકારી ક્રિયા થતી હતી. જ્યારે સ્વભાવનું ભાન થયું ત્યારે રાગાદિને અને આત્માને જુદા જાણવા લાગ્યો, તે પુણ્ય-પાપના પરિણામ પોતામાં ખતવતો નથી; તેનો જ્ઞાતા રહે છે, કર્તા થતો નથી; સ્વભાવ પરિપૂર્ણ ભર્યો પડયો છે તેના શ્રદ્ધા-જ્ઞાનમાં રહેતો અને તેમાં ઠરતો સાધ્ય દશાને સાધે છે; આ આત્માના મોક્ષ ક્રિયા થઈ, આ નિર્મળ ક્રિયા થઈ. પછી અલ્પ અસ્થિરતા બાકી રહે છે પણ તેની અહીં ગણતરી નથી. જ્ઞાની જ્ઞાતા રહેતો મોક્ષને નજીક છે ને અજ્ઞાની કર્મને બાંધે છે.

હવે આ અર્થની ગાથા કહે છે:—

रायह्मि य दोसह्मि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रायाई बंधदि पुणो वि ॥२८१॥

અર્થ:—રાગ, દ્વેષ અને કષાય કર્મો હોતાં ( અર્થાત્ તેમનો ઉદય થતાં ) જે ભાવો થાય છે તે-રૂપે પરિણમતો અજ્ઞાની રાગાદિકને ફરીને પણ બાંધે છે.

યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની ( પોતાના ) શુદ્ધ-સ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન થતા રાગદ્વેષ-મોહાદિ ભાવોરૂપે પરિણમતો અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો (કર્મોથી) બંધાય જ છે—એવો નિયમ છે.

સ્વભાવને જાણતો જ્ઞાની સ્વભાવથી ભ્રષ્ટ થતો નથી માટે તેને ધર્મ છે અને સ્વભાવને ન જાણતો અજ્ઞાની સ્વભાવથી ભ્રષ્ટ છે માટે તેને અધર્મ છે.

વસ્તુના યથાર્થ સ્વભાવનું જ્યાં જ્ઞાન નથી ત્યાં ઊંધી ખતવણી થયા વગર રહે નહિ. ચોપડામાં નામું માંડતા જો ન આવડે તો જમાના ઉધાર કરે તે ઉધારના જમા કરે. જે જેનો વિષય નથી એટલે કે જેનું જેને જ્ઞાન નથી તેમાં તે ભૂલ કર્યા વગર રહે નહિ. ઉધાર કયાં લખવું ને જમા કયાં લખવું, ડાબી બાજુ લખવું કે જમણી બાજુ લખવું, તેની જેને ખબર નથી તે નામું લખવામાં ભૂલ કર્યા વગર રહે નહિ.

એમ હું તો જ્ઞાનસ્વભાવી અનંતગુણનો પિંડ છું, રાગ-દ્વેષ મારા સ્વભાવના નથી-એવું જેને ભાન નથી તે રાગ-દ્વેષને આત્મામાં જમા કરે છે; કર્મો પડયાં છે એનો પાક થતાં એટલે કે ઉદય આવતાં રાગ-દ્વેષ થાય તેમાં પોતે દૃષ્ટિ આપીને પરિણમતો-એકમેક થતો-તે રૂપ થાય છે તે જમાની રકમ ઉધાર ખાતે ખતવે છે, કારણ કે હું રાગાદિથી જુદો છું તેમ ભાન રાખતો નથી પણ રાગમાં જ આખો આત્મા માની લે છે; તેથી તે ફરીને બંધન કર્યા જ કરે છે.

આત્મા ત્રિકાળ અનંતગુણનો પિંડ પરિપૂર્ણ વસ્તુ છે. આત્મામાં વિકારી પર્યાય ત્રિકાળ નથી પણ ક્ષણિક પર્યાય થઈને બીજે સમયે નાશ થાય છે, વળી બીજા સમયે બીજી થાય છે તેનો પણ ત્રીજા સમયે નાશ થાય છે, ને વસ્તુ વીતરાગસ્વભાવે કાયમ રહે છે. પરંતુ અજ્ઞાની ક્ષણિક વિકારી અવસ્થાને જમા ખાતે નોંધતો, તે મારા આત્મામાંથી આવે છે તેમ માનતો, રાગ-દ્વેષને પોતાના કરે છે. નિર્મળ પર્યાય પણ

---

પણ રાગ-દ્વેષ-કષાયકર્મ નિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.

ક્ષણે ક્ષણે પલટાય છે પરંતુ તે પોતાના સ્વભાવની જાતની પર્યાય છે. અને આ વિકારી ક્ષણિક પર્યાય સ્વભાવથી વિરૂપ-પર્યાય છે, આકુળરૂપ ને અશુચિમય છે, તેને અજ્ઞાની પોતાની કરે છે તેથી તે કર્મબંધને કરે છે.

યથોક્ત એટલે શું ? 'યથા'નો અર્થ જેવો છે તેવો, અને 'ઉક્ત' એટલે કહ્યો; જેવો કહ્યો તેવા જ્ઞાતાદ્રષ્ટારૂપ આત્મસ્વભાવથી અજ્ઞાની અનાદિથી ચ્યુત જ છે, પહેલાં શુદ્ધ હતો ને પછી અશુદ્ધ થયો એમ નથી. સંસાર અનાદિથી છે, નવો નથી; અવસ્થાદ્રષ્ટિથી અનાદિથી સંસાર પ્રવાહે છે, વસ્તુદ્રષ્ટિથી આત્મા ત્રિકાળ મુક્ત જ છે, વસ્તુદ્રષ્ટિથી સંસાર ત્રિકાળ નથી; વસ્તુદ્રષ્ટિથી તો મોક્ષ ત્રિકાળ છે ને અવસ્થા દ્રષ્ટિથી મોક્ષની નિર્મળ અવસ્થા નવી થાય છે; અવસ્થા દ્રષ્ટિથી મોક્ષની આદિ છે; વસ્તુદ્રષ્ટિથી સંસાર નથી અને અવસ્થાદ્રષ્ટિથી સંસાર અનાદિ પ્રવાહે છે.

વસ્તુ ને ગુણ તો અક્રમ છે અને પર્યાય તો ક્રમે ક્રમે થાય છે; અશુદ્ધ અવસ્થા પણ ક્રમે થાય છે કારણ કે પર્યાય ક્રમે ક્રમે જ થાય તેવો વસ્તુનો સ્વભાવ છે. સ્વભાવથી ભ્રષ્ટ થયેલો અજ્ઞાની રાગ-દ્વેષને પોતાના કરતો કર્મથી બંધાય છે, પુણ્ય-પાપના પરિણામને પોતાના માનતો ઉધાર ખાતાના જમા ખાતે ખતવે છે તેથી તેને ચોરાશીનાં ફળ આવે છે.

આમાં શેઠિયાની ભલામણ ચાલે તેમ નથી, વકીલોની વકીલાત ચાલે તેમ નથી, જેવું પોતે કરે તેવું ફળ આવે છે. અજ્ઞાનીએ રાગ-દ્વેષને પોતાના માન્યા એટલે કે પોતાને રાગ-દ્વેષરૂપે થનારો માન્યો, આખો-અખંડ રાગ દ્વેષરૂપે થનારો માન્યો, મારું દ્રવ્ય જ આખું વિકારપણે અવસ્થા જેટલો આખો આત્મા માન્યો; આ થનારું છે એમ માન્યા વિના વિકારમાં એકમેકતા થાય નહિ. અને તે માન્યતાથી બંધન થયા વગર રહે નહિ.

પુણ્ય-પાપના ભાવને પોતાના કરીને વિકારભાવ તરફ ઢળતો અજ્ઞાની રાગ-દ્વેષનો કર્તા થાય છે ને કર્મથી બંધાય છે. વસ્તુ આખી વિકારપણે થનારી નથી છતાં અવસ્થામાં જે વિકાર થયો તેને જાણતાં, 'હું આ અવસ્થારૂપે થનારો છું, હું આખો આત્મા વિકારપણે થઈ ગયો છું' એમ જેણે માન્યું તેને પુણ્ય-પાપનું બંધન થયા વગર રહેશે નહિ. સ્વભાવની પર્યાયરૂપે થનારો જ્ઞાની અજ્ઞાનનો કર્તા થતો નથી; અને જે વિકારી અવસ્થારૂપે થનારો થાય છે તે અજ્ઞાની પોતાના સ્વભાવનો કર્તા થતો નથી. ચૈતન્યગોળો પરથી છૂટો છે તેને નહિ માનતો, અજ્ઞાની વિકારને પોતાના માનીને વિકારી અવસ્થા પ્રમાણે થઈ જાય છે; માટે તેમનો કર્તા થયો થકો ફરી ફરીને તે કર્મોથી બંધાય જ છે એવો નિયમ કહ્યો.

"તેથી આમ ઠર્યું (અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું)" એમ હવે કહે છે:—

## रायह्मि य दोसह्मि य कसायकम्मेसु चेव जे भावा।
## तेहिं दु परिणमंतो रायाई बंधदे चेदा ॥ २८२ ॥

અર્થ:—રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) જે ભાવો થાય છે તે-રૂપે પરિણમતો થકો આત્મા રાગાદિકને બાંધે છે.

ખરેખર અજ્ઞાનીને, પુદ્‌ગલકર્મ જેમનું નિમિત્ત છે એવાં જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે, તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્‌ગલકર્મ તેના બંધનું કારણ છે.

ભગવાન આત્મા અરાગી વીતરાગીસ્વરૂપ છે; તેને ભૂલીને રાગ-દ્વેષ મારા છે એવા ભાવ જે કરે છે તે ભવિષ્યમાં પણ રાગ-દ્વેષ પોતાના માને તેમાં નિમિત્ત થાય એવા કર્મ બાંધે છે. વર્તમાનમાં રાગ-દ્વેષ મારા છે એવા ભાવ કરે છે તેમાં પુદ્‌ગલ-કર્મનું નિમિત્ત છે, અને પોતે ઊંધા વીર્યથી રાગ-દ્વેષ મારા છે એમ માને છે, કર્મ પરાણે રાગ-દ્વેષ કરાવતું નથી પણ પોતે જ રાગ-દ્વેષ કરે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. વર્તમાનમાં રાગ-દ્વેષ પોતાના માને છે તેના નિમિત્તે એવું કર્મ બંધાય છે કે ભવિષ્યમાં પણ રાગ-દ્વેષને પોતાના માનવાનું તે નિમિત્ત થાય. કર્મ તો નિમિત્તમાત્ર છે, પોતે અવળો પડ્યો છે તેથી કર્મને નિમિત્ત કહેવાય છે.

સંસારમાં કેટલી માથાકૂટ કરે છે! વેપારમાં એકેક ચીજની કેટલી કિંમત છે એમ બધી ખબર હોય; જેમાં જેની રુચિ તેમાં તેને યાદ કરવાનું રહેતું નથી; પણ આ તત્ત્વની વાત સમજવી હોય તો ઝીણી પડે, યાદ ન રહે, કારણ કે તેની રુચિ નથી.

પ્રશ્ન:—વેપારમાં તો તાત્કાલિક લાભ નુકસાન દેખાય છે?

ઉત્તર:—ભાઈ! આ ધર્મમાં પણ તાત્કાલિક જ લાભ-નુકસાન દેખાય છે. પાપ પરિણામ અને ધર્મ પરિણામ બંનેનું ફળ વર્તમાનમાં જ દેખાય છે, શુભ અને અશુભ જેવા પરિણામ કરે તેવું વેદન વર્તમાનમાં જ વેદાય છે; પુણ્ય-પાપનો બહારનો સંયોગ

---

એમ રાગ-દ્વેષ-કષાયકર્મ નિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨

પછી મળે છે, તેમાં આંતરો પડે છે પણ શુભ અને અશુભ ભાવના કર્તા-ભોક્તાપણાનું વેદન તો વર્તમાનમાં જ વેદાય છે; તેમાં આંતરો પડતો નથી. પુણ્ય-પાપના ભાવ કરવા ટાણે સ્વભાવની હાનિ થઈને વર્તમાનમાં જ ફળ આવી જાય છે; અને શુભાશુભ-ભાવથી નિરાળો જ્ઞાયક તેનું જ્ઞાન કરી ને સ્વભાવમાં ઠરે તે જ સ્વભાવની નિર્મળ પર્યાય છે અને તે ધર્મ છે, તે સ્વભાવધર્મ-સ્વભાવપર્યાયનું વેદન પણ વર્તમાનમાં જ થાય છે.

જેવા પુણ્ય-પાપના ભાવ કરે તેવું ભવિષ્યે નરક અને ઢોર વગેરે ફળ મળે છે, તે અઘાતી કર્મનો ઉદય છે; અને વર્તમાનમાં જે શુભાશુભ પરિણામ થાય છે તેમાં ઘાતીકર્મ નિમિત્ત છે. વર્તમાન પરિણામને ફેરવી શકાય છે; શ્રેણીક રાજાએ મુનિની અશાતના કરવાથી નરકનું આયુષ્ય બાંધ્યું હતું, તે આયુષ્ય અઘાતી કર્મ છે; પણ શ્રેણીક રાજાએ ઘાતી કર્મના નિમિત્તે થતા પરિણામને ફેરવી નાખ્યા, વર્તમાન વેદનને ફેરવી નાખ્યું; મહાવીર ભગવાનના સમવસરણમાં ગયા ત્યાં ક્ષાયક સમ્યકત્વને પામ્યા, અને તીર્થંકરગોત્ર બાંધ્યું, શુભાશુભપરિણામથી નિરાળા આત્મસ્વભાવનો સ્વાદ લેવા માંડયા. પણ ભવિષ્યે અઘાતીકર્મનો ઉદય આવ્યો અને નરકનો સંયોગ થયો; ત્યાં નરકમાં અગ્નિનું નિમિત્ત મળતાં છતાં પણ નિમિત્ત નિમિત્તમાં રહ્યું, નિમિત્તનું વેદન આત્મામાં ન રહ્યું. નરકમાં પણ તે પરથી નિરાળા જ્ઞાયકમાં લીન રહેતા-તેમાં આનંદ કરતા સ્વભાવનું વેદન કરી રહ્યા છે. ઘાતી ઉપર ઘા કરી શકાય છે પણ અઘાતી ફેરવ્યા ફરે નહિ.

ઘાતી ઉપર જો ઘા કરે તો ફેર અઘાતી આવે નહિ, જો પરથી નિરાળા જ્ઞાયકનું જ્ઞાન કરે એટલે ઘાતી ઉપર જો ઘા કરે તો ફરીને અઘાતીનો અશુભ બંધ થતો નથી.

શ્રેણિક રાજાને આયુષ્યકર્મ બાંધતી વખતે તીવ્ર ક્રોધ, માન, માયા હતાં પણ તે આયુષ્ય કર્મના ઉદય વખતે વેદન ફરી ગયું, સ્વભાવનું વેદન થઈ ગયું; આયુષ્ય રહી ગયું, સંયોગ રહી ગયો પણ વેદન ફેરવી નાખ્યું; માટે ભોગવટો વર્તમાન ભાવનો જ છે. બાહ્ય સંયોગને કોઈ ભોગવે છે તેમ કહેવું તે નિમિત્ત તરફની વાત છે.

વસ્તુ ત્રિકાળ છે, તેની અવસ્થાનો ભોગવટો વર્તમાનમાં હોય. સંયોગ ગમે તેવા હોય પરંતુ સંયોગથી દુઃખ થતું નથી. નરકમાં જાય ત્યાં પણ સંયોગથી દુઃખી થતો નથી, વર્તમાન ભાવથી તે સમયના ભોગવટામાં રાગ-દ્વેષના પરિણામથી દુઃખી થાય છે. લોકો કહે છે કે 'ભાવ લઈને ગયો માટે દુઃખી થયો;' પરંતુ ખરેખર

એમ નથી પણ તેણે એ રાગ દ્વેષનો ભાવ લંબાવ્યો તેથી સંયોગ મળતાં દુઃખી થાય છે. શ્રેણિક રાજાને સંયોગ નરકનો છે પરંતુ તેણે ભાવ લંબાવ્યો નહિ તેથી, તેને નરકનો સંયોગ મળ્યો છતાં તે સંયોગનું દુઃખ નથી, તેમના આત્મામાં શાંતિનું વેદન છે; શાંતિનું વેદન મુખ્ય છે ને રાગ-દ્વેષનું વેદન ગૌણ છે. સંયોગને ફેરવવા કોઈ સમર્થ નથી. શ્રેણિક રાજાએ મુનિની અશાતના કરતી વખતે તીવ્ર સંકલ્પ-વિકલ્પથી કર્મ બાંધ્યું, તેનો ઉદય થતાં સંયોગ આવ્યો, તે સંયોગ ફેરવી ન શકાય પરંતુ પોતાનો ભાવ ફેરવી નાખ્યો. પુણ્ય-પાપનું ફળ ભવિષ્યમાં આવે એનો અર્થ એટલો કે સંયોગ ભવિષ્યમાં આવે, બાકી ભાવ તો વર્તમાનમાં જ ભોગવાય છે.

જીવને સંયોગ મળ્યા માટે દુઃખ છે તેમ નથી પરંતુ તેણે નિમિત્ત-આધીન ભાવ કર્યો હતો તેથી તે દુઃખી થયો છે. જ્યાં શરીરે અગ્નિ અડે ત્યાં રાડ પાડે છે; તે રાડ નિમિત્તને લઈને પાડી છે તેમ નથી પણ પોતાના શરીર પરના રાગને લઈને રાડ પાડે છે; તેમ નરકનો સંયોગ મળ્યો માટે રાડ પાડે છે તેમ નથી, પરંતુ અહીંથી અજ્ઞાન સહિત તીવ્ર રાગ-દ્વેષનો ભાવ લઈને ગયો, તે ભાવને નરકમાં લંબાવ્યો તેનું જ તેને દુઃખરૂપ વેદન છે. જો ભાવ ફેરવી નાખે તો નરકનો સંયોગ હોય તોપણ દુઃખનું વેદન થતું નથી. ઘણા જીવો નરકમાં પણ સમ્યગ્દર્શનને પામે છે, સાતમી નરકમાં આકરો તીખો ઉત્કૃષ્ટ અશાતાની વેદનાનો સંયોગ હોય છે ત્યાં પણ કેટલાક નારકીના જીવો સમ્યગ્દર્શન-આત્માનું ભાન પામી જાય છે; જેમ સિદ્ધ ભગવાનને આત્માનો પૂર્ણ અનુભવ છે તેમ સમ્યગ્દષ્ટિ જીવ એક અંશે આત્માના અનુભવનું ત્યાં વેદન કરે છે, આત્માનો અપૂર્વ આનંદ વેદે છે; તેને નરકમાં પડ્યા છતાં પણ ભવ કટ થઈ ગયા છે, તે આત્મસ્વભાવમાં નિઃશંક થઈ ગયો છે.

અત્યારે તો જુઓ તો ધર્મના બહાને આખી જિંદગી કાઢી હોય, મોટા ત્યાગી નામ ધરાવતા હોય, છતાં કહેતા હોય કે 'ભાઈ! અમે ધર્મ તો કરીએ છીએ પણ કોણ જાણે કેટલા ભવ થશે એવી શંકા અમારા હૃદયમાં વેદાય છે.'—પણ અરે ભાઈ! તું ધર્મી કહેવાય છે ને-શંકા કેમ! જેને શંકા હોય તે બધા 'નામ ધર્મી' છે, 'ભાવ ધર્મી' નથી, તેણે ધર્મની શ્રદ્ધા કરી જ નથી; તેને શંકા વેદાય છે માટે મિથ્યાત્વભાવ છે, તે મિથ્યાત્વભાવથી તેને અનંત ભવ થશે.

જેને ધર્મની શ્રદ્ધા થઈ તેને શંકા રહે જ નહિ; શ્રદ્ધાના ભાવમાં ભવ છે જ નહિ, તે ભાવ લઈને ગમે ત્યાં જાય તોપણ શ્રદ્ધાનો ભાવ અખંડ જ છે. ખરી રીતે તે ક્યાંય ગયો જ નથી, તેના ભાવમાં જ છે; ક્ષેત્ર ફરે તેથી એમ બોલાય કે નરકમાં ગયો ને સ્વર્ગમાં ગયો, પરંતુ ખરેખર તે તેના ભાવમાં છે, તે તેનામાં જ છે.

આત્માનું ભાન લઈને ગમે ત્યાં જાય તો તેને સ્વભાવનું જ વેદન છે, રાગ-દ્વેષ ને આકુળતાનું વેદન છે જ નહિ. સ્વર્ગના ક્ષેત્રનું આત્માને વેદન નથી, સિદ્ધક્ષેત્રનું આત્માને વેદન નથી; પણ સમ્યગ્જ્ઞાનીને પોતાના સ્વભાવનું વેદન છે. તેને નિશંકતા છે કે મારી મુક્તિ જ છે, ભવની શંકા સમ્યગ્જ્ઞાનીને છે જ નહિ. અંશે મુક્તિનું વેદન તો સ્વભાવપર્યાય ઊઘડી ત્યાં થઈ જ રહ્યું છે, ને પૂર્ણ મુક્તિ થવાની નિઃશંકતા છે.

અંતરમાંથી મુક્તિ થવાની સહજ નિઃશંકતા આવે તેની અહીં વાત છે, અંતરમાં સહજપણે મુક્તિ થવાની નિઃશંકતા હોય નહિ અને ખોટું જોર કરે, ખોટું બડકમદારપણું કરે તેની અહીં વાત નથી.

માણસો પાપ કરે ત્યારે વિચારતા નથી અને જ્યારે તેનું ફળ આવે ત્યારે 'આવાં પાપ ક્યાંથી આવ્યાં' તેમ વેદન કરે છે. કોઈ કહે કે ભાઈ! તું ભવિષ્યમાં બોકડો થઈશ, તો તે વાત આકરી લાગે છે; પણ બોકડો થવાના ભાવ તો તે કરે છે તેના ઉપર દૃષ્ટિ હોતો નથી. જે ભાવથી સંયોગ મળે છે તે ભાવ ઉપર દૃષ્ટિ આપે અને તેવા ભાવમાં ન જોડાય તો તેનું પાપનું ફળ આવે નહિ. પોતાના ભાવ ઉપર જુએ તો 'આ ભાવ તો વિકારી છે, આ વિકાર મારું સ્વરૂપ હોય નહિ, હું તો શુભાશુભ પરિણામથી નિરાળો શુદ્ધ જ્ઞાયકસ્વભાવી છું' તેવું ભાન થતાં, તેવી દૃષ્ટિ થતાં, જન્મમરણ રહે નહિ.

જીવોને વસ્તુસ્વરૂપનું ભાન નથી, તે ભાન વિના સંસારમાં રઝળે છે. એક માણસ ગાંડાની ઇસ્પિતાલમાં જઈ ચડયો ને ત્યાં એક જણા સાથે વાતચીત કરી, તેમાં અડધી કલાક તો ડાહ્યું-ડાહ્યું તે માણસ બોલ્યો, તેથી આવનાર માણસને લાગ્યું કે અરે! આ તો ડાહ્યો છે, આને કેમ ગાંડાની ઇસ્પિતાલમાં બેસાડયો હશે? ત્યાં તો એક શબ્દ તે એવો બોલ્યો કે જેથી જણાઈ ગયું કે આ તો ગાંડો જ છે. એમ જગતના જીવો તે ઇસ્પિતાલના ગાંડા જેવા છે; ઘડીકમાં બોલે કે જગતમાં કોઈ કોઈનું નથી, પણ વસ્તુસ્વરૂપનું ભાન નથી તેથી વચ્ચે બે ચાર વાત એવી પરદ્રવ્યના કર્તાપણાની અને પર તરફના વજનવાળી આવે કે જેથી જ્ઞાની સમજી જાય કે આને વસ્તુસ્વરૂપનું ભાન નથી. ભલે બે ચાર બોલ સાચા હોય પણ જેના મૂળ પ્રયોજનભૂત બે ચાર બોલ ખોટા તેના બધા બોલ ખોટા જ છે, તે જગતનો ગાંડો જ છે.

કોઈ કહે કે 'અમે છરી વડે પરદ્રવ્યને કાપી શકીએ છીએ., અરે ભાઈ! જેનામાં કપાવાની લાયકાત હોય તે જ કપાય છે. છરી કાપી શકતી હોય તો આકાશને કાપી આપે! તું કાપી શકતો હો તો તું પણ આકાશને કાપી આપ! પણ તે તો

બની શકતું નથી.જેનામાં જે થવા લાયક હોય તે થાય છે, ત્યારે છરીને અને તારા હાથને નિમિત્ત કહેવાય છે. જેનામાં જે થવા લાયક હોય તે વખતે તેને અનુકુળ નિમિત્ત મળી રહે છે. માટીમાંથી ઘડો થવાનો હોય ત્યારે કુંભારની હાજરી હોય છે, ને કોર્ટમાં દલીલ વખતે વકીલની હાજરી હોય છે, જે કાર્યમાં જે નિમિત્ત અનુકુળ હોય તે નિમિત્ત હાજર હોય છે, ઉપાદાન નિમિત્તને પરાણે લાવતું નથી પણ નિમિત્ત પોતે પોતાની તે વખતની તેવી પર્યાયની લાયકાતને કારણે હાજર હોય છે. ઉપાદાન પણ સ્વતંત્ર છે ને નિમિત્ત પણ સ્વતંત્ર છે. જે કાર્યમાં જે નિમિત્ત અનુકુળ હોય તે નિમિત્તની હાજરી હોય છે, પણ બધા દ્રવ્યો સ્વતંત્ર છે;—આવો વસ્તુસ્વભાવ છે.

અજ્ઞાનીને જે રાગ-દ્વેષ મોહાદિ પરિણામો છે તેનું પુદ્‌ગલકર્મ નિમિત્ત છે, અને પોતે જે રાગ-દ્વેષ-મોહાદિ પરિણામો કરે છે તેનું નિમિત્ત પામીને, ભવિષ્યમાં રાગાદિ પરિણામોમાં નિમિત્ત થાય તેવું કર્મ બંધાય છે. આમ જ્યાં સુધી પોતે પુદ્‌ગલકર્મના ઉદયમાં ઊંધું વીર્ય કરીને જોડાય છે ત્યાં સુધી નવાકર્મો બંધાયા જ કરે છે, વળી તેના ઉદય થતાં ફરી રાગાદિ પરિણામો કરે છે, તેથી તે બંધથી છૂટતો નથી. જ્યારે પુરુષાર્થ વડે જ્ઞાયક આત્માનું ભાન કરીને સ્વભાવમાં ઠરે છે ત્યારે બંધ થતો અટકી જાય છે.

હવે જે પાંચ ગાથા છે તે બંધ અધિકારની ચૂલિકા સમાન છે. શિષ્ય પૂછે છે કે પ્રભો! આપે બધું કર્તાપણું ઊડાડીને 'આત્મા અકારણ છે' તેમ કહ્યું, તે શી રીતે છે? તે સમજાવો. આ વિષેની વિશેષ વાત હવે પછી આવશે.

—૦—

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૧૦, બુધવાર.

આગળની ગાથામાં શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે પ્રભો! આત્મામાં જે વિકારી ભાવ થાય છે તેનું કારણ કોણ છે? શિષ્યને અનુકૂળતામાં પણ પરાધીનતા લાગી છે; તેને ઝંખના થઈ છે કે પ્રભો! મને પરમાંથી સુખ આવે એવો જે ભાવ થાય છે તેનું કારણ કોણ છે? આત્મા જો રાગ-દ્વેષરૂપ-પરાધીનતાનું કારણ હોય તો વિભાવ ભાવ આત્માથી ભિન્ન છે એમ આપે કેમ કહ્યું? અને જો પુદ્‌ગલકર્મ વિભાવભાવનું કારણ હોય તો આત્માને તેનાથી બંધ થાય કેમ? માટે નાથ! તે ભાવનું કારણ કોણ છે? આગળની ગાથામાં આચાર્યદેવે સ્ફટિકનું દૃષ્ટાંત આપીને તેનો ઉત્તર આપ્યો હતો કે ભાઈ! આત્મા તો સ્ફટિક જેવો છે, સ્વભાવે શુદ્ધ છે-નિર્મળ છે પરંતુ પર સંયોગ ઉપર પોતાની દૃષ્ટિ જતાં તે ભાવો થાય છે. એકકોર શુદ્ધ ઉપાદાન અને એકકોર નિમિત્ત, એમ બે ભાગ કર્યા છે, તેમાં નિમિત્ત ઉપર દૃષ્ટિ તે બંધનું કારણ છે અને ઉપાદાન

ઉપર દૃષ્ટિ તે બંધનું કારણ નથી. નિમિત્ત તે બંધનું કારણ નથી પણ પોતે 'નિમિત્ત મને લાભ-નુકસાન કરે છે' તેમ માનીને નિમિત્તને બંધનું કારણ બનાવે છે.

આત્માનો સ્વભાવ તો વીતરાગી છે; તેવા સ્વભાવનો અજાણ એવો અજ્ઞાની પોતે ઊંધી દૃષ્ટિ વડે નિમિત્ત તરફનું વલણ કરે છે, અને સંયોગી ક્રિયાનો ભાવ મારો છે એમ માની રાગ-દ્વેષ-મોહ પરિણામો કરે છે, તે ભાવ બંધનું કારણ છે અને પુદ્ગલકર્મ તે ભાવોનું નિમિત્ત છે.

કોઈ અજ્ઞાની કહે કે અમે પુદ્ગલકર્મને માનતા જ નથી ને તમે અમને 'પુદ્ગલના માનનારા' ક્યાંથી ઠરાવી દીધા? જુઓ ભાઈ! એનો ન્યાય એમ છે કે જેણે એક આત્માને પરિપૂર્ણ નથી માન્યો,–એકે એક આત્મા જ્ઞાને કરીને પૂર્ણ, દર્શને કરીને પૂર્ણ, વીર્યે કરીને પૂર્ણ, સ્થિરતાએ કરીને પૂર્ણ, પ્રકાશે કરીને પૂર્ણ, સ્વચ્છત્વે કરીને પૂર્ણ, એમ અનંતગુણે કરીને પૂર્ણ જેણે નથી માન્યો-જાણ્યો, અને ઊણો ને વિકારી આત્માને માન્યો છે તેણે પર કર્મને માન્યું જ છે. જ્ઞાની તો એમ માને છે કે મારા આત્મામાં પુદ્ગલકર્મ છે નહિ, મારા સ્વભાવમાં વિકારી ભાવ છે નહિ, જ્ઞાનપિંડ આત્મામાં કર્મ ન જ હોય, અને છે પણ નહિ. આ રીતે જ્ઞાની પણ કર્મને પોતામાં માનતા નથી; અને અજ્ઞાની કર્મને સમજતો નથી તેથી તે અણસમજણપણે કર્મને માનતો નથી. એ રીતે કર્મને નહિ માનવાની સપાટીમાં બંને સરખા દેખાય છતાં જ્ઞાની અજ્ઞાનીના ભાવમાં કર્મને નહિ માનવાની માન્યતામાં ઉગમણો-આથમણો આંતરો છે.

આત્માને ઓછું જાણવાવાળો જેણે સ્વીકાર્યો તેણે નિમિત્તને સ્વીકાર્યું જ છે. અને આત્માના સ્વભાવથી હું પરિપૂર્ણ જાણવાવાળો છું તેમ જેણે સ્વીકાર્યું તેની દૃષ્ટિ નિમિત્ત તરફ નથી. આત્માનો સ્વભાવ પરિપૂર્ણ છે; પર્યાયમાં ઓછું જાણવાની શક્તિ છે–પર્યાય-શક્તિ ઘટી ગઈ છે તે પર્યાયદૃષ્ટિની વાત છે, અને દ્રવ્ય સ્વભાવે પરિપૂર્ણ છે તે દ્રવ્યદૃષ્ટિની વાત છે; બંને દૃષ્ટિને જે જ્ઞાન જાણે તે જ્ઞાન સાચું–સમ્યગ્જ્ઞાન છે. પણ જે દ્રવ્યદૃષ્ટિને ભૂલીને માત્ર પર્યાયને જ સ્વીકારે છે તેનું જ્ઞાન અસમ્યક્–મિથ્યાજ્ઞાન છે, તેમજ જો પર્યાયને જ્ઞાનમાં ન સ્વીકારે અને એકલા દ્રવ્ય-સ્વભાવને જ સ્વીકારે તો તેનું જ્ઞાન પણ અસમ્યક્–મિથ્યાજ્ઞાન છે.

સોનાને સોળવલું સ્વીકાર્યું ત્યારે સમજવું કે તેની નિમિત્ત તરફ દૃષ્ટિ નથી, પરંતુ જેણે ચૌદવલું સોનું સ્વીકાર્યું તેણે નિમિત્તને સ્વીકાર્યું જ છે; જેણે ચૌદવલું સ્વીકાર્યું તેની દૃષ્ટિ તાંબા ઉપર છે. નિમિત્ત તરફ દૃષ્ટિ છે. જો સોનું સ્વભાવથી સોળવલું ન હોય તો જ્યારે તાંબુ કાઢે ત્યારે સોળવલું ક્યાંથી થાય?

આત્મા સ્વભાવથી કેવળ જ્ઞાનઘન આનંદરસની પૂતળી છે; તેવા સ્વભાવનો જેણે સ્વીકાર કર્યો તેની દૃષ્ટિ નિમિત્ત ઉપર નથી; પરંતુ જેણે તેવા પરિપૂર્ણ સ્વભાવને ન સ્વીકાર્યો ને માત્ર ઊણપ તથા વિકારી ભાવને સ્વીકાર્યો તેની દૃષ્ટિ સંયોગ ઉપર છે-નિમિત્ત ઉપર છે. આત્મા જો સ્વભાવથી પરિપૂર્ણ ન હોય તો, જ્યારે અશુદ્ધ પર્યાય ટાળીને શુદ્ધ પર્યાય પ્રગટ કરે છે ત્યારે જે પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટ થાય છે તે ક્યાંથી થાય?

વર્તમાનમાં રાગ-દ્વેષના વિકારીભાવ થાય છે તે પોતાની લાયકાતથી પોતાના આત્માની પર્યાયમાં થાય છે, ત્યારે તેમાં પૂર્વકર્મબંધનું નિમિત્ત છે; અને ભવિષ્યના રાગ-દ્વેષ થવામાં જે કર્મ નિમિત્ત થશે તેનું નિમિત્ત વર્તમાન રાગ-દ્વેષના ભાવ છે. એ રીતે રાગ-દ્વેષનું નિમિત્ત, અને નિમિત્તથી રાગ-દ્વેષ, એવી ઘટમાળ અજ્ઞાન હોય ત્યાં સુધી ચાલ્યા જ કરે છે, એમ અનાદિનો પ્રવાહ ચાલ્યો આવે છે. જ્ઞાનીને અલ્પ કર્મ બંધાય છે પણ જ્ઞાનીની નિમિત્ત તરફ દૃષ્ટિ નથી માટે તેનો પ્રવાહ ચાલશે નહિ પણ તૂટી જશે. ૨૮૨.

હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે?

શિષ્ય પૂછે છે કે પ્રભો! આત્મા પુણ્ય-પાપનો કર્તા સ્વયં નથી તે કઈ રીતે છે? આત્મા રાગ-દ્વેષના ભાવનો અકર્તા જ છે તે શી રીતે છે? તે કૃપા કરી સમજાવો. તેનું સમાધાન શાસ્ત્રનું પ્રમાણ આપીને આચાર્યદેવ કરે છે:—

**अपडिक्कमणं दुविहं अपच्चक्खाणं तहेव विण्णेयं ।**
**एएणुवएसेण य अकारओ वण्णिओ चेया ॥२८३॥**
**अपडिक्कमणं दुविहं दव्वे भावे तहा अपच्चक्खाणं ।**
**एएणुवएसेण य अकारओ वण्णिओ चेया ॥२८४॥**

અર્થ:—અપ્રતિક્રમણ બે પ્રકારનું તેમ જ અપ્રત્યાખ્યાન બે પ્રકારનું જાણવું;—આ ઉપદેશથી આત્મા અકારક વર્ણવવામાં આવ્યો છે.

---

અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચ્ચખાણ પણ દ્વયવિધ છે,
—આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.
અણપ્રતિક્રમણ બે-દ્રવ્યભાવે, એમ અણપચ્ચખાણ છે,
—આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.

जावं अपडिक्कमणं अपच्चक्खाणं च दव्व भावाणं।
कुव्वइ आदा तावं कत्ता सो होइ णायव्वो ॥२८५॥

અપ્રતિક્રમણ બે પ્રકારનું છે—દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી; તેવી રીતે અપ્રત્યાખ્યાન પણ બે પ્રકારનું છે-દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી;—આ ઉપદેશથી આત્મા અકારક વર્ણવવામાં આવ્યો છે.

જ્યાંસુધી આત્મા દ્રવ્યનું અને ભાવનું અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન કરે છે ત્યાંસુધી તે કર્તા થાય છે એમ જાણવું.

આ ગાથાનો અર્થ અટપટો છે; કેટલાક આ ગાથામાં ગૂંચવાઈને ખોટો અર્થ કરે છે, કેટલાક તો સમજે નહિ તેથી આ ગાથાની ટીકા પણ કરે છે.

અપ્રતિક્રમણ એટલે પાપથી પાછું ન વળવું; તેના બે પ્રકાર છે. અપ્રત્યાખ્યાનના પણ બે પ્રકાર છે. અપ્રતિક્રમણના બે પ્રકાર આ પ્રકારે છે; એક દ્રવ્ય અને બીજો ભાવ. નિમિત્ત પર પદાર્થ છે, આત્મા તેનાથી જુદો છે, નિમિત્ત તરફ જ્યાંસુધી વલણ છે ત્યાંસુધી નિમિત્ત છૂટતું નથી એવો સંબંધ છે. પર પદાર્થ પ્રત્યે લક્ષ જાય છે તે દ્રવ્ય અપ્રતિક્રમણ છે અને વિકારીભાવને ભાવ અપ્રતિક્રમણ કહ્યું છે. અહીં નિમિત્ત-નમિત્તિક સંબંધ સાબિત કર્યો છે, નિમિત્ત તરફ જો દૃષ્ટિ ન હોય તો વિકારી ભાવનું થવું સંભવે નહિ. આત્મામાં અપ્રતિક્રમણ ને અપચ્ચખાણ છે નહિ, નિમિત્તને આધીન થયે ભાવ છે તે અપ્રતિક્રમણ ને અપચ્ચખાણ છે. સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તો અ તિક્રમણ ને અપ્રત્યાખ્યાન ન થાય, માટે સ્વભાવ તો અકારક છે; સ્વભાવ અકારક છે તે વિકારી ભાવનો ને પરદ્રવ્યનો કર્તા નથી, તેથી અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનથી નિવર્તવાનો ઉપદેશ આપવામાં આવે છે. તું તેનો કર્તા નથી માટે તેથી નિવર્તી જા—એમ ઉપદેશ આપવામાં આવે છે.

અપ્રતિક્રમણ એટલે ગયા કાળમાં થયેલા દોષથી પાછું ન ફરવું તે. અને અપ્રત્યાખ્યાન એટલે ભવિષ્યના દોષથી ન નિવર્તવું તે. ગયા કાળમાં જે રાગ કર્યો તેવો રાગ વર્તમાનમાં પડ્યો છે તેથી તે દોષ વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં જે રાગ થાય તેવો રાગ વર્તમાનમાં પડ્યો છે તેથી તે દોષ વર્તમાનમાં પણ છે; માટે વર્તમાનની દૃષ્ટિ ફેરવીને સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન છૂટી જાય છે

અણપ્રતિક્રમણ વળી એમ અણપચ્ચખાણ દ્રવ્યનું, ભાવનું,
આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.

અને પ્રતિક્રમણ તથા પ્રત્યાખ્યાન થઈ જાય છે. એ રીતે વર્તમાન સુધરતાં ત્રણે કાળ સુધરી જાય છે. જ્યાંસુધી આત્માની નિમિત્ત ઉપર દૃષ્ટિ છે ત્યાંસુધી તે દ્રવ્ય અને ભાવનું અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન કરે છે અને ત્યાંસુધી તે કર્તા થાય છે; અને સ્વભાવ તરફ દૃષ્ટિ કરે તો સ્વભાવ તો અકારક છે. માટે તું અકર્તા થઈ જા એમ આચાર્યદેવનો ઉપદેશ છે.

આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે કારણ કે જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિકભાવોનો કારક હોય તો) અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.

આત્મા પોતાથી રાગ-દ્વેષ ને પુણ્ય-પાપની વૃત્તિનો અકારક જ છે; જો પોતાથી જ આત્મા રાગ-દ્વેષનો કરનારો હોય તો, 'તું દ્રવ્ય-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રતિક્રમણને છોડ' એમ જે બે પ્રકારનો ઉપદેશ છે તે બની શકે નહિ. ભગવાનનો ઉપદેશ બે પ્રકારનો છે. નિમિત્ત તરફનું વલણ તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે અને રાગાદિક ભાવ તે ભાવ-અપ્રતિક્રમણ છે; તે બંને પ્રકારથી નિવર્તવાનો ઉપદેશ છે.

જે શુભભાવરૂપ દ્રવ્ય-પ્રતિક્રમણ છે તેની અહીં વાત નથી, અહીં તો બીજી રીતે વાત છે. જીવને જે વિષય-કષાય અને પુણ્ય-પાપના ભાવ થાય છે તે નિમિત્ત ઉપર લક્ષ જાય ત્યારે થાય છે; તે નિમિત્તના ભાવને જે છોડતો નથી તે નિમિત્તાધીન ભાવથી પર નિમિત્તનો અને નિમિત્તથી થતા ભાવનો કર્તા થાય છે, એટલે આત્માના ભાવનો કર્તા નથી, ત્યાંસુધી નિમિત્તનૈમિત્તિકના સંબંધનો જે ભાવ તેનું અપ્રતિક્રમણ વર્તે છે.

જેમ સોનામાં મીણનો ભાગ અને લાખનો ભાગ હોવા છતાં, તે લાખ ને મીણ સોનામાંથી કાઢયા વગર, પાણીમાં ત્રાજવા રાખીને તોલ કરે તો લાખ અને મીણના તોલ વગર એકલા સોનાનો તોલ આવી જાય છે; તેમ આત્મામાં નિમિત્ત અને નિમિત્ત તરફના ભાવ હોવા છતાં, 'તે ભાવ અને નિમિત્ત મારું સ્વરૂપ નથી, હું તો તેનાથી ભિન્ન જ્ઞાનાદિ અનંત ગુણનો કંદ આનંદઘન આત્મા છું' એમ જ્ઞાનબળ વડે જો તોલ કરવામાં આવે તો એકલા ચૈતન્યનો જ તોલ આવે. તે ચૈતન્યભાવનો તું કર્તા છો, તારામાં જે છે તેનો તું કર્તા છો પરંતુ પર નિમિત્ત ને નિમિત્ત તરફના ભાવ તારામાં છે જ નહિ માટે તું તેનો કર્તા નથી. આ રીતે આત્મા અકારક સિદ્ધ થઈ ગયો.

એક નિમિત્ત વસ્તુ અને બીજો તે નિમિત્ત તરફનો વર્તમાન સમય પૂરતો વિકારી ભાવ; જે જીવ અનાદિથી વિકારી ભાવમાંથી પાછો નથી ફર્યો—ત્યાં ને ત્યાં અટકયો

છે ત્યાંસુધી તેણે મિથ્યા દૃષ્ટિના ભાવનું પ્રતિક્રમણ નથી કર્યું. જ્યાંસુધી મિથ્યા દૃષ્ટિનું પ્રતિક્રમણ નથી કર્યું ત્યાંસુધી અવ્રતનું પ્રતિક્રમણ થઈ શકે નહિ. જ્યાં જ્યાં એમ થયું કે આણે મને લાભ કર્યો, આણે મને નુકસાન કર્યું, તેવા ભાવ છે ત્યાંસુધી તેને અપ્રતિક્રમણ ક્ષણે ક્ષણે સદાય વર્ત્યા જ કરે છે, ને ત્યાંસુધી ચિદાનંદ આત્માનો જે ત્રિકાળ સ્વભાવ છે તેનો તે કારક નથી.

દ્રવ્ય-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રતિક્રમણથી જે નિવર્ત્યો નથી તે રાગ-દ્વેષ અને અજ્ઞાનના ભાવનો કર્તા છે, અને બંને અપ્રતિક્રમણથી જે નિવર્ત્યો તે બંનેનો કર્તા છે નહિ, તે નિમિત્તનો પણ કર્તા નથી ને નૈમિત્તિક ભાવનો પણ કર્તા નથી. નિમિત્તનો જેણે સ્વીકાર કર્યો તેના ઉપાદાનમાં વિકારભાવ થયા વગર રહેશે નહિ.

આ બહારના શુભપરિણામરૂપ પ્રતિક્રમણની વાત નથી, આ તો અંતર-પરિણતિમાં જે રાગ-દ્વેષ થાય છે તેના પ્રતિક્રમણની વાત છે; જેટલા પ્રમાણમાં ગુણની ભૂમિકા વધતી જાય છે તેટલા પ્રમાણમાં અંતર પરિણતિમાંથી રાગ-દ્વેષ છૂટતા જાય છે અને તે પ્રમાણે નિમિત્ત પણ છૂટી જાય છે. તે વાત આ ગાથામાં જણાવે છે.

કોઈ કહે કે 'અમને અંતરમાં ભાવ નથી પણ ભોગવટો નિમિત્તનો ઊભો છે', તો તેમ કહેનાર વસ્તુ સ્વભાવને જાણતો નથી. નિમિત્ત ઉપરનો ભાવ છૂટતાં નિમિત્ત છૂટી જ જાય એવો વસ્તુનો સ્વભાવ છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય પણ ત્યાં તેને સ્વ-પરનું ભેદજ્ઞાન પ્રગટ થયું છે, સ્વભાવદૃષ્ટિ પ્રગટ થઈ છે, તેથી પર વસ્તુ પ્રત્યેની અનંતી આસક્તિ છૂટી ગઈ છે; સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન વડે કરીને નિમિત્તો તરફની એકત્વબુદ્ધિ અને અનંતી આસક્તિ છૂટી ગઈ છે, પરંતુ હજુ અસ્થિરતાની આસક્તિ છે તેટલું નિમિત્ત તરફ લક્ષ જાય છે. જો તદ્દન અસ્થિરતાની આસક્તિ પણ ન હોય તો તે મુનિ થઈ જાય અને ગૃહસ્થાશ્રમના બધા નિમિત્તો છૂટી જાય. માટે સિદ્ધ થાય છે કે, કોઈ એમ કહેતું હોય કે 'અમારા ભાવ નથી છતાં નિમિત્તના ભોગવટામાં ઊભા છીએ' તો તે વાત તદ્દન ખોટી છે.

પરદ્રવ્ય તે નિમિત્ત છે અને આત્માના રાગાદિક ભાવ તે નૈમિત્તિક છે; નૈમિત્તિક એટલે પરને આધીન થયેલો પોતાનો ભાવ; આને નિમિત્તનૈમિત્તિકસંબંધ કહેવાય છે. નિમિત્તના કર્તાપણાની દૃષ્ટિ છોડ અને આત્માના અકારક સ્વભાવની દૃષ્ટિ કર, એ વાત સમજાવવા માટે આચાર્યદેવે આ વાત કરી છે.

—૦—

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૧૧, ગુરુવાર.

જુઓ ભાઈ! આ વિષય અંતરઅધ્યાત્મનો છે એટલે કાંઈક ધીરા થયા વિના પકડાય નહિ. અનંત કાળથી જે જાણીતી ચીજ હોય તે જલદી પકડાય, પરંતુ અનંત કાળથી નહિ જાણેલી ચીજને પકડવા માટે ધીરા થવું જોઈએ.

દુકાનમાં ઘણી ચીજ આવે ત્યારે જે ચીજના ખાનાં ખાલી હોય તેમાં તે ચીજ નાખી દે,-મરચાંના ખાનામાં મરચાં ને જીરાના ખાનામાં જીરું; પણ જે નવી ચીજ આવે તે શેમાં નાખવી તેનો વિચાર કરવો પડે. ત્યારે જે ડાહ્યો માણસ હોય તે બીજા ખાનાં ખાલી કરીને નફાવાળી ચીજને ગોઠવી દે છે; એમાં નફો અત્યારે નજરે ન દેખાય પણ ડાહ્યા માણસે નફો ભવિષ્યમાં છે તેમ જ્ઞાન કરી લીધું છે, જ્ઞાનમાં નફો જણાઈ ગયો છે. તેમ અનંત કાળ થયા રાગ-દ્વેષ આદિ વિકારભાવો જીવના જાણેલા છે તેથી રાગ-દ્વેષના ભાવનો પ્રસંગ હોય તો તેનો ઝટ ઉકેલ કરે છે, પણ આવા અધ્યાત્મસ્વરૂપે જીવ કોઈ દિવસ થયો નથી તેથી તેનો ઉકેલ કરતાં તેને મુશ્કેલ પડે છે, તેનું ખાનું નવું ગોતવું પડે છે, પણ જે આત્માનો વિવેકી હોય તે તેમાં બરાબર ધ્યાન આપે છે.

આત્મા પદાર્થ પોતે વસ્તુ છે, તે પોતે જાતે રાગ-દ્વેષ ને વિકારનો કરનાર નથી, તે કઈ રીતે છે?—એમ શિષ્ય પૂછે છે. શિષ્ય વિનયથી પૂછે છે, તેને સ્વભાવ સમજવાની ઝંખના છે, સ્વભાવના વિનયની ઝંખના છે તેથી ગુરુનો વિનય કરે છે. આત્મા છે તે પુણ્યપાપની વૃત્તિનો અકારક છે તે હે ભગવંત! શી રીતે છે? એમ શિષ્ય પૂછે છે.

ગુરુ ઉત્તર આપે છે કે ભાઈ, સમજ! તારા સ્વરૂપમાં રાગદ્વેષ નથી. આત્મા પોતે પોતાથી રાગ-દ્વેષનો અકારક છે, ભગવાન આત્મા પોતાથી પુણ્ય-પાપની કોઈ પણ વૃત્તિનો કે જેનાથી બંધ થાય તે ભાવનો અકારક છે. જો એમ ન હોય અને આત્મા પોતાથી જ રાગ-દ્વેષનો કારક હોય તો રાગ-દ્વેષ આત્માનો સ્વભાવ થઈ જાય અને તે કદી પણ છૂટે નહિ, માટે આત્માનો સ્વભાવ રાગ-દ્વેષ કરવાનો નથી, પણ પોતે નિમિત્ત તરફ લક્ષ કરે છે તેથી પોતાના ઊંધા પુરુષાર્થને કારણે રાગાદિ વિકાર થાય છે. નિમિત્ત રાગ-દ્વેષ પરાણે કરાવતું નથી પણ પોતાના ઊંધા પુરુષાર્થને કારણે નિમિત્ત તરફ લક્ષ આપે છે તેથી રાગ-દ્વેષ થાય છે, આત્માનો સ્વભાવ રાગ-દ્વેષનો અકારક છે.

ભગવાન ત્રિલોકિનાથે દિવ્યધ્વનિમાં એમ ફરમાવ્યું છે કે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન બે પ્રકારનાં છે તેને છોડો! એવો બે પ્રકારનો જે ઉપદેશ ભગવાને

આપ્યો છે તે ઉપદેશ, જો આત્મા પોતે વિકારી પર્યાયનો સૃષ્ટા એટલે કે ઉત્પાદક હોય તો બની શકતો નથી. આમાં એ ન્યાય આવી ગયો કે જો આત્મા પોતાથી જ રાગાદિ વિકારનો કર્તા હોય તો તે કર્તાપણું કદી છૂટી શકે નહિ, માટે આત્મા અકર્તા છે. જે અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનનો દ્રવ્ય અને ભાવ—એવા બે પ્રકારનો ઉપદેશ છે તે નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો આત્માના અકર્તાપણાને જણાવે છે કે, આત્માને રાગાદિ વિકાર થાય ત્યારે નિમિત્ત તરફ લક્ષ હોય છે માટે રાગાદિ વિકાર આત્માનો સ્વભાવ નથી.

આ આત્મા સિવાય કોઈ પણ પદાર્થ ગયા કાળમાં ભલો જાણ્યો હોય, તે વસ્તુ પ્રત્યેના સંસ્કાર રહી ગયા હોય કે 'તે વસ્તુ મને હોય તો ઠીક' તેને દ્રવ્ય-અપ્રતિક્રમણ કહ્યું છે. આત્મા સિવાય શરીર, વાણી, સંઘયણ વગેરે પર પદાર્થની જરૂર અને પડે તે દ્રવ્ય-અપ્રતિક્રમણ, અને તે વસ્તુ પ્રત્યે થયેલો રાગ-દ્વેષનો ભાવ તે ભાવ-અપ્રતિક્રમણ; આ રીતે આ ગાથામાં નિમિત્ત નૈમિત્તિકસંબંધ બતાવે છે.

એક દ્રવ્યે બીજા દ્રવ્ય પ્રત્યે એમ માન્યું કે આ દ્રવ્ય મને ઠીક છે, આ ક્ષેત્ર મને ઠીક છે, તેવું દ્રવ્ય-ક્ષેત્ર તરફનું લક્ષ તે દ્રવ્ય-અપ્રતિક્રમણ, અને રાગ-દ્વેષના ભાવ તે ભાવ-અપ્રતિક્રમણ.

'ગયે કાળે જે મિત્રાદિના આત્મા મને મદદગાર હતા તે રહે તો ઠીક' તેમ વર્તમાન સંસ્કાર રહેવા તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે, અને પોતાના રાગ-દ્વેષના ભાવ તે ભાવ-અપ્રતિક્રમણ છે; ભાવને અને નિમિત્તને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. જે ભાવ થાય તેમાં કોઈ પણ નિમિત્તનો આશ્રય હોય છે. ભાવ થાય છે પોતાને કારણે પણ નિમિત્તનો આશ્રય હોય છે ખરો, તેથી દ્રવ્ય-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રતિક્રમણ એમ બે ભેદ પડે છે. વસ્તુ પ્રત્યેનો રાગ છૂટતાં દ્રવ્ય-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રતિક્રમણ બંને છૂટી જાય છે, એટલે પોતાના જુદા નિરાળા જ્ઞાયક સ્વભાવમાં ઠરવાથી પ્રતિક્રમણ થઈ જાય છે. જેને આત્માના નિરાળા સ્વભાવનું ભાન નથી તે વિકારી ભાવનો કર્તા થાય છે અને વિકારી ભાવના નિમિત્તનો પણ કર્તા થાય છે; વિકારી ભાવથી જુદું ભાન જેને થાય છે તે વિકારી ભાવનો કર્તા પણ છુટી જાય છે અને તેના નિમિત્તનો પણ કર્તા છૂટી જાય છે.

કોઈ કહે કે આ વાત બહુ ઝીણી છે. પણ ભાઈ! પોતે આત્મા જ ઝીણો છે; આત્મા અરૂપી છે કે રૂપી?-અરૂપી છે. અરૂપી હોય તે સૂક્ષ્મ હોય કે સ્થૂળ? સૂક્ષ્મ

જ હોય. તો ભાઈ! સૂક્ષ્મ સ્વરૂપમાંથી સૂક્ષ્મ જ આવે ને! આત્મા સૂક્ષ્મ, તેના ગુણ સૂક્ષ્મ ને તેની પર્યાય પણ સૂક્ષ્મ છે, તો પછી તેનો ન્યાય પણ સૂક્ષ્મ જ હોય, સૂક્ષ્મ-માંથી સૂક્ષ્મ જ આવે. માટે ભાઈ! સૂક્ષ્મ તારું સ્વરૂપ છે, સૂક્ષ્મ થઈને વિચાર તો તે સમજાય તેવી વાત છે.

વિકારી ભાવ અને વિકારી ભાવે જેને વિષય કર્યો તે નિમિત્ત, તે બંને નિમિત્ત-નૈમિત્તિકપણાના સંબંધને જાહેર કરે છે. વિકારી ભાવ આત્માનો મૂળ સ્વભાવ નથી; ઊંધા પુરુષાર્થથી તે પોતાની પર્યાયમાં થાય છે પરંતુ સામું નિમિત્ત તેના લક્ષમાં હોય છે, નિમિત્તના લક્ષ વગર વિકારી ભાવ થાય નહિ. એ રીતે નિમિત્ત-નૈમિત્તિક-પણાનો સંબંધ જાહેર થાય છે અને તે આત્મા પરનો અકર્તા છે તેમ જણાવે છે. પર્યાયદૃષ્ટિમાં પરદ્રવ્ય તરફ વલણ થાય છે તેથી ઊંધી દૃષ્ટિ પરદ્રવ્યનો કર્તા થાય છે. આત્મા પરનો અકર્તા છે.

જેમ ગયા કાળની વસ્તુની વાસના રહે તેને અપ્રતિક્રમણ કહેવાય છે તેમ ભવિષ્યમાં પણ આ પદાર્થ મને મદદગાર રહે તો ઠીક તેવી વાસના તે અપ્રત્યાખ્યાન છે.

જેને પરદ્રવ્યથી અને વિકારી ભાવોથી જુદા-નિરાળા આત્માનું ભાન થયું છે તેને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શુભરાગ હોય છે, પરંતુ નિમિત્ત તરફ એકત્વબુદ્ધિ રહેતી નથી, કારણ કે તે પરદ્રવ્યનો અને વિકારી ભાવોનો જ્ઞાતા રહે છે. તેને જ્ઞાયક આત્માની શ્રદ્ધા અને જ્ઞાન થયું છે, અંશે અંશે સ્વરૂપમાં ઠરે છે પરંતુ પૂર્ણ વીતરાગ થઈ શકતો નથી, સ્વરૂપમાં સર્વથા ઠરી શકતો નથી તેથી અશુભ પરિણામથી બચવા શુભરાગ આવે છે; ભવિષ્યમાં જ્યાંસુધી પૂર્ણ વીતરાગ નથી થતો ત્યાંસુધી દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શુભરાગ રહે છે, પણ નિમિત્તો જ મને બધું કરી દે છે તેમ તે માનતો નથી; હું પુરુષાર્થ કરું ત્યારે જ મારી પર્યાય પ્રગટે-એવું ભાન છે, પરંતુ આત્માનો પુરુષાર્થ કરવામાં સારાં ધર્મનાં નિમિત્તો હોય એમ સાધકને ભાવ આવ્યા વગર રહે નહિ. તે વસ્તુસ્વભાવને બરાબર જાણે છે કે આત્માનું કલ્યાણ કરવામાં સાચા દેવ-ગુરુનું નિમિત્ત હોય છે ખરું પરંતુ નિમિત્ત કાંઈ કરી દેતું નથી; નિમિત્તથી થતું નથી અને નિમિત્ત વિના પણ થતું નથી, એવો નિમિત્ત નૈમિત્તિકસંબંધ છે.

નિમિત્ત ઉપર જ જેની દૃષ્ટિ છે તે 'ભવિષ્યમાં અમુક પદાર્થ હોય તો ઠીક, અમુક હોય તો ઠીક' એવો મમત્વ ભાવ કરે છે, તે અપ્રત્યાખ્યાન છે. જેને આત્માનું ભાન હોય તેની જુદી વાત છે, તે જે બોલે તે સમજીને બોલે છે, તેને અલ્પ અસ્થિરતા રહે છે તેથી અસ્થિરતાનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન રહે છે, પણ તે વાત ગૌણ છે. અહીં તો જેની નિમિત્ત ઉપર જ દૃષ્ટિ છે તેની વાત છે.

ભવિષ્યમાં મને મનુષ્યપણું મળે તો ઠીક, સારું સંઘયણ મળે તો ઠીક-એમ અનુકૂળ નિમિત્તો ભવિષ્યમાં મળે તો ઠીક એવી વાસના રહે તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે. વસ્તુ તરફના રાગ-દ્વેષ ભાવ રહે તે ભાવ-અપ્રત્યાખ્યાન છે અને રાગ-દ્વેષ ભાવે 'ભવિષ્યમાં અમુક વસ્તુ મળે તો ઠીક' એમ જે વસ્તુનો વિષય કર્યો તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે.

રાગ-દ્વેષ ભાવ છૂટતાં રાગે જે વસ્તુનો વિષય કર્યો હોય તે પણ છૂટી જાય છે, નૈમિત્તિકભાવ છૂટતાં નિમિત્ત પણ છૂટી જાય છે, તેથી નિમિત્તને છોડવાનો ઉપદેશ આપવામાં આવે છે; ઉપચારથી નિમિત્તને ગ્રહવાનો કર્તા તું છો ને છોડવાનો કર્તા પણ તું છો તેમ કહેવાય છે. આત્મા અકર્તા છે પણ નિમિત્ત તરફની દૃષ્ટિ થવાથી, પર્યાયદૃષ્ટિથી પરનો કર્તા થાય છે.

જ્ઞાનીને પુરુષાર્થ પૂરો ન થાય ત્યાંસુધી હું પુરુષાર્થ કરું, પુરુષાર્થ કરું એવો ભાવ રહે છે, અને જે રાગ રહે છે તે રાગથી પુણ્ય બંધાઈ જાય છે તેથી નિમિત્તો એની મેળે મળી જાય છે પરંતુ જ્ઞાનીની દૃષ્ટિ નિમિત્ત ઉપર નથી. હું પુરુષાર્થ કરું, પુરુષાર્થ કરું એવો જાગૃતિનો ભાવ લંબાઈને સાથે જે રાગ રહે છે તેનાથી જે પુણ્ય બંધાય છે, તે પુરુષાર્થના તાબાનું પુણ્ય છે, પરંતુ પુણ્યના તાબાનો પુરુષાર્થ નથી. જ્ઞાનીને પુણ્ય બંધાય છે અને નિમિત્ત પણ મળે છે, પણ તેની દૃષ્ટિ નિમિત્ત ઉપર નથી.

જેની નિમિત્ત ઉપર દૃષ્ટિ છે તે નિમિત્ત મળતાં 'આ નિમિત્ત, આ નિમિત્ત' એમ નિમિત્ત તરફ એકત્વ કરીને રાગ-દ્વેષ કર્યા કરશે. જ્ઞાનીને પુણ્યના કારણે નિમિત્તો મળશે પણ 'હું સ્વભાવ, હું સ્વભાવ—હું જ્ઞાયક, હું જ્ઞાયક' તેમ થયા કરશે, તેથી તે નિમિત્તમાં અટકશે નહિ.

ભવિષ્યની વસ્તુનું મમત્વ રહેવું તે અપ્રત્યાખ્યાન છે, અને ગયા કાળની વસ્તુનું મમત્વ રહેવું તે અપ્રતિક્રમણ છે. તેના બબ્બે પ્રકાર છે; દ્રવ્ય-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રતિક્રમણ તથા દ્રવ્ય-અપ્રત્યાખ્યાન અને ભાવ-અપ્રત્યાખ્યાન; જેને સંયોગી દૃષ્ટિ ઊભી છે તેને આ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના બબ્બે પ્રકાર છે. આચાર્યદેવ કહે છે કે 'ભગવાન આમ કહે છે.'-એમ કહીને ભગવાનને ઉતાર્યા છે.

જેને પરદ્રવ્યને અવલંબીને દૃષ્ટિ ઊભી છે તેને એમ થયા કરશે કે આવા દેવ-ગુરુ હોય ને આવા દેવ-ગુરુ હોય, આવા દેવ-ગુરુ મને મળે તો આવા દેવ-ગુરુ મને મળે;-એમ પરદ્રવ્યનું અવલંબન રહ્યા કરશે તેથી સ્વાલંબી દૃષ્ટિ ઉઘડશે નહિ. ભાઈ! તારામાં માલ છે કે નહિ! તું પુરુષાર્થ કર તો તારાથી થઈ શકે તેમ છે. આત્મકલ્યાણમાં

અનુકૂળ નિમિત્ત હોય ખરા, પરંતુ નિમિત્ત કાંઈ કરી દેતું નથી; નિમિત્તથી કાર્ય થતું નથી અને નિમિત્ત વિના પણ આત્માનું કાર્ય થતુ નથી.

ગયા કાળના ને ભવિષ્યના પદાર્થો મને હોય તો ઠીક એવી આગ્રહબુદ્ધિ તે આત્માના સ્વભાવને લૂંટનાર છે. સમ્યગ્દષ્ટિને નિમિત્તની પક્કડ હોતી નથી.

સ્વદ્રવ્યની એકાગ્રતામાં રાગ-દ્વેષ નથી અને પરદ્રવ્યના સંબંધમાં રાગ-દ્વેષ થયા વગર રહેતા નથી, તેમાં સ્વભાવ પર્યાયની ઉત્પત્તિ નથી; તેથી એમ સિદ્ધ થાય છે કે આત્મા અકર્તા છે; પરંતુ પર તરફ લક્ષ જતાં રાગાદિ ભાવનો અને તેના નિમિત્તનો કર્તા થાય છે. નિમિત્ત તરફ એકત્વ કરીને, નિમિત્તને હું ગ્રહણ કરું છું એમ અજ્ઞાની માની લે છે માટે તેને દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાન થાય છે; જ્યાં ભાવ-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રત્યાખ્યાન છે ત્યાં દ્રવ્ય-અપ્રત્યાખ્યાન અને દ્રવ્ય-પ્રત્યાખ્યાન હોય જ છે એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. જો એમ ન માનવામાં આવે તો ભગવંત દેવાધિદેવનો ઉપદેશ વ્યર્થ થાય. કારણ કે પર તરફ જ્યાં લક્ષ જાય ત્યાં વિકાર થયા વગર રહે નહિ એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, સ્વભાવદૃષ્ટિ થતાં રાગ-દ્વેષ સહેજે છૂટી જાય છે ને સ્વભાવપર્યાય પ્રગટે છે, માટે ભગવાન દેવાધિદેવ કહે છે કે પર તરફ તારું લક્ષ જાય છે તેથી દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાન તથા ભાવ-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રત્યાખ્યાન થાય છે, માટે તેને છોડ; આત્મા દ્રવ્ય-વસ્તુ પોતે જો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો કર્તા હોય તો કદી છુટે નહિ, પણ આત્માની ક્ષણિક પર્યાયમાં કર્તાપણું છે, ત્રિકાળી દ્રવ્યમાં કર્તાપણું નથી, માટે તું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન છોડ; નિમિત્ત તને તને રાગ-દ્વેષ કરાવી દેતું નથી, વિકારી ભાવ થતાં નિમિત્ત તરફનું લક્ષ આવી જાય છે, નિમિત્તનો સંબંધ આવી જાય છે; પુરુષાર્થ કરવો તારા હાથની વાત છે. સ્વભાવ-દૃષ્ટિ પ્રગટ થતાં વિકારી ભાવ સાથેની એકત્વબુદ્ધિ તેમજ નિમિત્ત તરફની એકત્વબુદ્ધિ છૂટી જાય છે તેથી દ્રવ્ય-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રતિક્રમણ છૂટી જાય છે, તેમજ દ્રવ્ય-અપ્રત્યાખ્યાન અને ભાવ-અપ્રત્યાખ્યાન પણ છૂટી જાય છે, એટલે સાચાં પ્રતિક્રમણ ને સાચાં પ્રત્યાખ્યાન પ્રગટે છે. પછી અલ્પ અસ્થિરતા રહે છે તે વાત ગૌણ છે. પુરુષાર્થ વધતાં વધતાં જે પોતાના નિરાળા જ્ઞાયક સ્વભાવનું ભાન છે તેમાં રમણતા વધી જાય છે અને ગૃહસ્થાશ્રમ છૂટીને સાચું મુનિપણું આવે છે, ત્યારે સ્વરૂપમાં રમણતા એકદમ વધી ગઈ હોય છે, ક્ષણમાં બહાર લક્ષ આવે છે ને ક્ષણમાં સ્વરૂપમાં ઠરી જાય છે, એવી રીતે હજારો વાર આવ-જા કરે છે, સ્વરૂપમાં ઝૂલ્યા કરે છે, ત્યાં અસ્થિરતારૂપ અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન છૂટી જાય છે ને અનુક્રમે વીતરાગ થઈ કેવળજ્ઞાનને પામે છે.

આત્માના સ્વભાવમાંથી જો રાગ-દ્વેષ થતા હોય તો તે કદી છૂટે નહિ અને ભગવાન દેવાધિદેવનો મોક્ષનો ઉપદેશ વ્યર્થ થાય, પણ એમ નથી. ત્રિકાળી દ્રવ્ય વિકારી ભાવને કરતું નથી પણ નિમિત્ત તરફ લક્ષ જતાં વિકારી ભાવ થાય છે એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, માટે ત્રિકાળી દ્રવ્ય અકર્તા છે, ક્ષણિક પર્યાયમાં કર્તાપણું છે તેથી તે છૂટી શકે છે. પર તરફ લક્ષ જતાં અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન થાય છે તેથી તે છૂટી શકે છે, માટે તું છોડ. આત્માના સ્વભાવમાં વિકાર નથી, નિમિત્ત કરાવતું નથી, ઊંધી દૃષ્ટિથી તું તેનો કર્તા થાય છે અને તે છોડવાને પણ તું સ્વતંત્ર છે. માટે નિમિત્ત તરફનું લક્ષ છોડીને અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનને છોડ, ને સ્વભાવ પર્યાય પ્રગટ કર-એમ દેવાધિદેવનો ઉપદેશ છે.

આત્માની પર્યાયમાં થતો વિકારીભાવ અને સામું નિમિત્ત, તે બન્નેનો નિમિત્ત-નૈમિકત્તિસંબંધ સિદ્ધ થતાં તે આત્માના અકર્તાપણાને જણાવે છે. વિકારી ભાવ આત્માનો સ્વભાવ નથી માટે તેનું નિમિત્ત પર હોય, આત્મા ન હોય—એમ સિદ્ધ થાય છે. આત્મા ઊંધું વીર્ય કરે છે તેથી રાગ-દ્વેષ થાય છે, પણ તેનું નિમિત્ત પર છે; એમ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ જાહેર થતાં આત્માનું અકર્તાપણું જાહેર થાય છે. માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો તે નૈમિત્તિક છે જો એમ ન માનવામાં આવે તો દ્રવ્યઅપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય, અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્ય-કર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે. માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો. અને એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું. એ રીતે ભગવાનનો ઉપદેશ વ્યર્થ ઠરતો નથી અને મોક્ષનો અભાવ પણ ઠરતો નથી પણ ઊલટું મોક્ષની પર્યાય સાબિત થાય છે. આત્મા વિકારનો અકર્તા છે, આત્માના સ્વભાવમાં વિકાર નથી; નિમિત્તને લક્ષે વિકાર થાય છે પણ વિકાર નિમિત્ત કરાવી દેતું નથી, પોતે પુરુષાર્થ કરે તો વિકાર ટાળી શકે છે અને મોક્ષની પર્યાય પ્રગટ કરી શકે છે. એ રીતે નિમિત્ત-નૈમિત્તિક-સંબંધ જાહેર થતાં મોક્ષ સિદ્ધ થાય છે. રાગાદિભાવોને અને સામા નિમિત્તને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, તેથી જ્યાંસુધી તે નિમિત્તભૂત દ્રવ્યને ( પરદ્રવ્યને ) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી (અર્થાત્ જ્યાંસુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી ) ત્યાંસુધી નૈમિત્તિકભૂત ભાવને ( -રાગાદિભાવને ) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી, અને જ્યાંસુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી ત્યાંસુધી કર્તા જ છે, જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે જ

નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે તથા પચખે છે, અને જ્યારે ભાવને પ્રતિક્રમે છે તથા પચખે છે, ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે.

નિમિત્ત તરફનો રાગ છૂટતાં નિમિત્ત છૂટી જ જાય એવો સંબંધ છે. તેથી જે નિમિત્ત તરફનું પ્રતિક્રમણ અને પચખાણ કરતો નથી તે ભાવ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કરતો નથી એમ કહેવાય છે. ઘણા જીવો નિમિત્તને બહારથી દૂર કરે છે પણ રાગ છૂટ્યો હોતો નથી, તેને વાસ્તવિક રીતે નિમિત્તનો ત્યાગ થયો જ નથી, કારણ કે પોતાના ભાવમાં નિમિત્તનો રાગ ઊભો જ છે માટે રાગનો નિમિત્ત નૈમિત્તિકસંબંધ ઊભો જ છે. નિમિત્તનો રાગ જેને છૂટે છે તેને જ વાસ્તવિક રીતે નિમિત્ત છૂટે છે, અને તેને જ રાગનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છૂટ્યો છે. ગયા કાળના અમુક પદાર્થો હોય તો ઠીક, ભવિષ્યમાં અમુક પદાર્થ હોય તો ઠીક—એવો રાગ જેને છુટે છે તેને નિમિત્તનો રાગ છૂટ્યા વગર રહેતો નથી; કારણ કે તેના રાગનું લક્ષ નિમિત્ત તરફ હતું તેથી નિમિત્તનો રાગ છૂટ્યા વગર રહેતો નથી એવો સંબંધ છે. પરદ્રવ્ય તરફનો રાગ છૂટતાં દ્રવ્ય-પ્રતિક્રમણ ને દ્રવ્યપચખાણ તેમ જ ભાવ-પ્રતિક્રમણ ને ભાવ-પચખાણ બન્ને થઈ જાય છે, તેથી નિમિત્તને પચખવાનું કહેતાં આચાર્યદેવને ભાવના પચખાણ કરવાનું કહેવું છે, કારણ કે નિમિત્ત તરફનો રાગ છૂટતાં નિમિત્ત પણ છૂટી જાય છે, ચૈતન્યની પર્યાયમાંથી રાગ છુટતાં નિમિત્તને પણ છુટવાનો આરોપ આવે છે--એવો સંબંધ છે. આ રીતે વિકારી ભાવનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છુટી જાય છે ત્યારે આત્મા સાક્ષાત્ અકર્તા થાય છે, વિકારી ભાવનો અને પરદ્રવ્યનો કર્તા છુટી જાય છે અને પ્રગટપણે અકર્તા થાય છે.

ત્રિકાળી આત્મદ્રવ્ય અકારક છે. પણ તે અકર્તાપણાનું જેને ભાન નથી તેને સાક્ષાત્ અકર્તાપણું થતું નથી; આત્મદ્રવ્યનું ભાન થતાં સાક્ષાત્ અકર્તા થાય છે અને સમ્યક્ભાનપૂર્વક આત્મદ્રવ્યમાં સ્થિરતા વધતાં પણ સાક્ષાત્ અકર્તા થાય છે.

ત્રિકાળી આત્મદ્રવ્ય જો રાગાદિનું કર્તા હોય તો તે કર્તાપણું કાયમ રહેશે, કારણ કે તે દ્રવ્યનો સ્વભાવ થયો, સ્વભાવ હોય તે કદી છુટે નહિ, એટલે મોક્ષ કોઈ દિવસ થાય નહિ. પરંતુ વસ્તુસ્વરૂપ એમ નથી. આત્માની પર્યાયમાં નિમિત્ત તરફ દૃષ્ટિ જતાં નૈમિત્તિક વર્તમાન ક્ષણિક વિકારી ભાવ થાય છે, માટે તે ટાણાની હાલતમાં ક્ષણિક કર્તાપણાનો પ્રસંગ છે, પણ ત્રિકાળી દ્રવ્યમાં કર્તાપણું છે નહિ. આ તો વસ્તુસ્થિતિની મર્યાદા છે, મોક્ષના રાહ છે.

પરવસ્તુનું ક્ષણિકપણે કર્તાપણું માની લીધું છે તે આત્માનું ભાન થતાં છુટી

જાય છે. અહીં તો કહેવું છે કે વિકારી ભાવ ભલે ચૈતન્યની પર્યાયમાં થાય પણ તે ચૈતન્યનો સ્વભાવ નથી, પરને લક્ષે થતો ભાવ છે માટે પર છે. પરદ્રવ્ય પરદ્રવ્યને કર્તાપણામાં નિમિત્ત છે, પરદ્રવ્ય તરફનો ભાવ તે પરદ્રવ્ય જ છે, અને તેના તરફના વલણનો ભાવ તે બન્ને પરદ્રવ્ય જ છે, માટે પર પરને નિમિત્ત છે, ત્રિકાળી આત્મા પરનો કર્તા હોય તો કદી છુટે નહિ અને મોક્ષ કદી થાય નહિ, માટે આત્મા પરનો અકારક છે.

સમયસારમાં ઘણે ઠેકાણે એમ આવે છે કે આત્મા તો પરદ્રવ્યનો કર્તા નથી પરંતુ વર્તમાનમાં ક્ષણિક વિકારી પર્યાય ચૈતન્યમાં થાય છે તે પણ પરદ્રવ્યની કર્તા નથી, પરંતુ વર્તમાનમાં ક્ષણિક વિકારી પર્યાય ચૈતન્યમાં થાય છે તે પણ પરદ્રવ્યની કર્તા નથી, અને પરદ્રવ્ય પણ ચૈતન્યમાં ભ્રાંતિથી અને અસ્થિરતાથી ચૈતન્યના ઊંધા પુરુષાર્થ વડે થતી જે વિકારી પર્યાય તેને કરતું નથી; અને આ ગાથામાં પરદ્રવ્ય પરદ્રવ્યને કરે છે એવી વાત આવી, તેથી કેટલાક મુંઝાય છે. પણ ભાઈ ! કોઈ દ્રવ્યની પર્યાય કોઈ કરી શકતું નથી તે વાતમાં દરેક દ્રવ્યની સ્વતંત્રતા જેમ છે તેમ બતાવવી છે, અને આ ગાથામાં નિમિત્ત–નૈમિત્તિકસંબંધ બતાવવો છે. માટે વસ્તુસ્વરૂપ જેમ છે તેમ—જે અપેક્ષાએ જેમ હોય તેમ—સમજવું.

વિકારી ભાવમાં પર નિમિત્ત છે તેમ સમજવું, પણ પર પદાર્થને ઇષ્ટ–અનિષ્ટ માની તેમાં અટકવું નહિ. જેને પર પદાર્થનો આગ્રહ ને પકડ છે તેને પર પદાર્થનું જ બહુમાન ને માહાત્મ્ય છે, તેને સ્વપદાર્થનું માહાત્મ્ય નથી, સ્વપદાર્થના માહાત્મ્ય વગર મોક્ષ થતો નથી, ને પર પદાર્થની જ્યાં પકડ ત્યાં બંધ થયા વગર રહેતો નથી.

અહીં તો નિમિત્ત નૈમિત્તિકસંબંધ બતાવ્યો છે, પણ નિમિત્તની વાત આવતાં નિમિત્તને પકડી લેવાનું કહ્યું નથી. પરવસ્તુ તે વિકારનો હેતુ છે એમ બતાવવું છે, પણ તેથી કાંઈ પરવસ્તુ પરાણે વિકાર કરાવી દે છે તેમ કહેવું નથી; ઊંધા વીર્યથી પોતે વિકારની પર્યાય કરે ત્યારે પરવસ્તુ નિમિત્ત હોય છે, પરદ્રવ્ય તરફના વલણના ભાવમાં પરદ્રવ્ય નિમિત્ત હોય છે-એમ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવવો છે; માટે નિમિત્તનો આગ્રહ નહિ કરતાં-પકડ નહિ કરતાં-વસ્તુ સ્વરૂપ જેમ છે તેમ સમજવાથી મોક્ષની પર્યાય પ્રગટે છે.

જ્યાં સુધી પોતે પર પદાર્થ તરફની વૃત્તિને ખેંચતો નથી, પર તરફના વલણમાં ઠીકાઠીક બુદ્ધિને છોડતો નથી ત્યાં સુધી અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન છે. જે પર પદાર્થ ઉપરથી જેને યથાર્થપણે પ્રીતિ છૂટી તેને તે પર પદાર્થનો સંયોગ પણ છૂટી જાય છે; જેને પર તરફનું વલણ છૂટતું નથી તેને પર તરફની ઇષ્ટ-અનિષ્ટ વૃત્તિ પણ છુટતી

નથી, એમ આચાર્યદેવને કહેવું છે, આવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ—છે એમ આચાર્યદેવ બતાવે છે.

યથાર્થ રીતે પર પદાર્થને ત્યાગવાનો ભાવ થતાં તે પર પદાર્થ તરફના રાગ-દ્વેષ પણ છૂટી જાય છે, અને કોઈ પણ પ્રકારના રાગના સંબંધથી પર પદાર્થો જોડાયેલા હોય તો તે પર પદાર્થો પણ છૂટી જાય છે—એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. પર પદાર્થો તો છૂટેલા જ પડયા છે, તે કાંઈ આત્મામાં પેસી ગયા નથી, પણ તેની સાથેનો રાગનો સંબંધ છુટયો તેથી પર પદાર્થ પણ છૂટયા-તેમ વ્યવહારથી કહેવાય છે.

કેટલાક જીવો પર પદાર્થનો રાગ છુટયા વિના પર પદાર્થને ખસેડવાનું વર્તન કરે છે, પણ ભાઈ ! દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને ખસેડી શકતુ નથી, કોઈ દ્રવ્ય કોઈ પરને કરી શકતું નથી; વળી પર પદાર્થનો રાગ છુટયા વિના પર પદાર્થ છુટવાનો ઉપચાર પણ લાગુ પડતો નથી. જ્યાં રાગ છુટે ત્યાં જ નિમિત્ત છૂટે, તેને જ સાચો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કહેવાય, બાકી અજ્ઞાનતાને લીધે બહારથી બધું છોડીને ત્યાગી થાય તોપણ આત્માના ભાન વિના એક પણ ભવ ઘટતો નથી. આત્માના ભાન વિના રાગ છુટતો નથી, રાગ છુટયા વિના વીતરાગતા થતી નથી ને વીતરાગતા વિના મોક્ષ થતો નથી.

આચાર્યદેવે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવ્યો છે પણ નિમિત્તની પક્કડ કરવાનું કહ્યું નથી, નિમિત્તની પક્કડ કરનાર અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે.

અમુક જ દેવ મને હો, અમુક જ ગુરુ મને હો—એવો જેને આગ્રહ છે તેને નિમિત્તની પક્કડ છે, તેની દૃષ્ટિ ગુણ ઉપર નથી પણ વ્યક્તિ ઉપર છે. જે અજ્ઞાની છે તે નિમિત્તને અને પોતાને એકમેક માને છે તેથી તેને નિમિત્તની પક્કડ થઈ જાય છે.

જ્ઞાનીને ' અમુક જ દેવ મને હો ને અમુક જ ગુરુ મને હો ' એવી પક્કડ હોતી નથી. જ્ઞાનીને બધા વીતરાગીદેવ અને વીતરાગ-દશાને સાધનારા બધા ગુરુ પ્રત્યે બહુમાન હોય છે, ભક્તિ હોય છે. જ્ઞાનીને નિમિત્ત તરફનો પ્રશસ્તરાગ હોય છે ખરો, પણ નિમિત્તની પક્કડ હોતી નથી, તેથી તે અલ્પકાળમાં પુરુષાર્થ વધારીને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં લીનતા વધારીને રાગ પરિણતિથી છૂટીને વીતરાગદશાને પ્રગટ કરે છે. જ્ઞાનીને નિમિત્ત તરફનો રાગ છૂટતાં નિમિત્તો પણ છૂટી જાય છે, વીતરાગદશા પ્રગટ થાય છે ને ભવનો અંત થાય છે. અજ્ઞાનીને નિમિત્તની પક્કડ હોવાથી ભવનો અંત થતો નથી; સંસારનું પરિભ્રમણ ટળતું નથી.

આ જ ભગવાનના પ્રતિમાજી મને હો, આ એક જ ગુરુ મને હો, આ એક

જ દેવ મને હો-એમ પક્કડ કરનાર પરદ્રવ્યને છોડતો નથી, એની માન્યતામાં વ્યક્તિ-પૂજા આવે છે પણ ગુણપૂજા આવતી નથી, ગુણ ઉપર લક્ષ નથી પણ વ્યક્તિ ઉપર લક્ષ છે. ગુણપૂજામાં વ્યાપક લક્ષ છે, વિશાળતા છે, ને વ્યક્તિપૂજામાં એક પદાર્થનો આગ્રહ છે.

કેટલાકને એમ થઈ જાય છે કે પાર્શ્વનાથ ભગવાનના જ પ્રતિમાજી આપણે રાખવા, પુરુષાદાણી પાર્શ્વનાથ ભગવાન જ આપણે રાખવા, આવી પક્કડ તે પરદ્રવ્યનો આગ્રહ છે, તે વ્યક્તિપૂજા છે, ગુણપૂજા નથી.

શાસ્ત્રમાં 'નમો અરિહંતાણં' આવે છે પણ 'નમો મહાવીરાણં' આવતું નથી. શાસ્ત્રમાં પંચપરમેષ્ઠીને જ્યાં નમસ્કાર કર્યો છે ત્યાં 'નમો અરિહંતાણં' જ આવે છે પણ કોઈ વ્યક્તિનું નામ આવતું નથી; 'નમો અરિહંતાણં'માં બધા અરિહંત આવી જાય છે તેથી તે ગુણવાચક શબ્દ છે. 'નમો અરિહંતાણં'નો વ્યાપક અર્થ છે, તેમાં બધા ભગવાન આવી જાય છે. સમ્યગ્દૃષ્ટિને ગુણ તરફ લક્ષ હોય છે પણ વ્યક્તિ તરફ લક્ષ હોતું નથી. શાસ્ત્રમાં કોઈ ઠેકાણે શ્રી વીર ભગવાનને નમસ્કાર પણ આવે છે. પરંતુ ત્યાં બીજા ગુણીના આદરપૂર્વક, વર્તમાનમાં શ્રી વીર ભગવાનનો ઉપકાર વર્તે છે તે લક્ષમાં લઈને નમસ્કાર કર્યો છે. બીજા ગુણીનો આદર લક્ષમાં રાખીને કોઈ વ્યક્તિને નમસ્કાર કરવો તે વ્યક્તિપૂજા નથી, પણ બીજા ગુણીના આદરનો નિષેધ કરીને કોઈ એક વ્યક્તિનો આદર કરવો તે વ્યક્તિપૂજા છે. જે વસ્તુસ્થિતિને બરાબર સમજે છે તેને બધો વિવેક આવી જાય છે, તે કયાંય અટકતો નથી, તેનું લક્ષ ગુણ ઉપર જ હોય છે, તેથી તેને ગુણપૂજા જ હોય છે.

સમ્યગ્દૃષ્ટિને શુદ્ધસ્વભાવનું ભાન થયું છે તેથી શુદ્ધસ્વભાવના ભાવના જોરે અશુદ્ધતાનો નાશ કર્યો છે, અલ્પ અસ્થિરતા બાકી રહી છે તે ગૌણ છે. સમ્યક્ભાન થયું તેમાં બધો વિવેક આવી જાય છે; તેના જ્ઞાનમાં બધા ગુણી આવ્યા, બધા અરિહંત આવ્યા. વસ્તુસ્થિતિનું જ્ઞાન થતાં બધાની ઓળખાણ થઈ જાય છે. જે એક વીતરાગને ઓળખે તે બધા વીતરાગને ઓળખે છે, જે એક ગુણીને ઓળખે તે બધા ગુણીને ઓળખે છે. જ્ઞાનીના હૃદયમાં બધા ગુણી પ્રત્યે આદર હોય છે. જેને એક વ્યક્તિપૂજા છે તેને એક પદાર્થ પ્રત્યેનો આગ્રહ છે; જ્ઞાનીનું જ્ઞાન ગુણની વિશાળ આદરબુદ્ધિરૂપે વ્યાપેલું છે, જ્ઞાનીના જ્ઞાનમાં વિવેક વ્યાપેલો છે. જે એક જ વ્યક્તિના વલણમાં જાય છે તેને આગ્રહબુદ્ધિ છે.

જ્ઞાનીને કોઈ દેવ અને કોઈ ગુરુનો ઉપકાર લક્ષમાં આવે અને તે તરફનો શુભરાગ આવે ત્યારે, તેમના જુદાં નામ લઈને સ્તુતિ-પુજા કરે ખરા, પણ તેની દૃષ્ટિ

ગુણ ઉપર છે. વળી કોઈ વાર બધા દેવ અને બધા ગુરુની સ્તુતિ-પૂજા પણ કરે ખરા, ગમે તે કાર્યમાં તેમની દૃષ્ટિ ગુણ ઉપર છે, વ્યક્તિનો આગ્રહ નથી. કોઈ દેવ-ગુરુના જુદાં નામ લઈને સ્તુતિ કરે પણ બીજા દેવગુરુનું, બીજા ગુણીનું બહુમાન એના હૃદયમાં હોય છે, તે વખતે પણ બીજા દેવ-ગુરુનો નિષેધ એના જ્ઞાનમાં હોતો નથી, પણ બધા દેવ-ગુરુ અને બધા ગુણીનો આદર એના હૃદયમાં એના ભાવમાં હોય છે. ગમે તે પ્રસંગમાં જ્ઞાનીની દૃષ્ટિ વ્યક્તિ ઉપર નથી પણ ગુણ ઉપર છે. એક જ વ્યક્તિને માને છે તેને પરદ્રવ્યની પક્કડ છે, તેની દૃષ્ટિ ગુણ ઉપર નથી પણ નિમિત્ત તરફ જ છે, નિમિત્તની લક્કડપક્કડ તેને થઈ ગઈ છે.

જ્ઞાનીને પરદ્રવ્યથી અને શુભાશુભપરિણામથી નિરાળા આત્માનું ભાન છે, જ્ઞાયક આત્મામાં જ્ઞાતારૂપે રહે છે, એવી સ્વભાવની જાગૃતિમાં ઊભો છે તોપણ અધૂરાશ છે તેથી શુભરાગ આવે છે, પણ પરદ્રવ્યની પક્કડ નથી.

અજ્ઞાનીને સ્વભાવમાં જાગૃતિ નથી, પરદ્રવ્ય અને શુભાશુભ પરિણામ સાથે એકત્વબુદ્ધિ છે તેથી સ્વભાવની અજાગૃતિ છે, અને શુભરાગ આવે છે પણ અજ્ઞાનીનો શુભરાગ એવો હોય છે કે તેને પરદ્રવ્યની પક્કડ થઈ જાય છે.

જ્ઞાનીને પુરુષાર્થની નબળાઈ છે તેથી અલ્પરાગ આવે છે, પણ તે એક વ્યક્તિના રાગમાં અટકતો નથી; જ્ઞાનીને ગુણનો વિવેક છે, તે યથાર્થ વિનય અને વિવેક કરે છે. જ્ઞાની અલ્પ અસ્થિરતાથી પોતાની નબળાઈથી અટકયો છે, પણ કોઈ વ્યક્તિના રાગથી અટકતો નથી. જ્ઞાનીને યથાર્થ વિવેક છે. અજ્ઞાની ગુણના લક્ષ વગર એકલા વ્યક્તિના રાગમાં જ અટકે છે, તેને નમિત્તની પક્કડ છે.

એક પરદ્રવ્યની પક્કડથી ખસતો નથી તેથી રાગદ્વેષની પક્કડથી પણ ખસતો નથી. અને બીજાને સ્વભાવનું ભાન છે પણ પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ રહે છે, પરંતુ પરદ્રવ્યની પક્કડ નથી તેમજ રાગ-દ્વેષની પણ પક્કડ નથી, માત્ર પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ રહ્યા છે;-આ બે વાતમાં બે જણાના પરિણમનમાં આકાશ પાતાળ જેટલો આંતરો છે.

આચાર્યદેવ કહે છે કે અમે સત્ય જાહેર કરીએ છીએ, તેમાં કોણ ના પાડનાર છે? સત્ય તે ત્રિકાળ એક જ હોય.

અજ્ઞાનીને પરની પક્કડ છે તેથી તે બંધાય છે અને જ્ઞાનીને સ્વભાવની ભાવના છે તેથી તેનો મોક્ષ થાય છે.

અજ્ઞાની ગુણીને ઓળખી શકતો નથી પણ માત્ર વ્યક્તિના રાગથી ભાવના કરે

છે કે હું બીજા ભવમાં જાઉં ત્યાં મને ભવિષ્યમાં આની આ વ્યક્તિ મળે તો ઠીક. અરે ભાઈ! તું શેની ભાવના કરે છે! આવી ભાવના હોય? ભાવના તો એવી હોય કે મારો સ્વભાવ પ્રગટ કરું, ભવિષ્યમાં કેવળજ્ઞાન પર્યાય પ્રગટ કરું—એવી ભાવના હોય; પછી સ્વભાવની ભાવના ભાવતાં ભાવતાં નિમિત્ત ગમે તે મળવાના હોય તે મળી જાય, પણ જ્ઞાનીની દૃષ્ટિ નિમિત્ત ઉપર નથી. સ્વભાવની ભાવના ભાવતાં ભાવતાં ગમે તે સારા જ નિમિત્તો મળી રહે છે; સ્વભાવની ભાવના ભાવતાં ભાવતાં કાં તો એક ક્ષણમાં વીતરાગતા પ્રગટ થઈ જાય છે, અને જો અલ્પરાગ રહે છે તો ગમે તે સારાં નિમિત્તો મળી રહે છે.

નિમિત્તની ભાવનાવાળાને સ્વભાવની ભાવના નથી અને સ્વભાવની ભાવનાવાળાને નિમિત્તની ભાવના નથી. જે પર પદાર્થની ભાવના છોડતો નથી તેને શુભાશુભ પરિણામનો વિકાર થયા વગર રહેતો નથી. સ્વભાવની ભાવનાવાળો વીતરાગતાની ભાવના ભાવે છે તેથી ક્રમે કરી તેને વીતરાગતા પ્રગટ થાય છે; અલ્પ રાગ રહે છે તેનાથી પુણ્ય બંધાય છે અને તેથી સારાં નિમિત્તો મળી રહે છે, પરંતુ તેની દૃષ્ટિ નિમિત્ત ઉપર નથી. જ્ઞાનીની દૃષ્ટિ તો સ્વભાવપર્યાય ઉપર જ છે, સ્વભાવ-પર્યાય ઝટ પૂરી કેમ કરું તેમ ભાવના ભાવ્યા કરે છે તેથી અલ્પ કાળમાં મોક્ષપર્યાયને પ્રગટ કરે છે.

વિ. સં ૨૦૦૦, માગશર વદ ૧૨, શુક્રવાર.

જે પર પદાર્થ તરફના વલણવાળો ભાવ છે તે જ બંધન છે. આત્માના સ્વભાવમાં ઠીકાઠીક નથી તેમજ પર પદાર્થમાં પણ ઠીકાઠીક નથી; ઠીક-અઠીક એવા બે ભંગ ચૈતન્યની પર્યાયમાં ઊંધી માન્યતા છે તેનાથી થાય છે. તે ઊંધી માન્યતાથી ને રાગ-દ્વેષથી બંધ થાય છે.

પોતાની ઊંધી તૈયારી હોય ત્યારે કુદેવ-કુગુરુની હાજરી હોય છે અને પોતાની સવળી તૈયારી થાય ત્યારે સુદેવ-સુગુરુની હાજરી હોય છે. જગતમાં બધું વ્યવસ્થાપૂર્વક જ છે. જેવી જેવી તૈયારી હોય તે તે પ્રમાણે સામા પદાર્થ સ્ત્રી-કુટુંબ આદિક, કુદેવ-કુગુરુ આદિ, તથા સુદેવ-સુગુરુ વગેરે નિમિત્તની હાજરી હોય છે. સામી ચીજ જે હાજર હોય છે તે તેના સ્વતંત્ર પરિણમનથી હોય છે, સામો પદાર્થ આત્મા ને તાબે નથી અને આત્મા સામા પદાર્થને તાબે નથી. કોઈ કોઈનો ધણી નથી, છતાં જગતમાં બધું વ્યવસ્થાપૂર્વક જ છે. જેવી પોતાની તૈયારી હોય તે જાતના નિમિત્ત તરફ પોતાનું વલણ હોય છે. પછી નિમિત્ત ભલે નજીક હોય કે દૂર હોય, પણ પોતાના ભાવમાં જે જાતનું વલણ હોય તે જાતના નિમિત્તને અવલંબે છે.

અહીં તો નિમિત્ત તરફનો રાગ ઉઠાડવાની વાત છે, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાનની

વાત છે. કોઈ કહે કે 'જ્ઞાનીના સ્તવનમાં એમ આવે છે કે હે વીતરાગ! હે નાથ! તમારું શરણું અમને ભવોભવ હજો, તેમાં તો નિમિત્ત તરફનો રાગ રાખવાની વાત આવી! એનો શો અર્થ છે?'—એનો અર્થ તો એમ કે મારું લક્ષ વીતરાગ તરફ છે, એટલે કે અશુભ તરફ લક્ષ ન જાય અને શુભભાવમાં વીતરાગભાવ તરફ લક્ષ રહો, એટલે કે મારે વીતરાગતા જ જોઈએ છીએ. સ્વલક્ષે જેણે વીતરાગદેવનું ભવોભવ શરણું માગ્યું તેણે ખરી રીતે નિમિત્તનો રાગ માગ્યો નથી પણ વીતરાગ ભાવની જ પુષ્ટિ કરી છે, વીતરાગભાવની જ માગણી કરી છે.

વીતરાગદેવની માગણી કરી તેમાં અશુભ ભાવનો તો નિષેધ જ કર્યો છે એટલે કે વિષય-કષાય અને કુદેવ-કુગુરુનો તો નિષેધ જ કર્યો છે. સ્ત્રી-કુટુંબાદિ જોઈતાં નથી, કુદેવ-કુગુરુ જોઈતા નથી, હવે રહ્યો એક શુભભાવ; તે શુભભાવમાં વીતરાગી નિમિત્તની માગણી છે, વીતરાગ સ્વભાવના લક્ષે વીતરાગી નિમિત્તની માગણી કરી છે. એટલે પુરુષાર્થપૂર્વક વીતરાગ પર્યાય પ્રગટીને રાગ છૂટી જવાનો છે. વીતરાગસ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં ત્રણે કાળનો રાગ છૂટી જાય છે, સ્વભાવદૃષ્ટિ થઈ ત્યાં ભૂત-ભવિષ્ય અને વર્તમાનના રાગની પ્રીતિ છૂટીને અંશે વીતરાગતા થઈ જાય છે; પછી સ્વરૂપ-રમણતા વધતાં વધતાં આત્મસ્થિરતારૂપ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન થઈ જાય છે.

જ્ઞાનીને દૃષ્ટિથી તો રાગ આખે આખો છૂટી જાય છે, અને સ્થિરતાથી જેટલી વર્તમાનમાં આસક્તિ છૂટી તેટલી ભૂતકાળની ને ભવિષ્યકાળની પણ છૂટી જાય છે. સ્થિરતાનો ભાવ તો વર્તમાનનો છે ને? તેથી જેટલું વર્તમાન ભાવમાંથી છૂટ્યું તેટલું ભૂત-ભવિષ્યકાળનું પણ ભાવમાંથી છૂટી જાય છે, અને તે પ્રમાણે પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન થઈ જાય છે. જેને વર્તમાન ભાવમાં આસક્તિ ઊભી છે તેને ગયા કાળનું અપ્રતિક્રમણ અને ભવિષ્યનું અપ્રત્યાખ્યાન ઊભું છે. ભાવો બધા વર્તમાનમાં જ છે.

હવે દ્રવ્ય ને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું ઉદાહરણ કહે છે.

આત્મા જ્ઞાયક છે,પરથી નિરાળો છે એવી દૃષ્ટિ જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી ધર્મ થતો નથી તે વાત સાંભળીને અંતરદશા પ્રગટ્યા વગર, અંતર સાચી દૃષ્ટિ પ્રગટ્યા વગર, કોઈ એમ માની લે કે અમને સાચી દૃષ્ટિ થઈ છે માટે ગમે તેવા વિકારીભાવ આવે છતાં અમને તો ત્યાગ જ વર્તે છે. તો તેને સમજાવવા માટે કહે છે કે જ્યાં સુધી સાચી દૃષ્ટિ થઈ નથી ત્યાંસુધી ધર્મ જ નથી, મોક્ષમાર્ગ જ પ્રગટ્યો નથી; સાચી દૃષ્ટિ થયા પછી પણ જ્યાં સુધી ચારિત્રદશા પ્રગટ થતી નથી ત્યાંસુધી અમુક અસ્થિરતા રહે છે, ને પછી જે જે ભૂમિકા હોય તે તે પ્રમાણે—જે જે પ્રમાણે સ્વરૂપસ્થિરતા પ્રગટે તે તે પ્રમાણે—અમુક પ્રકારનો ત્યાગ જ હોય છે. તે સમજાવવા માટે દૃષ્ટાંત આપે છે:—

आधाकम्माईया पुग्गलदव्वस्स जे इमे दोसा ।
कह ते कुव्वइ णाणी परदव्वगुणा उ जे निच्चं ।।२८६।।
आधाकम्मं उद्देसियं च पुग्गलमयं इमं दव्वं ।
कह तं मम होइ कयं जं णिच्चमचेयणं उत्तं ।।२८७।।

અર્થ:—અધ:કર્મ આદિ જે આ પુદ્‌ગલદ્રવ્યના દોષો છે ( તેમને જ્ઞાની અર્થાત્‌ આત્મા કરતો નથી; ) તેમને જ્ઞાની અર્થાત્‌ આત્મા કેમ કરે કે જે સદા પરદ્રવ્યના ગુણો છે ?

માટે અધ:કર્મ અને ઉદ્દેશિક એવું આ પુદ્‌ગલમય દ્રવ્ય છે ( તે મારું કર્યું થતું નથી; ) તે મારું કર્યું કેમ થાય કે જે સદા અચેતન કહેવામાં આવ્યું છે !

અહીંયાં નિમિત્ત-નૈમિત્તિક ભાવનું દૃષ્ટાંત આપ્યું છે. આ ગાથામાં તો છઠ્ઠી-સાતમી ભૂમિકાની વાત છે, પરંતુ જ્યારથી ચોથી ભૂમિકા પ્રગટે, આત્માની ઓળખાણ થાય ત્યારથી તે ભૂમિકાને યોગ્ય અમુક જાતનો રાગ છૂટતાં તે જાતના નિમિત્તો પણ છૂટી જાય છે.

જ્યાં સાચી દૃષ્ટિ થઈ ત્યાં કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર તરફનું વલણ છૂટી ગયું, તે તરફનો રાગ છૂટી ગયો તેથી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રોનાં નિમિત્તો પણ છૂટી ગયાં, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. રાગ છૂટયો ત્યાં નિમિત્ત ન હોય, છતાં રાગ છૂટયો માટે નિમિત્ત છૂટયાં તેમ નથી અને નિમિત્ત છુટયાં માટે રાગ છુટયો તેમ પણ નથી. નિમિત રાગ કરાવતું નથી, ને રાગને આધીન નિમિત્ત ઊભાં નહોતાં; સૌ પોતપોતાને કારણે છુટી જાય છે, સૌ પોતપોતાની પર્યાયરૂડે પલટીને છુટે છે.

જેને સાચી દૃષ્ટિ પ્રગટ થઈ, આત્માનું ભાન થયું, ચોથી ભૂમિકા પ્રગટ થઈ તેને માંસ ખાવાના પરિણામ આવે જ નહિ,—તેવી પર્યાય કે તેવો વિકલ્પ હોય જ નહિ, માટે તેનું માંસનું નિમિત્ત પણ છૂટી જાય, માંસનું નિમિત્ત તેની પાસે હોય જ નહિ તેવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે.

---

"આધાકરમ ઇત્યાદિ પુદ્‌ગલદ્રવ્યના આ દોષ જે,
તે કેમ 'જ્ઞાની' કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે ? ૨૮૬.
ઉદ્દેશી તેમ જ અધ:કમી પૌદ્‌ગલિક આ દ્રવ્ય જે,
તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને ? ૨૮૭.

અધ:કર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત ( આહાર આદિ ) પુદ્ગલદ્રવ્ય તેને નહિ પચખતો આત્મા ( -મુનિ ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખતો ( ત્યાગતો ) નથી. આચાર્યદેવે આ છઠ્ઠી ભૂમિકાના નિમિત્ત-નૈમિત્તિક-સંબંધનું દ્રષ્ટાંત આપ્યું છે, તેના ઉપરથી જે જે ભૂમિકામાં જે જે નિમિત્ત-નૈમિત્તિક-સંબંધ હોય તે સમજી લેવો.

સાચી દ્રષ્ટિ થયા પછી કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર તરફનો રાગ છૂટી જાય છે અને તે નિમિત્ત પણ છૂટી જાય છે. કોઈ કહે કે અમને સાચી દ્રષ્ટિ પ્રગટ થઈ છે માટે કુદેવાદિકને માનીએ તો શું વાંધો ? અરે ! ભાઈ ! ઊભો તો રહે ! જ્યાં સમ્યગ્દ્રષ્ટિ પ્રગટ થઈ ત્યાં તેવો કુદેવાદિકનો અશુભરાગ આવે જ નહિ. કુદેવાદિકનો અશુભરાગ જેને છૂટે નહિ તેને સાચી દ્રષ્ટિ પ્રગટી જ નથી, અને જેને સાચી દ્રષ્ટિ પ્રગટે તેને કુદેવાદિકનો અશુભરાગ રહે જ નહિ એવો સંબંધ છે. સાચી દ્રષ્ટિ પ્રગટયા પછી માંસ-દારૂ વગેરે અભક્ષ વસ્તુ ખાવાની વૃત્તિનો ત્યાગ થઈ જાય છે તેથી તે જાતની વાણી પણ આવતી નથી અને તેવા નિમિત્ત પણ હોતા નથી એવો સંબંધ છે. ચોથી ભૂમિકાએ આવો ત્યાગ હોય છે, પાંચમી ભૂમિકાએ આથી વધારે ત્યાગ હોય છે ને છઠ્ઠી ભૂમિકાએ તો ઘણો ત્યાગ હોય છે.

કોઈ એમ કહે કે અમને માંસ ખાવાનો ભાવ છૂટી ગયો છે અને માંસ ખાવાની ક્રિયા ઊભી છે, તો તેની વાત તદ્દન ખોટી છે. માંસ ખાવાના ભાવ જેને છૂટી જાય તેને માંસ ખાવાની ક્રિયા પણ છૂટી જાય એવો સંબંધ છે.

કોઈ એમ કહે કે ' અમને મધ ખાવાનો રાગ છૂટી ગયો છે, દારૂ પીવાનો રાગ છૂટી ગયો છે, ચોરી કરવાનો રાગ છૂટી ગયો છે પણ મધ ખાવાની ક્રિયા ઊભી છે, દારૂ પીવાની ક્રિયા ઊભી છે, ચોરી કરવાની ક્રિયા ઊભી છે,' તો તેની વાત તદ્દન ખોટી છે. જેને રાગ છૂટે તેને ક્રિયા ઊભી રહે જ નહિ જેને રાગ છૂટે તેને મધ ખાવાની ક્રિયા, દારૂ પીવાની ક્રિયા ને ચોરીની ક્રિયા છૂટી જ જાય એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

કોઈ એમ કહે કે ' અમને બ્રહ્મચર્યનો ભાવ પ્રગટયો છે પરંતુ અબ્રહ્મચર્ય સેવીએ છીએ,' તો તેની વાત તદ્દન ખોટી છે; બ્રહ્મચર્યનો ભાવ પ્રગટે અને અબ્રહ્મચર્યનું સેવન ઊભું રહે તેમ બને જ નહિ. જેને બ્રહ્મચર્ય પ્રગટે તેને અબ્રહ્મચર્યનું સેવન છૂટી જ જાય એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. ભાવ છૂટતાં ક્રિયા છૂટી જાય એવો સંબંધ છે.

કોઈ એમ કહે કે 'અમને જૂઠું બોલવાના ભાવ છૂટી ગયા છે ને સત્ય બોલવાના ભાવ પ્રગટ્યા છે તોપણ જૂઠું બોલીએ છીએ,' તો તેની વાત તદ્દન ખોટી છે; ભાવ પ્રમાણે ક્રિયા બને તેવો સંબંધ છે.

કોઈ એમ કહે કે 'અમને અપરિગ્રહવ્રત પ્રગટ્યું છે પણ પરિગ્રહ રાખીએ છીએ,' તો તેની વાત તદ્દન ખોટી છે; જેને અપરિગ્રહવ્રત પ્રગટે તેને પરિગ્રહ હોય જ નહિ એવો સંબંધ છે. પરિગ્રહનો રાગ છૂટતાં પરિગ્રહ પણ છૂટી જાય છે એવો સંબંધ છે. ભાવ છુટતાં ક્રિયા છૂટી જાય છે તોપણ કોઈ કોઈને આધીન નથી, રાગ છુંટ્યો માટે નિમિત્ત ન હોય તેમ નથી. રાગ છૂટ્યા માટે નિમિત્ત છૂટ્યા તેમ નથી અને નિમિત્ત છૂટ્યા માટે રાગ છૂટ્યો તેમ પણ નથી; નિમિત્ત રાગ કરાવતું નહોતું, અને રાગને આધીન નિમિત્ત ઊભાં નહોતાં. સૌ પોત પોતાને કારણે છૂટી જાય છે, સૌ પોતા-પોતાની પર્યાય વડે પલટીને છૂટે છે; તો પણ રાગ હોય ત્યાં નિમિત્તનો સંબંધ હોય અને રાગ છૂટતાં નિમિત્ત પણ છૂટી જાય એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે.

ચોથી ભૂમિકાએ સ્વભાવદૃષ્ટિ પ્રગટ થઈ છે તેથી અનંતો સંસાર છૂટી ગયો છે. સમ્યગ્દૃષ્ટિ શુભાશુભ પરિણામનો તથા તેના નિમિત્તોનો જ્ઞાયક રહે છે. સ્વરૂપમાં ઝૂલતો સમ્યગ્દૃષ્ટિ અંશે મુક્ત થઈ ગયો છે, પરંતુ અલ્પ અસ્થિરતાનો રાગ છે તેથી ગૃહસ્થા-શ્રમમાં ઊભો છે. સ્વરૂપની લીનતા વધતાં રાગ છૂટતાં મુનિ થઈ જાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સમ્યગ્દૃષ્ટિને તદ્દન અસ્થિરતાનો પણ રાગ નથી ને ગૃહસ્થાશ્રમમાં ઊભો છે-તેમ નથી, પણ અલ્પરાગ છે, તે રાગ છૂટતાં, મુનિપણાની દશા પ્રગટતાં મુનિ થઈ જાય છે.

છઠ્ઠી ભૂમિકામાં અધઃકર્મ અને ઉદ્દેશિક આહારનો વિકલ્પ હોતો નથી. અધઃ-કર્મ આહાર એટલે સમુચ્ચયપણે મુનિ માટે કરેલો આહાર હોય તે, અને ઉદ્દેશિક આહાર એટલે અમુક વસ્તુનો આહાર અમુક મુનિને માટે જ તૈયાર કરેલો હોય તે; આ બન્ને પ્રકારનો આહાર લેવાનો વિકલ્પ છઠ્ઠી સાતમી ભૂમિકામાં ઝૂલતા મુનિને આવતો નથી, છઠ્ઠી-સાતમી ભૂમિકા સાથે આવા વિકલ્પને મેળ નથી. અધઃકર્મ અને ઉદ્દેશિક આહાર લેવાનો જેને વિકલ્પ આવે તેને મુનિપણું હોતું નથી, છઠ્ઠી-સાતમી ભૂમિકા હોતી નથી.

કોઈએ ખાસ મુનિ માટે અધઃકર્મ કે ઉદ્દેશિક આહાર બનાવ્યો હોય, ને ત્યાં કોઈ છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા મુનિ આહાર માટે પધાર્યા, તે મુનિને 'આ આહાર દોષવાળો હશે' તેમ વિકલ્પ ન આવ્યો,-શંકા ન પડી, તો મુનિને દોષ નથી;

અને જો એમ શંકા પડે કે 'આ આહાર દોષવાળો હશે' તો મુનિ આહાર છોડી દે છે, આહારનો વિકલ્પ તૂટી જાય છે. શંકા પડવા છતાં જો આહાર લે તો મુનિપણું ટકતું નથી.

કોઈને ત્યાં નિર્દોષ આહાર હોય અને મુનિ આહાર માટે પધારે, તે વખતે 'આ આહાર દોષવાળો હશે?' એવી જો શંકા પડે તોપણ મુનિ તે આહાર છોડી દે છે. આહાર નિર્દોષ હોવા છતાં પણ જો મુનિને શંકા પડે તો આહાર છોડી દે છે. શંકા પડવા છતાં પણ જો આહાર લે તો મુનિને દોષ લાગે-મુનિપણું રહે નહિ. છઠ્ઠી ભૂમિકાની પર્યાયને અને અધઃકર્મી તેમજ ઉદ્દેશિક આહારના વિકલ્પને વિરોધ છે; જ્યાં અધઃકર્મી અને ઉદ્દેશિક આહારનો વિકલ્પ છે ત્યાં છઠ્ઠી ભૂમિકાની પર્યાય જ નથી. અને જેને અંતરમાં છઠ્ઠી-સાતમી ભૂમિકા પ્રગટી-એવી સ્વરૂપદશા જામી-તેને અધઃકર્મી અને ઉદ્દેશિક આહાર લેવાનો વિકલ્પ આવે જ નહિ, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જ્યાં અમુક જાતની શુદ્ધ સ્વરૂપદશા પ્રગટે ત્યાં અમુક જાતના વિકલ્પ હોય જ નહિ અને તે પ્રકારે દોષવાળો આહાર લેવા વગેરેની ક્રિયા પણ ઈરાદા-પૂર્વક હોય જ નહિ એવો સંબંધ છે.

અધઃકર્મી આદિના જે દોષો છે તે જ્ઞાની કરતો નથી એટલે કે તેવા આહારનો મુનિને વિકલ્પ આવતો નથી. અંતરની દશા સાથે વિકલ્પને એવો સંબંધ છે કે અમુક દશા હોય ત્યાં અમુક જાતના વિકલ્પ આવે જ નહિ.

કોઈ કહે કે 'હું દુકાને બેસીને ત્રાજવે તોળું છું ને મને છઠ્ઠું ગુણસ્થાન વર્તે છે' તો તેની' વાત તદ્દન ખોટી છે, તેમ ત્રણકાળમાં બને નહિ. ગૃહસ્થાશ્રમનો વિકલ્પ ઊભો છે ત્યાં છઠ્ઠું ગુણસ્થાન આવે જ નહિ; ગૃહસ્થાશ્રમનો વિકલ્પ છૂટે તેને ગૃહસ્થાશ્રમ છૂટી જ જાય એવો સંબંધ છે. જેને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની દશા અંતરમાં પ્રગટે તેને ગૃહસ્થાશ્રમ છૂટી જ જાય એવો સંબંધ છે.

દ્રવ્યદૃષ્ટિએ પુદ્ગલ તો બધા સરખા છે, પરંતુ ત્યાં પર્યાયનો વિવેક હોય છે; સમ્યગ્દૃષ્ટિને વિવેક હોય છે, તે માંસ ખાતો નથી પણ રોટલા ખાય છે. સમ્યગ્દૃષ્ટિને દ્રવ્યદૃષ્ટિ પ્રગટી છે, તેની સાથે સ્વરૂપ-આચરણની પર્યાય પણ ખીલી છે, અમુક અંશે નિર્મળ પર્યાય પ્રગટી છે ને અમુક અંશે મલિન પર્યાય પણ હજુ ઊભી છે, તેથી સમ્યગ્દૃષ્ટિ પર્યાયનો વિવેક કરે છે. સ્વભાવદૃષ્ટિમાં તો કોઈ પદાર્થ ઠીકાઠીક નથી, પરંતુ જ્યાં અમુક અંશે નિર્મળ પર્યાય પ્રગટી ત્યાં માંસની વૃત્તિ આવશે જ નહિ એવો સંબંધ છે. જ્યાં સ્વરૂપનું ભાન થયું-ચોથી ભૂમિકા પ્રગટી-ત્યાં માંસ ખાવાની વૃત્તિ આવશે જ નહિ પણ રોટલા ખાવાની વૃત્તિ આવશે. અમુક સ્વરૂપદશામાં અમુક

પરિણામ ન જ આવે એવો સંબંધ છે. જેમ અંતરમાં શુદ્ધ સ્વરૂપદૃષ્ટિ પ્રગટી હોવા છતાં પર્યાય બધી શુદ્ધ થઈ જતી નથી પણ અધૂરી રહે છે, તેનો સમ્યગ્દષ્ટિ વિવેક કરે છે, નિર્મળ અને મલિન પર્યાયને બરાબર સમજે છે; તેમ બાહ્ય પદાર્થોમાં પણ દ્રવ્યદૃષ્ટિએ બધા પદાર્થો સરખા હોવા છતાં તેની વર્તમાન અવસ્થાનો સમ્યગ્દૃષ્ટિ વિવેક કરે છે, જેમકે-માંસ અને રોટલાનો. સ્ત્રી અને માતાનો; સ્ત્રી તરીકે બધી સ્ત્રીઓ સરખી છે પરંતુ ત્યાં સમ્યગ્દષ્ટિ પર્યાયનો વિવેક કરે છે કે આ સ્ત્રી છે ને આ માતા છે, આ સ્ત્રી છે ને આ બેન-દીકરી છે, તેમ પર્યાયનો વિવેક સમ્યગ્દૃષ્ટિને આવ્યા વગર રહેતો નથી. અંતરમાં અખંડ દૃષ્ટિના ભાનપૂર્વક અમુક અંશે નિર્મળ પર્યાય પ્રગટી તેનો વિવેક છે ને બાહ્ય પદાર્થની અવસ્થાનો પણ વિવેક છે. અંતરમાં જ્ઞાન ખીલ્યું તે સ્વપદાર્થ અને પર પદાર્થ બન્નેનો વિવેક કરશે, દીકરીને દીકરીમાં ખતવશે ને સ્ત્રીને સ્ત્રીમાં ખતવશે; જેને ચોથી ભૂમિકાની સ્વરૂપદશા પ્રગટી તેને પરસ્ત્રીનો વિકલ્પ આવશે જ નહિ એવો સંબંધ છે. અમુક સ્વરૂપદશા પ્રગટે ત્યાં અમુક પરિણામ ન જ હોય એવો સંબંધ છે.

ચોથી ભૂમિકા જ્યાં પ્રગટી ત્યાં માંસનો ત્યાગ, દારૂનો ત્યાગ, કુદેવ-કુગુરુનો ત્યાગ, બધી પરસ્ત્રીનો ત્યાગ,-આ બધાનો ત્યાગ થઈ જાય છે. ગૃહસ્થાશ્રમમાં રહેલા સમ્યગ્દૃષ્ટિને પણ આ બધો ત્યાગ હોય છે.

પાંચમે ગુણસ્થાને આથી વિશેષ ત્યાગ હોય છે, કારણ કે ત્યાં ચોથી ભૂમિકા કરતાં સ્વરૂપસ્થિરતા વધી ગઈ છે. છઠ્ઠે ગુણસ્થાને ઉત્કૃષ્ટ ત્યાગ છે, ત્યાં પાંચમી ભૂમિકા કરતાં સ્વરૂપ રમણતા ઘણી જ વધી ગઈ છે. છઠ્ઠી ભૂમિકા પ્રગટતાં ગૃહસ્થાશ્રમ છૂટી જાય છે ને મુનિપણું પ્રગટે છે, નગ્ન-દિગંબરપણું પ્રગટે છે, આખા શરીરની સ્પર્શેંદ્રિયના વિષયમાંથી ચૈતન્ય ગોળો છૂટો પડી જાય છે, દેહાતીત દશા પ્રગટ થાય છે, બહારના ટાઢ તડકાની કે કોઈ પણ જાતના સ્પર્શેંદ્રિયના વિષયની અસર એના ચૈતન્ય ગોળામાં થતી નથી; જેમ નાળિયેરમાંથી સુકાયેલ ટોપરાનો ગોળો છૂટો પડી જાય છે તેમ મુનિને શરીરથી ચૈતન્યગોળો છૂટો પડી જાય છે, સ્વરૂપની લીનતા એકદમ વધી જાય છે; મુનિને વસ્ત્રનો વિકલ્પ છૂટી જાય છે તેથી વસ્ત્ર પણ છૂટી જાય છે, તદ્દન નગ્ન અવસ્થા થાય છે; મુનિને આખા શરીરની સ્પર્શેંદ્રિયનો વિષય છૂટી જાય છે, અંતર્મુહૂર્ત છઠ્ઠે ને અંતર્મુહૂર્ત સાતમે ગુણસ્થાને ઝૂલ્યા કરે છે, સાતમી ભૂમિકાએ અંતર્મુહૂર્ત રહીને પછી છઠ્ઠે આવે છે, છઠ્ઠી ભૂમિકાએ અંતર્મુહૂર્ત રહીને પછી સાતમે જાય છે, એવી દશામાં ઝૂલ્યા કરે છે; આવી દશાપૂર્વક શરીરની નગ્ન અવસ્થા હોય

છે તે જ ખરું મુનિપણું છે, તે જ ખરી છઠ્ઠી-સાતમી ભૂમિકા છે. મુનિ આહાર માટે જાય અને ત્યાં જો એમ વિકલ્પ આવે કે 'આ આહાર મારા માટે કરેલો હશે?' તો તે આહાર છોડી દે છે. શંકા પડવા છતાં જો આહાર ગ્રહણ કરે તો મુનિપણું રહેતું નથી. ઉદ્દેશિક આહાર ગ્રહણ કરવાના વિકલ્પને અને છઠ્ઠી ભૂમિકાને મેળ નથી, વિરોધ છે.

કોઈએ મુનિ માટે આહાર કરેલો હોય છતાં મુનિને શંકા ન પડે તો મુનિપણામાં દોષ નથી, શંકા પડે ને આહાર લે તો દોષ છે.

જેમ ચોથી ભૂમિકાએ માંસ ખાવાનો વિકલ્પ ન આવે, માંસના વિકલ્પને અને ચોથી ભૂમિકાને વિરોધ છે; તેમ છઠ્ઠી ભૂમિકાને અને 'આ આહાર મારે માટે કરેલો હશે' તેવા શંકાના વિકલ્પને વિરોધ છે; તેવી શંકા પડે અને જો આહાર ન છોડે તો મુનિપણું ટકતું નથી. દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ જેમ છે તેમ સમજવાથી સ્વભાવસુખ પ્રગટે છે.

વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૧૩, શનિવાર.

આ ગાથામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું ઉદાહરણ છે. આત્મા શુદ્ધ પવિત્ર છે એવી સ્વભાવદૃષ્ટિ અને તે પ્રકારની રમણતા–સ્થિરતા તે બંધનનું કારણ નથી; સ્વભાવદૃષ્ટિ અને સ્વભાવમાં સ્થિરતા તે બંધનનું કારણ નથી પરંતુ બાહ્ય દૃષ્ટિ અને બાહ્ય આચરણ તે બંધનનું કારણ છે.

અત્યાર સુધી આચાર્યદેવે સ્વભાવદૃષ્ટિની વાત કરી. હવે અહીં સ્થિરતાની વાત કરે છે. આત્મા શુદ્ધ પવિત્ર છે, પરથી નિરાળો જ્ઞાયક છે–તેવી જ્ઞાયકરૂપે પરિણતિ થઈ પરંતુ હજુ પૂર્ણ વીતરાગ થયો નથી ત્યાંસુધી કઈ ભૂમિકાએ કયા પ્રકારનો ત્યાગ હોય, કયા પ્રકારના ત્યાગની વૃદ્ધિ હોય, તેનો દાખલો આપ્યો છે, તેમાંથી બધું સમજી લેવું.

છઠ્ઠી-સાતમી ભૂમિકા જ્યા પ્રગટે છે ત્યાં ગૃહસ્થાશ્રમ છૂટી જાય છે, એક વસ્ત્રનો તાણો વાણો પણ રહેતો નથી, નગ્ન-દિગંબર દશા પ્રગટે છે; પરથી નિરાળા જ્ઞાયક તત્ત્વના ભાનપૂર્વક અંતર પરિણતિમાંથી આસક્તિ છૂટીને સ્વરૂપ લીનતા જામી ત્યાં વસ્ત્રનો તાણો વાણો પણ રહેતો નથી, કાયમી મુનિદશા આવી જાતની હોય છે; આવી દેહાતીત દશા જ્યાં જામી ત્યાંજ ખરું મુનિપણું હોય છે. આવી અંતર્દશા સાથે અધઃકર્મી અને ઉદ્દેશિક આહારના વિકલ્પને મેળ નથી એટલે કે એવા આહારનો વિકલ્પ મુનિને હોતો નથી, અને જો એવો વિકલ્પ આવે તો મુનિપણું હોતું નથી એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. કાયમી મુનિદશામાં ગૃહસ્થાશ્રમ છૂટી જાય છે અને વસ્ત્રનો તાણો વાણો હોતો નથી.

અંતરદશાપૂર્વક નગ્ન–દિગંબર મુનિપણું આવે ત્યારે જ ક્ષપકશ્રેણી ચઢે અને કેવળજ્ઞાન પ્રગટે–એવું વસ્તુસ્વરૂપ છે. જેને અંતરથી રાગ છૂટે તેને વસ્ત્ર છૂટી જ જાય એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે; અંતરથી વસ્ત્રનો રાગ છૂટી જાય અને બહારમાં વસ્ત્ર ઊભાં રહે એમ ન બને, અંતરથી છૂટે તેને બહારથી છૂટી જાય એવો સંબંધ છે. મુનિદશાનું આવું સ્વરૂપ છે, આ સિવાય મુનિદશાનું બીજું સ્વરૂપ મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે.

આચાર્યદેવ કહે છે કે અધઃકર્મઆદિ જે પુદ્‌ગલ દ્રવ્યના દોષો છે તેને મુનિ કરતો નથી કારણકે પરદ્રવ્ય અને ચૈતન્યદ્રવ્ય બન્ને જુદા છે. પરથી નિરાળા, શુભાશુભ-પરિણામથી નિરાળા ચૈતન્યતત્ત્વનું મુનિને ભાન છે; તેમાં જ પરિણતિ છે તેથી પર-દ્રવ્યના કર્તા થતા નથી, અને સ્વરૂપ લીનતા પણ ઘણી જ વર્તે છે તેથી અધઃકર્મ આદિ આહારનો વિકલ્પ આવતો નથી,–તેનો સહજ ત્યાગ છે. મુનિને સ્વરૂપદૃષ્ટિથી તેમ જ સ્વરૂપની લીનતાથી—બધી રીતે પરદ્રવ્યનું કર્તાપણું છૂટી ગયું છે. આ આહાર અધઃકર્મી છે તેમ શંકા પડે તો આહારને છોડી દે છે તેથી અંતરમાં દોષ લાગતો નથી. જેને અંતરદશાપૂર્વક અધઃકર્મી આહારનો અંતરમાં ત્યાગ છે તેને બહારમાં પણ તેવો આહાર ઈરાદાપૂર્વક હોતો નથી. એ રીતે મુનિ પરદ્રવ્યના દોષનો કર્તા નથી.

જેમ અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત (આહાર આદિ) પુદ્‌ગલદ્રવ્ય તેને નહિ પચખતો આત્મા (મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખતો (ત્યાગતો) નથી, તેમ સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો (–નહિ ત્યાગતો) આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખતો (ત્યાગતો) નથી. વળી, "અધઃકર્મ આદિ જે પુદ્‌ગલદ્રવ્યના દોષો તેમને આત્મા ખરેખર કરતો નથી કારણ કે તેઓ પરદ્રવ્યનાં પરિણામ હોવાથી તેમને આત્માના કાર્યપણાનો અભાવ છે; માટે અધઃકર્મ અને ઉદ્દેશિક એવું જે પુદ્‌ગલદ્રવ્ય તે મારું કાર્ય નથી કારણ કે તે નિત્ય અચેતન હોવાથી તેને મારા કાર્યપણાનો અભાવ છે."

સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખતો નથી એટલે એનો અર્થ એવો છે કે જે અધઃકર્મ આદિ દોષવાળા વિકલ્પને ત્યાગતો નથી તેને તે જાતનો તે નિમિત્ત થતો આહાર પણ છૂટતો નથી એવો નિમિત્ત–નૈમિત્તિક-સંબંધ છે; તેવી રીતે બધી જાતના પરદ્રવ્યને નહિ પચખતો આત્મા તે જાતના ભાવને પચખતો નથી એટલે કે જે જે જાતના સદોષ વિકલ્પને આત્મા પચખતો નથી તે તે જાતના તેના નિમિત્તોને પચખતો નથી એવો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે.

અધઃકર્મ આદિ જે પુદ્ગલદ્રવ્યના દોષો છે તેનો આત્મા ખરેખર કર્તા નથી એટલે કે મુનિને જો આહાર વિષે અધઃકર્મ આદિ દોષની શંકા પડે છે તો આહાર છોડી દે છે માટે તે અધઃકર્મ આદિ દોષવાળો આહાર લેવાના પરિણામનો કર્તા નથી. શંકા પડી કે આ આહાર દોષવાળો હશે !-તો તે આહાર લેવાની વૃત્તિને છોડી દે છે, તેથી અધઃકર્મ અને ઉદ્દેશિક દોષવાળા પરિણામનો કર્તા નથી, માટે તે પરદ્રવ્યનો કર્તા નથી; એટલે કે અધઃકર્મ આદિ દોષવાળા પરિણામ વિકારી છે-પરદ્રવ્યના નિમિત્તે થાય છે માટે મુનિ પરદ્રવ્યનો કર્તા નથી. એ રીતે મુનિ પરનો કર્તા નથી. જ્યાં મુનિ દોષવાળા આહારના પરિણામના પણ કર્તા નથી તો દોષવાળા આહારના તો કર્તા હોય જ ક્યાંથી? માટે મુનિ પરદ્રવ્યના કર્તા નથી.

દોષવાળા આહારને નહિ પચખતો આત્મા તે જાતના બંધસાધક ભાવને પચખતો નથી; એનો અર્થ એવો છે કે બંધ-સાધક ભાવને જે પચખનો નથી તે, તે જાતના નિમિત્તોને પચખતો નથી. મુનિ તો તત્ત્વજ્ઞાનપૂર્વક વિશેષ સ્વરૂપસ્થિરતા માટે અસ્થિરતાના ભાવને તોડતો, નિમિત્તોને છોડતો, સમસ્ત પરદ્રવ્યને પચખે છે; આ પ્રમાણે દ્રવ્ય અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકપણું છે. એ રીતે તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્ગલદ્રવ્યને પચખતો મુનિ નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખે છે એટલે કે જેણે સદોષ પરિણામને પચખ્યા તેણે તેના નિમિત્તને પચખ્યા છે. આ રીતે મુનિ તત્ત્વજ્ઞાન-પૂર્વક સ્વરૂપની લીનતા વધારતો સમસ્ત પરદ્રવ્યને પચખે છે, એટલે કે જેમ સદોષ આહારવાળા પરિણામને ત્યાગે છે તેમ મુનિની ભૂમિકામાં જે ન હોય તે બધા પરિણામને ત્યાગે છે, અને તેના નિમિત્તોને પણ ત્યાગે છે. આખા સમયસારની આ ગાથામાં ચરણાનુયોગનો દાખલો દઈ ને આચાર્યદેવે આખો ચરણાનુયોગ સમજાવી દીધો છે.

મુનિને દ્રવ્ય-પર્યાયનું જ્ઞાન વર્તે છે; શુભાશુભ પરિણામથી નિરાળું ચૈતન્યદ્રવ્ય દ્રવ્યદૃષ્ટિએ તો કૃતકૃત્ય છે, પરંતુ પર્યાયમાં જે અધૂરાશ છે તે અધૂરાશને પણ મુનિ જાણે છે. પરથી નિરાળા ચૈતન્યદ્રવ્યમાં મુનિની પરિણતિ વર્તે છે. તેની પ્રતીત વર્તે છે. સ્વરૂપરમણતારૂપ ચારિત્રદશા ઘણી પ્રગટ થઈ છે તોપણ સંપૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ નથી તેથી પર્યાયમાં અધૂરાશ છે, તેનું મુનિને જ્ઞાન વર્તે છે; દ્રવ્ય-પર્યાયના તત્ત્વજ્ઞાન-પૂર્વક મુનિ આનંદરસનો ભોગવટો વધારતા, સ્વરૂપ-લીનતા વધારતા, અસ્થિરતાને છોડે છે ને તે જાતના નિમિત્તોને પણ છોડે છે.

મુનિ જ્યારે છઠ્ઠી ભૂમિકામાંથી સાતમી ભૂમિકામાં લીન થાય છે ત્યારે 'હું જ્ઞાન કરું છું કે આનંદ અનુભવું છું' એવો રાગમિશ્રિત વિચાર પણ છૂટી જાય છે

ને સ્વરૂપમાં નિર્વિકલ્પપણે લીનતા થાય છે; આવી સાતમી ભૂમિકાની દશા છે. છઠ્ઠી ભૂમિકાએ સ્થિરતા વર્તે છે તેમાં વિશેષ સ્થિરતા થતાં બુદ્ધિપૂર્વકના બધા વિચાર છૂટી જાય છે ને સ્વરૂપમાં લીનતા થાય છે, આત્માના આનંદરસનો ભોગવટો કરે છે. તે સાતમું ગુણસ્થાનછે.

ચોથી ભૂમિકાએ પણ બુદ્ધિપૂર્વક વિચાર છૂટી જાય છે ને સ્વરૂપમાં લીનતા થાય છે, આત્માના આનંદરસને ભોગવે છે, પરંતુ તે સમ્યગ્દર્શન પૂરતી લીનતા છે; આ તો સમ્યગ્દર્શનપૂર્વક વિશેષ ચારિત્ર વર્તે છે તેની વાત છે. વિશેષ ચારિત્રની લીનતા થાય ત્યારે સાતમું ગુણસ્થાન થાય છે.

સાતમે ગુણસ્થાને બધી જાતના મનપૂર્વકના-બુદ્ધિપૂર્વકના રાગનો અભાવ થાય છે, હું ભગવાનને વંદન કરું કે ભક્તિ કરું એવી વૃત્તિનું ઉત્થાન ત્યાં હોતું નથી, ઉપદેશ આપું કે શાસ્ત્ર લખું એવી વૃત્તિ ત્યાં હોતી નથી, હું દેખનાર છું-જાણનાર છું-આનંદ અનુભવું છું એવો બુદ્ધિપૂર્વકનો રાગ ત્યાં હોતો નથી. કોઈ પણ જાતનો બુદ્ધિપૂર્વકનો રાગ ત્યાં નથી, કોઈપણ જાતના બુદ્ધિપૂર્વકના રાગની આડ વિના નિર્વિકલ્પ દશાને અનુભવે છે, બહારથી ઉપયોગ સમેટાઈને સ્વરૂપમાં લીન થાય છે, પરથી છૂટો ચૈતન્યગોળો પોતાના આનંદરસને અનુભવે છે;-આવી સાતમી ભૂમિકાની દશા છે. છઠ્ઠી-સાતમી ભૂમિકામાં મુનિ વારંવાર ઝૂલ્યા કરે છે. મુનિ જ્યારે છઠ્ઠી ભૂમિકાએ આવે છે ત્યારે આહારાદિનો વિકલ્પ આવે છે, ઉપદેશ આપું, શ્રવણ કરું, ભગવાનને વંદન કરું વગેરે શુભ વિકલ્પ આવે છે; પરંતુ જ્યાં સ્વરૂપમાં લીન થાય છે ત્યાં તે બધા વિકલ્પ છૂટી જાય છે અને ચૈતન્યગોળો ચૈતન્યરસમાં ઝૂલે છે. છઠ્ઠી ભૂમિકા કરતાં સાતમી ભૂમિકાનો કાળ અર્ધો છે, જેટલો કાળ છઠ્ઠું ગુણસ્થાન રહે છે તેના કરતાં સાતમું ગુણસ્થાન અડધો કાળ રહે છે; એવી દશા હજારોવાર મુનિને આવ્યા કરે છે.

મુનિને છઠ્ઠી ભૂમિકાએ આહારનો જે વિકલ્પ ઊઠે છે તે શુભ છે કારણ કે નિર્દોષ આહારથી શરીરને નભાવવાની વૃત્તિ છે અને સંયમનો હેતુ છે; એવા નિર્દોષ આહારની વૃત્તિ સાથે છઠ્ઠી ભૂમિકાને સંબંધ છે પણ સદોષ આહારની વૃત્તિ સાથે છઠ્ઠી ભૂમિકાને સંબંધ નથી. 'આ આહાર મારે માટે કરેલો હશે!' એમ શંકા પડે તો મુનિ આહારની વૃત્તિને છોડી દે છે તેથી આહાર પણ છૂટી જાય છે. સદોષ આહારની શંકા માત્ર પડતાં મુનિ આહારના વિકલ્પને તોડી નાખે છે. શંકા પડવા છતાં પણ જો મુનિ પાછા ન ફરે તો મુનિપણું રહેતું નથી; કેમકે સદોષ આહારના વિકલ્પ સાથે

છઠ્ઠી ભૂમિકાને સંબંધ નથી. સદોષ આહારની શંકાવાળી વૃત્તિપૂર્વક જો તેને આહારનો સંબંધ થાય તો ત્યાં મુનિપણું નથી.

મુનિને શંકાનો વિકલ્પ આવતાં તે આહારના વિકલ્પને તોડી નાખે છે તેથી વસ્તુ સાથે નિમિત્ત નૈમિત્તિકસંબંધ થતો નથી; એ રીતે ભાવને પચખે છે તે વસ્તુને પચખે છે.

મુનિ માટે આહાર કરેલ ન હોય છતાં પણ જો મુનિને શંકા પડે તો મુનિ આહારની વૃત્તિ તોડી પાછા ફરી જાય છે; અને મુનિને માટે કરેલો સદોષ આહાર હોય પરંતુ જો મુનિને સદોષપણાની શંકા ન આવી તો મુનિને દોષ નથી.

પ્રશ્નઃ-જો એમ હોય તો શંકાનો વિચાર આવવા જ ન દેવો -એટલે દોષ ન લાગે!

ઉત્તરઃ-અરે ભાઈ! એમ નથી. આ તો મુનિની વાત છે. 'શંકાનો વિચાર આવવા દેવો નથી, ભલે મારે માટે આહાર હોય પણ વિચારને આવવા દેવો નહિ' એનો અર્થ શું થયો? વિચાર તો આવી ગયો, આવી ગયા પછી આવવા દેવો નથી એનો શો અર્થ છે? મારે માટે આહાર ભલે હોય એવો વિચાર તો આવી ગયો, છતાં 'મારે વિચાર આવવા દેવો નથી' એમ કહેનાર પોતાને છેતરે છે, તે તો દોષમાં જ પડેલો છે. મુનિરાજ છઠ્ઠી-સાતમી બંને ભૂમિકામાં જાગૃત છે, છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલ્યા કરે છે, સ્વરૂપની સાવધાની છે, વિવેક છે, અંતર-સ્વરૂપદશા આશ્ચર્યકારી છે; એવી સહજ દશામાં સદોષ આહારનો વિકલ્પ ઊઠતો નથી, શંકા પડતી નથી તેથી ત્યાં દોષ નથી, શંકા માત્ર પડતાં પાછા ફરી જાય છે.

ચોથે ગુણસ્થાને લડાઈનો અશુભરાગ આવે તોપણ ચોથું ગુણસ્થાન રહે છે, છઠ્ઠે ગુણસ્થાને તો આ 'આહાર મારા માટે કરેલ હશે તો?'-એવી શંકા પડે તોપણ તે આહારનો વિકલ્પ તૂટી જાય છે; તેટલી શંકાની વૃત્તિ પણ છઠ્ઠે ગુણસ્થાને પાલવતી નથી. પછી ભલે મુનિને માટે કરેલો આહાર ન હોય, નિર્દોષ આહાર હોય તોપણ મુનિને જો સદોષપણાની શંકા પડે તો મુનિ પાછા ફરી જાય છે; અને આહાર મુનિને માટે કરેલો હોય છતાં પણ જો મુનિને શંકા ન પડે તો મુનિ પાછા ફરતા નથી અને ત્યાં મુનિને દોષ પણ નથી. પોતાને માટે કરેલ આહારની શંકામાત્ર પણ છઠ્ઠા ગુણસ્થાને પાલવતી નથી.

છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ નગ્ન-દિગંબર જેવા માતાએ જન્મ્યા તેવા હોય છે, વીતરાગ જેની મુદ્રા છે, સ્વરૂપની સાવધાની છે-જાગૃતિ છે, એવા મુનિ આહાર માટે આવે ત્યારે તેમને મૌન હોય છે, આહાર વિષે કોઈને પૂછતા નથી પણ જો શંકા પડે તો પાછા ફરી જાય છે.

છઠ્ઠે ગુણસ્થાને વંદ્યવંદકભાવ છે, સાતમે ગુણસ્થાને વંદ્યવંદકભાવ છૂટી જાય છે. સાતમી ભૂમિકાએ ચૈતન્યરસમાં જે વધારે લીન થાય છે તો કેવળજ્ઞાનને પ્રગટ કરે છે. છઠ્ઠી ભૂમિકાએ વંદ્યવંદકભાવ હોય છે, ગુરુનો વિનય કરું, ઉપદેશ આપું, શ્રવણ કરું, શાસ્ત્ર લખું વગેરે શુભભાવ હોય છે, તેમ જ સંયમના હેતુએ નિર્દોષ આહારથી શરીરને પોષણનો શુભભાવ હોય છે તેથી આહાર માટે જાય છે. નિર્દોષ આહારની વૃત્તિને અને આહારના યોગને છઠ્ઠા ગુણસ્થાને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, નિર્દોષ આહારની વૃત્તિ સાથે બહારથી આહારનો સંબંધ છે. આહારમાં સદોષપણાની શંકા પડે તો મુનિ આહારની વૃત્તિ છોડી દે છે તેથી આહારનો સંબંધ થતો નથી, નિમિત્ત-નૈમિત્તિકસંબંધ થતો નથી.

ત્રિલોકીનાથ તીર્થંકરદેવ ઋષભનાથ ભગવાને છ મહિનાના ઉપવાસ કર્યા ત્યારે સ્વરૂપમાં આનંદરસની લીનતામાં છ મહિના સુધી આહારનો વિકલ્પ પણ આવ્યો નથી; છ મહિના પછી આહારનો વિકલ્પ આવ્યો છે તેથી આહાર લેવા જાય છે, પરંતુ મનઃપર્યયજ્ઞાન અને અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકતા નથી,-એવો વિચાર આવતો નથી કે લાવ જ્ઞાનમાં ઉપયોગ મૂકીને જોઉં તો ખરો કે આહાર મળશે કે નહિ? મુનિઓ આહાર માટે, પર પુદ્ગલ માટે, જ્ઞાનમાં ઉપયોગ મૂકતા નથી, તેમને એક સ્વરૂપમાં લીનતાની જ ધૂન છે, સાધકદશાને વધારવાની જ ધૂન છે, આહારનો વિકલ્પ આવ્યો ને આહાર ન મળ્યો તો તરત જ વૃત્તિ તોડીને સ્વરૂપમાં લીન થાય છે. મનઃ-પર્યયજ્ઞાન અને અવધિજ્ઞાન તો એક જાતનો આત્માનો વૈભવ છે, તે આત્મદશા આગળ વધતાં કોઈને પ્રગટે છે અને કોઈને નથી પ્રગટતી; પરંતુ તે જ્ઞાન કાંઈ સાધકદશામાં કામ આવતું નથી, આગળ વધતાં વચ્ચે પ્રગટતો એક જાતનો જ્ઞાનનો ઉઘાડ છે. સાધકદશામાં સાથે રહીને કામ કરનાર તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન છે, સ્વ-પરના ભેદજ્ઞાનપૂર્વક સ્વરૂપની લીનતા વધારવામાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન છે, સમ્યક્‌પણે પરિણમતું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સાધકદશામાં લાભરૂપ છે, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન-બે જ જ્ઞાન હોય છતાં સાધકસ્થિતિ વધતાં સીધું કેવળજ્ઞાન પ્રગટે છે.

ઋષભનાથ ભગવાનને સાધકદશા વધારવાની જ ધૂન છે તેથી વગર પ્રયોજને મનઃપર્યયજ્ઞાન અને અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકતા નથી. મનઃપર્યય અને અવધિજ્ઞાન તો સાધકદશા સાધતાં સાધતાં વચ્ચે પ્રગટતી એક જાતની આત્માની રિદ્ધિ છે, તે સાધકદશામાં કામ આવતાં નથી.

ચાર જ્ઞાનના ધણી ત્રિલોકીનાથ તીર્થંકરદેવ આહાર માટે જાય અને નિર્દોષ વિધિ પ્રમાણે આહાર ન મળે તેથી પાછા આવે ને આહારની વૃત્તિ તોડીને સ્વરૂપમાં

લીન થાય. વળી બીજે દિવસે આહાર માટે જાય ને આહારનો યોગ ન દેખાય તેથી પાછા આવે ને વળી આહારની વૃત્તિ તોડીને સ્વરૂપમાં લીન થાય; એ રીતે દરરોજ છ મહિના સુધી આહાર લેવા જાય છે અને પાછા આવે છે ને વૃત્તિ તોડીને સ્વરૂપમાં લીન થાય છે, પરંતુ અવધિ અને મનપર્યયજ્ઞાનમાં ઉપયોગ મૂકતા નથી કે આહાર મળશે કે કેમ? મુનિઓ કોઈ ખાસ અગત્ય કારણ સિવાય મનઃપર્યય અને અવધિ-જ્ઞાનમાં ઉપયોગ મૂકતા જ નથી, તો પુદ્ગલવસ્તુ એવા આહારને માટે ઉપયોગ કેમ મૂકે? ઋષભનાથ મુનિ જે રીતે આત્મસ્થિરતા વધે તેવા ઉપાય લે છે. મનઃપર્યય અને અવધિજ્ઞાન આત્મસ્થિરતામાં કામ આવતાં નથી. ભગવાન તો વૃત્તિ તોડીને સ્વરૂપમાં ઠરી જાય છે, આત્માના આનંદરસમાં લીન રહે છે, આત્મસ્થિરતા કેમ વધતી જાય તેવા ઉપાયની ભગવાનને ધૂન છે. આહાર કેમ મળતો નથી તે વાતની જરાપણ ધૂન નથી, વારંવાર પાછું કેમ આવવું પડે છે તે વાતનો જરાપણ ખેદ નથી, એવી સાધારણ વાતની ભગવાનને લગની નથી; આહારનો વિકલ્પ આવ્યો; ગામમાં ગયા ને આહારનો યોગ ન થયો તો તરત જ વૃત્તિ તોડીને સ્વરૂપમાં લીન થાય છે. આ બધા સાધકદશાને વધારવાનાં ટાણા છે, એમાં સાધકદશાની વૃદ્ધિ ભગવાને દેખી છે, તેથી આહાર મળશે કે કેમ? એવો ઉપયોગ જ્ઞાનમાં મૂકતા નથી. સાધક-દશાની વૃદ્ધિની આવી જ રીત છે.

ચાર જ્ઞાનના ધણી તીર્થંકર ભગવાન આહાર માટે જાય અને પાછા ફરે, ત્યાં બીજા કેટલાકને તો એમ જ લાગે કે ભગવાનને ચાર જ્ઞાન જ લાગતા નથી, કાંઈ ખબર જ નથી. પણ જ્ઞાની કહે છે કે- અરે ભાઈ! સાધકસ્થિતિની તને શી ખબર પડે? આહારની વૃત્તિ ખસતી નથી, તેથી ગમન થાય છે, ને બહારથી આહારનો યોગ ન દેખાય તો વિકલ્પ તૂટી જાય છે; પાછો ચોવીસ કલાકસુધી આહારનો વિકલ્પ આવતો નથી; વળી વૃત્તિ ઊઠે છે તો આહાર માટે જાય છે અને ફરી પણ જો આહારનો યોગ ન દેખાય તો પાછા ફરે છે; આહાર મળશે કે કેમ? તે વિષે મનઃપર્યય અને અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકતા નથી; મતિ અને શ્રુતજ્ઞાન સ્વરૂપની સ્થિરતામાં કામ કરે છે, તેની જ ધૂનમાં છે, 'વૃત્તિતૂટે ને સ્થિર થાઉં...વૃત્તિ તૂટે ને સ્થિર થાઉં' એવી જ લગની છે; આહાર લેવા જાય ને આહાર ન મળે તો સ્વરૂપની લીનતા એકદમ વધી જાય છે, એમાં સાધકદશાની વૃદ્ધિ થાય છે તેથી પર પુદ્ગલ માટે જ્ઞાનમાં ઉપયોગ મૂકીને જોતાં નથી. સાધકનાં હૃદય બહારથી કલ્પી શકાય એવાં નથી.

છઠ્ઠી ભૂમિકાએ નિર્દોષ આહારની વૃત્તિ સાથે વસ્તુને નિમિત્તનૈમિત્તક સંબંધ છે. કોઈ જીવ સદોષ આહાર લે અને એમ ગોટા વાળે કે 'અમારે માટે કરેલો આહાર

હતો પરંતુ એવા અમારા ભાવ ન હતા,' તો તેને કહે છે કે ભાઈ! વસ્તુને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે; તારા માટે કરેલો આહાર હતો એમ તને ખબર પડી છતાં તેં રાગને ન તોડયો તો તારા ભાવ સદોષ થઈ જ ચૂકયા; ભાવને અને વસ્તુને સંબંધ છે. છઠ્ઠી ભૂમિકાએ તો નિર્દોષ આહાર લેવાની જ વૃત્તિ આવે છે; 'આ આહાર સદોષ હશે તો-' એવી શંકા પડે તો મુનિ પાછા ફરે છે. એ રીતે મુનિ સદોષ વિકલ્પને પચખતા વસ્તુને પણ પચખે છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. અરે ભાઈ! છઠ્ઠી ભૂમિકા અને સાતમી ભૂમિકાની દશા અદ્દભુત છે.

નગ્ન દિગંબરમુનિ છે તે વીતરાગ નથી થયા ત્યાંસુધી નિર્દોષ આહારની વૃત્તિ ઊઠે છે; એ વૃત્તિ કેમ ઊઠે છે એની હઠ મુનિને નથી, જે ભૂમિકાએ જે વૃત્તિ મર્યાદિતપણે ઊઠવાયોગ્ય હોય તે ઊઠે છે. મુનિની સહજ દશા જુદી છે; ઘડીમાં સ્વરૂપમાં લીન થાય છે ને ઘડીમાં બહાર આવે છે. બહાર આવે ત્યારે આહારાદિની વૃત્તિ આવે છે.

મુનિની અંતર દશા કોઈ જુદી છે. આહાર માટે ગામમાં જાય ત્યાં કોઈ મકાન બળતું દેખે તો પાછા ફરી જાય છે, હઠ કરીને પાછા ફરતા નથી પરંતુ એ દશામાં એવી સહજ સ્વરૂપ-સ્થિતિ જ છે; જેને નિત્ય સ્વભાવનું ભાન વર્તે છે એવા નગ્ન-દિગંબર મુનિ મૌનપણે ગામમાં જતાં વિચારે છે કે અરે! વીતરાગભાવના વલણને પોષવાવાળો હું, બળતું મકાન વગેરે એવું અનિત્ય સ્વરૂપ દેખાવા છતાં, અનિત્ય એવું જે શરીર તેને આહારથી કેમ પોષું?-એ રીતે મુનિને શરીરને પોષવાની વૃત્તિ છૂટી જાય છે, એવી જ એની સહજ દશા છે.

'ભગવાને કહ્યું છે કે મકાન વગેરે બળતું દેખીને કે કોઈને રોતું દેખીને મુનિએ આહાર ન લેવો,-એ રીતે ભગવાને ફરજ પાડી નથી, પરંતુ છઠ્ઠી-સાતમી ભૂમિકાએ વર્તતા મુનિની આવી સહજ દશા જ હોય છે કે કોઈને રોતું વગેરે દેખીને તેમને આહારની વૃત્તિ છૂટી જાય છે; તેથી જેવી મુનિને સહજ દશા હોય છે તેવી ભગવાને આજ્ઞા કરી છે, હઠ કરીને પરાણે આમ કરવું જ પડે છે-એમ નથી. જેને આવી સહજ દશા નથી તેને છઠ્ઠી-સાતમી ભૂમિકા જ નથી. જેટલી ભૂમિકા ઉપર ચડતી જાય છે તે પ્રમાણે અશુભ રાગ ઘટતો જાય છે, અંતરમા શુદ્ધદશા વધતી જાય છે ને શુભ પરિણામ પણ ઊંચા થતા જાય છે. છેવટે જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે શુભ પરિણામ પણ છૂટી જાય છે ને એકલી વીતરાગદશા પ્રગટ થાય છે.

મકાનને બળતું દેખીને કે કોઈને રોતું વગેરે દેખીને મુનિ વિચારે છે કે આ

શરીર અનિત્ય છે, હું ચિદ્સ્વરૂપી આત્મા નિત્ય છું, આ અનિત્ય શરીરનું પોષણ કરવાની વૃત્તિ ન હો ન હો! એવો વૈરાગીભાવ આવતાં મુનિને આહારની વૃત્તિ છૂટી જાય છે, નિત્યસ્વભાવની અસ્તિના ભાનપૂર્વક અનિત્ય તરફની આહારની વૃત્તિની નાસ્તિ થઈ જાય છે. આહારની વૃત્તિ ચૈતન્યના શુદ્ધ સ્વભાવમાં તો નથી પરંતુ જે અલ્પ અસ્થિરતાને લઈને ક્ષણપૂરતી પર્યાયમાં હતી તેની નાસ્તિ થઈ જાય છે.

મકાન બળતું હોય, કોઈ રોતું હોય વગેરે દશ્યો દેખીને મુનિને વૈરાગ્ય આવી જાય છે; મકાન બળતું હોય વગેરે અનિત્ય સ્વરૂપ નજરે દેખાય ત્યાં અનિત્ય શરીરને પોષવાની અસ્થિર વૃત્તિ છૂટી જાય છે; હું તો વીતરાગભાવને પોષનારો છું, આ અનિત્ય શરીરને પોષવાની વૃત્તિ નહિ, નહિ, એમ વિચાર આવતાં અસ્થિર અને અનિત્ય વૃત્તિ છૂટી જાય છે; નિત્ય સ્વભાવનું ભાન છે તેમાં લીન થતાં અનિત્ય દશ્ય, અનિત્ય શરીર ને અનિત્ય વિકલ્પ-એ બધા ઉપરથી મુનિની વૃત્તિ વિરામ પામી જાય છે. આહારની વૃત્તિ છૂટી જાય છે. ત્યાં આહારની વૃત્તિ સહજ છૂટી જાય છે, પરાણે છોડવી પડતી નથી, હઠ નથી, સહજ છે. જેને અંતર દશા નથી તેને તો એમ થાય કે 'અરે! આ શેરીએ કયાં આવી ચડયા?-પાછું વળવું પડશે.' અરે ભાઈ! આવો મુનિદશાનો માર્ગ નથી. જેને અંતરમાં મુનિની દશા પ્રગટી છે તેને તો સહજ સ્વરૂપની પ્રતીતમાં, જ્ઞાનમાં ને સહજ રમણતામાં વર્તતાં સહજ વૈરાગ્ય આવી જાય છે. આવા સંયોગમાં-આવા દશ્યોમાં આહારની વૃત્તિ ન હોય એવી મુનિની સહજ દશા છે.

ધર્મીને ભૂમિકા વધતાં અંતર શુદ્ધ દશા વધતી જાય છે, તે પ્રમાણે અશુભરાગ તૂટતો જાય છે ને શુભ પરિણામ તરફ વલણ વધતું જાય છે, તોપણ તેને પર તરફના પરિણામમાં કર્તૃત્વબુદ્ધિ નથી, તે તેનો જ્ઞાતા રહે છે, તેનો સ્વામી થતો નથી; અલ્પ અસ્થિરતાને કારણે ક્ષણપૂરતી પર્યાયમાં જે પરિણામ થાય છે તેને જાણે છે, સ્વરૂપની લીનતા વધતાં તે પરિણામો સહજ છૂટી જાય છે. આચાર્યદેવની ભાષા એમ છે કે પરદ્રવ્યના દોષો જ્ઞાની કેમ કરે? પણ તેનો ભાવ આમ છે કે અધઃકર્મ ને ઉદ્દેશિક આહારની શંકાવાળો ભાવ પરદ્રવ્યને અવલંબીને જ ઊઠયો છે માટે તે પરદ્રવ્ય છે, ચૈતન્યની ક્ષણ પુરતી વિકારી પર્યાય છે માટે તે ચિદ્વિકાર છે પણ પરદ્રવ્યને અવલંબીને ઊઠયો છે માટે તે પરદ્રવ્ય છે, તેને જ્ઞાની કેમ કરે?-કેમ રાખે? ન જ રાખે. છઠ્ઠી ભૂમિકાએ સદોષ આહારની વૃત્તિ ન જ હોય.

પ્રશ્નઃ-આવી દશા સહજ ન હોય ત્યાંસુધી મુનિપણું નથી?

ઉત્તરઃ—ના, છે જ નહિ. છઠ્ઠું-સાતમું ગુણસ્થાન પરિણામ ઉપર છે. છઠ્ઠા-

સાતમા ગુણસ્થાને પોતા માટે કરેલા આહારની વૃત્તિનો ત્યાગ થઈ જાય છે. છઠ્ઠી-સાતમી ભૂમિકાએ વસ્ત્ર-પાત્ર હોતાં નથી. જેની નગ્નદિગંબર દશા હોય છે, ક્ષણમાં છઠ્ઠે ને ક્ષણમાં સાતમે એવી દશામાં વારંવાર જે ઝૂલ્યા કરે છે તે મુનિ છે.

અમુક જાતની અંતરદશા વધતાં અમુક જાતના નિમિત્તનો રાગ ને અમુક જાતની આસક્તિ છૂટી જાય છે એવો નિમિત્ત-નૈમિત્તકસંબંધ છે. પ્રથમ સત્ સ્વરૂપ સમજવાની જિજ્ઞાસાની અસ્તિ થતાં અનિત્ય સ્વરૂપ તરફની તીવ્ર આસક્તિ ને તીવ્ર ગૃદ્ધિપણું છૂટી જાય છે; કુદેવ-કુગુરુ અને કુશાસ્ત્ર તરફનો વિવેક થતાં-તેની ઓળખાણ થતાં તેવા નિમિત્તો તરફની રુચિ-પ્રીતિનો છેદ થઈ જાય છે ને સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની ઓળખાણ થતાં તેવા નિમિત્તો તરફની રુચિ-પ્રીતિ થાય છે. સાચા સ્વરૂપની ઓળખાણ થતાં પહેલાં દેશનાલબ્ધિ થાય છે; જેમ મોતી થવા માટે પાણી પડયું તે છીપે ઝીલ્યું તેમ ચૈતન્યમૂર્તિ જ્ઞાનીના મુખેથી તત્ત્વજ્ઞાનનું કોઈપણ વાકય પાત્ર જીવના હૃદયમાં ઊંડું ઝીલાઈ જાય છે ત્યાં દેશનાલબ્ધિ થાય છે. તત્ત્વ સમજ્યા પહેલાં કોઈપણ ભવમાં એકવાર ચૈતન્યમૂર્તિ જ્ઞાની મળવા જોઈએ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત કાંઈ કરી દેતું નથી પરંતુ નિમિત્ત હોય છે એવો સંબંધ છે. નિમિત્ત વિના થતું નથી તેમ નિમિત્તથી પણ થતું નથી. એકવાર જ્ઞાનીદ્વારા દેશના-લબ્ધિ થયા પછી ગમે તે ભવમાં તત્ત્વ સમજી શકે છે. અનાદિકાળમાં પ્રથમ તત્ત્વ સમજવામાં જ્ઞાની મળવા જોઈએ, એવો સંબંધ છે.

હમણાં વાત આવી કે સત્ સમજવાની જિજ્ઞાસા થતાં પ્રથમ તીવ્ર આસક્તિ ને તીવ્ર ગૃદ્ધિપણું છૂટી જાય છે, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર તરફની રુચિ-પ્રતીતિ છૂટી જાય છે ને સુદેવ-સુગુરુ સુશાસ્ત્ર તરફની રુચિ-પ્રતીતિ થાય છે; ત્યારપછી જ્ઞાની ગુરુના ઉપદેશથી પોતાના પુરુષાર્થ વડે આત્માના યથાર્થ સ્વરૂપને સમજે છે, સુદેવ-સુગુરુ ને સુશાસ્ત્ર તરફના શુભ વિકલ્પ પણ છૂટીને આત્માનો અનુભવ થાય છે. આ ચોથી ભૂમિકા છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો શુભરાગ પણ આત્માનું સ્વરૂપ નથી, તેથી આત્માના અનુભવ ટાણે તે રાગ પણ છૂટી જાય છે. પછી બાહ્ય લક્ષ આવે ત્યારે ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભરાગ અને સ્ત્રી-કુટુંબાદિનો અશુભરાગ હોય છે, પરંતુ સમ્યગ્દૃષ્ટિ તે શુભાશુભ પરિણામનો જ્ઞાતા રહે છે, સાક્ષી રહે છે. સમ્યગ્દૃષ્ટિને શુભાશુભ પરિણામથી નિરાળા ચૈતન્યગોળાનું ભાન છે તેથી તેની પરિણતિ શુભાશુભ પરિણામના જ્ઞાતારૂપે રહે છે; તે પોતાના જ્ઞાયક સ્વરૂપને જાણતો, તેને શ્રદ્ધતો અને તેમાં પરિણમતો શુભાશુભ પરિણામનો જ્ઞાતા રહે છે. વળી કોઈ કોઈવાર ભૂમિકા પ્રમાણે બાહ્યથી ઉપયોગ પાછો વળીને સ્વરૂપમાં જામી જાય છે, ત્યારે ચૈતન્યગોળાના

ચિદાનંદસ્વરૂપને વેદે છે, આત્માનો અનુભવ કરે છે. ત્યાંથી બહાર લક્ષ આવે છે ત્યારે શુભાશુભ પરિણામ આવે છે ખરા, પરંતુ જ્ઞાની પોતાના સ્વરૂપને જાણતો પરનો સાક્ષી રહે છે. આવી દશા ગૃહસ્થાશ્રમમાં ચોથી ભૂમિકાએ હોય છે. ચોથી ભૂમિકાએ લડાઈ આદિનો અશુભરાગ પણ હોય છે અને તે જાતના નિમિત્તો પણ હોય છે તોપણ ચોથી ભૂમિકાને બાધ નથી; રાજના રાગ સાથે ચોથી ભૂમિકાને વિરોધ નથી કારણ કે તે ભૂમિકાએ તે જાતની અસ્થિરતા ઊભી છે તેથી નિમિત્તો પણ તેવા હોય છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

પછી ત્યાંથી પુરુષાર્થ વડે આગળ વધવાથી પાંચમી ભૂમિકા આવે છે, ત્યાં ચોથી ભૂમિકા કરતાં રાગ મંદ થઈ જાય છે. ચોથી ભૂમિકા કરતાં પાંચમી ભૂમિકામાં ચિદાનંદસ્વરૂપમાં લીનતા વધી જાય છે, અમુક જાતની આસક્તિ તૂટી જાય છે ને વ્રતાદિના શુભ પરિણામ આવે છે, શ્રાવકોની પ્રતિમા આદિના શુભ પરિણામ આવે છે, દેશચારિત્ર પ્રગટે છે, ચોથી ભૂમિકામાં જેવું કહ્યું તેવા તત્ત્વજ્ઞાનપૂર્વક સ્વરૂપમાં લીનતા વધી જાય છે, અમુક જાતની આસક્તિ છૂટી જાય છે તેથી તે જાતના નિમિત્તનો રાગ પણ છૂટી જાય છે તે દેશસંયમરૂપ પાંચમી ભૂમિકા છે. રાગ મંદ થાય તે પ્રમાણે બહારથી સંયોગ છૂટી જાય એવો સંબંધ છે.

પાંચમી ભુમિકાથી જ્યાં આગળ વધે છે ત્યાં સાતમી-છઠ્ઠી ભુમિકા આવે છે, ત્યાં વસ્ત્ર-પાત્રની વૃત્તિનો છેદ થઈ જાય છે તેથી વસ્ત્રાદિ છૂટી જાય છે. અહો! છઠ્ઠી-સાતમી ભૂમિકાની ચૈતન્યસ્વરૂપમાં લીનતાની શી વાત! તે દશા જુદી છે, અંતર્મુહૂર્ત છઠ્ઠે ને અંતર્મુહૂર્ત સાતમે-એવી દશામાં મુનિ ઝૂલ્યા કરે છે. છઠ્ઠી ભૂમિકાએ નિર્દોષ આહાર લેવાની શુભ વૃત્તિ હોય છે, પણ જો અધઃકર્મી સદોષ આહાર લેવાની વૃત્તિ આવે તો છઠ્ઠી ભૂમિકા રહે નહિ. જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ જે ભૂમિકાએ જે ન હોય તેવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટતો જાય છે. સાતમી ભૂમિકાએ બુદ્ધિપૂર્વકનો બધી જાતનો રાગ છૂટી જાય છે, અબુદ્ધિપૂર્વક રાગ રહે છે. સાતમેથી સ્થિરતાની શ્રેણી આગળ વધતાં ધ્યાનની નિર્મળતા વધી જાય છે ને સ્થિરતા ઘણી જામતી જાય છે. જેટલી સ્થિરતાની અધૂરાશ રહે છે તેટલો અબુદ્ધિપૂર્વક અલ્પરાગ રહે છે ને તેમાં દ્રવ્યના ગુણના કે પર્યાયના વિચારમાં રાગનો ભેદ પડયા કરે છે, દ્રવ્ય અથવા ગુણ કે પર્યાય એ ત્રણમાં ધ્યાન સંક્રમ્યા કરે છે એવો અબુદ્ધિપૂર્વક સૂક્ષ્મરાગથી ભેદ પડયા કરે છે. ત્યાંથી આગળ વધતાં શુકલધ્યાનની એકદમ નિર્મળતા વધી જાય છે ત્યાં અસંક્રમી ધ્યાન થઈ જાય છે—ધ્યાન ફરતું નથી, (અસંક્રમી ધ્યાન થતાં અબુદ્ધિપૂર્વકનો રાગ પણ રહેતો નથી) સ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા જામી જાય છે ત્યારે કેવળજ્ઞાન

પ્રગટે છે, ચૈતન્યની પૂર્ણ કૃતકૃત્યદશા પ્રગટે છે, સાધકદશા પૂર્ણ થાય છે ને જીવન્મુક્તદશા પ્રગટે છે, ચૈતન્યગોળો ચૈતન્યમાં પૂર્ણ લીન થાય છે; આ તેરમી ભૂમિકા છે આ સયોગી કેવળી નામની ભૂમિકાએ યોગનું કંપન બાકી રહે છે તેને લઈને ભગવાનને દિવ્યધ્વનિ છૂટે છે, વિહાર થાય છે; જે જાતનો યોગનો ઉદય હોય છે તે પ્રમાણે ભગવાનને વિહાર થાય છે, વાણી છૂટે છે; ત્યાં યોગના કંપનને અને વાણી વગેરેને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. ત્યારપછી ચૌદમી ભૂમિકાએ જેટલી વાર ટકવાનું બને છે તે કર્મને લઈને બનતું નથી, પરંતુ તે પ્રકારની જીવપર્યાયની યોગ્યતા બાકી રહે છે તેથી તેટલી વાર ચૌદમે ગુણસ્થાને ટકે છે, ચૌદમે ગુણસ્થાને પણ તેટલો નિમિત્ત-નૈમિતિકસંબંધ છે.

જુઓ ભાઈ! દ્રવ્યદૃષ્ટિનો વિષય તો ઘણો ચાલ્યો, હવે આ તો ચારિત્રદશામાં રાગની પર્યાય કેટલી ખસતી જાય છે અને તેની સાથે નિમિત્તો કેટલાં ખસતા જાય છે તેની વાત છે.

કોઈ કહે કે 'અમારે આ સમજવાનું કાંઈ કામ નથી, અમને પદાર્થના સ્વરૂપનું જ્ઞાન થયું પછી સંયોગો ગમે તેવા હોય પણ અમને કાંઈ નડતા નથી'—તો તેને આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! ધ્યાન રાખજે કે તારા રાગ વગર તે રાગને લગતો તે તે પ્રકારનો નિમિત્તનો સંયોગ તારી પાસે હોય જ નહિ; આવું વસ્તુસ્વરૂપ સમજાવવા માટે અહીં રાગ, પર્યાય અને તેના નિમિત્તોના સંબંધની વાત સમજાવી છે. જેટલી વીતરાગતા વધતી જાય તેટલો રાગ છૂટતો જાય છે અને તેટલા નિમિત્તો પણ છૂટતા જાય છે; આવી વસ્તુસ્થિતિની મર્યાદા છે, તે હઠથી નહિ પણ સહજ છે.

અધઃકર્મી એટલે મુનિઓને માટે કરેલો આહાર અને ઉદ્દેશિક એટલે અમુક મુનિને માટે કરેલો તે. આચાર્યદેવ કહે છે કે સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો આત્મા તેના નિમિત્તે થતા ભાવને ત્યાગતો નથી. એનો અર્થ એવો છે કે જે સદોષ આહારના વિકલ્પને છોડતો નથી તેને તેના નિમિત્તરૂપ આહાર પણ છૂટતો નથી. માટે ધર્માત્મા-મુનિઓ વિચારે છે કે અધઃકર્મ આદિનો જે વિકલ્પ છે તે મારા ચૈતન્ય તરફનો ભાવ છે નહિ, પરના-જડના વલણવાળો ભાવ છે માટે જડ છે, તેનો હું કેમ કર્તા હોઉં! આ પ્રમાણે મુનિ સ્વરૂપની સ્થિરતા દ્વારા સદોષ વૃત્તિને તોડી નાખે છે. દ્રવ્યદૃષ્ટિથી તો કર્તા નથી અને સ્થિરતા દ્વારા પર્યાયમાં પણ અકર્તા થઈને વૃત્તિને તોડી નાખે છે. મુનિને શંકા પડે કે આ આહાર મારે માટે કરેલો હશે!-તો તે આહારની વૃત્તિને તોડી નાખે છે; એવી વૃત્તિને મુનિ રાખતા નથી માટે તેના કર્તા નથી. મુનિને જ્ઞાન છે કે અધઃકર્મ ને ઉદ્દેશિક એવું જે પુદ્ગલદ્રવ્ય તે મારું કાર્ય નથી કારણ કે તે નિત્ય

અચેતન હોવાથી તેને મારા કાર્યપણાનો અભાવ છે;-એમ તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્દગલદ્રવ્યને પચખતો મુનિ નૈમિત્તિકભૂત બંધસાધકભાવને પચખે છે. એનો અર્થ એવો છે કે જે સદોષ આહારના બંધસાધકભાવને પચખે છે તે નિમિત્તભૂત પુદ્દગલ-દ્રવ્યને પચખે છે.

અહીં આચાર્યદેવે ખાસ 'તત્ત્વજ્ઞાનપૂર્વક'ની વાત લીધી છે. નિર્દોષ આહાર તો અભવ્ય જીવે પણ અનંત વાર લીધો પણ તેથી ભવનો અંત ન આવ્યો, કારણ કે તેને ચૈતન્યપરિણતિમાં ઊંડું તત્ત્વજ્ઞાન નહોતું; માત્ર ક્રિયાકાંડ કર્યો, શુભ પરિણામ કર્યા પણ તેથી ભવનો અંત ન આવે. તેથી આચાર્યદેવે કહ્યું છે તત્ત્વજ્ઞાનપૂર્વક સહજદશામાં રહેતો મુનિ બંધસાધકભાવને પચખે છે.

ચિદાનંદ જ્ઞાતાદ્રષ્ટા મારું તત્ત્વ ત્રણે કાળે પરથી નિરાળું છે-એવું મુનિને જ્ઞાન વર્તે છે. આવી તત્ત્વદૃષ્ટિ વિના અજ્ઞાની એક રજકણ કે રાગનો પણ અકર્તા નથી, બધાનો કર્તા છે. તત્ત્વદૃષ્ટિ વિના નિમિત્ત તરફના રાગનો વાસ્તવિક છેદ થતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, મારું તત્ત્વ પરથી નિરાળું છે, એવું જ્યાં જ્ઞાન થયું ત્યાં પરદ્રવ્યનો અકર્તા થઈ જાય છે; પછી જેમ જેમ સ્વરૂપમાં લીનતા વધતી જાય છે તેમ તેમ રાગનો છેદ થતો જાય છે અને તેમ તેમ નિમિત્તનો સંબંધ છૂટતો જાય છે. આ ચારિત્ર પર્યાયની વાત છે. અખંડ દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ઊણી-અધૂરી પર્યાય નથી, વિકલ્પ નથી, નિમિત્ત નથી; તત્ત્વદૃષ્ટિના વિષયમાં તો નિમિત્તથી ને વિકારથી નિરાળું પૂર્ણ કૃતકૃત્ય જ્ઞાયકસ્વભાવી દ્રવ્ય છે; પૂર્ણ કૃતકૃત્ય ચિદ્દસ્વરૂપી દ્રવ્યને સ્વીકારનારી તત્ત્વદૃષ્ટિ છે. જ્ઞાનના વિષયમાં ઊણી-નિર્મળ-વિકારી પર્યાય, નિમિત્ત અને પૂર્ણ અખંડ દ્રવ્ય બધું જણાય છે, બધાનું જ્ઞાન રહે છે; જ્ઞાનના વિષયમાં અખંડવસ્તુનું અને પર્યાયનું બન્નેનું જ્ઞાન રહે છે તે પ્રમાણજ્ઞાન છે; વસ્તુ પોતે જ દ્રવ્ય ને પર્યાય એવા બે પડખાવાળી છે, માટે બન્નેનું જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે.

દ્રવ્ય ને પર્યાય-એમ બે પડખામાં વસ્તુ પોતે જ ઝૂલતી છે, તેથી મુનિઓ દ્રવ્ય ને પર્યાય-એ બંને પડખાના પ્રમાણજ્ઞાનમાં ઝૂલી રહ્યા છે. એ રીતે તત્ત્વજ્ઞાન-પૂર્વક મુનિરાજ સ્થિરતામાં રહેતા અસ્થિરતાને તોડતા બંધસાધકભાવને પચખે છે તેથી નિમિત્તને પણ પચખે છે. પ્રમાણજ્ઞાનપૂર્વક-તત્ત્વજ્ઞાનપૂર્વક સ્વરૂપલીનતાને સાધતાં મુનિ કેવળજ્ઞાન લીધું કે લેશે એવી દશામાં વાસ કરે છે; મુનિપણું તે કેવળજ્ઞાનને સાધવાની ઉત્કૃષ્ટ સાધકદશા છે. આવી અંતરદશા તે મુનિપણું છે તે કેવળજ્ઞાનને સાધે છે. બહારથી નગ્નપણું લીધું તે મુનિપણું નથી, તેનાથી ભવનો અંત આવતો નથી.

આત્મભાનપૂર્વક મુનિરાજ અમૃતરસના આનંદને વધારતા અસ્થિરતાને તોડતા

સમસ્ત પરદ્રવ્યને પચખે છે. સદોષ આહારના વિકલ્પને જો મુનિ રાખે તો તે ભાવ બંધસાધક છે, અશુભ છે, તેવો અશુભભાવ રહે તો છઠ્ઠું ગુણસ્થાન પણ ન રહે એવો સંબંધ છે.

મુનિદશાનું એવું સ્વરૂપ છે કે ઝાઝો કાળ છઠ્ઠી ભૂમિકામાં શુભભાવમાં રહે તોપણ છઠ્ઠું ગુણસ્થાન ન ટકે; જો અંતર્મુહૂર્ત પછી અપ્રમત્ત ન થાય-સાતમી ભૂમિકાએ ન જાય તો છઠ્ઠું ગુણસ્થાન ન ટકે; કારણ કે આ ભૂમિકા ઉત્કૃષ્ટ સાધકદશાની છે તેથી અંતર્મુહૂર્ત પ્રમત્ત અને અંતર્મુહૂર્ત અપ્રમત્ત-એમ પુરુષાર્થની ગતિ ચાલ્યા જ કરે છે, આ ભૂમિકાનું આવું જ સ્વરૂપ છે. આવી રીતે પુરુષાર્થની ગતિ સહજ-પણે જો ન રહે તો છઠ્ઠી-સાતમી ભૂમિકા જ ન રહે એવું વસ્તુસ્વરૂપ છે.

આચાર્યદેવ કહે છે કે મુનિ! આટલી ભૂમિકાએ ચડ્યો-આટલી સ્થિરતાએ ચડયો, હવે લાવ અપ્રતભાવ; છઠ્ઠી ભૂમિકાએ-શુભભાવમાં પણ લાંબો કાળ રહીશ તોપણ પાલવશે નહિ. સ્થિરતાની વિશેષ નિવૃત્તદશાએ તું ચડયો, હવે શુભભાવને લાંબો કાળ ટકાવવો તે તને પાલવશે નહિ. અંતર્મુહૂર્ત છઠ્ઠે ને અંતર્મુહૂર્ત સાતમે રહે એવી મુનિની અંતરદશા છે. પરાણે હઠથી તે કરવું પડતું નથી પરંતુ મુનિની સહજ સ્થિતિ જ એવી હોય છે, મુનિની પુરુષાર્થની ગતિ ઉગ્ર જ હોય છે; હઠથી કરે તે સાચી મુનિદશા જ નથી કૃત્રિમ છે, સહજ નથી.

આ ભૂમિકા ઉત્કૃષ્ટ સાધકદશાની છે. આ દશાએ વર્તતા મુનિ વારંવાર સ્વરૂપમાં જામી જાય છે, તેને ઝાઝી વાર બહાર ઉપયોગ રહેતો નથી, સહજપણે ઉપયોગ વારંવાર સ્વરૂપ તરફ લીન થાય છે, ઝાઝી વાર બહાર રહેવું તેને રુચતું નથી, આવી મુનિની સહજદશા છે. સાતમી ભૂમિકા કરતાં છઠ્ઠીનો કાળ બમણો છે; છઠ્ઠીના કાળ પ્રમાણે છઠ્ઠે રહીને પછી પાછો સાતમે ચાલ્યો જાય છે, પાછો છઠ્ઠે આવે છે, ફરી પાછો સ્વરૂપના ચૈતન્યરસમાં જામી જાય છે-એ પ્રમાણે છઠ્ઠી-સાતમી ભૂમિકામાં મુનિ હજારો વાર ઝુલે છે.

છઠ્ઠી અને સાતમી બન્ને ભૂમિકાનો કાળ અંતર્મુહૂર્ત છે પણ સાતમી કરતાં છઠ્ઠીના અંતર્મુહૂર્તનો કાળ બમણો છે; આમ વારંવાર સ્વરૂપમાં ઝૂલતાં ઝૂલતાં મુનિ કેવળજ્ઞાનને પ્રગટ કરે છે મુનિની દશા અદ્‌ભુત છે, વારંવાર સ્વરૂપમાં જામી જાય છે. મુનિને આહારની ક્રિયા વખતે પણ અંદરમાં ચૈતન્યગોળો છૂટો પડી જાય છે-ઉપયોગ ક્ષણવાર સ્વરૂપમાં જામી જાય છે, યોગની ક્રિયા યોગમાં રહી જાય છે ને ચેતન્યનું કામ કરે છે. કેવળજ્ઞાન પ્રગટ થાય ત્યારે બહારથી આહારની ક્રિયા ન હોય પરંતુ મુનિ તો ક્ષણવાર સ્વરૂપમાં જામી જાય છે અને છઠ્ઠે ગુણસ્થાને આવે ત્યારે બહારથી

આહારની યોગની ક્રિયા હોય છે, કેવળજ્ઞાની તો કાયમી સ્વરૂપમાં જામી ગયા, તેમને આહારના રાગનો ક્ષય થઈ ગયો, તેથી બહારથી આહારની ક્રિયા પણ હોતી નથી. જ્યાં રાગનો ક્ષય થયો ત્યાં તેવાં નિમિત્તો પણ હોતાં નથી. કેવળજ્ઞાનીને વાણી અને વિહાર છે તે માત્ર યોગનો ઉદય છે, તેને અંદરના રાગ સાથે સંબંધ નથી. કેવળજ્ઞાની તો વીતરાગ છે, તેમને સર્વ રાગનો ક્ષય થયો છે. માત્ર યોગનો ઉદય છે. રાગનો ક્ષય થાય તોપણ અમુક જાતના યોગનો ઉદય રહી જાય એવો વસ્તુસ્વભાવ છે. યોગ અને ઉપયોગનું સ્વરૂપ જુદું છે, તે બન્ને એક નથી.

મુનિરાજને હાલતાં-ચાલતાં, ખાતા-પીતાં ચૈતન્યગોળો છૂટો પડી જાય છે ને અમૃતરસને વેદે છે; ઊંઘમાં પણ ક્ષણવાર ઝોલું આવે છે ને ક્ષણવાર જાગે છે, ક્ષણવાર જાગે છે ત્યારે અપ્રમત્તધ્યાન થઈ જાય છે, સહજપણે સ્વરૂપમાં લીન થઈ જાય છે; વળી ઝોલું આવે છે ને વળી ક્ષણમાં જાગે છે તે વખતે ઉપયોગ સ્વરૂપમાં જામી જાય છે-અપ્રમત્ત થઈ જાય છે, એમ વારંવાર અપ્રમત્ત થઈ જાય છે. આવી મુનિની નિદ્રા છે, મુનિ સામાન્ય માણસની જેમ કલાકોના કલાકો સુધી નિદ્રામાં ઘોર્યા ન કરે. અંતર્મુહૂર્ત સિવાય વધારે કાળ છઠ્ઠે ગુણસ્થાને મુનિ રહેતા જ નથી. મુનિને પાછલી રાત્રે ક્ષણવાર ઝોલું આવે, તે સિવાય તેમને ઝાઝી નિદ્રા જ ન આવે, એવી તેમની અંતરદશા છે. મુનિરાજ તો સહજપણે સ્વરૂપમાં જાગતા છે, નિદ્રામાં ઝાઝીવાર તેમનો ઉપયોગ ટકતો જ નથી, સહજપણે ઉપયોગ વારંવાર જાગૃત થાય છે ને સ્વરૂપમાં લીન થાય છે. આ તો કેવળજ્ઞાન લેવાની ભૂમિકા છે. મુનિનો સહજ પુરુષાર્થ જ એવો છે કે અંતર્મુહૂર્તથી વધારે છઠ્ઠી ભૂમિકાએ રહેતા જ નથી.

ભગવાને જેટલો કાળ છઠ્ઠી ભૂમિકાએ શુભભાવનો કહ્યો છે તેથી વધારે જો છઠ્ઠી ભૂમિકાએ શુભભાવમાં રહે તો મુનિ નીચે પડી જાય છે. છઠ્ઠી ભૂમિકા પણ પ્રવૃત્તિની છે, માટે લાંબો કાળ જો શુભભાવમાં રહ્યો તો શુભભાવ તરફનું વલણ વધી ગયું તેથી ફડાક દઈને નીચે પડી જશે, ગુણસ્થાન બદલાઈ જશે. સ્થિરતાની વિશેષ નિવૃત્તદશામાં ચડેલા મુનિરાજને લાંબો કાળ શુભભાવની પ્રવૃત્તિમાં છઠ્ઠે ગુણસ્થાને રહેવું નહિ પાલવે, જો વધારે કાળ રહેશે તો ગુણસ્થાન બદલાઈ જશે, નીચે પડી જશે. માટે હે મુનિ! વધારે કાળ છઠ્ઠે ગુણસ્થાને રહેવું નહિ પાલવે. અંતર્મુહૂર્ત છઠ્ઠે ને અંતર્મુહૂર્ત સાતમે ઝુલ્યા કરે એવી મુનિની સહજ સ્થિતિ છે.

પ્રશ્નઃ— મુનિ જ્યારે ઉપદેશ આપે ત્યારે તેમાં અંતર્મુહૂર્ત કરતાં ઘણો લાંબો કાળ ચાલ્યો જાય છે, તો તે વખતે અપ્રમત્તદશાનું શું થયું?

ઉત્તરઃ—ઉપદેશ આપતાં આપતાં પણ મુનિને વચ્ચે ઘણીવાર અપ્રમત્તદશા થઈ

જાય છે, સાતમું ગુણસ્થાન આવી જાય છે, ક્ષણવાર ચિદ્‌બિંબ ગોળો રાગથી છૂટો પડીને ઉપયોગ સ્વરૂપમાં જામી જાય છે; બહારથી ઉપદેશ ચાલ્યા કરતો હોય છે, જે વાત કહેવાની લક્ષમાં લીધી હતી તે વાતની સંધિ વાણીમાં ચાલ્યા કરે છે ને ઉપયોગ અપ્રમત્ત થઈને સ્વરૂપમાં લીન થાય છે, વળી ક્ષણવારમાં ઉપયોગ બહાર આવે છે. આ પ્રમાણે ઉપદેશ આપતાં આપતાં પણ ક્ષણમાં બહાર ને ક્ષણમાં અંદર એવી દશા વર્ત્યા જ કરે છે ને બહારથી ઉપદેશમાં યોગની ક્રિયા ચાલ્યા કરે છે, આવી મુનિની દશા છે.

છઠ્ઠા ગુણસ્થાનને અને સદોષ આહારની વૃત્તિને વિરોધ છે પરંતુ છઠ્ઠા ગુણસ્થાનને અને આર્તધ્યાનના અલ્પ અશુભરાગને વિરોધ નથી. છઠ્ઠા ગુણસ્થાને 'આ શરીરમાં રાગાદિ ન હોય તો ઠીક' એવો અલ્પ અશુભરાગ થઈ આવે છે તે આર્તધ્યાન છે પણ તેથી છઠ્ઠી ભૂમિકા ખસતી નથી. પણ જો સદોષ આહારનો અશુભ વિકલ્પ છઠ્ઠે ગુણસ્થાને આવે તો છઠ્ઠી ભૂમિકા જ ખસી જાય છે એવો સંબંધ છે; તેથી સદોષ વિકલ્પને ત્યાગતો મુનિ તે જાતના નિમિત્તોને પણ ત્યાગે તે આ પ્રમાણે દ્રવ્ય અને ભાવને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. દૃષ્ટિ પૂરી છે પણ સ્થિરતા પૂરી ન થાય ત્યાં સુધી અસ્થિરતાના ભાવને અને પરપદાર્થને સંબંધ છે.

દૃષ્ટિ તો અખંડ છે, તેમાં કોઈ જાતનો ભેદ પડતો નથી; દૃષ્ટિ તો સ્વપદાર્થ અને પરપદાર્થ બન્નેને અખંડ સ્વીકારે છે, ભેદ પાડતી નથી. પણ જ્ઞાનમાં પર્યાયનો વિવેક છે, જ્ઞાન પોતાની અધૂરી-નિર્મળ ને વિકારી પર્યાયનો પણ વિવેક કરે છે અને સામા પદાર્થની પર્યાયનો પણ વિવેક કરે છે; જ્ઞાન માંસની પર્યાય અને રોટલાની પર્યાયનો વિવેક કરે છે. જ્યાં સાચી ઓળખાણ થઈ ત્યાં માંસની પર્યાયનો ત્યાગ થઈ જાય છે. અમુક ભૂમિકાએ અમુક નિમિત્તો હોતાં જ નથી. જો જ્ઞાન બધાનો વિવેક કરે તો જ તે સાચું છે, નહિતર દૃષ્ટિ અને જ્ઞાન બન્ને ખોટાં છે.

'અહં બ્રહ્માસ્મિ, અમારે બધા રજકણ સરખા, માટે માંસ ને રોટલામાં ભેદ પાડવો તે ભ્રમ છે'—આવું ઊંધું સમજીને કેટલાક છાણ ખાય, કાચ ખાય, થોર ખાય, અને તેને જોનારા ગાંડા કહે કે 'શું અવધૂત છે? શું વિદેહી છે!' પણ અહીં કહે છે કે અરે! એ તો મૂઢ છે, એને પર્યાયનો પણ વિવેક નથી; એને માનનારા મૂઢ છે ને તે પોતે પણ મૂઢ છે. અરે ભાઈ! જેને અખંડ દ્રવ્યદૃષ્ટિના ભાનપૂર્વક પર્યાયનો વિવેક નથી તે મુક્તિના માર્ગે જ નથી, બંધના માર્ગે છે; તે સત્યપંથને દેખતો નથી તેથી અંધ છે. કઈ ભૂમિકાએ કઈ જાતના આહારના નિમિત્તો બહારથી હોય છે તેનો

સમ્યગ્દષ્ટિને વિવેક છે. 'ગમે તે ખાવામાં ને ગમે તેમ વર્તવામાં વાંધો નથી'-એવું સાચા મુક્તિમાર્ગનું સ્વરૂપ નથી, પણ બંધનું સ્વરૂપ છે.

જેને અંતરમાં સાચી તત્ત્વદષ્ટિ ઊઘડી છે તે પર્યાયનો અને નિમિત્તનો વિવેક કરશે. કોઈ કહે કે 'અમને બ્રહ્મચર્યનો ભાવ પ્રગટયો છે પણ બહારમાં સ્ત્રી આદિ રાખીએ છીએ, કારણ કે અમને પૂર્વકર્મનો તેવો ઉદય વર્તે છે'-તો તેની વાત જૂઠી છે. અરે ભાઈ! જેને અંતરથી બ્રહ્મચર્ય પ્રગટયું તેને બહારથી સ્ત્રીનો સંયોગ હોય જ નહિ એવો સંબંધ છે. જેને બ્રહ્મચર્યનો ભાવ પ્રગટે તેને અબ્રહ્મચર્યના રાગનો ઉદય હોય જ નહિ, તેને અબ્રહ્મચર્યના રાગનો છેદ જ થઈ ગયો હોય છે, ને સ્ત્રીનો સંયોગ હોતો જ નથી:-આવો બ્રહ્મચર્યના ભાવને અને બહારના સંયોગને નિમિત્ત નૈમિત્તિક-સંબંધ છે.

'અમને બ્રહ્મચર્યનો ભાવ પ્રગટવા છતાં સ્ત્રીનો સંયોગ રાખીએ છીએ' એમ કહેનારા તદ્દન ખોટા છે. તે એવી વાતો કરીને પોતાની સ્વછંદ વૃત્તિ પોષનારા છે. અરે ભાઈ! એમ કહી દે ને કે મારી મોળપ છે, મને રાગ વર્તે છે, હું રાગને તોડી શકતો નથી; આડી રીતે ખોટા બચાવ કરવા તે મહાપાપ છે. અંદરના રાગને સંયોગ સાથે સંબંધ છે. સમ્યગ્દષ્ટિ જેમ છે તેમ પર્યાયનો વિવેક કરે છે.

કોઈ માણસને મારતો હોય ને કહે કે અમને ક્રોધ નથી;-અરે ભાઈ! એમ ન હોય, કષાય વગર ઇરાદાપૂર્વક મારવાની ક્રિયા બને નહિ. અમુક જાતનો કષાય જેને છૂટયો તેને અમુક જાતની ક્રિયા પણ ન હોય એવો સંબંધ છે. દ્રવ્યદષ્ટિની વાત આવા ખોટા બચાવ કરવા આચાર્યદેવે કહી નથી પરંતુ દરેક દ્રવ્યની સ્વતંત્રતા અને અખંડતા સમજાવવા કહી છે. જ્યાંસુધી પૂર્ણ અવસ્થા ન થાય ત્યાંસુધી જે જે ભૂમિકાએ જે જે રાગની વૃત્તિ હોય તેને અને જે જે રાગની વૃત્તિ ન હોય તેને જાણવી જોઈએ, તેમ જ તે ભૂમિકા પ્રમાણે જે જે નિમિત્તો હોય તેને અને જે જે નિમિત્તો છૂટી જાય તેને પણ બરાબર જાણવા જોઈએ. આચાર્યદેવે ચરણાનુયોગનો અધઃકર્મ અને ઉદ્દેશિક આહારનો એક દાખલો આપીને આખો ચરણાનુયોગ સમજાવી દીધો છે. જેમ છે તેમ વસ્તુસ્વરૂપ સમજવું તે જ મુક્તિનું કારણ છે.

વિ. સં. ૨૦૦૬, માગસર વદ ૧૪, રવિવાર.

આત્માને જે ભાવે બંધન પ્રગટ થાય અને સ્વાધીનતા હણાય તે ભાવને બંધન કહે છે. આત્મા જ્ઞાનાદિ ગુણસ્વરૂપ વસ્તુ છે; વસ્તુના સ્વભાવ સિવાય જે જે વિકારી ભાવ થાય તે ભાવ આત્માને બંધન કર્તા છે.

જીવોને સંસારની વાતની—પૈસા, સ્ત્રી, કુટુંબ વગેરે વાતની રુચિ છે પણ આ તત્ત્વ સમજવાની રુચિ નથી. ભાઈ! આ તત્ત્વ સમજ્યા વિના ભવના આરા આવવાના નથી. આત્મા શું ચીજ છે તેનો વિચાર કર્યો? તેની સમજણ વગર સ્વાધીન સુખ નહિ પ્રગટે. આત્મા જાણવું-માનવું-સુખ-વીર્ય આદિ અનંતા ગુણોથી ભરપૂર પરિપૂર્ણ સામર્થ્યવાળો છે. આ શરીરનાં હાડકાં તે આત્મા નથી, શરીરનાં હાડકાં તો માતાના ઉદરમાં થયા છે, અને આત્મવસ્તુ તો અનાદિથી છે. શરીર તો માતાના ઉદરમાં નવું થયું છે. જન્મ્યો ત્યારે નાનું, પરમાણુનું બનેલું ઢીંગલું હતું. પછી રોટલા-દાળ-ભાતનાં રજકણો શરીરમાં ખડકાણા તેથી આવડું મોટું થયું. રોટલા દાળ ભાતના રજકણની અવસ્થા બદલાઈને આ શરીરરૂપે થઈ તેથી શરીરરૂપી ઢીંગલું મોટું થયું. એ રીતે આ શરીર તો નવું થયું છે. આત્મા તો અનાદિનો છે, તે કોઈના સંયોગથી ઉત્પન્ન થયો નથી અને નાશ થઈને કોઈમાં ભળી જાય એમ નથી. આત્મા અનાદિ અનંત સ્વતઃસિદ્ધ વસ્તુ છે; અનાદિથી સ્વતઃપણે હયાતી ધરતો આત્મા છે અને અનંતકાળ-સુધી સ્વતઃ હયાતી ધરશે એવો આત્મા છે, તેની ઉત્પત્તિ પણ નથી અને નાશ પણ નથી. અનાદિઅનંત સ્વતઃસિદ્ધ એ જાણક-તત્ત્વ છે, તેમાં કોઈની અપેક્ષા નથી. એ આત્મા કોઈના આશીર્વાદથી મળી જાય એમ નથી ને કોઈના શાપથી ટળી જાય એમ નથી. એ જાણક-તત્ત્વને જાણવાનો સ્વતઃપોતે જ પ્રયત્ન કરે તો તે જણાય તેમ છે અને મળે તેમ છે. આત્મા પોતે હાજર જ છે, ક્યાંય ચાલ્યો ગયો નથી કે ન મળે. પરંતુ ભ્રાંતિને લઈને પોતે પોતાને ભૂલી ગયો છે.

આ ભ્રાંતિરૂપ વિકારી પર્યાય આત્માને અનાદિની છે, કાગડા-કૂતરાઆદિના ભવ પણ અનાદિથી છે. રાગ-દ્વેષ આદિ વિકાર અનાદિથી છે, આત્માને પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા છે. પહેલાં શુદ્ધ હતો અને પછી અશુદ્ધ થયો તેમ નથી. જેમ માખણનું ઘી થાય પણ ઘી પલટીને પાછું માખણ ન થાય, તેમ અશુદ્ધતાનો નાશ કરીને આત્મા શુદ્ધ થાય, પણ શુદ્ધ સ્વભાવમા પરિણમેલો આત્મા પાછો વિકારી ન થાય-એવો વસ્તુસ્વભાવ છે. કર્મચક્ર અને આત્માની પર્યાયનું વિકારચક્ર નિમિત્ત-નૈમિત્તિકસંબંધે અનાદિથી છે, નવું નથી. એકલા છૂટા ચૈતન્યદ્રવ્યમાં વિકાર ન હોય, પણ કર્મના સંબંધથી વિકાર છે; કર્મ પરાણે વિકાર કરાવતું નથી પણ પોતે વિકારી પર્યાય કરે છે ત્યારે કર્મની અનુકૂળ નિમિત્તરૂપે હાજરી હોય છે એટલો સંબંધ છે. ચૈતન્યદ્રવ્ય પહેલાં છૂટું એકલું શુદ્ધ હતું ને પછી કર્મના નિમિત્તથી અશુદ્ધ થયું-તેમ નથી. જે જીવ પૂર્ણ શુદ્ધતામાં પરિણમ્યો તે ફરીને અશુદ્ધ ન થાય-એવું વસ્તુનું સ્વરૂપ છે,-ઘીનું પાછું માખણ કદી ન થાય એવો જગતમાં વસ્તુસ્વભાવ છે. માટે કર્મચક્ર અને વિકારચક્રનો સંબંધ અનાદિથી છે. અને તે વિકારને પુરુષાર્થ વડે ટાળીને

સ્વભાવ પ્રગટ કરીને મુક્તિ કરી શકાય છે. એ શુભાશુભ લાગણીરૂપ ચૈતન્યના વિકાર સ્વભાવ-ઘરનો નથી પણ ચૈતન્યના ઊંધા પુરુષાર્થે વડે કર્મના નિમિત્તે થતો ચિદ્‌વિકાર છે; તે ચૈતન્યનો શુદ્ધ: સ્વભાવ નથી. જો સ્વભાવ હોય તો તેને ટાળીને શુદ્ધદશા-સિદ્ધદશા પ્રગટ કરી શકાય નહિ. ક્રોધ, માન, માયા, લોભ તે બધા ચૈતન્યન પર્યાયમાં થતાં વિકારો, છે, ચૈતન્યનો મૂળ સ્વભાવ નથી. આ લાકડામાં ક્રોધ નથી કારણકે તેમાં ક્ષમાની શક્તિ નથી; જેમાં ક્ષમાની શક્તિ હોય તેમાં ક્રોધરૂપ વિકાર દેખાય. આત્માના ક્ષમાદિગુણની ઊંધી સ્થિતિ તે ક્રોધાદિ છે. તે ક્રોધાદિ વિકાર એમ સૂચવે છે કે આત્મામાં ક્ષમા, નિર્માનતા આદિ શુદ્ધ સ્વભાવ ભર્યા પડયા છે. શુદ્ધ સ્વભાવની હયાતી છે તો આ વિકાર દેખાય છે. શાંત-નિર્વિકારી સ્વભાવની ઊંધી સ્થિતિ તે વિકાર છે. વિકાર અનાદિનો હોવા છતાં ચૈતન્યના નિર્વિકારી સ્વભાવનો નાશ થયો નથી. વિકાર છે તે નિર્વિકારી સ્વભાવની હયાતી બતાવે છે. માટે હે જીવ! તું એમ જ્ઞાન કર કે આ વિકાર મારો સ્વભાવ નથી પણ મારા સ્વભાવથી વિપરીત-વિરુદ્ધ લક્ષણવાળો, દુ:ખરૂપ અને અપવિત્ર છે; એ પરના નિમિત્તે થાય છે માટે પર છે; ચૈતન્યની પર્યાયમાં ક્ષણ પૂરતો થાય છે પણ એને પુરુષાર્થ વડે ટાળી શકાય છે; એ વિકાર અનાદિથી હોવા છતાં ચૈતન્યનો સ્વભાવ નથી માટે ટાળી શકાય છે. શરીરથી હું જુદો છુ ને વિકારથી પણ હું જુદો છું, હું શુદ્ધ પવિત્ર નિરાકુળસ્વભાવી છું આ આકુળતા મારું સ્વરૂપ નથી-એમ પોતાના ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેમાં લીન થાય તો અવશ્ય મુક્તિ થાય. પરંતુ વિકારી-ભાવને જો ચૈતન્યસ્વભાવમાં ખતવે તો બંધન થાય.

બંધન એટલે પરાધીનતાં; બીજાની નોકરી કરવી પડે એટલી જ પરાધીનતાની વ્યાખ્યા નથી પણ આત્માને રાગ-દ્વેષવાળો, શુભાશુભવાળો, શરીરવાળો માનવો તે પરાધીનતા છે, રાગ-દ્વેષ અને શુભાશુભભાવને પોતાના માનીને ત્યાં અટકવું અને પોતાના સ્વભાવને ભૂલવું તે પરાધીનતા છે. એવી પરાધીનતા રાખે ત્યાંસુધી સ્વપ્ને પણ સુખ થાય નહિ. વિકારીભાવથી અને શરીરાદિથી જુદો ચૈતન્યસ્વભાવ છે તેનું ભાન કરવું અને તેમાં લીન થવું તે સ્વાધીનતા છે. પરાધીનભાવથી બંધન થાય છે ને સ્વાધીનભાવથી મોક્ષ થાય છે. સ્વાધીનભાવ અને પરાધીનભાવની વહેંચણી કરતાં જ્યાંસુધી ન આવડે ત્યાંસુધી જીવને ધર્મની ગંધ પણ નથી. જ્યારે સ્વાધીનભાવને પ્રગટ કરશે ત્યારે જ પરાધીનતા ટળશે.

વસ્તુસ્વરૂપ સમજવા માટે પ્રથમ આત્મામાં પાત્રતા કેળવવી જોઈએ, સ્વભાવની રુચિ જાગવી જોઈએ અને વિભાવની રુચિ ખસી જવી જોઈએ; શરૂઆતમાં પ્રથમ બ્રહ્મચર્યનો રંગ જોઈએ;

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિકજ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.

પોતાનું હૃદય પાત્ર થાય તો શુદ્ધ પર્યાય પ્રગટે છે. પાત્રતા વિના વસ્તુ ટકી શકતી નથી, પાત્ર થવાથી જ સ્વભાવનું જ્ઞાન થાય છે. માટે શરૂઆતમાં પાત્ર થવા માટે બ્રહ્મચર્યનો રંગ જોઈએ.

આત્મા પરથી અસંગ તત્ત્વ છે, એની રુચિ વિના પાત્રતા પ્રગટતી નથી. વિષય એ સંયોગી ચીજ છે, સ્વાભાવિક ચીજ નથી. વિષયમાં-સંયોગમાં જે જીવ તીવ્ર પ્રીતિ વેદે છે તેને અસંયોગી આત્માની પ્રીતિ નથી. આત્મામાં શરીરાદિ નથી, પુણ્ય પાપની વૃત્તિનો અંશ પણ નથી, એવો આત્મા અસંયોગી છે; જે જીવ વિષયના સંયોગમાં તીવ્ર પ્રીતિ વેદે છે તેને અસંયોગી આત્મસ્વભાવ પ્રગટતો નથી. શરીર-મન વાણી આદિ એક પણ રજકણનો સંયોગ આત્માનો નથી, રજકણ તો આવે ને જાય, આત્મા તો કાયમ છે. પુણ્ય-પાપનો વિકાર પણ આત્મામાં નથી. આત્મા તો પરથી અસંગ સ્વભાવસુખનો સાગર છે.ચૈતન્યતત્ત્વનેને જડતત્ત્વમાંથી સુખ આવે છે તેવી માન્યતા અનંતસંસારનું કારણ છે. એક તત્ત્વને પર તત્ત્વમાંથી સુખ આવે છે તેમ માનવું તે પરાધીન દૃષ્ટિ છે. ચૈતન્યના સ્વભાવ સુખનો મહિમા આવ્યા વગર અને તેની પ્રતીત વગર બ્રહ્મચર્યનો સાચો રંગ પ્રગટે નહિ, સાચી પાત્રતા પ્રગટે નહિ. સ્ત્રી-કુટુંબ આદિ બધું છોડીને જંગલમાં ચાલ્યો જાય એમ કહેવાનો આશય નથી, પરંતુ પાત્ર જીવને વિષયમાંથી તીવ્ર આસક્તિ છૂટી જાય છે, પર તરફનો રસ મંદ પડી જાય છે ને ચૈતન્યના સ્વભાવરસનો મહિમા વધી જાય છે; તેનાં અનીતિનાં આચરણ છૂટી જાય છે, વિષયને તે ચૈતન્યની ગાળ સમજે છે, કલંક સમજે છે; પુરુષાર્થની મંદતાને લઈને એ સ્થિતિમાં ઊભો હોય છે પણ તેનું હૃદય તો સુખસાગર આત્માને ઝંખતું હોય છે.- આવો બ્રહ્મચર્યનો રંગ હૃદયથી આવે તો જ પાત્રતા પ્રગટે.

જેણે વિષયમાં સુખ માન્યું છે તે એમ સમજે છે કે મારામાં સુખ નથી; હું નિર્માલ્ય ચીજ છું તેથી સુખ માટે મારે પર ચીજના મેળાપની જરૂર પડે તે —એમ માનીને પરને-જડને આધીન થઈને, જાણે કે પરમાંથી સુખ આવે છે એવું કૃતકૃત્યપણું તે વેદે છે-આનું નામ વિષયની તીવ્ર આસક્તિ છે. આવા તીવ્ર આસક્તિવાળાના હૃદયમાં તત્ત્વજ્ઞાન પ્રવેશી શકતું નથી. અરે ભાઈ! જ્યાં પરાધીનતા છે, દુઃખ છે, આકુળતા છે ત્યાં તેં સુખ માન્યું-એ કેટલી ભ્રમણા છે ! અરે ભાઈ ! આત્મા પરમ પવિત્ર અનંત સુખનો દરિયો, તેને ભૂલીને તેં પર તત્ત્વમાં સુખ કયાં માન્યું ! એક તત્ત્વને પરતત્ત્વમાંથી સુખ આવે તેવી માન્યતા તે પરાધીનદષ્ટિ

છે. જડમાંથી સુખ આવતું નથી પણ તેં રાગથી માત્ર કલ્પ્યું છે. સુખની અસ્તિ ક્યાંક ઊભી તો રાખવી પડશે! તું તારા સ્વભાવસુખને ભૂલ્યો તેથી તેં વિકારભાવમાં, જડ પદાર્થમાં સુખ કલ્પીને ત્યાં સુખની વિકાર અવસ્થાની અસ્તિને ઊભી રાખી છે. ભાઈ! અનંતરસથી ભરપૂર કૃતકૃત્ય સુખ ચૈતન્યમાં છે તેનો મહિમા કર! પરનો મહિમા છોડ!

બળદેવ-વાસુદેવ ચક્રવર્તીઓ ગૃહસ્થાશ્રમમાં હતા, બધું છોડીને ચાલ્યા ગયા ન હતા; તેમને રાજપાટ અને રાણીઓ બધું હતું પણ 'આ પર પદાર્થમાં સુખ છે' એવી સુખબુદ્ધિ નહોતી. મારું સુખ કોઈ પરપદાર્થમાં-સ્ત્રીમાં, રાજમાં કે ત્રણકાળ ત્રણલોકમાં નથી, હું સુખનો સાગર છું, મારામાં સુખ છે-એવી અંતરમાં તેમને પ્રતીત વર્તતી હતી. અલ્પ અસ્થિરતાની વૃત્તિ આવતી હતી પણ પરમાં સુખબુદ્ધિ ત્રણકાળ ત્રણલોકમાં થતી ન હતી. તે સમજતા હતા કે મારું સુખ મારા ચૈતન્યદ્રવ્યમાં છે, મારા ચૈતન્યઆનંદનો મહિમા અપાર છે, વાણીથી અકથ્ય છે. પુરુષાર્થની નબળાઈને લઈને વિષયોમાં જોડાણ થતું પણ તેને તે ઝેર સમજતા હતા. ક્ષણે પળે ચૈતન્યસ્વભાવનું ભાન વર્તતું હતું, ક્ષણે ક્ષણે વીતરાગતાની ભાવના વર્તતી હતી. આ ક્ષણે પુરુષાર્થ ઉપાડીને વીતરાગ થવાતું હોય તો બધું એક ક્ષણમાં છૂટી જાય એમ હતું-એટલી નિર્લેપ દશા વર્તતી હતી. પરથી છૂટા ચૈતન્યગોળાના સ્વરૂપ-આચરણમાં અંશે રમી રહ્યા હતા, પરંતુ પૂર્ણ રમણતા પ્રગટી ન હતી. પુરુષાર્થની નબળાઈને લીધે ગૃહસ્થાશ્રમમાં ઊભા હતા પરંતુ નિર્લેપ હતા; અલ્પ અસ્થિરતા હતી.

જેણે વિષય એટલે સંયોગમાં સુખ માન્યું છે તેને સંયોગબુદ્ધિ છે, જડની તીવ્ર પ્રીતિ છે; તેથી તેને પરપદાર્થ છૂટીને અસંયોગી મુક્તદશા પ્રગટ થતી નથી કારણ કે પરને તે રાખવા ઇચ્છે છે. અરે ભાઈ! પર સંયોગથી રહિત અસંયોગી આત્માનો ચૈતન્યઆનંદ વાણીથી અકથ્ય છે, મનથી પાર છે, એવા ચૈતન્યસ્વભાવના મહિમા વગર સંસારદશા કદી ટળવાની નથી. જેણે જડમાં સુખ કલ્પ્યું છે તે ચિદ્‌આનંદની રમણતાને ભૂલ્યો છે. તે પરમાં તીવ્ર આસક્તિવાળા જીવો આત્મજ્ઞાન પામવાના પાત્ર નથી. જેને ચિદ્‌આનંદની રમણતા રુચે છે ને જડની રમણતા રુચતી નથી તે જ આત્મજ્ઞાન પામવાના પાત્ર છે. જેને જડની રમણતા રુચતી નથી તેના જ હૃદયમાં બ્રહ્મચર્યનો સાચો રંગ હોય છે.

શ્રીમદ્ કહે છે કે "પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય મતિમાન." ત્યાં 'મતિ-માન'નો એવો અર્થ છે કે મતિવંત-બુદ્ધિવંત; જિજ્ઞાસુ જીવ જ્ઞાનીના ઉપદેશથી સમજે છે કે બ્રહ્મચર્યનો રંગ તે શુભભાવ છે, શુભભાવ તે ચૈતન્યનું સ્વરૂપ નથી;

બ્રહ્મચર્યનો શુભભાવ હોય છે પણ તે શુભ વિકલ્પ આત્માનું સ્વરૂપ નથી. 'બ્રહ્મ' એટલે આત્મા, તેમાં 'ચર્યા' એટલે કે રમણતા; આત્મામાં રમવું તે ખરું બ્રહ્મચર્ય છે. વિષયનો અશુભભાવ અને બ્રહ્મચર્યનો શુભભાવ, તે બન્ને-શુભાશુભભાવથી છૂટીને સ્વભાવમાં રમવું તે ખરું બ્રહ્મચર્ય છે, આવું બુદ્ધિવંતને લક્ષ હોય છે. આવા લક્ષપૂર્વક બ્રહ્મચર્યનો રંગ તે સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમવાની પ્રથમ પાત્રતા છે.

અજ્ઞાનીએ પરથી જુદા ચૈતન્યસ્વભાવના મહિમા વગર ઘણા બ્રહ્મચર્ય પાળ્યા પણ તેથી ભવનો અંત ન થયો. આત્મા પુણ્ય-પાપના પરિણામથી જુદો, અસંયોગી તત્ત્વ છે, પુણ્ય-પાપનો સંયોગ આત્માને નથી. એવા આત્માના અસંયોગી સ્વભાવની જેને શ્રદ્ધા નથી તેને વિષયમાંથી-પરસંયોગમાંથી પ્રીતિ વાસ્તવિકપણે છૂટતી નથી. પુણ્ય પરિણામના સંયોગની પ્રીતિ જેને છૂટતી નથી તેને કોઈ પણ પરપદાર્થના સંયોગની પ્રીતિ ખરેખર છૂટતી નથી તેથી મુક્તદશા થતી નથી ને સંસારનું બંધન થયા જ કરે છે. જેને આત્મા પુણ્ય-પાપના સંયોગથી જુદો અચિંત્યસ્વભાવી છે એવી રુચિ થઈ છે તેને બ્રહ્મચર્યનો સાચો રંગ પ્રગટે છે ને પ્રથમ પાત્રતા પ્રગટે છે.

"જે નવવાડ વિશુદ્ધથી ધરે શિયળ સુખદાઈ,
ભવ તેનો લવ પછી રહે તત્ત્વ વચન એ ભાઈ."

—આમાં શ્રીમદે એક 'વિશુદ્ધથી' શબ્દ લીધો છે; તેનો અર્થ એવો છે શરીરાદિથી અને વિકારથી જુદા એવા એવા આત્મતત્ત્વના ભાનપૂર્વક જે બ્રહ્મચર્ય પાળે છે તેને પછી ભવ લવ રહે છે એટલે કે ભવ રહેતા જ નથી, માત્ર એકાદ ભવ રહે છે. જેને તત્ત્વદૃષ્ટિવડે સ્વરૂપ લીનતા વધીને બ્રહ્મચર્યની વિશુદ્ધતા પ્રગટી છે તેને બ્રહ્મચર્યની રક્ષા માટે નવવાડનો શુભભાવ આવ્યા વગર રહેતો નથી; જેને બ્રહ્મચર્યની વિશુદ્ધતા પ્રગટી છે તેને નવવાડ હોય જ છે. એવો અંદરના ભાવને અને બહારના નિમિત્તોને સંબંધ છે,

જેને બ્રહ્મચર્યની રુચિ છે તેને નવવાડ પાળવાની રુચિ હોય જ છે. કેટલાક કહે છે કે 'અમારા ભાવ દૃઢ છે પછી ગમે તેવા નિમિત્તોમાં રહીએ તો અમારે શું વાંધો છે?' અરે ભાઈ! જો તારા ભાવ દૃઢ છે-તને બ્રહ્મચર્યની પ્રીતિ છે તો પછી સ્ત્રીના સંગમાં રહેવાની તને અંતરમાં રુચિ કેમ આવે છે? જેને સાચી બ્રહ્મચર્યની પ્રીતિ જાગે તેને સ્ત્રીના સંગમાં રહેવાની અંતરમાં રુચિ જ ન આવે; કુદરતે સ્ત્રીનો આવી પડે તો પોતે ત્યાં દૃઢ રહો પણ પોતે પોતાની મેળે સ્ત્રીનો સંગ લેવા ન જાય, કારણ કે તેને અંતરમાં સ્ત્રીના સંગમાં રહેવાની રુચિ જ ઊડી ગઈ છે. જેના અંતરમાં બ્રહ્મચર્યની પ્રીતિ જાગે તેના અંતરમાં સ્ત્રીના સંગ રુચે જ નહિ. બ્રહ્મ-

ચારીના હૃદયમાં નવવાડની રુચિ હોય જ છે; વિષયના નિમિત્તો બ્રહ્મચારીને રુચતા નથી પણ બ્રહ્મચર્યની રક્ષાના નિમિત્તો જ રુચે છે- એવું વસ્તુનું સ્વરૂપ છે. આત્મસ્વભાવની રુચિ અને નવવાડની પ્રીતિ સહિત બ્રહ્મચર્યનો રંગ તે પ્રથમ પાત્રતાનું લક્ષણ છે.

પ્રથમ પાત્રતા માટે બ્રહ્મચર્યનો રંગ જોઈએ, તેમજ કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રની શ્રદ્ધા છૂટવી જોઈએ. જે જીવો અંબાજી, શિકોતર અને ભવાની આદિ દેવ-દેવલાને માને છે તેને તો ગૃહીત મિથ્યાત્વ પણ છૂટયું નથી, તે તો ધર્મ પામવાને લાયક પણ નથી.

કેટલાક તો છાનામાના અહીં અમારી પાસે પણ આવે અને કહે કે 'મહારાજ, પૈસાનું કાંઈ બતાવો છો?' અરે ભાઈ! તું દુકાન ભૂલ્યો, આ દુકાન તે નથી; અહીં તો પૈસાના ભાવ ઉપર કોરડા પડે છે, આ તો આત્માની દુકાન છે. જેણે આત્મા પાસેથી ધર્મ માગવાને બદલે પૈસાની માગણી કરી તે સંસારનો તીવ્ર લોલુપી છે; એવા ધર્મની રુચિ વગરના જીવો ધર્મ પામવાને લાયક નથી.

સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ જેને પરિપૂર્ણ દશા પ્રગટ થઈ છે તે દેવ છે; જેને નગ્ન-દિગંબર દશા છે ને અંતરમાં ઉત્કૃષ્ટ સાધકદશા વર્તે છે તે નિર્ગ્રંથ ગુરુ છે; પરનો એક પણ અંશ મારામાં નથી, એક પણ રાગનો કણિયો મારામાં નથી, હું સ્વાધીન તત્ત્વ છું-એમ પરાશ્રયભાવ તૂટીને સ્વાશ્રયભાવ પ્રગટે તે ધર્મ છે.

જે દેવ-દેવલાને માને છે તે ગૃહીત મિથ્યાત્વી છે. પ્રથમ બ્રહ્મચર્યનો રંગ જોઈએ અને કુદેવ-કુગુરુની શ્રદ્ધાનો ત્યાગ કરીને, સુદેવ-સુગુરુની પ્રીતિ થવી જોઈએ, તો તે જીવ ધર્મ પામવાનો લાયક છે. પછી તે સુગુરુના ઉપદેશથી સમજે કે દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભરાગ વીતરાગ ન થાય ત્યાં સુધી હોય છે આત્માનો સ્વભાવ નથી. આત્માનો ચિદાનંદસ્વભાવ શુભાશુભ પરિણામથી જુદો છે-એમ પ્રતીત કરીને આત્માનો સાક્ષાત્કાર કરે, આત્માનો અનુભવ કરે એટલે સમ્યગ્દર્શન થાય, ચોથી ભુમિકા થાય ચોથી ભૂમિકા પ્રગટ થાય એટલે પરનો સાક્ષી થઈ જાય છે; કોઈ કોઈ-વાર આત્માનો અનુભવ કરે છે, અને જ્યારે બહાર આવે છે ત્યારે પણ પોતાના જ્ઞાયકસ્વભાવમાં પરિણમતો પરનો જ્ઞાતા રહે છે; અધૂરાશ છે તેથી અલ્પ અસ્થિરતા થાય છે તેને જાણે છે. આત્માને સમજે-આત્માનો અનુભવ કરે એટલે બધા ત્યાગી થઈને જંગલમાં ચાલ્યા જાય એવું નથી; આત્મભાન પછી પણ અલ્પરાગ રહે છે તેથી ગૃહસ્થાશ્રમમાં રહે છે. શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એ ત્રણે તીર્થંકર ભગવંતો ચક્રવર્તી હતા, ગૃહસ્થાશ્રમમાં હતા, છ છ ખંડના રાજ જેને ઘેર હતાં, ૯૬-૯૬ હજાર તો જેને સ્ત્રીઓ હતી, છતાં અંતરથી ઉદાસ હતા; તેમની અંતરદશાની

શી વાત! અજ્ઞાની કરતાં એમનાં કાળજા જુદાં હતાં, અજ્ઞાની કરતાં એમના હૃદયમાં આંતરા હતા, એમના અંતરપલટા જુદા હતા. અજ્ઞાની એને કયે કાળજે માપશે?

ધાવ માતા છોકરાને નવરાવે, ધવરાવે અને રમાડે–તેમ જ એની સગી મા પણ નવરાવે ધોવરાવે અને રમાડે; ત્યાં બન્નેની ક્રિયા એકસરખી દેખાય છતાં ભાવમાં ઘણા આંતરા હોય છે. તેવી રીતે અજ્ઞાની અને જ્ઞાનીની ક્રિયા બહારથી એકસરખી દેખાય પણ ભાવમાં ઘણા આંતરા હોય છે,–"પકડ પકડ મેં ફેર હૈ." મીંદડી જે મોઢેથી પોતાના બચ્ચાને પકડે છે તે મોઢેથી ઉંદરને પકડે છે, પકડવાની ક્રિયા બહારથી એક સરખી દેખાય પણ પકડ પકડમેં ફેર હૈ; બન્ને પકડે છે પણ ભાવમાં ઘણો આંતરો છે. એકને મારવા માટે પકડે છે ને એકને બચાવવા માટે પકડે છે. એ રીતે જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં એનું અંતર-હૃદય જુદું જ હોય છે. તે સમજે છે કે હું પરમાનંદમૂર્તિ છું, એક રાગનો કણિયો પણ મારો નથી; નબળાઇને લઈને આ અસ્થિરતામાં જોડાઉં છું. તે મારા આનંદની લૂંટ છે, મને કલંક છે; આ ક્ષણે વીતરાગ થવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી–આવું જ્ઞાનીનું હૃદય છે. આતો જ્ઞાનીના હૃદયની થોડી વ્યાખ્યા થઈ, બાકી જ્ઞાનીનું હૃદય કેવું નિર્લેપ છે તે સાધારણ કેમ જાણી શકે? એ તો જે જાણે તે જાણે.

સામા જીવને ઓળખનાર ત્રણ કોટીના જીવો હોય છે—એક તો વેષ જોઈને કહે કે ભારે ત્યાગી છે! બીજો બહારથી ક્રિયા દેખીને કહે છે કે ભારે ચારિત્ર પાળનાર છે! ત્રીજા નંબરનો પરીક્ષક અંદરનું તેનું તત્ત્વજ્ઞાન કેવું છે તે જુવે છે, તત્ત્વજ્ઞાનથી એની અંતરદશા ઓળખી લે છે, એને કઈ વાતનું વજન છે, કઈ વાતને તે ગૌણ કરે છે, કેટલી ઊંડપથી વાત કરે છે વગેરે ઉપરથી એનું તત્ત્વજ્ઞાન ઓળખીને અંતરદશા પરખી લે છે. જેને અંતરમાં તત્ત્વદૃષ્ટિ પ્રગટી તેનો આંતરો પડયા વગર રહે નહિ, સાચો પરીક્ષક હોય તે એને પરખી લે છે.

સમ્યગ્દૃષ્ટિને આ ક્ષણે પુરુષાર્થ ઊપડે તો વીતરાગ થઈ જાઉં એવી ભાવના હોય છે. પછી જ્યારે ક્રમે કરી પુરુષાર્થ ઊપડેછે ત્યારે સ્વરૂપમાં લીન થઈ ચારિત્રદશા પ્રગટ કરી મુનિ થઈ વીતરાગદશાને પ્રગટ કરે છે. પ્રથમ પાત્રતા પ્રગટ કરીને સ્વભાવદશા પ્રગટ કરવી તે જ હિતરૂપ છે.

(વિ. સં. ૨૦૦૦, માગસર વદ ૦))) સોમવાર.

આત્મા જ્ઞાનાદિગુણસ્વરૂપ વસ્તુ છે. શરીરને નભાવવા માટે કોઈ પણ પદાર્થો પ્રત્યે રુચિ રહેવી એટલે કે આ પર પદાર્થ મને નભાવી દેશે તેવી રુચિનો ભાવ રહેવો તે બંધનભાવ છે. ચોથી ભૂમિકાએ આ રુચિનો ભાવ છૂટી જાય છે, પરંતુ અલ્પ

રાગાદિનો ભાવ ચોથી ભૂમિકાએ હોય છે. આગળની ભૂમિકાએ જતાં રાગ ભાવ કેટલો છૂટતો જાય છે એનો આ અધિકાર ચાલે છે.

આત્મા જડ પદાર્થનો કર્તા નથી ને પુણ્ય-પાપના ભાવનો પણ કર્તા નથી એવો પ્રથમ નિર્ણય થાય પછી આવી ઊંચી છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકા પ્રગટે છે. હું આત્મા જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ છું, જેટલી ઊણપ અને ઓછપ દેખાય છે તે પરાધીન-ભાવ છે-એમ ધર્મી જાણે છે.

ગુણ તો પરિપૂર્ણ છે પણ પર્યાય ઓછી છે. જુઓ, કાલની વાત જાણવી હોય તો જાણી શકે છે ?-ના; તો જેનો સ્વભાવ 'જાણવું' હોય તેમાં કાલનું ન જણાય તે કેમ બને ? જેનો સ્વભાવ 'જાણવું' હોય તેમાં 'ન જાણવું' ન આવે: પણ જ્ઞાન સ્વભાવની પૂરું જાણવાની શક્તિ વિકારને લઈને ઓછી દેખાય છે. રાગ-દ્વેષરૂપ વિકાર જ્ઞાનની પૂર્ણ અવસ્થાને રોકે છે. જ્ઞાનનો પોતાનો સ્વભાવ ઓછો નથી. સ્વભાવ હોય તે ઓછો કેમ હોય ? જેનો જે સ્વભાવ તે પરિપૂર્ણ હોય તો જ સ્વભાવ કહેવાય.

પરિપૂર્ણ જ્ઞાનને અટકાવનાર રાગ-દ્વેષ તે હું નહિ પણ રાગ-દ્વેષ રહિત પરિપૂર્ણ વીતરાગી જ્ઞાનની અવસ્થા પ્રગટ કરનાર તે હું; ઊણી અવસ્થા કે વિકારી અવસ્થાનો ઉત્પાદક હું નહિ પણ પૂરી અવસ્થાને નિર્મળ અવસ્થાનો ઉત્પાદક હું છું; મારા સ્વભાવમાં હદ નથી, ઊણપ નથી કે વિકાર નથી; હું જ્ઞાનગુણે પરિપૂર્ણ અને જ્ઞાનની અવસ્થાએ પણ પરિપૂર્ણ છું.—આમ આત્માનો સ્વભાવ માન્યો તેણે આત્મા માન્યો છે, તેની દૃષ્ટિ વિકાર ઉપર નથી પણ સ્વભાવ ઉપર છે. આવી દૃષ્ટિ પ્રગટે તે સમ્યક્ દૃષ્ટિ છે ને ત્યાં જ પ્રથમ ધર્મ થાય છે. પ્રથમ આવો ચોથી ભૂમિકાનો ધર્મ પ્રગટે ત્યાર પછી શ્રાવકનાં વ્રત આવે અને પછી મુનિપણું આવે.

જેમ જ્ઞાનગુણે પરિપૂર્ણ છું તેમ દર્શનગુણથી પણ પરિપૂર્ણ છું. આ અવલોકન-રૂપ દર્શનની વાત છે; દર્શન એટલે દેખવાનો ગુણ પણ પરિપૂર્ણ છે, તેમાં ઊણપ કે વિકાર છે નહિ. દર્શનગુણને પરિપૂર્ણ સ્વીકાર્યો તેણે આત્માને સ્વીકાર્યો.

આત્મામાં શ્રદ્ધા નામનો ગુણ છે તે પણ પરિપૂર્ણ છે. સમ્યગ્દર્શનરૂપ શ્રદ્ધા-ગુણની સમ્યક્પર્યાય પ્રગટી તેનો વિષય પણ પરિપૂર્ણ છે, ને શ્રદ્ધાગુણ પણ પરિપૂર્ણ છે; સમ્યક્શ્રદ્ધા પ્રગટી તેનો વિષય આખો આત્મા છે, શ્રદ્ધા આખા આત્માને વિષય કરે છે. જ્ઞાનપર્યાય અધુરાને અને પૂરાને બધાને જાણે, હેય-ઉપાદેયને પણ જ્ઞાન જાણે, અને સમ્યક્દર્શન-પર્યાય અખંડ આત્માને વિષય કરે છે. જેણે શ્રદ્ધાગુણને પરિપૂર્ણ સ્વીકાર્યો તેણે આત્માને સ્વીકાર્યો છે.

આત્માનો ચરિત્રગુણ પણ પરિપૂર્ણ છે. ચારિત્ર એટલે સ્વરૂપની સ્થિરતા. સમ્યક્દર્શન થયા પછી રાગ-દ્વેષ ટળીને સ્થિર થાય છે ને? તે ચારિત્ર ગુણની પર્યાય છે. સમ્યક્દર્શન થયા પછી પાંચમે છઠ્ઠે ગુણસ્થાને સ્વરૂપની સ્થિરતા અંશે અંશે વધતી જાય છે, એમ વધતાં વધતાં બારમે ગુણસ્થાને પૂર્ણ સ્થિરતા થઈ જાય છે ત્યાં યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે. ચારિત્રગુણ પણ પૂરો છે અને તેની પર્યાય બારમે ગુણસ્થાને પૂરી પ્રગટે છે. ચારિત્રગુણને જેણે પૂર્ણ સ્વીકાર્યો તેણે આત્માને સ્વીકાર્યો છે.

આત્મામાં આનંદગુણ પણ પરિપૂર્ણ છે. પર પદાર્થમાં સુખદુઃખની કલ્પના થાય છે તે આનંદગુણની વિકારી અવસ્થા છે. સમ્યક્દર્શન પ્રગટ થાય છે ત્યારે આનંદગુણની સ્વભાવપર્યાય પ્રગટે છે, અને અંશે અંશે સ્વભાવપર્યાય વધતાં વધતાં કેવળજ્ઞાન થાય ત્યારે આનંદગુણની સ્વભાવપર્યાય પૂર્ણ પ્રગટ થાય છે. આનંદગુણને પરિપૂર્ણ સ્વીકાર્યો તેણે આત્માને સ્વીકાર્યો છે.

આત્મામાં વીર્યગુણ પણ પરિપૂર્ણ છે. વીર્ય એટલે બળ; જે આત્મબળ વડે સમ્યક્દર્શન પ્રગટ કરીને અનુક્રમે કેવળજ્ઞાન પ્રગટ કરે છે તે આત્મબળ પરિપૂર્ણ છે. બળમાં વિકારીપણું કે અધૂરાપણું દેખાય છે તેને જ્ઞાની સમજે છે કે આ મારું સ્વરૂપ નથી; વિકારીપર્યાય ને અધૂરી પર્યાય થાય છે આત્માની પર્યાયમાં, પરંતુ તે પર નિમિત્તના લક્ષે થતી પર્યાયને જ્ઞાની પોતાનું સ્વરૂપ માનતા નથી, તે વિકારી ને ઊણી પર્યાયથી પોતાનું સ્વરૂપ જુદું પાડે છે. પરિપૂર્ણ સ્વરૂપની શ્રદ્ધા થાય એટલે વિકારી ને ઊણી પર્યાયથી જુદા પાડવાની અંતર્ક્રિયા પ્રગટે છે. એક રજકણ તે હું નહિ, એક રાગનો કણિયો તે હું નહિ, ઊણી પર્યાય જેટલો હું નહિ પરંતુ પરિપૂર્ણ ગુણોથી હું પરિપૂર્ણ છું-એવી માન્યતાની ભૂમિકા વગર શ્રાવકનાં વ્રત અને મુનિનાં મહાવ્રત સાચાં હોઈ શકે નહિ, ને ત્યાંસુધી ધર્મની ગંધ પણ હોઈ શકે નહિ.

હું આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આનંદ આદિ પરિપૂર્ણ સ્વભાવનો એક ક્ષણમાં લાભ લઈ શકું તે લાભ. મારા સ્વભાવની પરિપૂર્ણતા એક ક્ષણમાં હું મને આપી શકું, દઈ શકું તે દાન; આત્મા પોતાના વીતરાગી સ્વભાવને એક ક્ષણમાં લઈ શકે અને વીતરાગી સ્વભાવ પોતાને દે તે દાન; શુભાશુભભાવ વગરનો વીતરાગી સ્વભાવ એક ક્ષણમાં હું પ્રગટ કરી શકું છું, તે સ્વભાવને જીરવી શકું છું, તે સ્વભાવનો લાભ લઈ શકું છું, સ્વભાવ હું મને પોતાને દઈ શકું છું.

અત્યારે તો કેટલાકને એવું થઈ પડયું છે કે થોડી તૃષ્ણા ઘટાડી અને થોડો દાનનો ભાવ કર્યો ત્યાં માની બેસે કે મેં ઘણું કર્યું. અરે ભાઈ! સંપૂર્ણ તૃષ્ણા વગરનો તું છો, એમાં તેં આટલી તૃષ્ણા ઘટાડી તેમાં ઝાઝું કર્યું શું? એ તો તારો

અલ્પ શુભભાવ છે. તે શુભભાવને વીતરાગી ખાતામાં ખતવાશે નહિ. અલ્પ શુભભાવ કરે ત્યાં મેં ઘણું કર્યું એમ માને તેણે પરિપૂર્ણ આત્માને સ્વીકાર્યો નથી. એક ક્ષણમાં રાગરહિત વીતરાગ સ્વભાવનું પૂરું દાન દે એવો આત્માનો પરિપૂર્ણ સ્વભાવ છે; પણ પ્રથમ તીવ્ર મમતા ઘટાડયા વગર આવા સ્વભાવના દાનનો ભાવ આવશે કયાંથી?

સંસારના ભોગોમાં અટકીને, પોતાના આનંદનો ભોગવટો ચૂકીને પરમાં સુખ અને આનંદ માન્યો તે ભોક્તાગુણની વિકારી પર્યાય છે અને એક ક્ષણમાં પુણ્ય-પાપ, રાગ-દ્વેષ વગર મારા સ્વભાવનો અનુભવ તે મારો ભોગવટો છે. કોઈ જડને ભોગવતું નથી, પરને ભોગવતું નથી, પરંતુ કોઈ અપેક્ષાએ પર પ્રત્યેના રાગને ભોગવે છે–વિકારને ભોગવે છે– કલ્પનાને ભોગવે છે. એક ક્ષણમાં મારી સ્વભાવપર્યાયનો ભોગવટો હું લઈ શકું છું–એવી પ્રતીત જેને નથી તેણે પરિપૂર્ણ આત્માને સ્વીકાર્યો નથી. પરિપૂર્ણ આત્માને સ્વીકાર્યા વગર પરિપૂર્ણ વીતરાગી સ્વભાવ પ્રગટ કરવાનો પ્રયાસ ઊગશે કયાંથી?

દાન, લાભ, ભોગ, ઉપયોગ ને વીર્યનું સ્વરૂપ નીચે મુજબ છે. પોતાના સ્વભાવનું પોતાને દાન દેવું તે દાન; પોતાના સ્વભાવનો પોતે લાભ લેવો તે લાભ; પોતાની સ્વાભાવિક વીતરાગી પર્યાયનો એકવાર ભોગવટો તે ભોગ; તથા પોતાની વીતરાગી પર્યાયનો વારંવાર ભોગવટો એટલે કે વારંવાર વીતરાગી સ્વભાવનો અનુભવ તે ઉપભોગ; અને વીર્ય એટલે બળ, વીતરાગી નિર્મળ પર્યાય પ્રગટ કરવાનું બળ તે વીર્ય; આ બધી વ્યાખ્યા આગળ આવી ગઈ છે. એક ક્ષણમાં મારો આત્મસ્વભાવ સ્વરૂપના દાનથી ને લાભથી પરિપૂર્ણ છે, ભોગવટો એટલે અનુભવથી પરિપૂર્ણ છે; દાન–લાભની શુભવૃત્તિથી રહિત હું સ્વભાવથી પરિપૂર્ણ છું–તેવું અંતરમાં ભાન થયા પછી ધર્માત્મા એક વિકલ્પ કે રાગની વૃત્તિના કર્તા–ભોક્તા નથી, અરે! સાધકદશામાં જે ઊણી અવસ્થા થાય તેના પણ કર્તા-ભોક્તા નથી. સ્વરૂપનું દાન, સ્વરૂપનો લાભ, અને સ્વરૂપનો અનુભવ જેણે પરિપૂર્ણ સ્વીકાર્યો તેણે આત્માને પરિપૂર્ણ સ્વીકાર્યો છે.

સમ્યક્દર્શન પ્રગટ થતાં આત્માનો અનુભવ થાય છે. જેવો સિદ્ધ ભગવાનને અનુભવ હોય છે તેવો ચોથે ગુણસ્થાને સમકિતી જીવને અનુભવ હોય છે; સિદ્ધને પૂર્ણ અનુભવ હોય છે ને સમકિતીને અંશે અનુભવ હોય છે પણ જાત તો તે જ. સમકિતી આનંદસાગરના અમૃતનો અપૂર્વ સ્વાદ લઈ રહ્યો છે, આનંદના ઝરણામાં મોજ માણી રહ્યો છે. તેવો અનુભવ પ્રગટ થયા પછી સ્થિરતામાં આગળ વધતાં એટલે કે સ્થિરતા વધારે જામતાં પાંચમું ગુણસ્થાન પ્રગટે છે ને ત્યારપછી સ્થિરતા ઘણી જામતાં મુનિદશામાં પ્રથમ સાતમું અને પછી છઠ્ઠું ગુણસ્થાન પ્રગટે છે. અહીં અધિકાર પણ મુનિનો ચાલે છે. નિર્ગ્રંથ મુનિ થયા પછી અસ્થિરતાનો ભાગ ઘણો ઘટી જાય છે. જેવા માતાએ

જન્મ્યા હોય તેવા નિર્ગ્રંથ નગ્ન મુનિ હોય છે, મુનિને શરીર ઉપરથી રાગની વૃત્તિ ઘણી જ ઊડી ગઈ હોય છે. મુનિપણામાં એવી દેહાતીત દશા પ્રગટી હોય છે કે 'શરીર છે કે નહિ' તેનો પણ ખ્યાલ સ્થિરતા થતાં રહેતો નથી, અંતરદશાપૂર્વક શરીર સિવાય કોઈ પણ જાતનો પરિગ્રહ તેમને હોતો નથી.–આવો ત્રણેકાળે સનાતન મુનિપણાનો શાશ્વત માર્ગ છે.

મુનિદશા પ્રગટ્યા પછી વસ્ત્ર ને પાત્ર હોતાં નથી, ત્રણ કષાયનો અભાવ થયો હોય છે. મુનિને સંયમના હેતુથી શરીર માટે એક આહાર લેવાની વૃત્તિ રહે છે; આયુષ્ય છે અને કેવળજ્ઞાન પ્રગટ થયું નથી તેથી સ્વરૂપની રમણતાના હેતુથી ભાન-પૂર્વક-સ્થિરતાપૂર્વક એક આહારની વૃત્તિ રહે છે.

આત્માના ભાનપૂર્વક મુનિદશામાં ક્ષણે ક્ષણે છઠ્ઠે ને સાતમે ગુણસ્થાને ઝૂલ્યા કરે છે, છઠ્ઠી-સાતમી ભૂમિકા હજારો વાર આવ્યા કરે છે; મુનિને ક્ષણમાં ઉપદેશની વૃત્તિ આવે ને વળી ક્ષણમાં ચૈતન્યગોળો તે વૃત્તિથી છૂટો પડી જાય. આત્મા જ્ઞાનાદિ પરિપૂર્ણ સ્વભાવવાળો છે તેમ શ્રદ્ધામાં ને જ્ઞાનમાં આવ્યું છે પરંતુ પરિપૂર્ણ સ્થિરતાની અવસ્થા પ્રગટી નથી તેથી આહાર લેવાનો વિકલ્પ ઊઠે છે. જ્યાં આહાર માટે જાય ત્યાં મૌનપણે આહાર લે છે, બોલે નહિ. એક મોરપીંછી અને કમંડળ હાથમાં હોય, તે સિવાય બીજો કાંઈ પણ પરિગ્રહ મુનિ પાસે હોય નહિ; તેવી સ્થિતિમાં આત્મભાનની રમણતાની ધૂનમાં અતીંદ્રિય આનંદનો ભોગવટો લેતા, સહજાનંદનો અનુભવ લેતા, જેવી સિદ્ધ ભગવાનની દશા છે તેવી દશાનો અનુભાવ કરતા મુનિ ચાલ્યા આવતા હોય ત્યાં ધર્માત્મા ગૃહસ્થ-શ્રાવક હોય તે મુનિને આમંત્રણ આપે કે 'તિષ્ઠ! તિષ્ઠ! તિષ્ઠ!' એટલે 'પધારો! પધારો! પધારો!' આહારશુદ્ધિ, જળશુદ્ધિ, મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ–એમ ભક્તિ ભાવથી ગૃહસ્થ આમંત્રણ આપે એટલે મુનિ ત્યાં આહાર માટે પ્રવેશ કરે; પછી શ્રાવક મુનિને ત્રણ પ્રદક્ષિણા દે, ઊંચે આસને ઊભા રાખે, પ્રાસુક જળથી પાદ પ્રક્ષાલન કરે એટલે કે પગ ધૂએ, અષ્ટ પ્રકારી પૂજા કરે અને વંદન-સ્તવન કરે, પછી આહાર આપે. આ પ્રમાણે નવધાભક્તિથી આહાર દેવાની વિધિ છે. આ વિધિ ત્રણેકાળે શાશ્વત છે, મહાવિદેહક્ષેત્રમાં પણ અત્યારે આ વિધિથી મુનિઓને આહાર-જળ અપાય છે, મહાવિદેહમાં પણ ત્રણેકાળે શાશ્વત આ જ વિધિ ચાલે છે.

હવે મુનિ આહાર માટે ઊભા છે અને ગૃહસ્થને ત્યાં કરેલો આહાર તદ્દન નિર્દોષ છે છતાં મુનિને જો શંકા પડે કે 'આ આહાર મારે માટે હશે?'–બસ એટલી શંકા પડે ત્યાં તુરત જ આહારની વૃત્તિને છોડી દે છે, તેથી આહાર પણ છૂટી જાય છે,

ત્યાંથી આહાર લીધા વગર જ પાછા વળી જાય છે. શંકા પડયા પછી આહારની વૃત્તિને છોડી દે છે તે શુભભાવ છે, મુનિની ભૂમિકામાં આ શુભભાવને અને છઠ્ઠી ભૂમિકાને સંબંધ છે; શંકા પડી છતાં આહાર લેવાની વૃત્તિ રહે તો તે અશુભ ભાવ છે, તે અશુભભાવ સાથે છઠ્ઠી ભૂમિકાને સંબંધ નથી. મુનિને સંયમના હેતુથી આહારની વૃત્તિ આવે તેમાં પણ નિર્દોષ આહરનો શુભભાવ હોય છે, તેમાં જો સદોષ આહારની શંકા પડે તો ભાવને છોડી દે છે. મુનિ આહારપાણી કે ઔસડ માગે તો નહિ પરંતુ નિર્દોષ આહાર-પાણી-ઔસડ શ્રાવક ભક્તિભાવથી દેતા હોય તેમાં પણ જો સદોષતાની શંકા પડી જાય તો આહાર-પાણી લીધા વગર નિજાનંદમાં ઝુલતા તે મુનિવર ચાલ્યા જ જાય છે. છઠ્ઠી ભૂમિકા સાથે આવા શુભ ભાવને સંબંધ હોય છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અહીં આચાર્યદેવને બતાવવો છે.

અધઃકર્મ અને ઉદ્દેશિક આહારના દૃષ્ટાંતથી દ્રવ્ય અને ભાવનું નિમિત્ત નૈમિત્તિ-કપણુ આ ગાથામાં આચાર્યદેવે દૃઢ કર્યું છે. જે સામાન્યપણે મુનિઓને માટે કરેલ આહાર હોય તે અધઃકર્મી આહાર છે અને અમુક ચીજ વસ્તુ અમુક જ મુનિને માટે ખાસ કરેલ હોય તે ઉદ્દેશિક આહાર કહેવાય છે. આવા આહારના ભાવને જેણે પચખ્યો નથી તેણે આહારને પણ પચખ્યો નથી, તત્ત્વજ્ઞાનપૂર્વક જેણે આહારને પચખ્યો છે એટલે કે સદોષ આહર પ્રત્યેની વૃત્તિને છોડી દીધી છે તેણે આહારને પણ છોડયો છે, આવો સનાતન શાશ્વત નિયમ છે.

તત્ત્વજ્ઞાન સહિત મુનિપણું તે સાચું મુનિપણું છે; તત્ત્વજ્ઞાન વિના સાચી ભક્તિ હોતી નથી, સાચાં વ્રત હોતાં નથી, સાચો ધર્મ હોતો નથી. પરથી નિરાળા તત્ત્વના ભાનપૂર્વક તેમાં જેટલી લીનતા વધતી જાય છે તેટલો રાગ છૂટતો જાય છે અને તે પ્રમાણે નિમિત્તો પણ છટતા જાય છે. તત્વજ્ઞાન પ્રગટયા પછી રાગ ટાળવાનો પુરુષાર્થ પૂર્ણતાને લક્ષે ઊપડે છે. જેટલો રાગ રહે છે તેટલો પરપદાર્થ સાથે સંબંધ રહે છે અને જેટલો રાગ ટળે છે તેટલો પરપદાર્થ સાથેનો સંબંધ ટળે છે. અધઃકર્મી આહારનું તો આચાર્યદેવે એક દૃષ્ટાંત આપ્યું છે, તેના ઉપરથી જે ભૂમિકાએ જે રાગ હોય ને જે રાગ ન હોય, જે ભૂમિકાએ જે નિમિત્ત હોય અને જે નિમિત્ત ન હોય તે બધું સમજી લેવું.

સાચા તત્ત્વજ્ઞાન વગર નીવેડા આવે તેમ નથી. કેટલાક લોકો બારવ્રતની ચોપડી આદરે છે, 'ચોપડી' આદરે છે હો !–આત્મા નહિ; આત્મા રહી ગયો કયાંક ને ચોપડીથી થઈ ગયો ધર્મ ! ! વ્રતનું સ્વરૂપ આવું ન હોય. આ તો આત્માના ભાનપૂર્વકની વાત ચાલે છે. જીવો મૂઢતાને લઈને કાંઈ વિચારતા જ નથી, જડની

ક્રિયામાં ને શુભ પરિણામમાં ધર્મ માની બેસે છે. ભાઈ! આતો તત્ત્વજ્ઞાનપૂર્વક ચારિત્રની વાત છે. હું પરિપૂર્ણ આત્મા અખંડ છું તેવી પ્રતીત કરી, દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન કરી, અધૂરાશ છે તેનું જ્ઞાન કરી, સ્વરૂપમાં લીનતાને વધારતો જાય તેનું નામ ચારિત્ર છે. જ્ઞાની શુભ પરિણામને પણ રાખવાનો કામી નથી, અધૂરાશ છે એટલે શુભ પરિણામ રહી જાય છે પણ જ્ઞાની તેને રાખવાનો કામી નથી; વીતરાગ થાય છે ત્યારે તે બધા પરિણામ છૂટી જાય છે. ચૈતન્યસ્વરૂપ પરિપૂર્ણ છે તેમ પ્રતીત કરી તેમાં જેમ જેમ ઠરતો જાય છે તેમ તેમ રાગ છૂટતો જાય છે, અને તેમ તેમ નિમિત્તો છૂટતા જાય છે. નિમિત્તને આત્મા છોડી શકતો નથી. પરદ્રવ્યને છોડવા તે આત્માના હાથની વાત નથી, પણ રાગ છૂટે એટલે નિમિત્તનો સંબંધ છૂટી જ જાય છે એવું વસ્તુસ્વરૂપ છે, એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જેમાં પરદ્રવ્યને ત્યાગવાનો ઉપદેશ કરે છે:-

( શાર્દૂલવિક્રીડિત )

इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बलात्
तन्मूलां बहुभावसंततिमिमामुद्धर्तुकामः समम् ।
आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं
येनोन्मूलितबंध एष भगवानात्मात्मनि स्फूर्जति ॥ १७८ ॥

અર્થ:-આમ (પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું) વિચારીને, પરદ્રવ્ય જેનું મૂળ છે એવી આ બહુ ભાવોની સંતતિને એકીસાથે ઉખેડી નાખવાનો ઇચ્છતો પુરુષ, તે સમસ્ત પરદ્રવ્યને બળથી (-ઉદ્યમથી, પરાક્રમથી) ભિન્ન કરીને (-ત્યાગીને), અતિશયપણે વહેતું (-ધારાવાહી) જે પૂર્ણ એક સંવેદન તેનાથી યુક્ત એવા પોતાના આત્માને પામે છે, કે જેથી જેણે કર્મબંધનને મૂળથી ઉખેડી નાખ્યું છે એવો આ ભગવાન આત્મા પોતામાં જ (-આત્મામાં જ) સ્ફુરાયમાન થાય છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર તે આત્માના ધર્મો છે, સ્વાભાવિક પર્યાયો છે; તે ધર્મોને ધર્મી એવા આત્મા સાથે સંબંધ છે, અને જેટલી રાગાદિકની વૃત્તિઓ થાય તે પર્યાયોને પર પદાર્થ સાથે સંબંધ છે. દયા-દાન-પૂજા-ભક્તિ વગેરે શુભભાવો અને હિંસા-અસત્ય-ચોરી-અબ્રહ્મ વગેરે અશુભભાવો, તે શુભ અને અશુભ બંને ભાવોને પરદ્રવ્ય સાથે સંબંધ છે. પૂજા-ભક્તિના શુભભાવો તે દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે સંબંધ રાખે છે; સંબંધ રાખે છે એટલે શું?-કે પૂજા-ભક્તિ વગેરેના શુભભાવો તે નૈમિત્તિક

ભાવો છે એટલે આત્મામાં થતા વિકારી પરિણામો છે, તે નૈમિત્તિકભાવોને સામે નિમિત્ત જે દેવ-ગુરુ-શાસ્ત્ર તેની સાથે સંબંધ છે તથા અશુભ ભાવોને ધન-કુટુંબાદિ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે; અને આત્માની શુદ્ધપર્યાય શ્રદ્ધા. જ્ઞાન ને ચારિત્ર તેને શુદ્ધાત્મા સાથે સંબંધ છે. આમાં ત્રણ પ્રકારના ભાવો લીધા શુદ્ધ, શુભ અને અશુભ.

જેણે આત્મા ત્રિકાળી નિર્દોષ માન્યો નહિ તેણે વિકારી આત્મા માન્યો; વિકારી આત્મા જેણે સ્વીકાર્યો તેણે વિકારનો નાશક હું આત્મા છું તેમ સ્વીકાર્યું નહિ; બંધનભાવને પોતાનો માન્યો તેણે બંધનનો નાશ કરનાર અબંધન-સ્વભાવી આત્માને માન્યો નહિ.

જેને સાચી શ્રદ્ધા પ્રગટે તેનું આખું અંતર ફરી જાય, હૃદયપલટો થઈ જાય, અંતરમાં ઉથલપાથલ થઈ જાય, આંધળામાંથી દેખતો થાય; અંતરથી જ્યોત જાગે તેની દશાની દિશા આખી ફરી જાય; જેને અંતરપલટો થાય તેને કોઈને પૂછવા જવું ન પડે, તેનું અંતર બેધડક પડકાર મારતું સાક્ષી આપે કે અમે હવે પ્રભુના માર્ગમાં ભળ્યા છીએ, સિદ્ધના સંદેશા આવી ચૂકયા છે, હવે ટૂંકા કાળે સિદ્ધ થયે છૂટકો, તેમાં બીજું કાંઈ થાય નહિ, ફેર પડે નહિ.

આવી નિર્લેપ આત્માની શ્રદ્ધા થયા પછી વચ્ચે શુભભાવ આવે ખરો, પરંતુ તે શુભભાવની ભાવના જ્ઞાનીને હોતી નથી. જેને શુભાશુભની ભાવના હોય તેને વિકારની જ ભાવના છે. શુભભાવની વાત ચાલતી હોય ત્યાં જેને હર્ષ થઈ જાય કે 'ઠીક ત્યારે શુભભાવ કરવાના તો છે ને?' તે જીવને વિકારભાવ કરવાની ભાવના છે. જ્ઞાની અધૂરો છે ત્યાંસુધી હજુ તેને શુભભાવ વચ્ચે આવ્યા વગર રહે નહિ–તે જુદી વાત છે, પરંતુ ભાવના તો શુદ્ધતા પ્રગટાવવાની અને શુભાશુભ ભાવ ટાળવાની જ રહે છે. જેને શ્રદ્ધામાં શુભાશુભ ભાવનો આદર નથી તેણે જ પરિપૂર્ણ તત્ત્વને સ્વીકાર્યું છે અને તેનો પુરુષાર્થ સ્વરૂપમાં જ વળશે, તથા શુદ્ધતા જ મારું કાર્ય અને કર્તવ્ય છે તેમજ તેણે સ્વીકાર્યું છે. શુદ્ધાત્માના આદરમાં શુભાશુભ વિકારી ભાવનો આદર નથી ને શુભાશુભ વિકારી ભાવના આદરમાં શુદ્ધાત્માનો આદર નથી. એક મ્યાનમાં બે તરવાર ન રહે. શુદ્ધાત્મા જ મારું કર્તવ્ય છે તેવું સ્વીકારનાર જ્ઞાની શુદ્ધાત્માને પામે છે; અને શુભભાવ મારું કર્તવ્ય છે તેમ અશુદ્ધતા સ્વીકારનાર અજ્ઞાની અશુદ્ધતાને પામે છે.

પોષ સુદ ૧ થી પોષ વદ ૭ સુધી શારીરિક સ્થિતિના કારણે
વ્યાખ્યાન બંધ હતું.

વિ. સં. ૨૦૦૦, પોષ વદ ૮, મંગળવાર.

આત્મા એક જ્ઞાનસ્વરૂપી સ્વતંત્ર પદાર્થ છે. જેમ પરમાણુ એક વસ્તુ છે તેમ આત્મા પણ એક વસ્તુ છે. જાણવું તે આત્માનું સ્વરૂપ છે; તેમાં જેટલું પર પદાર્થના સંસર્ગ તરફ લક્ષ જાય તે બંધનભાવ છે. સ્ત્રી-કુટુંબ તરફનો ભાવ તે પાપભાવ છે, દયા-દાન-ભક્તિનો ભાવ તે પુણ્યભાવ છે અને આત્માના સ્વભાવસન્મુખદૃષ્ટિ કરવી તે ધર્મભાવ છે.

કોઈ કહે—' પહેલાં લાયકાત તો કેળવવી જોઈએ ને ? ' અરે ભાઈ! લાયકાત તે સાચા જ્ઞાનદ્વારા આવે કે સાચા જ્ઞાનથી વિરુદ્ધ ભાવ વડે આવે? સાચા જ્ઞાનના વિરુદ્ધ ભાવથી લાયકાત આવે તે વાત ત્રણકાળમાં ખોટી છે. આત્માની લાયકાત કેળવવા માટે સાચી સમજણ કરવી પડશે. સત્પુરુષના આશ્રયે સાચી સમજણ કરવાથી સાચી લાયકાત આત્મામાં પ્રગટે છે.

આત્માને જ્ઞાન-ધ્યાનમાં કેળવવો હોય ને મોક્ષનું કાર્ય લાવવું હોય તો પર પદાર્થને લક્ષે ન કેળવાય; આત્મ ભગવાન અનંત પરમાણુથી છૂટું તત્ત્વ છે, તે તત્ત્વ-દૃષ્ટિ સિવાય ગમે તે ભાવ હોય—શુભ હોય કે અશુભ હોય પરંતુ તે બંધનભાવ છે, તે બંધનભાવના લક્ષે આત્મા કેળવણી પામે નહિ. દાનના ભાવ કરવાથી લક્ષ્મીની તૃષ્ણા ઘટે, પુણ્ય પરિણામ થાય, પરંતુ તેનાથી આત્મસ્વભાવ કેળવણી પામે નહિ. પરસન્મુખ-દૃષ્ટિ વડે આત્મસ્વભાવ કેળવાય કે ઊઘડે નહિ પરંતુ સત્સમાગમનો વારંવાર પરિચય કરી આત્માની ઓળખાણ કરે તો આત્મસ્વભાવ કેળવાય ને પ્રગટે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે તેની અંતર્મુખદૃષ્ટિ કરવાથી, અંતરમાં જે અનંત ગુણપિંડ છે તેને દૃષ્ટિમાં લેવાથી રાગ-દ્વેષની સંતતિને ઊખેડી નાખે છે. પર પદાર્થ પ્રત્યે દૃષ્ટિ કરવાથી રાગ-દ્વેષની સંતતિ વૃદ્ધિને પામે છે. પૂજાના, વ્રતના, દાનના વગેરે જે નૈમિત્તિક શુભભાવો તે સામા નિમિત્તના લક્ષ વગર થતા નથી અને મોક્ષનો માર્ગ તો જ્ઞાનાનંદસ્વભાવ આત્મા છે તેને દૃષ્ટિમાં લેવાથી અને તેમાં ઠરવાથી પ્રગટે છે.

હે ભાઈ! દાન-દયા વગેરેના શુભભાવો કરું ને આત્મામાં સમ્યગ્જ્ઞાન પ્રગટે એમ જો તું માનતો હો તો વિચાર કર કે પરભાવથી સ્વભાવભાવ પ્રગટે ખરો? ત્રણકાળ ત્રણલોકમાં કદી પ્રગટે નહિ. પહેલાં પાપભાવ છોડવા માટે પુણ્યભાવનો નિષેધ ન હોય પરંતુ પુણ્યભાવથી મોક્ષમાર્ગ ખીલશે તેમ માનવું તે અજ્ઞાન છે.

જ્ઞાનીની ભાવના પરબંધન ને પરભાવ ટાળવાની હોય છે. તે એમ

સમજે છે કે પર પદાર્થ મને કાંઈ પણ આશ્રયરૂપ નથી, મન-વાણી-દેહ મને જરા પણ આશ્રયરૂપ નથી, મારો સ્વભાવ જ મને આશ્રયરૂપ છે. એમ સમજતો જ્ઞાની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાના બળવડે સમસ્ત કર્મને ઊખેડી નાખે છે.

દેહ-દેવળમાં આત્મ ભગવાન જુદો છે. દેહ-દેવળમાં મન-વાણીથી હું ભિન્ન તત્ત્વ છું તેમ ઓળખ્યા વગર સાચી સમજણ એક સેકન્ડ માત્ર પણ થઈ નહીં. પર પદાર્થના આશ્રયના ભાવને પોતાના બળથી ભિન્ન કરીને, મારો આત્મા સહજાત્મ-સ્વરૂપ છે એવી પ્રતીતિ કરીને, પર એવા જે દેવ-ગુરુ-શાસ્ત્ર તે પણ મને મદદગાર નથી-એ વિધિથી પર પદાર્થ ભિન્ન કરીને જ્ઞાની પોતાના આત્મસ્વભાવને પ્રાપ્ત કરે છે; સ્વભાવના બળ વડે પરનું લક્ષ છોડી દઈને ધારાવાહી જ્ઞાનને પ્રાપ્ત કરે છે; પર પદાર્થનું અહંપણું છૂટયું એટલે આત્મભગવાન અનંતગુણનો દરિયો છે તેમાં જે અતિશયપણે વહેતું પૂર્ણ એક સંવેદન તેને પ્રાપ્ત કરે છે. સંસારનું વેદન જે શુભાશુભ લાગણીનું અનેક પ્રકારનું હતું તે મારો સ્વભાવ નથી એમ ઓળખાણ કરીને ઠર્યો એટલે એક પ્રકારની આત્માની શાંતિનો અનુભવ થાય છે, આત્માના આનંદનો સ્વાદ આવે છે.—આ વિધિ વડે આત્માનો અનુભવ થાય છે, એવો ભગવાન આત્મા પોતામાં જ સ્ફુરાયમાન થાય છે.

અજ્ઞાની જીવોની બાહ્યદૃષ્ટિ હોવાથી તે એમ માને છે કે હું પરનો આશ્રય લઉં તો ધર્મ થાય, પણ ભાઈ! તે બધાનો આશ્રય છોડીને કર શ્રદ્ધા અંતરમાં, આત્માને પ્રગટાવવાનો આધાર અંતરમાં છે; આત્માની પવિત્રતા-આત્માનો આનંદ તે આત્મામાંથી જ પ્રગટે છે, બહારથી કોઈ કાળે પણ પ્રગટતો નથી. વાત એવી છે કે આ વાત મોંઘી પડે છે એટલે બીજો રસ્તો લેવાથી જાણે ધર્મ થઈ જાય એમ જીવોને ઊંધું શલ્ય પેઠું છે; કેટલાકને તો એવો જ ઊંધી બેઠી છે કે જાણે બહારથી તપસ્યા કરું તો ધર્મ પ્રગટી જાય, પણ ભાઈ! અનંત વરસ સુધી તું બહારનો તપ કર તો પણ આત્મધર્મ ન પ્રગટે; પણ આત્માની ઓળખાણ કરીને પર પદાર્થની ઇચ્છાનો નાશ કરવો તે આત્માનું તપ છે, તેવું તપ કરવાથી આત્મધર્મ પ્રગટે છે. માટે પરનો આશ્રય છોડીને સ્વતત્ત્વની રુચિ કરવી, પ્રેમ કરવો, મનન કરવું તે જ સત્સ્વભાવને પ્રગટાવવાનો ઉપાય છે; પર પદાર્થના આશ્રયે સમ્યક્દર્શન કે સમ્યગ્જ્ઞાન થાય તેમ નથી-એમ પહેલું જાણવું જોઈએ. જ્ઞાનાનંદ સ્વભાવી આત્મા છે તેને સમજતાં વાર લાગે તેનો વાંધો નથી પણ ઊંધી શ્રદ્ધાના ઝેર ન પીવાઈ જાય તેને માટે સાવચેતી રાખવી જોઈએ.

આત્મામાં જે રાગ-દ્વેષ થાય છે તેનું નિમિત્ત કોણ? તેનું નિમિત્ત પર પદાર્થ

છે. એ રીતે સહજ સ્વભાવી જ્ઞાનસ્વરૂપ આત્માના સ્વભાવમાં દૃષ્ટિ મૂકીને તેનું જ્ઞાન કરે તો રાગ-દ્વેષની પરિણતિ તૂટી જાય છે અને આત્મા બંધનને કાપીને પોતાને પ્રકાશે છે. માટે જે પોતાનું હિત ચાહે તે આવું કરો એમ આચાર્યદેવ કહે છે.

જેને પોતાનું હિત કરવું હોય તેને આવી ગરજ થશે; જેને ગરજ નથી તેની તો વાત જ નથી. આચાર્યદેવે પણ 'પોતાનું હિત કરવાનું ચાહે' એમ શબ્દ મૂકયો છે, કારણ કે જગતના જીવોએ દુનિયા રાજી કેમ થાય અને દુનિયાને ગમતું કેમ થાય એવું તો અનંતવાર કર્યું છે પણ હું આત્મા વાસ્તવિક રીતે રાજી કેમ થાઉં ને મારા આત્માને ખરેખર ગમતું શું છે? એનો કોઈવાર પણ વિચાર નથી કર્યો, એની કોઈ-વાર દરકાર પણ કરી નથી. જેને આત્માને ખરેખર રાજી કરવાની ધગશ જાગી તે આત્માને રાજી કર્યે જ છૂટકો કરશે અને તેને રાજી એટલે આનંદધામમાં પહોંચ્યે જ છૂટકો છે. અહીં જગતના જીવોને રાજી કરવાની વાત નથી પણ જે પોતાનું હિત ચાહતો હોય તેણે આમ કરવું;—શું કરવું? કે આ ઉપર કહ્યા પ્રમાણે પોતાના સ્વરૂપની ઓળખાણ કરવી, શ્રદ્ધા કરવી અને તેમાં લીન થવું. કોઈ કહે કે કોઈ આશીર્વાદ સારો આપી દે તો કલ્યાણ થાય કે નહિ?-બીજાના આશીર્વાદથી ત્રણ-કાળમાં કોઈનું કલ્યાણ થાય નહિ. પોતે સ્વભાવજ્ઞાન આનંદથી ભરેલો છે તેની શ્રદ્ધા કરે તો તેમાંથી કલ્યાણ થાય, તે સિવાય બીજેથી કલ્યાણ ત્રણકાળ ત્રણલોકમાં થાય જ નહિ.

હવે બંધ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે જ્ઞાનના મહિમાના અર્થનું કળશકાવ્ય કહે છે:—

( મંદાક્રાંતા )

रागादीनामुदयमदयं दारयत्कारणानां
कार्यं बंधं विविधमधुना सद्य एव प्रणुद्य ।
ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्
तद्वद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति ॥ १७९ ॥

અર્થ:—બંધનાં કારણરૂપ જે રાગાદિક ( રાગાદિકભાવો ) તેમના ઉદયને નિર્દય રીતે ( અર્થાત્ ઉગ્ર પુરુષાર્થથી ) વિદારતી થકી, તે રાગાદિકના કાર્યરૂપ ( જ્ઞાનાવરણાદિ ) અનેક પ્રકારના બંધને તત્કાળ જ દૂર કરીને આ જ્ઞાનજ્યોતિ—કે જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે તે—સારી રીતે સજ્જ થઈ—એવી રીતે સજ્જ થઈ કે તેના ફેલાવને બીજું કોઈ આવરી શકે નહિ.

જુઓ ! અહીં શું કહ્યું ? કે ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ છે તેની શ્રદ્ધા જ્ઞાન વડે પુણ્ય-પાપના ભાવોને નિર્દય રીતે ઊખેડી નાખે છે; નિર્દય રીતે એટલે તે ભાવોની દયા નથી કે અનંતકાળથી જે ભાવો સાથે સંબંધ હતો તે ભાવોને હવે કેમ છોડું ? એમ દયા વગર નિર્દય રીતે તે ભાવોને ફેંસી નાખે છે. જેમ ડાક્તર ઓપરેશન કરે ત્યારે આ સડેલો ભાગ આ દરદીનો કેમ કાપું ? એવી દયા ખાતો નથી, તેની દયા કર્યા વગર જ મૂળમાંથી સડાને કાપી નાખે છે; તેમ જ્ઞાની, અનંત કાળથી જે રાગાદિને પોતાનું માનવારૂપ પર્યાયમાં ઊંડો સડો પેઠો હતો તેને નિર્દય રીતે મૂળમાંથી ઊખેડી નાખે છે; પરવસ્તુ મને લાભ-નુકસાન કરે, પરના આશીર્વાદથી તરી જવાય અને પરના શ્રાપથી હાનિ થઈ જાય એવા પાખંડના ભાવને જ્ઞાનજ્યોતિ મૂળમાંથી ઊખેડી નાખે છે.

જીવ અજ્ઞાનભાવે સ્વર્ગમાં પણ અનંતવાર ગયો અને નરકમાં પણ અનંતવાર ગયો, પુણ્ય-પાપને આત્મા સાથે અભેદભાવની માન્યતાથી ચારે ગતિમાં અનંતકાળથી રખડયો; પણ જ્યાં આ જ્ઞાનજ્યોતિ ઝળહળાટ કરતી જાગી ને ચારે ગતિના કારણને મૂળમાંથી ઊખેડતી પ્રગટ થઈ ત્યાં પરિભ્રમણ ટળી ગયું ને અંશે મુક્તિની પર્યાય પ્રગટ થઈ. સાચી સમજણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે. મારો આત્મા જ્ઞાતા-દૃષ્ટા વીતરાગી સ્વભાવ જ છે એમ જ્ઞાનમાં સ્વીકારતી જ્ઞાનજ્યોતિ સારી રીતે સજ્જ થઈ છે. જેમ તલવારને સજ્જ કરે છે તેમ જ્ઞાનજ્યોતિ સારી રીતે સજ્જ થઈ છે એટલે કે તૈયાર થઈ છે,-એવી તૈયાર થઈ છે કે જે પ્રગટ થઈને કેવળજ્ઞાન લીધે છૂટકો, કેવળજ્ઞાન લેવામાં વચ્ચે વિઘ્ન કાંઈ આવવાનું જ નહિ; જ્ઞાનજ્યોતિ પ્રગટી તે પ્રગટી, હવે અખંડધારાએ કેવળજ્ઞાન સુધી પહોંચી જ જવાની; જ્ઞાનજ્યોતિ એવી સજ્જ થઈ કે જ્ઞાન-આનંદ કરતી કેવળજ્ઞાન-સમુદ્રમાં ભળી જવાની-એવો તેનો ફેલાવ તેને કોઈ આવરી શકે નહિ, રોકી શકે નહિ; ચૈતન્યની જ્ઞાનજ્યોતિ જાગે તેને રોકવાને-આવરવાને આ જગતમાં કોઈ પદાર્થ નથી,-કોઈ પદાર્થનો એવો ગુણ નથી કે કોઈ પદાર્થની એવી પર્યાય નથી. જાગનાર જાગે તેને આવરણ કરનાર ત્રણકાળ ત્રણલોકમાં કોઈની શકિત નથી. માટે આચાર્યદેવ કહે છે કે અરે આત્મા ! તું જાગ, તું જાગીને જો તો તારામાં બંધન છે જ નહિ.—એમ ભાન થતાં દ્રવ્યબંધ પણ તૂટી જ જશે, રહેશે નહિ. જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે રાગાદિક રહેતા નથી ને તેમનું કાર્ય જે બંધ તે પણ રહેતો નથી. ત્યાર પછી જ્ઞાનને આવરણ કરનારું કોઈ રહેતું નથી. તે જ્ઞાન સદા પ્રકાશમાન જ રહે છે,

આ પ્રમાણે બંધ ( રંગભૂમિમાંથી ) બહાર નીકળી ગયો.

રંગભૂમિમાં બંધના સ્વાંગે પ્રવેશ કર્યો હતો. હવે જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં તે બંધ સ્વાંગને દૂર કરીને બહાર નીકળી ગયો.

જેમ નાટકમાં પાત્રો અનેક જાતના સ્વાંગ ( વેષ ) પહેરીને નાટકનો પાઠ ભજવે છે ને પછી તે માણસ પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરીને વેશ છોડી દે છે; તેમ આ સમયસારને નાટકરૂપે વર્ણવ્યું છે. જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં બંધ પોતાનો વેષ દૂર કરીને નીકળી ગયો.

હવે આ અધિકારને છેડે પંડિત જયચંદ્રજીએ એક શ્લોક મૂકયો છે—

જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,
ત્યોં મતિહીન જુ રાગવિરોધ લિયે વિચરે તબ બંધન વાઢૈ;
પાય સમૈ ઉપદેશ યથારથ રાગવિરોધ તજૈ નિજ ચાટૈ,
નાહિં બંધૈ તબ કર્મસમૂહ જુ આપ ગહૈ પરભાવનિ કાટૈ.

એકાવન ગાથા આ બંધ અધિકારની કીધી, તેનો ટૂંકો સાર આ શ્લોકમાં મૂકયો છે.

જો મનુષ્ય શરીરમાં તેલ ચોપડીને ધૂળમાં આળોટે તો તે તેલના કારણે ચીકાશ ગાઢપણે લાગી જાય છે, ચીકાશને કારણે ધૂળ ચોંટી જાય અને બંધન થાય છે, ચામડીમાં ધૂળ ચોંટે તેથી ચામડી ખેંચાય ને ચામડી તૂટે તો માણસ મરી જાય; તેમ મતિહીન પુણ્ય-પાપના ભાવને પોતાના માને છે, આત્મા સિવાય પરવસ્તુ મને લાભદાયક છે એમ માની તેમાં રાગ કરે છે અને નુકસાનદાયક માની તેમાં દ્વેષ કરે છે; આત્માની ખબર નથી તેને પરમાં લાભ-નુકસાનની વૃત્તિ ખસતી નથી; પણ એક તત્ત્વને બીજું તત્ત્વ ત્રણકાળમાં લાભ-નુકસાન કરે નહિ તે ન્યાય તેની મતિમાં બેઠો નથી માટે તે મતિહીન છે-એટલે લોકમાં કહેવત છે ને કે અક્કલનો બારદાન અર્થાત્ અક્કલ વગરનું ખોખું છે; જેને આત્મસ્વભાવની ખબર નથી તેની મતિ મતિરૂપ નથી તેથી જ્યાં ત્યાં પરમાં અનુકૂળતા-પ્રતિકૂળતા માની ઊંધી માન્યતાપૂર્વકના રાગ-દ્વેષના ભાવોમાં વિચરતો તે બંધનને વધારે છે એટલે સંસારને વધારે છે.

એ બંધનને ટાળવાનો પહેલો ઉપાય શું ? કે યથાતથ એટલે સાચો ઉપદેશ પ્રથમ મળવો જોઈએ; ધર્મ કેમ થાય, લાભ કેમ થાય, હિત કેમ થાય, વગેરેની સાચી સમજણ થાય તેવો સાચો ઉપદેશ પહેલાં મળવો જોઈએ. ૧૨ મી ગાથામાં જિન વચનનું સાંભળવું કહ્યું છે તે પહેલો ઉપાય બતાવ્યો છે.

મહા પુણ્યના ઉદયે સંજ્ઞી મનુષ્યપણું પામ્યો, પરંતુ સાચો સત્સમાગમ મળ્યા વિના જેવો છે તેવો યથાતથ ઉપદેશ પામે નહિ, અને યથાતથ ઉપદેશ વગર ખરેખર સત્ય શું છે તે પણ સમજાય નહીં; જો કે સમજે પોતાની પાત્રતાથી, પરંતુ તે સમજવા ટાણે સામે સાચો જ ઉપદેશ હોવો જોઈએ. અત્યારે તો ઉપદેશકો બહુ થઈ પડ્યા છે; હવે એમાં આ આત્માને તરવાનો ઉપદેશ છે કે બુડાવવાનો છે એનો નિર્ણય કરશે કોણ? નિર્ણય કરવાની શક્તિ તો પોતાની જ જોઈએ. અંતર પાત્ર થયે તે શક્તિ આવે છે.

મોક્ષમાર્ગનું પ્રથમ પગથિયું સમ્યક્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે, તેનું નિમિત્ત સાચો ઉપદેશ છે. સાચા ઉપદેશનું નિમિત્ત પામીને, તેનું મનન-ચિંતવન કરીને સાચું જ્ઞાન પામે અને નિજ સ્વરૂપને ચાટે એટલે આત્માના સ્વાદને પામે, રાગ-દ્વેષને ટાળે, પછી તે કર્મના સમૂહને બાંધતો નથી. હું આત્મા પ્રજ્ઞાબ્રહ્મ સહજ ચિદાનંદ સ્વરૂપ છું-તેમ પોતાને ઓળખીને તેમાં લીન થાય તે પોતાને ગ્રહણ કરે છે. જેમ જેમ પોતાના સ્વરૂપનું ગ્રહણ થતું જાય તેમ તેમ પરભાવનો ત્યાગ સહેજે થતો જાય છે. પરભાવનો ત્યાગ કરવો પડતો નથી પણ પોતાને ગ્રહે એટલે પરભાવ આપોઆપ છૂટી જાય છે, પરભાવ છૂટે એટલે ઉપચારથી એમ કહેવાય કે પરભાવનો ત્યાગ કર્યો.

આ રીતે પોતાના સ્વરૂપને સમજે તેને બંધનનો અભાવ થાય છે. આ બંધ અધિકાર પૂરો થાય છે.

[ પરમોપકારી અધ્યાત્મમૂર્તિ શ્રી કહાનગુરુદેવનાં સમયસાર
ઉપરના છઠ્ઠી વખતનાં પ્રવચનોમાં બંધ-અધિકાર
ઉપરનાં પ્રવચનો સમાપ્ત થયાં. ]

# શુદ્ધિપત્રક

| પેજ નં. | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૫ | પ્રસ્તાવના છેલ્લી | ન | નથી |
| ૧૭ | ,, ૭ | શરૂઆય | શરૂઆત |
| ૩ | ૧૫ | સ્વભાવતે | સ્વભાવને |
| ૮ | ૧ | અનાદિકાભથી | અનાદિકાળથી |
| ૧૭ | ગાથા ૨૩૭ | णेहभत्तो | णेहब्भत्तो |
| ૧૭ | ગાથા ૨૩૯ | णाणरविहेहिं | णाणाविहेहिं |
| ૧૭ | ગાથા ૨૩૯ | चंतिज्ज | चिंतिज्ज |
| ૧૭ | ગાથા ૨૪૦ | तस्य | तस्स |
| ૧૯ | ૧૬ | નણી | નથી |
| ૨૩ | ૧૭ | તથી | નથી |
| ૨૮ | ૭ | સમ્યગ્દષ્ટિ | સમ્યગ્દષ્ટિને |
| ૩૫ | ૮ | કર્મબધ | કર્મબંધ |
| ૪૧ | ૨૫ | ઈ | કોઈ |
| ૫૩ | ૧૨ | ગાડવો | લાડવો |
| ૫૯ | ગાથા ૨૫૨ | कय | कदं |
| ૬૦ | ૮ | સ્વનંત્ર | સ્વતંત્ર |
| ૬૩ | ગાથા ૨૫૩ | क्खिदसुहिये | दुक्खिदसुहिदे |
| ૬૫ | ૧૩ | કહે | હવે |
| ૭૭ | ગાથા ૨૫૭ | दुचिदो | दुहिदो |
| ૭૮ | છેલ્લી લીટી | કરતો વે | કરવો તે |
| ૮૧ | કળશ-૧૭૦ | एवाध्यवसायो | एवाध्यवसायो |
| ૮૩ | ૨૨ | નથી | નથી |
| ૯૧ | ૧૩ | સૂંઝવણ | મૂંઝવણ |
| ૯૮ | ૧૩ | વત્વ | તત્ત્વ |
| ૧૦૫ | ૨૧ | વનું | ભાવનું |
| ૧૧૨ | ૮ | નિત્ત | નિમિત્ત |
| ૧૨૦ | ૧૨ | મોક્ષમાર્મ | મોક્ષમાર્ગ |
| ૧૨૨ | ૩ | વસ્ર | વસ્તુ |
| ૧૨૩ | ૧૧ | કોઈમાં | માનવા |
| ૧૨૩ | ૨૨ | અંતમુર્ખ | અંતર્મુખ |
| ૧૩૮ | ગાથા ૨૬૭ | बजाबाज्झंति | जीवा बज्झंति |
| ૧૩૮ | ,, | मोक्कमग्गे | मोक्खमग्गे |
| ૧૪૩ | ૨૪ | બધાય | બંધાય |
| ૧૪૬ | ગાથા ૨૬૮ | कर३ | करेदि |
| ૧૪૬ | ગાથા ૨૬૯ | घम्मघम्मं | धम्माधम्मं |
| ૧૪૬ | ગાથા ૨૬૯ | जावाजीवे | जीवाजीवे |
| ૧૫૧ | ૨૦ | પ્રણામ | પ્રમાણ |
| ૧૫૩ | ૨ | ક્ષણાદિ | લક્ષણાદિ |
| ૧૫૬ | ૧૮ | જમ | જેમ |
| ૧૬૩ | ૫ | ટો | મોટો |
| ૧૬૪ | કળશ ૧૭૨ | दान्मानमास्मा | दात्मानमात्मा |
| ૧૬૫ | ગાથા ૨૭૦ | मुणो | मुणी |
| ૧૭૩ | ૨૮ | આથર્ય | આચાર્ય |
| ૧૭૭ | ગાથા ૨૭૧ | बुद्धा | बुद्धी |
| ૧૭૭ | ગાથા ૨૭૧ | अज्झवसाण | अज्झवसाणं |
| ૧૮૨ | કળશ ૧૭૩ | मेवमखिल | मेवमखिलं |
| ૧૮૫ | ૨૪ | બોધ | બંધ |
| ૧૯૬ | ગાથા ૨૭૩ | वदसमिदीगुत्तीआ | वदसमिदीगुत्तीओ |
| ૨૦૦ | ૧૮ | નાહ | નહિં |
| ૨૦૭ | ૪ | અંતરૂમુખ | અંતર્મુખ |
| ૨૦૯ | ૪ | ....છે | જાય છે. |
| ૨૨૬ | ૯ | પ્રાણીઓનો | પ્રાણીઓને |
| ૨૨૭ | છેલ્લી લીટી | ધમ | ધર્મ |
| ૨૨૯ | ૩ | અભવ્યો | અભવ્યોનો |
| ૨૩૧ | ૧૪ | થી | નથી |

| પેજ નં. | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૨૩૫ | ૧૭ | નિશ્ચયનય છે. | નિશ્ચયનય આદરણીય છે. |
| ૨૩૫ | ૨૭ | મોક્ષ સંસાર છે. | સંસાર છે. |
| ૨૩૫ | ૨૮ | છે | મોક્ષ છે |
| ૨૪૦ | ગાથા ૨૭૭ | आदि | आदा |
| આ ગાથામાં आदिની ૪ જગ્યાએ ભૂલ છે | | | |
| ૨૪૨ | ૮ | આવ | આવી |
| ૨૫૦ | ૮ | નિયમિત | નિયમ |
| ૨૫૬ | ૨૩ | ડગલે | ઢગલે |
| ૨૬૩ | ૧૭ | કાળિક | ત્રૈકાળિક |
| ૨૬૯ | ૨૫ | બેસતો | બેસતી |
| ૨૮૪ | ગાથા ૨૮૧ | वधांद | वंधदि |
| ૨૮૭ | ૧૫ | રકમાં | નરકમાં |
| ૨૯૩ | ૧૫ | થયે | થયેલે |
| ૨૯૩ | ૧૬ | અ તિક્રમણ | અપ્રતિક્રમઃ |
| ૩૦૪ | ૨૮ | થી | નથી |
| ૩૦૬ | ૧૯ | નમિત્તની | નિમિત્તની |
| ૩૧૧ | ૧૪ | ઝલતો | ઝૂલતો |
| ૩૧૭ | ૧૭ | મિકાએ | ભૂમિકાએ |
| ૩૨૪ | ૩૦ | અબુદ્ધિપૂર્વકયો | અબુદ્ધિપૂર્વકનો |
| ૩૨૭ | ૧૧ | અપ્રતભાવ | અપ્રમત્તભાવ |